ૐ

શ્રી સદ્‌ગુરવે નમોનમઃ

શ્રી

# સમાધિ-સોપાન

રત્નકરંડ શ્રાવકાચારમાંથી કેટલોક ગુર્જરાનુવાદ

તથા

## શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત

''આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર **સમાધિ** કહે છે.

આત્મપરિણામની અસ્વસ્થતાને શ્રી તીર્થંકર **અસમાધિ** કહે છે.''

—શ્રીમદ્ રાજચંદ્ર


• અનુવાદક •

શ્રી બ્ર. ગોવર્ધનદાસજી, B.A.



પ્રકાશક

**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ**

**• અગાસ •**

પ્રકાશક :
વિનોદરાય મણીલાલ શેઠ
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટે. અગાસ, વાયા-આણંદ
પો. બોરીયા-૩૮૮ ૧૩૦ (ગુજરાત)

આઠમી આવૃત્તિ – પ્રત ૧૦૦૦

| વીર સંવત્ | ઈસ્વીસન્ | વિક્રમ સંવત્ |
|---|---|---|
| ૨૫૨૯ | ૨૦૦૩ | ૨૦૫૯ |

Cost Price Rs.
Sale Price Rs.

**ટાઈપ સેટિંગ :**
ડિસ્કેન કોમ્પ્યુ આર્ટ, આણંદ
ફોન : ૯૮૨૫૭૫૪૮૮૪

**મુદ્રક :**

# પ્રથમાવૃત્તિની અર્પણ પત્રિકા

ૐ

મિથ્યા વાસના જેની બહુ ક્ષીણ થઈ હતી,
વીતરાગનો પરમ રાગી હતો,
સંસારનો પરમ જુગુપ્સિત હતો,
ભક્તિનું પ્રાધાન્ય જેના અંતરમાં સદાય પ્રકાશિત હતું.
સમ્યક્ભાવથી વેદનીય કર્મ વેદવાની જેની અદ્ભુત સમતા હતી,
મોહનીય કર્મનું પ્રબળ જેના અંતરમાં બહુ શૂન્ય થયું હતું,
મુમુક્ષુતા જેનામાં ઉત્તમ પ્રકારે દીપી નીકળી હતી,
મોક્ષમાર્ગને દે એવું સમ્યક્ત્વ જેના અંતરમાં પ્રકાશ્યું હતું,
ધર્મેચ્છકનો અનન્ય સહાયક હતો.
આ આત્માનો, આ જીવનનો રાહસ્યિક વિશ્રામ હતો.
ઉપરોક્ત શબ્દમાં
જેમના ગુણાનુવાદ પ્રભાવશાળી તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રે કર્યા છે,
એવા સદ્ગત પવિત્ર સત્યપરાયણ ધર્માત્મા

**શ્રી જૂઠાભાઈ ઉજમસીભાઈ**
**ના**
**સ્મરણાર્થે**

એમના પવિત્ર ગુણો પ્રત્યે આકર્ષાઈ એમને અત્યંત પ્રિય એવા
વૈરાગ્ય વિષયથી ભરપૂર આ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે.

"જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે....જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પના પ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે." (પત્ર નં. ૩૫)

"આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ નિવર્ત્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે. તે તાદાત્મ્ય અધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તોપણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે." (પત્ર નં. ૫૭)

"શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગ દ્વેષનો ક્ષય થાય." (પત્ર નં. ૬૬)

"સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્‌પરિણામી થાય છે." (પત્ર નં. ૬૯)

"દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી, તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે એમ સમજો." (પત્ર નં. ૮૮)

—શ્રીમદ્ રાજચંદ્ર

ॐ

‘સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;૮
૮વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ.’

જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરુષને વિષે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરનાં વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે, યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઈ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરના ઉદ્દેશ વચનને નમસ્કાર કરીએ છીએ.

—શ્રીમદ્ રાજચંદ્ર

ૐ

# નિવેદન

## (પ્રથમાવૃત્તિ)

''સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય ?

આવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવા યોગ્ય નથી, અને કંઈ પણ તેમ થયા કરે છે તેનો ઉપાય કંઈ વિશેષે કરી ગવેષવા યોગ્ય છે.''

''જ્ઞાની પુરુષનો નિશ્ચય થઈ અંતર્ભેદ ન રહે, તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે. એવું જ્ઞાની પોકારી ગયા છતાં કેમ લોકો ભૂલે છે ?''

-શ્રીમદ્ રાજચંદ્ર

આ કાળમાં વિજ્ઞાનશાસ્ત્રની નવી નવી આશ્ચર્યકારક શોધો થતી જાય છે; શારીરિક સુખનાં, મોજમઝાનાં અને વિલાસનાં સાધનો વધતાં જાય છે; દવાખાનાં, દાક્તરો, પ્રયોગશાળાઓ, અનેક પ્રકારનાં ઔષધો, અનેક પ્રકારના શસ્ત્રપ્રયોગો, હવાપાણી, વીજળી, આદિના અનેક ઉપચારોથી શારીરિક આદિ દુઃખો દૂર થઈ માનવ જીવન સુખી થાય, લંબાય અને વિશેષ ઉપયોગી નીવડે તેવા પ્રયત્નો થાય છે. પરોપકારી સંસ્થાઓ અનેક પ્રકારે નૈતિક, સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્ન કરે છે અને દરેક સંસ્થા પોતાનું ઉપયોગીપણું સાબિત કરી જગતને ઉપકારક બન્યાના હેવાલો પ્રગટ કરે છે; જગત વિશેષ સુખી બનતું હોય, સુધરતું હોય એમ ઘણા લોકો માને પણ છે; ઉપર-ઉપરથી જોનાર સર્વને તેમ દેખાય છે પણ ખરું.

કેટલાક વિચારકોને જગતની વધતી જતી વસ્તી ઉપરથી પૃથ્વી પરના રાજ્યોમાં પરસ્પર અવિશ્વાસ અને અણબનાવના પ્રસંગોથી તથા થયેલી અને થવાની લડાઈઓના અનુમાનોથી, જગતમાં વધતી જતી સ્વાર્થવૃત્તિ અને ઘટતી જતી ધર્મભાવનાથી માનવજીવનનાં સુખનાં મૂળ ખવાતાં જણાય છે.

આર્યાવર્તના જ્ઞાની-ઋષિ-મુનિઓના મત પ્રમાણે જીવોનાં આયુષ્ય, શરીરબળ, સરળતા, સંપ, જ્ઞાન, ન્યાય, નીતિ અને ધર્મ દિવસે દિવસે ઘટતાં જાય છે. તેથી આ કાળને તેઓએ કળિયુગ કે પંચમકાળ અથવા દુષમકાળ

કહ્યો છે અને તેનું મુખ્ય કારણ એ બતાવ્યું છે, કે યથાર્થ ધર્મની પ્રાપ્તિ આ કાળમાં દુર્લભ થઈ પડી છે. ધર્મ જેમનામાં પ્રગટરૂપે વસે છે એવા આત્મજ્ઞાની મહાત્માઓ આ કાળમાં વિરલા વિચરે છે; તેમનો સત્સંગ પ્રાપ્ત થવો દુર્લભ છે; તેમની ઓળખાણ થવી મુશ્કેલ છે. ટૂંકામાં મુમુક્ષુતાનાં સાધનરૂપ સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય ઘટી જવાથી વિવેકબુદ્ધિ અથવા હિતઅહિતની પરીક્ષાનું બળ બહુ જ થોડા પુરુષોમાં જણાય છે. ઊંડો વિચાર કરવા જેટલી મધ્યસ્થતા, ધીરજ, વૈરાગ્ય અને દીર્ઘદૃષ્ટિ નહીં હોવાથી ટૂંકી સ્વાર્થબુદ્ધિથી લોકસમૂહ તણાયો જાય છે, અને તાત્કાલિક લાભ ઉપર જીવની દૃષ્ટિ રહ્યા કરે છે. તેને સાચા સુખ તરફ વાળવા પ્રત્યક્ષ પ્રતિભાશાળી જ્ઞાનીપુરુષની જરૂર છે પણ તેવો યોગ ન બને ત્યાં સુધી શું કરવું? આત્મસિદ્ધિશાસ્ત્રમાં જણાવ્યું છે કે :–

> ‘‘આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,‌ ‌
> ‌ ‌પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.’’

પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ ન મળે ત્યાં સુધી સુપાત્ર કે યોગ્ય જીવાત્માને આત્મસ્વરૂપનું વર્ણન કરતાં શાસ્ત્રો ઉપકારક છે. અને તેવી યોગ્યતા કેટલેક અંશે વૈરાગ્યપ્રેરક પુસ્તકોના અભ્યાસથી તથા સત્સંગથી મુખ્યપણે પ્રાપ્ત થાય છે.

વૈરાગ્યની વૃદ્ધિ થાય, આત્મહિત કરવાની પ્રેરણા મળે તથા જેમને આત્મહિત કરવાની ઇચ્છા જાગેલી છે તેમને આત્મવિચારણામાં પોષણ મળે તથા મનુષ્યભવ સફળ કરવાનું સાધન પ્રાપ્ત કરવાની દિશા દેખાય તેવા વિષયો આ **‘‘સમાધિ-સોપાન’’**માં ચર્ચાયેલા છે.

મૂળ ગ્રંથ **‘‘રત્નકરંડ શ્રાવકાચાર’’** સંસ્કૃતમાં શ્રી સમંતભદ્રાચાર્યે લખેલો છે. તેની હિંદી ભાષામાં વિસ્તૃત ટીકા પંડિત સદાસુખદાસજીએ કરેલી છે. તે ગ્રંથનું વાંચન શ્રીમદ્ લઘુરાજ મહારાજની સમક્ષ કરવાનું મને સદ્ ભાગ્ય પ્રાપ્ત થયું ત્યારે તે ગ્રંથના કેટલાક ભાગ મુમુક્ષુ જીવોને અત્યંત ઉપકારી જણાવાથી તેઓશ્રીએ તેનું સરળ ગુજરાતી ભાષાન્તર કરવા મને સૂચના કરી, તે ઉપરથી સમ્યક્દર્શન અથવા આત્મશ્રદ્ધાનાં આઠ અંગ, ધર્મ-ધ્યાનમાં ઉપયોગી બાર ભાવનાઓ અને તીર્થંકર નામકર્મના હેતુભૂત સોળ

ભાવનાઓ, ક્ષમાદિ દશલક્ષણરૂપ ધર્મ અને સમાધિમરણના અધિકારોનું યથાશક્તિ ગુજરાતી ભાષામાં અવતરણ કર્યું છે.

પંડિત સદાસુખદાસજીનો આ છેલ્લી અવસ્થામાં લખાયેલો ગ્રંથ છે. તેમાં તેમણે અનેક ગ્રંથોના સારરૂપ વિવેચનો કરેલાં છે. ભગવતી આરાધના, સમાધિશતક, મૃત્યુમહોત્સવ, કાર્તિકેયાનુપ્રેક્ષા આદિ અનેક ગ્રંથોની ઉત્તમ સામગ્રી તેમણે મુમુક્ષુ જીવોને ઉપકાર થાય તેવી રીતે આમાં એકત્ર કરેલી છે. તે જાણે અજાણે જીવનના અનેક પ્રસંગોમાં ઉપકારક બનવા સંભવ છે. સુખ શાન્તિ પ્રત્યે ભાવના વધારી, ધર્મભાવ જાગૃત કરી મરણ સુધારવાની ભાવના તથા ઉત્તમ સંસ્કારો સ્થિર કરે તેવું તેમાં દૈવત રહેલું છે.

કેટલાક પારિભાષિક શબ્દોના અર્થ સાથે સાથે જ આપવા પ્રયાસ કર્યો છે. તેમ છતાં જ્યાં 'જિન' શબ્દ આવે ત્યાં પરમાત્મસ્વરૂપ પામેલા પુરુષ અને 'જૈન' શબ્દ આવે ત્યાં પરમાત્મસ્વરૂપ પામેલા મહાપુરુષના આશ્રિત ધર્માત્માઓ એવો વિશાળ અર્થ સમજવા ભલામણ છે. એટલે કોઈ મતમતાન્તરને પોષવા આ ગ્રંથ છપાવ્યો નથી, પણ મૂળ આત્મધર્મની વિચારણા, વૈરાગ્યઉપશમ સહિત થાય અને સર્વે આત્માર્થીને હિતકર નીવડે તે લક્ષ રાખેલો છે.

શ્રી સનાતન જૈન શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના ટ્રસ્ટીઓમાં પ્રમુખ પૂજ્ય શેઠ શ્રી જેસંગભાઈ ઉજમસીભાઈની ભાવનાથી તેઓના સદ્ ગત ભાઈ શ્રી જૂઠાભાઈના સ્મરણાર્થે આ સમાધિ-સોપાન પ્રસિદ્ધ થયેલ છે. પૂર્વ પુણ્યયોગે ધન પ્રાપ્ત કરવું એના કરતાં એનો આત્માર્થે સદુપયોગ કરી જાણવો વિશેષ દુષ્કર છે. શેઠ જેસંગભાઈ આજે પોણોસો જેટલી વૃદ્ધાવસ્થાએ અશક્ત કાયા છતાં જે સત્ધર્મ-પ્રેમ તન, મન, ધનથી અભિમાન રહિત ભાવે દાખવી રહેલ છે એ એક દૃષ્ટાંતપાત્ર છે. સદ્ગુરુ પ્રત્યે, સદ્ધર્મ પ્રત્યે, સદ્વસ્તુ પ્રત્યે મતમતાન્તર રહિત અપૂર્વ પ્રેમ ધરાવનારા પુણ્યાત્મામાં એમનું સ્થાન છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આપણે સૌ ઇચ્છીશું કે એમની આ ધર્મભાવનાની વૃત્તિ સન્માર્ગમાં વિશેષ વિશેષ વૃદ્ધિ પામે અને તેમના પરિચયમાં આવતા દરેકને સન્માર્ગ તરફ પ્રેરે.

સદ્ગત ભાઈ શ્રી જૂઠાભાઈ સમ્યક્દૃષ્ટિ ધર્માત્મા હતા. આત્મજ્ઞ મહાપુરુષ શ્રીમદ્ રાજચંદ્રને અમદાવાદ અને આ બાજુ ગુજરાતમાં આત્મ-જ્ઞાની તરીકે પ્રથમ ઓળખનાર અને ઉપાસનાર એ ભાઈ પૂર્વના સંસ્કારી

જીવાત્મા હતા. શ્રીમદ્જીના સમાગમનો લાભ શેઠ જેસંગભાઈને પણ પ્રાપ્ત થયો હતો અને તેથી તેઓ પ્રત્યેની ઉપાસના અને પ્રેમ-ભક્તિ તથા શ્રી જૂઠાભાઈ પ્રત્યેનો ધર્માનુરાગ એ આ પુસ્તકના અસ્તિત્વમાં મુખ્ય હેતુભૂત છે.

શ્રીમદ્ રાજચંદ્ર આ નામ આજે અપરિચિત નથી કે જેનો પરિચય આપવો રહે. તેત્રીસ વરસની નાની વયમાં પોતાની આત્મવિશુદ્ધતા અને પ્રવચનનાં આંદોલનો દ્વારા, અધ્યાત્મ-આત્મ સંબંધીના જે વિચારો પ્રાયે લુપ્ત થઈ જઈ માત્ર રૂઢિ, અંધશ્રદ્ધા અને ગાડરિયા પ્રવાહરૂપ જે પ્રવર્તન થઈ રહ્યું હતું તે સર્વને કોઈ અલૌકિક રીતિએ દૂર કરી, વિચારશીલ આત્માઓની વૃત્તિ મતમતાન્તર રહિત કરી, મિથ્યા કદાગ્રહો અને ગતાનુગતિવહનથી મુક્ત કરી વિશુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચાર કરતા કરી મૂક્યા છે. જેમના પ્રવચન આજે વિચારશીલ સમાજ અતિ પ્રેમપૂર્વક વાંચે છે, અવધારે છે, પ્રમાણભૂત માને છે તે પરમપુરુષના લખાણમાંથી કેટલાંક ગદ્યપદ્ય વચનો વાચકવૃંદના વિશેષ વિચારવૃદ્ધિ અને ઉપકાર અર્થે આ પુસ્તકમાં આપવામાં આવે છે, જે મધ્યસ્થ દૃષ્ટિથી વિવેકપૂર્વક વાંચનારને મોક્ષમાર્ગને પ્રકાશ કરનાર રત્નદીપક સમાન છે. એ વચનોનું સ્વચ્છંદરહિતપણે જેમ જેમ વિશેષ વિશેષ મનન થશે તેમ તેમ એમાંથી કોઈ અપૂર્વ અમી ઝરશે. સ્યાદ્વાદરૂપ એ વચનોનો ઊંડો વિચાર કરતાં અવિરોધ શ્રી પરમજ્ઞાની પુરુષોનાં કથનાનુસાર ભાસ્યા વિના નહીં રહે. પછી તો જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ એ નિયમ ક્યાં અજાણ્યો છે? પણ જે આત્મહિતેચ્છુ એમાંથી રસ લૂંટવા પ્રયત્ન કરશે તેને એ અગાધ ઉદધિ પરિપૂર્ણ બનાવશે એ નિઃસંશય છે.

સમાધિ-સોપાનમાં રહેલી ત્રુટીઓ વિષે વાચક મહાશય સૂચના કરશે તો તે સુધારી તેને વિશેષ ઉપયોગી બીજી આવૃત્તિ વખતે બનાવી શકાશે.

**સનાતન જૈન**
**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ**
**અગાસ**
કાર્તિક શુક્લા પૂર્ણિમા, ૧૯૯૧

**લિ. બ્રહ્મચારી**
**ગોવર્ધનદાસ**

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | મૂળમાર્ગ-રહસ્ય | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ૨. | મેરી ભાવના | શ્રી જુગલકિશોર | ૩ |


## સમાધિ-સોપાન

પૃષ્ઠ ૫ થી પૃષ્ઠ ૩૮૨


૩. સમ્યક્દર્શન અષ્ટાંગ
પૃ. ૫ થી પૃ. ૩૮

૧ રત્નત્રય નિરૂપણ ૫
૨ નિઃશંકિત અંગ (૧) ૧૧
૩ નિષ્કાંક્ષિત અંગ (૨) ૧૭
૪ નિર્વિચિકિત્સા અંગ (૩) ૨૪
૫ અમૂઢદૃષ્ટિ અંગ (૪) ૨૫
૬ ઉપગૂહન અંગ (૫) ૨૭
૭ સ્થિતિકરણ અંગ (૬) ૨૯
૮ વાત્સલ્ય અંગ (૭) ૩૨
૯ પ્રભાવના અંગ (૮) ૩૬

૪. ધર્મધ્યાન (બાર ભાવના)
પૃ. ૩૯ થી પૃ. ૧૨૮

૧ ધર્મધ્યાન સમગ્ર ૩૯
૨ આજ્ઞા વિચય (૧) ૫૪
૩ અપાય વિચય (૨) ૫૬
૪ વિપાક વિચય (૩) ૫૯
૫ સંસ્થાન વિચય (૪) ૬૧
૬ અનિત્ય ભાવના (૧) ૬૩
૭ અશરણ ભાવના (૨) ૭૨
૮ સંસાર ભાવના (૩) ૭૭
૯ એકત્વ ભાવના (૪) ૧૦૬
૧૦ અન્યત્વ ભાવના (૫) ૧૦૯
૧૧ અશુચિ ભાવના (૬) ૧૧૩
૧૨ આસ્રવ ભાવના (૭) ૧૧૭
૧૩ સંવર ભાવના (૮) ૧૨૦
૧૪ નિર્જરા ભાવના (૯) ૧૨૧
૧૫ લોક ભાવના (૧૦) ૧૨૩
૧૬ બોધિદુર્લભભાવના (૧૧) ૧૨૩
૧૭ ધર્મદુર્લભભાવના (૧૨) ૧૨૬
૧૮ ભાવના કાવ્ય ૧૨૮

૫. સોળ કારણભાવના
પૃ. ૧૨૯ થી પૃ. ૨૫૮

૧ સોળકારણભાવના સમગ્ર ૧૨૯
૨ દર્શનવિશુદ્ધિ ભાવના (૧)
દર્શનવિશુદ્ધિ પદ્ય ૧૩૭
દર્શનવિશુદ્ધિ ગદ્ય ૧૫૧
૩ વિનયસંપન્નતાભાવના (૨) ૧૬૬
૪ શીલવ્રતેષ્વનતિચાર
ભાવના (૩) ૧૭૩

૫ અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ ભાવના (૪) ૧૭૮
૬ સંવેગ ભાવના (૫) ૧૮૧
૭ શક્તિતઃ ત્યાગ ભાવના (૬) ૧૮૬
૮ શક્તિતઃ તપ ભાવના (૭) ૧૯૦
૯ સાધુસમાધિ ભાવના (૮) ૧૯૩
૧૦ વૈયાવૃત્તિ ભાવના (૯) ૧૯૯
૧૧ અરિહંત ભક્તિ ભાવના (૧૦) ૨૦૪
૧૨ આચાર્ય ભક્તિ ભાવના (૧૧) ૨૧૨
૧૩ બહુશ્રુત ભક્તિ ભાવના (૧૨) ૨૨૪
૧૪ પ્રવચન ભક્તિ ભાવના (૧૩) ૨૩૩
૧૫ આવશ્યક અપરિહાણિ ભાવના (૧૪) ૨૪૧
૧૬ સન્માર્ગ પ્રભાવના ભાવના (૧૫) ૨૪૯
૧૭ પ્રવચન વાત્સલ્ય ભાવના (૧૬) ૨૫૪

૬. દશ લક્ષણરૂપ ધર્મ
પૃ. ૨૫૯ થી પૃ. ૩૨૦

૧ ઉત્તમ ક્ષમા ૨૬૦
૨ ઉત્તમ માર્દવ ૨૭૨
૩ ઉત્તમ આર્જવ ૨૭૬
૪ ઉત્તમ સત્ય ૨૭૮
૫ ઉત્તમ શૌચ ૨૮૭
૬ ઉત્તમ સંયમ ૨૯૦
૭ ઉત્તમ તપ ૨૯૪
૮ ઉત્તમ ત્યાગ ૨૯૯
૯ ઉત્તમ આકિંચન્ય ૩૦૪
૧૦ ઉત્તમ બ્રહ્મચર્ય ૩૦૮
૧૧ ઉપસંહાર ૩૧૨

૭. સમાધિ મરણ
પૃ. ૩૨૧ થી પૃ. ૩૮૨

૧ સલ્લેખનાનો અવસર ૩૨૨
૨ સમાધિમરણનો મહિમા ૩૨૩
૩ સંન્યાસમરણની શરૂઆત ૩૨૫
૪ સમાધિમરણના ઇચ્છકે કરવા યોગ્ય ૩૨૮
૫ મૃત્યુ-મહોત્સવ ૩૩૧
૬ સલ્લેખનાના પ્રકાર ૩૪૭
કાય સલ્લેખના ૩૪૮
કષાય સલ્લેખના ૩૫૧
૭ સલ્લેખના-સહાય-ઉપદેશાદિ ૩૫૨
૮ સલ્લેખનાના પાંચ અતિચાર ૩૭૯

૮. સમાધિ-સોપાન
અંતમંગલ ૩૮૨

# શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત

## પૃષ્ઠ ૧ થી પૃષ્ઠ ૧૪૪


| ક્રમાંક | પત્રાંક | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | (૩૭) | પાર્શ્વનાથ પરમાત્માને નમસ્કાર—જગતને રૂડું દેખાડવા | ૧ |
| ૨ | (૪૭) | અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન | ૪ |
| ૩ | (૫૫) | નીરાગી મહાત્માઓને નમસ્કાર—કર્મ એ જડ વસ્તુ છે | ૭ |
| ૪ | (૭૬) | બીજું કાંઈ શોધ મા | ૮ |
| ૫ | (૮૦) | નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે | ૯ |
| ૬ | (૮૪) | ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે | ૯ |
| ૭ | (૮૫) | સમજીને અલ્પભાષી થનારને | ૧૧ |
| ૮ | (૧૧૨) | મોહાચ્છાદિત દશાથી વિવેક ન થાય | ૧૧ |
| ૯ | (૧૨૮) | પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત | ૧૨ |
| ૧૦ | (૧૩૫) | મુમુક્ષુતાના અંશોએ—સમ્યક્‌દશાનાં પાંચ લક્ષણો | ૧૫ |
| ૧૧ | (૧૪૩) | નીચેનો અભ્યાસ તો રાખ્યા જ રહો | ૧૭ |
| ૧૨ | (૧૪૭) | આજ્ઞામાં જ એકતાન થયા વિના | ૧૮ |
| ૧૩ | (૧૬૩) | હે હરિ, આ કળિકાળમાં—કળિકાળનું સ્વરૂપ | ૧૮ |
| ૧૪ | (૧૬૬) | મંગળરૂપ વાક્યો—સત્પુરુષના એકેક વાક્યમાં | ૨૦ |
| ૧૫ | (૧૭૨) | સત્ જિજ્ઞાસુ માર્ગાનુસારી મતિ—અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાન્તિ | ૨૧ |
| ૧૬ | (૧૮૩) | આનંદમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે ત્રણે કાળ નમસ્કાર—પરિભ્રમણ કરતો જીવ...અપૂર્વને પામ્યો નથી | ૨૩ |
| ૧૭ | (૧૯૪) | જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ?—સત્સ્વરૂપને અભેદભાવે નમોનમઃ—ભાવઅપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે | ૨૪ |
| ૧૮ | (૧૯૫) | માર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે—માર્ગની દિશાનું ભાન થવા | ૨૬ |
| ૧૯ | (૨૦૦) | વચનાવલી—જીવ પોતાને ભૂલી ગયો છે. | ૨૭ |
| ૨૦ | (૨૦૭) | વિકટ પુરુષાર્થ—ખરાં ધર્મ અને જ્ઞાન—કોઈ જાતની ક્રિયા | ૨૮ |

૨૧ (૨૦૯) મહાત્માઓએ ગમે તે નામે...એક 'સત્'ને જ પ્રકાશ્યું છે 30
૨૨ (૨૧૧) સત્ એ કંઈ દૂર નથી 3૧
૨૩ (૨૧૨) સત્‌ને નમોનમઃ—વાંછા ઇચ્છાના અર્થ તરીકે
કામ—સજીવન મૂર્તિનું ઓળખાણ 3૨
૨૪ (૨૪૯) કરાળ કાળ હોવાથી—મોક્ષનું પરમ સાધન 3૪
૨૫ (૨૫૪) નિશંકતાથી નિર્ભયતા—સર્વથી મોટો દોષ 3૬
૨૬ (૨૬૨) આ જગતને વિષે સત્સંગની પ્રાપ્તિ—કૃતકૃત્યતા
થવા ત્રણ પ્રકારના જીવસમૂહ ૪0
૨૭ (૨૭૧) એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે ૪૨
૨૮ (૨૭૩) કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરુષનું ઓળખાણ ૪૨
૨૯ (૨૯૯) ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન ૪૩
30 (33૧) ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે—સંસારગત
વહાલપ અસંસારગત કરવા ૪૩
3૧ (33૪) હૃદયરૂપ શ્રી સુભાગ્ય પ્રત્યે—'સર્વ સંગ'નો
લક્ષ્યાર્થ—દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે ૪૪
3૨ (3૪૭) આત્મસ્વરૂપે હૃદયરૂપ વિશ્રામમૂર્તિ શ્રી સુભાગ્ય પ્રત્યે—અત્ર
આત્મદશાએ સહજ સમાધિ—અપ્રતિબદ્ધ, મુક્ત મનને
પણ સત્સંગને વિષે બંધન ૪૬
33 (3૭3) 'મનને લઈને આ બધું છે'—અમે જણાવેલું કોઈ
વાક્ય પરમ ફળનું કારણ ૪૭
3૪ (3૮૪) શબ્દાદિ પાંચ વિષયની પ્રાપ્તિની ઇચ્છાએ
કરી—'દુષમ કળિયુગ'—'બીજો શ્રીરામ' ૪૯
3૫ (૪03) જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે ૫0
3૬ (૪૧૬) ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે—સર્વશ્રેષ્ઠ ધ્યાન—
જીવના ત્રણ મોટા દોષ—સ્વચ્છંદ નામનો મહાદોષ ૫૧
3૭ (૪3૨) આત્માને વિભાવથી અવકાશિત કરવાને અર્થે ૫૨
3૮ (૪3૬) 'સમતા, રમતા, ઊરધતા'- તીર્થંકર, તીર્થંકરનાં વચન,
તીર્થંકરનો માર્ગબોધ અને ઉદ્દેશવચન ૫3

| | | |
|---|---|---|
| ૩૯ (૪૩૭) | આ જગતને વિષે જેને વિષે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે | ૫૪ |
| ૪૦ (૪૩૮) | ‘સમતા, રમતા...’નો અર્થ—જીવધર્મની વ્યાખ્યા | ૫૭ |
| ૪૧ (૪૫૪) | સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો | ૬૦ |
| ૪૨ (૪૬૦) | શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી—સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને | ૬૨ |
| ૪૩ (૪૬૬) | જેની પાસેથી ધર્મ માગવો તે પામ્યાની—આત્મતા માર્ગરૂપ ધર્મ—પ્રત્યક્ષ જ્ઞાની મીઠા પાણીના કળશારૂપ | ૬૪ |
| ૪૪ (૪૮૬) | પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે | ૬૬ |
| ૪૫ (૪૯૧) | તીર્થંકર વારંવાર નીચે કહ્યો છે તે ઉપદેશ—દ્વાદશાંગીનું સળંગ સૂત્ર—સંબુજ્ઝહા જંતવો | ૬૭ |
| ૪૬ (૫૦૪) | મનનો, વચનનો—સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું | ૬૯ |
| ૪૭ (૫૧૦) | બંધવૃત્તિઓને ઉપશમાવવાનો અભ્યાસ કર્તવ્ય | ૭૧ |
| ૪૮ (૫૧૧) | જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યાં છે—જ્ઞાનીપુરુષની આજ્ઞા ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી | ૭૨ |
| ૪૯ (૫૧૬) | પાણી સ્વભાવે શીતળ છતાં—વ્યવસાયરૂપ અગ્નિના અસંભવાર્થે વર્ધમાન સ્વામીની પણ અસંગ પ્રવર્તના | ૭૬ |
| ૫૦ (૫૨૨) | જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે—અનંતાનુબંધી કષાય—લોક આખાની અધિકરણ ક્રિયાનો હેતુ | ૭૭ |
| ૫૧ (૫૩૪) | આ જીવ અત્યંત માયાના આવરણે દિશામૂઢ | ૭૯ |
| ૫૨ (૫૩૭) | મુમુક્ષુજીવને અજ્ઞાન સિવાય કોઈ ભય નહીં—અજ્ઞાન-પરિષહ અને દર્શન પરિષહ | ૮૧ |
| ૫૩ (૫૩૯) | સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે | ૮૪ |
| ૫૪ | હે જીવ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો | ૮૫ |
| ૫૫ (૫૬૦) | જો જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી...સર્વ સાધન સુલભ—કઠણમાં કઠણ આત્મસાધનની પ્રથમ ઇચ્છા કરવી | ૮૬ |
| ૫૬ (૫૬૮) | આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ—શ્રી જિનનું યથાર્થવક્તાપણું | ૮૮ |

૫૭ (૫૬૯) સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન ૯૦

૫૮ (૫૭૦) જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ—વિવેકજ્ઞાન અથવા સમ્યક્‌દર્શન ૯૩

૫૯ (૫૭૫) જેમ છે તેમ નિજસ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી ૯૫

૬૦ (૫૮૮) શ્રી જિનવીતરાગે દ્રવ્ય-ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ ૯૬

૬૧ (૫૯૩) આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે—સર્વ જ્ઞાનનો સાર—ગ્રંથિભેદ માટે વીર્યગતિ થવા ૯૭

૬૨ (૬૦૯) જ્ઞાનીના માર્ગના આશ્રયને ઉપદેશનારાં વાક્યો—સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી...મોક્ષ ૯૮

૬૩ (૬૧૩) જે કષાયપરિણામથી અનંત સંસારનો ૧૦૧

૬૪ (૬૨૨) અનંતાનુબંધીના બીજા પ્રકારનો વિશેષાર્થ ૧૦૩

૬૫ (૬૭૭) ઉપદેશ કરવામાં જ્ઞાનીપુરુષો સંક્ષેપતાથી વર્તે નહીં—અંતરપરિણતિ પર દૃષ્ટિ—લૌકિક અભિનિવેશ ૧૦૪

૬૬ (૬૯૨) દુર્લભ એવો મનુષ્યદેહ ૧૦૬

૬૭ (૬૯૩) જેને મૃત્યુની સાથે મિત્રતા—જ્ઞાન, ક્રિયા અને ભક્તિમાર્ગ ૧૦૭

૬૮ (૭૦૨) વિચારવાન પુરુષો તો કૈવલ્યદશા થતાં સુધી—ઉપાર્જિત કર્મની રહસ્યભૂત મતિ મૃત્યુ વખતે ૧૦૮

૬૯ (૭૧૯) આત્મસિદ્ધિનું અવગાહન કેવા પ્રકારે ? —જ્ઞાન સમ્યક્‌પરિણામી કોને થાય ? ૧૧૦

૭૦ (૭૨૮) સર્વ દેહધારી જીવો મરણ પાસે શરણરહિત ૧૧૨

૭૧ (૭૫૧) આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારનાં સમકિત ૧૧૩

૭૨ (૭૭૧) તે ત્રણે સમકિતમાંથી ગમે તે સમકિત પામ્યાથી ૧૧૪

૭૩ (૭૭૯) સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે ૧૧૬

૭૪ (૭૮૦) જેને કોઈ પણ પ્રત્યે રાગદ્વેષ રહ્યા નથી ૧૧૭

૭૫ (૭૮૧) પરમપુરુષદશાવર્ણન—કીચસૌ કનક જાકૈ ૧૧૮

૭૬ (૭૮૩) શ્રી સોભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો...નિશ્ચય—સર્વ જીવ સુખને ઇચ્છે છે ૧૨૦

૭૭ (૭૮૫) શુભેચ્છાથી માંડીને શૈલેશીકરણ પર્યંતની સર્વ ક્રિયા ૧૨૨
૭૮ (૮૦૮) સત્પુરુષોના અગાધ ગંભીર સંયમને નમસ્કાર ૧૨૩
૭૯ (૮૦૯) જેની ભક્તિ નિષ્કામ છે એવા પુરુષોનો સત્સંગ ૧૨૩
૮૦ (૮૧૦) પારમાર્થિક હેતુવિશેષથી—લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિ ૧૨૩
૮૧ (૮૧૩) ઉપરની ભૂમિકાઓમાં પણ અનાદિ વાસનાનું સંક્રમણ ૧૨૪
૮૨ (૮૧૬) કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ ૧૨૫
૮૩ (૮૧૯) ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને ૧૨૫
૮૪ (૮૨૩) અવિષમભાવ વિના અમને પણ ૧૨૬
૮૫ (૮૨૬) સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય ૧૨૬
૮૬ (૮૩૨) દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક ૧૨૭
૮૭ (૮૩૩) સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી ૧૨૮
૮૮ (૮૪૩) શ્રીમત્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો ૧૩૦
૮૯ (૮૫૬) જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ ૧૩૧
૯૦ (૮૬૬) દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ ૧૩૧
૯૧ (૮૭૫) અહો ! સત્પુરુષનાં વચનામૃત ૧૩૨
૯૨ (૮૮૭) અગમ્ય છતાં સરળ એવા મહત્પુરુષોના
માર્ગને—મુખ્ય મોક્ષમાર્ગનો ક્રમ ૧૩૩
૯૩ (૯૦૧) ગુરુ ગણધર ગુણધર અધિક ૧૩૪
૯૪ (૯૧૩) સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ ૧૩૫
૯૫ (૯૧૫) ઉપશમશ્રેણિમાં મુખ્યપણે ઉપશમ સમ્યક્ત્વ—
ક્ષાયિકભાવે અનંતદાનાદિ લબ્ધિ ૧૩૮
૯૬ (૯૨૭) યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ ૧૪૦
૯૭ (૯૩૭) જ્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિની
અનુકૂળતા—નિર્જરાનો સુંદર માર્ગ ૧૪૧
૯૮ (૯૪૩) પરમ નિવૃત્તિ નિરંતર સેવવી ૧૪૨
૯૯ (૯૪૪) યોગશાસ્ત્ર સંબંધી—પ્રમત્તભાવે જીવનું ભૂંડું ૧૪૩
૧૦૦ (૯૪૯) લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો ૧૪૪

ૐ

શ્રીમદ્ રાજચંદ્રકૃત

# મૂળમાર્ગ-રહસ્ય

શ્રી સદ્ગુરુચરણાય નમઃ

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ; મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે,
નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. મૂળ૦ ૧

કરી જોજો વચનની તુલના રે,
જોજો શોધીને જિનસિદ્ધાંત; મૂળ૦
માત્ર કહેવું પરમારથ હેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ; મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ. મૂળ૦ ૩

લિંગ અને ભેદો જે વ્રતના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦ ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,
સંક્ષેપે સુણો પરમાર્થ; મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે,
સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આતમા રે,
ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬
જે જ્ઞાને કરીને જાણિયું રે,
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત; મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકિત. મૂળ૦ ૭
જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ૦ ૮
તે ત્રણે અભેદ પરિણામથી રે,
જ્યારે વર્તે તે આત્મારૂપ; મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ. મૂળ૦ ૯
એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે,
અને જવા અનાદિ બંધ; મૂળ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે,
ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ૦ ૧૦
એમ દેવ જિનંદે ભાખિયું રે,
મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ; મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે,
સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦ ૧૧

આણંદ, આસો સુદ ૧, ૧૯૫૨

### શ્રી જુગલકિશોરકૃત

# મેરી ભાવના

સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપદ,—સેવાથી શુદ્ધ જ્ઞાન થશે;
અવર ઉપાસન કોટિ કરો પણ, શ્રીહરિથી નહિ હેત થશે.
(એ દેશી)

જિસને રાગદ્વેષકામાદિક જીતે, સબ જગ જાન લિયા,
સબ જીવોંકો મોક્ષમાર્ગકા નિઃસ્પૃહ હો, ઉપદેશ દિયા;
બુદ્ધ વીર જિન હરિ હર બ્રહ્મા, યા ઉસકો સ્વાધીન કહો,
ભક્તિભાવસે પ્રેરિત હો યહ, ચિત્ત ઉસીમેં લીન રહો. ૧

વિષયોંકી આશા નહિ જિનકે, સામ્યભાવ ધન રખતે હૈં,
નિજ પરકે હિત સાધનમેં જો, નિશદિન તત્પર રહતે હૈં;
સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈં,
ઐસે જ્ઞાની સાધુ જગતકે, દુઃખસમૂહકો હરતે હૈં. ૨

રહે સદા સત્સંગ ઉન્હીંકા, ધ્યાન ઉન્હીંકા નિત્ય રહે,
ઉનહી જૈસી ચર્યામેં યહ, ચિત્ત સદા અનુરક્ત રહે;
નહીં સતાઊં કિસી જીવકો, ઝૂઠ કભી નહિ કહા કરૂઁ,
પરધન વનિતા પર ન લુભાઊં, સંતોષામૃત પિયા કરૂઁ. ૩

અહંકારકા ભાવ ન રક્ખૂઁ, નહીં કિસી પર ક્રોધ કરૂઁ,
દેખ દૂસરોંકી બઢતીકો, કભી ન ઈર્ષા-ભાવ ધરૂઁ;
રહે ભાવના ઐસી મેરી, સરલ સત્ય વ્યવહાર કરૂઁ,
બને જહાઁ તક ઇસ જીવનમેં, ઔરોંકા ઉપકાર કરૂઁ. ૪

મૈત્રીભાવ જગતમેં મેરા, સબ જીવોંસે નિત્ય રહે,
દીન દુઃખી જીવોંપર મેરે, ઉરસે કરુણાસ્રોત બહે;
દુર્જન-ક્રૂર-કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુઝકો આવે,
સામ્યભાવ રક્ખૂઁ મૈં ઉન પર, ઐસી પરિણતિ હો જાવે. ૫

ગુણીજનોંકો દેખ હૃદયમેં, મેરે પ્રેમ ઉમડ આવે,
બને જહાઁ તક ઉનકી સેવા, કરકે યહ મન સુખ પાવે;
હોઊં નહીં કૃતઘ્ન કભી મૈં, દ્રોહ ન મેરે ઉર આવે,
ગુણ-ગ્રહણકા ભાવ રહે નિત, દૃષ્ટિ ન દોષોં પર જાવે. ૬

કોઈ બુરા કહો યા અચ્છા, લક્ષ્મી આવે યા જાવે,
લાખોં વર્ષોં તક જીઊં યા, મૃત્યુ આજ હી આ જાવે;
અથવા કોઈ કૈસા હી ભય, યા લાલચ દેને આવે,
તો ભી ન્યાયમાર્ગસેં મેરા, કભી ન પદ ડિગને પાવે. ૭

હોકર સુખમેં મગ્ન ન ફૂલે, દુઃખમેં કભી ન ઘબરાવે,
પર્વત નદી સ્મશાન ભયાનક, અટવીસે નહિ ભય ખાવે;
રહે અડોલ અકંપ નિરન્તર, યહ મન દૃઢતર બન જાવે,
ઇષ્ટવિયોગ-અનિષ્ટયોગમેં, સહનશીલતા દિખલાવે. ૮

સુખી રહેં સબ જીવ જગતકે, કોઈ કભી ન ઘબરાવે,
વૈર પાપ-અભિમાન છોડ જગ, નિત્ય નયે મંગલ ગાવે;
ઘર ઘર ચર્ચા રહે ધર્મકી, દુષ્કૃત દુષ્કર હો જાવે,
જ્ઞાનચરિત ઉન્નત કર અપના, મનુજ જન્મફલ સબ પાવે. ૯

ઈતિ-ભીતિ વ્યાપે નહિ જગમેં, વૃષ્ટિ સમયપર હુઆ કરે,
ધર્મનિષ્ઠ હોકર રાજા ભી, ન્યાય પ્રજાકા કિયા કરે;
રોગ-મરી-દુર્ભિક્ષ ન ફૈલે, પ્રજા શાન્તિસે જિયા કરે,
પરમ અહિંસા-ધર્મ જગતમેં, ફૈલ સર્વ હિત કિયા કરે.૧૦

ફૈલે પ્રેમ પરસ્પર જગમેં, મોહ દૂર પર રહા કરે,
અપ્રિય કટુક કઠોર શબ્દ નહિ, કોઈ મુખસે કહા કરે;
બનકર સબ 'યુગ-વીર' હૃદયસે, દેશોન્નતિરત રહા કરે,
વસ્તુસ્વરૂપ વિચાર ખુશીસે, સબ દુઃખ-સંકટ સહા કરે.૧૧

# સમાધિ-સોપાન

**શ્રી સમન્તભદ્રાચાર્યકૃત શ્રી રત્નકરંડ શ્રાવકાચારની**
**પંડિત શ્રી સદાસુખદાસજીએ કરેલ હિંદી ભાષામાંથી**
**સમ્યક્ત્વનાં આઠ અંગ, બાર ભાવના,**
**સોળ કારણ ભાવના અને સમાધિમરણ**
**એ વિષયોનો ગુર્જરાનુવાદ.**

અનુવાદક :– શ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનદાસજી

## મંગલાચરણ

[1]સમંત સુખ સમાધિના, સ્વામી શ્રી ગુરુરાજ;
તુજ પદ પ્રણમી ભાવથી, વિનય કરું હું આજ. ૧

સમ્યક્‌દર્શન આવતાં, આત્મધર્મ સમજાય;
આત્મ-ભાવના ભાવતાં, કેવળજ્ઞાન પમાય. ૨

શ્રદ્ધા બીજ સમાધિનું, ક્ષેત્ર ગણું સુવિચાર;
સત્સંગ ચાતુર્માસ છે, સુબોધ વર્ષા-ધાર. ૩

સદ્‌ગુરુ ખેડૂત કુશળ, પ્રથમ હિત કરનાર;
ઓળખાવે સુદેવ તે, સત્શાસ્ત્રો રચનાર. ૪

સદ્‌ગુરુ શોધી શ્રદ્ધવા, તજી સાંસારિક ભાવ;
આજ્ઞાંકિત બની વર્તવું, આ ભવ તરવા નાવ. ૫

સૌ કોઈ આ જગતમાં ધર્મ ધર્મ એવો શબ્દ કહે છે. પરંતુ ધર્મ શબ્દનો મર્મ તો કોઈક વિરલા જ જાણે છે. તેનો શબ્દાર્થ

---

૧. સઘળા.

તો એવો છે કે જે નરક, તિર્યંચ આદિ ગતિમાં ભમવારૂપ દુ:ખથી આત્માને બચાવી-ઉદ્ધારી ઉત્તમ આત્મિક, અવિનાશી, અતીંદ્રિય મોક્ષસુખમાં ધારણ કરે તે ધર્મ છે. આવો ઉત્તમ ધર્મ કંઈ બજારમાં વેચાતો મળતો નથી કે ધન ખર્ચીને કે દાન સન્માન વડે વેચાતો લઈ શકાય; તે કોઈનો આપ્યો પણ અપાતો નથી કે સેવા-ઉપાસનાથી રાજી કરીને લઈ શકાય; મંદિર, પર્વત, જળ, અગ્નિ, દેવમૂર્તિ કે તીર્થ આદિ સ્થળોમાં તે ધર્મ રાખી મૂક્યો નથી કે ત્યાં જઈને લઈ અવાય; ઉપવાસ, વ્રત, કાયક્લેશ આદિ તપથી શરીર સૂકવી નાખવાથી પણ તે મળે એમ નથી. દેવાધિદેવના મંદિરમાં છત્ર આદિ પૂજાની સામગ્રીના દાનવડે, પૂજન આદિ વડે, તથા ઘર છોડી વનમાં કે સ્મશાનમાં રહેવાથી કે પરમેશ્વરના નામના જાપ આદિ કરવાથી તેવો ધર્મ પામી શકાતો નથી. ધર્મ તો આત્માનો સ્વભાવ છે. પરપદાર્થમાં આત્મબુદ્ધિ થઈ રહી છે, તે છોડી પોતાના જ્ઞાતા, દ્રષ્ટારૂપ સ્વભાવની શ્રદ્ધા, અનુભવ તથા જ્ઞાયક સ્વભાવમાં જ વર્તવારૂપ આચરણ તે ધર્મ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યરૂપ પોતાના આત્માનાં પરિણામ તે ધર્મ છે; સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય રત્નત્રયરૂપ ધર્મ છે; અહિંસારૂપ આત્માનાં પરિણામ થાય ત્યારે આત્મા પોતે જ ધર્મરૂપ થાય છે. પર દ્રવ્ય, ક્ષેત્ર, કાલાદિક તો નિમિત્તમાત્ર છે. આ આત્મા રાગાદિ પરિણતિ છોડીને વીતરાગરૂપે પરિણમે છે તે વખતે મંદિર, પ્રતિમા, તીર્થ, દાન, તપ, જપ, બધુંય ધર્મરૂપ છે. અને જો તે ઉત્તમ

ક્ષમાદિ વીતરાગરૂપ, સમ્યક્જ્ઞાનરૂપ ન પરિણમે તો ત્યાં મંદિર આદિ કોઈમાં ધર્મ નીપજતો નથી. શુભ રાગ થાય તો પુણ્ય બંધાય છે; અશુભ રાગ, દ્વેષ, મોહ થાય તો પાપ બંધાય છે. જ્યાં સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્જ્ઞાન અને સ્વરૂપાચરણરૂપ ધર્મ છે, ત્યાં બંધનો અભાવ હોય છે; અને બંધનો અભાવ થયે ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. આવા ઉત્તમ સુખનું કારણ આત્માનો સ્વભાવરૂપ ધર્મ છે.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેને ભગવાને ધર્મ કહ્યો છે. તેથી પ્રતિકૂળ જે મિથ્યાદર્શન, મિથ્યા-જ્ઞાન અને મિથ્યાચારિત્ર છે તે સંસારપરિભ્રમણનો માર્ગ છે.

આમાં સર્વથી પ્રથમ જે સમ્યક્દર્શન કહ્યું છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે : પરમાર્થસ્વરૂપ આપ્તપુરુષ, તે આપ્તના કહેલા પદાર્થોને શબ્દો દ્વારા જણાવનાર શાસ્ત્ર અને તે આપ્તના દર્શાવેલા માર્ગે ચાલનાર સદ્ગુરુ, એ ત્રણે તત્ત્વોની શ્રદ્ધા કરવી તે સમ્યક્દર્શન છે. તે સમ્યક્દર્શન ત્રણ મૂઢતા રહિત છે; પોતાનાં આઠ અંગ સહિત છે; આઠ પ્રકારના મદથી પણ રહિત છે. કોઈ સ્થળે સાત તત્ત્વો કે નવ પદાર્થોની શ્રદ્ધાને પણ શાસ્ત્રમાં સમ્યક્દર્શન કહ્યું છે. પરંતુ નિર્દોષ શાસ્ત્રના ઉપદેશ વિના તત્ત્વોની શ્રદ્ધા કેવી રીતે થાય? નિર્દોષ આપ્તપુરુષ વિના સત્યાર્થ શાસ્ત્ર કેવી રીતે પ્રગટ થાય? તેથી તત્ત્વાર્થશ્રદ્ધાનું મૂળ કારણ સત્યાર્થ આપ્ત જ છે. તેથી આપ્તનું સ્વરૂપ જણાવે છે.

## આપ્તસ્વરૂપ :—

ધર્મનું મૂળ ભગવાન આપ્ત છે. તેમનામાં નિર્દોષપણું, સર્વજ્ઞ-પણું અને પરમહિતોપદેશપણું એ ત્રણ મુખ્ય ગુણો હોય છે.

## સત્યાર્થ શાસ્ત્રનું સ્વરૂપ :–

શાસ્ત્ર તે છે કે જે સર્વજ્ઞ વીતરાગનું બોધેલું હોય, કોઈ વાદી પ્રતિવાદી જેનું ઉલ્લંઘન કરી શકે નહીં એવું હોય, પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી જેમાં વિરોધ ન આવે તેવું હોય, વસ્તુનું સ્વરૂપ જેવું હોય તેવો ઉપદેશ જેમાં હોય, સર્વ જીવોને હિતકારી હોય તથા કુમાર્ગનો નિષેધ કરનાર હોય. આ છ વિશેષણો યુક્ત હોય તે સાચાં શાસ્ત્ર છે.

## *સદ્ગુરુનું સ્વરૂપ :–

જે પાંચ ઇંદ્રિયના વિષયોની આશાને વશ ન હોય, ત્રસ અને સ્થાવર જીવોની જેમાં ઘાત થાય તેવા આરંભથી જે રહિત હોય, અંતરંગ તેમજ બાહ્ય સર્વ પરિગ્રહથી જે રહિત હોય અને જ્ઞાન, ધ્યાન, તપમાં જે આસક્ત હોય, આવાં ચાર વિશેષણો સહિત જે ગુરુ હોય તે સાચા ગુરુ પ્રશંસવા યોગ્ય, સ્તવવા યોગ્ય છે. જે પાંચ ઇંદ્રિયના વિષયોમાં લંપટ હોય તે અન્યને વિષયો છોડાવી વીતરાગ માર્ગમાં ન પ્રવર્તાવે, પણ સરાગ માર્ગમાં લગાડી સંસાર સમુદ્રમાં ડુબાડે છે. તેથી વિષયની આશાને વશ ન હોય તે ગુરુ આરાધવા યોગ્ય, વંદન યોગ્ય છે. વિષયોમાં જેને આસક્તિ છે તે આત્મજ્ઞાનરહિત બહિરાત્મા છે. ત્રસ સ્થાવર જીવોની ઘાત કરનાર આરંભીને પાપનો ભય નથી, તેવા પાપીને ગુરુપણું કેમ સંભવે? જેને ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ અને દશ પ્રકારે બાહ્ય પરિગ્રહ હોય તે ગુરુ

---

* ''આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય.''—શ્રીમદ્ રાજચંદ્ર

કેવી રીતે હોઈ શકે? પરિગ્રહી તો પોતે જ સંસારમાં ફસાઈ રહ્યો છે તે અન્યનો ઉદ્ધાર કરનાર ગુરુ કેવી રીતે બને?

૧ મિથ્યાત્વ, ૨ વેદ=સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, ૩ રાગ, ૪ દ્વેષ, ૫ હાસ્ય, ૬ રતિ, ૭ અરતિ, ૮ શોક, ૯ ભય, ૧૦ જુગુપ્સા (ગ્લાનિ), ૧૧ ક્રોધ, ૧૨ માન, ૧૩ માયા, ૧૪ લોભ—એ ચૌદ પ્રકારનાં અંતરંગ પરિગ્રહનો સંક્ષેપાર્થ :—

**૧.** જે મનુષ્યાદિ પર્યાય, શરીર, શરીરનાં નામ, શરીરનાં રૂપ તથા શરીરને આધારે જાતિ, કુલ, પદવી, રાજ્ય, ધન, કુટુંબ, યશ-અપયશ, ઊંચપણું-નીચપણું, ધનવાનપણું-નિર્ધનપણું, માન્યતા-અમાન્યતા, બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રાદિક વર્ણ, સ્વામી-સેવક, યતિ-ગૃહસ્થપણું ઇત્યાદિ બહુ પ્રકાર છે તે પુદ્‌ગલરૂપ જે કર્મો તેનાથી ઉત્પન્ન થયેલાં પ્રત્યક્ષ દેખાય છે, સંભળાય છે, અનુભવમાં આવે છે. આ વિનાશી છે, પુદ્‌ગલમય છે, મારું સ્વરૂપ નથી; આમ સારી રીતે વારંવાર નિર્ણય કરી રાખ્યો છે, તોપણ અનાદિ કાલથી મિથ્યાત્વકર્મના ઉદયથી એવા સંસ્કાર દૃઢ થઈ રહ્યા છે કે એના (ઉપર જણાવેલ શરીરાદિ પ્રકારોના) નાશથી પોતાનો નાશ માને છે; એના ઘટવાથી પોતાનું ઘટવું અને એના વધવાથી પોતાનું વધવું, ઊંચપણું-નીચપણું માની સંપૂર્ણ દેહાદિકમય થઈ રહ્યો છે. જોકે પોતાની વાણીથી આ બધાને પરરૂપ કહે છે; આ અમારાં નથી, પરાધીન છે, વિનાશી છે; તથાપિ અંતરમાં એના સંયોગ-વિયોગમાં, રાગદ્વેષ, સુખદુઃખરૂપ આત્માના ભાવ થાય છે તે **મિથ્યાત્વ** નામનો પરિગ્રહ છે.

**૨.** સ્ત્રી, પુરુષ, નપુંસક આદિમાં કામ સેવવારૂપ રાગ અંતરંગમાં થવો તે **વેદ** નામનો પરિગ્રહ છે.

**૩.** પર દ્રવ્ય જે દેહ, ધન, સ્ત્રી, પુત્રાદિક તેમાં રંજાયમાન (રાજી) થવું તે **રાગ** પરિગ્રહ છે.

**૪.** પરનાં ઐશ્વર્ય, જોબન, ધન, સંપદા, યશ, રાજ્ય, વૈભવાદિ પ્રત્યે વેર રાખવું તે **દ્વેષ** પરિગ્રહ છે.

**૫.** હાસ્યનાં પરિણામ તે **હાસ્ય** પરિગ્રહ છે.

**૬.** પોતાના મરણનો, વિયોગનો, વેદના આદિનો ડર રાખવો તે **ભય** પરિગ્રહ છે.

**૭.** પોતાને ગમતા પદાર્થોમાં આસક્તિથી લીન થવું તે **રતિ** પરિગ્રહ છે.

**૮.** પોતાને અનિષ્ટ લાગે તેમાં પરિણામ ન લગાડવાં (અણગમો રાખ્યા કરવો) તે **અરતિ** પરિગ્રહ છે.

**૯.** ઇષ્ટનો વિયોગ થતાં ક્લેશરૂપ પરિણામ થવાં તે **શોક** પરિગ્રહ છે.

**૧૦.** કોઈ ઘૃણા-ગ્લાનિ થાય તેવી વસ્તુ દેખીને, સાંભળીને, સ્પર્શ કરીને કે ચિંતવનાદિ કરીને પરિણામમાં ગ્લાનિ ઊપજવી; અથવા પારકાની ચઢતી દેખી ગમે નહીં તે **જુગુપ્સા** પરિગ્રહ છે.

**૧૧.** રોષનાં પરિણામ તે **ક્રોધ** પરિગ્રહ છે.

**૧૨.** ઊંચ જાતિ, કુલ, ધન, રૂપ, જ્ઞાન, વિજ્ઞાન, ઐશ્વર્ય અને બળ એ આઠનો મદ-ગર્વ કરીને પોતાને મોટા અને પરને હલકા સમજવારૂપ કઠોર પરિણામ તે **માન** પરિગ્રહ છે.

**૧૩.** કપટ કરવા જે વક્ર પરિણામ કરવાં તે **માયા** પરિગ્રહ છે.

**૧૪.** પરદ્રવ્યની ઇચ્છારૂપ પરિણામ તે **લોભ** પરિગ્રહ છે.

આ પ્રમાણે સંસારનાં મૂળ, આત્માની ઘાત કરનાર અને તીવ્ર બંધનનું કારણ આ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.

૧ ક્ષેત્ર, ૨ વાસ્તુ (મકાન), ૩ હિરણ્ય, ૪ સુવર્ણ, ૫ ધન, ૬ ધાન્ય, ૭ દાસી, ૮ દાસ, ૯ કુપ્ય (વસ્ત્રાદિ), ૧૦ ભાંડ (વાસણ આદિ) એ દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે. આ પ્રકારે અંતરંગ બહિરંગ મળીને ૨૪ પ્રકારના પરિગ્રહ રહિત નિર્ગ્રંથ[૧] તે સદ્‌ગુરુપદને યોગ્ય છે એવો નિશ્ચય કરવો. સંયમ ધારણ કરીને પણ અંતરંગ બહિરંગ પરિગ્રહથી જે મન મલિન રાખે છે તેને ગુરુપણું ઘટતું નથી. જે નિરંતર રાતદિવસ, ચાલતાં, હાલતાં, બેસતાં, ઊઠતાં, ભોજન કરતાં પણ જ્ઞાનાભ્યાસમાં, ધર્મધ્યાનમાં, ઇચ્છાનિરોધરૂપ તપમાં આસક્ત છે તે ગુરુ પ્રશંસવા યોગ્ય છે, પૂજ્ય છે, વંદ્ય છે.

હવે સદ્‌દેવ, સદ્‌ગુરુ, સત્શાસ્ત્ર ઉપર સત્‌શ્રદ્ધા જેનું લક્ષણ છે, એવું સમ્યક્દર્શન તેનાં આઠ અંગ—ગુણનું વર્ણન કરે છે :—

## ૧. નિઃશંકિત અંગ :—

ઉપર આપ્ત, આગમ (શાસ્ત્ર) અને ગુરુનાં લક્ષણ કહ્યાં તે જ તત્ત્વભૂત સત્યાર્થ સ્વરૂપ છે, તે તત્ત્વો આ પ્રકારનાં જ છે,

---

૧. ''બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રંથ ગ્રંથિ નહિ હોય;
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય.''—શ્રીમદ્ રાજચંદ્ર

અન્ય પ્રકારનાં નથી એવી અકંપ એટલે [1]તરવારના પાણી પેઠે અચલ, સન્માર્ગમાં સંશયરહિત રુચિ-શ્રદ્ધા તે નિઃશંકિત ગુણ છે.

ગદા, ચક્ર, ત્રિશૂલ આદિ અનેક પ્રકારના આયુધવાળા અને સ્ત્રીઓમાં અતિ આસક્ત, ક્રોધી, માની, માયાચારી, લોભી, અને પોતાનાં કરેલાં કામનો દેખાવ કરવાને ઇચ્છનારા હોય તેમને સંસારમાં દેવ કહે છે. હિંસા તથા કામ ક્રોધાદિકમાં ધર્મ જણાવનાર-પ્રરૂપનાર-મનાવનાર શાસ્ત્રને સંસારમાં આગમ કહે છે. તેમજ અનેક પાખંડી, લોભી, કામી, અભિમાનીને લોકો ગુરુ કહે છે. પરંતુ સદ્દેવ, સદ્ગુરુ, સત્શાસ્ત્ર કદી એવા હોય નહીં એવી જેને દૃઢ શ્રદ્ધા છે, તેનું ચિત્ત મૂઢ લોકોની ખોટી યુક્તિથી ચલાયમાન થતું નથી, કુદેવતાઓ પ્રસન્ન કરે કે વશ કરે તેવા મંત્ર-તંત્રાદિથી પણ તેની શ્રદ્ધાનાં પરિણામ વિકારી, ચલિત થતાં નથી. જેવી રીતે તરવારનું પાણી પવન વડે ચલાયમાન થતું નથી, તેવી રીતે મિથ્યાદૃષ્ટિનાં વચનરૂપ પવનવડે સત્યાર્થ દેવ, ગુરુ, ધર્મના સ્વરૂપ વિષે જેનાં પરિણામ સંશયવાળાં થતાં નથી, તેને નિઃશંકિત ગુણ હોય છે.

આત્મતત્ત્વનું સ્વરૂપ નિર્દોષ આગમમાં કહ્યું છે, તેવો જેણે સ્વાનુભવ કરીને આત્માને આત્મા જાણ્યો (પોતાને પોતે જાણ્યો), અને પરપુદ્ગલના સંબંધને પર સ્વરૂપ જાણ્યો એવા સમ્યક્દૃષ્ટિ સાત ભયથી રહિત થઈને નિઃશંકિત ગુણ પામે છે. સાત ભય : ૧ આ લોકનો ભય, ૨ પરલોકનો ભય, ૩ મરણનો ભય, ૪ વેદનાભય, ૫ અરક્ષાનો ભય, ૬ અગુપ્તિભય, ૭ અકસ્માત્ભય.

---

૧. જેમ તરવારની ધારનું પાણી હવાથી ચલાયમાન ન થાય તેમ સમ્યક્ દૃષ્ટિના પરિણામ મિથ્યાદૃષ્ટિના વચનરૂપ હવાથી સંશયને પ્રાપ્ત ન થાય.

૧. પોતાનો પરિગ્રહ કુટુંબ આદિ તથા આજીવિકા આદિ નાશ થવાનો ભય તે આ લોકભય છે. તે સમસ્ત સંસારી જીવોને હોય છે. ૨. પરલોકમાં કઈ ગતિ થશે? કયા ક્ષેત્રે જવું પડશે? એવો પરલોકનો ભય છે. ૩. મરણ પામવાનો ભારે ભય હોય છે; મારો નાશ થશે, કોણ જાણે કેવું દુઃખ પડશે? અરેરે! મારો અભાવ થશે! હતો ન હતો થઈ જઈશ! એવો મરણભય છે. ૪. રોગ આદિ દુઃખ આવી પડવાનો ભય તે વેદનાભય છે. ૫. પોતાની રક્ષા કરનાર કોઈ નથી એમ જાણી ભય પામવો તે અરક્ષાભય જાણવો. ૬. પોતાની વસ્તુ સાચવવાનું સ્થળ નથી તેથી ચોરાઈ જવાનો ભય તે અગુપ્તિ ભય. ૭. અચાનક દુઃખ ઊપજવાનો ભય તે અકસ્માત્ ભય છે. પોતાનું અને પરનું સ્વરૂપ સમ્યક્પ્રકારે જાણનાર સમ્યક્દૃષ્ટિને એ સાત ભય હોતા નથી.

આ દેહમાં પગથી તે માથા સુધીમાં જે જ્ઞાન, ચૈતન્ય છે તે આપણું ધન છે. આ જ્ઞાનભાવથી અન્ય એક પરમાણુ માત્ર પણ આપણું નથી. દેહ અને દેહનાં સંબંધી જે સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, રાજ્ય, વૈભવ આદિ છે તે મારાથી ભિન્ન પરદ્રવ્ય છે, સંયોગથી ઊપજે છે. મારે અને એને શો સંબંધ છે? સંસારમાં આવા સંબંધ અનંતાનંત થયા અને છૂટી ગયા. જેનો સંયોગ થયો છે તેનો વિયોગ નિશ્ચયે થશે; જે ઊપજ્યું છે તે વિનાશ પામશે. હું જ્ઞાનસ્વરૂપ આત્મા ઉત્પન્ન થયો નથી અને વિનાશ પામીશ નહીં, એવો જેને દૃઢ નિશ્ચય છે તેને દેહ છૂટવાનો અને દશ પ્રકારના પરિગ્રહનો વિયોગ થવાનો ભય રહેતો નથી. તેથી આ લોકના ભયરહિત સમ્યક્દૃષ્ટિ નિઃશંક છે.

સમ્યક્દૃષ્ટિને પરલોકનો ભય પણ નથી હોતો. જેમાં સમસ્ત વસ્તુઓનું અવલોકન કરાય તે લોક છે. તેથી આપણો લોક તો જ્ઞાનદર્શન છે. કારણકે તેમાં સમસ્ત વસ્તુઓ પ્રતિબિંબરૂપે દેખાય છે. જે સમસ્ત વસ્તુઓ દેખાય છે તેનું આપણા જ્ઞાન-સ્વભાવમાં અવલોકન થાય છે. આપણા જ્ઞાન ઉપરાંતની કોઈ વસ્તુને આપણે દેખતા નથી, જાણતા નથી. આપણું જ્ઞાન કદાચિત્ નિદ્રાવડે ઢંકાઈ જાય કે રોગાદિકને લીધે મૂર્છા આવવાથી અવરાઈ જાય તો બધું વિશ્વ વિદ્યમાન છે તો પણ ન હોય તેના જેવું થયું. તેથી આપણો લોક તો આપણું જ્ઞાન જ છે. આપણા જ્ઞાન ઉપરાંત કોઈ વસ્તુ દેખવામાં, જાણવામાં આવતી નથી. આપણા જ્ઞાન બહાર જે લોક છે, તેમાં જે અનેક પ્રકારનાં નરક, સ્વર્ગ છે તે સર્વજ્ઞ ભગવાનને પ્રત્યક્ષ છે. પણ તે સર્વ આપણા સ્વભાવથી ભિન્ન છે. પુણ્યનો ઉદય છે તે દેવાદિ શુભ ગતિ આપનાર છે, પાપનો ઉદય છે તે નરકાદિ અશુભગતિ આપનાર છે. પાપ, પુણ્ય બન્નેય વિનાશી છે. સ્વર્ગ, નરકાદિ પુણ્યપાપનું ફળ પણ વિનાશી છે. પરંતુ આત્મા જ્ઞાન, દર્શન, સુખ, વીર્યના અવિનાશીપણાને ધારણ કરનાર અખંડ અવિનાશી છે, મોક્ષે લઈ જનાર છે. તેથી મારો લોક મારામાં જ છે. તેમાં જ સમસ્ત વસ્તુનું અવલોકન કરતો હું વસું છું. આ પ્રમાણે પરલોકનો ભય જેમને નથી એવા સમ્યક્દૃષ્ટિ નિઃશંક હોય છે.

સ્પર્શન (ચામડી), રસના (જીભ), ઘ્રાણ (નાક), નેત્ર અને કાન એ પાંચ ઇંદ્રિય અને મનબળ, વચનબળ અને કાયાબળ તથા આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ એ બાહ્ય પ્રાણો કર્મથી બનેલા છે, પુદ્ગલમય છે; આ પ્રાણોના નાશને જગતમાં

મરણ કહે છે. અને આત્માનાં જ્ઞાન, દર્શન, સુખ, સત્તારૂપ ભાવ પ્રાણ છે તેનો નાશ કોઈ કાળે પણ થાય નહીં. જે ઊપજે છે તે મરશે. જે પુદ્‌ગલ-પરમાણુનો જથ્થો થઈ ઇંદ્રિયાદિ પ્રાણસ્વરૂપે ઊપજે છે તેનો જ નાશ થાય છે. મારા સ્વભાવરૂપ જ્ઞાન, દર્શન, સુખ, સત્તા કોઈ કાળે પણ વિનાશી નથી. ઇંદ્રિયાદિક પ્રાણ પર્યાય (મનુષ્યાદિ શરીર) સાથે જ ઊપજે છે, વિનાશ પામે છે. પરંતુ હું તો ચૈતન્ય અવિનાશી છું એવા નિશ્ચયના ધારક સમ્યક્દૃષ્ટિને મરણના ભયની શંકા થતી નથી.

વેદના-ભયને જીતીને સમ્યક્દૃષ્ટિ નિઃશંક થયા છે. વેદના એટલે વેદવું, જાણવું. જાણવાવાળો તો હું જીવ છું; એક પોતાના અચલ જ્ઞાનનો અનુભવ કરવો એ રૂપ જે વેદન તે તો અવિનાશી છે. આ જ્ઞાનના અનુભવરૂપ વેદના તો શરીર સંબંધી નથી. વેદનીય કર્મથી ઉત્પન્ન થયેલી સુખ-દુઃખરૂપ વેદના છે તે મોહના પ્રબળપણાથી આત્મામાં દેખાય છે, તે મારું સ્વરૂપ નથી, ચેતનરૂપ નથી; શરીરમાં છે, હું એથી ભિન્ન જ્ઞાતા છું. આ પ્રકારે જ્ઞાન-વેદનાથી દેહની વેદનાને ભિન્ન જાણનાર સમ્યક્દૃષ્ટિ નિઃશંક હોય છે.

અરક્ષાભય પણ સમ્યક્દૃષ્ટિને નથી હોતો, કારણ કે જગતમાં જે સત્‌રૂપ વસ્તુ છે તેનો ત્રણે કાળમાં નાશ નથી, એવો એમને દૃઢ નિશ્ચય છે. તેથી પોતાનો જ્ઞાનસ્વરૂપ આત્મા પણ કોઈની મદદ વગર જ પોતે સત્ છે. એની રક્ષા કરવા માટે કોઈની જરૂર નથી; એનો વિનાશ કરનાર પણ કોઈ નથી. જેનો કોઈ વિનાશ કરનાર હોય તેને સાચવવા ક્યાંક

રક્ષકની જરૂર હોય. અવિનાશી સ્વરૂપનો અનુભવ કરનાર સમ્યક્દૃષ્ટિ અરક્ષાભય રહિત નિ:શંક છે.

અગુપ્તિભય એટલે તિજોરી, કબાટ આદિમાં ગુપ્ત સંતાડ્યા વિના ધન નાશ પામશે એવો ચોરનો ભય તે પણ સમ્યક્દૃષ્ટિને ન હોય. કારણ કે વસ્તુનું જે સ્વરૂપ પોતાનું છે તે તો પોતાના સ્વરૂપમાં જ છે; પોતાનું સ્વરૂપ પોતાની બહાર હોય નહીં. ચૈતન્યસ્વરૂપ હું આત્મા છું, તે ચૈતન્યસ્વરૂપ મારામાં જ છે. તેમાં પરનો પ્રવેશ નથી. જે અનંત જ્ઞાન-દર્શન મારું સ્વરૂપ છે, તે જ મારું અમાપ અવિનાશી ધન છે. ત્યાં ચોર પ્રવેશ કરી શકતો નથી, તેમ હરી શકતો નથી તેથી સમ્યક્દૃષ્ટિ અગુપ્તિભય રહિત નિ:શંક છે.

સમ્યક્દૃષ્ટિને અકસ્માત્ ભય પણ નથી. આત્મા તો સદાકાળ શુદ્ધ છે, દ્રષ્ટા છે, અચલ છે, અનાદિ છે, અનંત છે, સ્વભાવથી સિદ્ધ છે, અલક્ષ છે, ચૈતન્ય-પ્રકાશરૂપ સુખનું સ્થાનક છે. એમાં કંઈ અચાનક અકસ્માત્ ઉત્પન્ન થવા યોગ્ય નથી. આવા ભાવવાળા સમ્યક્દૃષ્ટિ નિ:શંક છે.

જેને સમ્યક્દર્શન છે તેના પરિણામમાં સાત ભય નથી. સત્યાર્થ એવા પોતાના સ્વરૂપને જાણ્યા વિના પોતાનો આત્મા સાત ભયથી રહિત થતો નથી.

સમ્યક્દૃષ્ટિ અહિંસાને જ નિશ્ચયરૂપ ધર્મ જાણે છે. તેથી તેને એવી શંકા નથી ઊપજતી કે યજ્ઞ હોમ આદિકમાં જે જીવઘાતરૂપ હિંસાની ક્રિયા થાય છે તેમાંય કંઈક તો ધર્મ નીપજતો હશે. એવી શંકાનો અભાવ તે નિ:શંકિત અંગ છે.

## ૨. નિષ્કાંક્ષિત અંગ :—

ઇંદ્રિયોથી ઉત્પન્ન થતા સુખમાં સુખની માન્યતા રહિત જે શ્રદ્ધા—ભાવ તે અનાકાંક્ષા નામનો સમ્યક્ત્વનો ગુણ છે, એમ ભગવાને કહ્યું છે. ઇંદ્રિયથી ઉત્પન્ન થતું સુખ કેવું છે? કર્મને આધીન છે, સ્વાધીન સુખ નથી. પુણ્યકર્મના ઉદયને આધીન છે, પુણ્યકર્મના ઉદયની મદદ વિના કરોડો ઉપાયે, મહાન પુરુષાર્થ કરવા છતાં સુખની પ્રાપ્તિ થતી નથી, ઇષ્ટનો લાભ થતો નથી, અનેક અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. કદાચિત્ પુણ્યના ઉદયથી સુખની પ્રાપ્તિ પણ થાય, તો તે સુખ વળી નાશવંત છે. પરાધીન એવું એ સુખ કેટલો કાળ ભોગવાશે? ઇંદ્રિયથી ઉત્પન્ન થયેલું સુખ પોતાના ઇષ્ટ વિષયને આધીન છે, અને ઇષ્ટનો સમાગમ તો વિનાશી છે; મેઘધનુષ્ય પેઠે, વીજળીના ચમકાર જેવો ઇષ્ટ સમાગમ ક્ષણભંગુર છે. તથા તે સુખ પરાધીન છે. શરીરના નીરોગીપણાને આધીન, ધનને આધીન, સ્ત્રીને આધીન, પુત્રને આધીન, આયુષ્યને આધીન, આજીવિકાને આધીન, ક્ષેત્રને આધીન, કાળને આધીન, ઇંદ્રિયોને આધીન, ઇંદ્રિયોના વિષયને આધીન ઇત્યાદિ હજારો પરાધીનતા સહિત છે; વિનાશકાળની સન્મુખ એવું ઇંદ્રિયોથી ઉત્પન્ન થયેલું સુખ અલ્પકાળ ભોગવવામાં આવે છે. ઇંદ્રિયજનિત સુખ અવશ્ય નાશવંત છે. નાશવંત હોવા છતાં અખંડધારા પ્રવાહરૂપ નથી; વચમાં વચમાં અનેક દુઃખ દેખાવ દે છે. કદી રોગ આવી જાય છે તો કદી સ્ત્રી, પુત્ર, મિત્રનો વિયોગ થાય છે; કદી અપમાન થાય છે તો કદી ધનની હાનિ થાય છે, કદી અનિષ્ટનો સંયોગ થાય છે. આવી રીતે અંતવાળું અને અનેક દુઃખો સહિત

ઇંદ્રિયજનિત સુખ છે. તે પાપનું બીજ છે. ઇંદ્રિયજનિત સુખમાં લીન થવાથી પોતાના સ્વરૂપનો ભુલાવો થાય છે, અને મહા ઘોર આરંભમાં જીવ પ્રવર્તે છે, અન્યાય કરીને વિષય ભોગવે છે. તેથી પાપ જ બંધાય છે. ઇંદ્રિયજનિત સુખ નરકતિર્યંચ આદિ ગતિમાં પરિભ્રમણ કરાવનાર પાપબંધનું બીજ છે. આવું પરાધીન, નાશવંત, દુઃખથી ભરેલું જે ઇંદ્રિયજનિત સુખ તે સમ્યક્‌દૃષ્ટિને સુખરૂપ દેખાતું નથી તો સુખરૂપ તેને કેમ માને? સુખરૂપ માન્યતા કે શ્રદ્ધા ન હોય તો તેની વાંછા કેમ કરે?

સમ્યક્‌દૃષ્ટિને આત્માનો અનુભવ હોય જ. આત્માનો અનુભવ થયો એટલે આત્માનો સ્વભાવ જે અતીંદ્રિય, અનંત જ્ઞાન, નિરાકુળ, અવિનાશી, સુખમય તેનો અનુભવ થાય છે. સંસારી જીવોને જે ઇંદ્રિયોને આધીન સુખ જણાય છે તે તો સુખાભાસ છે. જેને ભૂખની તીવ્ર વેદના ઊપજે તે ભોજન કરવાને ઇચ્છે છે, તરસ લાગે તે શીતળ પાણી પીવાને ઇચ્છે છે. ટાઢ જેને વાય તે રૂનાં કે ઊનનાં વસ્ત્ર ઓઢવા ઇચ્છે છે. ગરમીની વેદના ઊપજે ત્યારે શીતળ પવનને ઇચ્છે છે. કેમકે વેદના વિના ઉપાયની કોણ ઇચ્છા કરે? આંખમાં રોગ વિના કોણ અંજન આંજે? કાન દુખતો ન હોય તો બકરાનું મૂતર કે તેલ વગેરે કાનમાં કોણ નાખે? ટાઢીઓ તાવ ન આવ્યો હોય તો તાપણી કે તડકો આદરથી કોણ સેવે? વા ન આવ્યો હોય તો ઘાસતેલ કે ગંધાતાં તેલ કોણ ચોપડે? તેથી પાંચ ઇંદ્રિયોના વિષયોની તીવ્ર ઇચ્છારૂપ બળતરા થાય છે, ત્યારે સંસારી જીવોને વિષયો ભોગવવાની ઇચ્છા ઊપજે છે. વિષયો

ભોગવવાથી, જે બળતરા ઊપજી હતી તે, થોડા વખત માટે શમાઈ જાય છે. પણ તે ભોગ ફરીથી અધિક અધિક બળતરા ઉપજાવે છે. તેથી ઇંદ્રિયોના વિષયોને ભોગવવાથી ઊપજતું સુખ છે તે તો દુઃખ જ છે. બાહ્ય શરીર-ઇંદ્રિયાદિકને આત્મા જાણનાર બહિરાત્મા છે; તે વિષયોની બળતરા શમાવવાના ઉપાયને સુખ માને છે. એવી માન્યતા એ મોહકર્મથી ઉત્પન્ન થયેલો ભ્રમ છે. સુખ તો વેદના જ ન ઊપજે એવું નિરાકુળતા લક્ષણવાળું જ હોય. વિષયોને આધીન સુખ માનવું તે મિથ્યા શ્રદ્ધા છે. સમ્યક્દૃષ્ટિને તો અહમિંદ્રલોકનાં સુખ પણ પરાધીન, આકુળતારૂપ, વિનાશી, કેવળ દુઃખરૂપ જ દેખાય છે; તેથી સમ્યક્દૃષ્ટિને માયિક, ઇંદ્રિયજનિત સુખની વાંછા કદી હોતી નથી. આ ભવમાં તો ધન, સંપત્તિ, વૈભવ આદિક ઇચ્છતા નથી; અને પરભવમાં પણ ઇંદ્રપણું, ચક્રવર્તીપણું ઇત્યાદિ કદી ઇચ્છતા નથી. આ ઇંદ્રિયોના વિષયો તો અલ્પ કાળ ભોગવાય છે, પણ તે ભોગનું ફળ ભવિષ્યમાં અસંખ્યાત કાળ સુધી નરકના દુઃખ ભોગવવારૂપ છે. અનંત કાળ કે અસંખ્યાત કાળ સુધી તિર્યંચ આદિ ગતિમાં તથા મહાદરિદ્રી, મહારોગી, નીચ કુળના કુમનુષ્યોમાં અનેક જન્મ ધારણ કરી તે અલ્પકાળના ભોગનું દુઃખરૂપ ફળ વિશેષ કાળ પર્યંત જીવ ભોગવે છે.

આ જગતમાં આશા અને શંકા (ભય) બન્ને મોહના ઉદયથી જીવને નિરંતર વર્તે છે. આશા કરવાથી કંઈ મળતું નથી. સદાય સર્વ જીવ ધનની પ્રાપ્તિ, નીરોગીપણું, કુટુંબની વૃદ્ધિ, ઇંદ્રિયોનું બળ, પોતાની મોટાઈ વગેરે ઇચ્છે છે. પરંતુ

ઇચ્છા કરવાથી કંઈ મળતું નથી. બધા જીવો ઇચ્છા કરીને તો નિરંતર પાપનો અને અંતરાયનો તીવ્ર બંધ કરે છે. કેટલાક જીવો ભોગની અભિલાષા રાખી દાન, તપ, વ્રત, શીલ, સંયમ કરે છે. પરંતુ ઇચ્છા કરવાથી પુણ્યની હાનિ થાય છે. પુણ્યબંધ તો વાંછારહિત હોય તેને થાય છે. શુભ અશુભ કર્મથી પ્રાપ્ત થયેલા વિષયોમાં જે સંતોષી હોય, નિરાકુળ હોય, વિષયોની ઇચ્છા ના હોય તેને પુણ્ય બંધાય છે.

બધાય જીવો નિત્ય ઊઠી એમ ઇચ્છે છે કે વિયોગ, મરણ, હાનિ, અપમાન, ધનનો નાશ, રોગ, વેદના મને ન થાઓ. નિરંતર એ બધાંનો ભય રાખે છે. તોય મરણ આવે છે, વિયોગ થાય છે. ધનહીનતા, બલહીનતા, અપમાન, રોગ, વેદના પૂર્વ કર્મ અનુસાર થાય છે જ; તેને ટાળવાને ઇંદ્ર, જિનેંદ્ર, મંત્ર, તંત્રાદિક કોઈ સમર્થ નથી. મરણ થાય છે તે તો આયુષ્યકર્મના નાશથી થાય છે. અલાભ આદિ અંતરાયકર્મના ઉદયથી થાય છે. રોગ, વેદના આદિક અશાતા કર્મના ઉદયથી થાય છે. દેવ, દાનવ, ઇંદ્ર, જિનેંદ્રાદિક કોઈ કર્મ લેવાને કે દેવાને સમર્થ નથી. પોતાના ક્રોધાદિ ભાવથી બાંધેલાં કર્મને પોતાના કરેલા સંતોષ, ક્ષમા, તપશ્ચરણાદિક ભાવે કરીને પોતે જ છોડવા સમર્થ છે, બીજો કોઈ છોડાવે તેમ નથી. આવા દૃઢ નિશ્ચયવાળા, નિઃશંક અને નિર્વાંછક સમ્યક્દૃષ્ટિ જ હોય છે.

**પ્રશ્ન :—**

સર્વ પરિગ્રહના ત્યાગી જે મુનીશ્વર સાધુ તેમને તથા ત્યાગી ગૃહસ્થને તો શંકારહિતપણું તથા વાંછારહિતપણું હોઈ શકે; પરંતુ વ્રતરહિત સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થને નિઃશંકિત,

નિષ્કાંક્ષિત અંગ કેવી રીતે સંભવે? અવિરત સમ્યક્દૃષ્ટિને ભોગોની ઇચ્છા દેખીએ છીએ; વેપારમાં, નોકરીમાં તે લાભ ઇચ્છે છે, પોતાના કુટુંબની વૃદ્ધિ, ધનની વૃદ્ધિ વાંછે છે, રોગનો, કુટુંબના વિયોગનો, આજીવિકા તૂટી જવાનો, ધનનો નાશ થવાનો ભય તેને નિરંતર વર્તે છે. તો પછી નિઃશંકપણું, નિર્વાંછકપણું તેને કેવી રીતે હોય? અને નિષ્કાંક્ષિતભાવ વિના સમ્યક્ત્વ ક્યાંથી હોય? તેથી અવિરત સમ્યક્દૃષ્ટિને સમ્યક્ત્વ કેવી રીતે સંભવે?

**સમાધાન :—**

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના અભાવથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે. અવિરત સમ્યક્દૃષ્ટિને પણ મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો અભાવ થયો છે. મિથ્યાત્વના અભાવથી તો સત્યાર્થપણે આત્મતત્ત્વની સ્વપણે અને પરતત્ત્વની પરપણે શ્રદ્ધા પ્રગટે છે, અનંતાનુબંધી કષાયના અભાવથી વિપરીત રાગભાવનો અભાવ થાય છે. આમ જ્ઞાન અને શ્રદ્ધાની વિપરીતતાના અભાવથી આ લોક ભય, પરલોક ભય, મરણ ભય આદિ સાત ભય અવિરત સમ્યક્દૃષ્ટિને નથી હોતા; કારણ કે તે પોતાના આત્માને અવિનાશી ટંકોત્કીર્ણ (નિરુપાધિક) જ્ઞાનદર્શન સ્વભાવવાળો માને છે, સદ્દહે છે. અને વિપરીત એટલે પરવસ્તુમાં વાંછા તેના અભાવથી સમસ્ત ઇંદ્રિયોના વિષયોમાં તે વાંછા રહિત છે. સ્વર્ગલોકમાંના ઇંદ્ર કે અહમિંદ્રોના વિષયભોગોને વિષ સમાન દાહ-દુઃખને ઉપજાવનારા જાણી કદાપિ સ્વપ્નમાં પણ

તેની ઇચ્છા કરતા નથી. તે તો પોતાને આધીન નિરાકુળતા લક્ષણવાળા, અવિનાશી જ્ઞાનાનંદને જ સુખ માને છે. અને પોતાના દેહને, ધન સંપદાદિકને, કર્મથી ઉત્પન્ન થયેલાં પરાધીન, વિનાશી, દુઃખરૂપ જાણી 'આ મારું છે' એવો વિપરીત જૂઠો સંકલ્પ પણ તે કરતા નથી.

અનંતાનુબંધી કષાયના ઉદયથી ઊપજતા વિપરીત જૂઠા ભય, શંકા, પરવસ્તુમાં વાંછા એ સમ્યક્દૃષ્ટિને કદાપિ ન હોય. પરંતુ અપ્રત્યાખ્યાનાવરણ કષાય, પ્રત્યાખ્યાનાવરણ કષાય, સંજ્વલન કષાય તથા હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ આ એકવીસ કષાયોના તીવ્ર ઉદયથી ઊપજેલા રાગભાવના પ્રભાવથી ઇન્દ્રિયોના સંતાપને લીધે ત્યાગ કરતાં પરિણામ કંપે છે. જોકે વિષયોને દુઃખરૂપ જાણે છે, તથાપિ વર્તમાન કાળની વેદના સહન કરવાને સમર્થ નથી. જેવી રીતે રોગીને કડવી દવા પીવી પડે છે તેને તે કદી સારી જાણતો નથી, તોપણ વેદનાનો માર્યો કડવી દવા આદરથી પીએ છે. પરંતુ અંતરંગમાં દવા પીવી એ બહુ ખરાબ છે એમ તે જાણે છે; એવો ક્યારે દિવસ આવશે કે જ્યારે દવાનું નામ પણ ન લઉં એમ તેને થયા કરે છે. તેવી રીતે અવિરત સમ્યક્દૃષ્ટિ પણ ભોગોને કદી ભલા નથી જાણતો, પરંતુ તેના વગર ચાલે એમ લાગતું નથી, પરિણામની દૃઢતા રહેશે નહીં એમ લાગે છે. કષાયનો પ્રબળ ધક્કો લાગી રહ્યો છે, ઇંદ્રિયોની બળતરા સહન થતી નથી, તેથી વેદનાનો માર્યો ભોગની વાંછા કરે છે. સંઘયણ (શરીરનું હાડબળ) કાચું છે, કોઈ મદદ

કરનાર જણાતા નથી, કષાયોના ઉદયે શક્તિનો નાશ થઈ રહ્યો છે, પરવશ પડ્યો છે; છતાં જેમ કેદખાનામાં પડેલો કોઈ પુરુષ, કેદખાનામાં જરાય રાગ નથી કરતો પરંતુ પરવશ પડેલો હોવાથી મહાદુઃખ દેનાર કેદખાનાને લીંપે છે, ધુએ છે, સાફ કરે છે, તેવી રીતે સમ્યક્દૃષ્ટિ પણ દેહને કેદખાના જેવો જાણે છે, ભૂખ તરસ આદિ વેદના સહન કરવાને અસમર્થ હોવાથી દેહને પોષણ આપે છે, પણ દેહને પોતાનો માનતો નથી. વર્તમાન કાળની વેદનાનો જ એને ભય છે અને વેદના મટાડવા જેટલી જ સમ્યક્દૃષ્ટિને વાંછા છે. કર્મના ઉદયની જાળમાં તે ફસાયો છે, નીકળવાને ઇચ્છે છે; તથાપિ અપ્રત્યાખ્યાન સંબંધી રાગ-દ્વેષ, અભિમાન એવાં છે કે, ત્યાગવ્રતાદિની ઇચ્છા છતાં, તે ત્યાગાદિ કરવા દેતાં નથી. કર્મનો ઉદય બહુ બળવાન છે. સંસારી જીવ અનાદિ કાળથી કર્મના ઉદયની જાળમાંથી નીકળી શકતો નથી. દેહનો સંયોગ વળગ્યો છે ત્યાં સુધી દેહના નિર્વાહને અર્થે આજીવિકા, ભોજન, વસ્ત્રની તે ઇચ્છા કરે છે. અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી લોકમાં પોતાની નીચી પ્રવૃત્તિના અભાવરૂપ ઊંચી પ્રવૃત્તિ ઇચ્છે છે; ધન સંપદા, આજીવિકાનો નાશ થવાનો ભય પણ રાખે છે; તિરસ્કાર થવાનો ભય પણ કરે છે; ઇંદ્રિયોના સંતાપને સહન કરવાની અશક્તિને લીધે વિષયોને વાંછે છે; કષાય ઘટ્યા નથી, રાગ ઘટ્યો નથી તેથી ભવિષ્યમાં ઘણું દુઃખ ઉત્પન્ન થશે એમ દેખવાથી તે કષાયાદિ ટાળવા ઇચ્છે છે; તથાપિ રાજ્ય, ભોગ, સંપદા આદિને સુખકારી જાણી તે વાંછે નહીં.

## ૩. નિર્વિચિકિત્સા અંગ :–

આ મનુષ્ય પર્યાય(અવસ્થા)રૂપ કાયા છે તે સ્વભાવથી જ અશુચિમય છે. તેમાં કોઈ ઉત્તમ મનુષ્યને રત્નત્રય એટલે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટ થાય તો તેની અશુચિમય કાયા પણ પવિત્ર છે. વ્રતવંતનો રોગાદિ વડે મલિન દેહ દેખતાં છતાં જુગુપ્સા એટલે ગ્લાનિ કે દુગંચ્છા ન થાય અને રત્નત્રયમાં પ્રીતિ થાય તેનું નામ નિર્વિચિકિત્સા અંગ છે.

આ દેહ તો સાત ધાતુમય તથા મળમૂત્રાદિની ખાણ છે, સ્વભાવથી જ અપવિત્ર છે. એવો દેહ તે રત્નત્રય–સ્વરૂપ પ્રગટ થવાથી પવિત્ર થાય છે. રોગ સહિત તથા વૃદ્ધાવસ્થા કે તપશ્ચર્યાથી સુકાઈ ગયેલું કે મેલું દેખાતું શરીર જોઈને, જેને ગ્લાનિ એટલે દુગંચ્છા આવે નહીં અને ગુણોમાં પ્રીતિ થાય તેને નિર્વિચિકિત્સા અંગ કહે છે. જે સમ્યક્દૃષ્ટિ છે તે વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણે છે. પુદ્ગલનો વિચિત્ર સ્વભાવ જાણી, મળ, મૂત્ર, લોહી, માંસ, પાચ સહિત તથા ગરીબાઈ, રોગાદિ સહિત મનુષ્ય કે તિર્યંચ આદિનાં શરીરની મલિનતા, દુર્ગંધ આદિ દેખીને તથા સાંભળીને તે ગ્લાનિ કરે નહીં. કર્મના ઉદયને લીધે ભૂખ, તરસ, ગરીબાઈથી કોઈ દુઃખી હોય છે, કોઈ કેદખાના આદિમાં પરવશ પડ્યા છે, કોઈ નીચકુળમાં ઉત્પન્ન થયા છે, કોઈ નીચકર્મ કરી મલિન ભોજન કરે છે, મલિન વસ્ત્ર પહેરે છે, કદરૂપાં અંગ-ઉપાંગ પામે છે; પરંતુ સમ્યક્દૃષ્ટિ આમાંના કોઈ ઉપર દુગંચ્છા ભાવ લાવી પોતાના મનને બગાડતો નથી. કોઈને કષાયમાં આવી ખરાબ આચરણ કરતો દેખી, પોતાના

પરિણામ બગાડતો નથી. મલિન ક્ષેત્ર, મલિન ગામ કે ગૃહાદિકમાં મલિનતા, દરિદ્રતા દેખીને સમ્યક્દૃષ્ટિ ગ્લાનિ ન કરે. અંધકાર, ચોમાસું, ઉનાળો કે શિયાળાની વેદનાવાળા કાળને દેખીને તે ખેદ ન કરે. પોતાને ગરીબાઈ કે રોગ આવતાં, વિયોગ થતાં કે અશુભ કર્મનો ઉદય આવતાં, તે પોતાનાં પરિણામ મલિન કરતા નથી. પરંતુ તે વખતે વિચારે છે કે જે મેં કર્મ બાંધ્યાં છે તેનું ફળ મારે જ ભોગવવાનું છે, અશુભ કર્મનું ફળ તો આવું જ હોય છે. જેને નિર્વિચિકિત્સા અંગ હોય તેને જ દયા હોય છે, તેને જ વૈયાવૃત્ય—સેવા ગુણ હોય છે અને તેને જ વાત્સલ્ય, સ્થિતિકરણ આદિક ગુણ પ્રગટ હોય છે.

## ૪. અમૂઢદૃષ્ટિ અંગ :–

નરક, તિર્યંચ (પશુ આદિ), કુમનુષ્યાદિમાં જે ઘોર દુઃખ ભોગવવાં પડે છે, તે દુઃખનો માર્ગ જે મિથ્યામાર્ગ તેની અને કુમાર્ગી એટલે મિથ્યામાર્ગમાં રહેલા પુરુષો તેમની જે મન વડે પ્રશંસા કરતા નથી, વચને કરી સ્તુતિ કરતા નથી, તથા કાયાએ કરીને પ્રશંસા કરતા નથી એટલે ચરણસ્પર્શ કે હાથ આદિની ચેષ્ટા વડે તેમનાં વખાણ જણાવવાનું કરતા નથી તે અમૂઢદૃષ્ટિ છે.

સંસારી જીવ મિથ્યાત્વના પ્રભાવને લીધે રાગી-દ્વેષી દેવની પૂજા પ્રભાવના દેખીને પ્રશંસા કરે છે. દેવીને માટે જીવહિંસા કરી હોય તેની પ્રશંસા કરે છે. ગૌ, કન્યા, સુવર્ણ, હાથી, ઘોડા, ઘર, પૃથ્વી, તલ, રથ અને દાસી એ દશ પ્રકારનાં કુદાનને ભલાં જાણે છે. યજ્ઞ, હોમાદિકની અને ખોટા

મંત્ર-તંત્ર, મારણ-વશીકરણ આદિ ક્રિયાઓની પ્રશંસા કરે છે. કૂવા, વાવ, તળાવ ખોદાવ્યાની પ્રશંસા કરે છે. માત્ર કંદમૂળ, શાકપાન આદિ ભક્ષણ કરનારને મોટા ત્યાગી જાણી પ્રશંસા કરે છે. પંચાગ્નિ ધૂણીઓ તપનાર, વાઘનાં ચામડાં ઓઢનાર, ભસ્મ ચોળનાર અને ઊંચો હાથ રાખનારને બહુ મોટા જાણે છે. ગેરુથી રંગેલાં ભગવાં કે રાતાં વસ્ત્રો કે ધોળાં વસ્ત્રાદિ ધારણ કરનાર કુલિંગીના માર્ગની પ્રશંસા કરે છે. ખોટાં તીર્થને અને ખોટા રાગી, દ્વેષી, મોહી, વક્રપરિણામી અને શસ્ત્રધારી દેવોને પૂજ્ય માને છે. જોગણી, જક્ષણી, ક્ષેત્રપાલ આદિને ધન આપનાર અને રોગાદિ મટાડનાર માને છે. તેલ, લાપસી, વડાં, અત્તર, પુષ્પમાળા ઇત્યાદિક વડે દેવતાને રાજી કરવા ધારે છે. દેવતાને લાંચ આપવારૂપ માન્યતા માની, એમ વિચારે છે કે મારું અમુક કાર્ય સિદ્ધ થશે તો તને છત્ર ચઢાવીશ, તારું મંદિર બંધાવીશ, તને બાધાના અમુક રૂપિયા ચઢાવીશ, કોઈ બકરા, પાડા વગેરે પ્રાણી મારીને ચઢાવીશ, સવામણનું ચૂરમું ચઢાવીશ, બાળક જીવતું રહે માટે ચોટલી કે જટા ઉતરાવીશ ઇત્યાદિ અનેક પ્રકારની માન્યતા માનવી, શરત કરવી તે બધો તીવ્ર મિથ્યાત્વના ઉદયનો મહિમા છે.

જ્યાં જીવોની હિંસા થાય ત્યાં મહા ઘોર પાપ બંધાય છે. દેવને નિમિત્તે કે ગુરુને નિમિત્તે પણ હિંસા કરવામાં આવે તે પણ સંસારસમુદ્રમાં ડુબાડનારી છે. કોઈ દેવતાના ભયથી કે લોભથી કે લજ્જાથી પણ હિંસાનાં કાર્યોમાં કદાપિ ન પ્રવર્તો. દયાવાળાની તો દેવ પણ રક્ષા કરે છે. જે કોઈનો અપરાધ ન કરે, વેર ન બાંધે તેને દેવ પણ દુભાવે નહીં. રાગી, દ્વેષી અને

શસ્ત્રધારી દેવ છે તે તો પોતે જ દુઃખી છે, ભયભીત છે, અસમર્થ છે. સમર્થ હોય, ભયરહિત હોય તે શસ્ત્ર શા માટે ધારણ કરે? જે ભૂખ્યો હોય તે જ ભોજન આદિ વડે પૂજાની ઇચ્છા રાખે. કુમાર્ગ છે તે સંસાર વધારવાનું કારણ છે. મિથ્યાદૃષ્ટિનાં ત્યાગ, વ્રત, તપ, ઉપવાસ, ભક્તિ, દાન આદિકની અને તેને ધારણ કરનાર મિથ્યાદૃષ્ટિઓની મન, વચન, કાયાથી પ્રશંસા ન કરવી તે અમૂઢદૃષ્ટિ અંગ છે.

દેવ-કુદેવનો, ધર્મ-અધર્મનો, ગુરુ-કુગુરુનો, પાપ-પુણ્યનો, ભક્ષ્ય-અભક્ષ્યનો, ત્યાજ્ય-અત્યાજ્યનો, આરાધ્ય-અનારાધ્યનો, કાર્ય-અકાર્યનો, શાસ્ત્ર-કુશાસ્ત્રનો, દાન-કુદાનનો, પાત્ર-અપાત્રનો, દેવાયોગ્ય—નહીં દેવાયોગ્ય વસ્તુનો, ગ્રહણ કરવા યોગ્ય-નહીં ગ્રહણ કરવા યોગ્યનો, યુક્તિ-કુયુક્તિનો અને કહેવા યોગ્ય-નહીં કહેવા યોગ્યનો, અનેકાંતરૂપ નિર્ણય સર્વજ્ઞ વીતરાગના પરમ આગમ વડે બરાબર રીતે કરીને, મૂઢતારહિત થઈને અને પક્ષપાત છોડીને વ્યવહાર-પરમાર્થમાં વિરોધ ન આવે તે પ્રકારે શ્રદ્ધા કરવી તે અમૂઢદૃષ્ટિ અંગ છે.

## ૫. ઉપગૂહન અંગ :—

જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશેલો રત્નત્રયરૂપ માર્ગ સ્વતઃ શુદ્ધ છે, નિર્દોષ છે. આ રત્નત્રયરૂપ માર્ગની નિંદા થાય તેવું કોઈ કાર્ય અજ્ઞાનને લીધે કે અશક્તિને કારણે કોઈથી થયું હોય તો તે નિંદા વગેરેને દૂર કરી શુદ્ધ નિર્દોષ કરવો તેને ઉપગૂહન કહે છે.

જે જિનેન્દ્ર ભગવાને ઉપદેશેલો દશલક્ષણરૂપ ધર્મ તથા

રત્નત્રયરૂપ ધર્મ છે તે અનાદિ અનંત છે; જગતના જીવોને ઉપકાર કરનાર છે; સર્વ રીતે નિર્દોષ છે, કોઈનું અહિત તેનાથી થાય તેમ નથી; કોઈ તેને બાધા કરી શકે નહીં તેવો અબાધિત, અખંડિત છે. એવા ધર્મ વિષે કોઈ અજ્ઞાનીના દોષને નિમિત્તે કે કોઈની નિર્બળતાને નિમિત્તે જો ધર્મની નિંદા થતી હોય તો તે દૂર કરવી, દોષ ઉઘાડા ન કરવા, ઢાંકવા તેને ઉપગૂહન કહે છે.

અન્ય મિથ્યાદૃષ્ટિ લોક સાંભળશે તો ધર્મની નિંદા કરશે, એક અજ્ઞાનીના દોષ સાંભળી સર્વ ધર્માત્માને દોષ લગાડશે, એમ કહેશે કે આ જિન ધર્મમાં જેટલા જ્ઞાની, તપસ્વી, ત્યાગી, વ્રતવાળા છે તે બધા પાખંડી છે, કુમાર્ગી છે, એમ એકના દોષને લીધે બધો ધર્મ અને સર્વ ધર્માત્મા પુરુષો વગોવાય. તેથી ધર્માત્મા પુરુષ હોય તે કોઈ ધર્માત્માથી દોષ થયો હોય, તેને ધર્મ પરની પ્રીતિને લીધે ઢાંકે છે. જેવી રીતે માતા પ્રીતિને લીધે પુત્ર કદાપિ અન્યાય કે દોષ કરે તો તેના દોષને ઢાંકે છે, તેવી રીતે ધર્માત્મા પુરુષની સાધર્મી ઉપર તથા ધર્મ ઉપર એવી પ્રીતિ છે કે કર્મના પ્રબળ ઉદયથી કોઈ સાધર્મીને અજ્ઞાનતાથી કે અશક્તિથી વ્રતમાં, સંયમમાં, શીલમાં દોષ લાગી જાય, કે વ્રતાદિનો ભંગ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે ઢાંકે જ.

સમ્યક્દૃષ્ટિનો સ્વભાવ જ એવો છે કે કોઈના દોષ પ્રગટ કરે નહીં, અપવાદ—નિંદા કરે નહીં, પોતાનાં સારાં કામ પ્રગટ કહી બતાવે નહીં, પોતાની પ્રશંસા અને પરની નિંદા કરે નહીં. સમ્યક્દૃષ્ટિને પરના દોષ દેખતાં એવો વિચાર ઊપજે છે કે આ સંસારમાં જીવો અનાદિ કાળથી કર્મને આધીન વર્તે છે તેથી

મોહનીય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ઉદયવશે દોષમાં તે પ્રવર્તે કે ભૂલ કરે એમાં શું આશ્ચર્ય છે? જીવોને કામ, ક્રોધ, લોભાદિક નિરંતર મારી રહ્યા છે, ભુલાવી રહ્યા છે. મેં પણ સંસારમાં રાગ, દ્વેષ, મોહને વશ થઈ કયા દોષ કર્યા નથી? હમણાં જિનેન્દ્રના પરમાગમના શરણની કોઈ કૃપાથી કંઈક ગુણદોષની ઓળખાણ થઈ છે, તોપણ અનાદિ કાળના કષાયના સંસ્કારથી અનેક દોષ કરી રહ્યો છું. તેથી અન્ય જીવોના કર્મના ઉદયની પરાધીનતાથી થયેલા દોષ દેખીને તો કરુણા જ કરવી ઘટે છે. સંસારી જીવ વિષય-કષાયને વશ હોઈ પરાધીન છે. કષાય અને વિષયો જ્ઞાનને લૂંટી લઈ અનેક પ્રકારના નાચ નચાવે છે, આત્માને ભુલાવી દે છે. તેથી અજ્ઞાની જનોના દોષ દેખીને તે પોતે ખેદ કરતા નથી. ક્ષેત્ર, કાલ આદિના નિમિત્તે જે બનનાર છે તે ફેરવવા કોઈ સમર્થ નથી.

## ૬. સ્થિતિકરણ અંગ :—

કોઈ પુરુષ સમ્યક્દર્શન સહિત દૃઢ શ્રદ્ધાવાળો હોય તથા ચારિત્ર, વ્રત, સંયમ સહિત હોય પરંતુ કોઈ પ્રબળ કષાયના ઉદયથી, ખોટી સંગતિથી, રોગની તીવ્ર વેદનાથી, ગરીબાઈથી, મિથ્યા ઉપદેશથી કે મિથ્યાદૃષ્ટિના મંત્ર તંત્રાદિક ચમત્કાર દેખીને, સત્યાર્થ શ્રદ્ધા કે આચરણથી ચળી જતો હોય, તેને ધર્મથી ડગી જતો જાણી, વાત્સલ્યધર્મવાળો ધર્માત્મા—પ્રવીણ પુરુષ, તેને ઉપદેશાદિક વડે ફરી સત્યાર્થ શ્રદ્ધા કે ચારિત્રરૂપ ધર્મમાં સ્થિર કરે તેને સ્થિતિકરણ અંગ કહેવાય છે.

કોઈ અવિરત સમ્યક્દૃષ્ટિ ધર્માત્માનાં કે વ્રતવાળા પુરુષનાં પરિણામ રોગની વેદનાથી, ગરીબાઈથી કે કોઈના વિયોગને લઈને ધર્મથી ચળી જાય તો ધર્મમાં પ્રીતિવંત પ્રવીણ પુરુષ તેને ધર્મથી પતિત થતો જાણી ઉપદેશ આપી ધર્મમાં સ્થાપન કરે તે સ્થિતિકરણ અંગ છે. ધર્માત્મા ઉપદેશે કે,

“હે ધર્મના ઇચ્છક! ધર્માનુરાગી! મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, ઇંદ્રિયોની પૂર્ણતા, ધર્મનો લાભ આ એક એકથી ઉત્તરોત્તર દુર્લભ સામગ્રી પ્રાપ્ત થઈ છે; તે છૂટી ગયા પછી ફરી પાછી મળવી અનંત કાળમાં પણ દુર્લભ છે. તેથી કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલાં રોગ, વિયોગ, દરિદ્રતા આદિ દુ:ખથી કાયર થઈ આર્તધ્યાનનાં પરિણામ કરવાં યોગ્ય નથી. દુ:ખથી ખેદ કરશો તો વધારે કર્મ બાંધશો. કાયર થઈને ભોગવશો કે ધીરવીરપણે ભોગવશો તોય ભોગવવાં તો પડશે. માટે દુર્ગતિનું કારણ અને ધિક્કારવા યોગ્ય જે કાયરતા તેનો ત્યાગ કરો. ધૈર્ય ધારણ કરો. મનુષ્યભવનું સાફલ્ય તો ધીરતા ને સંતોષવ્રત સહિત ધર્મનું સેવન કરી આત્માનો ઉદ્ધાર કરવો એ છે. મનુષ્યદેહ તો રોગનું ઘર છે, તેમાં રોગ ઊપજે એમાં શું આશ્ચર્ય છે? એ વખતે તો માત્ર ધર્મ જ શરણ છે. રોગ તો ઊપજશે જ. કેમકે સંયોગ છે તે વિયોગ સહિત જ છે. કયા કયા પુરુષો ઉપર દુ:ખ નથી આવ્યાં? તેથી હિંમત રાખીને એક ધર્મનું જ અવલંબન કરો. જે જે વસ્તુ ઊપજે છે તે તે બધી વિનાશ સહિત છે. દેહનો નિશ્ચયે વિયોગ છે જ. તો બીજાં પ્રાણીઓ જે પોતાના કર્મને આધીન ઊપજે છે અને મરે છે

તેમનો હર્ષ શોક કરવો નકામો છે, બંધનું કારણ છે. આ દુષમ કાળનાં મનુષ્યો અલ્પ આયુષ્ય અને અલ્પ બુદ્ધિ સહિત જન્મે છે. આ કાળમાં કષાયની આધીનતા અને વિષયોની ગૃદ્ધિતા (લંપટતા), બુદ્ધિની મંદતા, રોગની અધિકતા, ઈર્ષાની વિશેષતા તથા દરિદ્રતા સહિત ઘણા જન્મે છે; તેથી સમ્યક્જ્ઞાન પામીને કર્મને જીતવાનો ઉદ્યમ કરવો યોગ્ય છે. કાયર ન થાઓ.''

આવો ઉપદેશ દઈને પરિણામ સ્થિર કરે. રોગી હોય તો ઔષધ, ભોજન, પથ્ય આદિ વડે ઉપચાર કરે. બાર ભાવનાનું સ્મરણ કરાવે. શરીરની સેવા, મલમૂત્રાદિને દૂર કરીને, કરે. કોઈ પણ પ્રકારે પરિણામ ધર્મમાં દૃઢ કરવાં તે સ્થિતિકરણ છે. કોઈને રોગ વધી જવાથી જ્ઞાનમાં શિથિલતા આવે, વ્રત ભંગ કરવા મંડે, અકાલમાં ભોજન પાનાદિક યાચવા લાગી જાય, ત્યાગ કરેલી વસ્તુને ઇચ્છવા લાગે, તેના પ્રત્યે દયાળુ થઈને એવો મધુર ઉપદેશાદિ કરે કે, જેથી ફરી તે સાવધાન થઈ જાય. પરંતુ તેની અવજ્ઞા ન કરે, કારણ કે કર્મ બળવાન છે. વાતપિત્તાદિક વિકારથી જ્ઞાન બગડતાં શી વાર? ગરીબાઈ આદિથી પીડાયેલા હોય તેમને પોતાની શક્તિ પ્રમાણે ઉપદેશ, આહાર, પાન, વસ્ત્ર, આજીવિકા, રહેવાનું મકાન તથા પાત્ર આદિ જે વડે સ્થિરતા થઈ જાય તે પ્રકારે દાન, સન્માન આદિ ઉપાય કરી સ્થિર કરવા. પોતાનો આત્મા પણ નીતિમાર્ગ છોડે, કામ, મદ, લોભને વશ થઈને અન્યાયપણે વિષય, ધનની ઇચ્છા કરે, અયોગ્ય વચનમાં પ્રવૃત્તિ કરવા લાગે, અભક્ષ્ય-ભક્ષણમાં પ્રવૃત્ત થઈ જાય, અભિમાનને વશ થઈ જાય,

સંતોષથી છૂટી જાય, અનેક પરિગ્રહોમાં લાલસાની વૃદ્ધિ કરે, કુટુંબમાં રાગ બહુ વધારી દે, રોગમાં કાયર થઈ જાય, આર્તધ્યાન કરનાર થઈ જાય, વિયોગમાં શોક કરે, ગરીબાઈમાં દીન બની જાય, ઉત્સાહરહિત આકુળવ્યાકુળ થઈ જાય, તેને પણ અધ્યાત્મશાસ્ત્રનો સ્વાધ્યાય કરાવીને, ભાવનાઓનું શરણ ગ્રહણ કરાવીને, પોતાના આત્માનો સ્વભાવ અજર, અમર, એકલો, અન્ય પરદ્રવ્યના સ્વભાવથી રહિત છે, એમ ચિંતવન કરાવીને, ધર્મથી તેને પડવા ન દેવો. અશાતા કર્મ, અંતરાય કર્મ કે અન્ય કર્મના ઉદયને પોતાનાથી ભિન્ન માની, કર્મના ઉદય વડે પોતાના સ્વભાવને ચળવા ન દેવો, તે સ્થિતિકરણ અંગ છે.

## ૭. વાત્સલ્ય અંગ :–

સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મના ધારકોનો સમુદાય તે ધર્માત્માને પોતાનું યૂથ—મંડળ છે. રત્નત્રયના ધારકોના યૂથમાં રહેલા મુનિ, આર્જિકા, શ્રાવક, શ્રાવિકા તથા અવિરત સમ્યક્દૃષ્ટિ, તેમના પ્રત્યે કપટરહિત સાચા ભાવથી યથાયોગ્ય વિનયરૂપ પ્રવર્તન કરવું, ઊભા થવું, સામા જવું, વંદના કરવી, ગુણ ગાવા, હાથ જોડવા, આજ્ઞા ધારણ કરવી, પૂજા પ્રશંસા કરવી, ઊંચે આસને બેસાડી પોતે નીચે બેસવું તથા જેમ કોઈ ગરીબને મહાનિધાનનો લાભ થાય ત્યારે હર્ષ થાય તેવો હર્ષ પામવો, પ્રેમ-પ્રીતિ ઉપજાવવી અને અવસર પ્રમાણે આહાર, પાન, મકાન, ઉપકરણાદિ (ધર્મનાં સાધનો) વડે વૈયાવૃત્ત્ય (સેવા) કરી આનંદ માનવો, તે વાત્સલ્ય અંગ છે.

અહિંસા ધર્મમાં પ્રીતિ ધરે, હિંસારહિત દયાનાં કાર્ય

પ્રેમપૂર્વક કરે, હિંસાનાં કારણો ઊભાં ન થાય તેવી ઇચ્છા સહિત પ્રવર્તે, સત્ય વચનમાં અને સત્યવાદીમાં તેમજ સત્યાર્થ ધર્મની પ્રરૂપણામાં પ્રીતિ રાખે, પરધન અને પરસ્ત્રીના ત્યાગમાં રક્ત રહે, તથા પરધન અને પરસ્ત્રીના ત્યાગી પ્રત્યે પ્રમોદ પામે; તથા દશલક્ષણરૂપ ધર્મમાં અને ધર્મના ધારક સાધર્મીઓ ઉપર જેને અનુરાગ હોય છે, ધર્મમાં અનુરાગ હોવાથી ત્યાગી સંયમી પ્રત્યે ઘણા આદરપૂર્વક પ્રવર્તે છે, મધુર વચને તેમને બોલાવે છે તેને વાત્સલ્ય અંગ હોય છે.

જો કે સમ્યક્દૃષ્ટિને અંતરથી પોતાના શુદ્ધ જ્ઞાનદર્શનમાં અને બાહ્ય પ્રવર્તનથી ઉત્તમ ક્ષમાદિ ધર્મને ધારણ કરનાર તથા ધર્મનાં આયતન (સ્થાન) ઉપર અનુરાગ હોય છે, તો પણ અન્ય મિથ્યાદૃષ્ટિ પ્રત્યે તેને દ્વેષભાવ નથી. પ્રવચનસાર નામના સિદ્ધાંતમાં એમ કહ્યું છે કે રાગ, દ્વેષ અને મોહ એ બંધનાં કારણ છે. તેમાં મોહ એટલે મિથ્યાત્વ અને દ્વેષ એ બન્ને તો અશુભ ભાવ જ છે; અવશ્ય સંસાર પરિભ્રમણનું કારણ એવું પાપ જ બંધાવનાર છે, અને રાગભાવ તે શુભ અને અશુભ બેય પ્રકારનો છે. અર્હંતાદિક પાંચ પરમેષ્ઠી પ્રત્યે, દશલક્ષણધર્મ પ્રત્યે, સ્યાદ્‌વાદરૂપ જિનેન્દ્રના આગમ પ્રત્યે, વીતરાગની પ્રતિમા પ્રત્યે તથા વીતરાગ પ્રતિમાવાળાં મંદિર પ્રત્યે અનુરાગરૂપ શુભ રાગ છે, તે સ્વર્ગાદિકની પ્રાપ્તિ કરાવનાર પુણ્યબંધનું કારણ છે, તેમ જ પરંપરાએ મોક્ષનું કારણ છે. પરંતુ વિષયોમાં, કષાયો (ક્રોધ, માન, માયા, લોભ) માં, મિથ્યાધર્મમાં, મિથ્યાદૃષ્ટિ પ્રત્યે અને પરિગ્રહાદિક પાંચ

પાપમાં જે અનુરાગ છે તે, તથા મોહભાવ અને દ્વેષભાવ છે તે, નરક-નિગોદાદિકમાં અનંતકાળ પરિભ્રમણ કરાવનાર છે.

સમ્યક્દૃષ્ટિ તો અન્ય અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ પાપી પ્રત્યે પણ દ્વેષભાવ કરતો નથી. સમસ્ત સંસારી જીવો મિથ્યાત્વ કર્મ અને જ્ઞાનાવરણાદિ કર્મને વશ પડી આત્માને ભૂલી રહ્યા છે, અજ્ઞાની છે, તેમની સાથે વેર કર્યે શું મળવાનું છે? તેમને તો તેમની વિપરીત બુદ્ધિ જ મારી રહી છે. તેથી સમ્યક્દૃષ્ટિ દયાભાવ જ કરે છે, રાગદ્વેષરહિત મધ્યસ્થ જ રહે છે. સમ્યક્દૃષ્ટિ તો વસ્તુના સ્વભાવને યથાર્થ જાણે છે, એટલે એકેન્દ્રિય આદિ જીવો ઉપર કરુણાભાવરૂપ પ્રીતિ જ કરે છે. સર્વ મનુષ્યો પ્રત્યે વેરરહિત રહે છે. કોઈ જીવની વિરાધના, અપમાન, હાનિ તે ઇચ્છે નહીં. મિથ્યાદૃષ્ટિનાં મંદિર, સ્થાન, મઠ વગેરે દેવસ્થાન પ્રત્યે વેર રાખી તેને નુકસાન કરવાને ઇચ્છે જ નહીં. રાગી દેવોની મૂર્તિ પ્રત્યે, દેવીઓની ક્રૂર મૂર્તિ પ્રત્યે તથા જોગણી, યક્ષ, ભૈરવાદિક વ્યંતરની સ્થાપનાનાં સ્થાન પ્રત્યે કદી વેરભાવ કરે નહીં. તે દેવોની મૂર્તિ અને તેનાં મંદિર તો અનેક જીવોના અભિપ્રાયને અનુસાર પૂજવા, આરાધવા માટે બનાવેલાં છે. બીજાનો અભિપ્રાય બદલવાને કોણ સમર્થ છે? બધાં માણસો પોતપોતાનો ધર્મ માની દેવોની સ્થાપના કરે છે. જેને જેવો સમ્યક્ કે મિથ્યા ઉપદેશ મળ્યો છે, તે પ્રકારે તે પ્રવર્તન કરે છે. વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણનાર, સર્વ પ્રત્યે સમભાવ રાખનાર સમ્યક્દૃષ્ટિ કોઈ માણસને ''હુંકારો, ટુંકારો'' કરતો નથી, તો અન્યના ધર્મની,

અન્યના દેવોની કે મંદિરોની અવજ્ઞા થાય તેવાં વચન કેમ કહે? ન કહે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખતા સમ્યક્દૃષ્ટિ, અચેતન એવાં સ્થાન, પાષાણ, ગૃહાદિક કે કોઈના બાગબગીચા પ્રત્યે સ્વપ્નમાં પણ વેરભાવ ન રાખે.

ધન, ધરતી, આજીવિકા તથા કુટુંબનો નાશ કરી પોતાને મારી નાખતો હોય તેવા બળવાન દુષ્ટ પ્રત્યે પણ તે વેર ન કરે. તે વિચારે કે, ‘‘મારાં પૂર્વે બાંધેલાં કર્મોના ઉદયથી મારી સાથે વેર રાખનાર આ બળવાન શત્રુ ઉત્પન્ન થયો છે. યથાશક્તિ તેને પ્રિય વચન વડે સમજાવવારૂપ સામથી, ધન આપવારૂપ દામથી, શક્તિ પ્રમાણે તેને શિક્ષા કરવારૂપ દંડથી કે તેને મદદ કરનારને ભાંગી પાડવારૂપ ભેદથી, ઇત્યાદિ ઉપાયોથી શત્રુને રોકીને મારી રક્ષા કરું.’’ જો તે રોકાય તેમ ન હોય તો એમ વિચારે છે કે, ‘‘મારા પૂર્વ કર્મના ઉદયે આને બળવાન બનાવ્યો છે અને મને નિર્બળ બનાવીને શિક્ષા કરી છે, તેમાં મારે કોની સાથે વેર કરવું? મારો શત્રુ જે કર્મ તે નિર્જરી જાય તેવો સમભાવ ધારણ કરી કર્મને જીતું. અન્યની સાથે વેર કરી નકામાં કર્મ નહીં બાંધું.’’ સર્વ પ્રાણી પ્રત્યે વાત્સલ્યભાવ હોવાથી સમ્યક્દૃષ્ટિ કોઈની સાથે વેર કરતો નથી.

કોઈ દુષ્ટ જીવ ધર્મ પ્રત્યેના વેરને લીધે મંદિર કે પ્રતિમાનો નાશ કરવા આવે, તો તેને પોતાના બળથી રોકી શકાય તો રોકે, પણ તે પ્રબળ હોય તો વિચાર કરે કે, કળિકાળને નિમિત્તે ધર્મની ઘાત કરનારો પ્રગટ થઈને પોતાનું

વેર સાધે છે, તે બળવાન કેવી રીતે રોકાય? મારાં ક્ષમાદિક તથા સમ્યક્જ્ઞાન, શ્રદ્ધા આદિકનો નાશ કરવા કોઈ સમર્થ નથી. આ મંદિર આદિકને દુષ્ટ હોય તે બગાડે છે. ધર્માત્મા હોય તે ફરી કરાવે છે. કાળના દોષને લઈને અનેક દુષ્ટ જીવો ઉત્પન્ન થાય છે, તેને રોકવાને કોણ સમર્થ છે? ભાવી બળવાન છે. સારું થવાનું હોત તો આવા દુષ્ટ મિથ્યાદૃષ્ટિ પ્રબળ બળવાળા ન ઊપજત. તેથી વીતરાગતા એ જ મારું પરમ શરણ હો!

## ૮. પ્રભાવના અંગ :–

સંસારી જીવોના હૃદયમાં વ્યાપ્ત અંધકારને સત્યાર્થ સ્વરૂપના પ્રકાશ વડે દૂર કરી જિનેન્દ્રના શાસનનું માહાત્મ્ય પ્રગટ કરવું તે પ્રભાવના નામનું સમ્યક્ત્વનું આઠમું અંગ છે. અનાદિકાળના પરિભ્રમણમાં સંસારી જીવો સર્વજ્ઞના પ્રકાશેલા ધર્મને જાણતા નથી. તેથી તેમને ભાન નથી કે હું કોણ છું? મારું સ્વરૂપ કેવું છે? પૂર્વ ભવમાં હું કેવો હતો? અહીં મને કોણે ઉપજાવ્યો? જેમ જેમ રાત દિવસ વ્યતીત થાય છે તેમ તેમ આયુષ્યનો નાશ થાય છે, તો મારે કરવા યોગ્ય શું છે? મારું હિત શામાં છે? આરાધવા યોગ્ય કોણ છે? જીવોને અનેક પ્રકારનાં સુખદુ:ખ શાથી થાય છે? દેવનું, ગુરુનું તથા ધર્મનું સાચું સ્વરૂપ શું છે? મરણ અને જીવનનું સ્વરૂપ શું છે? ભક્ષ્ય- અભક્ષ્યનું સ્વરૂપ શું છે? આ ભવમાં મારે કરવા યોગ્ય શું છે? મારું કોણ છે? હું કોનો છું? એવા પ્રકારના વિચાર રહિત મોહકર્મના અંધકારથી ઢંકાઈ રહ્યા છે. તેમનું

અજ્ઞાનરૂપ અંધારું સ્યાદ્વાદરૂપ પરમાગમના પ્રકાશથી દૂર કરી સ્વપરના સ્વરૂપનો પ્રકાશ કરવો તે પ્રભાવના છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વડે આત્માનો પ્રભાવ પ્રગટ કરવો, દાન, તપ, શીલ, સંયમ, નિર્લોભતા, વિનય, પ્રિયવચન, જિનેન્દ્રપૂજન આદિ ગુણના પ્રકાશ વડે જિનધર્મનો પ્રભાવ પ્રગટ કરવો તે પ્રભાવના છે.

ઉત્તમ પરિણામ સહિત ઉત્તમ દાનપ્રવૃત્તિ તથા ઘોર તપમાં પણ જેની નિઃસ્પૃહતા દેખી મિથ્યાદૃષ્ટિ પણ પ્રશંસા કરે કે, ‘‘અહો! જૈનીઓમાં વાત્સલ્યતા સહિત મોટાં દાન દેવાય છે. નિષ્કામભાવે આવાં ભારે તપ જૈનીઓ કરે છે. અહો! જૈનીઓનાં મહાવ્રત કેવાં છે? પ્રાણ જાય તો પણ વ્રતભંગ થવા દેતા નથી. અહો! જૈનીઓની અહિંસા કેવી છે? પ્રાણ જવાને પ્રસંગે પણ સંકલ્પ કરીને પણ જીવહિંસા કરતા નથી. જેમને અસત્યનો ત્યાગ છે, ચોરીનો ત્યાગ છે, પરસ્ત્રીનો ત્યાગ છે, જે પરિગ્રહની મર્યાદા કરવાથી સર્વ અનીતિથી દૂર છે, અભક્ષ્ય આહાર કરતા નથી, રાત્રીભોજનનો ત્યાગ કરી માત્ર દિવસે જ પરિમિત અને શુદ્ધ આહાર કરે છે, આવો જિનધર્મીઓનો ઉત્કૃષ્ટ ધર્મ છે. તેમનામાં મહા વિનયવંતપણું છે, તેઓ પ્રિય, હિતકારી અને મધુર વચન વડે સર્વને આનંદ ઉપજાવે છે. તેમની સર્વોત્તમ ક્ષમા કેવી અદ્ભુત છે! પોતાના ઇષ્ટ દેવમાં તેમની ભક્તિ આશ્ચર્ય ઉપજાવે તેવી છે. આગમની આજ્ઞાના અત્યંત અચળ શ્રદ્ધાવાળા છે. તેઓ પ્રબળ સમ્યક્વિદ્યાથી વિભૂષિત છે. તેમનાં આચરણ મહાન ઉજ્જ્વળ

છે. સર્વ જીવ પ્રત્યે વેરભાવ રહિત એવો તેમનો મૈત્રીભાવ છે.'' એવી જૈનધર્મની પ્રશંસા જેના નિમિત્તે મિથ્યાધર્મીઓમાં પણ પ્રગટ થાય તે પ્રભાવના અંગયુક્ત છે. તે પુરુષ અનીતિ કરી કદી ધનની ઇચ્છા કરે નહીં તથા દુરાચરણથી વિષય ભોગવવાને સ્વપ્નામાં પણ ઇચ્છે નહીં. પોતાના નિમિત્તે ધર્મની નિંદા થાય તો આ લોક અને પરલોક બન્ને બગડે તેવા વિચારથી તે સમ્યક્દૃષ્ટિ પોતાનો, કુલનો, ધર્મનો, સાધર્મીનો કે દાન, શીલ, તપ, વ્રતનો અપવાદ ન થાય તેવી રીતે પ્રવર્તે છે. ધર્મ કદાપિ દૂષિત ન થાય એવી સાવચેતીપૂર્વક ધર્મની પ્રશંસા, ઉચ્ચતા, ઉજ્જ્વલતા જ પ્રગટ થાય તેવું પ્રવર્તન જે કરે તેને પ્રભાવના અંગ હોય છે.

આ પ્રકારે સમ્યક્ત્વનાં આઠ અંગનું સંક્ષેપથી વર્ણન કર્યું. આ આઠ અંગનો સમુદાય તે જ સમ્યક્દર્શન છે. અંગોથી અંગી ભિન્ન નથી. અંગોનાં સમૂહની એકતા તે જ અંગી છે, તે જ પ્રકારે નિઃશંકિત આદિક ગુણોનો સમુદાય તે જ સમ્યક્દર્શન છે. આ અંગોના પ્રતિપક્ષી જે શંકા, કાંક્ષા, ગ્લાનિ, મૂઢતા, અનુપગૂહન, અસ્થિતિકરણ, અવાત્સલ્ય, અને અપ્રભાવના ઇત્યાદિક દોષ વડે સમ્યક્દૃષ્ટિ પોતાના આત્માને કે ધર્મને દૂષિત કે કલંકિત કરતો નથી.

## સમ્યક્ત્વનાં આઠ અંગવર્ણન પૂર્ણ

# ધર્મધ્યાન
## (બાર ભાવના)

ધર્મધ્યાન તો કોઈ સમ્યક્દૃષ્ટિને હોય છે. કોઈ વિરલા મહાન પુરુષ રાગ, દ્વેષ, મોહરૂપ જાળને કાપી નાખીને, પરમ ઉદ્યમી થઈને બહુ પ્રયત્ન વડે ધર્મધ્યાનને કોઈ વખત પ્રાપ્ત થાય છે. સૂતાં, બેસતાં, ચાલતાં, ખાતાં, પીતાં, વિષયો ભોગવતાં, કષાયમાં પ્રવર્તતાં પણ વગર પ્રયત્ને જેમ આર્તધ્યાન, રૌદ્રધ્યાન થાય છે, તેમ ધર્મધ્યાન થતું નથી.

ધર્મધ્યાનનો અર્થી પરિણામને બગાડનારાં સ્થાનનો ત્યાગ કરે છે. સ્થાનના નિમિત્તે પણ શુભ અશુભ ભાવ થાય છે. કોઈ દુષ્ટ, હિંસક, પાપકર્મ કરનાર, પાપકર્મથી આજીવિકા ચલાવનાર, તીવ્ર કષાયી, નાસ્તિક મતવાળો, ધર્મદ્રોહી જ્યાં રહેતો હોય ત્યાં પરિણામ ક્લેશવાળાં થઈ જાય. જ્યાં દુષ્ટ રાજા હોય, રાજાનો દુષ્ટ મંત્રી હોય, પાખંડી મિથ્યાદૃષ્ટિ ભેખધારીઓનો અધિકાર હોય ત્યાં ધર્મધ્યાનમાં પરિણામ લાગતાં નથી. જ્યાં પર રાજ્યનો ઉપદ્રવ હોય; જ્યાં દુષ્કાળ, મરકી ઇત્યાદિ વડે પ્રજા ઉપદ્રવ સહિત હોય; જ્યાં વેશ્યા, વ્યભિચારિણીઓ કે ભ્રષ્ટ આચરણવાળાને જવાની જગા હોય; જ્યાં મેલી વિદ્યા સાધનાર જતા હોય; જ્યાં ખોટી વાર્તા કે વિકથા થતી હોય; જ્યાં જુગારી, દારૂડિયા, ભાટ, ચારણ,

ચંડાલ, શિકારી, કષાયી ઇત્યાદિ હોય; જ્યાં સ્ત્રી, નપુંસક, દીન, ભિખારી, રોગી, આંધળાં, લૂલાં, બહેરાં, બૂમો પાડનાર આદિ હોય; જ્યાં કલહ કે કામક્રીડા કરતાં પશુ, મનુષ્યાદિ હોય; જ્યાં કાંટા, કાંકરા, દરવાળી કે હાડકાં, લોહી, મળ, મૂત્રવાળી ગંધાતી જગા હોય; જ્યાં કૂતરાં, બિલાડાં, શિયાળ, કાગડા આદિ હિંસક જીવો હોય તે સ્થાનો શુભ પરિણામને બગાડનારાં છે તેથી તજવા યોગ્ય છે. સુંદર, ચિત્ત પ્રસન્ન કરે તેવી ટાઢ, તાપ, વરસાદ, બહુ પવન કે બફારાની બાધા રહિત, ડાંસ, મચ્છર આદિ જંતુરહિત શુદ્ધ ભૂમિ હોય ત્યાં, જિનમંદિરમાં કે પોતાના કોલાહલ રહિત ઘરમાં એકાંત સ્થાનમાં ધર્મધ્યાનના ઇચ્છકે રહેવું. ધર્મધ્યાનમાં સ્થાનની શુદ્ધિ અને આસનની દૃઢતા મુખ્ય કારણ છે. જેનું આસન બે પહોર સુધી પણ દૃઢ રહેતું નથી તેની નોકરી, ખેતી, વેપારાદિ પણ બગડી જાય છે. આસનની દૃઢતા વિના ધર્મધ્યાન કેવી રીતે બને? પ્રથમનાં ત્રણ ઉત્તમ સંહનનવાળાને જ ધર્મધ્યાનમાં દૃઢતા રહે છે. જેનાં વજ્રમય હાડરૂપ સંહનન છે, જે મહા બળ-પરાક્રમના ધારક છે, જે દેવ મનુષ્યાદિના ઉપસર્ગથી ચલાયમાન ન થાય તેવા છે, જેનું આસન અને મન દૃઢ છે, તે ગમે તેવા સ્થાનમાં કે ગમે તે આસને ધ્યાન કરી શકે છે; પણ નબળા બાંધાવાળાએ તો સ્થાનની અને આસનની શુદ્ધતા અવશ્ય જોઈ ધર્મધ્યાનમાં પ્રવર્તવું યોગ્ય છે.

જેનું ચિત્ત સંસાર પ્રત્યે, દેહ પ્રત્યે અને ભોગ પ્રત્યે વૈરાગ્યવાળું હોય, જેના ચિત્તમાં વિક્ષેપ પડે તેમ ન હોય, જેનું ચિત્ત સંશય રહિત હોય, આત્મજ્ઞાન સહિત હોય ને અધ્યાત્મ-

રસમાં ભીંજાયેલું નિશ્ચળ હોય તેને સ્થાન કે આસનનો કોઈ નિયમ નથી. જે ચારિત્ર અને જ્ઞાન સહિત છે, જિતેન્દ્રિય છે, તે અનેક અવસ્થાએ ધ્યાનની સિદ્ધિ પામ્યા છે.

ધર્મધ્યાન કરનાર એવું ચિંતવન કરે છે કે, "અહો ! ભારે અનર્થ થઈ ગયો કે અનંતગુણનો ધારક હું સંસારરૂપ વનમાં અનાદિકાળથી કર્મરૂપી વેરી વડે સર્વાંશે ઠગાયો. અહો ! અજ્ઞાનભાવથી કર્મના ઉદયે ઉત્પન્ન થયેલા રાગ, દ્વેષ અને મોહને પોતાનું સ્વરૂપ જાણી ઘોર દુ:ખરૂપ સંસારમાં મેં પરિભ્રમણ કર્યું. હમણાં કોઈ કર્મના ઉપશમથી પરમ ઉપકારક જિનેન્દ્રના પરમ આગમના ઉપદેશનો મને લાભ થયો. રાગરૂપી તાવ મટ્યો. મોહરૂપી નિદ્રા દૂર થઈ. સ્વભાવ અને પરભાવના જાણપણાનો લાભ થયો. હવે આ અવસરમાં શુદ્ધ ધ્યાનરૂપ તરવાર વડે જો કર્મનો નાશ કરી દઉં, તો સ્વાધીનતા પામી દુ:ખોને પાત્ર ન થાઉં.

અજ્ઞાનરૂપ અંધકારને આત્મજ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી હમણાં જ દૂર નહીં કરું તો બીજા કયા ભવમાં હું દૂર કરીશ ? સમસ્ત વિશ્વને જોવા-દેખવાને એક અદ્વિતીય નેત્ર મારો આત્મા છે; તેને પણ હમણાં અવિદ્યારૂપ ભૂતપિશાચે પ્રેરેલા વિષય-કષાય આવરણ કરે છે. આ ઇંદ્રિયના વિષયો અને ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયો મને હિત-અહિતના અવલોકનરૂપ વિવેક-રહિત કરનારા છે. આ ઠગોને વશ થઈ જઈને હું બહુ ભૂલી ગયો છું. અહો ! આ પ્રાપ્ત થતી વખતે રમણીક પણ અંતે નીરસ એવા પાંચ ઇંદ્રિયોના વિષયોવડે પરમ જ્યોતિસ્વરૂપ સર્વોત્કૃષ્ટ પરમાત્મસ્વરૂપ એવો આત્મા પણ અજ્ઞાનથી ઠગાયો છે.

હું અને પરમાત્મા બન્ને જ્ઞાનરૂપી નેત્રવાળા છીએ. તો પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે હું મારા સ્વરૂપને જાણવાની ઇચ્છા કરું. પરમાત્માના આત્મગુણ તો પ્રગટ છે અને મારા તો કર્મોથી દબાઈ રહ્યા છે. મારામાં અને પરમાત્મામાં ગુણોની અપેક્ષાએ ભેદ નથી; શક્તિ અને વ્યક્તિનો ભેદ છે. પરમાત્મામાં ગુણો પ્રગટ વ્યક્તિરૂપે છે અને મારામાં શક્તિરૂપે છે, તેથી પ્રગટ કરવાના છે. કર્મથી ઉત્પન્ન થતો દાહ—અગ્નિ, જ્યાં સુધી હું જ્ઞાનસમુદ્રમાં ડૂબકી નથી મારતો ત્યાં સુધી, મને બાળે છે, દુઃખ દે છે. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવ કર્મના ઉદયે થાય છે પણ તે મારું સ્વરૂપ નથી. હું તો સિદ્ધસ્વરૂપ, નિર્વિકાર—સ્વાધીન સુખરૂપ છું; હું અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખરૂપ છું. તો હવે મોહરૂપ ઝેરી ઝાડને હું શું નહીં ઉખાડી નાખું? મારું સામર્થ્ય ગ્રહણ કરી, મારા સ્વરૂપમાં અચળ થઈને, માયિક સુખની સર્વ પ્રકારની વાંછાનો ત્યાગ કરી મોહરૂપ ઝેરી ઝાડને મૂળથી ઉખાડી નાખીશ. મારે મારા સ્વરૂપનો જ નિશ્ચય કરવો; જેથી અનાદિકાળથી મોહરૂપ ફાંસો મારા ગળામાં પડ્યો છે તેને છેદવાનો ઉપાય બને. જે પોતાના સ્વરૂપને જ ન જાણે તે પરમાત્માને કેવી રીતે જાણે? તેથી પ્રથમ પોતાના સ્વરૂપનો જ નિશ્ચય કરવા યોગ્ય છે. જે પોતાના સ્વરૂપને જ નહીં જાણે, તેની પોતાના સ્વરૂપમાં સ્થિતિ ક્યાંથી થશે? અનાદિકાળથી પુદ્ગલમાં એકરૂપ થઈ રહ્યો છે એવા આત્માને ભિન્ન કેવી રીતે કરશે? દેહથી આત્માને ભિન્ન જાણવારૂપ ભેદવિજ્ઞાન થયા વિના આત્માની પ્રાપ્તિ કેવી રીતે થશે? આત્મા પ્રાપ્ત થયા

વિના અનંત જ્ઞાનાદિક આત્માના ગુણોનું જાણવું પણ ન થાય, તો આત્મલાભની શી વાત ? મોક્ષાભિલાષીઓએ સમસ્ત પુદ્‌ગલથી ભિન્ન એક આત્મસ્વરૂપનો જ નિશ્ચય કરવો એ શ્રેષ્ઠ છે.

આત્માની ત્રણ પ્રકારે સ્થિતિ છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. જેને બાહ્ય શરીરાદિક પુદ્‌ગલના પર્યાયોમાં આત્મબુદ્ધિ છે તે બહિરાત્મા છે. તેની ચેતના મોહનિદ્રાવડે ઘેરાઈ ગઈ છે, દેહરૂપ પર્યાયને જ પોતાનું સ્વરૂપ જાણે છે, ઇંદ્રિયદ્વારા એ નિરંતર પ્રવર્તન કરે છે. પોતાના સ્વરૂપની સત્યાર્થ ઓળખાણ નથી, દેહને જ આત્મા માને છે. દેવ-ગતિમાં દેવના દેહમાં પોતાને દેવ, નારકીના દેહમાં પોતાને નારકી, તિર્યંચના દેહમાં પોતાને તિર્યંચ અને મનુષ્યના દેહમાં પોતાને મનુષ્ય જાણી દેહના વ્યવહારમાં તન્મય થઈ રહ્યો છે. દેહરૂપ પર્યાય તો કર્મથી બનેલો પુદ્‌ગલમય છે. તે જ્ઞાનસ્વરૂપ આત્માથી પ્રત્યક્ષ ભિન્ન છે, તો પણ કર્મના ઉદયમાં આત્મા સ્વપણું માની દેહાદિ પર્યાયમાં તન્મય થઈ રહ્યો છે. હું ગોરો છું, હું શામળો છું, હું અન્ય રંગનો છું, હું રાજા છું, હું સેવક છું, હું બળવાન છું, હું નિર્બળ છું, હું બ્રાહ્મણ છું, હું ક્ષત્રિય છું, હું વૈશ્ય છું, હું શૂદ્ર છું, હું મારનાર છું, હું જિવાડનાર છું, હું ધનાઢ્ય છું, હું દાતાર છું, હું ત્યાગી છું, હું ગૃહસ્થ છું, હું મુનિ છું, હું તપસ્વી છું, હું દીન છું, હું અનાથ છું, હું સમર્થ છું, હું અસમર્થ છું, હું કર્તા છું, હું અકર્તા છું, હું રૂપવાન છું, હું કદરૂપો છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું, હું નપુંસક છું, હું પંડિત છું, હું મૂર્ખ છું, ઇત્યાદિ પ્રકારે કર્મના ઉદયથી થયેલા

પરપુદ્ગલના વિનાશી પર્યાયોમાં આત્મબુદ્ધિ જેને હોય છે તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. શરીરમાં આત્મબુદ્ધિ તે જ આ લોકમાં શરીરના સંબંધી જે સ્ત્રી, પુત્ર, મિત્ર, શત્રુ ઇત્યાદિ તેમના પ્રત્યે રાગ, દ્વેષ, મોહ, ક્લેશાદિ ઉપજાવી, આર્તરૌદ્ર પરિણામ સહિત મરણ કરાવી, સંસારમાં અનંત કાળ પર્યંત જન્મમરણ કરાવે છે. પુદ્ગલના પર્યાયમાં આત્મબુદ્ધિ છે તે જડરૂપ એકેન્દ્રિયાદિ પુદ્ગલ પર્યાયમાં અનંતકાળ પરિભ્રમણ કરાવે છે.

બહિરાત્મબુદ્ધિને છોડી, અંતરાત્માના અવલંબન વડે પરમાત્મપણું પામવાનો પુરુષાર્થ કર્તવ્ય છે. જે જે રૂપ આ જગતમાં જોવામાં આવે છે તે તે સર્વ આત્માના સ્વભાવથી ભિન્ન છે, પરદ્રવ્ય છે, જડ છે, અચેતન છે. હું જ્ઞાનસ્વરૂપ છું, ઇંદ્રિયોથી ગ્રહણ કરવા યોગ્ય નથી, પોતાના અનુભવ વડે સાક્ષાત્ પ્રત્યક્ષ છું, તો કોની સાથે વચનની પ્રવૃત્તિ કરું? (બોલું?) અન્ય જનોથી હું સમજાવવા યોગ્ય છું અને અન્ય જનોને હું સમજાવું એવા વિકલ્પો પણ ભ્રમરૂપ છે. પોતાના અને પરના આત્માને જાણ્યા વિના કોને સમજાવે અને કોણ સમજે? હું તો સર્વવિકલ્પરહિત એક જ્ઞાતા છું. પોતાના સ્વરૂપને આત્મારૂપે ગ્રહણ કરનાર અને પોતાથી અન્યને આત્મારૂપે નહીં ગ્રહણ કરનાર એવો નિર્વિકલ્પ, વિજ્ઞાનમય, કેવલ સ્વસંવેદનગોચર હું છું એમ અંતરાત્મા વિચારે છે. જેવી રીતે દોરડીમાં સાપની બુદ્ધિ થવાથી ભયભીત થઈ મરણના ભયથી દોડવાની, પડવાની ઇત્યાદિ ભ્રમરૂપ ક્રિયા થાય છે, તેવી રીતે મારું પણ પહેલાં શરીરાદિકમાં આત્મબુદ્ધિવડે

શરીરાદિકના નાશમાં પોતાનો નાશ જાણી, ઘણી વિપરીત ક્રિયામાં પ્રવર્તન થયું. દોરડીમાં સાપનો ભય નાશ પામવાથી એટલે દોરડીને દોરડીરૂપે જાણવાથી ભ્રમરૂપ ક્રિયાનો અભાવ થાય છે, તેવી રીતે દેહમાં આત્મબુદ્ધિરૂપ ભ્રમ નાશ પામવાથી આચરણમાં પણ ભ્રમનો અભાવ થાય છે.

જેના અજ્ઞાનથી હું ઊંઘતો હતો અને જેનું જ્ઞાન થતાં જાગ્રત થયો તે ચૈતન્ય હું છું. આ જ્ઞાનજ્યોતિમય મારું સ્વરૂપ તેને દેખવાથી મારા રાગદ્વેષ નાશ પામ્યા છે તેથી નથી કોઈ મારો શત્રુ કે નથી કોઈ મિત્ર. શત્રુ-મિત્ર તો જ્ઞાનમાં રાગદ્વેષરૂપ વિકારથી મનાય છે. જે મારા જ્ઞાયક આત્મસ્વરૂપને જાણતા ય નથી તે મારા શત્રુ કે મિત્ર કેવી રીતે થાય? જેણે સાક્ષાત્ મારું સ્વરૂપ દેખ્યું છે તે પણ મારા શત્રુ કે મિત્ર થતા નથી. મારા સ્વરૂપનો જ્ઞાતા જે હું તેને પૂર્વે કરેલાં બધાં આચરણ સ્વપ્ન સમાન કે ઇંદ્રજાલ જેવાં જણાય છે. અહો! જ્ઞાનીપુરુષોનાં અલૌકિક વૃત્તાંતનું કોણ વર્ણન કરી શકે? જ્યાં અજ્ઞાની પ્રવૃત્તિ કરીને કર્મ બાંધે છે ત્યાં જ જ્ઞાની પ્રવૃત્તિ કરી બાંધેલાં કર્મ છોડે છે અને નવાં કર્મ બાંધતા નથી.

જગતના પદાર્થો તો બધા જેમ છે તેમ જ છે, અન્ય પ્રકારે નથી. પરંતુ અજ્ઞાની ભ્રાંતિ કે વિપરીત સંકલ્પ વડે રાગી, દ્વેષી, મોહી બનીને ઘોર કર્મના બંધ બાંધે છે. જ્ઞાની પદાર્થનું સત્ય સ્વરૂપ જાણી પરમસમતાવાળા વીતરાગ ભાવે પ્રવર્તતા નિર્જરા કરે છે. દુઃખથી ભરેલા સંસારવનમાં પૂર્વે લાંબા કાળ સુધી હું દુઃખ પામ્યો તે કેવળ પોતાના અને પરના

ભેદવિજ્ઞાન વિના જ બન્યું છે. તે સમસ્ત પદાર્થોને પ્રકાશ કરનાર ભેદવિજ્ઞાનરૂપ દીપક જાજ્વલ્યમાન છતાં આ મૂઢ લોક સંસારરૂપી કાદવમાં કેમ ડૂબે છે? પોતાનું સ્વરૂપ પોતાનામાં જ પોતાની મેળે પ્રગટ અનુભવમાં આવે છે તેને છોડીને અન્યમાં પોતાને માનીને વૃથા ખેદ કરે છે. અજ્ઞાનીને આ લોકમાં જે જે પરવસ્તુઓ ઉપર વિશ્વાસ છે, પ્રીતિ છે તે બધી આપદાઓનું સ્થાન છે. જે આનંદનું સ્થાન છે તેનાથી તે ભય પામે છે. અજ્ઞાન ભાવનો કોઈ એવો જ પ્રભાવ છે.

બંધનું કારણ તો પદાર્થના જ્ઞાનમાં ભ્રાંતિ છે અને ભ્રાંતિ રહિત ભાવ તે મોક્ષનું કારણ છે. બંધ થાય છે તે પરના સંગે થાય છે અને પરદ્રવ્યથી અસંગરૂપ ભેદવિજ્ઞાનના અભ્યાસ વડે મોક્ષ થાય છે. જે સર્વ ઇંદ્રિયોને વિષયોમાં પ્રવર્તતી અટકાવી ક્ષણમાત્ર પોતાના અંતરાત્મામાં સ્થિર કરે તેને પરમાત્માનું સ્વરૂપ ભાસે છે; તે પરમેષ્ઠીના સ્વરૂપનું સ્મરણ કરે છે કે સિદ્ધઆત્મા છે તે રૂપ હું છું, જે મારું સ્વરૂપ છે તે પરમેશ્વર છે. તેથી મારા સ્વરૂપથી અન્યની મારે ઉપાસના કરવા યોગ્ય નથી; કોઈ બીજાથી મારી ઉપાસના બનવા યોગ્ય નથી. જે ભ્રાંતિ રહિત થઈને દેહથી ભિન્ન આત્માને નથી જાણતો તે તીવ્ર તપ કરતો હોય તોપણ કર્મના બંધથી છૂટતો નથી. જે ભેદવિજ્ઞાનરૂપ અમૃત પીવાથી આનંદી બન્યો છે તે ભારે તપ કરે તોપણ શરીરમાં થતા ક્લેશથી ખેદ પામતો નથી. જેનું ચિત્ત રાગદ્વેષાદિ મળરહિત નિર્મળ છે તે જ પોતાના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણે છે. અન્ય કોઈ રીતે તે

સ્વરૂપ જણાતું નથી. પોતાના ચિત્તને વિકલ્પ રહિત કરવું તે જ પરમતત્ત્વ છે. વિકલ્પોથી ચિત્ત વિક્ષેપવાળું કરવું તે અનર્થ છે. તેથી સમ્યક્ તત્ત્વની પ્રાપ્તિ માટે ચિત્તને વિકલ્પ રહિત કરવા યોગ્ય છે. જે અજ્ઞાનથી વિક્ષેપ પામેલું ચિત્ત છે તે પોતાના સ્વરૂપથી છૂટી જાય છે. અને ભેદવિજ્ઞાનની વાસનાવાળું ચિત્ત છે તે પરમાત્મ-તત્ત્વને સાક્ષાત્ દેખે છે. જો ઉત્તમ પુરુષોનું મન મોહકર્મના પરાધીનપણાથી કદી રાગાદિકથી પરાભવ પામે તો આત્મ-તત્ત્વના ચિંતવનમાં ચિત્તને જોડીને રાગાદિકનો તિરસ્કાર કરે છે.* અજ્ઞાની આત્મા જે કાયામાં રાગી થઈ રહે છે તે કાયાથી જ્ઞાની મુનિ, પોતાની પ્રજ્ઞાના બળે કરીને, વિમુખ થઈને, ચિદાનંદમય નિજસ્વરૂપમાં જોડાઈને પ્રીતિ તુરત છોડે છે. આત્મભ્રાંતિથી ઉત્પન્ન થયેલું દુઃખ તે આત્મજ્ઞાન વડે જ નાશ પામે છે; આત્મજ્ઞાન રહિત જીવોનું સંસાર-પરિભ્રમણ ઘોર તપથી પણ છેદાતું નથી. જે રૂપ,

*‘‘ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષય, કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહત્પુરુષના ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે, ત્યાં સુધી નીચે મને બેસતા નથી; તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે, અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે.’’

—શ્રીમદ્ રાજચંદ્ર

આયુષ્ય, બલ, ધન આદિક સંપત્તિને બહિરાત્મા ઇચ્છે છે તેને અંતરાત્મા ઇચ્છતા નથી. અજ્ઞાની પુદ્‌ગલાદિમાં આત્મબુદ્ધિ કરીને પોતાને બાંધે છે અને અંતરાત્મા પોતાના સ્વરૂપમાં આત્મબુદ્ધિ વડે પોતાને બંધનથી મુક્ત કરે છે.

અજ્ઞાની જીવ પુરુષ, સ્ત્રી, નપુંસક એ ત્રણે લિંગને આત્મા જાણે છે; જ્યારે સમ્યક્‌જ્ઞાની તેને આત્મા ન જાણતાં પોતાના આત્માને ત્રણે લિંગથી રહિત જાણે છે.

બહુ કાલથી અભ્યાસ કરેલું અને બરાબર નિર્ણય કરેલું ભેદ-વિજ્ઞાન પણ અનાદિકાલના વિભ્રમથી એકદમ છૂટી જાય છે.

જે રૂપ મને દેખાય છે તે અચેતન છે, જે ચેતન છે તે મારા દેખવામાં આવતું નથી. તેથી અચેતન પદાર્થોમાં રાગ ભાવ કરવો નકામો છે. મારે તો સ્વાનુભવપ્રત્યક્ષ એવા આત્માનો જ આશ્રય કરવા યોગ્ય છે.

અજ્ઞાની બાહ્ય પદાર્થોને તજે છે કે ગ્રહણ કરે છે. જ્ઞાની અંતરંગમાંના રાગાદિક પરભાવોને તજે છે અને આત્મભાવને ગ્રહણ કરે છે.

જ્ઞાની આત્માને વચનથી અને કાયાથી ભિન્ન કરીને આત્માનો અભ્યાસ મન વડે કરે છે. અન્ય વિષયભોગોનાં કાર્યો છે તેમાંથી કેટલાંક વચનથી કરે છે અને કેટલાંક કાયાથી કરે છે, પણ સાંસારિક કાર્યોમાં મનને પરોવતા નથી.

અજ્ઞાનીને તો વિશ્વાસ અને આનંદનું સ્થાન આ જગત છે. જ્ઞાનીને આ જગતમાં ક્યાંય વિશ્વાસ કે ક્યાંય આનંદ

ભાસતો નથી. એક પોતાના સ્વભાવમાં જ આનંદ અને વિશ્વાસ જણાય છે.

જ્ઞાની છે તે તો આત્મજ્ઞાન વિના અન્ય કાર્યને હૃદયમાં ધારણ કરતા નથી. લૌકિક કાર્યને લઈને જે કંઈ કરવું પડે છે, તે અનાદરપૂર્વક વચનથી કે કાયાથી કરે છે, પણ તેમાં મન દેતા નથી.

આ ઇન્દ્રિયોના વિષયોનું જે સ્વરૂપ છે, તે મારા સ્વરૂપથી વિલક્ષણ, જુદું જ છે. મારું સ્વરૂપ તો આનંદથી ભરપૂર જ્ઞાન-જ્યોતિમય છે.

જ્ઞાનીને તો જેથી ભ્રાંતિ દૂર થાય અને પોતાની સ્થિતિ પોતાના આત્મસ્વરૂપમાં થઈ જાય, તે જ જાણવા યોગ્ય છે, તે જ કહેવા યોગ્ય છે, તે જ શ્રવણ કરવા યોગ્ય છે, તે જ ચિંતવન કરવા યોગ્ય છે.

આ ઇંદ્રિયોના વિષયોમાં આત્માનું કલ્યાણ થાય તેવો કોઈ પ્રકાર નથી તોપણ બહિરાત્મા અજ્ઞાની આ વિષયોમાં જ પ્રીતિ કરે છે.

આત્મતત્ત્વ કહ્યા છતાં જે ન કહ્યું હોય તેની પેઠે ગ્રહણ કરે છે, તે અજ્ઞાનીને—અનધિકારીને કહેવાનો શ્રમ વ્યર્થ છે.

અજ્ઞાનીને જ્ઞાનજ્યોતિ પ્રગટી નથી તેથી પરદ્રવ્યમાં જ સંતોષ માને છે. જ્યાં સુધી મન, વચન, કાયાને પોતાનું સ્વરૂપ માને છે, ત્યાં સુધી સંસાર-પરિભ્રમણ જ છે; દેહાદિકથી આત્મા ભિન્ન છે, એવા ભેદવિજ્ઞાનના અભ્યાસથી સંસારના અભાવરૂપ મોક્ષ થાય છે.

વસ્ત્ર જૂનું હોય, રાતું હોય કે ધોળું હોય તો કોઈ સમજુ માણસ પોતાને જૂનો, રાતો કે ધોળો માનતો નથી; તેવી જ રીતે શરીર ઘરડું, રાતું કે ધોળું હોય તો તેથી આત્મા ઘરડો, રાતો કે ધોળો છે એમ જ્ઞાની માનતા નથી.

અજ્ઞાની છે તે પ્રત્યક્ષ આ શરીરને પેસતાં નીકળતાં પરમાણુના સમૂહની રચનારૂપ દેખે છે તોપણ તેને આત્મા જાણે છે. અનાદિકાળનો આવો ભ્રમ છે. દૃઢ, જાડું, સ્થિર, લાંબું, સુકાઈ ગયેલું, ઘરડું, હલકું, ભારે એ બધા પુદ્‌ગલના ધર્મ છે. એ પુદ્‌ગલના ધર્મ સાથે કંઈ સંબંધ જેને નથી એવો આત્મા છે તે કેવળજ્ઞાનસ્વરૂપ છે.

આ સંસારમાં માણસોનો પરિચય થાય છે; પરિચય થાય એટલે વચનની પ્રવૃત્તિ થાય છે; વચન પ્રવર્તે ત્યારે મન ચંચળ થાય છે; મન ચળે ત્યારે ભ્રાંતિ થાય છે. આ ઉત્તરોત્તર કારણો છે. તેથી જ્ઞાનીજનો લોકોનો પરિચય જ કરવો છોડી દે છે.

અજ્ઞાની બહિરાત્મા છે તે પોતાનો વાસ નગરમાં, ગામમાં, પર્વતમાં કે વનાદિમાં જાણે છે. જ્ઞાની જે અંતરાત્મા છે તે પોતાનો વાસ પોતાનામાં જ ભ્રાંતિરહિતપણે માને છે.

દેહમાં આત્મબુદ્ધિ છે તે જ દેહ ધારણ કરવાની પરંપરાનું કારણ છે. પોતાના સ્વરૂપમાં આત્મબુદ્ધિ છે તે વિદેહદશાનું કારણ છે એટલે મોક્ષનું કારણ છે.

આ આત્મા પોતે જ પોતાનો મોક્ષ કરે છે અને પોતે જ વિપરીતરૂપે પરિણમી સંસાર ઊભો કરે છે. તેથી પોતાનો ગુરુ

પોતે જ છે અને પોતાનો શત્રુ પણ પોતે જ છે. બીજા તો બાહ્ય નિમિત્ત માત્ર છે.

જે અંતરાત્મા છે તે આત્માથી કાયાને ભિન્ન જાણી અને કાયાથી આત્માને ભિન્ન જાણીને આ કાયાને મેલું, બદલવાનું વસ્ત્ર હોય તેમ નિઃશંકપણે તજે છે.

શરીરથી આત્મા ભિન્ન છે એમ જાણે છે, શ્રવણ કરે છે, પોતે મોઢે કહે છે તો પણ જ્યાં સુધી ભેદવિજ્ઞાનના અભ્યાસમાં તલ્લીનતા નથી થઈ ત્યાં સુધી શરીર ઉપરની મમતા છૂટતી નથી.

પોતાના આત્માને શરીરથી ભિન્ન એ પ્રકારે ભાવો કે જેથી ફરી દેહને આત્મારૂપ સ્વપ્નમાં પણ ન મનાય. સ્વપ્નમાં પણ દેહથી ભિન્ન જ આત્માનો અનુભવ થાય.

અમુક માણસને વ્રત છે કે અવ્રત છે, એ રૂપ જે વ્યવહાર છે તે શુભ કે અશુભ બંધનું કારણ છે. મોક્ષ છે તે તો બંધના અભાવરૂપ છે. વ્રત આદિક ક્રિયા છે તે પણ પૂર્વ અવસ્થામાં હોય છે. પ્રથમ અસંયમભાવને તજીને સંયમમાં લીન થવું. જ્યારે શુદ્ધ આત્મભાવ પરમ વીતરાગ સ્વરૂપમાં સ્થિતિ થઈ જાય ત્યારે સંયમભાવ ક્યાં રહે ?

આ જાતિ અને મુનિ કે શ્રાવકનાં લિંગ એટલે વેશ તે પણ શરીરને આધારે રહેલાં છે. શરીરરૂપ જ સંસાર છે. તેથી જ્ઞાની છે તે જાતિમાં અને લિંગ એટલે વેશમાં પણ અહંબુદ્ધિ કે આગ્રહ રાખતા નથી, પણ તજે છે.

જેને દેહમાં આત્મબુદ્ધિ છે તે પુરુષ રાતદિવસ જાગતો હોય છતાં સંસારથી છૂટતો નથી; પોતાના આત્મામાં જેને આત્માનો નિશ્ચય થયો છે તે ઊંઘતો હોય કે અસાવધાન એટલે ગાંડો હોય તો પણ સંસારથી છૂટે છે. જેવી રીતે બત્તી (વાટ) દીવાને અડવાથી પોતે દીવો થાય છે, તેમ જ્ઞાની સિદ્ધસ્વરૂપની આરાધના વડે સિદ્ધપણું પામે છે. જેવી રીતે વૃક્ષમાં પોતાનાં જ ડાળ પરસ્પર ઘસાવાથી અગ્નિ પ્રગટ થાય છે, તેવી રીતે આત્મા પણ પરમાત્મભાવમાં જોડાઈને પોતે સિદ્ધ થઈ જાય છે.

જેવી રીતે સ્વપ્નમાં કોઈએ પોતાનું મરણ જોયું તેથી પોતે કંઈ મરી ગયો નથી; તેવી જ રીતે જાગતાં પણ પોતાનું મરણ ભ્રાંતિથી જીવ માને છે. આત્માનો તો નાશ થતો જ નથી. જે પર્યાય કે દેહ ઉત્પન્ન થયો છે, તે નાશ પામ્યા વિના રહેવાનો નથી.

આત્મસ્વરૂપના અનુભવ વિના શરીરને આત્મારૂપ અનુભવનાર અનેક શાસ્ત્રો ભણે તોપણ સંસારથી છૂટતો નથી. પણ પોતાના સ્વરૂપમાં પોતાનો અનુભવ કરનાર શાસ્ત્રના અભ્યાસ વિના પણ મુક્ત થાય છે.

હે જ્ઞાનીજન! સુખ અવસ્થામાં ભાવેલું ભેદજ્ઞાન દુઃખ આવતાં છૂટી જશે. તેથી દુઃખ અવસ્થામાં, રોગ પરિષહ આદિ અવસ્થામાં જ આત્મજ્ઞાનનો દૃઢ અભ્યાસ કરો. એ પ્રકારે ચિંતવનના પ્રભાવથી દેહાદિકમાં આત્મબુદ્ધિરૂપ જે બહિરાત્મ-બુદ્ધિ તેને છોડીને, અને આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિરૂપ અંતરાત્મા થઈને પરમાત્મા થવાનો પુરુષાર્થ કરો.’’

પરમાત્મા સકલ અને વિકલ એમ બે સ્વરૂપે છે. ઘાતિયાં કર્મોના ક્ષયથી પ્રગટ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખરૂપ, સ્વાધીન, અઢાર દોષથી રહિત, ઇન્દ્ર, ધરણેન્દ્ર અને નરેન્દ્રને પણ પૂજવા યોગ્ય, અનેક અતિશયો સહિત, સર્વ જીવોને ઉપકારક દિવ્યધ્વનિ સહિત, દેવાધિદેવ, પરમ ઔદારિક દેહમાં રહેલા અરિહંત દેવ છે તે સકલ પરમાત્મા છે. સકલ એટલે દેહસહિત. આયુષ્યના લગભગ અંત સુધી પરમ ઉપદેશ દેનાર એવા અર્હંત સકલ પરમાત્મા છે.

આઠે કર્મ ક્ષય થવાથી સિદ્ધ પરમેષ્ઠી થયા. કલ એટલે શરીરનો આત્યંતિક વિયોગ થવાથી અ-શરીરી સિદ્ધ ભગવાન વિકલ પરમાત્મા છે. તે પરમાત્મપદ આ મનુષ્યભવમાં રત્નત્રયના આરાધન વડે કોઈકને પ્રાપ્ત થાય છે.

બહિરાત્માને મિથ્યાત્વગુણસ્થાન જ હોય છે. અંતરાત્મા ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી હોય છે. સકલ= દેહસહિત પરમાત્મા તેરમા ને ચૌદમા ગુણસ્થાને જાણવા. વિકલ=દેહરહિત પરમાત્મા સિદ્ધ ભગવાન તે ગુણસ્થાન રહિત છે, કારણ કે ગુણસ્થાન તો મોહ અને યોગની અપેક્ષાએ છે. ભગવાન સિદ્ધને મોહકર્મ નથી અને મન, વચન, કાયાના યોગ પણ નથી. તેથી ગુણસ્થાનથી રહિત છે.

ધર્મધ્યાન સમ્યક્દૃષ્ટિ વિના મિથ્યાદૃષ્ટિને હોતું નથી એવો નિયમ છે. ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાન પર્યંત ધર્મધ્યાન હોય છે. તે ધર્મધ્યાનના પરમાગમમાં ચાર ભેદ કહ્યા છે :

૧ આજ્ઞાવિચય, ૨ અપાયવિચય, ૩ વિપાકવિચય, ૪ સંસ્થાનવિચય.

## આજ્ઞાવિચય :–

ભગવાન સર્વજ્ઞ વીતરાગે પ્રરૂપેલ આગમવાણી અનુસાર તથાપ્રકારે પદાર્થોનો નિશ્ચય કરવો તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. જ્યાં ઉપદેશદાતા પરમપુરુષનો અભાવ હોય, કર્મના ઉદયે પોતાની બુદ્ધિ મંદ હોય, નિશ્ચય કરવા યોગ્ય પદાર્થોનું સ્વરૂપ સૂક્ષ્મ હોય તથા હેતુ કે દૃષ્ટાંતનો અભાવ હોય ત્યાં સર્વજ્ઞે કહેલા આગમને પ્રમાણ કરીને એવું ચિંતવન કરવું કે આ જ તત્ત્વ છે, આવું જ આ તત્ત્વ છે, બીજું નથી, બીજી જાતનું નથી, સર્વજ્ઞ વીતરાગ ભગવાન ખોટું કહે તેવા નથી. ગહન પદાર્થોની શ્રદ્ધા કરવામાં આ પ્રકારે આગમ અનુસાર અર્થનો નિશ્ચય કરવો. સમ્યક્દર્શનના પ્રભાવે પરિણામોની વિશુદ્ધિ પામેલા અને સ્વ-પર મત અનુસાર પદાર્થોના નિર્ણયને જાણનારા એવા સમ્યક્જ્ઞાની સર્વજ્ઞ પુરુષોએ બોધેલા સૂક્ષ્મ પદાર્થો સમજીને પંચાસ્તિકાય આદિ પદાર્થોનો નિશ્ચય કરવો; અન્ય ભવ્ય જીવોને શીખવવું; કહેવામાં કે વ્યાખ્યાનમાં શ્રુતજ્ઞાનના બળે સર્વજ્ઞના સિદ્ધાંતમાં વિરોધ ન આવે તે પ્રકારે અન્ય એકાંતીઓનાં કહેલાં મિથ્યા પ્રમાણ, હેતુ, નયનું ખંડન કરવું; અનેકાંતનું ગ્રહણ કરવાને સમર્થ એવા શ્રોતાઓને પદાર્થનું સ્વરૂપ સમજાય એ પ્રકારે શ્રુતનું વ્યાખ્યાન પ્રતિપાદન કરવું; અને તે વ્યાખ્યાનની પુષ્ટિમાં તર્ક, નય, પ્રમાણની યુક્તિનું ચિંતવન કરવામાં લીન થવું. તે સર્વ સર્વજ્ઞની આજ્ઞાના પ્રકાશન માટે છે.

જે પ્રકારે જિનસિદ્ધાંતમાં પ્રસિદ્ધ છે તેવા પ્રકારે વસ્તુના સ્વરૂપનું સર્વજ્ઞની આજ્ઞાથી ચિંતવન કરવું.

સર્વ વસ્તુ (પદાર્થ) અનંત ગુણ અને અનંત પર્યાય સ્વરૂપ છે. તે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત છે, ત્રિકાલવર્તી છે, તેથી નિત્ય છે. એવા પદાર્થને કહેનાર આગમનું કોઈ વચન પોતાની સ્થૂલ બુદ્ધિથી ગ્રહણ થઈ શકતું ન હોય અને કોઈ હેતુ વડે જેમાં વિરોધ જણાતો ન હોય ત્યાં સર્વજ્ઞની આજ્ઞા આવી છે, સર્વજ્ઞ વીતરાગ જિન જૂઠું કહે નહીં, આવા પ્રમાણરૂપ ચિંતવન કરવું. જિનેંદ્રના પરમ આગમનું ભણવું, શ્રવણ કરવું, ચિંતવન કરવું, અનુભવ કરવો. જે શાસ્ત્ર સર્વજ્ઞ વીતરાગનાં કહેલાં હોય; જેના શ્રવણથી રાગી, દ્વેષી, શસ્ત્રધારી દેવોની ઉપાસનાથી વિમુખ થવાય; પરિગ્રહધારી, વિષય-કષાયવાળા અનેક ભેખધારીમાં ગુરુબુદ્ધિ, પૂજ્યપણાની બુદ્ધિ ન ઊપજે; હિંસારૂપ પ્રવૃત્તિમાં ધર્મ કદી ન દેખાય; જેના શ્રવણથી, વાંચનથી, ચિંતવનથી, વિષય, કષાય, દેહ, પરિગ્રહ આદિકથી વિમુખતા ઊપજે અને દયાધર્મની વૃદ્ધિ થાય તેવાં શાસ્ત્રના શબ્દ, અર્થનું ચિંતવન કરવું—તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.

આગમ કેવું હોય? શ્રી સર્વજ્ઞ વીતરાગનું ઉપદેશેલું છે. રત્નત્રય સ્વરૂપને પોષનાર છે. અનાદિ અનંત સમસ્ત જીવોને પરમ શરણરૂપ છે. અનંત ધર્મસ્વરૂપ પદાર્થોનો પ્રકાશ કરનાર છે. પ્રમાણ, નય, નિક્ષેપ વડે પદાર્થોને સ્પષ્ટ પ્રગટ કરે છે. સ્યાદ્‌વાદરૂપ જેનો પ્રાણ છે. જેનું શરણ નહીં મળવાથી જીવે અનાદિ કાળથી ચારે ગતિમાં પરિભ્રમણ કર્યું

છે. સાત તત્ત્વ, નવ પદાર્થો ને પંચ અસ્તિકાયનું સ્વરૂપ પ્રકાશનાર છે. દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ દેખાડનાર છે. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, યોનિ, કુલકોડિ વડે જીવનું સ્વરૂપ વર્ણન કરનાર છે. આસ્રવ, બંધ, ઉદય, ઉદીરણા, સત્તાનું પ્રરૂપણ કરનાર છે. સમસ્ત લોક અને અલોકને પ્રકાશનાર છે. અનેક શબ્દોની રચનારૂપ અંગ, પ્રકીર્ણક આદિ રત્નો સહિત રત્નાકર (સાગર) સમાન ગંભીર છે. એકાંત-વિદ્યાના મદથી ઉન્મત્ત મિથ્યાદૃષ્ટિઓના મદનો નાશ કરનાર છે. મિથ્યાત્વરૂપ અંધકારને દૂર કરનાર સૂર્ય છે. રાગરૂપી સાપનું ઝેર ઉતારનાર ગારુડીવિદ્યા છે. સમસ્ત અંતરંગ મેલ ધોવા માટે પવિત્ર તીર્થ છે. સમસ્ત વસ્તુની પરીક્ષા કરવાને સમર્થ છે. યોગીશ્વરોનું ત્રીજું નેત્ર છે. સંસારના સંતાપરૂપ તાવનો નાશ કરનાર છે. ઇંદ્ર, અહમિંદ્ર, ગણધર અને મુનીંદ્રોએ સેવેલું છે. જ્ઞાનીનો પરમ અક્ષય ખજાનો છે. સર્વ આશા, વાંછા અને ભયનો નાશ કરનાર છે. આત્મિક સુખરૂપ અમૃતને પ્રગટ કરવામાં ચંદ્રના ઉદય સમાન છે. જીવનું અક્ષય, અવિનાશી, નિજ ધન છે. મોક્ષ પ્રત્યે જનારને આમંત્રણ કરનાર દુંદુભિ છે. વિનય, ન્યાય, મનન, શીલ, સંયમ, સંતોષ આદિ ગુણોને ઉત્પન્ન કરનાર છે. આવા પરમાગમનું ચિંતવન, ધ્યાન, અનુભવ કરવો તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.

## અપાયવિચય :–

મિથ્યાત્વના સંયોગથી સન્માર્ગનો અપાય એટલે નાશ થાય; સન્માર્ગ અથવા મોક્ષમાર્ગનો અભાવ કરનાર મિથ્યાત્વ

જ છે; એવું ચિંતવન કરવું તે અપાયવિચય છે.

મિથ્યાદર્શન વડે જેનાં જ્ઞાનરૂપ નેત્ર ઢંકાઈ રહ્યાં છે, તેનો આચાર, વિનય આદિ સર્વ કાર્ય સંસાર વધારનાર છે. મિથ્યાદૃષ્ટિને આંધળાની પેઠે વિપરીત જ્ઞાનની અધિકતા છે. જેવી રીતે બળવાન છતાં કોઈ જન્માંધ સારા માર્ગથી દૂર ફરતો હોય, સત્યમાર્ગે દોરી જનાર મળ્યો ન હોય તો ખાડા-ટેકરા, કાંટા-કાંકરા, જાળાં-ઝાંખરાવાળી ખરાબ જમીનમાં ચાલવાની ક્રિયા કરે છે, તોપણ ઉપદેશદાતા વિના સારે રસ્તે ચઢવાને સમર્થ થતો નથી; તેવી રીતે સર્વજ્ઞના કહેલા માર્ગથી વિમુખ જીવને મોક્ષની ઇચ્છા છે, તોપણ સન્માર્ગના અભાવે બધાં સહન કરવાં પડે છે; એવું ચિંતવન કરવું તે અપાયવિચય ધર્મધ્યાન છે.

કુમાર્ગના પ્રવર્તનનો અભાવ—નાશ ચિંતવવો કે અહો! આ વિપરીત જ્ઞાન—શ્રદ્ધા ધારણ કરનાર મિથ્યાદૃષ્ટિ—કુવાદીઓએ ઉપદેશેલા કુમાર્ગથી આ જીવો કેવી રીતે ઊગરે? આ જીવો કુદેવ, કુગુરુ, કુધર્મની સેવાથી કેવી રીતે છૂટે?

પાપનાં કારણોમાં કાયાનું પ્રવર્તન, વચનનું પ્રવર્તન અને મનની ભાવના થાય છે; તેના અભાવનું કે અટકાવવાનું ચિંતવન કરવું.

ઉપાય સહિત કર્મોના નાશનું ચિંતવન કરવું. શ્રી સર્વજ્ઞ ભગવાને કહેલો જે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તે પ્રાપ્ત નહીં થવાથી સંસારરૂપી વનમાં ઘણા લાંબા કાળથી જીવ જન્મમરણ કરી

રહ્યો છે. જિનેશ્વરના ઉપદેશરૂપ વહાણ પ્રાપ્ત નહીં થવાથી, બાપડા જીવો સંસાર સમુદ્રમાં નિરંતર ડૂબકાં ખાતાં દુઃખો ભોગવ્યા કરે છે. મહાન કષ્ટરૂપ અગ્નિથી બળતા સંસારરૂપ વન વિષે ભમતાં, હું સમ્યક્‌જ્ઞાનરૂપ સમુદ્રને કિનારે આવી પહોંચ્યો છું; જો હવે સમ્યક્‌જ્ઞાનના શિખરે ચઢીને ત્યાંથી પડી જાઉં, તો સંસારરૂપી અંધ કૂપમાં પડતાં મને કોણ બચાવે? અનાદિ કાળની ભ્રાંતિથી ઊપજેલાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય આદિ કર્મબંધનાં કારણો ટાળવાં મુશ્કેલ છે. હું તો શુદ્ધ છું, દર્શન-જ્ઞાનમય નિર્મળ નેત્રનો ધારક સિદ્ધસ્વરૂપ છું. તોપણ તે કર્મોથી હારી ગયેલો હું લાંબા કાળથી સંસારરૂપ કાદવમાં પડી ખેદખિન્ન થયો છું. એક તરફ તો ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્મોની સેના છે અને બીજી તરફ હું એકલો છું. આવા શત્રુઓથી સંપ્રાપ્ત સંકટમાં મારે સાવધાન, પ્રમાદરહિત રહેવા યોગ્ય છે. જો હમણાં પ્રમાદી થઈ રહીશ, તો કર્મ મારા જ્ઞાન-દર્શન સ્વરૂપની ઘાત કરી, એકેન્દ્રિય આદિ રૂપ પર્યાયમાં મને જડ-અચેતન જેવો કરી દેશે. પ્રબળ ધ્યાનરૂપ અગ્નિ વડે, મારા આત્મામાંથી કર્મના મૂળ બાળી નાખીને પાષાણમાંથી શુદ્ધ સુવર્ણની પ્રાપ્તિની પેઠે આત્માને શુદ્ધ ક્યારે કરીશ? મારે પ્રાપ્ત કરવા યોગ્ય સમ્યક્ દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્રરૂપ મારો સ્વભાવ જ છે. અન્ય પરભાવ પર જ છે, મારાથી ભિન્ન જ છે. મારું શું સ્વરૂપ છે? મને શા કારણથી કર્મોનો આસ્રવ થાય છે? કેવી રીતે કર્મો બંધાય છે? કેવી રીતે કર્મો નિર્જરશે–છૂટશે? મોક્ષ શું છે? મોક્ષનું સ્વરૂપ શું છે? મોક્ષનું

બાધારહિત, નિરાકુળતા-વાળું, સ્વભાવથી ઉત્પન્ન થયેલું સુખ મને શો ઉપાય કરવાથી મળે? મારા સ્વરૂપનું જ્ઞાન થતાં ત્રણે લોકનું જ્ઞાન થાય છે. સર્વજ્ઞતા, સર્વદર્શીપણું એ મારો સ્વભાવ જ છે. તે કર્મમલ ગયે પ્રગટ થાય છે. જ્યાં સુધી બાહ્ય વસ્તુઓ સાથે મારો સંબંધ છે, ત્યાં સુધી સ્વપ્ને પણ મારા સ્વભાવમાં મારી સ્થિતિ થવી દુર્ઘટ, મુશ્કેલ છે. તેથી ભેદવિજ્ઞાન વડે બાહ્ય પદાર્થોથી ભિન્ન થવારૂપ ઉપાય કરું. આ પ્રમાણે અપાયવિચય ધર્મધ્યાનનું ચિંતવન કરવું.

## વિપાકવિચય :–

જ્ઞાનાવરણાદિ કર્મના ઉદયને પોતાનાથી ભિન્ન ચિંતવવો તેને વિપાકવિચય કહે છે.

અનાદિકાળથી નરક આદિ ગતિમાં ઊપજી, નારકી, તિર્યંચ, મનુષ્યાદિ પર્યાય ધારણ કરવો, ઇંદ્રિયો પામવી, શરીરાદિ ધારણ કરવાં, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ પામવાં, સંહનન, બળ, પરાક્રમ, રાજ્ય, સંપદા, વૈભવ, પરિવાર આદિ પ્રાપ્ત કરવાં, તે બધાં કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે; પણ મારા સ્વરૂપથી ભિન્ન છે. મારું સ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા છે, અવિનાશી, અખંડ છે; કર્મના ઉદયે થતી પરિણતિથી ભિન્ન છે. જેટલા સંયોગ છે તે બધા કર્મથી ઉત્પન્ન થયેલા છે. કર્મના ઉદયે થતી પરિણતિથી પોતાને જુદો જાણે; કર્મના ઉદયે થતા રાગ, દ્વેષ, જીવન, મરણ આદિથી પણ પોતાને ભિન્ન અવલોકન કરે તે વિપાકવિચય છે.

પૂર્વકાળે બાંધેલાં કર્મ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સંયોગ પામીને વિચિત્ર રસ દે છે. કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે. આઠના એકસો અડતાળીસ ભેદ છે. તેમાંના એક એકના અસંખ્યાત લોકપ્રમાણ ભેદ છે. તે સર્વ ભેદો એકેંદ્રિય આદિ જીવોને ભિન્ન ભિન્ન ઉદયરૂપે દેખાય છે. સામાન્યપણે જીવ જ્ઞાનસ્વભાવવાળો છે, સ્વપરને જાણવાવાળો છે, અસંખ્યાત-પ્રદેશી છે, કર્મથી પ્રાપ્ત થયેલા દેહપ્રમાણ છે, સુખદુઃખનો ભોક્તા છે. તથાપિ કર્મના બંધ, પોતાનાં ભિન્ન ભિન્ન પરિણામ વડે, અનેક પ્રકારે બાંધ્યા છે, તે કર્મોનો રસ પણ ઉદયકાળે જુદો જુદો જણાય છે. સમસ્ત જીવોની પ્રકૃતિરૂપ લાભ-અલાભ, સુખ-દુઃખ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંયોગ-વિયોગ, આયુષ્ય, કાયા, બુદ્ધિ, બળ, પરાક્રમ, ઇચ્છા ઇત્યાદિક કર્મના ઉદય પ્રમાણે દરેક જીવને વિષે ભિન્ન ભિન્ન દેખાય છે. કોઈ એકનો ઉદય કોઈ બીજાના ઉદયને મળતો નથી. તેથી ભિન્ન ભિન્ન જીવોના ભિન્ન ભિન્ન પ્રકારના ઉદય દેખી રાગદ્વેષને વશ ન થાઓ. જેવી રીતે વનમાં વિહાર કરતો પુરુષ લાખો કરોડો નાનાં મોટાં અનેક વૃક્ષ, વેલીઓ દેખે છે તે કયા કયા ઉપર રાગદ્વેષ કરે? કોઈ વૃક્ષ ઊંચાં છે, કોઈ નીચાં છે; કોઈ ગાઢ છાયાવાળાં છે, કોઈ આછાં છે; કોઈ ફૂલફળવાળાં છે, કોઈ નિષ્ફળ છે; કોઈ કડવાં છે, કોઈ મીઠાં છે; કોઈ ખાટાં છે, કોઈ તીખાં છે; કોઇ ઝેરી છે, કોઈ અમૃત સમાન છે; કોઈ કાંટાવાળાં છે, કોઈ કાંટા વિનાનાં છે; કોઈ વાંકાં છે, કોઈ સીધાં છે; કોઈ જૂનાં છે, કોઈ નવાં છે, કોઈ સુગંધવાળાં છે, કોઈ દુર્ગંધવાળા છે; ઇત્યાદિ બધી રચના

પૂર્વકર્મના સંસ્કારથી એકેંદ્રિય જીવોને પણ ઉદયમાં દેખાય છે. કોઈ કપાય છે, છેદાય છે, ફડાય છે, કતરાય છે, છોલાય છે, રંધાય છે, તળાય છે, શેકાય છે, ચળાય છે, રગડાય છે, ઘસાય છે, છિણાય છે, ચૂંથાય છે, ગળાય છે, સૂકવાય છે, દળાય છે, બંધાય છે, મરડાય છે, એમ એકેંદ્રિય વનસ્પતિમાં પણ કર્મના ઉદયના અનેક પ્રકાર દેખાય છે. પોતાને કે પરને પુણ્યપાપના ઉદયના અનેક તરંગ દેખી સમભાવ ધારણ કરો, હર્ષ-શોક ન કરો. કર્મના ઉદયની લહેર સમયસમયમાં જુદી જુદી હોય છે. ભગવાન સર્વજ્ઞ વીતરાગે જે ક્ષેત્રમાં, જે કાળે, જે પ્રકારે, જે થવાનું દીઠું છે તે પ્રમાણ છે, તે પ્રકારે જ થાય છે. કર્મના ઉદયને પોતાના સ્વભાવથી ભિન્ન જાણો. જીવ અને પુદ્‌ગલની ભિન્ન ભિન્ન રચના તથા સંયોગ-વિયોગાદિ દેખી રાગદ્વેષ રહિત પરમ સામ્યભાવ ધારણ કરો; તેથી પૂર્વે બાંધેલાં કર્મની નિર્જરા થશે, નવાં કર્મ નહીં બંધાય. આ પ્રકારે ચિંતવવું તે વિપાકવિચય ધર્મધ્યાન છે.

## સંસ્થાનવિચય :—

અનંતાનંત સર્વ તરફનું આકાશ પોતે પોતાને આધારે રહેલું છે, તેની બરોબર મધ્યમાં જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને કાળ જેટલા આકાશના ક્ષેત્રમાં રહ્યાં છે, તેટલા આકાશ ક્ષેત્રને લોક કહેવાય છે. આ લોક કોઈનો બનાવેલો નથી, અનાદિ અનંત છે.

આ છ દ્રવ્ય—જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ—અનાદિ અનંત છે. કોઈ સત્‌નું અસત્‌ કરવા સમર્થ

નથી. કારણ કે જે [1]સત્* વસ્તુ છે, તેનો કદાપિ નાશ થતો નથી, અને [2]અસત્‌ની ઉત્પત્તિ થતી નથી. પર્યાયાર્થિક નયથી ઉત્પાદ-વિનાશ છે.

જેટલા ચેતન અચેતન પદાર્થો છે, તે દ્રવ્યપણે તો કદી નાશ પામે નહીં, વિણસે નહીં, ઊપજે નહીં. સમયે સમયે પૂર્વપર્યાયનો નાશ અને ઉત્તરપર્યાયનો ઉત્પાદ થઈ રહ્યો છે. દ્રવ્ય ધ્રુવ છે; તે ઊપજે નહીં, વિણસે નહીં. ઊપજવું-વિણસવું પર્યાયનું થાય છે. પર્યાય એકરૂપ રહે નહીં. દ્રવ્યોનો કદી નાશ થાય જ નહીં. છ દ્રવ્યોનો સમુદાય જ લોક છે, અન્ય વસ્તુરૂપ લોક નથી.

સંસ્થાનવિચય ધર્મધ્યાનમાં બાર ભાવનાઓ નિરંતર ચિંતવન કરવા યોગ્ય છે.

# બાર ભાવના

૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિ, ૭. આસ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોક, ૧૧. બોધિદુર્લભ, ૧૨. ધર્મદુર્લભ એ બાર ભાવનાઓનાં નામ કહ્યાં. ભગવાન તીર્થંકર પણ આ ભાવનાઓના સ્વરૂપનું ચિંતવન કરી સંસાર, દેહ અને ભોગો પ્રત્યે વૈરાગ્ય ભાવ પામ્યા છે. આ ભાવનાઓ વૈરાગ્યની માતા

---

*"હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય."
—શ્રીમદ્ રાજચંદ્ર

૧. સત્=જેનું અસ્તિત્વ છે, હોવાપણું છે તે સત્.

૨. અસત્=જેનું અસ્તિત્વ નથી, હોવાપણું નથી તે અસત્.

છે, સર્વ જીવોને હિતકારી છે, અનેક દુઃખોથી પીડાતા સંસારી જીવોને ઉત્તમ શરણ છે. દુઃખરૂપ અગ્નિથી બળતા જીવોને કમળના વનની વચમાં નિવાસ સમાન શીતળ છે. પરમાર્થના પંથને દેખાડનારી છે, તત્ત્વોનો નિર્ણય કરાવનારી છે. સમ્યક્દર્શનને ઉપજાવનારી છે, અશુભ ધ્યાનનો નાશ કરનારી છે. આના જેવું આ જીવને બીજું કંઈ હિતકારી નથી. બારેય અંગનો સાર છે.

## ૧. અનિત્યભાવના :–

દેવ, મનુષ્ય, તિર્યંચ એ સર્વ દેખતા દેખતામાં જળના પરપોટાની પેઠે, અથવા ઝાકળના સમૂહની પેઠે નાશ પામે છે; જોતજોતામાં વિલય પામી ચાલ્યા જાય છે. આ બધી રિદ્ધિ, સંપત્તિ, પરિવાર સ્વપ્ન સમાન છે. સ્વપ્નમાં દીઠેલા પદાર્થો જેમ નાશ પામે છે, તેમ આ બધા પદાર્થો નાશ પામે છે, ફરી દેખાતા નથી. આ જગતમાં ધન, જુવાની, જીવન, પરિવાર બધાં ક્ષણભંગુર છે. સંસારી મિથ્યાદૃષ્ટિ જીવ એને જ પોતાનું સ્વરૂપ, પોતાનું હિત જાણી રહ્યો છે. પોતાના સ્વરૂપની ઓળખાણ હોય તો પરને પોતાનું કેમ માને? સમસ્ત ઇંદ્રિયોથી થતાં સુખ જે નજરે દેખાય છે, તે મેઘધનુષ્યના રંગની પેઠે જોતજોતામાં નાશ પામે છે. જુવાનીનો વેગ સંધ્યાકાળના લાલ રંગની પેઠે ક્ષણક્ષણમાં નાશ પામે છે. આ મારું ગામ, આ મારું રાજ્ય, આ મારું ઘર, આ મારું ધન, આ મારું કુટુંબ એવા વિકલ્પ કરવા એ મહામોહનો પ્રભાવ છે.

જે જે પદાર્થો આંખે દેખાય છે તે સર્વ નાશ પામવાના

છે. તેમને દેખનારી ઇંદ્રિયો પણ અવશ્ય નાશ પામવાની છે. આત્માના કલ્યાણ માટે ઝટ ઉદ્યમ કરો. જેવી રીતે એક નાવમાં અનેક દેશનાં અનેક જાતિનાં મનુષ્યો એકઠાં મળી બેસે છે. પછી કિનારે ઊતરી પોતપોતાનાં દેશમાં ચાલ્યાં જાય છે, તેવી રીતે કુળરૂપી નાવમાં અનેક ગતિમાંથી આવેલાં પ્રાણી એકઠાં આવી વસે છે, પછી આયુષ્ય પૂરું થયે પોતપોતાનાં કર્મ પ્રમાણે ચારે ગતિમાં જઈ ઉત્પન્ન થાય છે. જે દેહને લઈને સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ આદિ સાથેનો સંબંધ માની રાગી થઈ રહ્યા છો તે દેહ અગ્નિથી ભસ્મ થઈ જશે, અથવા માટીમાં મળી જશે, અથવા ગીધ, શિયાળ ખાશે તો વિષ્ટારૂપ થઈ જશે, કે સડી જશે તો કીડાનું ઘર બનશે. એકેક પરમાણુ જમીન કે આકાશમાં અનંત પ્રકારે વીખરાઈ જશે. પછી ફરી ક્યાં મળશે? ફરી તેમની સાથે સંબંધ નહીં મળે. એમ નક્કી છે, તો પછી સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુંબ આદિમાં મમતા રાખી ધર્મ બગાડવો એ મહા અનર્થ છે. જે પુત્ર, સ્ત્રી, ભાઈ, મિત્ર, સ્વામી, સેવક આદિની ભેગા રહી સુખે જીવવાની ઇચ્છા રાખો છો, તે સમસ્ત કુટુંબ શરદ્ઋતુનાં વાદળાંની પેઠે વીખરાઈ જશે. અત્યારે જે સંબંધ દેખાય છે તે ટકી નહીં રહે, જોતજોતામાં વીખરાઈ જશે. એવો નિયમ જાણો.

રાજ્ય માટે, જમીન માટે, હાટ, હવેલી, મકાન કે આજીવિકા અર્થે હિંસા, જૂઠ, છળકપટમાં પ્રવર્તન કરો છો, ભોળા લોકોને ઠગો છો, જોરાવર થઈને નિર્બળને મારો છો, લૂંટો છો, તે સર્વ પરિગ્રહ (ધનાદિ) તમારી સાથેનો સંબંધ અલ્પકાળમાં છોડી દેશે. થોડો કાળ જીવવાનું છે, તેવા આ

જીવનમાં નરક, તિર્યંચની અધોગતિમાં અનંતકાળ પર્યંત અનંત દુઃખોની પરંપરા ભોગવવી પડે તેવાં કુકર્મ ન કરો. રાજ્ય, જમીનાદિકના સ્વામીપણાનું અભિમાન કરીને અનેક નાશ પામ્યા છે, અનેક નાશ પામતાં નજરે જુઓ છો. હવે તો મમતા છોડી, અન્યાય-અનીતિ તજી, પોતાના આત્માનું કલ્યાણ થાય તેવાં કામમાં પ્રવર્તો.

જેવી રીતે ઉનાળામાં ચાર માર્ગની વચમાં એક વૃક્ષની છાયામાં અનેક દેશના મુસાફરો વિસામો લઈને પોતપોતાને ઠેકાણે ચાલ્યા જાય છે, તેવી રીતે કુળરૂપ વૃક્ષની છાયામાં બંધુ, મિત્ર, પુત્ર આદિ સગાં એકઠાં થઈ કર્મ અનુસાર અનેક ગતિમાં ચાલ્યાં જાય છે.

જેની સાથે મારે સ્નેહ છે એમ માનો છો તે પણ સ્વાર્થના સંબંધી છે; આંખમાંની રતાશ જેવો એ રાગ ક્ષણ માત્રમાં નાશ પામે છે. જેવી રીતે એક ઝાડ ઉપર ઠરાવ કર્યા વિના જ અનેક પક્ષીઓ આવીને વસે છે, તેવી રીતે કુટુંબના માણસો કંઈ ઠરાવ કર્યા વગર જ કર્મને આધીન ભેળાં થાય છે અને વીખરાઈ જાય છે.

આ સર્વ ધન, સંપદા, આજ્ઞા, ઐશ્વર્ય, રાજ્ય, ઇંદ્રિયોનાં વિષયોની સામગ્રી જોતજોતામાં જરૂર જતી રહેશે. જુવાની મધ્યાહ્નની છાયાની પેઠે ઢળી જશે, સ્થિર નહીં રહે.

ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર આદિક તો આથમીને ફરી ઊગે છે. હેમંત, વસંત, શરદ આદિ ઋતુઓ પણ જઈ જઈને ફરી ફરી આવે છે. પરંતુ ઇંદ્રિયો, યુવાની, આયુષ્ય, કાયાદિક ગયાં તે ફરી પાછાં નથી આવતાં. જેવી રીતે પર્વત ઉપરથી

પડતી નદીની લહેરો રોકાયા વિના ચાલી જાય છે તેવી રીતે આયુષ્ય પણ ક્ષણ ક્ષણમાં રોકાયા વિના વહ્યું જાય છે.

જે દેહને આધીન જિવાય છે, તે દેહને જર્જરિત (નિર્બળ) કરતી જરા અવસ્થા સમયે સમયે આવે છે. કેવી છે વૃદ્ધાવસ્થા? યૌવનરૂપ વૃક્ષને બાળી નાખનાર દાવાનલ જેવી છે; સૌભાગ્યરૂપ પુષ્પનો (મોરનો) નાશ કરનાર ધુમ્મસ વરસે તેવી છે; સ્ત્રીની પ્રીતિરૂપ હરણીને હણનાર વાઘ જેવી છે; જ્ઞાનનેત્રને બંધ કરાવનાર ધૂળકટ જેવી છે; તપરૂપ કમળોના વનને હિમ જેવી છે; દીનતાને ઉત્પન્ન કરનારી માતા છે; તિરસ્કારને ઉછેરનારી ધાઈ સમાન છે; ઉત્સાહ ઘટાડવામાં તિરસ્કાર જેવી છે. રૂપ-ધનને ચોરનારી, બળનો નાશ કરનારી, જંઘાબળ બગાડનારી, આળસ વધારનારી, સ્મૃતિનો નાશ કરનારી આ જરા છે. મોતનો મેળાપ કરાવનારી દૂતી છે. આવી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયા છતાં પોતાનું આત્મકલ્યાણ કરવાનું વીસરી જઈ સ્થિર બેસી રહ્યા છો તે ભારે અનર્થ છે. વારંવાર મનુષ્યભવ આદિ સામગ્રી નહીં મળે. નેત્ર આદિ ઇંદ્રિયોનું તેજ પણ ક્ષણે ક્ષણે નાશ પામતું જાય છે. બધા સંયોગોને વિયોગરૂપ જાણો. આ ઇંદ્રિયોના વિષયોમાં રાગ કરી કોણ કોણ નાશ પામ્યા નથી?

આ બધા વિષયો પણ વિનાશ પામશે; ઇંદ્રિયો પણ નાશ પામશે. તો કોને માટે આત્મહિત તજી ઘોર પાપરૂપ માઠું ધ્યાન કરો છો? જે વિષયોમાં રાગ કરીને અધિક અધિક લીન થઈ રહ્યા છો, તે સર્વ વિષયો તમારા હૃદયમાં તીવ્ર તૃષ્ણારૂપ

દાહ-બળતરા ઉપજાવીને નાશ પામશે. આ શરીરને રોગોથી નિરંતર ભરેલું જાણો; જીવોને મરણથી ઘેરાયેલા જાણો; ઐશ્વર્ય વિનાશની સન્મુખ જાણો; અને આ સંયોગ છે તેનો નિયમથી વિયોગ જાણો.

આ બધા વિષયો છે તે આત્માના સ્વરૂપને ભુલાવનારા છે; એમાં રાચીને આખું વિશ્વ વિનાશ પામ્યું છે. વિષયોના સેવનથી સુખની આશા રાખવી તે જીવવાને માટે ઝેર પીવા જેવું છે, શીતળ થવા માટે અગ્નિમાં પ્રવેશ કરવા જેવું છે તથા મીઠાં ભોજન માટે ઝેરના ઝાડને પાણી પાવા જેવું છે. વિષયો મહામોહ મદને ઉપજાવનાર છે. તેના પ્રત્યે રાગ કરવો તજી આત્માનું કલ્યાણ કરવા પ્રયત્ન કરો. અચાનક મરણ આવશે. મનુષ્યજન્મ કે જિનેન્દ્રનો ધર્મ હાથથી બાજી ગયા પછી ફરી પ્રાપ્ત થવો અનંતકાળમાં પણ દુર્લભ છે. જેવી રીતે નદીના તરંગો નિરંતર વહ્યા જાય છે, પાછા આવતા નથી; તેવી રીતે આયુષ્ય, કાયા, રૂપ, બળ, લાવણ્ય, ઇંદ્રિયશક્તિ જતાં રહ્યા પછી પાછાં આવતાં નથી. આ પ્રિય સ્ત્રી, પુત્ર આદિ નજરે દેખાય છે તેમનો સંયોગ ટકી રહેવાનો નથી. તે સ્વપ્નના સંયોગ સમાન છે એમ જાણો. એને અર્થે અનીતિ, પાપ કરવાનું છોડી દઈ ઉતાવળે વ્રત સંયમ આદિક ધારણ કરો.

આ જગત ઇંદ્રજાલની પેઠે લોકોને ભ્રમ ઉપજાવનાર છે, આ જગતમાં ધન, યૌવન, જીવન, સ્વજન તથા પરજનના સમાગમમાં જીવ આંધળો થઈ રહ્યો છે. એ ધનસંપત્તિ તો ચક્રવર્તીને ત્યાં પણ સ્થિર રહી નથી તો અન્ય પુણ્યહીનને ત્યાં ક્યાંથી સ્થિર રહેશે? યૌવન જરા વડે નાશ પામે છે, જીવન

મરણસહિત છે, સ્વજન પરજન વિયોગની સન્મુખ છે, તો શામાં સ્થિર બુદ્ધિ કરો છો? આ દેહને નિત્ય સ્નાન કરાવો છો, સુગંધ લગાડો છો, આભરણ વસ્ત્ર આદિ વડે શણગારો છો, જુદી જુદી જાતનાં ભોજનપાન કરાવો છો, વારંવાર તેની ચાકરીમાં કાળ ગાળો છો. શય્યા, આસન, કામભોગ, નિદ્રા, શીત ઉષ્ણ આદિ અનેક ઉપચારો વડે તેને પોષો છો. તેના ઉપરના રાગથી એટલા બધા અંધ બની ગયા છો કે ભક્ષ્ય-અભક્ષ્ય, યોગ્ય-અયોગ્ય, ન્યાય-અન્યાયના વિચાર રહિત બની પોતાનો ધર્મ બગાડો છો, યશનો નાશ કરો છો, મરણ પામો છો, નરકે જાઓ છો, નિગોદમાં વાસ કરો છો, તો પણ તે બધાને ગણતા નથી. આ શરીર તો પાણીના ભરેલા કાચા ઘડા જેવું ઝટ નાશ પામશે. આ દેહ ઉપર કરેલો ઉપકાર કૃતઘ્ની મિત્ર ઉપર કરેલા ઉપકારની પેઠે અપકારરૂપ વિપરીત ફળ આપશે. સાપને દૂધસાકર પાઈને ઉછેરવા સમાન પોતાને મહાન દુઃખ, રોગ, ક્લેશ, દુર્ધ્યાન, અસંયમ, કુમરણ અને નરક ગતિનું કારણ શરીર ઉપરનો મોહ છે એમ નિશ્ચે જાણો. આ શરીરને જેમ જેમ વિષયો આદિ વડે પુષ્ટ કરશો તેમ તેમ આત્માનો નાશ કરવામાં તે સમર્થ થશે. એક દિવસ આહાર નહીં આપો તો ઘણું દુઃખ દેશે. જે જે શરીરમાં આસક્ત થયા છે, તે તે સંસારમાં સર્વસ્વ ખોઈ, આત્મકાર્ય બગાડી, અનંતાનંત કાળ નરકનિગોદમાં ભમે છે. જેમણે આ શરીરને તપ સંયમમાં લગાડી સૂકવી નાખ્યું, તેમણે પોતાનું હિત સાધ્યું છે. આ ઇંદ્રિયો તો જેમ જેમ વિષયો ભોગવે છે તેમ તેમ તૃષ્ણા વધારે છે. અગ્નિને ઈંધરાંથી તૃપ્તિ થતી નથી તેવી રીતે

ઇંદ્રિયોને વિષયો ભોગવવાથી તૃપ્તિ થતી નથી. એક એક ઇંદ્રિયની વાંછા વડે મોટા મોટા ચક્રવર્તી રાજા ભ્રષ્ટ થઈ નરકે જઈ પહોંચ્યા તો અન્યની શી વાત? આ ઇંદ્રિયોને દુઃખદાયી, પરાધીન કરનારી, નરકે પહોંચાડનારી જાણી ઇંદ્રિયો પ્રત્યેનો રાગ તજી તેમને વશ કરો. સંસારમાં જેટલાં નિંદવા લાયક કામ થાય છે તે બધાં ઇંદ્રિયોને વશ થઈને કરાય છે, તેથી ઇંદ્રિયોરૂપ સાપના ઝેરથી આત્માને બચાવો.

આ લક્ષ્મી છે તે પણ ક્ષણભંગુર છે. લક્ષ્મી કુલીન, ધીર, શૂર, પંડિત, મૂર્ખ, રૂપવાન, કુરૂપ, પરાક્રમી, કાયર, ધર્માત્મા, અધર્મી, પાપી, દાતાર, કૃપણ કોઈને ત્યાં સ્થિર રહેતી નથી. એ તો પૂર્વ જન્મમાં જેણે પુણ્ય કર્યું છે તેની દાસી છે. કુપાત્રે દાન આદિથી કે કુતપથી બંધાયેલા પાપાનુબંધી પુણ્યને લીધે જે લક્ષ્મી મળી છે તે જીવોને ખોટા ભોગોમાં, કુમાર્ગમાં, અહંકારમાં પ્રવર્તાવી દુર્ગતિએ પહોંચાડનારી છે. આ પંચમ-કાળમાં એટલે કળિકાળમાં તો કુપાત્રદાનથી, કુતપસ્યાથી પ્રાયે લક્ષ્મી ઊપજે છે; તે બુદ્ધિને બગાડીને મહાદુઃખથી ઊપજે છે, મહા દુઃખે કરીને ભોગવાય છે, પાપમાં વપરાય છે, અથવા તો દાન કે ભોગ વિના તેને મરતી વખતે તજવી પડે છે. આર્તધ્યાન કરીને તિર્યંચ ગતિમાં જવું પડે છે. તેથી આ લક્ષ્મીને તૃષ્ણા વધારનારી અને મદ ઉપજાવનારી જાણીને, (૧) દુઃખી, દરિદ્રી પ્રત્યે ઉપકાર કરવામાં, (૨) ધર્મ વધારનાર ધર્મનાં સ્થાનોમાં, (૩) વિદ્યા ભણાવવામાં, (૪) અને વીતરાગ સિદ્ધાંત શાસ્ત્રો લખાવવામાં વાપરીને તેને સફળ કરો. ન્યાયપૂર્વક પ્રામાણિક ભોગમાં ધર્મની હાનિ ન થાય તે પ્રકારે વાપરો.

આ લક્ષ્મી પાણીના તરંગો જેવી અસ્થિર છે. જ્યાં સુધી હાથમાં છે ત્યાં સુધી દાન, પરોપકાર કરી લો; પરલોકમાં સાથે આવવાની નથી. અચાનક તેને છોડીને મરવું પડશે. જે નિરંતર લક્ષ્મી એકઠી કર્યા કરે છે, દાન-ભોગમાં વાપરતો નથી, તે પોતાને ઠગે છે. અનેક પાપ હિંસાદિક વડે ભેગી કરેલી લક્ષ્મી, મહાલોભથી મેળવીને તે કોઈને સોંપીને ચાલ્યો જાય છે. અન્ય દેશમાં વ્યાપાર આદિ વડે વધારવા માટે રોકીને કે જમીનમાં અતિ દૂર દાટીને રાત દિવસ તેનું જ ચિંતવન કરતો દુર્ધ્યાનથી મરીને દુર્ગતિએ જાય છે. કૃપણને ધનનો રખવાળ કે નોકર જાણવા યોગ્ય છે. દૂર જમીનમાં જેણે દાટી તેણે પથ્થર જેવી તેને બનાવી. જેમ જમીનમાં પથ્થર દાટેલા પડ્યા છે તેમ તે લક્ષ્મી પણ જાણો. રાજાને હાથ જાય કે વારસો કે ભાગીઆના હાથમાં જાય કે સગા-સંબંધીના હાથમાં જાય તો તેમનું કામ સધાયું. પોતાનો દેહ તો રાખ થઈ ઊડી જશે. આ ઉપરથી શું પ્રત્યક્ષ નથી જણાતું કે લક્ષ્મી સમાન આત્માને ઠગનાર બીજું કોઈ નથી?

પોતાના સર્વ પરમાર્થને ભૂલીને લક્ષ્મીના લોભનો માર્યો રાતદિવસ ઘોર પાપ કરે છે; અવસરે ખાવા પણ પામતો નથી; ટાઢ તડકો સહન કરે છે; રોગ આદિ કષ્ટને ગણતો નથી; રાત્રે ચિંતાને લઈને પૂરી ઊંઘ પણ લેતો નથી; લોભને લઈને મરણને પણ ગણતો નથી; લડાઈ વખતે ભારે સંકટ પણ ગણકારતો નથી. સમુદ્રમાં પ્રવેશ કરે છે. ઘોર ભયાનક વનમાં કે પર્વતો ઉપર જાય છે. ધર્મરહિત અનાર્ય દેશોમાં જાય છે. જ્યાં પોતાની જાતિનાં, કુળનાં, ઘરનાં કોઈ હોય નહીં

એવાં સ્થાનોમાં કેવળ લક્ષ્મીના લોભને લીધે ભ્રમણ કરતાં કરતાં મરણ પામીને દુર્ગતિએ જાય છે. લોભી માણસ ન કરવા યોગ્ય કે નીચ ભીલ, ચંડાળને કરવા યોગ્ય કાર્યો કરે છે. તેથી હવે જિનેંદ્ર ભગવાનનો ધર્મ પામીને સંતોષ ધારણ કરી પોતાનાં પુણ્ય પ્રમાણે ન્યાયમાર્ગથી પ્રાપ્ત થયેલા ધનને, સંતોષી રહીને, તીવ્ર રાગ છોડી, ન્યાયપૂર્વક ભોગવો; દુઃખી, ભૂખ્યા, દીન, અનાથના ઉપકારને નિમિત્તે દાન સન્માનમાં વાપરો.

આ લક્ષ્મી અનેક પુરુષોને ઠગીને દુર્ગતિએ લઈ જાય છે. લક્ષ્મીના સંયોગથી જગતના જીવો જડ જેવા થઈ રહ્યા છે. પુણ્ય પૂરું થતાં જ તે ચાલી જશે. લક્ષ્મીનો સંગ્રહ કરીને મરી જવું એ લક્ષ્મી પામ્યાનું ફળ નથી. લક્ષ્મીનું ફળ તો કેવળ ઉપકાર કરવો કે સદ્‌ધર્મના માર્ગે વાપરવી તે છે.

આ પાપરૂપ લક્ષ્મીને જે ગ્રહણ જ કરતા નથી તેમને ધન્ય છે! ગ્રહણ કરીને પણ મમતા તજી ક્ષણમાત્રમાં તેનો ત્યાગ કરે છે, તેમને પણ ધન્ય છે! વધારે શું લખવું?

આ ધન, યૌવન, જીવન, કુટુંબના સંગમને પાણીના પરપોટા જેવાં અનિત્ય જાણી આત્માના હિતરૂપ કાર્યમાં પ્રવર્તન કરો. સંસારના જેટલા સંગમ છે તે બધા વિનાશી છે, એમ અનિત્ય ભાવના ભાવો. પુત્ર, પૌત્ર, સ્ત્રી, કુટુંબ આદિક કોઈની સાથે પરલોક ગયાં નથી અને જશે પણ નહીં. પોતાનાં ઉપાર્જન કરેલાં પુણ્ય પાપ આદિ કર્મો માત્ર સાથે રહેશે. આ જાતિ, કુળ, રૂપ આદિક તથા દેશ નગર આદિકનો સમાગમ દેહની સાથે જ નાશ પામશે. તેથી અનિત્યભાવના ક્ષણ માત્ર

પણ વીસરી ન જાઓ; તેના પ્રભાવે પર ઉપરથી મમત્વ છૂટી આત્મકાર્યમાં પ્રવૃત્તિ થાય છે.

## ૨. અશરણભાવના :—

આ સંસારમાં દેવ, દાનવ, ઇંદ્ર કે મનુષ્ય કોઈ એવો નથી કે જેના ગળામાં યમરાજાનો ફાંસો પડ્યો ન હોય. મરણ વખતે કોઈ શરણ નથી. આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે ઇન્દ્રનું પણ ક્ષણવારમાં પતન થાય છે. જેને હજારો દેવો આજ્ઞા ઉઠાવનાર સેવક તરીકે છે, જેને હજારો ઋદ્ધિઓ છે, અસંખ્યાત કાળથી જેનો સ્વર્ગમાં વાસ છે, રોગ ક્ષુધા તૃષાદિક ઉપદ્રવથી રહિત જેનું શરીર છે અને અસંખ્યાત બળ પરાક્રમનો ધારક છે એવા ઇંદ્રનું પણ પતન થાય છે તો અન્ય કોણ શરણ છે? જેવી રીતે નિર્જન વનમાં વાઘે પકડેલા હરણના બચ્ચાને કોઈ બચાવવા સમર્થ નથી, તેવી રીતે મૃત્યુથી પકડાયેલા પ્રાણીને બચાવવા કોઈ સમર્થ નથી. આ સંસારમાં પૂર્વે અનંતાનંત પુરુષો નાશ પામ્યા છે ત્યાં કોણ શરણરૂપ છે? કોઈ એવું ઔષધ, મંત્ર, યંત્ર, ક્રિયા, દેવ, દાનવાદિક છે નહીં કે જે એક ક્ષણમાત્ર કાળથી બચાવે. જો કોઈ દેવ, દેવી, વૈદ્ય, મંત્ર, તંત્રાદિક એક માણસને પણ મરણથી બચાવે એમ હોત તો મનુષ્ય અક્ષય, અમર થઈ જાત. તેથી મિથ્યાબુદ્ધિ છોડી અશરણભાવના ભાવો.

મૂઢ લોક એવા વિચાર કરે છે કે મારા સગાની સારવાર ન થઈ, ઔષધિ ન આપી, કોઈ દેવતાની મદદ કે શરણ ગ્રહણ ન કર્યું, ઉપાય કર્યા વગર મરી ગયો. આ પ્રકારે પોતાના સ્વજનનો શોક કરે છે. પણ પોતાનો વિચાર કરતો નથી કે હું

જ મૃત્યુના મુખમાં દાઢની વચમાં બેઠો છું. કોટિ ઉપાયો વડે પણ ઇંદ્ર જેવાથી પણ કાળ રોકાયો નથી તેને મનુષ્યરૂપ કીડો કેવી રીતે રોકી શકશે? જેવી રીતે પરને મરતા દેખીએ છીએ તેવી રીતે મારે પણ અવશ્ય મરવાનું છે. જેવી રીતે પરને સ્ત્રી-પુત્રાદિકનો વિયોગ થતો દેખીએ છીએ, તેવી રીતે મને પણ વિયોગ થવાનો છે. તે વખતે કોઈ શરણરૂપ નથી.

અશુભ કર્મોનો એક સાથે ઉદય આવે છે, ત્યારે બુદ્ધિ નાશ પામે છે. પ્રબળ કર્મના ઉદયમાં એકે ઉપાય ચાલતો નથી; અમૃત પણ વિષ થઈને પરિણમે છે; તરણું પણ શસ્ત્ર થઈને પરિણમે છે; પોતાના ખાસ મિત્રો પણ વેરી થઈને વર્તે છે. અશુભ કર્મના પ્રબળ ઉદયને લીધે બુદ્ધિ વિપરીત થઈ જાય તો પોતે પોતાની ઘાત કરે છે.

શુભ કર્મનો ઉદય હોય ત્યારે વળી મૂર્ખને પણ પ્રબળ બુદ્ધિ પ્રગટે છે; કર્યા વિના પણ અનેક સુખકારી ઉપાયો પોતાની મેળે બની આવે છે; વેરી પણ મિત્ર થઈ જાય છે; ઝેર પણ અમૃતરૂપ પરિણમે છે. જ્યારે પુણ્યનો ઉદય હોય ત્યારે સર્વ હાનિકારક વસ્તુઓ પણ અનેક પ્રકારે સુખકારક થઈ જાય છે. એવો પુણ્યનો પ્રભાવ છે.

પાપના ઉદયથી હાથમાં આવેલું ધન પણ ક્ષણમાત્રમાં નાશ પામે છે અને પુણ્યના ઉદયથી ઘણે દૂર વસ્તુ હોય તે પણ પ્રાપ્ત થાય છે. લાભાંતરાયનો ક્ષયોપશમ હોય (કર્મ સંજોગે વસ્તુ મળવાની હોય) ત્યારે વગર પ્રયત્ને રત્નનિધાન પ્રગટ થાય છે. પાપનો ઉદય હોય ત્યારે સદાચરણ સેવતો

હોય તેના ઉપર પણ આળ મુકાય છે, કલંકવાળો કહેવાય છે, અપયશ-અપવાદ પામી વગોવાય છે. યશ નામકર્મનો ઉદય થતાં સર્વ અપવાદ દૂર થઈ દોષ પણ ગુણરૂપ ગણાય છે.

સંસાર છે તે પુણ્ય પાપના ઉદયરૂપ છે. પરમાર્થથી બન્ને ઉદય (પુણ્ય અને પાપ) પરના (કર્મના) કરેલા અને આત્માથી ભિન્ન છે એમ જાણી જ્ઞાયકરૂપ રહો; હર્ષ શોક ન કરો. પૂર્વે કર્મ બાંધ્યાં હતાં તે હાલ ઉદયમાં આવ્યાં છે; તે દૂર કરવાં હોય તોપણ હવે દૂર થાય એમ નથી. ઉદય આવ્યા પછી કોઈ ઉપાય નથી. કર્મનું ફળ જે જન્મ, જરા, મરણ, રોગ, ચિંતા, ભય, વેદના, દુઃખ તે પ્રાપ્ત થતાં મંત્ર, તંત્ર, દેવ, દાનવ, ઔષધ આદિ કોઈ રક્ષા કરવા સમર્થ નથી. કર્મનો ઉદય આકાશ, પાતાળમાં ક્યાંય છોડે એમ નથી. ઔષધાદિ બાહ્ય નિમિત્ત પણ અશુભકર્મનો ઉદય મંદ થાય ત્યારે ઉપકાર કરે છે.

દુષ્ટ ચોર, ભીલ, વેરી, તથા સિંહ, વાઘ, સાપ આદિક તો ગામમાં કે વનમાં મારે છે. જલચર આદિક તો જલમાં મારે છે. પણ અશુભ કર્મનો ઉદય જળમાં, સ્થળમાં, વનમાં, સમુદ્રમાં, પહાડમાં, કિલ્લામાં, ઘરમાં, શય્યામાં, કુટુંબમાં, રાજા આદિ સામંતોની વચમાં, શસ્ત્રોથી રક્ષા કરવા છતાં ક્યાંય પણ છોડતો નથી. આ લોકમાં એવાં સ્થાન છે કે જ્યાં સૂર્ય ચંદ્રનો પ્રકાશ પ્રવેશ કરતો નથી, પવનનો પણ સંચાર નથી; વૈક્રિયઋદ્ધિધારી પણ જ્યાં જઈ શકતા નથી. પરંતુ કર્મનો ઉદય તો સર્વ સ્થળે જઈ શકે છે. પ્રબળ કર્મનો ઉદય થતાં વિદ્યા, મંત્ર, બળ, ઔષધિ, પરાક્રમ, પોતાના મિત્ર, સામંત,

હાથી, ઘોડા, રથ, પાયદળ, ગઢ, કોટ, શસ્ત્ર, સામ-દામ-દંડ-ભેદ આદિ કોઈ ઉપાય શરણ નથી. જેવી રીતે સૂર્યના ઉદયને કોઈ રોકી શકતું નથી તેવી રીતે કર્મનો ઉદય પણ કોઈથી રોકી શકાય એમ નથી, એવો નિશ્ચય રાખી સમતાભાવનું શરણ ગ્રહણ કરો; તો અશુભ કર્મની નિર્જરા થાય અને નવાં કર્મ ન બંધાય.

રોગ, વિયોગ, ગરીબાઈ, મરણાદિનો ભય છોડી પરમ ધીરજ ધારણ કરો. આપણો વીતરાગ ભાવ, સંતોષ ભાવ, પરમ સમતા ભાવ એ જ શરણ છે, બીજું કોઈ શરણ નથી. આ જીવના ઉત્તમ ક્ષમાદિક ભાવ પોતાને શરણરૂપ છે. ક્રોધાદિક ભાવ આ લોક અને પરલોકમાં આત્માની ઘાત કરનારા છે. કષાયોની મંદતા આ લોકમાં હજારો વિઘ્નોનો નાશ કરનારી—પરમ શરણ છે. પરલોકમાં નરક, તિર્યંચ ગતિમાં પડતાં બચાવે છે, મંદ કષાયવાળા દેવલોકમાં કે ઉત્તમ મનુષ્યોમાં ઊપજે છે.

જો પૂર્વ કર્મના ઉદય વખતે આર્ત કે રૌદ્ર પરિણામ કરશો તો ઉદીરણા પામેલાં એટલે સામટાં ઉદયમાં આવતાં કર્મને રોકવા તો કોઈ સમર્થ નથી, માત્ર દુર્ગતિનાં કારણ એવાં નવાં કર્મ વધારશો. કર્મનો ઉદય થવામાં બાહ્ય સહકારી કારણરૂપ ક્ષેત્ર, કાળ, ભાવની સામગ્રી પ્રાપ્ત થયા પછી કર્મના ઉદયને ઇન્દ્ર, જિનેન્દ્ર, મણિ, મંત્ર, ઔષધિ આદિ કોઈ રોકવા સમર્થ નથી. રોગોના ઇલાજ તો ઔષધાદિક જગતમાં જોઈએ છીએ, પરંતુ પ્રબળ કર્મના ઉદયને રોકવાને ઔષધાદિક સમર્થ નથી, ઊલટાં તે વિપરીત પરિણમે છે. આ જીવને અશાતા વેદનીય

કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે ઔષધ આદિક વિપરીત થઈને પરિણમે છે. અશાતાનો મંદ ઉદય હોય કે ઉપશમ હોય ત્યારે દવા વગેરે ઉપકાર કરે છે. મંદ ઉદયને રોકવાને તો અલ્પ શક્તિવાળા પણ સમર્થ છે. પ્રબળ ઉદયને રોકવાને અલ્પ શક્તિવાળા સમર્થ થતા નથી. આ પંચમ કાળ કે કળિકાળમાં તો બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર આદિ સામગ્રી અલ્પ છે, જ્ઞાનાદિક અલ્પ છે, પુરુષાર્થ પણ અલ્પ જ છે અને અશુભનો ઉદય આવવાની બાહ્ય સામગ્રી પ્રબળ છે; તેથી અલ્પ સામગ્રી અને અલ્પ પુરુષાર્થ વડે પ્રબળ અશાતાના ઉદયને કેવી રીતે જિતાય? જેવી રીતે પ્રબળ નદીનું પૂર પ્રબળ મોજાં ઉછાળતું આવતું હોય તેમાં કુશળ તારો પણ તરી શકે નહીં, પણ જ્યારે નદીના પૂરનો વેગ મંદ પડે ત્યારે તરવાની કળાવાળો તરીને સામે કિનારે જાય છે, તેવી રીતે પ્રબળ કર્મના ઉદયમાં પોતાને અશરણરૂપ ચિંતવન કરો.

પૃથ્વી અને સમુદ્ર બન્ને બહુ વિસ્તારવાળાં છે પરંતુ પૃથ્વીને છેડે કોઈ પહોંચે અને સમુદ્રને તરવાને સમર્થ એવા પણ અનેક દેખીએ છીએ પરંતુ કર્મના ઉદયને તરી જવાને સમર્થ હોય તેવા દેખાતા નથી.

આ સંસારમાં એક સમ્યક્જ્ઞાન શરણ છે, સમ્યક્દર્શન શરણ છે, સમ્યક્ચારિત્ર શરણ છે તથા સમ્યક્તપ-સંયમ શરણ છે. આ ચાર આરાધના વિના અનંતાનંત કાળમાં કોઈ શરણ નથી. ઉત્તમ ક્ષમાદિક દશ ધર્મ પ્રત્યક્ષ સર્વ ક્લેશ, દુ:ખ, મરણ, અપમાન, હાનિથી બચાવનાર છે. આ મંદ કષાયથી ઉત્પન્ન થતું ફળ તો સ્વાધીન સુખ, આત્મરક્ષા,

ઉજ્જ્વલ યશ, ક્લેશરહિતપણું અને ઉચ્ચતા આ લોકમાં પ્રત્યક્ષ છે. તે દેખીને મંદ કષાયનું શરણ ગ્રહણ કરો. પરલોકમાં તેનું ફળ દેવગતિ છે. વ્યવહારમાં ચાર શરણાં છે; અર્હંત, સિદ્ધ, સાધુ અને કેવળી ભગવાને પ્રકાશેલો ધર્મ. આ શરણાં સિવાય આત્માની ઉજ્જ્વલતા પ્રાપ્ત થતી નથી. આ પ્રકારે અશરણ ભાવના ભાવવી.

## ૩. સંસારભાવના :–

આ સંસારમાં અનાદિકાળથી મિથ્યાત્વના ઉદયે બેભાન થયેલો જીવ, સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રે કહેલા સત્યાર્થ ધર્મની પ્રાપ્તિ વિના ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. સંસારમાં કર્મરૂપી મજબૂત બંધનથી બંધાયેલો, પરાધીન થયેલો, ત્રસ-સ્થાવરમાં નિરંતર ઘોર દુઃખ ભોગવતો, વારંવાર જન્મ-મરણ કરે છે. જે જે કર્મો ઉદયમાં આવી રસ આપે છે, તેના ઉદયને પોતાનું સ્વરૂપ જાણી અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને ભૂલીને નવાં નવાં કર્મ બાંધે છે. કર્મના બંધનમાં પડેલા જીવે કોઈ પ્રકારનું દુઃખ ભોગવવાનું બાકી રાખ્યું નથી. સર્વ પ્રકારનાં દુઃખો અનંતાનંત ભોગવતાં અનંતાનંત કાળ વ્યતીત થઈ ગયો. આવાં દુઃખથી ભરેલા અનંત પરિવર્તન સંસારમાં આ જીવે કર્યાં છે.

એવું કોઈ પુદ્‌ગલ પરમાણુ સંસારમાં નથી રહ્યું કે જે જીવે શરીરરૂપે કે આહારરૂપે ગ્રહણ ન કર્યું હોય. અનંત જાતિનાં અનંત પુદ્‌ગલોનાં શરીર ધારણ કર્યાં છે, અને આહારમાં ભોજન-પાનરૂપે પણ ગ્રહણ કર્યાં છે.

ત્રણસો તેંતાળીસ ઘનરજ્જુપ્રમાણ લોકમાં એવા કોઈ

ક્ષેત્રનો એક પ્રદેશ પણ બાકી રહ્યો નથી કે જ્યાં સંસારી જીવે અનંતાનંત જન્મમરણ કર્યાં ન હોય.

ઉત્સર્પિણી, અવસર્પિણી કાળનો એવો કોઈ એક સમય પણ બાકી નથી રહ્યો કે જે સમયમાં આ જીવ અનંતવાર જન્મ્યો ન હોય અને મર્યો ન હોય.

નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ગતિઓમાં આ જીવ જઘન્ય આયુષ્યથી ઉત્કૃષ્ટ આયુષ્ય પર્યંત સર્વ પ્રકારનાં આયુષ્ય ધારણ કરી કરી અનંતવાર જન્મ્યો છે. એક અનુદિશ, અનુત્તર વિમાનોમાં ઊપજ્યો નથી; કેમકે એ ચૌદે વિમાનોમાં સમ્યક્દૃષ્ટિ વિના બીજાનો ઉત્પાદ નથી. સમ્યક્દૃષ્ટિને સંસાર-પરિભ્રમણ નથી.

કર્મની સ્થિતિબંધનાં સ્થાન તથા સ્થિતિબંધનાં કારણ, અસંખ્યાત લોકપ્રમાણ કષાય અધ્યવસાયનાં સ્થાન, તેનાં કારણ, અસંખ્યાત લોકપ્રમાણ અનુભાગબંધ અધ્યવસાય સ્થાન તથા જગતશ્રેણિના સંખ્યાતમા ભાગ જેટલાં યોગસ્થાન એવા ભાવોમાંથી કોઈ ભાવ બાકી રહ્યો નથી કે જે સંસારી જીવને ન આવ્યો હોય. એક સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને યોગ્ય ભાવ થયા નથી. એ સિવાયના સમસ્ત ભાવો સંસારમાં અનંતાનંત વાર થયા છે. જિનેંદ્રના વચનના અવલંબનરહિત પુરુષોની મિથ્યાજ્ઞાનના પ્રભાવથી વિપરીત બુદ્ધિ અનાદિ કાળથી થઈ રહી છે. તેથી સમ્યક્માર્ગ ગ્રહણ કરતા નથી અને સંસારરૂપ વનમાં સર્વસ્વ ગુમાવી નિગોદમાં જઈ પહોંચે છે. નિગોદ કેવી છે? ત્યાંથી અનંતાનંત કાળમાં

પણ બહાર નીકળવું ઘણું મુશ્કેલ છે. કોઈ વખત પૃથ્વીકાયમાં તો કોઈ વખત જલકાયમાં, અગ્નિકાયમાં, વાયુકાયમાં, પ્રત્યેક કે સાધારણ વનસ્પતિકાયમાં લગભગ સમસ્ત જ્ઞાનનો નાશ થવાથી જડરૂપ થઈ, એક સ્પર્શ ઇંદ્રિયદ્વારા કર્મના ઉદયને આધીન થઈને આત્મશક્તિરહિત, જીભ, નાક, આંખ, કાન આદિ ઇંદ્રિયો રહિત થઈ દુઃખમય લાંબો કાળ વ્યતીત કરે છે. બેઇંદ્રિય, ત્રિઇંદ્રિય, ચતુરિન્દ્રિયરૂપ વિકલત્રય જીવ પણ આત્મજ્ઞાન રહિત, માત્ર રસના આદિ ઇંદ્રિયોના વિષયોની અતિ તૃષ્ણાના માર્યા ઊછળી ઊછળીને વિષયોને અર્થે પડી પડીને મરે છે. અસંખ્યાતો કાળ વિકલત્રયમાં રહી ફરી એકેન્દ્રિયમાં એમ ફરી ફરી વારંવાર ઘટમાળના ઘડાની પેઠે નવીન નવીન દેહ ધારણ કરતો, ચારે ગતિમાં નિરંતર જન્મ, મરણ, ક્ષુધા, તૃષા, રોગ, વિયોગ, સંતાપ ભોગવતો, અનંત કાળથી પરિભ્રમણ કરે છે; આનું નામ સંસાર છે.

જેવી રીતે ઊકળતા આધણમાં ચોખા સર્વ તરફ ઊછળતા બફાય છે તેવી રીતે સંસારી જીવો કર્મના તાપથી બળતા, બફાતા પરિભ્રમણ કરે છે. આકાશમાં ઊડતાં પક્ષીઓને બીજાં જબરાં પક્ષી મારે છે; જળમાં તરતાં માછલાં આદિકને અન્ય મોટા મચ્છ આદિ મારે છે; સ્થળમાં ફરતાં મનુષ્ય, પશુ આદિને જમીન ઉપરનાં સિંહ, વાઘ, સાપ આદિ દુષ્ટ તિર્યંચ, તથા ભીલ, મ્લેચ્છ, ચોર, લૂંટારા, શિકારી, મહા નિર્દય મનુષ્ય કે પશુ મારે છે. આ સંસારમાં સર્વ સ્થાનોમાં નિરંતર ભય પામી નિરંતર દુઃખમય પરિભ્રમણ જીવો કરે છે. જેવી રીતે શિકારીના ત્રાસથી ભય પામીને દોડતું સસલું,

અજગરના ઉઘાડેલા મુખમાં દર જાણીને પ્રવેશ કરે છે, તેવી રીતે અજ્ઞાની જીવ ભૂખ, તરસ, કામ, ક્રોધાદિ તથા ઇંદ્રિયોના વિષયોની તૃષ્ણાના તાપથી ત્રાસીને સંતાપ પામીને વિષય આદિરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે. વિષયકષાયમાં પ્રવેશ કરવો એ જ સંસારરૂપ અજગરનું મુખ છે, તેમાં પ્રવેશ કરીને પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તા આદિક ભાવપ્રાણોનો નાશ કરીને નિગોદમાં અચેતન જેવો થઈ અનંતવાર જન્મ મરણ કરતો અનંતાનંત કાળ વ્યતીત કરે છે. ત્યાં આત્મા અભાવ તુલ્ય જ છે. જ્ઞાનાદિનો અભાવ થયો ત્યારે નાશ જ પામ્યો. નિગોદમાં અક્ષરના અનંતમા ભાગનું જ્ઞાન છે, તે સર્વજ્ઞે દીઠું છે. ત્રસ પર્યાયમાં પણ જેટલી જાતનાં દુઃખ છે, તે સર્વ પ્રકારનાં દુઃખ અનંતવાર ભોગવે છે. એવું કોઈ પ્રકારનું દુઃખ નથી કે જે આ જીવે સંસારમાં નથી ભોગવ્યું. આ સંસારમાં આ જીવ અનંત ભવ દુઃખમય પામે ત્યારે કોઈ એક વાર ઇંદ્રિયનાં સુખ મળે તેવો ભવ પામે છે. ત્યાં પણ વિષયોની તૃષ્ણાના સંતાપ સહિત, ભયશંકાવાળું અલ્પ આયુષ્ય હોય છે. ફરી અનંત ભવ દુઃખના ભોગવે છે. પછી કોઈ એક વાર ઇંદ્રિયોનાં સુખ મળે તેવો ભવ કદાચિત્ પામે છે.

ચારે ગતિનું કંઈક સ્વરૂપ પરમાગમને અનુસરીને ચિંતવન કરીએ છીએ.

**નરકગતિ :—**

નરકની સાત પૃથ્વીઓ છે (સાત પાતાળ છે). તેમાં ઓગણપચાસ પટલ (પ્રસ્તર-થર-માળ) છે, તે બધા પટલોમાં

ચોરાસી લાખ બિલ (નારકીને રહેવાનું સ્થાન) છે. તેને જ નરક કહીએ છીએ. તેની ભીંતો, છત અને ભૂમિ વજ્રમય હોય છે. કોઈ બિલ અસંખ્યાત યોજન લાંબાં પહોળાં હોય છે, કોઈ સંખ્યાત યોજન લાંબા પહોળાં હોય છે. તે દરેક બિલની છતમાં નારકી જીવોને ઉત્પન્ન થવાનાં સ્થાન છે. ઊંટના મુખના આકાર આદિવાળાં, સાંકડા મોંના, ઊંધા મુખવાળાં તે સ્થાન છે. તેમાં ઊપજી નારકી નીચે માથું અને ઊંચે પગ એવી રીતે નીચે વજ્રઅગ્નિમય પૃથ્વી ઉપર પડી, જોરથી પડેલી રબરની દડી વારંવાર ઊછળે તેમ ઊછળે છે, આળોટે છે. નરકની ભૂમિ કેવી હોય છે? અસંખ્યાત વીંછીના ડંખથી ઉત્પન્ન થતી વેદના કરતાં અસંખ્યાત ગુણી વેદના ઉત્પન્ન કરનાર તે ભૂમિનો સ્પર્શ છે. ઉપરની ચાર પૃથ્વીના ચાળીસ લાખ બિલ, તથા પાંચમી પૃથ્વીના બે લાખ બિલ મળી બેંતાળીસ લાખ બિલોમાં કેવલ અગ્નિની ઉષ્ણ વેદના છે. નરકની ઉષ્ણતા જણાવવા જેવો કોઈ પદાર્થ અહીં દેખવામાં, જાણવામાં આવતો નથી, કે તેની ઉપમા આપી ખ્યાલ આપી શકાય. તો પણ ભગવાનનાં કહેલાં શાસ્ત્રોમાં તે ઉષ્ણતાનું આ પ્રકારે અનુમાન કરાવ્યું છે, કે લાખ યોજન ઊંચા પર્વત જેવડો મોટો લોઢાનો ગોળો ઊંચેથી નરકમાં પડતો મૂકીએ તો નરકની ભૂમિ ઉપર પહોંચતાં પહેલાં નરક ક્ષેત્રની ઉષ્ણતાને લીધે રસરૂપ થઈ તે વહી જાય.

પાંચમી પૃથ્વીના ત્રીજા ભાગના અને છઠ્ઠી, સાતમી પૃથ્વીનાં શીત બિલોમાં ટાઢની એટલી તીવ્ર વેદના છે કે, લાખ યોજન જેવડો લોઢાનો ગોળો ત્યાં જમીન ઉપર મૂકીએ તો

ક્ષણમાત્રમાં ઠંડીથી ખંડખંડ થઈ વીખરાઈ જાય. આવી ગરમીની તથા ઠંડીની વેદનાવાળી નરકમાં કર્મને આધીન જીવો ઘોર દુઃખ અસંખ્યાત કાળ પર્યંત ભોગવે છે. આયુષ્ય પૂરું થયા વિના મરણ થતું નથી. શીત ઉષ્ણ વેદના ઉપરાંત ભૂખની વેદના એટલી બધી છે કે, આખા જગતની માટી, પથરા આદિ ખાઈ જાય તો પણ ભૂખનું દુઃખ મટે નહીં. તેમ છતાં એક કણ જેટલું પણ ભક્ષણ કરવાનું ત્યાં મળતું નથી. તરસની વેદના એટલી બધી છે કે, સર્વ સમુદ્રોનું પાણી પી જાય છતાં તરસની વેદના મટે નહીં. તોપણ ત્યાં એક ટીપું પણ પાણી પીવાને મળતું નથી. કરોડો રોગોની ઘોર વેદના ત્યાં એકી વખતે ઉત્પન્ન થાય છે. નવા નારકીને દેખીને મહા ભયંકર રૂપવાળા, અનેક હથિયારવાળા હજારો નારકી, 'મારો, ફાડો, ચીરો, છેદો' એવા ભયંકર અવાજો કરતા ચોતરફથી મારવા આવે છે. તે નારકી કેવા હોય છે? નાગા, ખડબચડા અને લૂખા શરીરવાળા, ભયંકર, કાળા રંગના, લાલ, પીળી અને વાંકી આંખો વડે ક્રૂર દેખાતા, ફાડેલાં મોંવાળા, લહલહાટ કરતી વિકરાળ જીભવાળા, કરવત જેવા તીક્ષ્ણ અને વાંકા દાંતવાળા, ઊંચા, લાલ, પીળા અને જાડા વાળવાળા, તીક્ષ્ણ નખથી ભયંકર, મહા નિર્દય, હુંડક સંસ્થાનવાળા છે. તે નારકીઓ આવીને મુદ્ગર, મુસંડીથી માથાનું ચૂર્ણ કરે છે. જેમ જલથી ભરેલા કુંડમાંના પાણીને મુસલ આદિથી કૂટીએ તો પાણી ઊછળીને તે જ કુંડમાં ભેગું આવીને મળી જાય છે, તેમ નારકીના શરીરના કટકે કટકા કરી એનું ચૂર્ણ કરીએ તોપણ શરીરના અવયવો છૂટા પડી સંધાઈ જાય છે. આયુષ્ય પૂરું થયા વિના મરણ થતું નથી.

તરવારથી કટકા કરે છે, કરવતથી વહેરે છે, કુહાડાથી ફાડે છે, વાંસલાથી છોલે છે, ભાલાથી વીંધે છે, શૂળીમાં પરોવે છે, પેટ વગેરે મર્મસ્થાન કાપે છે, ફાડે છે, આંખો ઉખાડે છે, તાવડામાં શેકે છે, કઢાઈમાં રાંધે છે, ઘાણીમાં પીલે છે. એવી રીતે પરસ્પર નારકી જીવો જે માર, ત્રાસ, દુઃખ દે છે તે કોઈ, કરોડો જીભે કરોડો વર્ષ પર્યંત કહે તોપણ એક ક્ષણ વારનું નરકનું દુઃખ કહેવાને સમર્થ નથી.

નરકમાં જે દુઃખદાયક સામગ્રી છે, તેનું એક ક્ષણ માત્રનું દુઃખ પણ આ લોકમાં નથી. નરકભૂમિની સામગ્રી અને નારકીઓનાં વિકરાળ રૂપ જો કોઈને સ્વપ્નમાં એક ક્ષણ વાર દેખાડીએ તો ભય પામી પ્રાણ ત્યજે, મૃત્યુ પામે.

નારકી જીવોની રસ સામગ્રી એવી કડવી છે કે, કાળી જીરી, ઝેર અને હલાહલમાં પણ એવી કડવાશ નથી. નારકી જીવોના દેહાદિકમાંથી એક કણ પણ અહીં આવે, તો તેની કડવી ગંધથી અહીંનાં હજારો પંચેન્દ્રિય પ્રાણી મરી જાય. નરકની માટી એવી ગંધાતી છે કે, જો સાતમી નરકની માટીનો એક કણ અહીં આવી જાય તો ચારે તરફના સાડીચોવીસ કોશના પંચેંદ્રિય જીવો દુર્ગંધથી મરણ પામે. એક એક નરકપટલની મૃત્તિકાની દુર્ગંધમાં અડધો અડધો કોશવિશેષ સુધીનાં દૂરનાં પ્રાણીને મારવાની શક્તિ હોય છે; તેથી ઓગણપચાસમા પટલની મૃત્તિકાની દુર્ગંધમાં સાડીચોવીસ કોશ પર્યંત મારણશક્તિ કહી છે.

નરકમાં વૈતરણી નદી છે. તેના પાણીના સ્પર્શમાત્રથી નારકીનાં શરીર ફાટી જાય છે. તેમાં ખાર, વિષ અને અગ્નિમાં

કકડાવેલું તેલ રેડતાં જ અત્યંત પીડા ઊપજે છે. ત્યાંનો પવન એવો હોય છે કે, અહીંના પર્વતને તેનો સ્પર્શ થતાં જ તે ભસ્મ થઈ ઊડીને જગતમાં વીખરાઈ જાય. નરકની વજ્ર અગ્નિને ધારણ કરવાને અહીંની પૃથ્વી, પર્વત, સમુદ્ર કોઈ સમર્થ નથી. તેના સ્વરૂપનું શું વર્ણન કરીએ? નારકીના શબ્દો એવા ભયંકર અને કઠોર છે કે, જો તેને અહીંના હાથી કે સિંહ સાંભળે તો તેનું હૃદય ફાટી જાય. પણ ત્યાં નારકીઓનાં કર્મ સાગરોપમનાં આયુષ્ય સુધી તેમને મરવા દેતાં નથી.

નિરંતર ‘‘માર માર’’ શબ્દ ત્યાં સંભળાય છે. રડે છે, પકડે છે, બાંધે છે, દોડે છે, ઘસડે છે, કચરી ચૂરો કરે છે, પરંતુ અંગ પાછું પારાની પેઠે એકરૂપ થતું જાય છે. ત્યાં કોઈ બચાવનાર નથી, દયા લાવનાર કોઈ નથી, રાજા નથી, મિત્ર નથી, માતા નથી, પિતા નથી, પુત્ર નથી, સ્ત્રી નથી, કે કુટુંબ આદિ કોઈ ત્યાં નથી. કેવળ પાપનું ફળ ભોગવવાનું હોય છે. કોઈ સંતાવાનું સ્થાન નથી. જેને પોતાનાં દુઃખ, દરદ કહીએ એવું કોઈ મળે નહીં; માત્ર ક્રૂર પરિણામી, મહા ભયંકર પાપી ત્યાં હોય છે. જેવી રીતે અહીં દુષ્ટ કૂતરાં આદિ પ્રાણીઓને બીજાં કૂતરાં આદિને દેખતાં જ વેર થાય છે, તેવી રીતે નારકી જીવોને પણ વગર કારણે પરસ્પર વેર થાય છે. દુઃખમાંથી નાસીને જંગલમાં જાય, ત્યાં શાલ્મલી વૃક્ષ આદિનાં પાંદડાં, અહીં શરીરને વાંસલા કે કુહાડા વડે જેમ કાપે, તેવી રીતે ઉપર પડીને અંગ છેદે છે, કાપે છે. વનમાંથી કે ગુફામાંથી સિંહ, વાઘ આદિક નીકળીને અંગ ફાડી નાખે છે. વજ્રમય ચાંચવાળાં ગીધ

આદિ પક્ષી નારકીનાં અંગને ચીરે છે, નેત્ર આદિ ઉપાડે છે, પેટ ફાડી આંતરડાં કાઢી લે છે. નરકમાં તિર્યંચ નથી હોતાં, તથાપિ નારકી વિક્રિયા વડે તિર્યંચરૂપ થઈ જાય છે. નારકીને અનેક શરીર એક સાથે કરવારૂપ વિક્રિયાશક્તિ નથી. સિંહ, વાઘ, કૂતરા, ઘુવડ, કે કાગડા આદિકનું એક શરીર એક કાળે ધારણ કરે છે. નારકીને શુભ કરવું હોય તોય શુભ થઈ શકતું નથી. માત્ર પોતાને અને પરને દુઃખદાયી પરિણામ કે દેહવેદના વિક્રિયા વડે ઉત્પન્ન કરવા સમર્થ છે. સુખ કરનારી વિક્રિયા થઈ શકતી નથી. સુખપ્રદ પરિણામ પણ થતાં નથી. સુખ આપે તેવો દેહ કે વેદના પણ બની શકે નહીં એવો ક્ષેત્રના નિમિત્તે ક્ષેત્રવિપાકી પાપકર્મનો ઉદય છે.

નરકમાં નારકી જીવોને મારવાનાં જુદી જુદી જાતનાં હથિયાર જેવાં કે, શૂળી, ઘાણી, યંત્ર, શેકવાનાં તળવાનાં અને રાંધવાનાં અનેક પ્રકારનાં દુઃખદાયી લોઢાના વાસણો, ક્ષેત્રના સ્વભાવથી જ છે. જ્યાં સુખદાયી સામગ્રી સ્વપ્નમાં પણ નથી હોતી, જ્યાં લોઢાની ધગધગતી પૂતળીમાંથી જ્વાળા નીકળતી હોય છે, જેનો સ્પર્શ મહા વેદના ઉત્પન્ન કરનાર હોય છે, તે પૂતળી ઊછળીને નારકીને પકડે છે, ભેટે છે; તેનો સ્પર્શ કરોડો વીંછીના ડંખ સમાન છે, વજ્રાગ્નિ સમાન છે, ઝેરી શસ્ત્રના ઘાથી અસંખ્યાત ગુણી વેદના કરનાર છે. નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેનો સ્વભાવ વગેરે દેખાડવાને, અનુભવ કરાવવાને સમસ્ત મધ્યલોકમાં કોઈ વસ્તુ દેખાતી નથી. પરંતુ એ પ્રકારનો કંઈક ખ્યાલ આવે તેટલા માટે કેટલીક વસ્તુઓનું વર્ણન કરીએ છીએ.

નારકી જીવોનાં દુઃખ તો સાક્ષાત્ ભગવાનનું કેવળજ્ઞાન જાણે છે. તથા નારકી થઈને આ જીવ ભોગવે છે ત્યારે જાણે છે. નારકીનો દેહ લોહી, માંસ, હાડ, ચામડી આદિ સાત ધાતુમય નથી. પરંતુ એનાં દેહનાં પુદ્ગલ ઊંટ, કૂતરાં, બિલાડાં, આદિનાં સડેલાં શબ કરતાં અસંખ્યાત ગુણાં ગંધાતાં હોય છે; અસંખ્યાતગુણી દુગંછા ઉત્પન્ન કરાવનારાં, જોવાં ના ગમે એવાં હોય છે. તેનું સ્વરૂપ જોયું જાય એમ નથી, સાંભળ્યું જાય એમ નથી. તેની ગંધ સૂંઘી જાય એમ નથી. મનુષ્યાદિ તો તે દેખતાં જ કે તેની દુર્ગંધ આવતાં જ પ્રાણરહિત થઈ જાય.

પૂર્વ જન્મમાં એવાં કોઈ માઠાં પરિણામથી નરકનું આયુષ્ય બાંધી જીવ નરકમાં ઊપજે છે. અસંખ્યાત કાળપર્યંત નરકમાં દુઃખ ભોગવે છે. બહુ પાપ કરનારા, ઘણા પરિગ્રહમાં આસક્તિ-વાળા, ઘોર હિંસાનાં પરિણામવાળા, વિશ્વાસઘાતી, ગુરુદ્રોહી, ધર્મદ્રોહી, કરેલા ઉપકારને ઓળવનાર-કૃતઘ્ની, પરધનના અને પરસ્ત્રીના લોલુપી, અન્યાયમાર્ગી, ધર્માત્મા કે ત્યાગીજનોને કલંક લગાડનારા, મુનિનો ઘાત કરનારા, ગામ બાળનારા, ઘાસ તરણાદિમાં કે વૃક્ષોમાં અગ્નિ મૂકનારા, દેવદ્રવ્ય ચોરનારા, તીવ્ર કષાયવાળા, અનંતાનુબંધી કષાયના ધારક, કૃષ્ણલેશ્યાવાળા, સારો આહાર મળતો હોય તોપણ જીભની લંપટતાને લઈને માંસ ખાનારા, દારૂ પીનારા, વેશ્યાના પ્રેમમાં પડેલા, બીજાના વિઘ્નમાં સંતોષ માનનારા, તીવ્ર લોભી, દુરાચારી, મિથ્યાત્વી, અભક્ષ્ય અને અન્યાયની પ્રશંસા કરનારા, ખોરાકમાં ઝેર વગેરે ભેળવનારા, ઝેરી વનસ્પતિ ઉપજાવનારા અને તેનો વેપાર કરનારા, વનમાં

દાવાગ્નિ લગાડનારા, જીવોને વાડામાં પૂરી બાળી નાખનારા અને હિંસક કાર્યની પરંપરા ચલાવનારા જીવો નરકે જાય છે.

નરકમાં અંબાબરીષાદિ પરમાધર્મી દુષ્ટ અસુરકુમાર ત્રીજી પૃથ્વી સુધી જઈને પરસ્પર લડાવે છે. કોઈ નારકીને ત્રીજી પૃથ્વી સુધીમાં પૂર્વના સંબંધી દેવ આવી ધર્મનો ઉપદેશ પણ દે છે; કોઈ પોતાનાં પૂર્વનાં પાપની નિંદા કરે છે, ભારે પશ્ચાત્તાપ કરે છે કે, ''મને પૂર્વે સત્પુરુષોએ ઘણી ઘણી શિખામણ દીધી હતી કે, અરે ! અનીતિને માર્ગે ન ચાલો, એ આદિ ઘણો ઉપદેશ પણ દીધો હતો. પરંતુ વિષયકષાયના મદથી આંધળા થઈને મેં પાપીએ તે શિખામણ માની નહીં. હવે દૈવબળ (પ્રારબ્ધ) અને પુરુષાર્થબળ રહિત હું શું કરું ? જે પાપી, દુરાચારી, પાપમાં પ્રેરણા કરનારા, વ્યસની અને અનીતિને પોષનારા લોકોએ મને નરકે નાખ્યો તે દેહ છોડીને ક્યાં ગયા તેની ખબર નથી. મારી સાથે તો કોઈ દેખાતા નથી. મારું ધન ભોગવવામાં, વિષયો સેવવામાં સાથે રહેતા એવા પાપમાં પ્રેરનાર મિત્ર, પુત્ર, બાંધવો, સ્ત્રી-પરિવાર આદિને હવે ક્યાં દેખવાનાં ?'' આ પ્રકારે અવધિજ્ઞાનથી જાણી, પૂર્વભવમાં કરેલાં દુરાચરણનો પશ્ચાત્તાપ કરતા કોઈ ઘોર માનસિક દુઃખ ભોગવે છે. કોઈ મહા ભાગ્યશાળીને સમ્યક્દર્શન પણ થાય છે. નરકના ભવને લઈને કષાય અને દુઃખ એની મેળે ઉત્પન્ન થાય છે. પોતે કોઈને મારવાનો અભિપ્રાય રાખતો નથી, તોપણ કષાયની પ્રબળતા કર્મના ઉદયને લઈને રોકી શકાતી નથી. હાથ વગેરે આપોઆપ શસ્ત્રરૂપ પરિણમે છે.

નારકી જીવોને એક ક્ષણ જેટલો વિસામો નથી, ઊંઘ નથી. ભૂમિના સ્પર્શનું દુઃખ પણ કેવળી જાણે છે. અતિ તીવ્ર કર્મના ઉદયમાં કોઈ શરણ નથી. શરણ મેળવવા ઇચ્છે અને શોધે પણ ત્યાં કોઈ દયાવાળા હોતા નથી. સર્વ ક્રૂર, નિર્દયી, ભયંકર, ઉગ્ર દેહ ધારણ કરનારા, અંગારા જેવી બળતી આંખોવાળા, ભયંકર અશુભ ધ્યાન કરાવનારા, ક્રોધ ઉપજાવનારા ઘોર નારકી છે. તે નારકીઓના મહાવિલાપ, રુદન, માર અને ત્રાસના ઘોર શબ્દો ત્યાં સંભળાય છે કે, "અહો! જ્યારે મનુષ્યપણામાં હું સ્વાધીન હતો, ત્યારે મેં આત્મકલ્યાણ ન કર્યું; હવે દૈવ અને પુરુષાર્થ બન્ને શક્તિથી રહિત હું શું કરું? પૂર્વે જે જે નિંદવા લાયક કર્મો કર્યાં છે તે બધાં યાદ કરતાં જ મારું હૃદય બળે છે. જે દુઃખ એક નિમિષ માત્ર સહ્યું જતું નથી, તે અહીં સાગરોપમ સુધી કેવી રીતે સહન થશે? જેમને અર્થે પાપકર્મ કર્યાં તે સેવક, સ્ત્રી, પુત્ર, બાંધવો અહીં ક્યાં છે? એ તો ધન હતું ત્યારે વિષયો ભોગવવામાં સાથે હતા. હવે આ દુઃખમાં ક્યાં મળે? આવાં દુઃખોમાંથી બચાવનાર તો એક દયામૂળ ધર્મ છે. એ ધર્મ મેં પાપીએ ઉપાર્જન કર્યો નહીં. પરિગ્રહરૂપ ભૂતના વળગાડને લઈને બેભાન થયેલા મેં એમ જાણ્યું નહીં કે, કાળરૂપ સિંહનો પંજો લાગતાં એક ક્ષણમાં મરીને હું નરકે જઈશ." ઇત્યાદિ મનમાં સંતાપ થવાથી ઘોર દુઃખ ભોગવે છે. પૂર્વભવે અન્ય પ્રાણીઓને કાપીને માંસ ખાધું છે, તેથી તેને તેના શરીરને કાપી કાપીને ખવરાવે છે. પૂર્વે મદિરા પીધી છે, અભક્ષ્ય ખાધાં છે તેને અનેક નારકી તાંબા કે લોઢાનો ગાળેલો રસ

સાંણસીથી મોં ફાડીને પાય છે. જે પરસ્ત્રીના લંપટી હતા, તેમને વજ્રઅગ્નિમય પૂતળાં બળાત્કારે પકડી ઘણા કાળ સુધી આલિંગન કરે છે. આંખના પલકારા જેટલો કાળ પણ ત્યાં સુખ નથી. જો કદાપિ ક્ષણવાર કોઈ ભૂલી જાય, તો દુષ્ટ પરમાધર્મી અસુર પ્રેરણા કરે છે કે નારકી પરસ્પર પ્રેરણા કરે છે. વધારે શું કહીએ? અસંખ્યાત પ્રકારનાં દુઃખ અસંખ્યાત કાળ પર્યંત નરકમાં નારકી જીવો ભોગવે છે.

સંસારમાં જીવનો ઉદ્ધાર કરનાર એક ધર્મ છે, તે ધર્મ સેવ્યો નહીં, તો નરકમાં કોણ રક્ષા કરે? ધન, કુટુંબ આદિક કોઈ જીવની સાથે જતાં નથી. પોતાના શુભાશુભ ભાવથી બાંધેલાં પુણ્ય કે પાપ કર્મ સાથે રહે છે. કામભોગની ઇંદ્રિય અને જીભ ઇંદ્રિયના વિષયોનો લોલુપી હોય છે તે નરકાદિ ગતિમાં દુઃખને પાત્ર થાય છે. આ પ્રકારે અનેક વાર નરકે જઈને ઘોર દુઃખ ભોગવ્યાં છે.

**તિર્યંચ ગતિ :—**

તિર્યંચ ગતિમાં પણ અનંતકાળનું પરિભ્રમણ છે, અને દુઃખનો કંઈ પાર નથી; માત્ર દુઃખમય જીવન છે.

**પૃથ્વીકાય :—**

પૃથ્વીકાયમાં આ જીવ ખોદાય છે, બળાય છે, કચરાય છે, ઓગળાય છે, ફડાય છે, છેદાય છે. એમ અનેક પ્રકારનાં દુઃખ પામે છે. ત્યાં કોણ રક્ષા કરે?

**જલકાય :—**

જલકાયમાં આ જીવ ઊકળાય છે, બળાય છે, મસળાય છે, અન્યમાં મેળવાય છે, પિવાય છે, ઝેર-ક્ષાર કડવાશમાં

ભેળવાય છે. તપાવેલી લોઢા વગેરે ધાતુ તથા પથ્થર ઉપર રેડાતાં ઘોર દુઃખના શબ્દો કરતો બળાય છે, પર્વત ઉપરથી પડતાં શિલાપર પછડાય છે, લાકડીવડે કુટાય છે. અંગારા ઉપર રેડાય છે, ઉનાળામાં તપેલી જમીન, ધૂળ વગેરે ઉપર છંટાય છે. એમ વિવિધ દુઃખો જીવ સહન કરે છે. પણ કોઈ એની દયા ખાનાર નથી. પૂર્વ ભવમાં દયાધર્મનું પાલન ન કરવાથી આ ભવમાં તેના ઉપર કોઈ દયા કરતું નથી.

**અગ્નિકાય :—**

અગ્નિકાયમાં પણ આ જીવ દબાતાં, ઓલાતાં, કુટાતાં, છેદાતાં આદિ અનેક ક્રિયા-પ્રકારમાં ઘોર દુઃખથી પીડાય છે. કોણ રક્ષા કરે ?

**પવનકાય :—**

વાયુકાયમાં આ જીવ પર્વતનાં કઠણ પડખાં ઉપર નિરંતર પછડાય છે, ચામડાની ધમણથી અગ્નિમાં ધમાય છે, વીંઝણા, પંખા કે વસ્ત્રથી પટકારાય છે, વૃક્ષોના પછાડાથી અથડાય છે, પછડાય છે; એમ દુઃખસમૂહને અનેક પ્રકારે વેદે છે.

**વનસ્પતિકાય :—**

સાધારણ વનસ્પતિકાયમાં એકની ઘાત થતાં અનંત જીવોની ઘાત થાય છે. એવી ઘાતથી વારંવાર મરણ ઇત્યાદિક અનેક દુઃખો જે જીવ ભોગવે છે તે તો જ્ઞાની જ જાણે છે. પ્રત્યેક વનસ્પતિકાયમાં પણ આ જીવ કપાય છે, છેદાય છે, છોલાય છે, સમારાય છે, રંધાય છે, ચવાય છે, તળાય છે, ઘી, તેલ વગેરેમાં છમકારાય—વઘારાય છે, વહેંચાય છે, ચિરાય છે, વટાય છે, ઘસાય છે, ગળાય છે, નીચોવાય છે,

ઘાણીમાં પિલાય છે, કચરાય છે. એમ નાના પ્રકારે ઘોર દુઃખ આ જીવ પામે છે.

**એકેંદ્રિય—**

એકેન્દ્રિયના ભવમાં બોલવાને જીભ નથી, દેખવાને નેત્ર નથી, સાંભળવાને કાન નથી; હાથ, પગ વગેરે અંગઉપાંગ નથી; ત્યાં કોઈ રક્ષક નથી. અસંખ્યાત અનંત કાળ પર્યંત ઘોર દુઃખમય એકેન્દ્રિયપણાથી છુટાતું નથી.

મિથ્યાત્વ, અન્યાય, અભક્ષ્ય આદિના પ્રભાવથી જીવના જ્ઞાન આદિ ગુણો નાશ પામે છે. એકેન્દ્રિયમાં અલ્પ માત્ર પર્યાયજ્ઞાન રહે છે. આત્માનો સર્વ પ્રભાવ, શક્તિ, સુખ નાશ પામે છે. ચેતન તે જડ, અચેતન જેવો થઈ જાય છે. માત્ર અત્યંત અલ્પ જ્ઞાનની સત્તા એક સ્પર્શ ઇંદ્રિય દ્વારા વર્તતી હોય છે. તે જ્ઞાનીના જાણવામાં આવે છે. સમસ્ત શક્તિ રહિત, કેવલ દુઃખમય એકેન્દ્રિયના ભવમાં જન્મ-મરણ આદિનાં દુઃખ જીવ ભોગવે છે.

**વિકલચતુષ્ક—**

કદાપિ કોઈ ત્રસ (બે ઇંદ્રિય આદિ) ભવ પામે તો વિકલ ચતુષ્ક (બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, મન વગરના પંચેન્દ્રિય) ભવમાં ઘોર દુઃખ ભોગવે છે. લહલહાટ કરતી જીભ ઇંદ્રિયનો માર્યો, તીવ્ર ભૂખતરસમય વેદનાનો માર્યો, જીવ નિરંતર આહાર શોધતો ફરે છે. ઇયળ, કીડા, કીડી પોતાનાં મુખ ફાડી આહાર માટે દોડતાં ફરે છે. માખી, કરોળિયા, મચ્છર, ડાંસ ભૂખનાં માર્યાં નિરંતર આહાર શોધતાં ફરે છે; રસમાં પડે છે; પાણીમાં પડે છે; અગ્નિમાં પડીને મરી જાય છે;

પવનના ઝપાટાથી કે વસ્ત્રની પછાડથી મરી જાય છે; તિર્યંચ ઢોર પશુનાં પૂંછડાંથી, ખરીથી નાશ પામે છે; મનુષ્યના નખ, હાથપગ આદિ વડે હણાઈ જાય છે, કચરાઈ જાય છે, કપાઈ જાય છે, દબાઈ જાય છે; મલ, કફ આદિમાં પડીને મરી જાય છે. વિકલત્રય (બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળાં) ઉપર કોઈ દયા કરતા નથી. ચકલાં, કાગડા ચણી જાય છે; ઘરોળી, સાપ ઇત્યાદિક ખોળી ખોળીને મારે છે; પક્ષી મોટી વજ્ર જેવી ચાંચ વડે ખાઈ જાય છે, ચીરે છે. અગ્નિમાં અનેક ઘુણ, ઇયળો, મેઢ વગેરે લાકડાં સાથે બળી જાય છે. કરોડો જીવડાં અનાજની સાથે દબાઈ જાય છે, ખંડાઈ જાય છે, ભાડભૂંજાને ત્યાં શેકાઈ જાય છે, રંધાઈ જાય છે. બોર વગેરે ફળોમાં, ફૂલોમાં, શાક-પાંદડાંમાં અનેક જીવ કપાઈ જાય છે, છોલાઈ જાય છે, કચરાઈ જાય છે, કકડી જાય છે, ચવાઈ જાય છે; કોઈ દયા લાવતું નથી. વળી લીલા, સૂકા મેવાનાં ફળોમાં, ઔષધિઓમાં, ફૂલ, પાન, ડાળી, મૂળિયાં, છાલમાં તથા મર્યાદાથી વધારે વખત પડી રહેલી વાસી રસોઈમાં, દહીં, દૂધ આદિ રસમાં વિકલત્રય કે પંચેન્દ્રિય જીવો ઊપજે છે, તે બધાં ખવાઈ જાય છે, જીવ જંતુ ચણી જાય છે, અગ્નિમાં બળી જાય છે; કોણ દયા કરે?

વિકલત્રયની ઉત્પત્તિ ચોમાસામાં બહુ હોય છે. બધી જમીન જીવડાંથી છવાઈ જાય છે; ઢોરના પગે, મનુષ્યના પગે, ઘોડાની ખરીએ, રથ, બળદ, ગાડાં, ગાડી વડે જીવડાં ચૂંથાઈ જાય છે, કપાઈ જાય છે; કોઈ જગાએ તેના પગ કપાઈ જાય છે ક્યાંક તેનાં માથાં કપાઈ જાય છે, ક્યાંક તેનાં પેટ ફાટી જાય છે; કોણ દયા કરે? કોઈ જોતાય નથી. કેવી દુઃખદાયી

સ્થિતિ! આ પ્રકારે વિકલત્રય (બે ત્રણ ચાર ઇંદ્રિયવાળાં) તિર્યંચો ભિન્ન ભિન્ન પ્રકારનાં દુ:ખ વડે મરણ પામે છે. ભૂખ, તરસ, ટાઢ અને તાપની વેદનાથી, વરસાદની, પવનની, ઝાકળની પીડાથી મરણ પામે છે. ઢેફાના પડવાથી, માટી, ઠીકરું, જોડાં, લાકડી, મળ, મૂત્ર, ઊકળતું પાણી, અગ્નિ ઇત્યાદિ પડવાથી દબાઈ ચંપાઈને મરી જાય છે. વિકલત્રય જીવો તરફ કોઈ જોતુંય નથી. વખતે દેખે તોય દયા લાવે નહીં. ઘી, તેલ આદિમાં પડીને, દીવા કે દેવતા આદિમાં પડીને મરે છે અને ઘોર દુ:ખ ભોગવતાં ફરી ઉત્પન્ન થાય છે અને ફરી મરે છે. એમ અસંખ્યાત કાળ સુધી દુ:ખ ભોગવે છે.

**પંચેંદ્રિય તિર્યંચ—**

કદાપિ પંચેંદ્રિય તિર્યંચ (પશુ પક્ષી માછલાં આદિ) થાય છે, તો જલચર જીવોમાં બળવાન નિર્બળને ખાઈ જાય છે, મચ્છીમારની જાળમાં કે કાંટા વડે માછલાં પકડનારાના કાંટામાં ફસાઈને મરે છે. જીવતાં માછલાંને કેટલાક બાફી ખાય છે.

વનચર જીવો વનમાં સદાય ભયભીત રહે છે. ભૂખ, તરસ, ટાઢ, તાપ, વરસાદ, પવન, કાદવ આદિની ઘોર વેદના સહન કરે છે. ખાવાનું મળવુંય મુશ્કેલ. ભૂખની ભારે વેદના ભોગવે છે. કદી આહાર મળે તો પાણી ન મળે તેથી તીવ્ર તરસની વેદના ભોગવે છે. શિકારી કે પારધીથી વીંધાઈ કે પકડાઈ મરે છે, દરમાંથી પારધી ખોદી ખોદીને કાઢે છે અને મારે છે. બળવાન પશુ નિર્બળને ગુફામાં, પર્વતમાં, વૃક્ષમાં, ખાડામાં, છાનાંમાનાં સંતાઈ રહ્યાં હોય ત્યાંથી છળકપટથી

પકડીને મારે છે. સિંહ, વાઘ વગેરે પણ સદા ભયભીત રહે છે, આહાર મળવાનો નિયમ નથી હોતો, બહુ ભૂખ્યા, તરસ્યા પડ્યા રહે છે. કદી કિંચિત્ અલ્પ આહાર બે ત્રણ દિવસે મળે. ન મળે તો ઘોર વેદના ભોગવતાં મરી જાય છે. પારધી, કસાઈ જેવા મનુષ્યો યંત્રોથી કે જાળના ઉપાયોથી પશુપક્ષીને પકડીને મારી મારીને વેચે છે, ખાય છે. જીવતાં પ્રાણીઓના પગ કાપીને વેચે છે, જીભો કાપી આપે છે, ઇંદ્રિયો કાપીને વેચે છે, પૂંછડાં કાપીને વેચે છે; મર્મસ્થાન કાપે છે, છેદે છે, તળે છે, રાંધે છે. તે તિર્યંચ ગતિમાં કોઈ શરણ નથી; કોઈ ઉપાય નથી. તિર્યંચોમાં માતા પુત્રનું ભક્ષણ કરે છે, તો અન્ય કોણ રક્ષા કરે ?

નભચર પક્ષીઓને પણ નિરંતર દુઃખ હોય છે. નિર્બળ પક્ષીઓને બલવાન પક્ષી પકડીને મારે છે. બાજ પક્ષી દિવસે મારી ખાય. વાગોલો, ઘુવડ ઇત્યાદિ રાત્રે ફરનારાં દુષ્ટ પક્ષીઓ પાસે જઈને તોડી ખાય છે. બિલાડી, કૂતરા પક્ષીઓને છેતરીને મારે છે. પક્ષીઓ ભયભીત થઈને વૃક્ષની છેવાડી ડાળીઓ પકડીને રાત ગાળે છે; સૂવાનું, પાથરવાનું, બેસવાનું મળતું નથી; પવનની, પાણીની, વરસાદની, ઝાકળની, ટાઢની ઘોર વેદના ભોગવી ભોગવીને મરી જાય છે. દુષ્ટ મનુષ્યો પક્ષીઓને પકડી પીંછાં ઉપાડી નાખે છે, ચીરે છે, ઊકળતા તેલમાં જીવતાં તળીને ખાય છે, રાંધે છે. જ્યાં જોઈએ ત્યાં તિર્યંચોને ઘોર દુઃખ છે. એ બધું હિંસાનું ફળ છે.

હાથી, ઘોડા, ઊંટ, બળદ, ગધેડાં, પાડા એ જીવોનાં પરાધીનતાનાં દુઃખ કોણ કહી શકે ? નાક વીંધીને સાંકળ કે

દોરડાની નાથ ઘાલે; પરાધીનપણે બાંધી રાખે, ફાવે ત્યાં ફરવાનું ખાવાનું નહીં. તાપે બાંધે, વરસાદમાં બાંધે, ટાઢમાં બાંધે; પરવશ પડ્યા શું કરે? બહુ ભાર ભરે છે, માર માર કરે છે, પરોણાની આર ઘોંચે છે, ચામડાના સાટકા વડે વારંવાર માર્ગમાં મારે છે. લાકડી કે સોટીના મર્મસ્થાનમાં ગોદા મારે કે સોળ પડે તેમ ઝાપટે છે. પીઠ ગળી જાય, માંસ કપાઈને ખાડા પડી જાય, ખાંધ ગળી જાય, નાક ગળી જાય, કીડા પડી જાય, પથ્થર, લાકડાં કે ધાતુના કઠોર ભારથી હાડકાંનાં ચૂરા થઈ જાય, પગ ટૂટી જાય, મહારોગી થઈ જાય; ઉઠાતું ન હોય, વૃદ્ધાવસ્થાથી નિર્બળ થઈ જાય, તોય બહુ ભાર લાદે છે; બહુ દૂર લઈ જાય છે. ભૂખની વેદના, તરસની વેદના, રોગની વેદના, તાપની વેદનાની દરકાર કર્યા વિના મધ્યરાત પછી બહુ ભાર ભરે છે, જે ભાર બીજે દિવસે ત્રીજો પહોર પૂરો થયે ઉતારે છે. ઘાસ, કાંટા, છોડાંનું દાણા વિનાનું ગોતું થોડું નીરસ ખાવાનું આપે, તે પણ પૂરું પેટ ભરીને નહીં. પરાધીનતાનું દુઃખ તિર્યંચ જેવું બીજી કોઈ ગતિમાં નથી.

નિરંતર બંધનમાં, પાંજરામાં પશુ ઘોર દુઃખ ભોગવે છે. ચંડાળ, કસાઈ, ચમારને બારણે બાંધ્યાં રહે છે, ખાવાને મળતું નથી. પુણ્યવંતને બારણે બીજાં પશુને ખાતાં દેખી મનમાં દુઃખી થાય છે. પારકા ઘાસમાં કે ટોપલામાં મોઢું ઘાલે ત્યાં તો પાંસળામાં ધોકો વાગે. મહાન ઘોર ભૂખનાં દુઃખ ભોગવે છે. બળદ, કૂતરાં ઇત્યાદિ પશુઓની આંખ ઉપર, કાનમાં, ઇંદ્રિય, આંચળ આદિ સ્થાનમાં ઘોર વેદના દેનાર જંગોડા, બગાઈ

આદિ પેદા થાય છે. તે સર્વ મર્મસ્થાનમાં તીક્ષ્ણ મુખથી લોહી ચૂસે છે, તેની ઘોર વેદના ભોગવે છે. પાણી અને ઘાસની અછતથી તે ન મળે એવો ઉનાળો કેટલીક ઘોર વેદના વેદતાં પૂરો કરે. જ્યારે શ્રાવણ માસમાં ઘાસ પેદા થાય ત્યારે પાપના ઉદયથી કરોડો ડાંસ, મચ્છર પણ પેદા થઈ જાય છે. તેથી જ્યાં ચરવા જાય ત્યાં ડાંસ-મચ્છરના તીક્ષ્ણ ડંખથી ઊછળતાં ફરી ઘાસ તરફ મોં પણ કરી શકતાં નથી, બેસે કે સૂઈ જાય ત્યાં જૂવા જંપવા ન દેતાં કરડી કરડી દુઃખ આપે છે. ઊંટ, ઘોડા, બળદ ઇત્યાદિ માર્ગમાં ભારના દુઃખથી, વૃદ્ધાવસ્થાથી કે રોગથી થાકી જાય, ચલાય નહીં, પડી જાય, પગ ટૂટી જાય, માર ખાવા છતાં ચાલવાને સમર્થ ન હોય તો વનમાં, જળમાં, પર્વતમાં જ્યાં ત્યાં તેને પડી રહેવા દઈ ધણી ચાલ્યો જાય છે. નિર્જન જગામાં કે કાદવમાં તે એકલું પડ્યું રહે છે. ત્યાં કોઈ શરણ નથી. કોને કહે? કોણ પાણી પાય? ઘાસ ક્યાંથી આવે? તાપમાં, કાદવમાં, ટાઢમાં, વરસાદમાં, પડ્યાં પડ્યાં ઘોર ભૂખ, તરસની વેદના ભોગવે છે; નિર્બળ જાણી દુષ્ટ પક્ષી લોઢા જેવી ચાંચોથી આંખો ખોતરી ખાય છે, મર્મસ્થાનમાંથી અનેક જીવ માંસ કરડી કરડીને ખાઈ જાય છે. નરકના જેવી ઘોર વેદના ભોગવતાં કોઈ દિવસે તરફડાટ કરતાં બહુ આકરાં દુઃખ ભોગવીને મરે છે. અનીતિથી ધન હરી લીધેલું, છળકપટી થઈને દાન લીધેલું, વિશ્વાસઘાત કરેલો, અભક્ષ્ય ભક્ષણ કરેલું, રાત્રે ભોજન કરેલાં, નિર્માલ્ય દેવદ્રવ્ય ખાધેલું, પરના ઉપર આળ મૂકેલું, પોતાનાં વખાણ

કરેલાં, પારકી નિંદા કરેલી, બીજાનાં છિદ્ર જોયેલાં, પારકા મિષ્ટાન્નની લાલસા રાખેલી, અતિ માયાચાર કરેલા તે બધાનાં આ ફળ તિર્યંચ ગતિમાં જીવ ભોગવે છે.

અસંખ્યાત, અનંત ભવ તિર્યંચ ગતિમાં વારંવાર ધારણ કરતાં, માયાચાર આદિ તીવ્ર પાપનાં કારણથી તિર્યંચ કે નરક ગતિનાં કારણરૂપ નવાં કર્મ બાંધતાં અનંતકાળ વિતાવે છે. આ બધું મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણનું ફળ છે.

## મનુષ્યગતિ :–

મનુષ્યગતિમાં પણ કોઈ તો ઢોર પશુ જેવા જ્ઞાન રહિત છે. કેટલાકનાં માતા પિતા જન્મ આપીને મરી જાય છે. પછી તે બીજાને ખાતાં વધેલી એંઠ વગેરે ખાઈને, ભૂખ તરસની પીડા સહન કરીને, પારકા ઠપકા, તિરસ્કાર ખમતાં ઊછરે છે. બીજાની ચાકરી કરે છે. ઢોર પશુની પેઠે ભારે બોજા વહે છે. એક શેર અનાજથી પેટ ભરવા માટે એક બોજો માથા ઉપર, એક બોજો પીઠ ઉપર, એક બોજો હાથમાં બાર ગાઉ સુધી લઈને ચાલે છે; અનાજનો, ઘીનો, તેલનો, મીઠાનો કે ધાતુનો આકરો ભાર વહે છે. કોઈ આખો દિવસ પાણી ભર્યા કરે છે. કોઈ રાતદિવસ પરદેશમાં ફર્યા કરે છે. કોઈ વીસ કે ત્રીસ ગાઉ પેટ ભરવા માટે રોજ દોડે છે. કોઈ પથ્થરનો, કોઈ માટીનો ભાર નિરંતર વહે છે. કોઈ નોકરીમાં પરાધીન થઈને મનુષ્યભવ ગુમાવે છે. કોઈ લુહાર થઈને લોઢું ઘડીને પેટ ભરે છે. કોઈ લાકડાં કાપે છે, વહેરે છે, ફાડે છે, ઘડે છે ત્યારે અન્ન મળે છે. કોઈ વસ્ત્ર ધુએ છે, રંગે છે, છાપે છે, સીવે છે, ગૂંથે

છે, તૂણે છે, વણે છે. કોઈ માટીનાં વાસણ ઘડે છે, કોઈ ધાતુનાં વાસણ ઘડે છે, કોઈ ઘરેણાં ઘડે છે. કોઈ ઢોર પશુની સેવા કરે છે, પાળે છે, તોય પૂરતું પેટ ભરાતું નથી. કોઈ ઘાસના ભારા કે લાકડાનાં ભારા વહીને જન્મારો પૂરો કરે છે. કોઈ મળમૂત્ર સાફ કરે છે, મળમૂત્રનો ભાર વહે છે. કોઈ ચામડાં ઉતારે છે, સાફ કરે છે. કોઈ પીલે છે, કોઈ દળે છે, કોઈ ખાંડે છે, કોઈ રાંધે છે, કોઈ અગ્નિસંસ્કાર કરે છે (મડદાં બાળે છે.) કોઈ ભાડભૂંજા છે. કોઈ ભઠિયારા છે. કોઈ ઘી, તેલ, મીઠા આદિ વડે આજીવિકા ચલાવે છે. કોઈ દીન થઈને ઘેર ઘેર માગે છે, કોઈ રંક થઈને ફરે છે, કોઈ રડે છે. એમ અનેક કર્મને વશ થઈને, આત્માને ભૂલીને મનુષ્યભવ વૃથા ગુમાવે છે.

કોઈ ચોરી કરે છે, કોઈ છળકપટ કરે છે, કોઈ જૂઠું બોલે છે, કોઈ વ્યભિચાર સેવે છે, કોઈ ચાડી ખાય છે, કોઈ છાપો મારે છે, કોઈ માર્ગમાં લૂંટે છે, કોઈ લડાઈમાં જાય છે, કોઈ સમુદ્રમાં નાવ ચલાવે છે, કોઈ ગાઢ જંગલમાં પ્રવેશ કરે છે, કોઈ નદી ઊતરે છે, કોઈ કૂવે કોસ જોડે છે, કોઈ ખેતી કરે છે, કોઈ વાવે છે, કોઈ લણે છે, કોઈ લોભ અને અભિમાનને વશ થઈને હિંસા કરે છે; હિંસા થાય તેવા વેપાર કરે છે. કોઈ નામું લખે છે, કોઈ ચિત્ર કાઢે છે, કોઈ ઈંટો, ચૂનો પકવે છે, કોઈ ઘર ચણે છે. કોઈ જુગાર રમે છે, કોઈ વેશ્યાગમન કરે છે, કોઈ દારૂ પીધા કરે છે. કોઈ રાજ્યની સેવા કરે છે, કોઈ નીચ માણસોની સેવા કરે છે, કોઈ ગાવા, બજાવવાની વિદ્યાથી આજીવિકા ચલાવે છે, કોઈ નાચે છે. આમ કર્મને આધીન અનેક પ્રકારના ક્લેશવડે મનુષ્યપણું વિતાવે છે. પુણ્યપાપને

આધીન થઈને ભિન્ન ભિન્ન મનુષ્યો ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્મ ગ્રહણ કરીને ભિન્ન ભિન્ન ફળ ભોગવતા દેખાય છે.

કોઈ અનાજ વેચે છે, કોઈ ગોળ, ખાંડ, ઘી, તેલ આદિક વડે આજીવિકા ચલાવે છે. કોઈ વસ્ત્રોનો, કોઈ સોનારૂપાનો, કોઈ હીરા, મોતી, મણિ, માણેક ઇત્યાદિનો વેપાર કરીને આજીવિકા ચલાવે છે. કોઈ લોઢા, પીત્તળ ઇત્યાદિ ધાતુના વેપારથી, કોઈ લાકડાં પથ્થરના વેપારથી, કોઈ મેવા, મીઠાઈ, પૂડા, ઘેબર, લાડુ આદિના વેપારથી, કોઈ શાક વગેરેના વ્યાપારથી, કોઈ અનેક ઔષધ ઇત્યાદિના વેપારથી કર્મને આધીન અનેક પ્રકારે આજીવિકા ચલાવે છે. કોઈ વેપારી છે, કોઈ ગુમાસ્તો છે, કોઈ દલાલ છે; કોઈ ઉદ્યમી છે, કોઈ નિરુદ્યમી આળસુ છે, કોઈ મનગમતાં કપડાં ઘરેણાં પહેરે છે, કોઈ કષ્ટથી પેટ ભરાય તેટલું ખાવાનું પામે છે, કોઈ વગર મહેનતે સુખે ભોજન કરે છે. કોઈ ભિખારી ભીખ માગીને ખાય છે; કોઈ પૂજ્ય ગુરુ બનીને ખાય છે, કોઈ રંક દીન થઈને ખાય છે; કોઈ અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન ખાય છે, કોઈ નીરસ ભોજન કરે છે; કોઈ પેટ ભરીને ઘણી વાર દિવસમાં ખાય છે, કોઈને લૂખા બાકળાનું નીરસ ભોજન પણ અડધું પેટ ભરાય તેટલું જ મળે છે. કોઈને એક દિવસને આંતરે આહાર મળે છે; કોઈને બે ત્રણ દિવસે પણ ભાગ્યે મળે છે. ખાવાપીવાનું નહીં મળવાથી ભૂખતરસની વેદનાથી કોઈનું મરણ થાય છે. કોઈ કેદખાનામાં પરવશ પડ્યા પડ્યા ઘોર વેદના સહન કરે છે. કોઈ પોતાનાં સગાંવહાલાંના વિયોગરૂપ અગ્નિથી બળે છે, કોઈ

રોગથી થયેલી ઘોર વેદના આખો જન્મારો ભોગવીને આર્તધ્યાનથી મરે છે; કોઈ તાવ, શ્વાસ, ખાંસી, ઝાડા, વાયુ, પિત્ત, પેટનાં દુઃખ, જળોદર, કઠોદર આદિની ઘોર વેદના ભોગવે છે. કાનમાં સણકા, દાંતમાં સણકા, નેત્ર શૂળ, મસ્તક શૂળ તથા પેટમાં શૂળ આવવાથી ઘોર વેદના ભોગવી કોઈ મરી જાય છે. કોઈ જન્મથી આંધળા, બહેરા, બોબડા, લૂલા, ઠૂંઠા, અપંગ થઈને જન્મારો પૂરો કરે છે. કોઈ થોડાં વર્ષ પછી આંધળા, બહેરા, મૂંગા, પાંગળા થઈ પરાધીન થઈ માનસિક અને શારીરિક ઘોર દુઃખ ભોગવે છે. કોઈને લોહી વિકારથી ખસ, ખરજવું, દરાજ, કોઢ આદિ થઈ આંગળી, હાથ, નાક, પગ વગેરે ગળી જાય છે. કર્મના ઉદયની ગતિ ગહન છે.

કોઈ અંતરાય કર્મના ઉદયથી નિર્ધન થઈને અનેક દુઃખો ભોગવે છે. કોઈનું કદી પેટ ભરાય, કદી ન ભરાય, કોઈને નીરસ, વાસી, એઠું, નીચે પડી ગયેલું એવું ભોજન પણ ઘણા કષ્ટે મળે છે; કોઈને ઘણા તિરસ્કાર સહન કરવા પડે છે. કોઈને રહેવાને ઘર જૂનું થઈ ગયેલું હોય છે, છાપરા ઉપર નાખેલાં ઘાસ, પાંદડાની પણ પૂરી છાયા પડતી નથી. કોઈને ઘરની ઘણી સંકડાશ હોય છે; તેમાં વળી વીંછી, સાપ, ઉંદર વગેરેનાં ચારે બાજુ દર હોય છે, મહા દુર્ગંધ આવતી હોય છે, ચંડાળ, ચમારનાં ઘર પાસે રહેવાનું હોય છે. કોઈને ખાવાનું પાશેર અનાજ પણ ન હોવાથી પેટ પૂરું ભરાય નહીં. કોઈને કલહ કરનારી, કાળી, કડવાં વચન કહેનારી, ભયંકર, કદરૂપી, ડરાવનારી, પાપિણી સ્ત્રી મળી હોય છે. કોઈને રોગી, ભૂખથી

રડતાં, કદરૂપાં અનેક છોકરા-છોકરીઓ પાપના ઉદયે મળ્યાં હોય છે. કોઈને વ્યસની, દુષ્ટ, મહાપાપી છોકરો હોય છે. કોઈને વૈરી કરતાં વધારે દુષ્ટ ભાઈ હોય છે. કોઈને પાડોશી પણ દુષ્ટ, અન્યાયમાર્ગી, બળવાન, પાપી, દુરાચારી, વ્યસની મળ્યો હોય છે. કોઈને લોભી, દુષ્ટ, અવગુણગ્રાહી, કૃપણ, ક્રોધી, મૂર્ખ શેઠની નોકરી મળી હોય છે. કોઈને કૃતઘ્ની, દુષ્ટ, છિદ્ર શોધનારો, બળવાન નોકર મળે છે. એ સર્વ મહા ક્લેશકારી પાપના ઉદયથી આ સંસારમાં બને છે.

ધર્મ રહિત, અન્યાયમાર્ગી, ક્રૂર રાજાના રાજ્યમાં વસવું, દુષ્ટ મંત્રી, પ્રધાન, કોટવાળનો યોગ મળવો, કલંક લાગવું, અપયશ થવો, ધનનો નાશ થવો, એ બધું પંચમકાળના મનુષ્યોને અનેક પ્રકારે બને છે. પૂર્વ જન્મમાં મિથ્યાદૃષ્ટિ, વ્રત-સંયમરહિત હોવાથી ભરતક્ષેત્રમાં પંચમકાળમાં મનુષ્ય થાય છે. જે કોઈ મિથ્યાધર્મીએ પૂર્વે કુતપ, કુદાન, મંદ કષાય કર્યા હોય તે રાજ્ય, ઐશ્વર્ય, ધન, ભોગ, સંપદા, નીરોગતા પામી, અલ્પ આયુષ્ય આદિ ભોગવી, પાપ ઉપાર્જન કરાવનારાં અન્યાય, અભક્ષ્ય-ભક્ષણ, મિથ્યામાર્ગ આદિમાં પ્રવર્તન કરીને સંસાર-પરિભ્રમણ કરે છે. કોઈ વિરલા પુરુષ અહીં સમ્યક્દર્શન, સંયમ, વ્રત ધારણ કરે છે. તે મંદકષાયી આત્મનિંદા, ગર્હા સહિત જન્મ સફળ કરીને સ્વર્ગમાં મહર્દ્ધિક દેવ થાય છે.

કોઈ પૂર્વ જન્મમાં મંદ કષાય, ઉજ્જ્વલ દાન કરનારા અહીં પુણ્ય સહિત જન્મે છે. તેમને પણ ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ થાય છે. સંસાર દુઃખ સ્વભાવવાળો છે,

ભરત ચક્રવર્તીના નાના ભાઈ બાહુબલીએ બળનો મદ કરીને ચક્રવર્તીનું માન ભંગ કર્યું. ન્યાયમાર્ગથી જોઈએ તો મોટા ભાઈ પિતા સમાન હોવાથી નમવા યોગ્ય હતા, ચક્રવર્તી અને કુળમાં મોટા હતા; છતાં તેની મહત્તા નાના ભાઈથી દેખી શકાઈ નહીં. ભરતે ભારે અંતરની મમતાથી સાથે રહી ભેગું રાજ્ય ભોગવવા બોલાવ્યા. પરંતુ ભાઈની અદેખાઈ કરી અપમાન કર્યું, તો બીજાની શી વાત કરવી?

કોઈને સ્ત્રી નથી તેથી તેની તૃષ્ણાને લીધે સ્ત્રી વિના પોતાનું જીવન નકામું માની દુઃખી થાય છે. કોઈને સ્ત્રી છે, પણ તે દુષ્ટ છે, વ્યભિચારિણી છે, કલહ કરનારી છે, મર્મભેદક વચન બોલનારી છે, ચોરી કરનારી છે, તથા રોગને લીધે નિરંતર સંતાપ આપનારી છે તેથી તે મહા દુઃખી છે. કોઈને આજ્ઞા પ્રમાણે વર્તનારી, પતિને પ્રસન્ન કરનારી સ્ત્રી હોય તે મરી જાય ત્યારે તેના વિયોગનું મહા દુઃખ થાય છે. કેટલાકને વૃદ્ધ અવસ્થામાં, નિર્ધનતામાં સ્ત્રીનું મરણ થઈ જાય ત્યારે નાનાં બાળકોને માતાથી વિખૂટાં પડેલાં જોઈને ઘણો સંતાપ થાય છે. કેટલાક વૃદ્ધ અવસ્થામાં પોતાના વિવાહની ઇચ્છા રાખે છે, પણ કન્યા મળે નહીં તેથી દુઃખી થાય છે.

કોઈ પુત્ર રહિત હોવાથી દુઃખી છે, કોઈ કુપુત્ર નીકળવાથી દુઃખી છે; કોઈને યશવાન સુપુત્ર છે, પણ તે પુત્ર મરણ પામતાં તેના વિયોગે મહા દુઃખી થાય છે. કેટલાક વૈરી સમાન મારનાર, કુવચન બોલનાર ભાઈથી દુઃખી છે. કોઈ મહા રોગ અને નિર્ધનતાનાં દુઃખે દુઃખી છે, કોઈ બહુ

દીકરીઓ હોવાથી અને તેને પરણાવવા આદિ માટે પૂરતું ધન ન હોવાથી દુઃખી છે. કોઈ વરયોગ્ય મોટી પુત્રીને વરનો યોગ મળતો ન હોવાથી મહા દુઃખી છે. કોઈને કન્યા આંધળી, લૂલી, બોબડી, ગાંડી, અપંગ અને કદરૂપી હોવાથી મહાદુઃખ છે. પુત્રીનો વિવાહ કુબુદ્ધિ, વ્યસની, નિર્ધન, રોગી, પાપી વર સાથે થવાથી કે પુત્રી નાની ઉંમરમાં વિધવા થવાથી કે પુત્રી નિર્ધન, દુઃખી થવાથી કોઈ મહાદુઃખી થાય છે. કોઈને પુત્રી વ્યભિચારિણી થવાથી મરણથી પણ અધિક દુઃખ થાય છે. કોઈને પરણાવેલી પુત્રી મરી જવાથી દુઃખ થાય છે. કોઈને માતા-પિતાના વિયોગનું દુઃખ થાય છે. કોઈને પિતા કોઈ જોરાવર, નિર્દયી માણસનું દેવું મૂકતા જાય તેનું દુઃખ હોય છે, કારણ કે દેવા જેવું દુઃખ નથી. કોઈને પિતા દેવું કરતા જાય તેનું દુઃખ; માતા, બહેન વ્યભિચારિણી દુષ્ટ હોય તેનું મહા દુઃખ; કોઈ પરાણે એમનું હરણ કરી જાય, લઈને નાસી જાય તેનું મહા દુઃખ; પોતાની પ્રજાને કોઈ ચોર લઈ જાય કે મારી જાય તેનું ઘોર દુઃખ; દુષ્ટ માણસોના સમાગમનું દુઃખ; દુષ્ટ અન્યાયી અધર્મી ભાગીઓ વેપારમાં હોય તેનું મહાદુઃખ; દુષ્ટ અન્યાયીના હાથ નીચે નોકરી કરવાની હોય તેનું દુઃખ; મનુષ્ય ભવમાં ધનવાન થઈને નિર્ધન થઈ ગયાનું દુઃખ; માનભંગનું તથા પોતાનો મિત્ર થઈને પછી છિદ્રો પ્રગટ કરનાર, જૂઠાં આળ મૂકનાર શત્રુ થાય તેનું ભારે દુઃખ છે.

આ સંસાર-વાસ સર્વ પ્રકારે દુઃખરૂપ જ છે. રાજાનો રંક થઈ જાય છે, રંકનો રાજા થઈ જાય છે, ઇત્યાદિ મનુષ્ય ભવમાં ઘણાં દુઃખ છે.

## દેવગતિ :–

દેવગતિ મળે તો ત્યાં પણ માનસિક દુઃખ હોય છે. જો કે દેવને ગરીબાઈ નથી હોતી; જરા, રોગ, ક્ષુધા, તૃષા, મારણ-તાડનની વેદના નથી હોતી, તથાપિ વિશેષ ઋદ્ધિધારક દેવોને દેખી પોતાને નીચો માની માનસિક દુઃખ પામે છે. કોઈ ઇષ્ટ દેવ કે દેવાંગનાનો વિયોગ થવાથી દુઃખ પામે છે, જો કે દેવાંગના આદિક કોઇ મરણ પામે તેની જગાએ શરીર, રૂપ, ઋદ્ધિ આદિ ધારક તેવી ને તેવી જ અન્ય ઊપજે છે, તોપણ એ જીવના વિયોગનું દુઃખ ઊપજે છે. પુણ્યહીન દેવ, ઇંદ્ર આદિ મહર્દ્ધિક દેવોની સભામાં પ્રવેશ કરી શકતો નથી તેનું તેને મહા માનસિક દુઃખ લાગે છે. આયુષ્ય પૂર્ણ થવાનું હોય ત્યારે દેવલોકમાંથી પોતાનું પતન થશે એમ દેખે છે, ત્યારે જે દુઃખ તેને થાય છે તે ભગવાન કેવળી જ જાણે છે. આ સંસારમાં સ્વર્ગનો મહર્દ્ધિક દેવ મરીને એકેન્દ્રિયમાં આવીને ઊપજે છે, કે મળમૂત્રથી ભરેલા ગર્ભમાં રુધિર માંસમાં આવીને અવતરે છે.

આ સંસારમાં પરિભ્રમણ કરતાં પાપ પુણ્યના પ્રભાવ વડે શ્વાન આદિ તિર્યંચ દેવ થાય છે; બ્રાહ્મણ મરીને ચંડાળ થાય છે, ઢોર, પશુ થઈ જાય છે. કર્મને આધીન જીવ ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. સંસારમાં રાજાનો રંક થઈ જાય છે, શેઠનો નોકર થાય છે, નોકરનો શેઠ થઈ જાય છે. પિતા હોય તે જ પુત્ર થઈ જાય છે, પુત્રનો પિતા થઈ જાય છે, પિતા-પુત્ર જ મા થઈ, સ્ત્રી થઈ જાય, બહેન થઈ જાય, દાસ-દાસી થઈ જાય;

દાસી-દાસ જ માતા-પિતા થઈ જાય. પોતે જ પોતાનો પુત્ર થઈ જાય એમ બને છે.

દેવતા હોય તે તિર્યંચ થઈ જાય, ધનવાન નિર્ધન થાય, નિર્ધન ધનવાન થાય. રોગી, દરિદ્રી હોય તે દિવ્ય રૂપવાળો થઈ જાય; દિવ્ય રૂપવાળો મહાકદરૂપો, દેખવો ગમે નહીં તેવો થઈ જાય છે.

શરીર ધરવું પડે એ પણ મોટો બોજો છે; ભારને વહી જનાર પુરુષ તો કોઈ સ્થાનમાં ભાર ઉતારી વિસામો લે છે, પરંતુ દેહને ધરનાર પુરુષને ક્યાંય વિસામો મળતો નથી. ઔદારિક કે વૈક્રિયિકનો ક્ષણમાત્ર ભાર ઊતરે તોપણ ત્યાં આત્માએ એનાથી અનંત ગણાં પરમાણુવાળાં તૈજસકાર્મણ શરીરનો ભાર તો ધારણ કરેલો જ છે. તૈજસકાર્મણ કેવાં છે? આત્માના અનંત જ્ઞાન, દર્શન, વીર્યને દબાવી રાખનાર છે, કેવળજ્ઞાન તથા અનંતસુખ, અનંતશક્તિને અભાવતુલ્ય કરનાર છે. જેવી રીતે વનમાં આંધળો માણસ ભટકે છે, તેવી રીતે મોહને લીધે અંધ થયેલો જીવ ચારે ગતિમાં ભમે છે.

સંસારી જીવ રોગ, ગરીબાઈ, વિયોગ આદિનાં દુઃખે દુઃખી થઈને, ધન ઉપજાવી દુઃખ દૂર કરવા મોહથી અંધ થઈને વિપરીત ઉપાય કરે છે. સુખી થવા અભક્ષ્ય ભક્ષણ કરે છે, છળકપટ કરે છે, હિંસા કરે છે, ધનને માટે ચોરી કરે છે, રસ્તામાં લૂંટી લે છે પરંતુ તે પુણ્યહીનના હાથમાં ધન આવતું નથી. સુખ તો પાંચ પાપ (હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ) ના ત્યાગથી થાય છે. મિથ્યાત્વી પાંચ પાપવડે પોતાના ધનની વૃદ્ધિ, કુટુંબની વૃદ્ધિ, સુખની વૃદ્ધિ ઇચ્છે છે. ઇંદ્રિયના

વિષયોની પ્રાપ્તિ થાય તેને સુખ માને છે. પણ તે તો મોહને લઈને થયેલો અંધાપો છે. જે સંસારી જીવોને અહીં જ દુઃખ દેખીએ છીએ તે દુઃખો, જીવોને મારવાથી, અસત્યથી, ચોરીથી, કુશીલથી, પરિગ્રહની લાલસાથી, ક્રોધથી, અભિમાનથી, છળકપટથી, લોભથી, અન્યાયથી થયેલાં દેખીએ છીએ. દુઃખી થવાનો બીજો માર્ગ નથી. આમ પ્રત્યક્ષ દેખતાં છતાં પાપમાં રાચે છે. આ વિપરીત માર્ગ જ અનંત દુઃખમય સંસારનું કારણ છે. દુઃખોથી દુઃખ જ ઊપજે. અગ્નિથી અગ્નિ જ ઊપજે. આ પ્રકારે સંસારનું યથાર્થ સ્વરૂપ વારંવાર ચિંતવન, અનુભાવન કરે, તેને સંસાર પ્રત્યે અભાવ કે ઉદ્વેગ રહે અને વૈરાગ્ય થાય, તો સંસાર પરિભ્રમણ દૂર કરવાના ઉદ્યમમાં કાળજી રાખે.

## ૪. એકત્વભાવના :–

હે ભવ્ય! પોતાના સ્વરૂપની પ્રાપ્તિને માટે એકત્વ ભાવનાનું ચિંતવન કરો. આ જીવ કુટુંબ, સ્ત્રી, પુત્રાદિકને અર્થે, શરીર સાચવવાને અર્થે કે પોતાના દેહને બચાવવા અર્થે બહુ પાપ, બહુ પરિગ્રહની લાલસા, અન્યાય, અભક્ષ્ય ભક્ષણ આદિ કરે છે. તેનું ફળ ઘોર દુઃખ, નરક આદિ ગતિમાં એકલો પોતે ભોગવે છે. જે કુટુંબને અર્થે કે પોતાના દેહને અર્થે પાપ કરે છે, તે બધા સંયોગ તો બળીને ભસ્મ થઈ ઊડી જશે. કુટુંબ ક્યાં મળશે? પોતાનાં કરેલાં કર્મના ઉદયે પ્રાપ્ત રોગાદિ દુઃખ અને વિયોગ ભોગવતા જીવને સમસ્ત મિત્ર, કુટુંબ આદિ પ્રત્યક્ષ નજરે દેખતાં છતાં તેઓ જરાય દુઃખ દૂર કરી શકતાં નથી, તો નરક આદિ કુગતિમાં કોણ મદદ કરશે? એકલો

પોતે જ ભોગવશે. આયુષ્ય પૂરું થતાં એકલો મરે છે; મરણથી બચાવવા કોઈ બીજો સમર્થ નથી. અશુભ પાપનું ફળ ભોગવતાં કોઈ દુઃખમાં ભાગ પડાવે તેવું નથી. પરલોક જતી વખતે સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, દેહ, પરિગ્રહાદિ કોઈ સાથે જતું નથી. કર્મ એકલા આત્માને લઈ જાય છે. આ લોકમાં જે બાંધવ, મિત્ર આદિ છે તે પરલોકમાં બાંધવ મિત્રાદિ નહીં થાય. જે ધન, શરીર, પરિગ્રહ, રાજ્ય, નગર, મહેલ, પલંગ, આભરણ, નોકર આદિ સામગ્રી અહીં છે, તે પરલોક સાથે જશે નહીં. આ દેહના સંબંધીઓ આ દેહનો નાશ થતાં સંબંધ છોડી દેશે. પોતાનાં કરેલાં કર્મ પોતાને જ પરાધીનપણે ભોગવવાં પડશે. જીવ એકલો જ જશે. માટે સંબંધીઓમાં મમતા કરીને પરલોક બગાડવો એ મહા અનર્થ છે.

સમ્યક્ત્વ, વ્રત, સંયમ, દાન, ભાવના આદિ વડે જે ધર્મ આ જીવે અહીં ઉપાર્જન કર્યો હશે, તે જ માત્ર આ જીવને સહાય કરનાર છે. એક ધર્મ વિના કોઈ સહાય કરનાર નથી. પોતે એકલો જ છે. ધર્મના પ્રતાપે જીવ સ્વર્ગલોકમાં ઇન્દ્રપણું, મહર્દ્ધિકપણું પામીને તીર્થંકર, ચક્રવર્તી, મંડળેશ્વર થઈ ઉત્તમ રૂપ, બળ, વિદ્યા, સંહનન, જાતિ, કુલ, જગત્પૂજ્યપણું પામીને મોક્ષે જાય છે.

જેવી રીતે કેદખાનામાં પુરાયેલા કેદીને કેદખાના ઉપર રાગ નથી, તેવી રીતે સમ્યક્દૃષ્ટિ જ્ઞાની પુરુષને દેહરૂપી કેદખાના ઉપર રાગ નથી. ધન, કુટુંબ, અભિમાન આદિ ઘોર બંધનમાં પરાધીન થઈને, જીવ દુઃખ ભોગવે છે. પોતાનું

એકત્વ સ્વરૂપ ભૂલી પરદ્રવ્ય, દેહ, પરિગ્રહ આદિમાં આત્મબુદ્ધિ કરી અનંતકાળ ભમે છે. એકલો પર ભવમાંથી આવી, યોનિસ્થાનમાં જન્મ ધારણ કર્યો, કર્મ વિના બીજું કંઈ સાથે આવ્યું નથી. પાપ અને પુણ્યરૂપી કર્મ રાજા કે રંક, નીચ કે ઉચ્ચને ત્યાં ગર્ભ આદિ સ્થાનમાં લઈ જઈ ઉપજાવે છે; આયુષ્ય પૂરું થયે સર્વ કુટુંબ આદિને છોડીને પરલોક પ્રત્યે જીવ એકલો જશે, ફરી પાછું આવવાનું જ નહીં. ગર્ભમાં વસવાનાં દુઃખ, જન્મ વખતે યોનિમાં સંકોચાવાનું દુઃખ, રોગવાળા શરીરનું દુઃખ, ગરીબાઈનું દુઃખ, વિયોગનું મહાદુઃખ, ભૂખ-તરસ આદિ વેદનાનું દુઃખ, અનિષ્ટ-દુષ્ટના સંગનું દુઃખ આ જીવ એકલો જ ભોગવે છે.

સ્વર્ગના અસંખ્યાત કાળ સુધીના મહાસુખ, અપ્સરાઓનો સંગમ, અસંખ્યાત દેવો ઉપર સ્વામીપણું, હજારો ઋદ્ધિઓ આદિકનું સામર્થ્યપણું પુણ્યના ઉદયથી એકલો જીવ ભોગવે છે. પાપના ઉદયથી નરકમાં તાડનનાં, મારણનાં, છેદનનાં, ભેદનનાં, શૂલી-આરોહણનાં, કુંભી-પાચનનાં, વૈતરણીમાં ડૂબવાનાં, ક્ષેત્રથી ઊપજતાં, શરીરથી થતાં, મનમાં થતાં તથા પરસ્પર સામસામે ઊપજાવેલાં ઘોર દુઃખ એકલો જીવ ભોગવે છે.

તિર્યંચ-પશુને પરાધીનપણે બાંધી રાખે, ભાર બોજો લાદે, કુવચન કહે, મર્મસ્થાનમાં અનેક પ્રકારે મારે, ઘણા વખત સુધી બહુ દૂર ચલાવે. ભૂખ, તરસ, રોગનાં જુદાં જુદાં દુઃખ, ટાઢ, તાપ, પવન, તડકો, વરસાદ, ઝાકળ વગેરેનાં ઘોર દુઃખ આપે, નાકમાં દોરડાની નાથ ઘાલી નાથે, બાંધી

ઘસડે, ઉપર બેસે, વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખ પાપના ઉદયે એકલો જીવ ભોગવે છે. કોઈ મિત્ર, પુત્ર આદિ મદદ કરનાર સાથે રહેતું નથી. એક ધર્મ જ સહાય કરનાર છે. આ પ્રકારે એકત્વભાવના ભાવવાથી સ્વજનમાં પ્રીતિ ઘટે છે અને અન્ય પરજન પ્રત્યે દ્વેષનો અભાવ થાય છે. પછી તે પોતાના આત્માને શુદ્ધ કરવા જ પ્રયત્ન કરે છે.

## ૫. અન્યત્વભાવના :–

હે આત્મન્! આ સંસારમાં સ્ત્રી, પુત્ર, ધન, શરીર, રાજ્ય, ભોગાદિ જે જે તારા સંબંધ છે તે તે બધા સંબંધો તારા સ્વરૂપથી અન્ય છે, ભિન્ન છે. કોના શોચ, વિચારમાં લાગી રહ્યો છે? અનંતાનંત જીવોનો અને અનંત પુદ્‌ગલોનો સંબંધ તારી સાથે અનંતવાર થઈ થઈને છૂટી ગયો છે.

અજ્ઞાની સંસારી જીવ પોતાનાથી અન્ય જે સ્ત્રી, પુત્ર, મિત્ર, શત્રુ, ધન, કુટુંબાદિક તેનો સંયોગ-વિયોગ, સુખ-દુઃખ આદિનું ચિંતવન કરીને કાળ ગુમાવે છે. મરણ નજીક આવતું જાય છે તેનો અથવા નરક તિર્યંચાદિ ગતિમાં જવું પડશે, તેનો વિચાર કે ચિંતવન કરતો નથી. સમયે સમયે આ મનુષ્યનું આયુષ્ય વહી જાય છે. તેમાં જો મેં મારું હિત સાધ્યું નહીં, પાપથી પાછો ફર્યો નહીં તથા કુગતિનાં કારણ રાગ, દ્વેષ, મોહ, કામ, ક્રોધ, લોભ આદિરૂપ મહાઠગથી આત્માનું રક્ષણ આ ભવમાં કર્યું નહીં, તો તિર્યંચ કે નરક ગતિમાં અજ્ઞાની પરાધીન થયા પછી શું કરીશ? આ પંચપરિવર્તનરૂપ સંસારમાં અનંતાનંત કાળથી પરિભ્રમણ કરતા એવા આ

જીવનું પોતાનું કોઈ સગું નથી. આ સ્વામી, સેવક, પુત્ર, સ્ત્રી, મિત્ર, બાંધવોને જે પોતાનાં માનો છો તે મિથ્યા મોહનો મહિમા છે; તેને જ મિથ્યાત્વ કહીએ છીએ. આ બધા સંબંધ કર્મથી થયેલા થોડા કાળના છે, અચાનક તેનો વિયોગ થશે. આ બધા સંબંધ વિષય, કષાયને પોષનારા, અને સ્વરૂપને ભુલાવનારા છે. સંસારમાં સમસ્ત જીવોની સાથે શત્રુ-મિત્રપણું અનેક વાર થયું છે. ભવિષ્યમાં, પરદ્રવ્યના સંબંધમાં આત્મબુદ્ધિ કરી ભોગ ભોગવશો ત્યાં સુધી રાગદ્વેષબુદ્ધિથી શત્રુ-મિત્રબુદ્ધિ કરીને એકેન્દ્રિયપણે જ્ઞાન, પિછાન, વિચાર રહિત અજ્ઞાની થઈને અનંતકાળ ભ્રમણ કરશો.

જેવી રીતે અનેક દેશોમાંથી આવેલા ભિન્ન ભિન્ન અનેક મુસાફરો રાત્રે એક ધર્મશાળામાં વસે છે અથવા તો એક વૃક્ષ ઉપર અનેક દિશાઓથી આવીને અનેક પક્ષીઓ રાત રહે છે અને સવાર થયે જુદા જુદા માર્ગે ભિન્ન ભિન્ન દેશોમાં ઊડી જાય છે, તેવી રીતે સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ આદિક ભિન્ન ભિન્ન ગતિમાંથી પાપ પુણ્ય બાંધીને આવેલાં કુળરૂપ સ્થાનમાં ભેળાં થયાં છે. આયુષ્ય પૂરું થયે પુણ્ય પાપ પ્રમાણે નરક, તિર્યંચ, મનુષ્યાદિ અનેક ભેદરૂપ ગતિ પામશે. કોઈ કોઈનું નથી. પુણ્ય પાપ પ્રમાણે ઉપકાર અપકાર કરીને પાછા સંસારમાં ભટકે છે.

આ સંસારમાં જીવોની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ છે. કોઈનો સ્વભાવ મળતો નથી. સ્વભાવ મળ્યા વિના પ્રીતિ શાની? પરસ્પર પોતપોતાના વિષય-કષાયરૂપ કાર્ય જેનાથી સરતું દેખાય તેમની સાથે પ્રીતિ જણાય છે. પ્રયોજન વિના પ્રીતિ

થતી નથી. રેતીના કણની પેઠે જગતમાં કોઈને કોઈની સાથે સંબંધ નથી. જેમ પાણી, ચૂનો વગેરે ચીકણા પદાર્થના સમાગમને લીધે રેતીના કણ મૂઠીમાં બંધાઈ જાય, ચોટી જાય, પણ ભીનાશ કે ચીકાશ દૂર થાય એટલે કણે કણ વીખરાઈ જાય છે, તેવી રીતે સર્વ પુત્ર, સ્ત્રી, બાંધવ, સ્વામી, સેવકનો સંબંધ પણ જ્યાં સુધી પોતાના વિષય, લોભ, અભિમાન આદિ કષાય પોષાય ત્યાં સુધી રહે છે. જ્યારે ઇંદ્રિયના વિષયો સધાય નહીં, અભિમાનાદિ કષાય પોષાય નહીં, ત્યારે લૂખાં પરિણામમાં પ્રીતિ રહેતી નથી. જગતમાં પ્રયોજન વગરની પ્રીતિ જણાય છે, તે પણ લોકલાજના અભિમાનથી, ભવિષ્યમાં કોઈ પ્રયોજનની આશાથી તથા પહેલાનો કરેલો ઉપકાર જો હું લોપું તો લોકમાં મારું કૃતઘ્નપણું જણાશે એવા ભયથી મીઠાં વચન વગેરે રૂપ પ્રીતિ કરે છે. પણ વિષય-કષાયના સંબંધ વિના પ્રીતિ થતી જ નથી. આપણે નજરે દેખીએ છીએ કે, જેમના વડે પોતાનું માન, ધનનો લાભ, વિષયભોગોનો લાભ, પૂજા-સત્કાર, મોટાઈનો લાભ કે કીર્તિ પમાય ત્યાં પ્રીતિ કરે છે. કોઈ પ્રકારની આપત્તિના ભયને લઈને પ્રીતિ કરે છે. વિષય કષાયના ચેપ વગર પ્રીતિ હોય જ નહીં. સર્વ અન્ય છે, પર છે. દુઃખમાં કે વૃદ્ધાવસ્થામાં પોતાનો આધાર પુત્ર છે, એમ જાણી માતા પુત્રને પોષે છે, પુત્ર પણ માતાનું પોષણ કરે છે તે એવા વિચારથી કરે છે કે જો હું માતાની સેવા નહીં કરું તો જગતમાં મારા કૃતઘ્નીપણાની નિંદા થશે, પાંચ માણસમાં મારે નીચું જોવું પડશે. આવા અભિમાનથી પ્રીતિ કરે છે.

વૈરી પણ ઉપકાર, દાન, સન્માન આદિથી પોતાનો મિત્ર બને છે. પોતાનો પ્રિય પુત્ર હોય પણ તેના વિષયોમાં વિઘ્ન કરીએ કે તેનું અપમાન તિરસ્કાર આદિ કરીએ તો ક્ષણ માત્રમાં આપણો શત્રુ થાય છે. કોઈ કોઈનો મિત્ર પણ નથી અને શત્રુ પણ નથી. ઉપકાર કે અપકારની અપેક્ષાએ મિત્ર કે શત્રુ છે. સંસારી જીવોને તો વિષય અને અભિમાન આદિને પોષે તે મિત્ર અને વિષય તથા અભિમાનમાં વિઘ્ન કરે તે શત્રુ છે. જગતનું આવું સ્વરૂપ જાણીને અન્ય પ્રત્યે રાગદ્વેષનો ત્યાગ કરો. આ સંસારમાં જે ઘણાં પ્રિય એવાં સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ તમારે છે, તે બધાં સ્વર્ગ, મોક્ષનું કારણ જે ધર્મ, સંયમ આદિ વીતરાગતા તેમાં વિઘ્ન કરનાર છે. હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ આદિ મહા અનીતિરૂપ પરિણામ કરાવી નરકાદિ કુગતિમાં ઘસડી જાય તેવાં બંધન કરાવનાર છે. તેથી મહા વૈરી સમાન છે. આ જીવને મિથ્યાત્વ, વિષય, કષાય આદિમાં વર્તતાં અટકાવી સંયમમાં, દશલક્ષણરૂપ ધર્મમાં પ્રવૃત્તિ કરાવે તે મિત્ર છે. એવા સન્મિત્ર તો નિર્ગ્રંથ ગુરુ જ છે.

આ આત્મા સ્વભાવે જ શરીર આદિકથી ભિન્ન છે, ચેતનામય છે. દેહ પુદ્‌ગલમય, અચેતન, જડ છે. આ દેહ જ અન્ય છે, વિનાશી છે, તો આ દેહના સંબંધી સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુંબ, ધન, ધાન્ય, સ્થાન આદિ અન્ય કેમ ન હોય? આ શરીર તો અનેક પુદ્‌ગલ પરમાણુઓના સમૂહ મળીને થયેલું છે. તે શરીરનાં પરમાણુ ભિન્ન ભિન્ન વીખરાઈ જશે. આત્મા ચૈતન્ય સ્વભાવવાળો અખંડ, અવિનાશી રહેશે. તેથી સર્વ સંબંધોમાં અન્યપણાનો દૃઢ નિર્ણય કરો.

કર્મના ઉદયે થતા રાગ, દ્વેષ, મોહ, કામ, ક્રોધાદિ ભાવ પણ અન્ય છે, ભિન્ન છે, વિનાશી છે, તો અન્ય શરીર આદિ સંબંધી અન્ય કેમ ન હોય? પોતાના જ્ઞાન, દર્શન સ્વભાવથી વિપરીત જે જ્ઞાનાવરણ આદિ દ્રવ્યકર્મ, રાગદ્વેષ આદિ ભાવકર્મ અને શરીર પરિગ્રહાદિ નોકર્મ છે તે બધાં અન્ય છે.

આ પુત્રાદિકનાં કર્મો જોતાં તેમનાં ગતિ, પાપ-પુણ્ય, સ્વભાવ, કષાય, આયુષ્ય, કાયા આદિના સંબંધો અને તમારો સ્વભાવ, પાપ-પુણ્ય વગેરે સંબંધો તે જુદાં છે. તેથી અન્યત્વ ભાવના ભાવશો તો તેમના ઉપરની મમતાથી બંધાતા ઘોર કર્મબંધનો અભાવ થશે.

## ૬. અશુચિભાવના :–

હે આત્મા! આ દેહના સ્વરૂપનું ચિંતવન કર. મહા મલિન માતાના લોહીથી અને પિતાના વીર્યથી આ તારું શરીર ઊપજ્યું છે. મહા મલિન ગર્ભમાં, લોહી અને માંસથી ભરેલી ઓરના પરપોટામાં નવ માસ પૂરા કરીને મહા દુર્ગંધવાળી મલિન યોનિમાં થઈને નીકળતાં તેં ઘોર સંકટ સહન કર્યાં છે. લોહી, માંસ, હાડકાં, ચામડી, વીર્ય, ચરબી અને નસો એ સાત ધાતુની જાલરૂપ દેહ તેં ધર્યો છે. તે મળ-મૂત્ર, કીડા-કરમિયાથી ભરેલો મહા અશુચિ છે. નવે દ્વારમાંથી નિરંતર દુર્ગંધ, મળ ઝરે છે. મળનો બનાવેલો ઘડો મળથી ભરેલો હોય, કાણાંવાળો હોય, ચારે તરફથી મળ ઝરતો હોય, તેને પાણીથી ધોઈએ તો પણ પવિત્ર શી રીતે થાય? કપૂર, ચંદન, પુષ્પ, તીર્થનું પાણી, ગંગાજળ વગેરે દેહને અડતાં જ દુર્ગંધવાળાં થઈ જાય છે, તેવો દેહ કપૂર, ગંગાજળાદિથી કેવી

રીતે પવિત્ર થાય? જેટલી જગતમાં અપવિત્ર વસ્તુઓ છે તે સર્વ દેહના એક એક અવયવના સ્પર્શથી થયેલી છે; મળ, મૂત્ર, હાડકાં, ચામડાં, રસ, રુધિર, માંસ, વીર્ય, નસો, કેશ, નખ, કફ, લાળ, લીંટ, દાંત કે જીભની છારી, ચીપડાં, કાનનો મેલ વગેરેના સ્પર્શ માત્રથી વસ્તુઓ અપવિત્ર થાય છે. બેઇંદ્રિય આદિથી પંચેન્દ્રિય પર્યંતનાં પ્રાણીનાં દેહના સંબંધ વિના કોઈ અપવિત્ર વસ્તુ જ જગતમાં નથી. દેહના સંબંધ વગર જગતમાં અપવિત્રતા જ ક્યાંથી થાય? દેહને પવિત્ર કરવાને ત્રણ લોકમાં કોઈ પદાર્થ નથી. જળ વગેરે પદાર્થોથી દેહને કરોડો વાર ધોઈએ તો જળ જ અપવિત્ર થઈ જશે. કોયલાને જેમ જેમ ધોઈએ તેમ તેમ કાળાશ જ નીકળે, ધોળો થાય નહીં. તેમ આ દેહનો સ્વભાવ જાણો. દેહને પવિત્ર માનવો એ મિથ્યાદર્શન છે.

આ દેહ તો એક રત્નત્રય, ઉત્તમ ક્ષમાદિ ધર્મને ધારણ કરનાર આત્માનો સંબંધ પામીને દેવોને પણ વંદન કરવા યોગ્ય પવિત્ર બને છે.

ધન આદિ પરિગ્રહ, પાંચ ઇંદ્રિયોના વિષયો, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા અને લોભ એ તો અમૂર્તિક એવા આત્માના સ્વભાવને મલિન કરે છે, આત્માને અધમ કરે છે, નિંદ્ય કરે છે, દુર્ગતિમાં લઈ જાય છે. તેથી કામ, ક્રોધ, રાગ આદિ છોડી આત્માને પવિત્ર કરો; દેહ પવિત્ર નહીં થાય.

આ પ્રકારે દેહનું સ્વરૂપ જાણી, દેહ ઉપરથી રાગ તજી, અનાદિ કાળથી આત્માને વળગેલા રાગાદિ કર્મમળને દૂર

કરવાનો પુરુષાર્થ કરો. ધન-સંપદાદિ પરિગ્રહ, પાંચ ઇંદ્રિયોના ભોગ અને દેહમાં સ્નેહ એ આત્માને મલિન કરનાર છે; તેથી તેનો ત્યાગ કરવાનો ઉદ્યમ કરો.

ધન-સંપત્તિ છે તે આત્માને કામ, ક્રોધ, લોભ, મદ, કપટ, મમતા, વેર, કલહ, મહા આરંભ, હિંસા, મોહ, ઈર્ષા, અતૃપ્તિ આદિ હજારો દોષ ઉત્પન્ન કરાવનાર છે. આ લોક સંબંધી ને પરલોક સંબંધી સમસ્ત દોષો, આર્ત્ત, ચિંતા, દુર્ધ્યાન અને મહા ભય ઉપજાવનાર એક ધન છે. એવો નિર્ણય કરી વારંવાર ચિંતવન કરો. પાંચ ઇંદ્રિયોના વિષયો આત્માનું સ્વરૂપ ભુલાવનાર અને મહા નિંદ્ય કર્મો કરાવનાર છે. જગતમાં જે ન કરવા યોગ્ય નિંદ્ય કર્મ, તેને ઇંદ્રિયોના વિષયોની વાંછા કરાવે છે. દેહનો સ્નેહ તે માંસ, ચરબી ને હાડમય મહા દુર્ગંધવાળા સડેલા શબ ઉપરનો રાગ છે. તે મહામલિન ભાવનું કારણ છે. આ પ્રકારે શરીરની અશુચિતા જણાવનાર દશલક્ષણ ધર્મ જ છે.

પવિત્રપણું બે પ્રકારે ગણાય છે; એક લૌકિક અને બીજું લોકોત્તર.

કર્મરૂપી મલિનતા ધોઈ નાખી શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર થવું તે લોકોત્તર શૌચ—પવિત્રપણું છે. એનું કારણ રત્નત્રય ભાવ છે. રત્નત્રયના ધારક, પરમ સમતાભાવમાં રહેલા સાધુ છે. તેમના સમાગમથી પણ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.*

લૌકિક શુચિ (પવિત્રતા) આઠ પ્રકારની છે. (૧) કાલ

---

* ‘‘એક ઘડી, આધી ઘડી, આધીમેં પુનિ આધ;
તુલસી સંગત સાધુકી, હરે કોટિ અપરાધ.’’

શુચિ—અમુક કાળ વ્યતીત થયે લોકમાં પવિત્રતા મનાય છે. (૨) અગ્નિસંસ્કાર કે તપાવવાથી પવિત્રતા મનાય છે. (૩) પવનથી પવિત્ર થયેલું મનાય છે. (૪) ભસ્મથી માંજવાથી પવિત્ર મનાય છે. (૫) માટીથી માંજવાથી પવિત્ર મનાય છે. (૬) પાણી વડે ધોવાથી પવિત્ર મનાય છે. (૭) કોઈને છાણ વડે લીંપવાથી પવિત્ર મનાય છે. (૮) કોઈને જ્ઞાનથી ગ્લાનિ દૂર થતાં પવિત્રતા મનાય છે. એમ લૌકિક જન મનમાં પવિત્રતાનો સંકલ્પ કરે છે. પરંતુ શરીરને શુચિ કરવાને કોઈ સમર્થ નથી. શરીરના સંસર્ગથી તો જળ, ભસ્મ આદિ અશુચિ થઈ જાય છે.

આ શરીર, આદિ-અંત-મધ્યમાં ક્યાંય પવિત્ર નથી. એનું ઉપાદાન કારણ લોહી અને વીર્ય તે પવિત્ર નથી. આ શરીર પોતે પણ પવિત્ર નથી. તેની અંદર રહેલ દુર્ગંધિવાળા મળ, મૂત્રાદિ, હાડ, માંસ, લોહી અને ઉપરની ચામડી તે પણ પવિત્ર નથી. ગંગાજળ આદિ તીર્થનાં કે સમુદ્રના સમસ્ત પાણીથી ધોઈએ તો તે બધાં જળને અપવિત્ર કરે પણ પોતે પવિત્ર ન થાય. આ દેહ સર્વ કાળમાં રોગથી ભરેલો છે, સર્વ કાળમાં અપવિત્ર છે, સર્વથા વિનાશી છે, દુઃખ ઉપજાવનાર છે. તે દેહને પવિત્ર કરવાનો ઉપાય ધૂપ, ગંધવિલેપન, પુષ્પ, સ્નાન, જળ, ચંદન, કપૂર આદિ કોઈ નથી. અંગારાના સ્પર્શથી જેમ અંગારો થાય છે, તેમ અપવિત્ર દેહના સ્પર્શથી પવિત્ર વસ્તુ પણ અપવિત્ર બને છે. આ પ્રકારે શરીરનું અપવિત્રપણું ચિંતવવાથી શરીરની શોભા વધારવામાં, રૂપ આદિકમાં અનુરાગ હોય તે દૂર થાય છે; વીતરાગતા માટે પુરુષાર્થ થાય છે.

## ૭. આસ્રવભાવના :–

કર્મ આવવાનાં કારણથી આસ્રવ–કર્મનું આવવાપણું થાય છે. જેવી રીતે સમુદ્રમાં વહાણ હોય તેમાં છિદ્રો વડે પાણી પ્રવેશ કરે, તેવી રીતે સંસારસમુદ્રમાં રહેલા જીવને સત્તાવન દ્વારથી આસ્રવ થાય છે. પાંચ પ્રકારના મિથ્યાત્વભાવ, પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠા મનની વિષયોમાં પ્રવૃત્તિ અને છકાય જીવની હિંસાનો ત્યાગ નહીં એમ બાર પ્રકારે અવિરતિ, અનંતાનુબંધી આદિ પચ્ચીસ કષાયો તથા મન, વચન, કાયાના પંદર ભેદો રૂપ યોગની પ્રવૃત્તિ એટલે મિથ્યાત્વ, અવ્રત, કષાય આદિને અનુસરીને મન, વચન, કાયાથી (૫+૧૨+૨૫+૪+૪+૭= ૫૭) શુભ, અશુભ કર્મનો આસ્રવ (આવવું) થાય છે.

પુણ્ય, પાપના સંયોગે મળેલા વિષયભોગોમાં સંતોષ, વિષયો પ્રત્યે વૈરાગ્ય ભાવ, પરોપકારનાં પરિણામ, દુઃખી પ્રત્યે દયા, તત્ત્વોનું ચિંતવન, સર્વ પ્રાણીઓ પ્રત્યે મૈત્રીભાવ આદિ ચાર ભાવના, પંચ પરમેષ્ઠીની ભક્તિ, ધર્માત્મા ઉપર અનુરાગ, તપ, વ્રત, શીલ, સંયમમાં પરિણામ ઇત્યાદિ રૂપ મનની પ્રવૃત્તિથી (શુભ) પુણ્યનો આસ્રવ થાય છે.

પરિગ્રહની અભિલાષા, ઇંદ્રિયોના વિષયોમાં અતિ લોલુપતા, પરનું ધન હરી લેવાનાં પરિણામ, અન્યાયમાં પ્રવર્તન, અભક્ષ્યભક્ષણ, સાત વ્યસનનું સેવન, પરની નિંદામાં પ્રીતિ, પરનાં સ્ત્રી, પુત્ર, ધન, આજીવિકાના નાશની ઇચ્છા, પરના અપમાનની ઇચ્છા, પોતાની મોટાઈની સ્પૃહા ઇત્યાદિરૂપ મનની પ્રવૃત્તિથી અશુભ (પાપ) આસ્રવ થાય છે.

સત્ય, હિતકારી, મધુર વચન વડે, પરમાગમને અનુકૂળ વચનો વડે, પરમેષ્ઠીના સ્તવન વડે, સિદ્ધાંતની વાચના તથા વ્યાખ્યાન વડે, ન્યાયરૂપ વચનો વડે પુણ્યનો આસ્રવ થાય છે.

પરની નિંદા, પોતાની પ્રશંસા, અન્યાયમાં પ્રવૃત્તિ જે વચન વડે થાય તેવાં વચન, આરંભ–હિંસા કરાવનાર, વિષયવાસના વધારનાર, કષાય અગ્નિ પ્રગટાવનાર, કલહ, વિસંવાદ, શોક અને ભય વધારનાર, ધર્મ વિરુદ્ધ મિથ્યાત્વ અને અસંયમને પોષનાર, અન્ય જીવોને દુઃખ, અપમાન, ધન અને આજીવિકાની હાનિ કરાવનાર છે. તે વચનોથી પાપનો આસ્રવ થાય છે.

પરમેષ્ઠીપૂજન અને પ્રણામ, જિનમંદિરનાં કાર્યરૂપ સેવા, ધર્માત્મા પુરુષોની વૈયાવૃત્ય (સેવા ચાકરી) તથા યત્નાચારથી જીવદયાપૂર્વક સૂવું, બેસવું, ફરવું, લેવું, મૂકવું, સોંપવું, ખાવું, પીવું, બિછાવવું, હાલવું, ચાલવું ઇત્યાદિ કાયાની પ્રવૃત્તિ શુભ (પુણ્ય) આસ્રવનું કારણ છે.

યત્નાચાર વિના દયારહિત, સ્વચ્છંદે દેહની પ્રવૃત્તિમાં પ્રવર્તવું, મહા આરંભ આદિમાં પ્રવર્તવું, દેહને શોભાવવામાં પ્રવર્તવું એ બધાં કાયાનાં કાર્યથી અશુભ (પાપ) આસ્રવ થાય છે.

આ મન, વચન, કાયાની શુભ, અશુભ પ્રવૃત્તિ તીવ્ર-મંદ કષાયના યોગે, તીવ્ર-મંદ અનેક ભેદરૂપ કર્મના બંધમાં નિમિત્તરૂપ થાય છે. આનો વિચાર કરવાથી આત્મા અશુભ પ્રવૃત્તિ રોકી શુભ પ્રવૃત્તિમાં સાવધાન થઈને પ્રવર્તે છે.

કષાયો આત્માના સર્વ ગુણોનો ઘાત કરનાર છે. ક્રોધ છે તે પર જીવોને મારવામાં, ઘાત કરવામાં, બાંધવા વગેરેમાં ચિત્તને પ્રેરે છે. માન છે તે આ જીવને ગર્વથી એવો ઉદ્ધત કરે છે કે પિતા, ગુરુ, ઉપાધ્યાય, સ્વામીનો પણ તિરસ્કાર કરવા ઇચ્છે છે, વિનયનો નાશ કરે છે. માયા છે તે અનેક છળ, કપટ, લુચ્ચાઈ, પરની નજર ચૂકવવા આદિ છેતરામણી કરાવે છે, પરિણામની સરળતાનો નાશ કરે છે. લોભ છે તે સુખનું કારણ જે સંતોષ તેનો નાશ કરે છે, યોગ્ય અયોગ્યના વિચારને દૂર કરે છે. કામ છે તે મર્યાદાનો ભંગ કરે છે, લાજનો ત્યાગ કરાવે છે; હિત-અહિત કે નીચ-ઉચ્ચ કામના વિચાર રહિત બનાવે છે. મોહ છે તે મદિરાની પેઠે સ્વરૂપને ભુલાવે છે. શોક છે તે ઘણા દુઃખથી હાહાકાર કરાવે છે, વિલાપ, રુદન, આત્મઘાત આદિ પ્રવૃત્તિ કરાવે છે. હાસ્ય છે તે અજ્ઞાનતા પ્રગટ કરાવે છે. સ્નેહ છે તે દારૂ પીધા વિના જ અચેતન-બેભાન બનાવે છે, અને મહા બંધનરૂપ, આત્મહિતને રોકનારી પ્રવૃત્તિ કરાવે છે, તેથી અનર્થનું સ્થાન છે. નિદ્રા છે તે આત્માના સર્વ ચૈતન્યને હણી આત્માને જડ, અચેતન કરે છે. તરસ છે તે ન પીવા યોગ્ય પાણી પાય છે. ભૂખ છે તે ચંડાળના ઘરમાં પ્રવેશ કરાવી ભીખ મગાવે છે, કુળમર્યાદાનો નાશ કરાવે છે, ઘોર દુઃખ દે છે. નેત્ર ઇંદ્રિય છે તે સુંદર રૂપાદિ દેખવાને ઝંપાપાત કરાવે છે, પડતું નંખાવે છે. જીભ ઇંદ્રિય છે તે મીઠાં ભોજનને માટે અતિ ચંચળ બનીને લાજ, મોટાઈ, સંયમ આદિનો નાશ કરાવી નીચ પ્રવૃત્તિ કરાવે છે. ઘ્રાણ ઇંદ્રિય છે તે બેભાન થઈને સુગંધી પદાર્થ તરફ ઝુકાવે

છે. સ્પર્શ ઇંદ્રિય છે તે સ્ત્રીનાં કોમળ અંગ, કોમળ શય્યા આદિ માટે તૃષ્ણા વધારે છે. કર્ણ ઇંદ્રિય છે તે ભિન્ન ભિન્ન રાગમાં તલ્લીનતાથી આત્માને ભુલાવી પરાધીન કરે છે. મન છે તે ચંચળ વાંદરાની પેઠે સ્વચ્છંદે ઘોર વિકલ્પો કરીને શુભધ્યાન, શુભ પ્રવૃત્તિમાં ઠરતું નથી; વિષયકષાયમાં ભમે છે. મુખ અતિ રાગ સહિત અસત્ય વાણી બોલી પોતાની ચતુરાઈ પ્રગટ કરે છે. હાથ હિંસા કરવાનું મુખ્ય સાધન છે. પગ પણ પાપ કરવાના માર્ગમાં ઘણા દોડે છે. કવિપણું અતિ રાગ ઉત્પન્ન કરનારી કવિતા રચવાને ઇચ્છે છે. પંડિતપણું કુતર્ક અને અસત્ય બકવાદથી પોતાની પ્રખ્યાતિ ઇચ્છે છે. સુભટપણું ઘોર હિંસા ઇચ્છે છે. બાળપણું અજ્ઞાનરૂપ છે. યૌવનપણું ઇચ્છિત વિષયો માટે વિષમ સ્થાનોમાં પણ દોડે છે. વૃદ્ધપણું વિકરાલ કાળની સમીપ વસે છે. શ્વાસોચ્છ્વાસ નિરંતર દેહમાંથી ભાગી નીકળવાનો અભ્યાસ કરે છે. જરા છે તે કામભોગ, તેજ, રૂપ, સૌંદર્ય, ઉદ્યમ, બળ, બુદ્ધિ આદિને હરણ કરનારી ચોરટી છે. રોગ યમરાજાનો પ્રબળ સુભટ છે. આવી આત્મસ્વરૂપને ભુલાવનારી સામગ્રી આ જીવને મળી છે તેથી ઘણાં કર્મોનો આસ્રવ થાય છે. ઇંદ્રિયોના વિષયો અને કષાયોના સંયોગથી મન, વચન, કાયા દ્વારા આસ્રવ થાય છે.

## ૮. સંવરભાવના :–

સમુદ્રમાંથી વહાણમાં પાણી આવવાનાં છિદ્રો રોકી દેવાથી વહાણ પાણીથી ભરાઈ જઈ ડૂબે નહીં, તેવી રીતે કર્મ આવવાનાં દ્વાર રોકી દેવાથી પરમ સંવર થાય છે અને સંસાર સમુદ્રમાં જીવ ડૂબતો નથી.

સમ્યક્દર્શન વડે મિથ્યાત્વ નામનું આસ્રવદ્વાર રોકાય છે. ઇંદ્રિયો અને મનને સંયમરૂપ પ્રવર્તાવવાથી ઇંદ્રિયદ્વાર રોકાઈ સંવર થાય છે. છકાય જીવોની ઘાત કરાવનાર આરંભના ત્યાગથી પ્રાણ-સંયમવડે અવિરતિદ્વાર રોકાઈ સંવર થાય છે. કષાયો જીતીને દશ લક્ષણરૂપ ધર્મ ધારણ કરવાથી ચારિત્ર પ્રગટી કષાયોનો અભાવ થઈ સંવર થાય છે. ધ્યાન આદિ તપથી, સ્વાધ્યાય તપથી યોગદ્વારે કર્મ આવતાં રોકાઈ સંવર થાય છે. ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશ લક્ષણરૂપ ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહનો જય, પાંચ પ્રકારનાં ચારિત્રનું પાલન એ બધાથી નવાં કર્મ આવતાં રોકાય છે.

મન, વચન, કાયાના યોગને રોકવા તે ગુપ્તિ છે; પ્રમાદ તજી યત્નાપૂર્વક પ્રવર્તવું તે સમિતિ છે; દયા જેમાં મુખ્ય છે તે ધર્મ છે; આત્મતત્ત્વનું ચિંતવન તે ભાવના છે; કર્મના ઉદયે આવેલાં ભૂખ, તરસ વગેરે પરિષહો કાયરતા રહિત, સમભાવે સહન કરવા તે પરિષહજય છે; રાગ આદિ દોષ રહિત, પોતાના જ્ઞાન સ્વભાવરૂપ આત્મામાં પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર છે. આ પ્રકારે જે વિષય, કષાયથી વિમુખ થઈ સર્વ ક્ષેત્રકાળમાં પ્રવર્તે છે તેને ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રવડે નવાં કર્મ આવતાં રોકાઈ જાય છે તે સંવર છે. સંવરનાં આ કારણોનું ચિંતવન કરતો રહે તેને નવો આસ્રવ, બંધ થતો નથી.

### ૯. નિર્જરાભાવના :–

જે જ્ઞાની, વીતરાગી થઈને, મદ રહિત, નિદાન રહિત બાર પ્રકારનાં તપ કરે છે તેને ભારે નિર્જરા થાય છે. સમસ્ત

કર્મોના ઉદયરૂપ રસને પ્રગટ કરી કર્મો છોડવાં તે નિર્જરા છે. તે બે પ્રકારે થાય છે. એક તો પોતાના ઉદય કાળે રસ દઈને કર્મ છૂટે તે સવિપાક નિર્જરા છે, તે તો ચારે ગતિમાં સર્વ જીવને હોય છે. કર્મ પોતાના રસરૂપ ફળ દઈને નિર્જરે જ છે.

જે વ્રત, તપ, સંયમ ધારણ કરીને ઉદય કાળ પહેલાં જ નિર્જરા કરે છે તે અવિપાક નિર્જરા છે. મંદ કષાયના ભાવ સહિત જેમ જેમ તપ વધે છે, તેમ તેમ નિર્જરા વધારે થાય છે. જે પુરુષ, કષાયરૂપ વેરીને જીતીને, દુષ્ટ જનનાં દુર્વચન, ઉપદ્રવ, ઉપસર્ગ, અનાદર આદિને, પરિણામ મલિન કર્યા વિના સહન કરે છે, તેને મહા નિર્જરા થાય છે.

દુષ્ટ લોકોએ કરેલા ઉપદ્રવમાં, કર્મના ઉદયે પ્રાપ્ત પરિષહમાં, નિર્ધનતા, રોગ આદિકમાં, તથા દુષ્ટ લોકોનો સમાગમ આદિ પ્રસંગોમાં જ્ઞાની એમ વિચારે છે કે પૂર્વે પાપ ઉપાર્જન કરેલાં તેનું આ ફળ છે; હવે સમભાવથી ભોગવો. કર્મરૂપી દેવું પતાવ્યા વિના છૂટવાનું નથી. ખેદ કરવાથી કર્મ છોડી દે એમ નથી. સંક્લેશ પરિણામ કરવાથી સંખ્યાત, અસંખ્યાત ગુણાં નવીન બીજાં કર્મ બંધાશે. જે ઉત્તમ પુરુષ શરીરને, માત્ર મમત્વ ઉપજાવનાર, વિનાશી, અશુચિ, દુ:ખ દેનાર જાણે છે; સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રને સુખ ઉપજાવનાર, નિર્મલ, નિત્ય, અવિનાશી જાણે છે; પોતાની નિંદા કરે છે; ગુણવંતને મોટા માને છે, તેમનો આદર સત્કાર કરે છે; મન અને ઇંદ્રિયોને જીતીને પોતાના જ્ઞાન સ્વભાવમાં તલ્લીન થાય છે તેમનો મનુષ્ય ભવ સફળ છે;

તેમને પાપ કર્મની મહા નિર્જરા થાય છે; સંસારને છેદનારા સાતિશય પુણ્યનો લાભ થાય છે; તેમને પરમ અતીંદ્રિય, અવિનાશી, અનંત સુખ પ્રાપ્ત થાય છે. જે સમભાવરૂપી સુખમાં લીન થઈને વારંવાર પોતાના સ્વરૂપની ઉજ્જ્વળતાનું સ્મરણ કરે છે અને ઇંદ્રિયોને અને કષાયોને મહાદુઃખરૂપ જાણી જીતે છે, તે પુરુષને મહા નિર્જરા થાય છે.

## ૧૦. લોકભાવના :–

ચારે તરફ અનંતાનંત આકાશ છે. એવા આકાશના બરોબર મધ્યભાગમાં લોક છે. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, અને કાલ જેટલા આકાશમાં રહ્યાં છે, અવલોકાય છે, દેખાય છે તે લોક છે.

ત્રણસો તેંતાળીસ ઘનરજ્જુ પ્રમાણ લોકનું ક્ષેત્ર છે. તેની બહાર અનંતાનંત આકાશ સર્વ બાજુએ છે, તેનું નામ અલોક છે. આ લોકમાં અનંતાનંત જીવો છે. જીવોથી અનંતગુણાં પુદ્‌ગલ છે. ધર્મ દ્રવ્ય એક છે, અધર્મ દ્રવ્ય એક છે, આકાશ એક છે, કાળ દ્રવ્ય અસંખ્યાત છે. આ દ્રવ્યોનું સ્વરૂપ તથા લોકના સંસ્થાન આદિનું સ્વરૂપ, અવગાહના આદિ વર્ણન અન્ય ગ્રંથોથી જાણવું. લોકના સ્વરૂપનું એમ ચિંતવન કરવું તે લોકભાવના.

## ૧૧. બોધિદુર્લભભાવના :–

અનાદિકાળથી આ જીવ નિગોદમાં વસતો હતો. એક નિગોદમાં ભમતાં અનંત કાળ વીતી ગયો. એક નિગોદ શરીરમાં, જેટલા સિદ્ધ જીવો થયા તેથી અનંતગુણા જીવ છે.

પોતપોતાના કાર્મણદેહ સહિત અવગાહના સર્વ જીવોની એક દેહમાં છે. આવા બાદર, સૂક્ષ્મ નિગોદ જીવોનાં શરીરોથી સમસ્ત લોક નીચે, ઉપર, અંદર, બાહેર અંતરરહિત (ઠાંસી ઠાંસીને) ભરેલો છે. પૃથ્વીકાય આદિ અન્ય પાંચ સ્થાવર વડે લોક નિરંતર ભરેલો છે. તે એકેન્દ્રિયપણામાંથી નીકળી ત્રસપણું (બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય કે પંચેન્દ્રિયપણું) પામવું તે રેતીના સમુદ્રમાં નાખેલી હીરાની કણીની પ્રાપ્તિની પેઠે દુર્લભ છે. કદાચિત્ ત્રસપણું પણ પામે તો ત્રસ જીવોમાં વિકલેન્દ્રિય (બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળા) જીવો અનેક પ્રકારના છે તેમાંથી અસંખ્યાતકાળ પરિભ્રમણ કરતાં પણ પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થતું નથી. વિકલત્રયમાંથી મરીને પાછો નિગોદમાં અનંત કાળ ભમે છે. ફરી પાંચ સ્થાવરમાં અસંખ્યાત સંખ્યાત કાળ ફરીને વળી નિગોદમાં જાય છે, એમ પરિભ્રમણ કરતાં અનંત પરાવર્તન પૂરાં થાય છે. તેથી પંચેન્દ્રિયપણું દુર્લભ છે.

પંચેન્દ્રિયપણું પામીને પણ મનવાળા થવું દુર્લભ છે. અસંજ્ઞી એટલે મનરહિત હોવાથી હિતઅહિતનું જ્ઞાન હોતું નથી; શિક્ષણ ક્રિયા, ઉપદેશ, આલાપ આદિ રહિત હોય છે, તેથી અજ્ઞાન ભાવથી નરક, નિગોદ આદિ તિર્યંચ ગતિમાં લાંબા કાળ સુધી પરિભ્રમણ કરે છે.

કદાચિત્ મન પણ પ્રાપ્ત થાય તો ક્રૂર તિર્યંચોમાં રૌદ્ર પરિણામી, તીવ્ર અશુભ લેશ્યા ધારણ કરનાર થઈ, ઘોર નરકનાં દુઃખ ભોગવી ફરી પાપી તિર્યંચ થાય છે. ફરી નરકમાં તથા તિર્યંચમાં અનેક પ્રકારનાં ઘોર દુઃખો ભોગવતાં અસંખ્યાત

ભવ તિર્યંચ અને નરકના ભોગવી, ફરી પંચ સ્થાવરમાં પરિભ્રમણ કરતાં અનંત કાળ જન્મ, મરણ, ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણતા, મારણ, તાડન સહન કરતાં અનંતકાળ વ્યતીત કરે છે.

ઘણાં માણસો આવ-જા કરે છે એવા ચૌટામાં રત્નનો ઢગલો જડવો દુર્લભ છે. તેવો દુર્લભ મનુષ્યભવ કદાચિત્ મળે તો પણ મ્લેચ્છ આદિ અનાર્ય મનુષ્ય થાય, તો ત્યાં ઘોર પાપ બાંધી નરકાદિ ચતુર્ગતિમાં પરિભ્રમણ કરતાં, ફરી મનુષ્યભવ મળવો ઘણો જ દુર્લભ છે. તેમાં પણ આર્યખંડમાં જન્મ મળવો અતિ દુર્લભ છે. આર્યખંડમાં પણ ઉત્તમ જાતિ, કુળ પામવાં અતિ દુર્લભ છે. કારણ કે ભીલ, ચંડાળ, કોળી, ચમાર, કલાલ, ધોબી, હજામ, લુહાર ઇત્યાદિ નીચ કુળ બહુ છે. ઉચ્ચ કુળ પામવું દુર્લભ છે. ઉચ્ચ કુળ કદાપિ મળે અને ધન રહિત હોય તો તિર્યંચની પેઠે ભાર વહેવો, નીચ કુળવાળાની નોકરી કરવી તથા આઠ પહોર અધમ કર્મ કરીને પરાધીનપણે આજીવિકા મેળવી પેટ ભરવું વગેરેને લઈને ઉચ્ચ કુળ મળ્યું તે પણ વૃથા છે.

કોઈ ધન પણ પામે, પણ કાન વગેરે ઇંદ્રિયો ખોડવાળી હોય તો ધનપ્રાપ્તિ પણ વૃથા છે. ઇંદ્રિયો પરિપૂર્ણ હોય, પણ રોગ રહિત દેહ પામવો દુર્લભ છે. રોગ રહિત હોય તેને પણ દીર્ઘ આયુષ્ય પામવું દુર્લભ છે. દીર્ઘ આયુષ્ય હોય પણ શીલ એટલે મન, વચન, કાયાની ન્યાયપૂર્વક પ્રવૃત્તિ દુર્લભ છે. ન્યાય-નીતિવાળું વર્તન હોય છતાં સત્પુરુષનો સમાગમ મળવો દુર્લભ છે. સત્સમાગમ થયા પછી પણ સમ્યક્દર્શન પામવું દુર્લભ છે. સમ્યક્ત્વ પામ્યા છતાં સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ

છે. ચારિત્ર પામ્યા છતાં મરણ પર્યંત તે પાળવું અને સમાધિમરણ કરવું દુર્લભ છે. સમ્યક્ રત્નત્રય પામીને પણ જો તીવ્ર કષાય આદિ કરે તો સંસાર સમુદ્રમાં તે ખોઈ બેસે છે. સમુદ્રમાં પડી ગયેલાં રત્નની પેઠે રત્નત્રયની ફરી પ્રાપ્તિ થવી દુર્લભ છે. રત્નત્રયની પ્રાપ્તિ મનુષ્યભવમાં જ થાય છે. મનુષ્ય ગતિમાં જ તપ, વ્રત, સંયમ વડે મોક્ષ પામવાનું બને છે. આવો દુર્લભ મનુષ્યભવ પામીને પણ જે જીવ વિષયોમાં પ્રીતિ કરે છે, તે દિવ્ય રત્નને, રાખ જોઈતી હોય ત્યારે બાળીને ભસ્મ કરે, એવો મૂર્ખ છે.

## ૧૨. ધર્મદુર્લભભાવના :–

ધર્મસ્વરૂપ દશલક્ષણ ભાવનામાં કહ્યું છે, તે આત્માનો સ્વભાવ છે. તે ધર્મ ભગવાન વીતરાગે પ્રકાશેલાં દશ-લક્ષણરૂપ, રત્નત્રયરૂપ તથા જીવદયારૂપ છે. આ સંસારમાં ધર્મને જાણવાની સામગ્રી જ ઘણી દુર્લભ છે. ધર્મનું શ્રવણ કરવું દુર્લભ છે, ધર્માત્માનો સમાગમ દુર્લભ છે, ધર્મની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ કોઈ વિરલા પુરુષને મોહની મંદતાથી કે કર્મના ઉપશમથી થાય છે; આ જીવ જેવી રીતે ઇંદ્રિયોના વિષયોમાં, સ્ત્રી, પુત્ર, ધનાદિકમાં પ્રીતિ કરે છે, તેવી રીતે એક ભવમાં પણ ધર્મ ઉપર પ્રીતિ કરે તો સંસારનાં દુઃખનો અભાવ થઈ જાય. સંસારી જીવ નિરંતર પોતાનાં સુખની વાંછા કરે છે, પરંતુ સુખનું કારણ જે ધર્મ તેમાં આદરભાવ કરતો નથી, તો તેને સુખ કેવી રીતે મળે? બીજ વિના અનાજ ઉત્પન્ન કેવી રીતે થાય? આ સંસારમાં ઇન્દ્રપણું, અહમિન્દ્ર-

પણું, તીર્થંકરપણું, ચક્રવર્તીપણું તથા બળભદ્રપણું કે નારાયણ-પણું પ્રાપ્ત થાય છે તે સર્વ ધર્મના પ્રતાપે થાય છે. ઉત્તમ કુળ, રૂપ, બળ, ઐશ્વર્ય, રાજ્ય, સંપદા, આજ્ઞા, સુપુત્ર, સુભાગ્યવંતી સ્ત્રી, હિતકારી, મિત્ર, વાંછિત કાર્યસિદ્ધિ, કાર્યકુશળ સેવક, નીરોગતા, ઉત્તમ ભોગ ઉપભોગ, રહેવાને દેવવિમાન સમાન મહેલો, સુંદર સંગતિમાં પ્રવૃત્તિ, ક્ષમા, વિનયાદિક મંદકષાયીપણું, પંડિતપણું, કવિપણું, ચતુરાઈ, હસ્તકળા, પૂજ્યપણું, લોકમાન્યતા, પ્રખ્યાતિ, દાતારપણું, ભોગીપણું, ઉદારતા, શૂરવીરતા ઇત્યાદિ ઉત્તમ સામગ્રી, ઉત્તમ ગુણ, ઉત્તમ સંગતિ, ઉત્તમ બુદ્ધિ, ઉત્તમ પ્રવૃત્તિ જે કંઈ દેખવામાં, સાંભળવામાં આવે છે તે બધો ધર્મનો પ્રભાવ છે. ધર્મના પ્રતાપે વિષમ (દુર્લભ) હોય તે સુગમ થઈ જાય છે, ભારે ઉપદ્રવ પણ દૂર થાય છે, ઉદ્યમ રહિતને પણ લક્ષ્મી મળે છે. ધર્મના પ્રભાવથી અગ્નિનો, પાણીનો, પવનનો, વર્ષાનો, રોગનો, મરકીનો, સિંહ, સર્પ, ગજ આદિ ક્રૂર પ્રાણીઓનો, નદીનો, સમુદ્રનો, વિષનો, પર રાજ્યનો, દુષ્ટ રાજાનો, દુષ્ટ વેરીનો, ચોરનો વગેરે કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ દૂર થઈ જાય છે અને સુખરૂપ આત્માને અનેક વૈભવ પ્રાપ્ત થાય છે. તેથી જો સર્વજ્ઞના પરમાગમ ઉપર શ્રદ્ધાવાળા હો, તેના જાણકાર હો તો કેવળ ધર્મનું શરણ ગ્રહણ કરો.

# ભાવના કાવ્ય

"વિદ્યુત લક્ષ્મી, પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તો કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વ આત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

ના મારાં તન, રૂપ, કાંતિ, યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન, ધામ, યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

ખાણ મૂત્ર ને મળની, રોગ-જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

અનંત સૌખ્ય, નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ, નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા !!
ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર."

—શ્રીમદ્ રાજચંદ્ર

**ધર્મધ્યાન બારભાવના વર્ણન પૂર્ણ**

# તીર્થંકરપણાના કારણરૂપ સોળ કારણભાવનાઓ

સમ્યક્‌દૃષ્ટિ મહાત્મા જ્યારે ઉપયોગની એકાગ્રતારૂપ ધ્યાન એટલે આત્મસ્વરૂપમાં સ્થિરતા કરી શકતા નથી, ત્યારે ભાવનાઓના ચિંતવનમાં ચિત્તને પ્રવર્તાવે છે. અનિત્યાદિ બાર ભાવનાઓ ઉપરાંત સોળ કારણભાવનાઓ પણ ધર્માત્મા જીવે ભાવવા યોગ્ય છે. સોળ કારણભાવનાઓનું ફળ તીર્થંકરપણું છે, તે ભાવના ભાવતાં તીર્થંકર પ્રકૃતિનો બંધ અવ્રતી સમ્યક્‌દૃષ્ટિ, દેશવ્રતી ગૃહસ્થ આદિ મહાત્મા, સર્વસંગત્યાગી પ્રમત્ત ગુણસ્થાનવર્તી મુનિ તેમ જ અપ્રમત્ત મુનિવરને થાય છે. પુણ્ય પ્રકૃતિઓમાં સર્વોત્તમ પ્રકૃતિ તીર્થંકર પ્રકૃતિ છે. એથી ચઢિયાતી પુણ્ય પ્રકૃતિ ત્રણે લોકમાં ક્યાંય નથી. શ્રી ગોમટ્ટસાર ગ્રંથના કર્મકાંડમાં કહ્યું છે કે :— તીર્થંકર પ્રકૃતિના બંધનો આરંભ કર્મભૂમિના મનુષ્ય, પુરુષ લિંગધારી હોય તે જ કરી શકે છે. બીજી ત્રણ ગતિઓ (નરક, તિર્યંચ, દેવ) માં તેની શરૂઆત થઈ શકતી નથી. કેવળી તથા શ્રુતકેવળીના ચરણારવિંદની સમીપે જ થાય છે. કેવળી કે શ્રુતકેવળીની નિકટતા વિના તીર્થંકર પ્રકૃતિના બંધને યોગ્ય ભાવોની વિશુદ્ધતા થતી નથી. તીર્થંકર પ્રકૃતિનો બંધ પ્રથમ ઉપશમ સમ્યક્ત્વમાં થાય છે, તેમજ બાકીની ત્રણ સમ્યક્‌દશામાં પણ થાય છે, એટલે દ્વિતીય ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયકમાં પણ થાય છે. એ ચારમાંથી ગમે તે એક સમ્યક્ત્વ હોય ત્યારે તીર્થંકર પ્રકૃતિ બંધાય છે.

આ તીર્થંકરપ્રકૃતિ બંધાવાનું કારણ સોળ કારણભાવના છે. આ ભાવનાઓ સમસ્ત પાપનો ક્ષય કરનારી, ભાવોની મલિનતાનો નાશ કરનારી અને સાંભળતાં તેમજ ભણતાં પણ સંસારના બંધને છેદનારી હોવાથી નિરંતર ભાવવા યોગ્ય છે.

આ સોળ ભાવનાની જયમાળા ભણવાથી મહા પુણ્ય ઉપાર્જન થાય છે. તેનો અર્થ, ભાવોની વિશુદ્ધતા માટે અને અશુભ ભાવોનો વિનાશ કરવા માટે છે.

## સોળ કારણભાવનાની
# સમુચ્ચય જયમાળા

**જય જયવંતા ભાવો, અમારી કુમતિ હરી જાઓ –જય૦એ ટેક**

**સંસાર અપાર સમુદ્ર સમો કરે–ગોપદ સમ ભાવો;**
**તીર્થંકર પદ પ્રાપ્ત કરાવી, મોક્ષે લઈ જાઓ.જય૦ ૧**

**હે સોળ કારણ ભાવ! નમી હું–સ્તવન કરું આવો;**
**દુર્ગતિનાં દુઃખ દૂર કરી, મુજ શક્તિ પ્રગટાવો.જય૦ ૨**

**સમ્યક્દર્શનની સુવિશુદ્ધિ, નરભવમાં દુર્લભ ભાવો;**
**પચીસ દોષ તજી દર્શનના, નિઃશંક અમોહી થાઓ.જય૦ ૩**

**દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉપચારે, વિનય ભાવ લાવો;**
**સત્ય ધર્મનું મૂળ વિનય છે, માન મહા ભુલાવો.જય૦ ૪**

**નિર્દોષ શીલની મોક્ષમાર્ગમાં, મહા મદદ ભાળો;**
**ઇંદ્રિય વિષય, કષાય, પરિગ્રહ–વિઘન ગણી ટાળો.જય૦ ૫**

**દુર્લભ માનવભવની ક્ષણેક્ષણ, જ્ઞાન ઉપયોગે ગાળો;**
**સમ્યક્જ્ઞાન નિરંતર સેવી, સંકલ્પ–વિકલ્પો ટાળો.જય૦ ૬**

સંસાર, શરીર ને ભોગ વિષે,—વૈરાગ્ય ભાવ ભાવો;
માત્ર મોક્ષની ધરૉ અભિલાષા, સંવેગ એક જગાવો.જય૦ ૭

આત્માની હિંસા કરનારા, લોભાદિક કષાયો;
તજી, શક્તિ અનુસાર સુપાત્રે દ્યો દાન,તજી વ્યવસાયો.જય૦ ૮

બાહ્યાભ્યંતર પરિગ્રહ પરની, તજી આસક્તિ આવો;
સર્વ વિષયની ઇચ્છા તજી લ્યો, યથાશક્તિ તપલ્હાવો.જય૦ ૯

રાગાદિક દોષો દૂર કરીને, ધર્મની વ્હારે ધાવો;
વીતરાગ મુનિને દુઃખ દેખી, સાધુસમાધિ પ્રગટાવો.જય૦૧૦

દશવિધ સાધુ–સંઘની સેવા, મહા ભાગ્ય તે ભાળો;
રાગ–દ્વેષ રોગાદિક પીડા, પંથ–પરિશ્રમ ટાળો.જય૦૧૧

પરમ પૂજ્ય અરિહંત આતમા, સદા ભક્તિથી ભાવો;
પ્રેમ ધરી કરી સ્તુતિ–પૂજા, આત્મહિત ઉપજાવો.જય૦૧૨

પાળે પળાવે સદાચાર કરી, મોક્ષ–માર્ગ ફેલાવો;
એ આચાર્ય ગુરુની ભક્તિ, આદરથી ઉર લાવો.જય૦૧૩

સમ્યક્શ્રુત નિત્ય ભણે ભણાવે, ઉપાધ્યાય પદ સેવો;
બહુશ્રુતની બહુ ભક્તિ કરીને, જ્ઞાન પરિશ્રમ લેવો.જય૦૧૪

આપ્ત વચનનું શ્રવણ પઠન ને, ચિંતન ભક્તિ ભાવો;
અનેકાંત–આગમ સેવાથી, સંશય સર્વ શમાવો.જય૦૧૫

સ્તવન,સામાયિક,પ્રતિક્રમ,વંદન,પચખાણ,કાઉસગ ભાવો;
આવશ્યક એ કરી સદાયે, વૃત્તિ અનાદિ વાળો.જય૦૧૬

ધન્ય–પુરુષ કરે ધર્મ–પ્રભાવના વિદ્યા દાન વધારો;
પર–ધર્મી પણ કરે પ્રશંસા, સદાચાર જો ધારો.જય૦૧૭

**ધર્મ, ધર્માત્મા, ધર્મસ્થાનકો, બોધમાં ઊલટ ધારો;**
**એ વાત્સલ્ય ભાવ ઉર ધારી, મોહ–માન સંહારો.જય૦૧૮**

**સમુચ્ચયરૂપ સોળ ભાવ, તીર્થંકર–કારણ ભાવો;**
**અથવા સમ્યક્ સહિત એકેકી, ભાવી પરમપદ પાવો.જય૦૧૯**

**અશુભ ભાવનો નાશ કરે આ જયમાળા, જશ આપે;**
**ભાવ સુધારી શુદ્ધ કરે તો, બ્રહ્મ કર્મ સૌ કાપે.જય૦૨૦**

**ભાવાર્થ :–** હે સંસારસમુદ્રથી તારનાર! હે કુમતિને નિવારનાર! હે તીર્થંકર લબ્ધિને ધારણ કરનાર! હે મોક્ષના કારણભૂત! હે સોળ ભાવના! હું તને નમસ્કાર કરું છું. તારું સ્તવન કરું છું. મારી શક્તિને પ્રગટ કરું છું.

સોળ કારણભાવના જેને પ્રગટ થાય તે નિયમથી તીર્થંકર થઈને સંસારસમુદ્ર અવશ્ય તરી જાય એવો નિયમ છે. જે સોળ કારણભાવના ભાવે તે કુગતિમાં ન જાય. કોઈ તો વિદેહ ક્ષેત્રોમાં ગૃહસ્થ અવસ્થામાં સોળ કારણભાવનાઓ કેવળી કે શ્રુતકેવળીની સમીપે ભાવીને તે જ ભવમાં તપ-કલ્યાણક, જ્ઞાન-કલ્યાણક, અને નિર્વાણ-કલ્યાણકની પૂજા દેવો દ્વારા પામી મોક્ષે જાય છે. કોઈ પૂર્વજન્મમાં કેવળી કે શ્રુતકેવળીની પાસે આ ભાવના ભાવી સૌધર્મ આદિથી સર્વાર્થસિદ્ધિ સુધીના દેવલોકમાં ઊપજી, ફરી મનુષ્યભવ પામી, તીર્થંકર થઈને મોક્ષે જાય છે. કોઈએ મિથ્યાત્વ અવસ્થામાં પૂર્વ ભવે નરક આયુષ્ય બાંધ્યું હોય, પછી કેવળી કે શ્રુતકેવળીનું શરણ પામીને સમ્યક્ત્વ ગ્રહણ કરી સોળ કારણભાવના ભાવી નરકે જાય.

પછી નરકમાંથી નીકળી તીર્થંકર થઈને નિર્વાણ પ્રાપ્ત કરે છે. પૂર્વભવમાં સોળ કારણભાવના વડે જે તીર્થંકર પ્રકૃતિ બાંધે છે તેનો પાંચે કલ્યાણક મહોત્સવોથી મહિમા વિસ્તરે છે. જે વિદેહ ક્ષેત્રોમાં ગૃહસ્થપણામાં તીર્થંકર પ્રકૃતિ બાંધે તે તે જ ભવમાં ઇંદ્રાદિક દ્વારા તપ, જ્ઞાન અને નિર્વાણ વખતે પૂજા પામી નિર્વાણ પ્રાપ્ત કરે છે. કોઈ વિદેહ ક્ષેત્રમાં મુનિવ્રત ધારણ કર્યા પછી કેવળીની સમક્ષ સોળ કારણભાવના ભાવી એ જ ભવમાં તીર્થંકર થઈ જ્ઞાન કલ્યાણક અને નિર્વાણ કલ્યાણકની બે પૂજા પ્રાપ્ત કરે છે. દીક્ષા પહેલાં લીધેલી હોવાથી તપ કલ્યાણકની પૂજા થતી નથી. જેણે તીર્થંકર પ્રકૃતિ બાંધી હોય તે ભવનત્રિક (ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષ્ક) દેવોનો, અન્ય મનુષ્ય-તિર્યંચનો, ભોગ ભૂમિમાં, સ્ત્રી-નપુંસકનો, એકેન્દ્રિય, બેઇંદ્રિય, ત્રિઇંદ્રિય કે ચતુરિંદ્રિય આદિ અસંજ્ઞીનો ભવ કરે નહીં, નરકની ત્રીજી પૃથ્વીથી નીચેની પૃથ્વીમાં ઊપજે નહીં. સોળ કારણ ભાવનાઓ કુગતિનું નિવારણ કરનારી છે. સોળ કારણભાવના પ્રાપ્ત થયા પછી ત્રીજે ભવે નિર્વાણ થાય જ. તેથી તે મોક્ષનું કારણ છે. તીર્થંકરપણાની ઋદ્ધિ સોળ કારણભાવનાથી જ ઊપજે છે. તેથી હે સોળ કારણભાવના! હું તને નમસ્કાર કરી તારું સ્તવન કરું છું.

**(૧)** હે ભવ્ય જીવો! આ દુર્લભ મનુષ્યભવમાં પચીસ દોષરહિત દર્શનવિશુદ્ધિ નામની ભાવના ભાવો. સમ્યક્‌દર્શનનો નાશ કરનાર દોષોને તજવા તે જ સમ્યક્‌દર્શનની ઉજ્જ્વળતા છે. ત્રણ મૂઢતા, આઠ મદ, છ અનાયતન અને શંકા આદિ

આઠ દોષો એ સત્યાર્થ શ્રદ્ધા કે સમ્યક્દર્શનને મલિન કરનાર પચીસ દોષો છે તેનો દૂરથી જ ત્યાગ કરો.

**(૨)** ભગવાને આગમમાં ચાર પ્રકારના વિનય કહ્યા છે :– (૧) જ્ઞાન વિનય, (૨) દર્શન વિનય, (૩) ચારિત્ર વિનય, (૪) ઉપચાર વિનય. એ ચાર વિનયને જિન ધર્મનું મૂળ ભગવાને કહ્યું છે. એ ચાર પ્રકારનો વિનય જ્યાં નથી ત્યાં ભગવાને કહેલા ધર્મની પ્રવૃત્તિ જ નથી સંભવતી. તેથી જિનશાસનના મૂળ વિનયરૂપ જ રહેવું યોગ્ય છે.

**(૩)** અતિચાર રહિત (નિર્દોષ) શીલ પાળો. શીલને મલિન ન થવા દેવારૂપ ઉજ્જ્વળ શીલ મોક્ષમાર્ગમાં અત્યંત સહાયકારી છે. જે ઉજ્જ્વળ શીલ પાળે છે તેને ઇંદ્રિયોના વિષય, કષાય, પરિગ્રહ આદિ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરતાં નથી.

**(૪)** આ દુર્લભ મનુષ્ય ભવમાં દરેક ક્ષણે જ્ઞાન ઉપયોગરૂપ જ રહો, સમ્યક્જ્ઞાન વિના એક ક્ષણ પણ વહી જવા ન દો. જે સંકલ્પ-વિકલ્પો સંસારમાં ડુબાડનારા છે તેનો દૂરથી જ ત્યાગ કરો.

**(૫)** ધર્માનુરાગ સહિત સંસાર, શરીર અને ભોગ પ્રત્યે વૈરાગ્યરૂપ સંવેગ ભાવના મનમાં ચિંતવન કરતા રહો; તેથી સર્વ વિષયોમાં અનુરાગનો અભાવ થઈને ધર્મમાં અને ધર્મના ફળમાં અનુરાગરૂપ પ્રવર્તન દૃઢ થાય છે.

**(૬)** અંતરંગમાં આત્માની ઘાત કરનાર લોભાદિ ચાર કષાયોનો અભાવ કરી પોતાની શક્તિ પ્રમાણે સુપાત્રોને

રત્નત્રય ગુણોમાં અનુરાગ રાખી આહાર આદિ [1]ચાર પ્રકારનાં દાન આપવામાં પ્રવૃત્તિ કરો.

**(૭)** બન્ને પ્રકારનાં અંતરંગ અને બહિરંગ પરિગ્રહમાં આસક્તિ તજીને, સમસ્ત વિષયોની ઇચ્છાનો અભાવ કરી, અતિશય દુર્ધર (આકરું) તપ શક્તિ પ્રમાણે કરો.

**(૮)** ચિત્તના રાગાદિ દોષો દૂર કરીને પરમ વીતરાગરૂપ સાધુ-સમાધિ ધારણ કરો.

**(૯)** સંસારનાં દુઃખ, આપદાને દૂર કરનાર વૈયાવૃત્ત્ય દશ પ્રકારે કરો.

**(૧૦)** અરિહંતના ગુણોમાં અનુરાગરૂપ ભક્તિ ધારણ કરીને અરિહંતના નામાદિકનું ધ્યાન કરી અર્હતભક્તિ કરો.

**(૧૧)** પાંચ પ્રકારના આચાર પોતે પાળે અને પળાવે તથા દીક્ષા, શિક્ષા દેવામાં કુશળ, ધર્મના સ્તંભરૂપ આચાર્ય પરમેષ્ઠીના ગુણોમાં અનુરાગ ધારણ કરવો તે આચાર્ય ભક્તિ છે.

**(૧૨)** જ્ઞાનમાં પ્રવૃત્તિ કરાવનાર, નિરંતર પોતે સમ્યક્જ્ઞાનનો અભ્યાસ કરે, અન્ય શિષ્યોને ભણાવવામાં ઉદ્યમી, ચારે અનુયોગના પારગામી વા અંગ-પૂર્વાદિ શ્રુતના ધારક ઉપાધ્યાય પરમેષ્ઠી પ્રત્યે બહુભક્તિ ધારણ કરવી તે બહુશ્રુતભક્તિ છે.

**(૧૩)** જિનશાસનને પુષ્ટ કરનાર અને સંશય આદિ

---

૧. આહારદાન, ઔષધદાન, જ્ઞાનદાન અને અભયદાન

અંધકાર દૂર કરવામાં સૂર્ય સમાન જે ભગવાનના અનેકાંતરૂપ આગમનું શ્રવણ, પઠન, પ્રવર્તનમાં ચિંતવનરૂપ ભક્તિ વડે પ્રવર્તવું તે પ્રવચન ભક્તિ છે.

**(૧૪)** અવશ્ય કરવા યોગ્ય છ આવશ્યક છે. તે અશુભ કર્મના આસ્રવને રોકી મહા નિર્જરા કરનારાં છે, અશરણને શરણરૂપ છે. આવાં આવશ્યકોને એકાગ્ર ચિત્તથી ધારણ કરો, નિરંતર એની જ ભાવના ભાવો.

**(૧૫)** જિનમાર્ગની પ્રભાવનામાં નિત્ય પ્રવર્તન કરો. જિનમાર્ગની પ્રભાવના ભાગ્યશાળી પુરુષોથી થાય છે. અનેક પુરુષોની વીતરાગ ધર્મમાં પ્રવૃત્તિ અને કુમાર્ગનો અભાવ પ્રભાવના વડે જ થાય છે.

**(૧૬)** ધર્મ પ્રત્યે, ધર્માત્મા પુરુષો પ્રત્યે, ધર્મનાં આયતન (સ્થાન) પ્રત્યે, અને પરમાગમનાં અનેકાંતરૂપ વચનો પ્રત્યે પરમ પ્રીતિ કરવી તે વાત્સલ્ય ભાવના છે. આ વાત્સલ્ય અંગ સમસ્ત અંગોમાં પ્રધાન છે, દુર્ધર મોહ તથા માનનો નાશ કરનાર છે.

આ પ્રમાણે મોક્ષનાં સુખ દેનારી આ સોળ કારણ-ભાવનાઓને જે ભવ્ય જીવ સ્થિર ચિત્ત કરીને ભાવે છે, ચિંતવન કરે છે, જેના આત્મામાં તે પરિણામ પામે છે, તે સમસ્ત જીવોનું કલ્યાણ કરનાર તીર્થંકરપણું પામી પંચમ ગતિ એટલે મોક્ષ પામે છે.

*સોળકારણની સમુચ્ચયરૂપ ભાવના સમાપ્ત.*

## દર્શનવિશુદ્ધિભાવના પદ્યમાં :–

(હરિગીત)

હે ભવ્ય જીવો ! જાણજો આ યોગ નર ભવનો ભલો,
તેને સફળ કરવા ચહો તો, વચન આ શુભ સાંભળો;
શુદ્ધ આત્મા ઓળખો, તેની પ્રતીતિ દૃઢ કરો,
તેને સુદર્શન જાણીને, નિર્મળપણે પ્રીતે ધરો. ૧

સુદર્શન સૌ ધર્મનું મૂળ સત્ય શાસ્ત્રોમાં કહ્યું,
તેના વિના મુનિ-ધર્મ કે શ્રાવકપણું કહો ક્યાં રહ્યું ?
જ્ઞાન પણ અજ્ઞાન ને, ચારિત્ર કુચારિત્ર છે,
તપને કુતપ આગમ કહે, સમ્યક્ વિના ગુણ ક્યાં રહે ? ૨

ચારે ગતિમાં જીવ ભમે, સમકિત વિના બહુ કાળથી,
જન્મ-મરણો ટાળવા, રાખો હૃદયમાં કાળજી;
ત્રાસ ધરી ભવ-ભ્રમણનો, ઇચ્છો અહીંથી છૂટવા,
આત્મિક સુખ અનંત અવિનાશી ચહો જો લૂંટવા; ૩

તો સુખ જે પરદ્રવ્યનાં, ઇંદ્રિયથી જે માણતા,
તેને ગણીને તુચ્છ, અભિલાષા નહીં ઉર આણતા;
નિર્મળ કરો સમ્યક્દર્શન, પ્રીતિ અતિશય આણીને,
વિસ્મરણ કરી સંસારનું, ને સ્વરૂપ સાચું જાણીને. ૪

દર્શનવિશુદ્ધિ મોક્ષમાતા, દુર્ગતિને છેદતી,
પંદર બીજી શુભ ભાવનાનું મૂળ બની ઊછેરતી;
સંસાર-દુઃખરૂપ તિમિર ટાળે, સૂર્ય સમ આ અંગ છે,
દર્શન-વિશુદ્ધિ ભવ્ય જીવને પરમ શરણ અભંગ છે. ૫

સ્વદ્રવ્ય ને પરદ્રવ્યને, વિજ્ઞાન બળથી પારખી,
ભિન્ન કરજો ભેદજ્ઞાને, લક્ષણોને નીરખી,
સદ્‌ગુરુના સદ્‌બોધની, કરી શોધ શ્રદ્ધા ધારજો,
સત્સંગથી ઉલ્લાસ સત્પુરુષાર્થ માંહિ વધારજો. ૬

કર્મના ઉદયે ધર્યો આ, દેહ તે નિજ માનતો,
અનાદિના મિથ્યાત્વથી, નથી સ્વ પર ભેદ પિછાનતો;
ચારે ગતિમાં ભ્રમણ કરતો, જ્ઞાનનેત્ર રહિત આ,
સ્વરૂપ ભૂલી ભટકતો, સંસારવન દુઃખકર મહા. ૭

નહિ દેવ સાચા ઓળખ્યા, નહિ ભેદ ધર્મ કુધર્મનો,
સદ્‌ગુરુ કુગુરુ ભેદ નહિ, નહિ પુણ્ય કે પાપાદિનો;
આ લોક કે પરલોકનો, નહિ ગ્રાહ્ય-ત્યાજ્ય વિચાર કો,
નથી ભક્ષ્ય કે અભક્ષ્યનો, સત્સંગ કે કુસંગનો–૮

નિર્ણય નથી સત્‌શાસ્ત્ર કે, કુશાસ્ત્રનો જીવને હજી,
કર્મફળના રસ વિષે, નહિ ભેદ-બુદ્ધિ ઊપજી;
નહિ હિત કે અહિતની, પ્રગટી પિછાન અચૂક કો,
પર દ્રવ્યમાં રહી લાલસા, તેથી ન ક્લેશો મૂકતો. ૯

સદ્‌ભાગ્ય આદિ લબ્ધિથી, ઉત્તમ કુળાદિ પામિયો,
સર્વજ્ઞનાં સ્યાદ્‌વાદી વચને, આત્મધર્મ પિછાનિયો;
પ્રમાણ નય નિક્ષેપથી નિર્ણય કરે તેવો થયો,
વીતરાગી સમ્યક્‌જ્ઞાની ગુરુનો કૃપાપાત્ર કદી થયો.૧૦

સદ્‌ગુરુ કૃપાથી બોધ પામ્યો, અચળ નિશ્ચય આવીઓ,
કે જાણનારો અવિનાશી આત્મરૂપ જણાવીઓ;

દેહાદિ સૌ પર દ્રવ્યથી, જુદો જણાયો લક્ષણે-
ચેતના લક્ષણ થકી, જુદો રહે નહિ કો ક્ષણે. ૧૧

દેહ, જાતિ, નામ, કુળ, રૂપાદિ તદ્દન ભિન્ન છે,
ને કામ, ક્રોધાદિ વિકારો, કર્મને આધીન છે;
નિર્વિકારી, શુદ્ધ, જ્ઞાયક ભાવ ટંકોત્કીર્ણ હું,
સ્ફટિકમણિ સમ શુદ્ધ, પણ પર સંગ-રંગ મલિન છું. ૧૨

**ત્રણ અમૂઢતા :—**

પરમહિત ઉપદેશતા, સર્વજ્ઞ શ્રી વીતરાગ જે,
રાગ-દ્વેષાદિ અઢારે, દોષમાં દે આગ જે;
અનંતજ્ઞાન, અનંતદર્શન, વીર્ય-સુખ અનંત જ્યાં,
અનંત આત્મિક ગુણ અવિનાશી પ્રગટ અત્યંત જ્યાં-૧૩

એ આપ્ત પૂજાપાત્ર છે, વંદન સ્તવનને યોગ્ય છે,
કામ-ક્રોધાદિ વડે વિષયાદિ જેને ભોગ્ય છે;
ઇંદ્રિયજ્ઞાને જાણતા જે, નિર્વિકાર નથી થયા,
તે દેવ શ્રદ્ધાપાત્ર શાના? જે ન સમજ્યા શું દયા? ૧૪

સર્વજ્ઞ શ્રી વીતરાગની વાણી સદા સત્‌શાસ્ત્ર છે,
પ્રત્યક્ષ અનુમાનાદિથી, અવિરોધ, શ્રદ્ધાપાત્ર છે;
જે અહિંસારૂપ ધર્મને, સંસારતારક જ્ઞાનને,
આચાર શુદ્ધ બતાવતાં, આગમ કહો અનેકાંત તે. ૧૫

આત્મા પ્રગટ દર્શાવતાં, આગમ ભણો, સુણો, સ્તવો,
વંદન કરો, શ્રદ્ધા કરો, વળી ગહન અર્થ પ્રકાશવો;
પણ રાગ-દ્વેષ વધારતાં, વિષય કષાય ઊછેરતાં,
હિંસાદિને ઉપદેશતાં, વિષબીજ શાસ્ત્રો વેરતાં-૧૬

પ્રત્યક્ષ ને અનુમાનથી ખંડિત, એકાંતિક એ,
શાસ્ત્રો શ્રવણને યોગ્ય નહિ, નહિ અનુમોદન યોગ્ય એ;
અહિતકારી ના ભણો, વિષયાદિ ના ભણવા પડે,
ભવ ભવ વિષે અભ્યાસિયા તે પોષવાથી શું જડે? ૧૭

આરંભ, પરિગ્રહ, વિષય-વાંછા ને કષાય, કદી નહીં,
આત્મ-ઉજ્જ્વળતા થવા, સ્વાધ્યાય ધ્યાને ઉદ્યમી;
કર્મફલ સુખ-દુઃખમાં સ્વાધીન સમતા ધારતા,
જીવન, મરણ, નિંદા, સ્તુતિમાં સહનશીલતા રાખતા-૧૮

ક્ષુધા, તૃષાદિ, પરિષહો, ઉપસર્ગ વળી આવી પડે,
તો પણ અડોલ ધરે ધીરજ નિર્ગ્રંથતા ત્યાં સાંપડે;
એવા કષાય રહિત સદ્ગુરુ આત્મધ્યાને જે રમે,
તે સ્તવન વંદન યોગ્ય છે, તેને ત્રિભુવન જન નમે. ૧૯

જીવ-દયા એ ધર્મ છે, ના ધર્મ હિંસામાં કદી,
પશ્ચિમ વિષે ઊગે રવિ, છો અગ્નિથી શીત વ્યાપતી;
સાપના મુખમાં વસે અમૃત, ભલે મેરુ ચળે,
પૃથ્વી ભલે ઊંધી પડે, નહિ ધર્મ હિંસામાં મળે. ૨૦

**નિઃશંકિત આદિ આઠ અંગ :—**

એવી અચળ શ્રદ્ધા ધરે, જે જીવ સમકિતવંત છે,
આત્મ-અનુભવ, આપ્ત, આગમ, ધર્મમાં નિઃશંક તે;
સમકિતી સુખ અહમિંદ્રનાં, પણ વેદનારૂપ માનતા,
વિનાશી દુઃખરૂપ દેખી તેને સ્વપ્નમાંહિ ન ઇચ્છતા. ૨૧

વિષયસુખ દુઃખબીજ જાણી, કોણ સમજુ તે ચહે?
તજી ધર્મસેવન-રત્નફળ કહો, વિષય-કોડી કો ગ્રહે?

ધર્મફળ અવિનાશી, સ્વાધીન મોક્ષ-સુખની ખાણ છે,
વાંછા રહિત સમકિતી હોયે, આત્મ-સુખના જાણ તે. ૨૨

દુર્ગંધી તેલાદિ લગાવે, રોગી રાગી ન તેલનો,
તેવી રીતે વ્રત રહિત સમકિતી વસ્તુ વાંછે, મેલતો;
વેદના તત્કાળ થાયે, તે સહી ના જાય જ્યાં,
ઉપાય તેના આદરે, નહિ ગમે કોઈ ઉપાય ત્યાં. ૨૩

આજીવિકાદિ ઇચ્છતાં પણ ન્યાય-નીતિ ના તજે,
વ્રતી સમકિતી કદી ન ઇચ્છે, વિષય જે જે તે તજે;
શત ખંડ કાયાના થતાં, ત્યાગેલ ભોગ ન તે ચહે,
એ ગુણ નિષ્કાંક્ષિત કહ્યો, સમકિતી નર વિરલા વહે. ૨૪

ખાન, પાન, સ્ત્રી, પુત્ર, સંપત્, આપદા, નિર્ધનપણું,
કર્માનુસાર મળી રહે, ભૂત ભાવનું ફળ તે ગણું;
રોગી, દરિદ્રી, નીચ, ગંદો કોઈને દેખું અહીં,
મળ-મૂત્ર, કાદવ, ગંધ આદિ, દેખી સૂગ લાવું નહીં. ૨૫

વન કે સ્મશાનાદિ સ્થળો, દેખી ન ભયભીત હું બનું,
દુઃખદાયી કાળ જણાય પણ, ના ક્લેશરૂપ કદી ગણું;
દુષ્ટતા પર જીવની, કટુ આદિ વસ્તુ સ્વભાવથી,
પરિણામ ક્લેશિત ના કરું, નિર્વિચિકિત્સા મન ધરી. ૨૬

આત્મ (સત્ય) ધર્મ થકી ચળે ના ચમત્કાર-પ્રભાવથી,
કુશાસ્ત્ર કે કુદેવકૃત, મણિ, મંત્ર, ઔષધ યોગથી;
આશ્ચર્ય-કારી બને બીના, યંત્રો, કળાદિ કારણે,
સમકિતી ના લલચાય તેને, અમૂઢદૃષ્ટિ ગુરુ ગણે. ૨૭

અન્યના અજ્ઞાન કે, અશક્તિથી દોષો થતા,
જાણે, કરે ના પ્રગટ, પણ બનતા સુધી તે ઢાંકતા;
મોહાદિ ઘાતી કર્મ વશ, જન નિજભાવ ભૂલી રહ્યા,
પરધન-હરણ કુશીલ આદિ, પાપ ત્યાગે જન મહા. ૨૮

સત્ય-ધર્મી પાપના, ઉદયે ભૂલી ભૂલ કો કરે,
તે દેખી સમકિતી અતિ મનમાંહિ એવું ચિંતવે;
આ દોષ જો જન જાણશે, તો ધર્મને સૌ નિંદશે,
અન્ય ધર્માત્મા બધા, એવા જ લોકો લેખશે. ૨૯

એમ જાણી દોષ પરના, ઢાંકવાનો ગુણ તે,
ઉપગૂહન ગુણ સમ્યક્ત્વનો, સૌ સદ્‌ગુણી ઉર આણશે;
પ્રશંસા નિજ ગુણની, ગુણવંત ના કદી ઇચ્છતાં,
દર્શનવિશુદ્ધિ થાય નિર્મળ, ઉપગૂહન ગુણ ભાવતાં. ૩૦

ધર્મ-ધારી કોઈનાં, પરિણામ કદી ચળી જાય જો,
ઉપદેશ આદિ મદદ દેતાં, સ્થિતિકરણ ગુણ થાય તો;
રોગની પીડા વડે, પરિણામ ચળતાં ભાળીને,
ગરીબાઈનાં દુઃખ ફિકરથી વળી ચળે કો કંટાળીને-૩૧

ઉપસર્ગ પરિષહથી ચળે, અસહાયતાથી કો વળી,
આહાર-પાન મળે નહીં, ત્યારે જતાં કોઈ ચળી;
સહાય, સેવા, અન્ન, ધન આદિ દઈ ઉપદેશથી,
પરિણામ દૃઢ કરવાં સુધર્મે, નિઃસ્પૃહી ઉદ્દેશથી. ૩૨

"હે ધર્મધારક! જ્ઞાની જન, જાગ્રત રહે, હારી ન જા,
શાને શિથિલ થઈ જાય છે, કાયર કદાપિ તું ન થા;

રોગ ક્યાં રહેનાર છે? ડગલું ડગો નહિ ધર્મથી,
જ્ઞાની થઈ શાને ચૂંકો છો, અશાતા રૂપ કર્મથી? ૩૩

ઉદય આવ્યો વેદનાનો, વેદવો પડશે ખરે!
ધૈર્ય ધરીને ભોગવો, કાયર દીસો છો કાં, અરે!
કાયર બની દીનતા ધરો, અશ્રુ વડે આંખો ભરો,
આક્રંદ કરી શિર કૂટતાં, ના કર્મ છોડે ધીર હો! ૩૪

ઉદયમાં આવેલ કર્મ, હરી શકે નહિ સુર કો,
મંત્ર, તંત્ર, સ્ત્રી, પુત્ર, મિત્રાદિ બધાં લાચાર જો;
સારી રીતે સમજો છતાં, કાયર બનો શાને તમે,
વેદનાના જોરમાં પણ, ધૈર્ય ધારો આ સમે. ૩૫

કાયર થયે દુઃખ ના ઘટે, દુઃખ ભાર વધતો લાગશે,
ધર્મ, યશ, પરલોક બગડે, સાહસે સૌ ભાગશે;
પરમ ધર્મ અશરણનું પણ શરણ, ધારણ તે કરો,
સ્વચ્છંદ ચેષ્ટા પરિહરી, આરાધના ઉરે ધરો. ૩૬

ક્ષુધા, તૃષા, સંતાપ, તાડન, રોગ, શીત, ઉષ્ણાદિનાં,
ઘોર દુઃખ ચિરકાળ વેઠ્યાં, નરક તિર્યંચાદિમાં;
અનંત ભવમાં ભોગવ્યાં, દુઃખ જન્મ-મરણોનાં મહા,
તો આટલા દુઃખની ગણત્રી, શી ગણો? આવ્યું જવા. ૩૭

રોગનાં દુઃખ દેહને, હાનિ કરે, હણશે કદી,
આત્મા અમર ચેતન સ્વરૂપી, કોઈથી મરશે નહીં;
દેહ તો પડશે નકી, ધારણ થયો છે છૂટશે,
ચેતો હવે, સમભાવ રાખો, પાપ ફળ ઝટ ખૂટશે. ૩૮

પંચ પરમેષ્ઠી પ્રભુનું શરણ સ્મરણાદિ કરો,
નિજ અજર,અમર,અખંડ જ્ઞાતા સ્વરૂપમાં મન દૃઢ ધરો;
અવસર ફરી આવો નહીં આવે, અરિને જીતવો,
કર્મો અનાદિ કાળનાં દુઃખ દઈ રહ્યાં, નિર્મૂળ કરો.''૩૯

એ રીતનો ઉપદેશ દઈ, મન ધર્મમાં સુદૃઢ કરો,
અનિત્ય આદિ ભાવનાનું, ગ્રહણ તુર્ત કરાવજો;
વ્રત, ત્યાગ ત્યાગ્યાં હોય તે, ફરી ગ્રહણ તુર્ત કરાવજો,
સેવાદિ ઉપચારો વડે, સ્થિતિકરણ ગુણ પ્રગટાવજો. ૪૦

સંસારી જીવોની પ્રીતિ, સ્ત્રી, મિત્ર, પુત્રાદિકમાં,
ઇંદ્રિય-વિષય-વિલાસમાં, કે કીર્તિ ને કનકાદિમાં;
સ્ત્રી,પુત્ર,ઘર,પરિગ્રહ,વિલાસો પરિભ્રમણ-કારણ ગણી,
ધરે અંતરે વૈરાગ્ય તે હવે રાગ રાખે શા ભણી? ૪૧

રત્નત્રય-ધારક મુનિ, આર્યા, સુશ્રાવક, શ્રાવિકા,
ધર્મનાં આયતનમાં, અત્યંત પ્રીતિ લાવતા;
વાત્સલ્ય અંગ ગણાય આ, સમકિતવંત સદા ધરે,
આ ધર્મરાગની સેવના, સંસાર-કારણને હરે. ૪૨

વચન, તન, મન, ધન વડે, તપ દાન ભક્તિ આદરી,
ન્યાય-નીતિ ટેક ધારી, સદાચાર સદા ધરી;
રત્નત્રય પ્રગટાવી માર્ગ-પ્રભાવના વિસ્તારતા,
તે ધન્ય ધર્માત્મા જગતમાં, સર્વનું હિત સાધતા. ૪૩

**૭ અનાયતનનો ત્યાગ :—**

સમકિત નિર્મળ રાખવા, ત્રણ મૂઢતા પણ ત્યાગવી,
તે લોક-મૂઢતા, દેવ-મૂઢતા, ગુરુ-મૂઢતા જાણવી;

હાડકાંરૂપ ફૂલ ગંગામાં ગયે સદ્‌ગતિ ગણે,
ગંગાદિ જળનો ઘૂંટડો, કે સ્નાન પાવનકર ભણે. ૪૪

જીવતી બળે મૃતસ્વામી સાથે, સતી તે પૂજાય છે,
મરી ગયેલા પિતૃ દેવો, શ્રાદ્ધમાંહિ મનાય છે;
રવિ, સોમ, મંગલ આદિ ગ્રહની, ગળે માળા ધારતા,
ગ્રહ-દોષ કરવા દૂર વળી, દઈ દાન મંત્ર જપાવતા. ૪૫

સંક્રાન્તિ, સોમવતી અમાસે, ગ્રહણ કાળે દાન દે,
સ્નાનથી કે દાભથી, શુદ્ધિ ગણે બહુ માન્ય તે;
હાડકારૂપ હાથીદાંત, પવિત્ર માની પહેરતાં,
ઘર, કૂવા, હળ, મુશળ, દીપક, ઝાડ, પશુને પૂજતાં. ૪૬

ગણેશ પૂજે, માન્યતા, રાખી જટા ઉતરાવતા,
સંતાન જીવતાં રાખશે, ગણી ચોટલી કતરાવતા;
દેવતા સંતાન દેશે, કાર્ય પૂરું પાડશે,
કે રોગને જો ટાળશે, કે વેરીને વળી મારશે-૪૭

તો દેવ-દેરી હું કરાવું, છત્ર, ધન, લાડુ ધરું,
એવા કરારે લાંચનું દે, દેવને પણ નોતરું;
ડાખલાં ખખડાવીને કો, જાગરણ રાતે કરે,
બકરાદિની હિંસા કરી, અપવિત્ર દેવી રીઝવે. ૪૮

પૂજે વળી કો શીતળા, લક્ષ્મી, કલમ કે રૂપિયા,
અન્ન, જળ, હથિયાર, દૂર્વા, નાગ, અગ્નિ પૂજિયા;
એવી રીતે આશા ધરી, ભય દૂર કરવા પૂજતા;
કે લોક દેખાદેખીથી વર્તે, ગણો જન-મૂઢતા. ૪૯

એ માન્યતા મિથ્યાત્વબળવાળી અતિ વિપરીત છે,
ને લોકલજ્જા-ભૂત પ્રેરિત, મોહનીંદ સહિત તે;
બુદ્ધિબળથી પોષતા કો, ધર્મના અંશો ગણી,
પણ આત્મધર્મ રહિત સર્વે, માન્યતા જૂઠી ભણી. ૫૦

દેવ-મૂઢતામાં નથી, વિચાર દેવ-કુદેવનો,
કામી, ક્રોધી, શસ્ત્રધારી, સત્ય માની, સેવશો;
રચના રચી પરમેશ્વરે, હણનાર પણ પોતે - કહે,
વળી શુભ-અશુભમાં પ્રેરણા, ઈશ્વર સદા કરતા રહે. ૫૧

એ માન્યતા મિથ્યા ગણો, નહિ મોક્ષમાર્ગ જણાય ત્યાં,
પાપની પણ પ્રેરણા ઈશ્વર કરે; જીવ-દોષ ક્યાં?
દોષ વિણ બંધન નહીં, બંધન વિના સંસાર શો?
સંસાર વણ ઉદ્ધાર નહિ, તો મોક્ષનો ઉપદેશ શો? ૫૨

પાખંડી, દુરાચારી, લોભી, વિષય-લોલુપી કુગુરુ,
વચન-સિદ્ધ, વળી તપસ્વી, પૂજ્યતાની આબરૂ;
મહા પુરુષ મનાય જગમાં, તેથી ગુરુ તેને ગણે,
ગુરુ-મૂઢતા તે જાણવી; એ ભૂલ આત્માને હણે. ૫૩

દર્શન-વિશુદ્ધિ કારણે છ, અનાયતન પણ ત્યાગજો,
કુદેવ ને કુશાસ્ત્ર, કુગુરુ, ત્રણેના વળી સેવકો;
ધર્મનાં જે સ્થાન નહિ, તે અનાયતન છ જાણજો,
આત્મ-ધર્મ વિમુખ તેથી, પરીક્ષક થઈ નાણજો. ૫૪

**આઠ મદનો ત્યાગ :—**

જાતિ, કુળ, ઐશ્વર્ય, રૂપ, તપ, શાસ્ત્ર, બળ, વિજ્ઞાન એ,
આઠ મદ અત્યંત તજી, દર્શન-વિશુદ્ધિ જાણજે;

સુવિચાર સમ્યક્‌દૃષ્ટિ કરતા, જાતિ હે જીવ ! તુજ નહીં,
કર્મનું ફળ, કર્મ-આધીન, વિનાશી, નહિ સ્થિર રહી. ૫૫

મા-પક્ષની જાતિ કહી, કુળ પક્ષ પિતાનો ગણે,
ઉચ્ચ-નીચ જાતિ કુળોમાં, ભવ ધર્યા અતિ આપણે;
ચંડાળણી કે ભીલડી, નટડી બની માતા કદી,
વેશ્યા, ગધેડી, કાગડી, કે ભૂંડણી કે કૂતરી. ૫૬

ઘણી વાર એવી માતની, કૂખે ધર્યા ભવ આપણે,
તો જાતિનું અભિમાન ધારી, કેમ દર્શનને હણે ?
સંસારમાં નીચ જાતિમાં, જીવ ભવ અનંત ધરે પછી,
એક વાર જ ઊપજે કોઈ, ઉચ્ચ જાતિમાં કદી. ૫૭

ફરી નીચ જાતિમાં ભમે, જીવ ભવ અનંત કરી ફરી,
એમ વાર અનંત પામ્યો, ઉચ્ચ જાતિ પણ વળી;
તોય આ સંસારનું પરિભ્રમણ ના અટક્યું હજી,
તેથી મદ કરવો ઘટે ના, જાતિકુળ તણો કદી. ૫૮

સ્વર્ગના દેવો મહર્દ્ધિક, ઊપજે એકેન્દ્રીમાં,
કે શ્વાન આદિ પશુ થઈ, સુખ લેશ લે નહિ નીંદમાં;
ઉચ્ચ કુળધારી મરી, ચંડાળને ત્યાં ઊપજે,
શો ગર્વ કરવો કુળનો ! મિથ્યાત્વને એ સૂચવે. ૫૯

જાતિ-કુળ તો સિદ્ધ સમ, આત્મન્ ! તમારું સત્ય એ,
તે ભાન ભૂલી દેહનાં, જાતિ-કુળે લલચાય છે;
માતા-પિતાના રુધિર વીર્યે, નીપજતા નીચ દેહમાં,
કરી જાતિ-કુળની કલ્પના, ગર્વે ભમે તન-ગેહમાં. ૬૦

અનંતકાળ નિગોદમાં, ભમવું પડે અભિમાનથી,
તો વીતરાગ ગુરુ તણો, ઉપદેશ લ્યો બહુમાનથી;
ઉચ્ચ જાતિ-કુળ દીપાવો, સત્ય, સંયમ, શીલથી,
અભિમાન તેમાં મદદ કરશે, રક્ષશે કુશીલથી. ૬૧

ઉચ્ચ જાતિ-કુળમાં અભક્ષ્ય-ભક્ષણ ના ઘટે,
હિંસા, મૃષા, પરધન-હરણ, દુરાચરણ સ્હેજે મટે;
કર્મ-કૃત સંજોગમાં, સમકિતી મદ શાનો કરે ?
દેહાદિ તો પર્યાય પર, ત્યાં આત્મબુદ્ધિ ના ધરે. ૬૨

ઐશ્વર્ય પામી મદ કરો ના, ફળ વિચારો મન વડે,
નિજ ભાન ભૂલી રાગ-દ્વેષે, પાપ કરી ભમવું પડે;
ત્રણ લોકને પણ પૂજ્ય છે, નિર્ગ્રંથતા તે આદરો,
ઐશ્વર્ય ક્ષણ-ભંગુર છે, તે હોય તો પર-હિત કરો. ૬૩

ઇંદ્ર, ચક્રી આદિના, વૈભવ ગયા ક્ષણ માત્રમાં,
તો અન્ય જીવના પુણ્યનો,ક્ષય થાય ઝટ, આશ્ચર્ય ક્યાં ?
ચાર દિનની ચાંદની છે, વિનીત ભાવે વાપરો,
પરમાત્મતા, ઐશ્વર્ય પોતાનું ગણી એ આદરો. ૬૪

રૂપનો મદ શું કરો છો? વિનાશી પુદ્ગલતણું,
ક્ષણમાં હતું ન હતું થતું, ના સ્વરૂપ એવું આપણું;
દારિદ્રય, રોગ, વિયોગ, ઘડપણ, રૂપનાશક-કારણો,
આ હાડકાં ને ચામડાંના, રૂપને શું શુભ ગણો ! ૬૫

ગર્વ શો આ દેહનો, નિજ રૂપ કેવળ જ્ઞાન છે,
જેમાં જણાયે વિશ્વ આ, પ્રતિબિંબરૂપે માન તે;

ચામડાંના રૂપમાં કદી, આત્મબુદ્ધિ ના કરો,
અવિનાશી જ્ઞાન-રૂપમાં, આત્મભાવ સદા ધરો. ૬૬

શ્રુત-શાસ્ત્રનું અભિમાન છોડો, હોય ગર્વ ન જ્ઞાનમાં,
આત્મજ્ઞાન રહિત જનનાં, શાસ્ત્ર જ્ઞાન ન કામનાં;
અગિયાર અંગ અભવ્ય ભણી, સંસારમાં ભમતા રહે,
વિપરીત ધર્મ સુપોષી અંધ રહે, ન સમકિત તે લહે. ૬૭

ઇંદ્રિયજનિત આ જ્ઞાન ક્ષણમાં, નાશ પામે ગર્વ શો?
વાત, પિત્ત, કફાદિથી ફરી જાય, ઘડીમાં સર્વ, જો;
ઇંદ્રિય પામે નાશ તો એ જ્ઞાન પણ સાથે જતું,
એ જ્ઞાન તો મૃગજળ સમું, જીવ,ગર્વ શ્રુતનો છોડ તું. ૬૮

જ્ઞાન મિથ્યા જાય વધતું, તેમ ખોટા ગ્રંથની,
ટીકા રચી, કાવ્યો કરી, કરી પુષ્ટિ કલ્પિત પંથની;
દુરાચારે દોરી જનને, ડુબાડે ભવ-કૂપમાં,
અજ્ઞાન વિપરીત વર્તતું, પલટાવી વર્ત સ્વરૂપમાં. ૬૯

સમકિત વણ મિથ્યાત્વીનું, તપ સર્વ નિષ્ફળ જાણજે,
તપ-મદ વડે બુદ્ધિ હણાયે, કુગતિ ભણી તપ તાણશે;
તપ-ગર્વ જાણી, મહા હાનિ, ભવ્ય જીવ તે ત્યાગશે,
શરીર કૃશ કરતાં તપસ્વી, કષાય હણવા લાગશે. ૭૦

જેથી જિતાયા કર્મ શત્રુ, કામ, ક્રોધાદિ મહા,
ધન્ય તે બળ જાણવું, બળવાનને શાની સ્પૃહા?
દેહ-બળ યૌવન હુકમ-બળ પામી નિર્બળને દળે,
પરધન હરે, આજીવિકાદિ, જમીન ઝૂંટાવી રળે. ૭૧

કુશીલ સેવે, દુરાચારો, પશુ પેઠે આચરી,
તે બળ અપાવે ઘોર દુઃખ, નરકે ઘણા ફેરા ફરી;
તિર્યંચગતિમાં માર, વધ, ક્ષુધા, તૃષા, કુવચનનાં,
દુઃખ ભોગવાવે ભવ અનંત, કરાવીને અજ્ઞાનમાં. ૭૨

એકેન્દ્રીમાં બળરહિત થઈ, પરવશપણે દુઃખ ભોગવે,
તેથી તજી બળમદ સદા, નિજ આત્મહિત કરજો હવે;
બળ હોય તોપણ ક્ષમા ધરજો, શોભશે બળ જેહથી,
'ક્ષમા ભૂષણ વીરનું' ઉત્તમ થશે તપ તેહથી. ૭૩

હાથ-ચાલાકી અનેક પ્રકારના ઉદ્યોગમાં,
ને વચન-ચાલાકી અનેક પ્રકારના સંજોગમાં;
મન વિકલ્પ-કળા-કુશળ, યંત્રાદિની ઉત્પત્તિમાં,
તેને ગણો વિજ્ઞાન, એનો મદ ધરે આપત્તિમાં. ૭૪

ખોટી કળા ચતુરાઈના, મદમાં જનો જગમાં વદે :-
કે સાચને જૂઠું કરી દઉં, સ્થાપીં જૂઠ સાચા પદે;
અકલંકીને કરું હું કલંકી, શીલવંતને દૂષણ દઉં,
નિર્દોષને દંડાવું હું ને, ધનિકનું ધન હરી લઉં. ૭૫

ધર્મ છોડાવી દઈ, વિપરીત કરાવું માન્યતા,
યંત્રો બનાવું પ્રાણીઓને, પકડવા કરી ક્રૂરતા;
બંદૂક, તોપોની કળા કરી જીવ-ઘાત ઘણી કરું,
સબમરીન જળમાં ગુપ્ત હાંકી,વહાણ કાણાં બહુ કરું. ૭૬

યુદ્ધ વિમાનો રચું, મોટર-સ્ટીમરથી લૂંટી લઉં,
તોડી તિજોરી રાજ્યની, રત્નાદિ પણ છૂપવી દઉં;

એવી કળા ચતુરાઈ કુજ્ઞાને કરીને દાખવે,
કરી ગર્વ તેનો ઘોર દુઃખ, નરકે જઈને ભોગવે. ૭૭

સાચી કળા ચતુરાઈ કાપે, વિષય કષાય-વિકારને,
ત્રિવિધ તાપથી બચી બચાવે, આત્મહિત ઉપકાર તે;
હિંસા રહિત સન્માર્ગમાં, વર્તી, પ્રવર્તાવે અહીં,
વસ્તુસ્વરૂપ યથાર્થ સમજી, ગર્વ કદી કરશે નહીં. ૭૮

જાતિ, કુળ, ધન, રૂપ આદિ કર્મ આધીન આજ જ્યાં,
ગર્વ કદી કરશો નહીં, દર્શન-વિશુદ્ધિ કાજ ત્યાં;
ત્રણ મૂઢતા, શંકાદિ દોષો, આઠ મદ વળી તેટલા,
છ અનાયતન મળી દોષ પચ્ચીસ;ટાળશો, કહો કેટલા ? ૭૯

પચ્ચીસ દોષો ટાળતાં, દર્શનવિશુદ્ધિ ઊજળી,
થાશે જરૂર એ જાણીને, આ ભાવના ભાવો ભવી;
ચિંતન નિરંતર સૌ કરો, સ્તુતિ અર્ઘ્ય ઉતારી કરો,
તો મોક્ષ-લક્ષ્મી પામશો, દર્શનવિશુદ્ધિ ઉર ધરો. ૮૦

## પ્રથમ દર્શનવિશુદ્ધિ ભાવનાનું ગદ્ય :–

હે ભવ્ય જીવો! આ મનુષ્યભવ પામ્યા છો તેને સફળ કરવા ઇચ્છતા હો તો સમ્યક્દર્શનની વિશુદ્ધિ કરો. આ સમ્યક્દર્શન તો સર્વ ધર્મનું મૂળ છે. સમ્યક્ત્વ સિવાય શ્રાવકધર્મ પણ ન સંભવે અને મુનિધર્મ પણ હોય નહીં. સમ્યક્દર્શન વિનાનું જ્ઞાન તે કુજ્ઞાન છે, ચારિત્ર તે કુચારિત્ર છે, તપ તે કુતપ છે. સમ્યક્દર્શન વિના આ જીવે અનંતાનંત કાળ પરિભ્રમણ કર્યું છે. જો ચારે ગતિનાં પરિભ્રમણરૂપ સંસારનો ભય લાગતો હોય, જન્મ, જરા, મરણથી છૂટવા

ઇચ્છતા હો, અને અનંત અવિનાશી સુખમય આત્માને ઇચ્છતા હો તો અન્ય સર્વ પરદ્રવ્યની અભિલાષા છોડી એક સમ્યક્દર્શનની જ ઉજ્જ્વળતા કરો.

દર્શનવિશુદ્ધિ કેવી છે? મોક્ષના સુખનું કારણ છે, દુર્ગતિને દૂર કરનારી છે, વિનય-સંપન્નતા આદિ પંદર કારણ ભાવનાઓનું મૂળ કારણ છે; દર્શનવિશુદ્ધિ ન હોય તો બીજી પંદર ભાવનાઓ હોતી નથી; તેથી સંસારનાં દુઃખરૂપ અંધકારનો નાશ કરવાને સૂર્ય સમાન છે; ભવ્ય જીવોને પરમ શરણરૂપ છે.

દર્શનવિશુદ્ધિ ભાવના ભાવી સ્વપર દ્રવ્યનું ભેદવિજ્ઞાન ઉજ્જ્વળ થાય તેવો પુરુષાર્થ કરો. આ જીવે અનાદિ કાળના મિથ્યાત્વ નામના કર્મને વશ થઈ પોતાના સ્વરૂપની અને પરની ઓળખાણ જ કરી નહીં; નામકર્મના ઉદયથી જેવો દેહ પામ્યો, તેવા દેહને જ પોતાનું સ્વરૂપ માની, પોતાના સત્યાર્થ સ્વરૂપના જ્ઞાન વિષે અંધ બની, પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈને ચારે ગતિમાં ભ્રમણ કર્યું. દેવ-કુદેવને જીવ જાણતો નથી, ધર્મ-કુધર્મને જાણતો નથી, સુગુરુ-કુગુરુને જાણતો નથી. તેમજ પુણ્ય-પાપના, આ લોક-પરલોકના, ત્યાગવા યોગ્ય કે ગ્રહણ કરવા યોગ્યના, ભક્ષ્ય-અભક્ષ્યના, સત્સંગ-કુસંગના અને શાસ્ત્ર-કુશાસ્ત્રના વિચાર રહિત કર્મના ઉદય-રસમાં એકરૂપ થઈને પોતાના હિત-અહિતની ઓળખાણ વગર પરદ્રવ્યોમાં લાલસા રાખીને સર્વ કાળ જીવ ક્લેશિત થઈ રહ્યો છે. કોઈ અકસ્માત્ કાળલબ્ધિના પ્રભાવથી ઉત્તમ કુળાદિ તથા જિનેન્દ્ર-ધર્મ પામ્યો છે. તેથી વીતરાગ સર્વજ્ઞના બોધેલા અનેકાંતરૂપ

પરમ આગમની કૃપાથી પ્રમાણ, નય, નિક્ષેપ વડે નિર્ણય કરી પરીક્ષાપ્રધાની થયો છે. વીતરાગી સમ્યક્જ્ઞાની ગુરુની કૃપાથી એવો નિશ્ચય થયો છે કે એક જાણનારો, જ્ઞાયકરૂપ, અખંડ, અવિનાશી, ચેતના લક્ષણવાળો, દેહાદિક સર્વ પરદ્રવ્યોથી ભિન્ન હું આત્મા છું; દેહ, જાતિ, કુળ, રૂપ, નામ ઇત્યાદિ મારાથી અત્યંત ભિન્ન છે. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મદ, લોભ આદિ કર્મના ઉદયે ઊપજે છે તે મારા જ્ઞાયક સ્વભાવમાં વિકાર છે. જેવી રીતે સ્ફટિક મણિ પોતે તો સ્વચ્છ સફેદ રંગવાળો છે, પણ તેની નીચેના પરપદાર્થના સંસર્ગથી કાળો, પીળો, લીલો, લાલ અનેક રંગરૂપ દેખાય છે, તેવી રીતે હું આત્મા સ્વચ્છ, જ્ઞાયકભાવ છું, નિર્વિકાર, ટંકોત્કીર્ણ છું; પણ મોહકર્મના ઉદયે રાગ, દ્વેષ આદિ આત્મામાં જણાય છે. તે મારું સ્વરૂપ નથી, પર છે. આ પ્રમાણે તો પોતાના સ્વરૂપનો નિશ્ચય થયો.

સર્વજ્ઞ વીતરાગ પરમ હિતોપદેશક છે, ક્ષુધા, તૃષા, જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, વિસ્મય, રાગ, દ્વેષ, નિદ્રા, સ્વેદ, મદ, મોહ, ચિંતા, ખેદ અને અરતિ એ અઢાર દોષોનો અત્યંત અભાવ જેને થયો છે અને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ ઇત્યાદિ અનંત આત્મિક અવિનાશી ગુણો જેને પ્રગટ્યા છે તે જ આપ્ત આપણે વંદન, સ્તવન અને પૂજન કરવા યોગ્ય છે.

અન્ય કામી, ક્રોધી, લોભી, મોહી, સ્ત્રીઓમાં આસક્ત, શસ્ત્રાદિ ધારણ કરનારા, કર્મને આધીન, ઇંદ્રિય જ્ઞાનવાળા, સર્વજ્ઞપણા રહિત હોય તે વંદન, સ્તવન, પૂજન કરવા યોગ્ય નથી.

સર્વજ્ઞ વીતરાગે ઉપદેશેલાં, પ્રત્યક્ષ, અનુમાનાદિ વડે જે સર્વથા અબાધ્ય, સર્વ છકાય જીવોની હિંસા રહિત ધર્મનો ઉપદેશ કરનાર, આત્માના ઉદ્ધાર માટે અનેકાંતરૂપે વસ્તુને સાક્ષાત્ પ્રગટ કરનાર આગમ છે; તે ભણવા, ભણાવવા, શ્રવણ કરવા, શ્રદ્ધા કરવા અને વંદન કરવા યોગ્ય છે.

રાગી-દ્વેષી જીવો વડે રચાયેલાં, વિષયોમાં પ્રીતિ અને કષાયને વધારનારાં, હિંસાનો ઉપદેશ કરનારાં, એવાં પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ વડે બાધા પામતાં—ખંડિત એકાંતરૂપ શાસ્ત્રો સાંભળવા, ભણવા કે વંદન કરવા યોગ્ય નથી.

વિષયોની વાંછાનો અને કષાયોનો તેમ જ આરંભ પરિગ્રહનો જેને અત્યંત અભાવ થયો છે, એક આત્માની ઉજ્જ્વળતા કરવામાં જ જે પુરુષાર્થી બન્યા છે, ધ્યાન, સ્વાધ્યાયમાં અત્યંત લીન રહે છે, કર્મબંધજનિત સુખદુ:ખમાં નિજભાવરૂપ સ્વાધીન સમભાવ ધારણ કરનારા, જીવન-મરણ, લાભ-અલાભ, સ્તવન-નિંદામાં રાગદ્વેષ રહિત, ઉપસર્ગ-પરિષહ સહન કરવામાં અડોલ ધૈર્ય ધારણ કરનારા, પરમ નિર્ગ્રંથ જ્ઞાની ગુરુ જ વંદન, સ્તવન કરવા યોગ્ય છે. અન્ય આરંભી, કષાયી, વિષયોમાં અનુરાગી એવા કુગુરુ કદી સ્તવન, વંદન કરવા યોગ્ય નથી.

જીવદયા જ ધર્મ છે. હિંસા કદાપિ ધર્મ નથી. જો કદી સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે, અગ્નિ શીતલ થઈ જાય, સાપના મુખમાં અમૃત ઉત્પન્ન થાય, મેરુ પર્વત ચળી જાય, પૃથ્વી ઊલટપાલટ થઈ જાય તોપણ હિંસામાં તો ધર્મ કદી હોય નહીં, આવું દૃઢ શ્રદ્ધાન સમ્યક્દૃષ્ટિને હોય છે.

પોતાના આત્માના અનુભવમાં, સર્વજ્ઞ વીતરાગરૂપ આપ્તના સ્વરૂપમાં, નિર્ગ્રંથ, વિષય કષાય રહિત ગુરુમાં, અનેકાંત સ્વરૂપ આગમમાં તેમ જ દયારૂપ ધર્મમાં શંકાનો અભાવ થવો તે નિઃશંકિત અંગ છે. સમ્યક્દૃષ્ટિને આ બધામાં કદી શંકા હોતી નથી.

સમ્યક્દૃષ્ટિ છે તે ધર્મનું સેવન કરી વિષયોની વાંછા કરતા નથી. તેમને તો ઇંદ્ર-અહમિંદ્ર લોકનાં સુખ પણ મહા વેદનારૂપ, વિનાશી, પાપનાં બીજ દેખાય છે; ધર્મનું ફળ અનંત, અવિનાશી, સ્વાધીન સુખવાળો મોક્ષ દેખાય છે. જેવી રીતે અમૂલ્ય રત્ન છોડીને કાચનો કકડો ઝવેરી ગ્રહણ કરે નહીં તેવી રીતે જેણે સાચું, આત્મિક, અવિનાશી, બાધા રહિત સુખ દીઠું, તે જૂઠાં, બાધા સહિત વિષયોનાં સુખની વાંછા કેમ કરે ? તેથી સમ્યક્દૃષ્ટિ વાંછા રહિત હોય છે.

જોકે અવિરતસમ્યક્દૃષ્ટિને વર્તમાનકાળમાં આજીવિકાદિનાં કારણોમાં, સ્થાન આદિ પરિગ્રહમાં કે વેદનાનો અભાવ કરવામાં ઇચ્છા વર્તતી જણાય છે; તે વર્તમાનકાળની વેદના સહન કરવાનું બળ ન હોવાથી તે વેદનાનો ઉપાય માત્ર ઇચ્છે છે. જેવી રીતે રોગીને કડવી દવા ગમતી નથી તોપણ વેદનાનું દુઃખ સહન થતું નથી, તેથી કડવી ઔષધિ, વમન, રેચ આદિનાં કારણો ગ્રહણ કરે છે, ગંધાતાં તેલ પણ ચોપડે છે, પણ અંતરંગમાં ઔષધિ ઉપર રાગ નથી; તેવી રીતે સમ્યક્દૃષ્ટિ નિર્વાંછક છે, તોપણ વર્તમાનમાં દુઃખ મટાડવા માટે યોગ્ય, ન્યાયપૂર્વક વિષયોની વાંછા કરે છે. જેને

પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાનાવરણનો અભાવ થયો છે તે તો પોતાના ટુકડેટુકડા થઈ જાય તોપણ વિષયોની વાંછા કરે નહીં. તેથી સમ્યક્દૃષ્ટિને નિષ્કાંક્ષિત ગુણ હોય છે જ.

સમ્યક્દૃષ્ટિ અશુભ કર્મના ઉદયે પ્રાપ્ત થયેલી અશુભ સામગ્રી પ્રત્યે ગ્લાનિ-દુગંછા કરતા નથી, પરિણામ બગાડતા નથી; પણ વિચારે છે કે મેં પૂર્વે જેવાં કર્મ બાંધેલાં તેવાં ભોજન, પાન, સ્ત્રી, પુત્ર, નિર્ધનતા, સંપત્તિ, આપદા આદિ પામ્યો છું. બીજા કોઈને રોગી, ગરીબ, હીન, નીચ કે મલિન દેખીને તે પોતાનાં પરિણામ બગાડતા નથી; પાપના ઉદયે મળેલી સામગ્રી માની મન મલિન કરતા નથી. મળ-મૂત્ર, કાદવ આદિ દ્રવ્યોને દેખીને, ભયંકર સ્મશાન, વન આદિ ક્ષેત્ર દેખીને, ભયરૂપ, દુઃખદાયી કાળ દેખીને અને દુષ્ટતા, કડવાશ વગેરે વસ્તુના સ્વભાવને દેખીને પોતાનાં પરિણામ ક્લેશવાળાં કરતા નથી, તેવો નિર્વિચિકિત્સા ગુણ સમ્યક્દૃષ્ટિને હોય છે.

ખોટાં શાસ્ત્રોથી, વ્યંતરાદિ દેવોએ કરેલી વિક્રિયાથી તથા મણિ, મંત્ર, ઔષધિ આદિના પ્રભાવથી અનેક વસ્તુઓના વિપરીત સ્વભાવ દેખી, સત્યાર્થ ધર્મથી ચલાયમાન ન થવું તે સમ્યક્દર્શનનો અમૂઢદૃષ્ટિ નામનો ગુણ છે, તે સમ્યક્દૃષ્ટિને હોય છે જ.

સમ્યક્દૃષ્ટિ, અન્ય જીવોને અજ્ઞાનથી કે અશક્તિથી લાગેલા દોષો દેખીને ઢાંકી દે છે. તે વિચારે છે કે સંસારી જીવો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય કર્મને વશ થઈને પોતાનો સ્વભાવ ભૂલી રહ્યા છે. કર્મને આધીન બનીને

અસત્ય, પરધનહરણ, કુશીલ આદિ પાપોમાં પ્રવૃત્તિ કરે છે. તે પાપોને જે તજે છે તેમને ધન્ય છે! કોઈ ધર્માત્મા મોટા પુરુષ પાપના ઉદયે ચૂકી ગયા હોય તે દેખી એવો વિચાર સમ્યક્દૃષ્ટિ કરે કે જો આ દોષ પ્રગટ થશે તો અન્ય ધર્માત્મા અને જિન ધર્મની ભારે નિંદા થશે. એમ જાણી તે દોષ ઢાંકી દે. પોતાના ગુણોની પ્રશંસા થાય એવી ઇચ્છા રાખે નહીં; આ ઉપગૂહન ગુણ સમ્યક્ત્વનો છે. એ ગુણથી પવિત્ર ઉજ્જ્વળ દર્શનવિશુદ્ધિ નામની ભાવના હોય છે.

જો ધર્મ પામેલાં પુરુષનાં પરિણામ કોઈ વખતે રોગની વેદનાને લીધે ધર્મથી ચળી જાય, ગરીબાઈને લઈને ચળી જાય કે ઉપસર્ગ, પરિષહમાં ચળી જાય, અસહાયતાને લઈને કે આહારપાણી નહીં મળવાથી ધર્મમાં પરિણામ શિથિલ થઈ જાય, તેને સમ્યક્દૃષ્ટિ જીવ આ પ્રમાણે ઉપદેશ દઈને ધર્મમાં સ્થિર કરે :—

"હે જ્ઞાની! હે ધર્માત્મા! તમે સાવધાન થાઓ; કાયરતા ધારણ કરીને ધર્મમાં શિથિલ શા માટે થાઓ છો? રોગની વેદનાને લઈને ધર્મથી ભ્રષ્ટ કેમ થાઓ છો? જ્ઞાની થઈને કેમ ભૂલો છો? અશાતા વેદનીય કર્મ યથાઅવસરે ઉદયમાં આવી ગયું છે. હવે કાયર થઈને દીનતા સહિત રુદન, વિલાપ આદિ કરતાં કરતાં ભોગવશો તોપણ કર્મ છોડશે નહીં. કર્મને દયા હોતી નથી. ધીરજથી ભોગવશો તોપણ ભોગવવાનું છે. દેવ, દાનવ, મંત્ર, તંત્ર, ઔષધ આદિ તથા સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ, સેવક, સુભટ આદિ કોઈ ઉદયમાં આવેલા કર્મને ટાળવા સમર્થ નથી. તમે આ સારી રીતે સમજો છો, તો હવે

આ વેદનામાં કાયર થઈને પોતાનો ધર્મ, યશ અને પરલોક કેમ બગાડો છો? તે બગાડીને સ્વચ્છંદ ચેષ્ટા, વિલાપ આદિ કરવાથી વેદના ઘટવાની નથી. જેમ જેમ કાયર થશો તેમ તેમ વેદનાનું દુઃખ વધતું જણાશે. તેથી હવે સાહસ ધારણ કરો; પરમ ધર્મનું શરણ ગ્રહણ કરો.

સંસારમાં નરક, તિર્યંચભવ ધરીને ભૂખ, તરસ, રોગ, સંતાપ, માર, ઘાત, શીત, ઉષ્ણ આદિ ઘોર દુઃખ, અસંખ્યાત કાળ પર્યંત, અનેક વાર અનંત ભવમાં ભોગવ્યાં છે. આ દુઃખ તમારું કેટલુંક છે? થોડા કાળમાં નિર્જરી જશે. રોગ, વેદના દેહનો નાશ કરશે, તમારા ચેતનસ્વરૂપ આત્માનો નાશ કરી શકશે નહીં. દેહનો નાશ તો અવશ્ય થવાનો છે. જે દેહ ધારણ થયો છે તે અવશ્ય છૂટશે. તો હવે સાવધાન થાઓ! કર્મ જીતવાનો આ અવસર આવ્યો છે. પંચ પરમેષ્ઠીનું શરણ ગ્રહણ કરી પોતાના અજર, અમર, અખંડ, જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપનું ગ્રહણ કરો. આવો અવસર ફરીથી મળવો દુર્લભ છે.''

ઇત્યાદિ ધર્મનો ઉપદેશ આપી ધર્મથી પડતા જીવને ધર્મમાં સ્થિર કરવો. અનિત્ય, અશરણ આદિ બાર ભાવનાનું ગ્રહણ ઝટ કરાવવું; ત્યાગ, વ્રતાદિ છોડી દીધાં હોય તો ફરી ગ્રહણ કરાવવાં. શરીરના દાબવા આદિ વડે દુઃખ દૂર કરવું. કોઈ ચાકરી કરનાર ન હોય તો પોતે સેવા કરવી. બીજા કોઈ સાધર્મીનો જોગ મેળવી દેવો. આહાર-પાણી, દવા વગેરે વડે સ્થિતિકરણ કરવું. મળ, મૂત્ર, કફાદિ હોય તે ધોવાં, સાફ કરવાં. નિર્ધનતાથી ચળી જતો હોય તેને ભોજનાદિ વડે કે

આજીવિકાનાં કારણોમાં લગાડીને સ્થિર કરવો. ઉપસર્ગ પરિષહ આદિ દૂર કરીને સત્યાર્થ ધર્મમાં સ્થાપન કરવો તે સ્થિતિકરણ અંગ સમ્યક્દૃષ્ટિને હોય છે.

વાત્સલ્ય નામનો ગુણ સમ્યક્દૃષ્ટિને હોય છે. સંસારી જીવોને પ્રીતિ તો પોતાનાં સ્ત્રી-પુત્રાદિમાં, ઇંદ્રિયોના વિષય-ભોગોમાં કે ધન કમાવામાં બહુ રહે છે. પરંતુ સ્ત્રી, પુત્ર, ધન,પરિગ્રહ, વિષય આદિને સંસાર-પરિભ્રમણનું કારણ જાણી અંતરંગમાં વૈરાગ્ય ધારણ કરે છે. ધર્માત્મામાં, રત્નત્રયના ધારક મુનિ, આર્યા, શ્રાવક, શ્રાવિકા કે ધર્મનાં સ્થાનોમાં જેની અત્યંત પ્રીતિ છે તેને સમ્યક્દર્શનનું વાત્સલ્ય અંગ હોય છે.

જો કોઈ પોતાના મન વડે, વચન વડે, કાયા વડે, ધન વડે, દાન વડે, વ્રત વડે, તપ વડે, ભક્તિ વડે રત્નત્રયનો પ્રભાવ પ્રગટ કરે તો તે માર્ગપ્રભાવના અંગ છે. આ પ્રકારે સમ્યક્દર્શનનાં આઠ અંગ ધારણ કરવાથી, આ ગુણોના પ્રતિપક્ષી શંકા, કાંક્ષાદિ દોષોનો અભાવ કરવાથી દર્શનવિશુદ્ધિ થાય છે.

લોકમૂઢતા, દેવમૂઢતા, ગુરુમૂઢતાનાં પરિણામો તજીને શ્રદ્ધા ઉજ્જ્વળ કરવી. મડદાનાં હાડકાં, નખ આદિ (ફૂલ) ગંગાજીએ પહોંચાડવાથી સદ્ગતિ થઈ માનવી, ગંગાજળને ઉત્તમ માનવું, ગંગા નદીના કે અન્ય નદીના સ્નાનમાં કે ગંગાજળ આદિ પાણી મુખમાં મૂકવામાં ધર્મ માનવો, પતિના મડદાની સાથે જીવતી સ્ત્રી કે દાસી બળી મરે તેને સતી માનીને પૂજવી, મરી ગયેલાને પિતૃઓ માની પૂજવા; સૂર્ય,

ચંદ્ર, મંગલ આદિ ગ્રહોને સોના-રૂપાના બનાવી ગળામાં પહેરવા, ગ્રહ નડે નહીં માટે દાન દેવું, ઉત્તરાયણ, વ્યતિપાત, સોમવતી અમાસ માની દાન કરવું, સૂર્ય ચંદ્રને અર્ઘ્ય આપવું, ઊમરો પૂજવો, સાંબેલું પૂજવું, વિનાયક નામે ગણેશ પૂજવા, દીવાની જ્યોતિ પૂજવી, દેવની બાધા રાખવી, જટા કે ચોટલી રાખવી, દેવતાને ભેટ મૂકવાના કરારથી પોતાનાં સંતાન જીવશે એમ માનવું, છોકરાં દેવે આપ્યાં એમ માનવું; પોતાને લાભ થાય કે કાર્ય સફળ થાય, માટે એવી વિનંતી કરવી કે જો મારાં સંતાનનો રોગ મટી જશે કે મને સંતાન પ્રાપ્ત થશે કે આટલો મને લાભ થશે કે શત્રુનો નાશ થઈ જશે તો હું તમને છત્ર ચઢાવીશ, મકાન બનાવીશ કે આટલું ધન ભેટમાં મૂકીશ એવી શરત કરીને દેવતાને લાંચ આપીને કાર્ય સફળ થવાની ઇચ્છા રાખવી, રાતે જાગરણ કરવું, અપવિત્ર દેવીને પૂજવી, શીતળા પૂજવી, લક્ષ્મી-પૂજન કરવું, સોનું-રૂપું પૂજવું, ખડિયો પૂજવો, પશુની પૂજા કરવી, અન્નની, જળની પૂજા કરવી, શસ્ત્ર પૂજવાં તથા અગ્નિને દેવ માનીને પૂજવો એ લોકમૂઢતા છે. તે બધું મિથ્યા-દર્શનના પ્રભાવથી શ્રદ્ધાનું વિપરીતપણું છે, તે ત્યાગવાયોગ્ય છે.

દેવ અને કુદેવનો વિચાર કર્યા વગર કામી, ક્રોધી, શસ્ત્રધારીમાં પણ ઈશ્વરપણાની બુદ્ધિ કરવી કે આ ભગવાન પરમેશ્વર છે; બધી સૃષ્ટિ એમની રચેલી છે, એ જ ઉત્પન્નકર્તા અને સંહારકર્તા છે, જે કંઈ થાય છે તે ઈશ્વર કરે છે; લોકો પાસે ભલું-બૂરું ઈશ્વર કરાવે છે, ઈશ્વરના કર્યા વગર કશું થતું નથી. સર્વ ઈશ્વરની ઇચ્છાને આધીન છે. શુભ કર્મ ઈશ્વરની

પ્રેરણા વિના થતાં નથી, ઇત્યાદિ પરિણામ મિથ્યાદર્શનના ઉદયથી થાય છે તે દેવમૂઢતા છે.

પાખંડી, હલકા આચરણવાળા તથા પરિગ્રહમાં મોહવાળા, લોભી, વિષયોના લોલુપી હોય તેમને ચમત્કારવાળા માનવા; તેનું વચન ફરે નહીં એવા વચનસિદ્ધિવાળા માનવા, તે પ્રસન્ન થઈ જાય તો અમારી વાંછા સફળ થાય એમ માનવું, એ તપસ્વી છે, પૂજ્ય છે, મહાપુરુષ છે, પુરાણપુરુષ છે ઇત્યાદિ વિપરીત શ્રદ્ધા—માન્યતા કરે તે ગુરુમૂઢતા છે.

જેનાં પરિણામમાં આ ત્રણે મૂઢતાનો લેશ પણ ન હોય તેને દર્શનની વિશુદ્ધિ હોય છે.

છ અનાયતનના ત્યાગથી દર્શનની વિશુદ્ધિ થાય છે. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર અને તે દરેકનું સેવન કરનારા—એ ધર્મનાં આયતન એટલે સ્થાન નથી, તેથી અનાયતન છે.

જે રાગી, દ્વેષી, કામી, ક્રોધી, લોભી, શસ્ત્ર આદિ સહિત, મિથ્યાત્વ સહિત છે તેમનામાં સમ્યક્ધર્મ નથી હોતો, તેથી કુદેવ છે તે અનાયતન છે.

પાંચ ઇંદ્રિયોના વિષયોના લોલુપી, પરિગ્રહમાં આસક્ત, આરંભ કરનારા, વેષધારી તે ગુરુ નથી. તે ધર્મ રહિત છે તેથી અનાયતન છે.

હિંસાના આરંભની પ્રેરણા કરનાર, રાગ-દ્વેષાદિ દોષોને વધારનાર, સર્વથા એકાંત પ્રરૂપણા કરનાર શાસ્ત્ર છે તે કુશાસ્ત્ર ધર્મરહિત છે, તેથી અનાયતન છે.

દેવી, ક્ષેત્રપાળ આદિ દેવોને વંદન કરનારા અનાયતન છે. કુગુરુને સેવનારા ભક્તિ અને ધર્મથી રહિત છે, તે

અનાયતન છે. મિથ્યાશાસ્ત્રને ભણનારા અને તેની સેવા-ભક્તિ કરનારા એકાંતી, ધર્મનાં સ્થાન નથી તેથી અનાયતન છે.

આ પ્રકારે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને તેની સેવાભક્તિ કરનારા એ છયેમાં સમ્યક્ ધર્મ નથી, એવી દૃઢ શ્રદ્ધા કરવાથી દર્શનવિશુદ્ધિ થાય છે.

જાતિમદ, કુળમદ, ઐશ્વર્યમદ, રૂપમદ, શાસ્ત્રજ્ઞાનમદ, તપમદ, બળમદ અને વિજ્ઞાનમદ એ આઠે મદનો જેને અત્યંત અભાવ થાય તેને દર્શનવિશુદ્ધિ હોય છે.

સમ્યક્દૃષ્ટિના સાચા વિચાર આવા હોય છે :– હે આત્મન્! આ ઉચ્ચ જાતિ છે એ તારો સ્વભાવ નથી. એ તો કર્મનાં પરિણામ છે, પરનાં કરેલાં છે, વિનાશી છે, કર્મને આધીન છે. સંસારમાં અનેક વાર અનેક જાતિ જીવ પામ્યો છે. માતાના પક્ષને જાતિ કહે છે. જીવ અનેક વાર ચંડાલણીને, ભીલડીને, મ્લેચ્છણીને, ભંગડીને, ધોબણને, હજામડીને, નટડીને, વેશ્યાને, કલાલણને, માછણને પેટે જન્મ્યો છે. ભૂંડણી, કૂતરી, ગધેડી, શિયાળ, કાગડી ઇત્યાદિ પશુ-પક્ષિણીના ગર્ભમાં અનંત વાર ઉત્પન્ન થઈ થઈને મર્યો છે. અનંત વાર નીચ જાતિ પામે ત્યારે એક વાર જીવ ઉચ્ચ જાતિ પામે છે. ફરી અનંત વાર નીચ જાતિ પામે ત્યારે એક વાર ઉચ્ચ જાતિ પામે. આ પ્રમાણે ઉચ્ચ જાતિ પણ અનંત વાર મળી તોપણ સંસાર પરિભ્રમણ જ કર્યું.

એવી જ રીતે પિતાના પક્ષને કુળ કહે છે. તે પણ ઊંચું નીચું અનંતવાર પ્રાપ્ત થયું. સંસારમાં જાતિનો અને કુળનો ગર્વ

શો કરવો? સ્વર્ગનો મહર્દ્ધિક દેવ મરીને વૃક્ષાદિ એકેંદ્રિય જાતિમાં પણ ઊપજે છે, શ્વાન આદિ હલકાં પશુમાં આવીને ઊપજે છે. ઉત્તમ કુળવાળો મરીને ચંડાળને ત્યાં જન્મે છે. તેથી જાતિકુળનો અહંકાર કરવો એ મિથ્યાદર્શન છે.

હે આત્મા! તારાં જાતિ-કુળ તો સિદ્ધ ભગવાનના જેવાં છે. તું આત્માને ભૂલીને માતાના રુધિર અને પિતાના વીર્યથી થયેલા દેહને લઈને ઊપજેલાં જાતિકુળમાં મિથ્યા અહંભાવ કરીને, ફરી અનંત કાળ સુધી નિગોદમાં વાસ કરવો પડે તેવો ગર્વ ન કર. જો વીતરાગ ભગવાનનો ઉપદેશ ગ્રહણ કરતો હોય તો આ દેહની જાતિને પણ સંયમ, શીલ, દયા, સત્ય વચન આદિ વડે સફળ કર. હું ઉત્તમ જાતિ-કુળ પામીને નીચ જાતિના લોકના જેવાં હિંસા, અસત્ય, પરધન-હરણ, કુશીલ-સેવન, અભક્ષ્ય-ભક્ષણ આદિ અયોગ્ય આચરણ કેમ કરું? મારાથી એમ ન થાય એવો અહંકાર રાખવા યોગ્ય છે. સમ્યક્દૃષ્ટિને કર્મથી પ્રાપ્ત થયેલા દેહાદિ પુદ્ગલ પર્યાયમાં કદી આત્મબુદ્ધિ થાય નહીં.

ઐશ્વર્ય પામીને તેનો પણ ગર્વ કરવા યોગ્ય નથી. કારણ કે આ ઐશ્વર્ય તો આત્માને ભુલાવી બહુ આરંભ, રાગ, દ્વેષ આદિમાં પ્રવર્તાવી ચાર ગતિમાં પરિભ્રમણ કરાવે છે. ત્રણે લોકમાં એક નિર્ગ્રંથપણું ચિંતવવા યોગ્ય છે, પૂજ્ય છે. ઐશ્વર્ય તો ક્ષણભંગુર છે. મોટા મોટા ઇંદ્ર, અહમિંદ્ર પતન પામે છે; બળભદ્ર કે નારાયણ જેવાનાં ઐશ્વર્ય ક્ષણમાત્રમાં નાશ પામ્યાં તો અન્ય જીવોનું ઐશ્વર્ય કેટલુંક છે? એમ જાણી ચાર દિવસના ચાંદરણા જેવું ઐશ્વર્ય મળ્યું હોય તો દુઃખી જીવો

ઉપર ઉપકાર કરો, વિનય સહિત દાન દો. પરમાત્મસ્વરૂપ એ જ પોતાનું ઐશ્વર્ય છે એમ જાણી આ કર્મથી મળેલા ઐશ્વર્ય પ્રત્યે ઉદાસીનતા રાખવા યોગ્ય છે.

રૂપનો ગર્વ ન કરો. આ વિનાશી પુદ્ગલનું રૂપ આત્માનું સ્વરૂપ નથી, વિનાશી છે, ક્ષણમાં નાશ પામે એવું છે. આ રૂપને રોગ, વિયોગ, નિર્ધનતા, વૃદ્ધાવસ્થા આદિ મહા કુરૂપ કરી નાખશે. આવા હાડ-ચામડાંના રૂપમાં રાગી બની ગર્વ કરવો એ મહા અનર્થ છે. આ આત્માનું રૂપ તો કેવળજ્ઞાન છે. તેમાં લોક અલોક સર્વની શોભા ભરેલી છે. તેથી ચામડાંના રૂપને પોતાનું માનવાનું ભૂલી જઈ, અવિનાશી જ્ઞાનસ્વરૂપને પોતાનું માનો.

શ્રુતજ્ઞાનનો ગર્વ તજી દો. આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રજ્ઞાન નિષ્ફળ છે. અગિયાર અંગના જ્ઞાનવાળા પણ અભવ્ય જીવ સંસારમાં જ પરિભ્રમણ કરે છે. સમ્યક્દર્શન વિના વ્યાકરણ, છંદ, અલંકાર, કાવ્ય, કોષાદિ ભણવાથી વિપરીત ધર્મમાં અભિમાન અને લોભમાં પ્રવર્તન કરીને સંસારરૂપી કૂવામાં જીવો ડૂબે છે. આ ઇંદ્રિયજનિત જ્ઞાનનો શું ગર્વ કરવો? એક ક્ષણમાં વાત, પિત્ત, કફ આદિની વધઘટથી જ્ઞાન ચલાયમાન થઈ જાય છે. ઇંદ્રિયજનિત જ્ઞાન તો ઇંદ્રિયોના નાશની સાથે જ નાશ પામે છે. મિથ્યાજ્ઞાન જેમ વધે તેમ ખોટાં કાવ્ય, ખોટી ટીકા વગેરે રચવાની પ્રવૃત્તિ કરાવી અનેક જીવોને દુરાચારમાં દોરી ડુબાવી દે છે. તેથી શ્રુતજ્ઞાનનો મદ તજો. જ્ઞાન પામીને આત્માની વિશુદ્ધિ કરો. શ્રુતજ્ઞાન પામીને અજ્ઞાનીની પેઠે વર્તી સંસારમાં પરિભ્રમણ કરવું યોગ્ય નથી.

સમ્યક્દર્શન વિના મિથ્યાદૃષ્ટિનું તપ નિષ્ફળ છે. હું મોટો તપસ્વી છું એમ તપનો અહંકાર ના કરો. એ અહંકારના પ્રભાવથી બુદ્ધિનો નાશ થઈ દુર્ગતિમાં પરિભ્રમણ થાય છે. તપનો ગર્વ કરવો એ મહા અનર્થકારી જાણી ભવ્ય જીવે તપનો ગર્વ કરવા યોગ્ય નથી.

જે બળ વડે કર્મરૂપી શત્રુ જિતાય, તથા કામ, ક્રોધ, લોભ જિતાય તે બળ પ્રશંસાને પાત્ર છે. દેહનું બળ, જુવાનીનું બળ, ઐશ્વર્ય-હુકમનું બળ પામીને અનાથ જીવોને મારવા, લૂંટવા, જમીન પડાવી લેવી, આજીવિકા હરી લેવી, કુશીલ સેવવું, દુરાચારમાં પ્રવર્તવું આદિ પ્રકારનું બળ તો નરકના ઘોર દુઃખ અસંખ્યાત કાળ સુધી ભોગવાવી, તિર્યંચ ગતિમાં માર, ભાર, ભૂખ, તરસ અને દુર્વચન આદિનાં દુઃખ અનેક ભવોમાં ભોગવાવી, એકેન્દ્રિયમાં સર્વ શક્તિ રહિત પરાધીન બનાવે છે. બળનો ગર્વ છોડી, ક્ષમા ગ્રહણ કરીને ઉત્તમ તપમાં પ્રવર્તવું યોગ્ય છે.

વિજ્ઞાન એટલે અનેક પ્રકારની કળા-કુશળતા, હસ્તકળા, વચનકળા, અનેક મનના વિકલ્પો ઉપજાવી ચાર ગતિરૂપ સંસારમાં જીવને પરિભ્રમણનાં દુઃખ ભોગવાવે છે તે કુજ્ઞાન છે. આ સંસારમાં ખોટી કળા-ચતુરાઈનો બહુ ગર્વ હોય છે. મારું સામર્થ્ય એવું છે કે સાચાને જૂઠો કરાવું, જૂઠાને સાચું કરી દઉં, કલંક રહિતને કલંકવાળો કરી દઉં, શીલવંતને દોષવાળો ઠરાવું, નિર્દોષને દંડાવું, ઘણા દિવસોનું સંચય કરેલું દ્રવ્ય કઢાવી લઉં, ધર્મ છોડાવી બીજી શ્રદ્ધા કરાવી દઉં, પ્રાણીઓને પકડવાનાં, જીવોને મારવાનાં, જળમાં ગમન

કરવાનાં, સ્થળમાં ગમન કરવાનાં, આકાશમાં ઊડવાનાં અનેક યંત્રો બનાવી દઉં, એ આદિ કળા-ચતુરાઈનો ગર્વ તે સર્વ કુજ્ઞાન છે. તેનો ગર્વ કરવો એ નરકનાં ઘોર દુઃખનું કારણ છે. ખરી કળાકુશળતા તો એ છે કે પોતાના આત્માને વિષય-કષાયમાં વહ્યો જતો અટકાવી સન્માર્ગમાં વાળે તથા લોકોને હિંસારહિત સત્ય માર્ગમાં પ્રવર્તાવે.

આ પ્રકારે સત્યાર્થ વસ્તુનું સ્વરૂપ સમજી જાતિ, કુળ, ધન, ઐશ્વર્ય, રૂપ, વિજ્ઞાન આદિ કર્મને આધીન છે એમ જાણી, તેનો ગર્વ છોડી દર્શનવિશુદ્ધિ કરો. આ રીતે ત્રણ મૂઢતા, આઠ શંકા આદિ દોષ, છ અનાયતન, અને આઠ મદ મળી પચીસ દોષો જણાવ્યા તેનો ત્યાગ કરવાથી સમ્યક્દર્શનની ઉજ્જ્વળતા થાય છે, એમ જાણી દર્શનવિશુદ્ધિ ભાવનાનું નિરંતર ચિંતવન કરો, તેનું ધ્યાન કરો, સ્તુતિ કરો, પૂજા કરો, તો મોક્ષલક્ષ્મી પામશો.

## ૨. વિનયસંપન્નતા ભાવના :–

વિનય પાંચ પ્રકારે કહ્યો છે : ૧. દર્શનવિનય, ૨. જ્ઞાન-વિનય, ૩. ચારિત્રવિનય, ૪. તપવિનય, ૫. ઉપચારવિનય.

પોતાની શ્રદ્ધામાં શંકા આદિ દોષો ન લાગવા દેવા, સમ્યક્દર્શનની વિશુદ્ધિ વડે જ પોતાનો જન્મ સફળ માનવો, સમ્યક્દર્શન ધારણ કરનારા પ્રત્યે પ્રીતિ ધરવી, આત્મા અને પરપદાર્થના ભેદવિજ્ઞાનનો અનુભવ કરવો તે દર્શનવિનય છે.

સમ્યક્જ્ઞાનની આરાધના માટે ઉદ્યમ કરવો, સમ્યક્જ્ઞાનની કથામાં આદર કરવો, સમ્યક્જ્ઞાનનું કારણ જે અનેકાંતરૂપ

જિનશાસ્ત્ર તેના શ્રવણ પઠનમાં બહુ ઉત્સાહ રાખવો, તથા વંદન, સ્તવન બહુ આદરથી ભણવું તે જ્ઞાનવિનય છે. તેમજ જ્ઞાનના આરાધક જ્ઞાનીજનોનો તથા જિનાગમનાં પુસ્તકોનો યોગ મળવો તે મહાલાભનું કારણ માનવું અને તેમનો સત્કાર, સ્તવન, આદર આદિ કરવાથી જ્ઞાનવિનય પ્રાપ્ત થાય છે.

પોતાની શક્તિ પ્રમાણે ચારિત્ર ધારણ કરવામાં હર્ષ કરવો, દિવસે દિવસે ચારિત્રની ઉજ્જ્વળતાને અર્થે વિષય-કષાયને ઘટાડવા તથા ચારિત્ર ધારણ કરનારાઓના ગુણોમાં અનુરાગ, સ્તવન, આદર કરવાથી ચારિત્રવિનય થાય છે.

ઇચ્છાને રોકીને, પ્રાપ્ત થયેલા વિષયભોગોમાં સંતોષ ધારણ કરી, ધ્યાન-સ્વાધ્યાયમાં ઉદ્યમવંત બની, કામને જીતવા અને ઇંદ્રિયોને વિષયોમાં પ્રવર્તતી રોકવા માટે ઉપવાસ આદિ તપમાં પુરુષાર્થ કરવો તે તપવિનય છે.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ એ ચારે આરાધનાનો ઉપદેશ દઈ મોક્ષમાર્ગમાં જે પ્રવર્તન કરાવનારા છે, તથા જેમનું સ્મરણ કરવાથી પરિણામ નિર્મળ થઈ વિશુદ્ધતા પ્રગટ થાય છે એવા પંચપરમેષ્ઠીના નામે કરેલી સ્થાપનાનો વિનય, વંદન, સ્તવન કરવું તે ઉપચારવિનય છે. એ આદિ ઉપચારવિનયના ઘણા ભેદ છે.

અભિમાનના ત્યાગ સહિત આઠ પ્રકારના મદનો જેને અત્યંત અભાવ થાય, કઠોરતા છૂટીને કોમળતા જેને પ્રગટ થાય તેને નમ્રપણું પ્રગટ થાય છે. તે એવો સત્યાર્થ વિચાર કરે છે કે આ ધન, યૌવન, જીવન ક્ષણભંગુર છે, કર્મને આધીન

છે. કોઈ જીવ મારાથી ક્લેશ ન પામો. સર્વ સંબંધ વિયોગ સહિત છે. અહીં કેટલો કાળ રહેવાનું છે? સમયે સમયે કાળની સન્મુખ નિરંતર હું ગમન કરી રહ્યો છું. કોઈ વસ્તુનો સંબંધ સ્થિર નથી. ભગવાને વિનયધર્મને જ મનુષ્યજન્મનો સાર કહ્યો છે. આ વિનય સંસારરૂપી વૃક્ષને બાળનાર અગ્નિ છે, ત્રણે લોકના જીવોનાં મનની ઉજ્જ્વળતા કરનાર છે, સમસ્ત જિનશાસનનું મૂળ છે. વિનય વગરનાને જિનેંદ્ર ભગવાનની શિખામણ લાગે નહીં. વિનયરહિત જીવ સર્વ દોષોનું ભાજન છે. વિનય છે તે મિથ્યા શ્રદ્ધાને છેદવાને ભાલા સમાન છે. વિનય વિના મનુષ્ય-રૂપ ચામડાનું ઝાડ માનરૂપ અગ્નિ વડે બળીને ભસ્મ થાય છે.

માન-કષાય વડે આ ભવમાં જ જીવ ઘોર દુઃખ સહન કરે છે, પરલોકમાં હલકી જાતિ-કુળ-રૂપ પામે છે, બુદ્ધિ અને બળ રહિત જન્મે છે. જે અભિમાની જીવ અહીં કિંચિત્ વચન માત્ર પણ સહન કરતા નથી, તે તિર્યંચ ગતિમાં નાકમાં દોરડાની નાથ, બંધન, માર, અતિ ભાર, લાત, ઠોકર કે ચામડાની ચાબુક, સાટકાનો માર મર્મસ્થાનમાં વાગે તે પરાધીનપણે ભોગવે છે. ચંડાળના મલિન ઘરમાં બંધાઈ રહેવું પડે છે. મળ વગેરે હલકી ચીજો તેના ઉપર લાદે છે.

આ લોકમાં પણ અભિમાનીના સર્વ લોક વૈરી થઈ જાય છે. અભિમાનીની બધા નિંદા કરે છે. તેનો ભારે અપયશ ફેલાય છે. બધા લોક અભિમાનીની પડતી ઇચ્છે છે. માન કષાયને લઈને ક્રોધ ઉત્પન્ન થાય છે, કપટ જાળ ફેલાય છે, ઘણો લોભ જીવ કરે છે, ખોટાં વચન બોલે છે. જગતમાં

જેટલી અનીતિ છે તેટલી બધી માન કષાયથી ઉત્પન્ન થયેલી છે. પરધન-હરણ આદિ પણ અભિમાન પોષવા જીવ કરે છે. તેથી આ જીવનો મોટો શત્રુ માન કષાય છે.

વિનય ગુણમાં મહા આદર રાખી પોતાના બન્ને લોક ઉજ્જ્વળ કરો. એ વિનય દેવનો, ગુરુનો, શાસ્ત્રનો મન, વચન કાયા વડે પ્રત્યક્ષ કરો અને પરોક્ષ પણ કરો.

**દેવવિનય :—**

સમવસરણ વિભૂતિ સહિત, ગંધકુટીમાં સિંહાસન ઉપર અંતરીક્ષ વિરાજમાન, ચોસઠ ચમરો, ત્રણ છત્ર આદિ આઠ પ્રાતિહાર્યો (આકર્ષક આશ્ચર્યો) વડે શોભતા, કરોડ સૂર્ય સમાન તેજસ્વી, પરમ ઔદારિક શરીરવાળા, બાર સભાઓની મધ્યે દિવ્યધ્વનિ વડે અનેક જીવોને ઉપકારી અરિહંત દેવનું ચિંતવન કરી ધ્યાન કરવું તે મન વડે પરોક્ષ દેવવિનય છે. તેમનું વિનયપૂર્વક સ્તવન કરવું તે વચન વડે પરોક્ષ વિનય છે. બે હાથની અંજલિ જોડી માથે ચઢાવી નમસ્કાર કરવો તે કાયા વડે પરોક્ષ વિનય છે.

જિનેન્દ્ર કે પ્રતિબિંબની પરમ શાંત મુદ્રાને પ્રત્યક્ષ નેત્ર વડે નિહાળીને મહા આનંદથી મનમાં ધ્યાન કરીને પોતાને કૃતકૃત્ય માનવા તે મન વડે પ્રત્યક્ષ વિનય છે.

જિનેન્દ્ર કે પ્રતિબિંબની સન્મુખ જઈને સ્તવન કરવું તે પ્રત્યક્ષ વચન-વિનય છે.

માથે અંજલિ ચઢાવી વંદન કરવું, તથા જમીન પર અંજલિ સહિત મસ્તક મૂકી ઢીંચણ વડે જમીનનો સ્પર્શ કરીને

નમસ્કાર કરવો તે કાયા વડે પ્રત્યક્ષ વિનય છે.

સર્વજ્ઞ, વીતરાગ પરમાત્મા જિનેંદ્રના નામનું સ્મરણ, ધ્યાન, વંદન, સ્તવન કરવું તે બધો પરોક્ષ વિનય છે. આ પ્રકારે દેવનો વિનય સમસ્ત અશુભ કર્મોનો નાશ કરનાર કહ્યો છે.

**ગુરુવિનય :—**

નિર્ગ્રંથ, વીતરાગી મુનીશ્વરોને દેખીને ઊભા થવું, આનંદ સહિત સામા જવું, સ્તવન કરવું, વંદના કરવી, ગુરુને આગળ કરી પાછળ ચાલવું, કદાપિ સાથે ચાલવું પડે તો ગુરુની ડાબી બાજુએ ચાલવું, ગુરુને જમણી બાજુએ રાખી ચાલવું કે બેસવું, ગુરુની હાજરીમાં ઉપદેશ પોતે ન દેવો, કોઈ પ્રશ્ન કરે તોપણ ગુરુ હોય તો પોતે ઉત્તર ન દેવો, ગુરુની ઇચ્છા પ્રમાણે ઉત્તર દેવો, ગુરુની હાજરીમાં ઊંચે આસને ન બેસવું, ગુરુ વ્યાખ્યાન ઉપદેશ આદિ દે ત્યારે બે હાથ જોડી અંજલિ કરી બહુ આદર-ભાવથી ઉપદેશ ગ્રહણ કરવો, ગુરુના ગુણોમાં અનુરાગ કરી આજ્ઞા પ્રમાણે વર્તન કરવું અને ગુરુ બીજા ક્ષેત્રમાં દૂર હોય તો તેમની આજ્ઞા હોય તે પ્રમાણે પ્રવર્તવું, દૂર રહ્યા છતાં ગુરુનું ધ્યાન, સ્તવન, નમસ્કાર આદિ કરવા તે ગુરુનો વિનય છે.

**શાસ્ત્રવિનય :—**

બહુ આદરથી સત્શાસ્ત્ર ભણવું, સાંભળવું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને દેખીને વ્યાખ્યાનાદિ કરવું. શાસ્ત્રમાં કહેલાં વ્રત, સંયમાદિ પોતાનાથી ન બની શકે તોપણ આજ્ઞાનો લોપ કરવો નહીં, એટલે સૂત્રની આજ્ઞા હોય તે પ્રમાણે જ કહેવું. જે સૂત્રની આજ્ઞા હોય તે એકાગ્ર ચિત્તથી શ્રવણ કરવી. શ્રવણ કરતી

વખતે બીજી વાત કરવી નહીં. આદરપૂર્વક મૌનપણે શ્રવણ કરવું. કંઈ સંશય થાય તો સંશય દૂર કરવાને વિનયપૂર્વક થોડા અક્ષરો વડે સભામાં લોકને અથવા વક્તાને ક્ષોભ ન ઊપજે તેવી રીતે વિનયપૂર્વક પ્રશ્ન કરવો. ઉત્તર મળે તે આદરથી અંગીકાર કરવો તે શાસ્ત્રવિનય છે. શાસ્ત્રને ઊંચા આસન ઉપર મૂકી પોતે નીચા બેસવું, પ્રશંસા સ્તવના કરવી ઇત્યાદિ શાસ્ત્રનો વિનય કરવો. આ પ્રકારે દેવ, ગુરુ, શાસ્ત્રનો વિનય છે એ ધર્મનું મૂળ છે.

**નિશ્ચયવિનય :—**

રાગ-દ્વેષ વડે આત્માની ઘાત જેમ ન થાય તેમ પ્રવર્તવું તે આત્માનો વિનય છે. તેટલા માટે એવું વિચારવું કે હવે આ મારો જીવ ચારે ગતિમાં પરિભ્રમણ ન કરો. મારો આત્મા મિથ્યાત્વ, કષાય, અવિનય આદિ વડે સંસારપરિભ્રમણનાં દુઃખ ન પામો. આવું ચિંતવન કરતો જીવ મિથ્યાત્વ, કષાય, અવિનય આદિ વડે જ્ઞાનાદિ ગુણની ઘાત ન થવા દે તે આત્માનો વિનય છે. આ નિશ્ચયવિનય—પરમાર્થવિનય કહ્યો.

**વ્યવહારવિનય :—**

જેનો માન કષાય ઘટી જાય તેને જ વ્યવહારવિનય પ્રાપ્ત થાય છે. કોઈ જીવનું મારાથી અપમાન ન થાઓ. જે અન્યનું સન્માન કરે છે તે પોતે જ સન્માન પામે છે. જે પરનું અપમાન કરે છે તે પોતે જ અપમાન પામે છે. સર્વ સાથે મીઠાં વચને બોલવું તે વિનય છે. કોઈ જીવનો તિરસ્કાર ન કરવો તે પણ વિનય જ છે. પોતાને ઘેર આવે તેનો યથાયોગ્ય સત્કાર

કરવો. કોઈને સામે જઈ તેડી લાવવા. કોઈને દેખીને ઊભા થવું. કોઈને એક હાથ માથે ચઢાવી સલામ ભરવી. કોઈનું 'આવો, આવો, આવો!' એમ ત્રણ વાર કહી સ્વાગત કરવું. કોઈને માન આપીને પાસે બેસારવા. કોઈને બેસવા આસન આપવું. કોઈને 'આવો, બેસો' કહેવું. કોઈને કુશળતા પૂછવી. કોઈને કહેવું કે 'અમે આપના છીએ, કોઈ આજ્ઞા-સેવા ફરમાવો, જમવા પધારો, પાણી લાવું? આ આપનું જ ઘર છે. આ ઘર આપના પધારવાથી પાવન થયું. આપની કૃપા અમારા ઉપર સદાય છે તેવી રહો.' ઇત્યાદિ વ્યવહારવિનય છે.

દાન, સન્માન, કુશળતા પૂછવી, રોગી, દુઃખીની સેવા કરવી તે પણ વિનયવાળાથી જ બને છે. દુઃખી માણસ કે પશુને વિશ્વાસ, આશરો આપવો. દુઃખથી પીડાયેલો પોતાનાં દુઃખ કહેવા આવ્યો હોય તેનું દુઃખ સાંભળવું, પોતાની શક્તિ પ્રમાણે ઉપકાર કરવો. કંઈ ન બને તો ધીરજ, સંતોષ આદિનો ઉપદેશ દેવો. એ વ્યવહારવિનય છે. તે પરમાર્થવિનયનું કારણ છે, યશ ઉપજાવે છે, ધર્મની પ્રભાવના કરે છે. મિથ્યાદૃષ્ટિનું પણ અપમાન ન કરવું, મધુર વચન બોલવાં, યથાયોગ્ય આદર સત્કાર કરવો, મહાપાપી દુરાચારીને પણ કુવચન ન કહેવાં. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય (બે, ત્રણ, ચાર ઇંદ્રિયધારી) આદિ તથા સર્પ આદિ દુષ્ટ જીવની વિરાધના ન કરવી, તેની રક્ષા કરીને પ્રવર્તવું. અન્ય ધર્મીઓનાં મંદિર, પ્રતિમા આદિ પ્રત્યે વેર રાખી નિંદા કરવી નહીં. એ આદિ વ્યવહારવિનય છે.

આ પ્રકારે પરમાર્થ અને વ્યવહાર બન્ને ભેદે વિનય

ધારણ કરીને ગૃહસ્થે વર્તવા યોગ્ય છે. જુઓ, સર્વસંગના પરિત્યાગી, વીતરાગી મુનીશ્વરને પણ કોઈ મિથ્યાદૃષ્ટિ વંદના કરે છે તેને આશીર્વાદ દે છે. ચંડાળ, ભીલ, માછી આદિ અધમ જાતિવાળા પણ વંદના કરે તેને ''પાપનો ક્ષય હો'' ઇત્યાદિ આશીર્વાદ દે છે. વિનય અંગ ધારણ કરો છો તો બાળ, અજ્ઞાન, ધર્મરહિતનો તથા નીચ અધમ જાતિનો હોય તેનો પણ વિનય ન કરો તોપણ તિરસ્કાર, નિંદા કદી કરવા યોગ્ય નથી. આ મનુષ્ય જન્મની શોભા વિનય જ છે. વિનય વિના મનુષ્યભવની એક ઘડી પણ અમારી ન જાઓ એમ ભગવાન ગણધર દેવ કહે છે. આવો વિનય ગુણનો મહિમા જાણી અર્ઘ ઉતારી તેની મહાપૂજા કરો. હે વિનયસંપન્નતા અંગ! અમારા હૃદયમાં તું જ નિરંતર વાસ કર. તારી કૃપાથી હવે મારો આત્મા કદી આઠ મદ વડે અભિમાનને પ્રાપ્ત ન થાઓ!

## ૩. શીલવ્રતેષ્વનતિચાર ભાવના :–

શીલવ્રતેષ્વનતિચારનો એવો અર્થ વાર્તિકમાં કહ્યો છે કે અહિંસા આદિ પાંચ વ્રતો અને એ વ્રતો પાળવા માટે ક્રોધાદિ કષાયના ત્યાગરૂપ શીલ વિષે જે મન, વચન, કાયાની નિર્દોષ પ્રવૃત્તિ તે અતિચાર રહિત શીલવ્રતોની ભાવના છે. શીલ એટલે આત્માનો સ્વભાવ તેનો નાશ કરનારાં હિંસા આદિ પાંચ પાપ છે. તેમાં કામસેવન નામનું એકલું પાપ હિંસા આદિ સર્વ પાપોને પુષ્ટ કરે છે, ક્રોધ આદિ કષાયોની તીવ્રતા કરે છે તેથી બ્રહ્મચર્યનું જ પ્રધાનતાથી વર્ણન કર્યું છે.

શીલ દુર્ગતિનાં દુઃખને હરનાર છે, સ્વર્ગ આદિ શુભ

ગતિનું કારણ છે, તપ-વ્રત-સંયમનું જીવન છે. શીલ વગર તપ કરવું, વ્રત ધરવું, સંયમ પાળવો તે મડદાનાં અંગો જેમ દેખવા માત્ર છે, કાર્યકારી નથી, તેવી રીતે શીલ વિનાનાં તપ, વ્રત, સંયમ ધર્મની નિંદા કરાવનારાં છે, એમ જાણી શીલ નામનું ધર્મનું અંગ પાળો. ચંચળ મનરૂપી પક્ષીને દમો. અતિચાર રહિત શુદ્ધ શીલને પુષ્ટ કરો.

ધર્મરૂપી વનનો નાશ કરનાર મનરૂપી હાથી છૂટો મૂક્યો હોય તો મહા અનર્થ કરે છે, મદોન્મત્ત હાથી રહેઠાણમાંથી નીકળીને નાસે છે, તેવી રીતે મનરૂપી હાથી કામ વડે ઉન્મત્ત (ગાંડો) થાય ત્યારે સમભાવરૂપી રહેઠાણમાંથી નીકળીને દોડે છે. કુળની મર્યાદા, સંતોષ આદિ તજીને બહાર નીકળે છે. મદોન્મત્ત હાથી સાંકળ તોડીને ચાલ્યો જાય છે, તેમ મનરૂપી હાથી સુબુદ્ધિરૂપ સાંકળ તોડીને વિચરે છે. ગાંડો હાથી માર્ગમાં ચલાવનાર મહાવતને નાખી દે છે તેમ કામીનું મન સમ્યક્ધર્મના માર્ગમાં પ્રવર્તાવનાર જ્ઞાનને તજી દે છે. હાથી અંકુશને માનતો નથી, તેમ મનરૂપી હાથી, ગુરુની હિતકારી વાણીને માનતો નથી. હાથી તો મહા ફળ અને છાયા આપનારા વૃક્ષને ઉખાડી નાખે છે, તેમ કામથી વ્યાપેલું મન, સ્વર્ગ-મોક્ષરૂપ ફળ દેનાર અને યશરૂપ સુગંધ ફેલાવનાર, સર્વ વિષયોની બળતરાને બૂઝવનાર બ્રહ્મચર્યરૂપી વૃક્ષને ઉખેડી નાખે છે. હાથી મેલ, કાદવ વગેરેને દૂર કરે તેવા સરોવરમાં સ્નાન કરીને માથા ઉપર ધૂળ નાખી ધૂળ સાથે ક્રીડા કરે છે, તેવી રીતે કામી જનનું મન સિદ્ધાંતરૂપ સરોવરમાં અવગાહન

કરી અનેક અજ્ઞાનરૂપ મેલ દૂર કરીને પણ પાપરૂપી ધૂળ સાથે ક્રીડા કરે છે. હાથીના કાન જ ચંચળ હોય છે પણ કામી જનનું મન પાંચે ઇંદ્રિયોના વિષયોમાં ચંચળતા ધારણ કરે છે. હાથી હાથણીમાં રાચે છે તેમ કામીનું મન કુબુદ્ધિરૂપ હાથણીમાં રાચે છે. હાથી સ્વચ્છંદે ડોલે છે તેમ મન પણ સ્વચ્છંદે ડોલે છે. હાથી મદ (લમણામાંથી ઝરતો રસ) વડે ગાંડો બને છે, તેમ કામીનું મન રૂપ આદિ આઠ મદથી બેભાન બને છે. ગાંડા હાથીની નજીક કોઈ જાય નહીં, દૂર નાસી જાય તેમ કામથી ઉન્મત્ત થયેલા પાસે કોઈ પણ સદ્‌ગુણ રહેતો નથી, આવતો પણ નથી. કામથી ઉન્મત્ત થયેલા મનરૂપી હાથીને વૈરાગ્યરૂપ થાંભલે બાંધો; છૂટી જશે તો મહા અનર્થ કરશે.

કામ અનંગ છે એટલે એને અંગ નથી; મનસિજ છે એટલે મનમાં જન્મે છે. કામ જ્ઞાનને મથન કરનાર (ડહોળનાર) છે તેથી તેને મનમથ કહે છે. સંવરનો અરિ એટલે વેરી છે તેથી સંવરારિ કહેવાય છે. કામથી ખોટો દર્પ એટલે ગર્વ ઊપજે છે તેથી તેને કંદર્પ કહેવાય છે. તેનાથી અનેક મનુષ્યો, તિર્યંચો પરસ્પર વિરોધ કરીને મરી જાય છે તેથી તેને માર કહેવાય છે. મનુષ્યોમાં અન્ય ઇંદ્રિયોના ભોગ તો પ્રગટ છે; પરંતુ કામના અંગને પણ ઢાંકી રાખવામાં આવે છે, તેનું નામ પણ ઉત્તમ પુરુષો ઉચ્ચારતા નથી. એના જેવું બીજું પાપ નથી. ધર્મથી ભ્રષ્ટ કરાવનાર કામ છે. એ કામે હરિ, હર, બ્રહ્માદિને પણ ભ્રષ્ટ કરી પોતાને વશ કર્યા છે. આખા જગતને જીતનાર એક કામ છે. કામને જીતનાર મોહને સહજમાત્રમાં જીતે છે. તેથી કામનો ત્યાગ કરવા ઇચ્છનારે

સ્ત્રી, દેવી કે ગાય આદિ તિર્યંચણીની સંગતિ કામવિકારને ઉપજાવનારી હોવાથી દૂરથી જ તજવા યોગ્ય છે.

સ્ત્રીઓ ઉપરનો રાગ મન, વચન, કાયાથી ત્યાગ કરો. પોતે કુશીલને માર્ગે ચાલવું નહીં. બીજાને કુશીલને માર્ગે ચાલવાનો ઉપદેશ કરવો નહીં. બીજો કોઈ કુશીલને માર્ગે પ્રવર્તે તેની અનુમોદના ભવ્ય જીવે કરવી નહીં. નાની વયની સ્ત્રીને દેખો તો તેને પુત્રી ગણીને નિર્વિકાર બુદ્ધિ કરો. જુવાનીરૂપી હાથણી ઉપર ચઢેલી સૌંદર્યરૂપ જળમાં સર્વાંગે ડૂબેલી એવી રૂપાળી સ્ત્રીને બહેન ગણી નિર્વિકાર બુદ્ધિ કરો. તેનો આદરસત્કાર ન કરો. વચન વડે આલાપ (વાતચીત) ન કરો. શીલવંત હોય તેની દૃષ્ટિ સ્ત્રી પ્રત્યે જતાં મીંચાઈ જાય છે. જે સ્ત્રીઓ સાથે વચનાલાપ કરશે, સ્ત્રીઓના અંગોનું અવલોકન કરશે, તે શીલથી અવશ્ય ભ્રષ્ટ થશે. જે ગૃહસ્થ હોય તેને તો એક પોતાની સ્ત્રી વિના અન્ય સ્ત્રીઓની સંગતિ, અવલોકન, વચનાલાપનો ત્યાગ ઘટે છે. અન્ય સ્ત્રીની વાતનો સ્વપ્નમાં પણ વિચાર રહેવો ન જોઈએ. એકાંતમાં માતા, બહેન કે પુત્રીની પણ સંગતિ રાખો નહીં. મુનીશ્વર તો કોઈ સ્ત્રી માત્રનો સંબંધ જ રાખતા નથી, સ્ત્રીઓને ઉપદેશ કરતા નથી; કારણ કે સ્ત્રીનાં નામ જ દોષદર્શક છે.

સ્ત્રી સમાન આ જીવનો કોઈ અરિ એટલે વેરી નથી. તેથી ઉત્તમ પુરુષ એને નારી કહે છે. દોષોને પ્રત્યક્ષ જોતજોતામાં આચ્છાદન કરે છે તેથી તેનું નામ સ્ત્રી છે. તેને દેખીને પુરુષનું પતન થાય છે તેથી તેનું નામ પત્ની છે. કુમરણ કરવાનું કારણ છે તેથી તેનું નામ કુમારી છે. તેની

સંગતિથી પુરુષપણું, બળ, બુદ્ધિ આદિનો નાશ થઈ જાય છે તેથી તેનું નામ અબલા છે. સંસાર વધવાનું કારણ હોવાથી તેનું નામ વધૂ છે. કુટિલતા– માયાચારનો સ્વભાવ ધારણ કરે છે, તેથી તેનું નામ વામા છે. તેની આંખમાં કુટિલતા વસે છે તેથી તેનું નામ વામલોચના છે.

શીલવંતને ઇંદ્ર નમસ્કાર કરે છે. શીલવાન પુરુષ રત્નત્રયરૂપ ધન લઈને કામાદિ લૂંટારાઓનો ભય ટાળી નિર્ભયપણે નિર્વાણ (મોક્ષ) નગર પ્રત્યે જાય છે. શીલ વડે સુશોભિત હોય તે ભલે કદરૂપો હોય, મલિન હોય, રોગાદિવાળો હોય તોપણ પોતાના સંસર્ગથી સમસ્ત સભાને સુખી કરે છે, આશ્ચર્ય પમાડે છે. શીલ રહિત વ્યભિચારી હોય તે રૂપાળો કામદેવ જેવો ભલે હોય તોપણ લોકો તેના પ્રત્યે થૂથૂ કરે છે કારણ કે તેનું નામ જ કુશીલ છે.

શીલ નામ સ્વભાવનું છે. કામી મનુષ્યનું શીલ જે આત્માનો સ્વભાવ તે ખોટો થઈ જાય છે, તેથી તેને કુશીલ કહેવાય છે. વળી કામી મનુષ્ય ધર્મથી એટલે આત્માના સ્વભાવથી અને વ્યવહારની શુદ્ધિથી ભ્રષ્ટ થાય છે, ચળી જાય છે તેથી તેને વ્યભિચારી કહેવાય છે. કામ જેવું જગતમાં બીજું કુકર્મ નથી તેથી તેને કુકર્મ કહે છે. મનુષ્ય પશુ જેવો બની જાય છે તેથી તેને પશુકર્મ કહેવાય છે. બ્રહ્મ એટલે આત્મા તેનો જ્ઞાનદર્શન આદિ સ્વભાવ છે તેની ઘાત એથી થાય છે તેથી તેને અબ્રહ્મ કહે છે. કુશીલવાળાની સંગતિથી કુશીલ મળે છે. જો શીલની રક્ષા કરી તો જ ક્ષમા, તપ, વ્રત, સંયમ આદિ બધું પળ્યું.

પોતાના સ્વભાવથી ચળવું નહીં તેને જ મુનીશ્વર શીલ કહે છે. શીલ નામનો ગુણ સર્વ ગુણોમાં મોટો છે. શીલવાળા પુરુષનું થોડું વ્રત, તપ ઘણું ફળ આપે છે. શીલ રહિત ઘણું તપ, વ્રત હોય તે પણ નિષ્ફળ થાય છે. આમ જાણી પોતાના આત્મામાં શીલની શુદ્ધતા પ્રાપ્ત થાય તેટલા માટે શીલને જ નિત્ય પૂજો. આ શીલવ્રત મનુષ્ય જન્મમાં જ પાળી શકાય છે, અન્ય ગતિમાં બનતું નથી. તેથી મનુષ્ય જન્મ સફળ કરવા ઇચ્છતા હો તો શીલની જ નિર્મળતા કરો.

## ૪. અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ ભાવના :–

હે આત્મન્! આ મનુષ્ય જન્મ પામીને નિરંતર જ્ઞાન-અભ્યાસ જ કરો. જ્ઞાનના અભ્યાસ વિના એક ક્ષણ પણ ગુમાવો નહીં. જ્ઞાનના અભ્યાસ વિના મનુષ્ય પશુ સમાન છે, તેથી યોગ્ય કાળમાં જિનાગમનો પાઠ કરો અને સમભાવ થાય ત્યારે ધ્યાન કરો. શાસ્ત્રના અર્થનું ચિંતન કરો. વિશેષ જ્ઞાની ગુરુજન પ્રત્યે નમ્રતા, વંદના, વિનય આદિ કરો. ધર્મશ્રવણ કરવાની ઇચ્છાવાળા હોય તેમને ધર્મનો ઉપદેશ કરો. આને અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ કહે છે.

આ અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ નામના ગુણનું આઠ દ્રવ્યોથી પૂજન કરીને અર્ઘ્ય ઉતારો અને પુષ્પોની અંજલિ આગળ મૂકો. અહીં જ્ઞાન ઉપયોગ છે તે ચૈતન્યની પરિણતિ છે, તેથી જ ક્ષણે ક્ષણે નિરંતર ચૈતન્યની ભાવના કરવી.

અનાદિ કાળથી કામ, ક્રોધ, અભિમાન, લોભાદિનો સંગ મને વળગી રહ્યો છે. અનાદિના એ સંસ્કાર મારા ચૈતન્ય

સ્વરૂપમાં એકમેક જેવા થઈ રહ્યા છે. એવી ભાવના થાઓ કે ભગવાનની વાણીરૂપ પરમાગમના સેવનના પ્રભાવથી મારો આત્મા રાગદ્વેષાદિથી ભિન્ન પોતાના જ્ઞાયકસ્વભાવરૂપમાં જ સ્થિર થાય અને રાગાદિને વશ ન થાય. એ જ મારા આત્માનું કલ્યાણ છે.

નવીન શિષ્યોની આગળ શ્રુતના અર્થનો એવો પ્રકાશ કરવો કે સંશય આદિ રહિત શિષ્યોનાં હૃદયમાં જેમ છે તેમ સ્વપર પદાર્થોનું સ્વરૂપ પ્રગટ થઈ જાય. પાપ પુણ્યનું સ્વરૂપ, લોક અલોકનું સ્વરૂપ, મુનિ-શ્રાવકના ધર્મનું સ્વરૂપ, સત્યાર્થ નિર્ણયરૂપ થઈ જાય તેવો જ્ઞાનાભ્યાસ કરવો. પોતાના ચિત્તમાં સંસાર, દેહ અને ભોગો પ્રત્યે અનાસક્તિ (વૈરાગ્ય) ચિંતવવી. સંસાર, દેહ અને ભોગોના યથાર્થ સ્વરૂપનું ચિંતવન કરવાથી રાગ, દ્વેષ અને મોહ જ્ઞાનને વિપરીત નહીં કરી શકે.

સર્વ દ્રવ્યોમાં એકમેક રહ્યા છતાં આત્માનો ભિન્ન અનુભવ થાય તે જ જ્ઞાનોપયોગ છે. જ્ઞાનના અભ્યાસ વડે વિષયોની વાંછા નાશ પામે છે, કષાયોનો અભાવ થાય છે, માયા, નિદાન અને મિથ્યા એ ત્રણ શલ્ય રહિત થવાય છે. જ્ઞાનના અભ્યાસથી જ મન સ્થિર થાય છે. અનેક પ્રકારના વિકલ્પો નાશ પામે છે. ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં સ્થિર થવાય છે. વ્રત, સંયમથી ચલાયમાન થવાતું નથી. અશુભ કર્મોનો નાશ થાય છે. જિનેન્દ્રનું શાસન (આજ્ઞા) પ્રવર્તે છે. જિન ધર્મની પ્રભાવના પણ જ્ઞાનાભ્યાસે કરીને જ થાય છે. જ્ઞાનના અભ્યાસથી લોકોના હૃદયમાં પૂર્વનાં કરેલાં પાપના સંચયરૂપ દેવું હોય તે પતી જાય છે. અજ્ઞાની જીવ ઘોર તપવડે

કરોડો ભવમાં જેટલાં કર્મ ક્ષય ન કરે તેટલાં બલકે તેથી વધુ કર્મોનો ક્ષય જ્ઞાની આત્મા અંતર્મુહૂર્તમાં કરે છે. જિન ધર્મનો સ્તંભ જ્ઞાનનો અભ્યાસ જ છે. જ્ઞાનના જ પ્રભાવથી સર્વ વિષયોની વાંછા છોડી સંતોષ ધારણ થાય છે. ઉત્તમ ક્ષમા આદિ ગુણો પ્રગટ થાય છે. ભક્ષ્ય-અભક્ષ્યનો, યોગ્ય-અયોગ્યનો, ત્યાગવા યોગ્ય કે ગ્રહણ કરવા યોગ્યનો વિચાર પ્રાપ્ત થાય છે. જ્ઞાન વિના પરમાર્થ અને વ્યવહાર બન્ને નાશ પામે છે. જ્ઞાન-રહિત રાજપુત્રનો પણ નિરાદર થાય છે. જ્ઞાન સમાન કોઈ ધન નથી; જ્ઞાનના દાન સમાન કોઈ દાન નથી. દુઃખી, સુખી સર્વને સદા જ્ઞાન જ શરણરૂપ છે. સ્વદેશ પરદેશ સર્વત્ર આદરમાન અપાવનાર પરમ ધનરૂપ જ્ઞાન જ છે. જ્ઞાનધન કોઈથી ચોરી શકાતું નથી, કોઈને આપવાથી ઘટતું નથી. જ્ઞાન જ સમ્યક્દર્શન પ્રાપ્ત કરાવે છે. જ્ઞાનથી જ મોક્ષ થાય છે. સમ્યક્જ્ઞાન આત્માનું અવિનાશી સ્વાધીન ધન છે. જ્ઞાન વિના સંસારસમુદ્રમાંથી ડૂબતા પ્રાણીનો હાથ પકડી કોણ ઉદ્ધાર કરે ?

વિદ્યા સમાન આભૂષણ નથી. વિદ્યા વિના એકલાં આભૂષણથી જ સત્પુરુષોના આદરને યોગ્ય બનાતું નથી. નિર્ધનને પરમ નિધાન પ્રાપ્ત કરાવનાર એક સમ્યક્જ્ઞાન જ છે. તેથી હે ભવ્ય જીવો! ભગવાન પરમકૃપાળુ વીતરાગ ગુરુ તમને એ ઉપદેશ કરે છે કે પોતાના આત્માને સમ્યક્જ્ઞાનના અભ્યાસમાં જ લગાવો, જોડો. મિથ્યાદૃષ્ટિઓના પ્રરૂપેલા મિથ્યાજ્ઞાનને દૂરથી તજો. સમ્યક્ અને મિથ્યાની (સાચા-ખોટાની) પરીક્ષા કરીને સમ્યક્જ્ઞાન ગ્રહણ કરો. પોતાનાં સંતાનને ભણાવો; અન્ય જનોને વિદ્યાનો અભ્યાસ કરાવો.

ધનવાન હો અને પોતાના ધનને સફળ કરવા ઇચ્છતા હો તો ભણનારા અને ભણાવનારાને આજીવિકા આદિ દઈને સ્થિરતા કરાવો; પુસ્તકો લખાવી દો, વિદ્યા ભણનારાઓને પુસ્તક આદિ આપો. પુસ્તકો શુદ્ધ કરો, કરાવો, છપાવો. ભણવા, ભણાવવાને અર્થે સ્થાન આપો. નિરંતર ભણવામાં, શ્રવણ કરવામાં જ મનુષ્ય જન્મનો કાળ વ્યતીત કરો. આ અમૂલ્ય અવસર ચાલ્યો જાય છે. જ્યાં સુધી આયુષ્ય, કાયા, ઇંદ્રિયો, બુદ્ધિ ટકી રહે ત્યાં સુધીમાં મનુષ્ય જન્મની એક ઘડી પણ સમ્યક્જ્ઞાન વિના ગુમાવશો નહીં.

જ્ઞાનરૂપી ધન પરલોકમાં પણ સાથે જાય છે. આ અભીક્ષ્ણ જ્ઞાનોપયોગનો મહિમા કરોડો જીભોથી પણ વર્ણવ્યો જાય એમ નથી. તેથી જે ગૃહસ્થ ધન સહિત હોય તે ભાવના ભાવીને અર્ઘ્ય ઉતારો; જે ત્યાગી હોય તે નિરંતર ભાવના ભાવો.

## ૫. સંવેગ ભાવના :–

સંસાર, દેહ અને ભોગો પ્રત્યે વિરક્તપણું (ઉદાસીનતા), અણરાગ (અણગમો) અને ધર્મ પ્રત્યે અને ધર્મના ફળ પ્રત્યે અનુરાગ રાખવો તે સંવેગ છે.

સંસારમાં જે પુત્ર ઉપર રાગ કરીએ છીએ તે પુત્ર જન્મ લેતાં જ સ્ત્રીનું યૌવન, સૌંદર્ય આદિ બગાડે છે. જન્મ્યા પછી ઉછેરતાં ઘણી આકુળતા, ઘણું કષ્ટ અને ધનનો ખરચ કરાવે છે. રોગ આદિ થાય નહીં માટે ઘણી સંભાળ રખાવે છે. મોટો કરવામાં મહા મોહી, મહા રાગી બનાવી સૂગ આવે એવાં મળમૂત્રાદિ પણ સાફ કરાવે છે, મહા કષ્ટ આપે છે. મોટો

થાય ત્યારે સારાં ભોજન, સારાં વસ્ત્રો, સારાં ઘરેણાં, સારાં સ્થાન હઠ કરીને ગ્રહણ કરે છે. કદાપિ પુત્ર મૂર્ખ હોય, વ્યસની હોય, તીવ્ર કષાયી હોય, તો રાતદિવસ ન કહી શકાય એટલો ક્લેશ કરાવે છે. પુત્ર ઉપરના મોહને લઈને પરિગ્રહમાં ઘણી મમતા વધે છે. પુત્ર કામ કરે તેવો થાય ત્યારે પણ જો કહ્યું કરે તેવો ન હોય તો આર્તધ્યાન કરાવી મરણ પર્યંત ક્લેશનું કારણ બને છે. વળી પિતા આપણને કામના છે, એમ જ્યાં સુધી પુત્રને લાગે છે ત્યાં સુધી પુત્ર પિતા ઉપર પ્રીતિ રાખે છે. પરંતુ માબાપ અસમર્થ થાય ત્યારે તેમના ઉપર રાગ રાખતો નથી; ધન રહિત માબાપનો અનાદર કરે છે. આ પ્રમાણે પુત્રનું સ્વરૂપ સમજીને સંસાર ઉપરનો રાગ તજી પરમ ધર્મ પ્રત્યે રાગ કરો. પુત્રને અર્થે અન્યાય કરીને ધનાદિ પરિગ્રહ મેળવવાનું મૂકી દો.

સ્ત્રી પણ મોહ નામના ઠગે જીવને ફસાવવા માટે રચેલી મહા ફાંસી છે, મમતા ઉપજાવનારી છે, તૃષ્ણા વધારનારી છે. સ્ત્રી ઉપર તીવ્ર રાગ છે તે ધર્મની પ્રવૃત્તિનો નાશ કરે છે, લોભને અત્યંત વધારે છે, પરિગ્રહમાં મૂર્છા-મમતા વધારે છે, ધ્યાન, સ્વાધ્યાયમાં વિઘ્ન કરે છે. વિષયોમાં આંધળો કરી ઘાંચીના બળદની પેઠે તેમાં જ ફેરવનારી છે, ક્રોધાદિ ચારે કષાયોને તીવ્ર કરનારી છે, સંયમનો ઘાત કરનારી છે, કલહનું મૂળ છે, દુર્ધ્યાનનું સ્થાન છે, મરણ બગાડનારી છે—ઇત્યાદિ અનેક દોષોનું મૂળ જાણી સ્ત્રીના સંગમાં રાગ ભાવ છોડી વીતરાગ ધર્મ સાથે સંબંધ બાંધો.

કળિકાળના મિત્રો પણ વિષયોમાં પાડનારા, રાગ વધારનારા હોય છે, સર્વ વ્યસનોમાં મદદ કરનારા હોય છે. ધનવાન દેખાય તેની સાથે અનેક પ્રકારે મિત્રતા કરનારા હોય છે, નિર્ધન સાથે કોઈ વાત પણ કરનારા હોતા નથી. તેથી હે સજ્જનો! જો સંસાર વધવાનો કંઈ ડર રહેતો હોય તો બીજા બધા સાથેની મિત્રાચારી તજી, પરમ ધર્મમાં અનુરાગ કરો.

સંસાર નિરંતર જન્મમરણરૂપ છે. જન્મે છે ત્યારથી જ નિરંતર મરણ પ્રત્યે જીવ પ્રવાસ કરે છે. જન્મમરણ કરતાં કરતાં અનંતાનંત કાળ વહ્યો ગયો, તેથી પંચ પરિવર્તનરૂપ સંસાર પ્રત્યે વૈરાગ્ય ભાવના ભાવો. પાંચ ઇંદ્રિયોના વિષય ભોગ છે તે આત્માના સ્વરૂપને ભુલાવનારા છે, તૃષ્ણા વધારનારા છે, અતૃપ્તિ કરાવનારા છે. વિષયોના જેવી બળતરા ત્રણ લોકમાં બીજી કોઈ નથી. વિષય નરકાદિ કુગતિનું કારણ છે, ધર્મથી વિમુખ કરે છે, કષાયને વધારે છે. પોતાનું કલ્યાણ ઇચ્છતો હોય તેણે વિષયોને દૂરથી તજવા યોગ્ય છે, કારણ કે તે જ્ઞાનને વિપરીત કરનારા છે, વિષની પેઠે મારી નાંખનારા છે, ઝેર કે અગ્નિની પેઠે દાહ ઉપજાવનારા છે, તેથી વિષયો ઉપરના રાગનો ત્યાગ કરવો એ જ પરમ કલ્યાણ છે.

શરીર છે તે રોગોનું ઘર છે. મહા મલિન, ગંધાતી સાત ધાતુનું બનેલું છે. મળમૂત્ર આદિથી ભરેલું છે. વાત, પિત્ત, કફનું પૂતળું છે. પવનને આધારે હલન ચલન વગેરે પ્રવૃત્તિ કરે છે. સદાય ભૂખ, તરસની વેદના ઉપજાવે છે. સર્વ અપવિત્ર પદાર્થોનો ઉકરડો છે. દિવસે દિવસે જીર્ણ થતું જાય છે. કરોડો

ઉપાયો કરીને સાચવ્યા છતાં મરણને શરણ જનાર છે. એવા દેહ ઉપરની આસક્તિ તજી વૈરાગ્ય રાખવો જ શ્રેષ્ઠ છે.

આ પ્રકારે પુત્ર, મિત્ર, સ્ત્રી, સંસાર, ભોગ અને શરીરનું સ્વરૂપ દુઃખકારક જાણી વિરાગ ભાવ પ્રાપ્ત થવો તે સંવેગ છે. સંવેગ ભાવના નિરંતર ચિંતવવી એ ઉત્તમ છે. તેથી મારા હૃદયમાં નિરંતર સંવેગ ભાવના રહો એવું ચિંતવન કરતાં સંસાર, દેહ, ભોગો પ્રત્યે વૈરાગ્ય થાય ત્યારે પરમ ધર્મમાં અનુરાગ થાય છે.

વસ્તુનો સ્વભાવ છે તે ધર્મ છે. ઉત્તમ ક્ષમા આદિ દશ લક્ષણરૂપ ધર્મ છે. રત્નત્રય-સ્વરૂપ ધર્મ છે. જીવોની દયા (અહિંસા) રૂપ ધર્મ છે. એમ પર્યાય-બુદ્ધિ શિષ્યને સમજાવવાને માટે ધર્મ શબ્દને ચાર પ્રકારે વર્ણન કરીને કહ્યો છે. તોપણ વસ્તુ એટલે આત્મા તેનો સ્વભાવ જ દશ લક્ષણ છે. ક્ષમા આદિ દશ પ્રકાર આત્માનો જ સ્વભાવ છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ આત્માથી ભિન્ન નથી. દયા છે તે પણ આત્માનો જ સ્વભાવ છે. જિનેંદ્રે કહેલા આત્માના સ્વભાવરૂપ દશ લક્ષણ ધર્મમાં અનુરાગ રાખવો, કપટ રહિત રત્નત્રયરૂપ ધર્મમાં અનુરાગ રાખવો, મુનીશ્વરોના અને શ્રાવકના ધર્મમાં અનુરાગ રાખવો, જીવની રક્ષા કરવારૂપ જીવદયામાં પરિણામ હોવાં તેને ભગવાને ધર્મ—સંવેગ કહ્યો છે. વસ્તુ એટલે આત્મા, તેનો સ્વભાવ તે કેવળજ્ઞાન, કેવળદર્શન છે, તે સ્વભાવમાં લીન થવું તે પ્રશંસા કરવા યોગ્ય સંવેગ છે. ધર્મમાં અનુરાગ પરિણામ, ધર્મનાં ફળ અત્યંત મીઠાં હોય છે એમ જાણવું તે સંવેગ છે.

તીર્થંકર, ચક્રવર્તી, નારાયણ, પ્રતિનારાયણ, બળભદ્ર આદિ રૂપે ઉત્પન્ન થવું તે ધર્મનું જ ફળ છે. બાધા રહિત કેવળી થવું, સ્વર્ગ આદિમાં મહા ઋદ્ધિવાળા દેવ બનવું, ઇંદ્ર થવું, તથા અનુત્તર વિમાનમાં અહમિંદ્ર થવું એ બધું પૂર્વ-ભવમાં આરાધન કરેલા ધર્મનું જ ફળ છે. ભોગભૂમિમાં ઉત્પન્ન થવું, રાજ્ય સંપદા પામવી, અખંડ ઐશ્વર્યની પ્રાપ્તિ, અનેક દેશોમાં આણ મનાવવી, અત્યંત ધન સંપદા પામવી, રૂપની અધિકતા, બળની અધિકતા, ચતુરાઈ, મહાન પંડિતપણું, લોકમાન્યતા, નિર્મળ યશનો ફેલાવો, બુદ્ધિની ઉજ્જ્વળતા, આજ્ઞાકારી—ધર્મી કુટુંબનો સંયોગ મળવો, સત્પુરુષોનો સમાગમ મળવો, રોગ-રહિત શરીર, દીર્ઘ આયુષ્ય, ઇંદ્રિયોની ઉજ્જ્વળતા, ન્યાયમાર્ગમાં પ્રવર્તન, વચનની મધુરતા ઇત્યાદિ ઉત્તમ સામગ્રી પામવી તે પણ ધર્મ પ્રત્યે કોઈ પ્રીતિ કરી છે, તથા ધર્માત્માઓનું સેવન કર્યું છે, ધર્મ કે ધર્માત્માઓની પ્રશંસા કરી છે તેનું ફળ છે. કલ્પવૃક્ષ, ચિંતામણિ આદિ આશ્ચર્યો ધર્માત્માને બારણે ખડાં રહ્યાં છે એમ જાણો. ધર્મના ફળનો મહિમા કોઈ કરોડ જીભો વડે પણ કહેવા સમર્થ નથી. આ પ્રકારે ધર્મનાં ફળ ત્રણે લોકમાં ઉત્કૃષ્ટ છે એમ જાણે છે તેને સંવેગ ભાવના હોય છે.

ધર્માત્મા સાધર્મીઓને દેખી આનંદ ઊપજવો, ધર્મની કથામાં આનંદિત થવું, અને ભોગો પ્રત્યે અરુચિ થવી તે સંવેગ નામે પાંચમી ભાવના છે. સંવેગથી આત્માનું કલ્યાણ સમજી તેની નિરંતર ભાવના ભાવો. ભાવનાના આનંદ સહિત એ ગુણની પ્રાપ્તિ માટે તેની અર્ઘ્યથી પૂજા કરો.

## ૬. શક્તિ પ્રમાણે ત્યાગ ભાવના :–

ત્યાગ ભાવના પ્રશંસાને પાત્ર અને મનુષ્ય જન્મને શોભાવનાર અલંકારરૂપ છે. પોતાના હૃદયમાં ત્યાગ ભાવ ઉપજાવવા અનેક ઉત્સવરૂપ વાજાં વગાડી તેની મહાપૂજા કરો.

બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહ ઉપરની મમતા છોડવાથી ત્યાગધર્મ પ્રગટે છે. અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારે છે તે જાણો. જાણ્યા વિના ગ્રહણ કરો કે ત્યાગ કરો તે વ્યર્થ છે.

૧. મિથ્યાત્વ, ૨. સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદરૂપ પરિણામ તે વેદ પરિગ્રહ, ૩. હાસ્ય, ૪. રતિ, ૫. અરતિ, ૬. શોક, ૭. ભય, ૮. જુગુપ્સા, ૯. રાગ, ૧૦. દ્વેષ, ૧૧. ક્રોધ, ૧૨. માન, ૧૩. માયા, ૧૪. લોભ એ ચૌદ પ્રકારનો અંતરંગ પરિગ્રહ જણાવ્યો.

શરીરાદિ પરદ્રવ્યોમાં આત્મબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ પરિગ્રહ છે. જે વસ્તુ છે તે પોતાના દ્રવ્ય, પોતાના ગુણ અને પોતાના પર્યાયરૂપ છે; જેવી રીતે સુવર્ણ નામનું દ્રવ્ય છે, સુવર્ણના ભારે પીળું આદિ ગુણો છે, કુંડળ આદિ પર્યાય છે, તે બધા સુવર્ણરૂપ જ છે. તેથી સુવર્ણ અન્ય વસ્તુનું નથી અને અન્ય વસ્તુ સુવર્ણની નથી. સુવર્ણ સુવર્ણનું જ છે. બીજી વસ્તુનું કોઈ છે નહીં, થયું નથી, અને થશે નહીં. પોતાનું સ્વરૂપ છે તે જ પોતાનું છે. તેવી રીતે આત્મા છે તે આત્માનો જ છે, આત્માનું અન્ય કોઈ દ્રવ્ય નથી. હવે કોઈ દેહને પોતાનો માને છે એટલે કે હું ગોરો, હું શામળો, હું રાજા, હું રંક, હું

સ્વામી, હું સેવક, હું બ્રાહ્મણ, હું ક્ષત્રિય, હું વૈશ્ય, હું શૂદ્ર, હું વૃદ્ધ, હું બાલ, હું બળવાન, હું નિર્બળ, હું મનુષ્ય, હું તિર્યંચ ઇત્યાદિ પ્રકારે કર્મથી બનેલા નાશવંત દેહમાં આત્મબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ છે. મિથ્યાદર્શનથી જ મારું ઘર, મારો પુત્ર, મારું રાજ્ય, હું મોટો, હું નીચ ઇત્યાદિ માનીને જીવ સર્વ પરપદાર્થોમાં આત્મબુદ્ધિ કરે છે. પુદ્‌ગલના નાશને પોતાનો નાશ માને છે. પરના બંધથી પોતાને બંધાયેલો માને છે, દેહના ઘટવાથી પોતે ઘટ્યો માનીને દેહમાં આત્મબુદ્ધિ કરીને અનાદિ કાળથી પોતાને ભૂલી રહ્યો છે. તેથી સર્વ પરિગ્રહમાં આત્મબુદ્ધિ થવાનું કારણ મિથ્યાત્વરૂપ પરિગ્રહ છે.

જેને મિથ્યાજ્ઞાન નથી તે ભલે પરદ્રવ્યને 'મારું' એમ મોઢેથી કહે, પણ પરદ્રવ્યને કદાપિ પોતાનું માને જ નહીં.

વેદના ઉદયથી સ્ત્રી-પુરુષોમાં જે કામ સેવવાનાં પરિણામ થાય છે, તે વેદ પરિગ્રહ છે. તે કામમાં તન્મય થઈને કામભાવને આત્મભાવ માનવો તે પણ વેદ પરિગ્રહ છે. કામ તો વીર્યાદિની પ્રેરણાથી થયેલો દેહનો વિકાર છે. તેને પોતાનું સ્વરૂપ જાણે તે વેદ પરિગ્રહ છે.

ધન, ઐશ્વર્ય, પુત્ર, સ્ત્રી, આભરણ આદિ પરદ્રવ્યોમાં આસક્તિ તે રાગ પરિગ્રહ છે.

અન્યના વૈભવ, પરિવાર, ઐશ્વર્ય, પંડિતાઈ આદિ દેખીને વેરભાવ રાખવો તે દ્વેષ પરિગ્રહ છે.

હાસ્યમાં આસક્તિ તે હાસ્ય પરિગ્રહ છે.

પોતાના મરણનો નિરંતર ડર રહેવો કે મિત્ર આદિનો વિયોગ કે પરિગ્રહ આદિના વિયોગનો ડર નિરંતર રહેવો તે ભય પરિગ્રહ છે.

પાંચ ઇંદ્રિયોના ઇચ્છિત ભોગ-ઉપભોગ ભોગવવામાં તલ્લીન થઈ જવું તે રતિ પરિગ્રહ છે.

અનિષ્ટ વસ્તુના સંયોગમાં પરિણામ ક્લેશરૂપ થવાં તે અરતિ પરિગ્રહ છે.

પોતાનાં ઇષ્ટ સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, આજીવિકા આદિ નાશ પામે ત્યારે તેમના સંયોગની વાંછા કરી સંક્લેશરૂપ પરિણામ કરવાં તે શોક પરિગ્રહ છે.

ગંદા પદાર્થો દેખીને, સાંભળીને, વિચારીને, સ્પર્શીને પરિણામમાં ગ્લાનિ (દુગંછા) ઊપજવી તે જુગુપ્સા પરિગ્રહ છે.

પરિણામમાં કોપ કરીને તપી જવું તે ક્રોધ પરિગ્રહ છે.

ઉચ્ચ કુળ, જાતિ, ધન, ઐશ્વર્ય, રૂપ, બળ, જ્ઞાન, બુદ્ધિ એથી પોતાને મોટો માની ગર્વ કરવો તથા અન્યને હલકો માની તેનો અનાદર કરવો, કઠોર પરિણામ રાખવાં તે માન પરિગ્રહ છે.

અનેક છળ, કપટાદિ વડે વક્ર પરિણામ રાખવાં તે માયા પરિગ્રહ છે.

પરદ્રવ્યો ગ્રહણ કરવામાં તૃષ્ણા તે લોભ પરિગ્રહ છે.

આ ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ તે સંસારપરિભ્રમણનાં કારણ અને આત્માના જ્ઞાનાદિક ગુણોની ઘાત કરનારા છે.

મૂર્છાનાં કારણ એવાં ધન, ધાન્ય, ક્ષેત્ર, સુવર્ણ આદિ અચેતન અને સ્ત્રી-પુત્રાદિ ચેતન રૂપ બાહ્ય પરિગ્રહ છે.

અંતરંગ અને બહિરંગ બન્ને પ્રકારના પરિગ્રહને ત્યાગવાથી ત્યાગધર્મ પ્રગટે છે.

જો કે બાહ્ય પરિગ્રહથી રહિત તો ગરીબ મનુષ્ય સ્વભાવથી જ હોય છે પરંતુ અભ્યંતર પરિગ્રહનો ત્યાગ બહુ દુર્લભ છે. તેથી બન્ને પ્રકારના પરિગ્રહનો એકદેશ ત્યાગ તો શ્રાવકને હોય છે અને સકળત્યાગ મુનીશ્વરોને હોય છે.

કષાયોના ત્યાગથી, ઇંદ્રિયોને વિષયોમાં જતી રોકવાથી, રસનો ત્યાગ કરવાથી ત્યાગધર્મ પ્રગટે છે. રસના ઇંદ્રિયને (જીભને) જીતવાથી સર્વ પાપોનો ત્યાગ સહજે થાય છે. જિનેંદ્રનાં કહેલાં પરમ આગમનો અભ્યાસ બીજાને કરાવવો, શાસ્ત્રો લખાવી આપવાં, શુદ્ધ કરવાં, સંશોધન કરાવવું એ પરમ ઉપકાર કરનાર ત્યાગ ધર્મ છે. મનના દુષ્ટ વિકલ્પોને દૂર કરવા, દુષ્ટ વિકલ્પોનાં કારણ છોડી ચાર અનુયોગો (પ્રથમાનુયોગ કે ધર્મકથા, ચરણાનુયોગ, કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ) ની ચર્ચામાં ચિત્ત લગાડવું, મોહનો નાશ કરે તેવો ધર્મનો ઉપદેશ શ્રોતાજનોને દેવો તે મહા પુણ્ય ઉપજાવનાર ત્યાગ ધર્મ છે. વીતરાગ ધર્મના ઉપદેશથી અનેક જીવોનાં પરિણામ પાપથી પાછાં ફરે છે, સંસારથી ત્રાસ પામે છે, ધર્મનો પ્રભાવ અનેક પ્રાણીઓ ઉપર પડે છે. ઉત્તમ, મધ્યમ, અને જઘન્ય એવા ત્રણ પ્રકારના પાત્ર-ધર્માત્માને ભક્તિપૂર્વક આહારદાન દેવું; નિર્દોષ ઔષધદાન દેવું; જ્ઞાનનાં

સાધનરૂપ સિદ્ધાંતનાં પુસ્તકો ભણવા યોગ્ય હોય તેનું દાન દેવું; મુનિને યોગ્ય તથા શ્રાવકને યોગ્ય નિવાસ-સ્થાનનું દાન દેવું; ગુણવંત પુરુષોને તપની વૃદ્ધિનું કારણ, સ્વાધ્યાયમાં લીન થવાનું કારણ, ધ્યાનની વૃદ્ધિનું કારણ જે આહાર આદિ ચારે પ્રકારનાં દાન તે પરમ ભક્તિ સહિત ઉલ્લાસભાવથી આદર-માનથી કરો. પાત્રદાનથી પોતાનો જન્મ કૃતાર્થ થયો માનો તથા ગૃહસ્થ ધર્મ સફળ થયો સમજો. જે મહાભાગ્યશાળી હોય તથા જેનું ભલું થવાનું હોય તેનાથી પાત્રદાન દેવાય છે. પાત્રની પ્રાપ્તિ થવી જ દુર્લભ છે; અને ભક્તિ સહિત પાત્રદાન દેવાનું બની આવે તેનો મહિમા કહેવાને કોણ સમર્થ છે?

ભૂખ, તરસથી જે પીડાતાં હોય, ગરીબ હોય, વૃદ્ધ હોય, દીન હોય તેને અનુકંપાપૂર્વક દાન દેવું તે બધો ત્યાગ ધર્મ છે.

ત્યાગથી મનુષ્યભવ સફળ થાય છે. ત્યાગ વિના ગૃહસ્થનું ઘર સ્મશાન સમાન છે. સ્ત્રી, પુત્રાદિક ગીધ પક્ષી જેવાં છે, તે ધનરૂપી માંસ ચૂંટી ચૂંટીને ખાય છે. તે ધન ધાન્યાદિકની પ્રાપ્તિ ત્યાગથી સફળ ગણાય છે.

## ૭. શક્તિ પ્રમાણે તપભાવના :–

શક્તિ પ્રમાણે તપભાવના અંગીકાર કરવી. શરીર દુઃખનું કારણ છે. અનેક દુઃખો આ શરીર ઊભાં કરે છે. શરીર અનિત્ય છે, અસ્થિર છે, અશુચિ છે, કૃતઘ્ની જેવું છે; કરોડો ઉપકાર કર્યા છતાં જેમ કૃતઘ્ની પોતાનો બનતો નથી, તેમ દેહ પ્રત્યે અનેક ઉપકાર, સેવા કર્યા છતાં તે પોતાનો થતો નથી. તેથી યથેષ્ટ પ્રકારે (ઇચ્છા પ્રમાણે) દેહને પુષ્ટ કરવો

યોગ્ય નથી, કૃશ કરવા યોગ્ય છે (કસવા, સૂકવવા યોગ્ય છે) તોપણ ગુણ-રત્નત્રયનું તે કારણ છે, શરીર વિના રત્નત્રય ધર્મ નથી હોતો; સેવકની પેઠે યોગ્ય ભોજન આપીને યથાશક્તિ જિનેન્દ્રના માર્ગથી અવિરોધ કાયક્લેશ આદિ તપ કરવા યોગ્ય છે. તપ વિના ઇંદ્રિયોની વિષયોમાં લોલુપતા છે તે ઘટે નહીં, ત્રણે લોકને જીતનાર કામનો નાશ કરવાનું બળ મળે નહીં, આત્માને બેભાન—જડ જેવો બનાવનારી નિદ્રા જીતી જાય નહીં અને શરીરનો શાતાશીલિયો અભ્યાસ મટે નહીં. જો તપના પ્રભાવથી શરીરને કસ્યું હોય; વશ કર્યું હોય તો ભૂખ, તરસ, ટાઢ, તાપ વગેરે પરિષહ આવી પડે ત્યારે કાયરતા ઊપજે નહીં, સંયમ-ધર્મથી ચળે નહીં. તપ છે તે કર્મની નિર્જરાનું કારણ છે. તેથી તપ કરવું શ્રેષ્ઠ છે.

પોતાનું વીર્ય છુપાવ્યા વગર જિનમાર્ગને અવિરોધ એવું તપ કરો. તપ નામના યોદ્ધાની મદદ વિના પોતાના શ્રદ્ધા, જ્ઞાન અને આચરણરૂપ ધનને કામ, ક્રોધ, પ્રમાદ આદિ લૂંટારા એક ક્ષણમાં લૂંટી લેશે. તો પછી રત્નત્રયરૂપ સંપત્તિ રહિત ચતુર્ગતિરૂપ સંસારમાં ઘણો દીર્ઘકાળ ભ્રમણ કરશો. જે પ્રકારે વાત, પિત્ત અને કફ એ ત્રિદોષ વિપરીત વર્તીને રોગાદિ ઉપજાવે નહીં તે પ્રકારે તપ કરવું ઉચિત છે.

સર્વમાં મુખ્ય તપ તો સર્વસંગ પરિત્યાગ છે. સર્વસંગ પરિત્યાગ એટલે ઘરની મમતારૂપ ફાંસીને છેદીને, દેહનું સર્વ સુખિયાપણું તજીને, ટાઢ, તાપ, ગરમી, વરસાદ, પવન, ડાંસ-મચ્છર, મધમાખ વગેરેની બાધા-પીડાને જીતવા પોતાના

શરીરની સામા પડીને અતિશય તપમાં પ્રવર્તવું તે છે. તેનું સ્વરૂપ સાંભળતાં, દેખતાં જ મોટા મોટા શૂરવીર કંપી જાય છે. હે શક્તિને પ્રગટ કરનારા ! જો સંસાર બંધનથી છૂટવાને ઇચ્છો છો, તો શ્રી જિને જણાવેલી દીક્ષા ગ્રહણ કરો. શાતાશીલિયો સ્વભાવ નાશ પામે; ઉપસર્ગ-પરિષહ સહન કરતાં કાયર ન થવાય; સ્વર્ગલોકની તિલોત્તમા કે રંભા પણ હાવભાવ, વિલાસ, વિભ્રમ આદિથી મનમાં કામવિકાર ઉત્પન્ન ન કરી શકે એવી રીતે કામનો નાશ કરે; બન્ને પ્રકારના પરિગ્રહમાં ઇચ્છાનો અભાવ થઈ જાય અને ઇંદ્રિયોના વિષયોમાં પ્રવર્તન ન થાય તે તપ છે. નિર્જન વન અને પર્વતોની ભયંકર ગુફાઓમાં ભૂત રાક્ષસોના ઉત્પાત થતા હોય; સિંહ, વાઘ આદિ ભયંકર પ્રાણીઓ જ્યાં વિચરતાં હોય; કરોડો વૃક્ષથી જ્યાં અંધકાર છવાઈ રહ્યો હોય અને સાપ, અજગર, રીંછ આદિ દુષ્ટ પ્રાણીઓનો સંચાર હોય એવાં મહા વિષમ સ્થાનોમાં ભય રહિત બનીને ધ્યાન-સ્વાધ્યાયમાં નિરાકુળપણે રહેવું તે તપ છે. આહાર મળે કે ન મળે તોપણ સમતા ધારણ કરવી, તથા મીઠાં, ખાટાં, કડવાં, કષાયલાં, ઠંડાં, ગરમ, સરસ, નીરસ આહાર-પાણીમાં લાલસા રહિત, સંતોષરૂપ અમૃતનું પાન કરતાં આનંદમાં રહેવું. દુષ્ટ દેવ, દુષ્ટ મનુષ્ય, દુષ્ટ તિર્યંચોએ (પશુ આદિએ) કરેલા ઘોર ઉપસર્ગ આવી પડે ત્યારે કાયરતા તજી અડોલ રહેવું. જેથી ઘણા કાળનાં એકઠાં કરેલાં કર્મ નિર્જરે છે તે તપ છે. કોઈ કુવચન કહે, માથે આળ મૂકે, માર મારે કે મારી નાખે, અગ્નિમાં બાળે તેના પ્રત્યે પણ દ્વેષબુદ્ધિ કરી મલિન પરિણામ ન કરવાં અને સ્તુતિ, પૂજા આદિ કરનાર પ્રત્યે રાગ

ભાવ ન રાખવો તે તપ છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ પાળવાં, પાંચ ઇંદ્રિયોને રોકવી, વખતસર છ આવશ્યક કરવાં, માથાના અને દાઢી મૂછના વાળને પોતાને હાથે ઉપવાસને દિવસે ઉપાડવા, બે મહિને કરે તે ઉત્કૃષ્ટ લોચ, ત્રણ મહિને કરે તે મધ્યમ લોચ અને ચાર મહિને કરે તે જઘન્ય લોચ, એમ લોચ કરવો. અન્ય ભેખધારીની પેઠે રોજ કેશ ન ઉપાડે. નગ્ન રહેવું, સ્નાન ન કરવું અને ભૂમિ ઉપર સૂઈ જઈને થોડો વખત ઊંઘ લેવી. દાંતને આંગળી વડે પણ ન ધોવા, અને એક વાર ભોજન ઊભા ઊભા કરવું, સરસ નીરસ સ્વાદને તજીને ભોજન કરવું, એમ અઠ્ઠાવીસ મૂળગુણ અખંડ પાળવાં તે મહા તપ છે.

આ મૂળગુણોના પ્રભાવથી ઘાતિયાં કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પામીને મોક્ષ પ્રાપ્ત કરે છે. તેથી હે જ્ઞાનીજન! ધર્મનું અંગ આ તપ છે, તેની નિર્વિઘ્ન પ્રાપ્તિ માટે તેનું જ સ્તવન પૂજન કરી અર્ઘ્ય ઉતારો. તેથી દૂર અને અત્યંત પરોક્ષ છતાં પણ મોક્ષ અતિ નિકટ આવે છે.

## ૮. સાધુસમાધિ ભાવના :–

જેવી રીતે ભંડારમાં આગ લાગે ત્યારે ગૃહસ્થ, ઉપકારક વસ્તુઓનો નાશ થાય છે એમ જાણી, અગ્નિને ઓલવે છે. કેમ કે અનેક વસ્તુઓ બચે તેટલો લાભ છે. તેવી રીતે અનેક વ્રત, શીલ આદિ અનેક ગુણો સહિત વ્રતી, સંયમીને કોઈ કારણે વિઘ્ન આવી પડે તો વિઘ્નને દૂર કરી વ્રત, શીલની રક્ષા કરવી તે સાધુસમાધિ છે.

ગૃહસ્થને પોતાનાં પરિણામ બગાડનાર મરણનો પ્રસંગ

આવી પડે, ઉપસર્ગ આવે, રોગ આવે, પ્રિયજનનો વિયોગ થઈ જાય, અનિષ્ટનો સંયોગ થઈ જાય તે વખતે ભય ન પામવો તે સાધુસમાધિ છે.

સમ્યક્જ્ઞાની એવો વિચાર કરે છે કે હે આત્મન્! તું અખંડ, અવિનાશી, જ્ઞાન-દર્શન સ્વભાવવાળો છે. તું મરતો નથી. જે ઉત્પન્ન થયું છે તે વિનાશ પામશે. દેહનો વિનાશ છે. પર્યાય (અવસ્થા) બદલાય છે પણ ચૈતન્ય દ્રવ્યનો નાશ થતો નથી. પાંચ ઇંદ્રિયો અને મનબળ, વચનબળ, કાયબળ, આયુષ્યબળ અને શ્વાસોચ્છ્વાસ એ દશ પ્રાણ છે તેના નાશને મરણ કહે છે. તારા જ્ઞાન, દર્શન, સુખ, સત્તા આદિ ભાવપ્રાણ છે તેનો કદાપિ નાશ થતો નથી. તેથી દેહના નાશને પોતાનો નાશ માનવો તે મિથ્યાજ્ઞાન છે. હે જ્ઞાની! હજારો કૃમિથી ભરેલા, હાડમાંસમય, ગંધાતા, વિનાશી દેહનો નાશ થતાં તને શાનો ભય લાગે છે? તું તો અવિનાશી જ્ઞાનમય છે. આ મૃત્યુ તો મહા ઉપકારી મિત્ર છે. સડેલા બગડેલા દેહમાંથી કાઢીને મૃત્યુ તને દેવાદિના ઉત્તમ દેહમાં મૂકે છે. મરણરૂપી મિત્ર ન હોત તો આ દેહમાં કેટલો કાળ રહેવું પડત? દુઃખોથી ભરેલા દેહમાંથી કોણ કાઢત? સમાધિ મરણ આદિ વડે આત્માનો ઉદ્ધાર કેવી રીતે થાત? વ્રત, તપ, સંયમનું ઉત્તમ ફળ, મૃત્યુમિત્રના ઉપકાર વિના સ્વર્ગાદિ કેવી રીતે મળત? પાપથી કોણ ડરત? મૃત્યુરૂપ કલ્પવૃક્ષ વિના ચારે આરાધનાઓનું શરણ ગ્રહણ કરાવી સંસારરૂપ કાદવમાંથી કોણ કાઢત? તેથી સંસારમાં જેનું ચિત્ત આસક્ત છે અને દેહને પોતાનું સ્વરૂપ માને છે, તેને મરણનો ભય છે.

સમ્યક્દૃષ્ટિ દેહથી પોતાનું સ્વરૂપ ભિન્ન જાણી મરણથી ભય પામતો નથી. તેને સાધુસમાધિ હોય છે. મરણ અવસરે જે દુ:ખ, રોગ આવે છે તે પણ સમ્યક્દૃષ્ટિને દેહ ઉપરથી મમતા છોડાવવા આવે છે, ત્યાગ-સંયમ આદિની સન્મુખ કરાવવા આવે છે. તેથી તે પ્રમાદને છોડીને સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ એ ચાર આરાધનામાં વધારે દૃઢ થાય છે. જ્ઞાની વિચારે છે કે જે જન્મ્યો છે તે અવશ્ય મરનાર છે. કાયર થઈશ તોપણ મરણ છોડનાર નથી અને ધીરજ રાખીશ તોપણ મરણ છોડનાર નથી, તો દુર્ગતિનું કારણ જે કાયરતા તે સહિત મરણ છે તેને ધિક્કાર હજો! એવા સાહસ, ધૈર્ય સહિત મરું કે દેહ મરી જાય પણ મારાં જ્ઞાન-દર્શન સ્વરૂપનું મરણ ન થાય. આવું મરણ કરવું ઉચિત છે. તેથી ઉત્સાહસહિત સમ્યક્દૃષ્ટિને મરણનો ભય નથી તે સાધુસમાધિ છે.

દેવ, મનુષ્ય કે તિર્યંચ ઉપસર્ગ કરે તોપણ જેને ભય લાગે નહીં પણ પૂર્વે કર્મ બાંધ્યું હતું તેની નિર્જરા થાય છે એમ જ જે માને છે તેને સાધુસમાધિ છે. રોગનો ભય પણ જ્ઞાનીને હોતો નથી. કારણ કે જ્ઞાની તો પોતાના દેહને જ મહારોગ માને છે. ભૂખ, તરસ આદિ ઘોર રોગને ઉપજાવનાર શરીર છે. આ મનુષ્યદેહ વાત-પિત્ત-કફ આદિ ત્રિદોષમય છે. અશાતા વેદનીય કર્મના ઉદયથી ત્રિદોષની વધઘટ થવાથી તાવ, ખાંસી, શ્વાસ, ઝાડા, ચૂંક, પેટ કે માથામાં શૂળ, નેત્રના વિકાર, વા વગેરેની પીડા થાય છે ત્યારે જ્ઞાની એમ વિચારે છે કે આ રોગ ઉત્પન્ન થયો છે તેનું અંતરંગ કારણ અશાતા વેદનીય કર્મનો ઉદય છે. અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ આદિ

બહિરંગ કારણ છે. તો કર્મના ઉદયનો ઉપશમ થતાં રોગનો નાશ થશે. અશાતાનો પ્રબળ ઉદય હોય ત્યારે બાહ્ય ઔષધ આદિ રોગ મટાડવા સમર્થ નથી. અશાતા વેદનીય કર્મ હરી લેવાને દેવ, દાનવ, મંત્ર, તંત્ર, ઔષધ આદિ કોઈ સમર્થ નથી. તેથી હવે સંક્લેશ પરિણામ તજીને સમતા ગ્રહણ કરવી. બાહ્ય ઔષધ આદિ તો અશાતાનો ઉદય મંદ થાય ત્યારે સહકારી કારણ બને છે. અશાતાના પ્રબળ ઉદય વખતે ઔષધ આદિ બાહ્ય કારણો રોગ મટાડવા સમર્થ નથી એવો વિચાર કરીને અશાતા કર્મના નાશનું કારણ પરમ સમતા ધારણ કરીને સંક્લેશ રહિત થઈને સહન કરવું, કાયર થવું નહીં.

ઇષ્ટનો વિયોગ થતાં અને અનિષ્ટનો સંયોગ થતાં જ્ઞાનની દૃઢતા વડે ભય ન પામવો તે સાધુસમાધિ છે.

જે પુરુષ જન્મ-જરા-મરણથી ભય પામ્યો છે અને સમ્યક્‌દર્શન આદિ ગુણો સહિત છે તે અંત વખતે આરાધનાના શરણ સહિત અને ભય રહિત, દેહાદિ પરદ્રવ્યોમાં મમતા રહિત થઈને વ્રત-સંયમ સહિત સમાધિમરણની વાંછા કરે છે. આ સંસારમાં પરિભ્રમણ કરતાં અનંતાનંત કાળ વ્યતીત થયો, સર્વ સામગ્રી અનેક વાર જીવ પામ્યો પરંતુ સમ્યક્ સમાધિ-મરણ પામ્યો નથી. જો એક વાર સમાધિમરણ થયું હોત તો જન્મમરણ મટી ગયાં હોત. સંસાર પરિભ્રમણ કરતાં મેં ભવભવમાં અનેક નવા નવા દેહ ધારણ કર્યા છે. એવો કયો દેહ છે કે જે મેં ધારણ નથી કર્યો? તો આ વર્તમાન દેહમાં શું મમત્વ કરું? ભવોભવમાં અનેક સ્વજન-કુટુંબીજનોનો પણ સંબંધ થયો છે, હમણાં જ સ્વજન મળ્યાં છે એમ નથી. તેથી

ક્યાં ક્યાં સ્વજનોમાં રાગ કરું? ભવભવમાં અનેક વાર રાજઋદ્ધિ પણ મળી છે તો આ તુચ્છ સંપત્તિમાં શું મમત્વ કરું? ભવભવમાં અનેક માતાપિતા પાલણપોષણ કરનાર થઈ ગયાં, હમણાં જ થયાં છે એમ નથી. ભવભવમાં નારીપણું પણ થયું છે. ભવભવમાં કામવિકારની તીવ્ર લંપટતા સહિત નપુંસક પણ થયો. ભવભવમાં અનેક વાર પુરુષ પણ થયો. તોપણ વેદના અભિમાનથી નાશ પામીને ભટક્યો. ભવભવમાં અનેક જાતિનાં દુઃખ પામ્યો. સંસારમાં એવું કોઈ દુઃખ નથી કે જે મેં અનેક વાર ભોગવ્યું ન હોય. અનેક વાર નરકમાં નારકી થઈ થઈને અસંખ્યાત કાળ સુધી પ્રમાણ રહિત અનેક પ્રકારનાં દુઃખ ભોગવ્યાં છે. અનેક ભવ તિર્યંચના કરી કરીને અસંખ્યાત, અનંતવાર જન્મમરણ કરતાં અનેક પ્રકારે દુઃખ ભોગવતાં ભોગવતાં વારંવાર પરિભ્રમણ કર્યું. અનેક વાર ધર્મવાસના રહિત મિથ્યાદૃષ્ટિ મનુષ્ય પણ થયો. અનેક વાર દેવલોકમાં પણ ઊપજ્યો. અનેક ભવોમાં જિનેન્દ્રને પૂજ્યા; અનેક ભવોમાં ગુરુવંદના પણ કરી. અનેક ભવોમાં મિથ્યાદૃષ્ટિ થઈને કપટથી આત્મનિંદા પણ કરી. અનેક ભવોમાં આકરાં તપ પણ ધારણ કર્યાં. અનેક ભવોમાં ભગવાનના સમમવસરણમાં પણ પ્રવેશ કર્યો. અનેક ભવોમાં શ્રુતજ્ઞાનના અંગોના પઠન-પાઠન આદિ અભ્યાસ કર્યો. આ બધું કર્યા છતાં અનંત કાળથી ભવનિવાસી જ રહ્યો. જોકે જિનેન્દ્રોની પૂજા કરવી, ગુરુની સેવા કરવી, આત્મનિંદા કરવી, કઠણ તપશ્ચર્યા કરવી, સમવસરણમાં જવું, શ્રુતના અંગોનો અભ્યાસ કરવો ઇત્યાદિ કાર્યો પ્રશંસા-પાત્ર છે, પાપનો નાશ કરનાર છે, પુણ્યનું કારણ છે, તોપણ

સમ્યક્‌દર્શન વિના નિષ્ફળ છે, સંસાર-પરિભ્રમણને રોકી શકતાં નથી. સમ્યક્‌દર્શન વિનાની એ બધી ક્રિયા પુણ્યબંધનું કારણ છે. સમ્યક્‌દર્શન સહિત હોય તો સંસારનો નાશ કરે છે.

આત્માનુશાસનમાં કહ્યું છે કે :-

समबोधवृत्ततपसां पाषाणस्यैव गौरवं पुंसः ।
पूज्यं महामणेरिव तदेव सम्यक्त्व संयुक्तम् ।।

પુરુષને સમભાવ, જ્ઞાન, ચારિત્ર અને તપનું વિશેષપણું તે પાષાણના ભાર જેવું થાય છે. એ જ સમભાવ, જ્ઞાન, ચારિત્ર અને તપ જો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિની પેઠે પૂજ્ય થઈ જાય.

જગતમાં મણિ છે તે પણ પાષાણ છે, અને બીજા મોટા પથ્થર છે તે પણ પાષાણ છે, પરંતુ આ પાષાણ મણ બે મણ બાંધીને લઈ જઈને વેચે તોપણ એકાદ પૈસો ઊપજે તેથી એક દિવસ પણ પેટ ન ભરાય. પરંતુ મણિ રતિ જેટલો હોય તે લઈ જઈને વેચે તો હજારો રૂપિયા ઊપજે, આખા જન્મારાનું દારિદ્રય નાશ પામે. તેવી રીતે સમભાવ, શાસ્ત્રજ્ઞાન, ચારિત્રધારણ અને ઘોર તપશ્ચર્યા એ સમકિત વિના ઘણા કાળ સુધી ધારણ કરે તો રાજ્યસંપદા પામે, મંદ કષાયના પ્રભાવથી દેવલોકમાં ઉત્પન્ન થાય. પછી ત્યાંથી ચ્યવીને એકેન્દ્રિય આદિ દેહો ધરીને પરિભ્રમણ કરે છે. પણ જો સમ્યક્ત્વ સહિત હોય તો સંસાર પરિભ્રમણનો નાશ કરી મુક્ત થઈ જાય છે. સમકિત રહિત મિથ્યાદૃષ્ટિ ભલે જિનપૂજા કે ગુરુવંદન કરે, સમવસરણમાં જાય, શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરે, તપ કરે તોપણ અનંતકાળ સુધી સંસારમાં રહેશે.

ભવોભવમાં સુખદુઃખની સર્વ સામગ્રી જીવ અનંતવાર પામ્યો; તે પામવી કંઈ દુર્લભ નથી. પણ સાધુસમાધિ એટલે રત્નત્રયની પ્રાપ્તિને નિર્વિઘ્નપણે પરલોક જતાં સાથે લઈ જવી તે દુર્લભ છે. રત્નત્રય સહિત સાવધાનપણે દેહ છોડે તેને સાધુસમાધિ હોય છે તે દુર્લભ છે. સાધુસમાધિ ચાર ગતિમાં ભમવાના દુઃખને દૂર કરીને નિશ્ચળ, અતીંદ્રિય, સ્વાધીન, અનંત સુખ પ્રાપ્ત કરે છે. જે પુરુષ સાધુસમાધિ ભાવનાને નિર્વિઘ્નપણે પ્રાપ્ત કરવા માટે આ ભાવના ભાવતાં આનો મહા અર્ઘઉતારણ કરે છે, તે શીઘ્ર સંસારસમુદ્રને તરીને આઠ ગુણના ધારક સિદ્ધ થાય છે.

## ૯. વૈયાવૃત્તિ ભાવના :–

પેટની પીડા, આમવાયુ, સંગ્રહણી, કઠોદર, સફોદર અને નેત્રશૂળ, કર્ણશૂળ, દંતશૂળ તથા તાવ, ખાંસી, દમ, જરા ઇત્યાદિ રોગો વડે પીડાતા મુનિ તથા શ્રાવકોની નિર્દોષ આહાર, ઔષધ, વસતિ–સ્થાન આદિ વડે સેવા કરવી, ચાકરી કરવી, વિનય કરવો, આદર સત્કાર કરવો, દુઃખ દૂર કરવા ઉપાય કરવા તે વૈયાવૃત્ત્ય કહેવાય છે. જે તપ તપતા હોય અને રોગવાળું જેમનું શરીર હોય તેમની વેદના દેખી તેમને માટે નિર્દોષ ઔષધિ તથા પથ્ય આદિ વડે રોગ ઉપશમે તેમ કરવું.

મુનિવરોના દશ ભેદે કરીને વૈયાવૃત્ય પણ દશ પ્રકારની છે. ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. તપસ્વી, ૪. શૈક્ષ્ય, ૫. ગ્લાન, ૬. ગણ, ૭. કુલ, ૮. સંઘ, ૯. સાધુ, ૧૦. મનોજ્ઞ. આ દશ પ્રકારના મુનિવરોની પરસ્પર વૈયાવૃત્ત્ય થાય છે.

કાયાની પ્રવૃત્તિથી, અથવા અન્ય દ્રવ્ય વડે દુઃખ—વેદના આદિ દૂર કરવાની પ્રવૃત્તિથી તે વૈયાવૃત્ત્ય થાય છે.

દશ પ્રકારના મુનિવરોનું સ્વરૂપ :—

૧. સ્વર્ગ કે મોક્ષનાં સુખના બીજરૂપ વ્રતો જેમની પાસેથી ગ્રહણ કરીને ભવ્ય જીવ પોતાના આત્મહિતને અર્થે પાળે છે, એવા સમ્યક્જ્ઞાન આદિ ગુણોના ધારક આચાર્ય કહેવાય છે. જેમની પાસેથી, મોક્ષ અને સ્વર્ગ પ્રાપ્ત કરાવનાર વ્રત ધારી આચરણ કરીએ તે આચાર્ય છે.

૨. જેમની પાસે આગમનો અભ્યાસ કરીએ તે વ્રત, શીલ અને શ્રુતના આધાર એવા ઉપાધ્યાય છે.

૩. અનશનાદિ મહા તપ તપે છે તે તપસ્વી છે.

૪. જે શ્રુત શીખવામાં તત્પર હોય, નિરંતર વ્રતોની ભાવનામાં તત્પર હોય તે શૈક્ષ્ય છે.

૫. રોગ આદિથી જેમનું શરીર દુઃખી હોય તે ગ્લાન કહેવાય છે.

૬. વૃદ્ધ મુનિઓની પરંપરાના જે હોય તે ગણ કહેવાય છે.

૭. પોતાને દીક્ષા આપનાર આચાર્યના શિષ્ય હોય તે કુલ છે.

૮. ચાર પ્રકારના મુનિવરોનો સમૂહ તે સંઘ છે. (ઋષિ, યતિ, મુનિ અને અણગાર).

૯. લાંબા કાળના દીક્ષિત થયેલા તે સાધુ કહેવાય છે.

૧૦. પંડિતપણાથી, વક્તાપણાથી કે ઊંચા કુળથી લોકોમાં માન્ય હોય તથા ધર્મનું અને ગુરુકુળનું ગૌરવ વધારનાર હોય તે મનોજ્ઞ કહેવાય છે અથવા અસંયત સમ્યક્દૃષ્ટિ પણ સંસારના અભાવરૂપપણાથી મનોજ્ઞ ગણાય છે.

આ દશ પ્રકારના મુનિઓમાંથી કોઈને રોગ થાય, પરિષહોને લીધે ખેદ પામે, શ્રદ્ધા આદિ બગડી જાય અને મિથ્યાત્વાદિ પ્રાપ્ત થાય ત્યારે પ્રાસુક (શુદ્ધ-અચેત) ઔષધિ, આહારપાણી, યોગ્ય સ્થાન, લાકડાનું પાટિયું, ઘાસ વગેરેનો સંસ્તર (પાથરણાં) આદિ વડે તથા પુસ્તક પીંછી આદિ ધર્મનાં ઉપકરણ વડે ઉપચાર, ઉપકાર કરવો તથા સમ્યક્ત્વમાં તેને ફરી સ્થાપન કરવો, ઇત્યાદિ ઉપકાર તે વૈયાવૃત્ત્ય છે. જો બાહ્ય આહારપાણી, ઔષધ આદિનો સંભવ ન હોય તો પોતાના શરીર વડે કફ, લીંટ, મળ, મૂત્ર આદિ દૂર કરીને તથા તેને અનુકૂળ પડે તેમ વર્તવાથી વૈયાવૃત્ત્ય થાય છે.

વૈયાવૃત્ત્યથી સંયમનું સ્થાપન, દુગંછાનો અભાવ, પ્રવચનમાં વાત્સલ્યપણું અને સનાથપણું ઇત્યાદિ અનેક ગુણ પ્રગટે છે. વૈયાવૃત્ત્ય પરમ ધર્મ છે. વૈયાવૃત્ત્ય ન હોય તો મોક્ષમાર્ગ બગડી જાય.

આચાર્ય આદિ શિષ્ય, મુનિ તથા રોગી વગેરેની વૈયાવૃત્ત્ય કરવાથી બહુ વિશુદ્ધતા, ઉચ્ચતા પામે છે. એવી જ રીતે શ્રાવક આદિ, મુનિની વૈયાવૃત્ત્ય કરે, શ્રાવક-શ્રાવિકાની કરે. ઔષધ-દાન વડે વૈયાવૃત્ત્ય કરે. ભક્તિપૂર્વક યુક્તિ વડે દેહના આધારરૂપ આહારદાન વડે વૈયાવૃત્ત્ય કરે. કર્મના ઉદયે કોઈને દોષ લાગી ગયો હોય તે ઢાંકવો; શ્રદ્ધાથી ચલાયમાન થયા હોય તેમને સમ્યક્દર્શન ગ્રહણ કરાવવું; જિનેન્દ્રના માર્ગથી ભ્રષ્ટ થયા હોય તેમને માર્ગમાં સ્થાપન કરવા ઇત્યાદિ ઉપકારથી વૈયાવૃત્ત્ય થાય છે.

આચાર્યાદિ ગુરુ શિષ્યને શ્રુતનાં અંગ ભણાવે, તથા વ્રત

સંયમ આદિની શુદ્ધિનો ઉપદેશ આપે તે શિષ્યની વૈયાવૃત્ત્ય છે. શિષ્ય પણ ગુરુની આજ્ઞા પ્રમાણે પ્રવર્તે, ગુરુના ચરણની સેવા કરે તે આચાર્યની વૈયાવૃત્ત્ય છે.

પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને રાગ-દ્વેષાદિ દોષોથી લેપાવા ન દેવો, પોતાના આત્માને ભગવાનના પરમાગમમાં લગાવી દેવો, દશલક્ષણરૂપ ધર્મમાં લીન કરવો, કામ, ક્રોધ, લોભાદિક કષાયને તથા ઇંદ્રિયોના વિષયોને આધીન થવા ન દેવો, તે આત્માની વૈયાવૃત્ત્ય છે.

રોગી મુનિનાં તથા ગુરુનાં શય્યા, આસન, કમંડળ, પીંછી, પુસ્તક સવારસાંજ નેત્રથી દેખીને મોરપીછિકા વડે સાફ કરવાં, અશક્ત રોગી મુનિનો આહાર-ઔષધ આદિ વડે સંયમને યોગ્ય ઉપકાર કરવો, શુદ્ધ ગ્રંથોના વાચનથી ધર્મના ઉપદેશ વડે પરિણામને ધર્મમાં લીન કરવાં, તથા ઉઠાડવા, બેસાડવા, મળમૂત્ર કરાવવાં, પાસું ફેરવાવવું ઇત્યાદિ પ્રકારે વૈયાવૃત્ત્ય કરવી. કોઈ સાધુ થાકેલા હોય, તથા ભીલ, મ્લેચ્છ, દુષ્ટ રાજા, દુષ્ટ તિર્યંચો વડે ઉપદ્રવ પામ્યા હોય, દુષ્કાળ, મરકી, વ્યાધિ આદિ ઉપદ્રવોથી પીડા પામી કાયર પરિણામવાળા થયા હોય તેમને સ્થાન આપી કુશળ પૂછી, આદર દઈને સિદ્ધાંત અનુસાર ઉપદેશ વડે સ્થિતિકરણ કરવું, સ્વસ્થપરિણામી કરવા તે વૈયાવૃત્ત્ય છે.

જે સમર્થ હોવા છતાં પોતાના બળવીર્યને ગોપવે, છુપાવે પણ વૈયાવૃત્ત્ય ન કરે તે ધર્મરહિત થાય છે. તેણે તીર્થંકરોની આજ્ઞા ભંગ કરી, શ્રુત દ્વારા ઉપદેશેલા ધર્મની વિરાધના કરી,

આચારનો લોપ કર્યો, પ્રભાવનાનો નાશ કર્યો, પરમાગમથી વિમુખ થયો.

વૈયાવૃત્ત્યની ભાવનાવાળાને એવાં પરિણામ થાય છે કે, અહો! મોહરૂપી અગ્નિથી બળતા આ જગતમાં આ આત્મજ્ઞાની મુનિ જ્ઞાનરૂપી પાણીથી મોહરૂપી અગ્નિને ઓલવીને આત્મ-કલ્યાણ કરે છે. ધન્ય છે, ધન્ય છે એમને કે કામનો નાશ કરી, રાગદ્વેષનો ત્યાગ કરી, ઇંદ્રિયોને જીતી આત્માના હિત માટે ઉદ્યમી થયા છે. તે લોકોત્તર ગુણોના ધારક છે. મને એવા ગુણવંતના ચરણનું શરણ હો! ગુણો પ્રત્યે આવાં આદરવંત પરિણામ વૈયાવૃત્ત્યથી થાય છે. જેમ જેમ ગુણોમાં પરિણામ રાચે છે તેમ તેમ શ્રદ્ધા વધે છે. શ્રદ્ધા વધે ત્યારે ધર્મમાં પ્રીતિ વધે. ધર્મમાં પ્રીતિ વધે ત્યારે ધર્મના નાયક અરિહંતાદિક પાંચ પરમેષ્ઠીના ગુણોમાં અનુરાગરૂપી ભક્તિ વધે છે. ભક્તિ કેવી હોય છે? માયા રહિત, મિથ્યાજ્ઞાન રહિત, ભોગની ઇચ્છાઓ રહિત અને મેરુ પર્વત જેવી નિષ્કંપ તેમ જ અચળ એવી પ્રભુભક્તિ જેને પ્રાપ્ત થાય તેને સંસાર-પરિભ્રમણનો ભય નથી રહેતો. એવી ભક્તિ ધર્માત્માની વૈયાવૃત્ત્યથી પ્રાપ્ત થાય છે. પાંચ મહાવ્રતો સહિત અને કષાય રહિત રાગદ્વેષને જીતનારા, શ્રુતજ્ઞાનરૂપ રત્નોની ખાણ જેવા પાત્રનો લાભ વૈયાવૃત્ત્ય કરનારને પ્રાપ્ત થાય છે. જેણે રત્નત્રયના ધારકની વૈયાવૃત્ત્ય કરી તેણે રત્નત્રય સાથે પોતાનો સંબંધ બાંધ્યો અને તે પોતાને તથા પરને મોક્ષમાર્ગમાં સ્થાપે છે.

વૈયાવૃત્ત્ય અંતરંગ, બહિરંગ બન્ને પ્રકારનાં તપમાં પ્રધાન

છે. કર્મની નિર્જરાનું મુખ્ય કારણ છે. જેણે આચાર્યની વૈયાવૃત્ત્ય કરી તેણે સંઘની વૈયાવૃત્ત્ય કરી, ભગવાનની આજ્ઞા પાળી, પોતાના અને પરના સંયમની રક્ષા અને શુભ ધ્યાનની વૃદ્ધિ કરી, ઇંદ્રિયોનો નિગ્રહ કર્યો, રત્નત્રયની રક્ષા કરી, અતિશયરૂપ દાન દીધું, નિર્વિચિકિત્સા ગુણને પ્રગટ દર્શાવ્યો, જિનેન્દ્ર ધર્મની પ્રભાવના કરી. ધન ખરચવું સુલભ છે, પણ રોગીની સેવા કરવી દુર્લભ છે.

અન્યના અવગુણો ઢાંકવા, ગુણો પ્રગટ કરવા ઇત્યાદિ ગુણોથી તીર્થંકર નામકર્મ બંધાય છે. વૈયાવૃત્ત્ય વિષે જિનેન્દ્ર ભગવાનની ઉત્તમ શિક્ષા જગતમાં એવી છે કે, જે કોઈ શ્રાવક કે સાધુ વૈયાવૃત્ત્ય કરે છે, તે સર્વોત્તમ એવા સિદ્ધપદને પામે છે.

જે પોતાની શક્તિ પ્રમાણે છકાય જીવની રક્ષા કરવામાં સાવધાન છે તેને સમસ્ત પ્રાણીઓની વૈયાવૃત્ત્ય પ્રાપ્ત થાય છે.

## ૧૦. અરિહંતભક્તિ ભાવના :–

જે મન, વચન, કાયા વડે 'જિન' એવા બે અક્ષર સદાકાળ સ્મરણ કરે તે અર્હંતભક્તિ છે. અરિહંતના ગુણોમાં અનુરાગ તે અરિહંતભક્તિ છે.

જે પૂર્વભવમાં સોળ કારણભાવનાઓ ભાવીને તીર્થંકર થાય છે, અરિહંત થાય છે; તેમને માટે તો સોળ કારણ ભાવનાઓથી ઉત્પન્ન થયેલા અદ્‌ભુત પુણ્યના પ્રભાવથી ગર્ભમાં આવતાં પહેલાં છ મહિના અગાઉ ઇંદ્રની આજ્ઞાથી કુબેર બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી નગરી રચે છે. તેની મધ્યમાં રાજાને રહેવાનો મહેલ હોય છે. તે મહેલનું,

નગરની રચનાનું કે કોટ, દરવાજા, ખાઈ વગેરે રત્નમય રચનાનું વર્ણન કે મહિમા હજારો જીભોથી પણ થઈ શકે એમ નથી. ત્યાં તીર્થંકરની માતાના ગર્ભની શુદ્ધિ થાય છે, રુચક દ્વીપમાં વસનારી છપ્પન કુમારિકા દેવીઓ માતાની અનેક પ્રકારે સેવા કરવામાં સાવધાન રહે છે. ગર્ભમાં તીર્થંકર આવે તે પહેલાં છ મહિનાથી સવારે, બપોરે અને સાંજે દરેક વખતે આકાશમાંથી સાડા ત્રણ કરોડ રત્નની વૃષ્ટિ કુબેર કરે છે. ગર્ભમાં આવે કે તરત ઇંદ્રાદિ ચારે નિકાયના દેવોનાં આસન કંપવાથી ચારે પ્રકારના દેવો આવીને નગરની પ્રદક્ષિણા દઈ માતા-પિતાની પૂજા સત્કાર આદિ કરી પોતાને સ્થાને પાછા જાય છે. ભગવાન તીર્થંકર સ્ફટિક મણિના દાબડા સમાન મળ આદિથી રહિત માતાના ગર્ભમાં રહે છે. કમળવાસિની છ દેવીઓ તથા છપ્પન રુચક દ્વીપમાં વસનારી અને બીજી અનેક દેવીઓ માતાની સેવા કરે છે. નવ મહિના પૂર્ણ થતાં ઉચિત અવસરે જન્મ થતાં જ ચારે નિકાયના દેવોનાં આસન કંપે છે. વાજિંત્રો અકસ્માત્ વાગવાથી જિનેન્દ્રનો જન્મ જાણી ઘણા હર્ષ સહિત સૌધર્મ નામના ઇંદ્ર લાખ યોજન જેવડા ઐરાવત હાથી ઉપર ચઢી ઉત્સવ કરતા કરતા આવે છે. પોતાના અસંખ્યાત દેવોના પરિવાર સહિત સાડા બાર કરોડ જાતનાં વાજાંના મધુર સૂર અને અસંખ્યાત દેવોના જયજયકાર શબ્દ, અનેક ધ્વજા આદિ ઉત્સવની સામગ્રી તેમજ કરોડો અપ્સરાના નૃત્ય આદિ ઉત્સવ અને કરોડો ગંધર્વ દેવોનાં ગાન સહિત જ્યાંથી ઉત્સવ કરતા કરતા આવે છે તે ઇંદ્રનું સ્થાન અહીંથી અસંખ્યાત યોજન ઊંચું અને અસંખ્યાત યોજન દક્ષિણ

દિશામાં છે. ત્યાંથી આવી નગરીની પ્રદક્ષિણા દઈ ઇંદ્રાણી પ્રસૂતિગૃહમાં જઈને માતાને માયાનિદ્રામાં ઊંઘાડી, માતાને પુત્રવિયોગનું દુઃખ ન લાગે માટે પોતાની દેવમાયાથી બીજું બાળક બનાવી ત્યાં મૂકી તીર્થંકરને અત્યંત ભક્તિથી લાવી ઇંદ્રને સોંપે છે; તે વખતે ઇંદ્રને બે આંખથી દર્શન કરીને તૃપ્તિ ન થવાથી તે હજાર નેત્રો રચીને દર્શન કરે છે. વળી ત્યાં ઈશાન આદિ સ્વર્ગોના ઇંદ્રો અને ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી દેવોના ઇંદ્રો વગેરે અસંખ્યાત દેવો પોતપોતાની સેના, વાહન, પરિવાર સહિત આવે છે. ત્યાં સૌધર્મ ઇંદ્ર ઐરાવત હાથી ઉપર ચઢીને ભગવાનને ખોળામાં લઈને મેરુ ગિરિ પ્રતિ જાય છે. ઈશાન ઇંદ્ર છત્ર ધારણ કરે છે અને સનત્કુમાર અને મહેન્દ્ર ચમર ઢોળે છે, અન્ય અસંખ્યાત દેવો પોતપોતાને કરવાનાં કાર્યોમાં સાવધાન થઈને મહોત્સવ સહિત, મેરુ ગિરિનાં પાંડુક વનમાં પાંડુક શિલા ઉપર અકૃત્રિમ સિંહાસન છે ત્યાં જઈ, તેના ઉપર જિનેન્દ્રને પધરાવે છે, પાંડુક વનથી ક્ષીરસમુદ્ર સુધી બન્ને તરફ દેવોની હારો બની જાય છે. ક્ષીરસમુદ્ર મેરુ ભૂમિથી પાંચ કરોડ, દશ લાખ, સાડી ઓગણપચાસ હજાર યોજન દૂર છે. તે વખતે મેરુની ચૂલિકાની બન્ને બાજુ મુગટ, કુંડળ, હાર, કંકણ આદિ અદ્‌ભુત રત્નોનાં આભરણ પહેરેલા દેવોની ચૂલિકાથી ક્ષીરસમુદ્ર સુધીની હાર બંધાઈ જાય છે, હાથોહાથ કળશ સોંપે છે. ત્યાં બન્ને તરફ ઇંદ્રને ઊભા રહેવાનાં બીજાં બે નાનાં સિંહાસન છે, તેના ઉપર ઊભા રહીને સૌધર્મ અને ઈશાન ઇંદ્ર કળશ લઈ એક હજાર આઠ કળશો વડે અભિષેક કરે છે. એ કળશનું

મોઢું એક યોજનનું, મધ્યભાગ ચાર યોજન પહોળો અને તે આઠ યોજન ઊંચો હોય છે. એ કળશમાંથી નીકળેલી ધારા ભગવાનના વજ્રમય શરીર ઉપર ફૂલની વૃષ્ટિ સમાન હરકત કરતી નથી. પછી ઇંદ્રાણી કોમળ વસ્ત્રથી શરીર સાફ કરીને પોતાના જન્મને સફળ માનતી સ્વર્ગથી આણેલા રત્નમય અલંકાર તથા વસ્ત્ર પહેરાવે છે, ત્યાં અનેક દેવ અનેક પ્રકારે ઉત્સવ ઊજવે છે. તેનું વર્ણન કરી શકવા કોઈ સમર્થ નથી. પછી મેરુ પર્વતથી પહેલાંની પેઠે ઉત્સવ કરતાં કરતાં જિનેન્દ્રને લાવીને માતાને સમર્પણ કરી ઇંદ્ર ત્યાં તાંડવ નૃત્ય આદિ વડે જે ઉત્સવ કરે છે તે બધાનું કરોડો જીભો વડે અસંખ્યાત કાળ સુધીમાં પણ કોઈ વર્ણન કરવા સમર્થ નથી.

જિનેન્દ્ર જન્મથી જ તીર્થંકર પ્રકૃતિના ઉદયના પ્રભાવે દશ અતિશય સહિત ઊપજે છે. ૧. પરસેવા રહિત શરીર, ૨. મળમૂત્ર કફાદિ રહિત કાયા, ૩. દૂધના રંગ જેવું લોહી, ૪. સમચતુરસ્ર સંસ્થાન, ૫. વજ્રઋષભ નારાચ સંહનન, ૬. અદ્‌ભુત અનુપમ રૂપ, ૭. મહા સુગંધી શરીર, ૮. અપાર બળ, ૯. એક હજાર આઠ લક્ષણ, ૧૦. પ્રિય, હિત, મધુર વચન. એ બધું પૂર્વ ભવે સોળ કારણભાવનાઓ ભાવેલી તેનો પ્રભાવ છે. ઇન્દ્રે અંગૂઠામાં અમૃત સ્થાપ્યું તેથી અંગૂઠો ધાવીને ઊછરે છે. માતાના સ્તનનું દૂધ ધાવતા નથી. પોતાની ઉમ્મરના બાળક બનેલા દેવકુમારો સાથે ક્રીડા કરતાં મોટા થાય છે. સ્વર્ગલોકમાંથી દેવો દ્વારા લાવેલાં મનોવાંછિત વસ્ત્ર, અલંકાર, ભોજન અંગીકાર કરે છે. તે માટે રાત દિવસ દેવો

હાજર રહે છે. સ્વર્ગમાંથી આવેલાં જ વસ્ત્ર આદિ વાપરે છે, પૃથ્વીલોકનાં ભોજન, આભરણ, વસ્ત્ર આદિ વાપરતા નથી.

કુમારકાળ પૂરો કરી, ઇંદ્રાદિ દેવોએ ભક્તિપૂર્વક અદ્દ્ભુત ઉત્સાહ આપવાથી પિતાએ આપેલું રાજ્ય ભોગવી સંસાર, દેહ અને ભોગો પ્રત્યે અનિત્ય આદિ બાર ભાવના ભાવતાં વૈરાગ્ય ઊપજતાં લોકાંતિક દેવો આવી પ્રભુની વંદના—સ્તવના કરે છે. પ્રભુને વૈરાગ્ય ભાવ ઊપજતાં જ ચારે નિકાયના ઇન્દ્રાદિક દેવોનાં આસન કંપવાથી અવધિજ્ઞાન વડે જિનેન્દ્રના તપનો અવસર જાણી, મહોત્સવ સહિત આવી, અભિષેક કરી, દેવલોકના વસ્ત્રાલંકાર વડે ભક્તિથી ભગવાનને શણગારી, રત્નમય પાલખી રચી જિનેન્દ્રને તે પાલખીમાં બેસારી મહોત્સવ અને જય જય શબ્દો વડે તપને યોગ્ય વનમાં જઈને ઉતારે છે. ત્યાં વસ્ત્ર, આભરણ બધાં તજે છે, તેને દેવો અદ્ધર ઝીલી લઈ મસ્તકે ચઢાવે છે. સિદ્ધોને નમસ્કાર કરી પંચમુષ્ટિ લોચ કરે છે ત્યારે ઇન્દ્ર કેશોને મહા ઉત્તમ જાણી રત્નમય વાસણમાં ભરી લઈને ક્ષીરસમુદ્રમાં અતિ ભક્તિથી પધરાવે છે. કેટલોક કાળ ગયા પછી તપના પ્રભાવથી શુક્લધ્યાનના બળે ક્ષપક શ્રેણીમાં ઘાતિયાં કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે, ત્યારે અરિહંતપણું પ્રગટ થાય છે. કેવળજ્ઞાનરૂપ નેત્રથી ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળમાં અનુક્રમે થતી સર્વ દ્રવ્યોની અનંતાનંત પરિણતિ એક સમયમાં સર્વ સામટી જાણે છે, દેખે છે. ત્યારે ચારે નિકાયના દેવો જ્ઞાન કલ્યાણકની પૂજા, સ્તવન કરી ભગવાનના ઉપદેશને માટે અનેક રત્નમય સમવસરણ રચે છે. તે વિભૂતિનું વર્ણન કોણ કરી શકે?

પૃથ્વીથી પાંચ હજાર ધનુષ ઊંચે વીસ હજાર પગથિયા ચઢવાં પડે તેટલે ઊંચે ઇંદ્ર નીલમણિમય બાર યોજન ગોળ ભૂમિ રચે છે તેના ઉપર અપાર મહિમાવાળું સમવસરણ રચે છે. જ્યાં સમવસરણની રચના હોય છે, જ્યાં ભગવાન વિચરતા હોય છે ત્યાં આંધળા દેખતા થાય છે, બહેરા સાંભળવા લાગે છે, લૂલા ચાલવા લાગી જાય છે, બોબડા બોલવા લાગી જાય છે. વીતરાગનો અદ્‌ભુત મહિમા છે.

ધૂલિશાલ આદિ રત્નમય કોટ, માન સ્તંભ, વાવડીઓ, જળ ભરેલી ખાઈઓ, ફૂલવાડી, પછી રત્નમય કોટ, દરવાજા, નાટ્યશાળા, ઉપવન, વેદી, ભૂમિ, વળી કોટ, કલ્પવૃક્ષોનું વન, રત્નમય સ્તૂપ, મહેલોની ભૂમિ, વળી સ્ફટિકના કોટમાં દેવચ્છદ નામનો એક યોજનનો મંડપ, ચોતરફ બાર સભાઓ, તેની વચમાં ત્રણ કટની (ત્રિગડારૂપ) ગંધકુટીમાં સિંહાસન ઉપર ચાર આંગળ અધ્ધર (અંતરીક્ષ) વિરાજમાન ભગવાન અરિહંત છે. તેમની અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખમય વિભૂતિનો મહિમા કહેવાને ચાર જ્ઞાનના ધારક ગણધર પણ સમર્થ નથી તો અન્ય કોણ કહી શકે? સમવસરણની વિભૂતિ જ વચનને અગોચર છે.

ગંધકુટી, ત્રીજી કટની (ઉપરની ત્રીજી ભૂમિકા) ઉપર છે, ત્યાં બત્રીસ યુગલ દેવો મુગટ, કુંડળ, હાર, કડાં, ભુજબંધ આદિ સમસ્ત આભરણ પહેરીને ચોસઠ ચમર ઢોળી રહ્યા છે. ભગવાનની ઉપર કાંતિવાળાં ત્રણ છત્રો સૂર્ય, ચંદ્રની જ્યોતિને ઝાંખી કરતાં ઝળકી રહ્યાં છે. ભગવાનના દેહની કાંતિનું

પ્રકાશમય ચક્ર બની રહ્યું છે તેને પ્રભામંડળ કહે છે, તેથી સમવસરણમાં રાત્રિ દિવસનો ભેદ રહેતો નથી, સદા દિવસ જ હોય છે. ત્રણે લોકમાં બીજે ક્યાંય ન હોય તેવી મહા સુગંધવાળી ગંધકુટી ઉપર દેવોએ રચેલું અશોકવૃક્ષ જોતાં જ સર્વ લોકોનાં શોક નાશ પામી જાય છે. કલ્પવૃક્ષોનાં ફૂલની વર્ષા આકાશમાંથી થાય છે; આકાશમાં સાડાબાર કરોડ જાતનાં વાજાંનો એવો મધુર ધ્વનિ થાય છે કે તે સાંભળતાં જ ભૂખ, તરસ આદિ સર્વ રોગ, વેદના નાશ પામે છે. રત્નજડિત સિંહાસન સૂર્યના તેજને જીતે તેવું છે. જિનેન્દ્રની દિવ્ય ધ્વનિનો અદ્‌ભુત મહિમા ત્રણે લોકના જીવોને પરમ ઉપકારી અને મોહ-અંધકારનો નાશ કરનાર છે; સર્વ જીવો પોતપોતાની ભાષામાં શબ્દ અર્થ ગ્રહણ કરે છે. કોઈ જીવને ત્યાં સંશય રહેતો નથી. સ્વર્ગ અને મોક્ષનો માર્ગ પ્રગટ કહે છે. દિવ્ય ધ્વનિનો મહિમા વચન દ્વારાએ ઇંદ્રાદિ કે ગણધર પણ કહેવા સમર્થ નથી. સમવસરણમાં જાતિવિરોધી જીવોને વેર-વિરોધ રહેતાં નથી. સિંહ અને હાથી, વાઘ અને ગાય, બિલાડી ને ઉંદર ઇત્યાદિ જાતિવિરોધી જીવો વેર બુદ્ધિ છોડી પરસ્પર મિત્ર થાય છે. વીતરાગનો અદ્‌ભુત મહિમા છે. અસંખ્યાત દેવો જયજયકાર શબ્દ કરે છે, દેવોએ રચેલાં કળશ, ઝારી, દર્પણ, ધ્વજા, ઠવણી, છત્ર, ચમર, અને વીંઝણો એ આઠ અચેતન દ્રવ્યો પ્રભુની સમીપતા પામીને મંગળ દ્રવ્યો મનાય છે.

કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી દશ અતિશય પ્રગટ થાય છે. ચારે તરફ સો સો યોજન સુધીમાં દુકાળ ન પડે તે

સુભિક્ષતા. જમીનનો સ્પર્શ કરે નહીં અને આકાશમાં ગમન કરે છે. કોઈ પ્રાણીની ઘાત થતી નથી. ભોજનનો અભાવ, ઉપસર્ગનો અભાવ, અને ચાર મુખ સહિત ચતુર્મુખ દેખાવું, સર્વ વિદ્યાઓના સ્વામી, છાયારહિતપણું, અને આંખ પલકારો પણ મારે નહીં, નખ અને કેશ વધે નહીં, એ દશ અતિશયો ઘાતિયાં કર્મોના નાશથી પ્રગટ થાય છે.

તીર્થંકર પ્રકૃતિના પ્રભાવથી દેવોના બનાવેલા ચૌદ અતિશય પ્રગટે છે. અર્ધમાગધી ભાષા, સર્વ જનસમૂહમાં મૈત્રીભાવ, સર્વ ઋતુનાં ફળ ફૂલ પત્ર સહિત વૃક્ષ હોય છે. પૃથ્વી દર્પણ સમાન તૃણ, કાંટા અને ધૂળ રહિત હોય છે. શીતલ, મંદ, સુગંધી પવન વાય છે, સર્વ જીવોને આનંદ પ્રગટે છે. અનુકૂળ પવન, સુગંધી જળની વૃષ્ટિથી ભૂમિ ધૂળ રહિત હોય છે. ચરણ ધરે ત્યાં સાત આગળ, સાત પાછળ અને એક વચમાં એમ પંદર પંદર કરીને બસોપચીસ કમળ દેવ રચે છે. આકાશ અને દિશા નિર્મળ હોય છે. ચાર નિકાયના દેવોના જય જય શબ્દ, એક હજાર આરાવાળું— કિરણોવાળું, પોતાના પ્રકાશથી સૂર્યમંડળને પણ ઝાંખું પાડતું ધર્મચક્ર આગળ ચાલે છે. આઠ મંગળ દ્રવ્યો હોય છે. એ ચૌદ દેવના કરેલા અતિશયો પ્રગટે છે. ક્ષુધા, તરસ, જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, વિસ્મય, રાગ, દ્વેષ, મોહ, રતિ-અરતિ, ચિંતા, સ્વેદ, ખેદ, મદ અને નિદ્રા એ અઢાર દોષોથી રહિત એવા અરિહંતની વંદના, સ્તવના, ધ્યાન કરો.

આ અરિહંતભક્તિ સંસારસમુદ્રમાંથી તારનારી છે. તેનું નિરંતર ચિંતવન કરો. સુખકારક એવા અરિહંતનું સ્તવન

કરો. તેમનાં, ગુણને અનુસરતાં તો અનંત નામ છે. ભક્તિપૂર્ણ ઇંદ્રે ભગવાનનાં એક હજાર નામ સહિત સ્તવન કર્યું છે. થોડી શક્તિવાળા પણ પોતાની શક્તિ પ્રમાણે પૂજન, સ્તવન, નમસ્કાર, ધ્યાન કરો. સમ્યક્દર્શન અને અરિહંતભક્તિમાં નામભેદ છે પણ અર્થભેદ નથી. અરિહંતભક્તિ નરક આદિ ગતિનો નાશ કરનારી છે. આ ભક્તિનું પૂજન, સ્તવન કરી અર્ઘ ઉતારે છે તે દેવનાં સુખ પછી મનુષ્યનાં સુખ ભોગવીને અવિનાશી સુખના ધારક બની અક્ષય અવિનાશી સુખ પામે છે.

## ૧૧. આચાર્યભક્તિ ભાવના :–

આચાર્યભક્તિ એ જ ગુરુભક્તિ છે. ધન્યભાગ્ય જેનાં હોય તેને વીતરાગ ગુરુના ગુણોમાં અનુરાગ ઉત્પન્ન થાય છે. ધન્ય પુરુષો મસ્તક ઉપર સદ્‌ગુરુની આજ્ઞા ચઢાવે છે. આચાર્ય છે તે અનેક ગુણોની ખાણ છે. શ્રેષ્ઠ તપના ધારક છે. એમના ગુણ મનમાં ધારણ કરીને પૂજવા લાયક છે, અર્ઘ ઉતારવા લાયક છે, આગળ પુષ્પાંજલિ મૂકવા લાયક છે. એવી ભાવના કરવી કે આવા સદ્‌ગુરુના ચરણનું મને શરણ હો!

જે અનશનાદિ બાર પ્રકારનાં ઉજ્જ્વલ તપમાં ઉદ્યમ કરે છે, છ આવશ્યક ક્રિયામાં સાવધાન છે, પાંચ આચારના ધારક છે, દશ લક્ષણ ધર્મરૂપ તેમની પરિણતિ છે, મન, વચન, કાયાની ગુપ્તિવાળા છે, એ પ્રકારે છત્રીસ ગુણો સહિત આચાર્ય હોય છે.

સમ્યક્દર્શનાચારને નિર્દોષપણે તે ધારણ કરે છે. સમ્યક્ જ્ઞાનની શુદ્ધતા સહિત છે. તેર પ્રકારના ચારિત્ર (પાંચ

મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ)ની શુદ્ધતાના ધારક છે. તપશ્ચર્યામાં ઉત્સાહવાળા અને પોતાના વીર્યને નહીં ગોપવતાં બાવીસ પરિષહોને જીતવામાં સમર્થ છે. એવા પાંચ આચારના ધારક આચાર્ય ભગવંત છે.

અંતરંગ બહિરંગ ગ્રંથિથી રહિત નિર્ગ્રંથ-માર્ગમાં પ્રવર્તવા તે તત્પર છે. એક ઉપવાસ, બે, ત્રણ, પાંચ, પંદર કે માસોપવાસ કરવામાં તત્પર છે. નિર્જન વનમાં કે પર્વતોની ખીણો કે ગુફાઓમાં નિશ્ચલ શુભ ધ્યાનમાં નિરંતર મનને રાખે છે. શિષ્યોની યોગ્યતા સારી રીતે જાણી દીક્ષા દેવામાં અને શિક્ષા દેવામાં પ્રવીણ છે. યુક્તિથી નવ પ્રકારના નયને જાણનારા છે. પોતાની કાયા ઉપરથી મમતા છોડીને રાત્રિ દિવસ પ્રવર્તે છે. સંસારરૂપી કૂવામાં રખે પડી જવાય એવો ભય રાખે છે. મન વચન કાયાની શુદ્ધતા સહિત નાસિકાના અગ્રભાગ ઉપર જેમણે દૃષ્ટિ સ્થાપી છે એવા આચાર્યોને સાષ્ટાંગ નમસ્કાર પૂર્વક વંદના કરીએ છીએ. એવા આચાર્યોના ચરણોના સ્પર્શથી પવિત્ર થયેલી રજને આઠ દ્રવ્યો વડે પૂજવા યોગ્ય છે. આચાર્યભક્તિ સંસારપરિભ્રમણના ક્લેશરૂપ પીડાનો નાશ કરનારી છે.

આચાર્ય તો સમસ્ત ધર્મના નાયક છે. આચાર્યોને આધારે જ સર્વ ધર્મ રહ્યો છે.

મોટા રાજાઓના કે રાજાના મંત્રીના કે મોટા શેઠિયાઓના કુળમાં ઊપજ્યો હોય, જેનું સ્વરૂપ દેખતાં જ શાંત પરિણામ થઈ જાય એવા મનોહર રૂપના ધારક હોય, જેના ઉચ્ચ આચાર જગતમાં પ્રસિદ્ધ હોય, પૂર્વે ગૃહસ્થ અવસ્થામાં

પણ જેણે કદી હલકા આચાર કે નિંદ્ય વ્યવહાર આચર્યો ન હોય, છતી ભોગ-સંપદા છોડી જે વૈરાગ્ય પામ્યા હોય, લૌકિક વ્યવહાર અને પરમાર્થના જે જ્ઞાતા હોય, બુદ્ધિની પ્રબળતા અને ઉગ્ર તપના ધારક હોય, સંઘ અને અન્ય મુનીશ્વરોથી ન બની શકે તેવી તપશ્ચર્યા ધારણ કરનાર હોય, ઘણા કાળના દીક્ષિત હોય, ઘણો કાળ સદ્ગુરુનાં ચરણકમળ સેવ્યાં હોય, અતિશયવાળાં વચન હોય કે જેનું શ્રવણ કરતાં જ ધર્મમાં દૃઢતા, સંશયનો અભાવ તથા સંસાર, દેહ, ભોગ ઉપર દૃઢ વૈરાગ્ય થાય, સિદ્ધાંત સૂત્રના અર્થમાં પ્રવીણ હોય, ઇંદ્રિયોનું દમન કરીને આ લોક કે પરલોક સંબંધી ભોગવિલાસની લાલસા રહિત હોય, દેહાદિકમાં મમતા રહિત હોય, મહા ધીર હોય, ઉપસર્ગ પરિષહથી ચિત્ત કદી ચલાયમાન થતું ના હોય, (જો આચાર્ય જ ચળી જાય તો સઘળો સંઘ ભ્રષ્ટ થઈ જાય, ધર્મનો લોપ થઈ જાય,) સ્વમત તથા પરમતના જ્ઞાતા હોય, અનેકાંત વિદ્યામાં ક્રીડા કરનાર હોય, અન્યના પ્રશ્નોના કાયરતા રહિત તત્કાલ ઉત્તર દેનાર હોય, એકાંત પક્ષનું ખંડન કરીને સત્યાર્થ ધર્મનું સ્થાપન કરવાનું જેનામાં સામર્થ્ય હોય, ધર્મની પ્રભાવના કરવામાં ઉદ્યમી હોય, ગુરુની પાસે પ્રાયશ્ચિત્ત આદિ સૂત્ર ભણીને બત્રીસ ગુણોના ધારક થયા હોય તે સમસ્ત સંઘની સાક્ષીએ ગુરુએ આપેલું આચાર્યપદ પ્રાપ્ત કરવા યોગ્ય છે. આટલા ગુણોના ધારક હોય તેને જ આચાર્યપણું પ્રાપ્ત થાય છે. આટલા ગુણો વિના આચાર્ય થાય તો ધર્મતીર્થનો લોપ થઈ જાય, ઉન્માર્ગની પ્રવૃત્તિ થઈ જાય, સમસ્ત સંઘ સ્વેચ્છાચારી થઈ જાય, સૂત્રની પરિપાટી અને આચારની પરિપાટી તૂટી જાય.

આચાર્યપણાના બીજા આઠ ગુણ છે તેના ધારક આચાર્ય હોય છે. ૧. આચારવાન, ૨. આધારવાન, ૩. વ્યવહારવાન, ૪. પ્રકર્તા, ૫. અપાયોપાય વિદર્શી, ૬. અવપીડક, ૭. અપરિશ્રાવી અને ૮. નિર્યાપક આ આઠ ગુણ છે.

તેમાં પંચ પ્રકારે આચાર ધારણ કરે તેને આચારવાન કહે છે. (૧) જીવ આદિ જે તત્ત્વો વીતરાગ સર્વજ્ઞ ભગવાને દિવ્ય નિરાવરણ (કેવલ) જ્ઞાનથી પ્રત્યક્ષ દેખીને કહ્યાં છે તેમાં શ્રદ્ધારૂપ પરિણામ તે દર્શનાચાર છે. (૨) સ્વ-પર તત્ત્વોને નિર્બાધ આગમ અને આત્માનુભવ વડે જાણવારૂપ પ્રવૃત્તિ તે જ્ઞાનાચાર છે. (૩) હિંસાદિ પાંચ પાપોના અભાવરૂપ પ્રવૃત્તિ તે ચારિત્રાચાર છે. (૪) અંતરંગ-બહિરંગ તપમાં પ્રવૃત્તિ તે તપાચાર છે. (૫) પરિષહાદિ આવ્યે પોતાની શક્તિને નહીં છુપાવતાં ધીરતારૂપ પ્રવૃત્તિ તે વીર્યાચાર છે. તથા બીજા પણ દશ પ્રકારે સ્થિતકલ્પ આદિ આચાર તથા સમિતિગુપ્તિ આદિનું વર્ણન કરવાથી કથન બહુ વધી જાય. પાંચ પ્રકારના આચાર પોતે નિર્દોષપણે આચરે અને અન્ય શિષ્યોને આચરણ કરાવવામાં ઉદ્યમી હોય તે આચાર્ય છે. પોતે હીન આચારવાન હોય તો શિષ્યોને શુદ્ધ આચરણ ન કરાવી શકે. હીન આચારવાન હોય તે આહાર, વિહાર, ઉપકરણ, વસતિકા-સ્થાન અશુદ્ધ ગ્રહણ કરાવી દે. પોતે જ હીન આચારવાળા હોય તો શુદ્ધ ઉપદેશ ના કરી શકે, તેથી આચાર્ય આચારવાન જ હોય.

જેને જિનેન્દ્રે પ્રરૂપેલા ચાર અનુયોગનો આધાર હોય, સ્યાદ્વાદ વિદ્યાના જે પારગામી હોય, શબ્દવિદ્યા, ન્યાયવિદ્યા,

સિદ્ધાંતવિદ્યાના પારગામી હોય, પ્રમાણ નય નિક્ષેપો વડે, સ્વાનુભવ વડે ભલી રીતે જેણે તત્ત્વોનો નિર્ણય કર્યો હોય તે આધારવાન છે. જેને શ્રુતનો આધાર નથી તે શિષ્યોના સંશય તથા એકાંતરૂપ હઠ તથા મિથ્યા આચરણનું નિરાકરણ કરી શકે નહીં.

અનંતાનંત કાળથી પરિભ્રમણ કરતા જીવને મનુષ્યભવ પામવો અતિ દુર્લભ છે, તેમાં પણ ઉત્તમ દેશ, જાતિ, કુળ, ઇંદ્રિયપૂર્ણતા, દીર્ઘ આયુષ્ય, સત્સંગતિ, શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ એ ઉત્તરોત્તર દુર્લભ સંયોગો પામવા કઠણ છે.

અલ્પજ્ઞાની ગુરુની પાસે રહેનારા શિષ્યને યથાર્થ ઉપદેશ નહીં મળવાથી પોતાના યથાર્થ સ્વરૂપની પ્રાપ્તિ નહીં થવાથી સંશય રહી જાય; મોક્ષમાર્ગને અતિ દૂર કે અતિ કઠિન જાણી રત્નત્રય માર્ગથી ચળી જાય, સત્યાર્થ ઉપદેશ વિના વિષય કષાયોમાં ફસાઈ રહેલા મનને તેમાંથી મુક્ત કરવા તે સમર્થ ન થાય કે રોગથી ઉત્પન્ન થયેલી વેદના કે ઘોર ઉપસર્ગ પરિષહોને લીધે પરિણામ ચળી જાય ત્યારે શ્રુતના અતિશયરૂપ ઉપદેશ વિના પરિણામ સ્થિર કરવા કોઈ સમર્થ નથી. મરણ આવી પહોંચે ત્યારે સંન્યાસ (સંથારો-આહારત્યાગ) ના અવસરે આહાર પાણીના ત્યાગનો અવસર, દેશ, કાળ, મદદ કરનાર, સામર્થ્યના ક્રમને જાણ્યા વિના શિષ્યનાં પરિણામ ચળી જાય, વા આર્ત્તધ્યાન થઈ જાય તો સુગતિ બગડી જાય, ધર્મનો અપવાદ થાય, અન્ય મુનિજન ધર્મમાં શિથિલ થઈ જાય તો મહા અનર્થ થાય. આ મનુષ્ય આહારમય છે, આહારથી જીવે છે, આહારની જ નિરંતર

વાંછા કરે છે. પણ જ્યારે રોગના કારણથી તથા ત્યાગ કરવાથી આહાર છૂટી જાય ત્યારે દુઃખને લીધે જ્ઞાન ચારિત્રમાં શિથિલ થઈને ધર્મધ્યાનથી રહિત થઈ જાય તો બહુશ્રુત ગુરુ એવો ઉપદેશ કરે કે જેથી ક્ષુધા, તૃષા, રોગ આદિની વેદનાવાળા શિષ્યને ધર્મના ઉપદેશરૂપ અમૃતનાં પાન તથા શિક્ષારૂપ ભોજન વડે તે વેદના રહિત થાય. બહુશ્રુત-ધારકના આધાર વિના ધર્મ રહે નહીં તેથી આધારવાન આચાર્ય હોય તેનું જ શરણ ગ્રહણ કરવું યોગ્ય છે.

શિષ્ય વેદનાથી પીડાતો હોય ત્યારે તેના હાથ, પગ, માથું દાબવા વગેરે વડે તથા મીઠાં વચન કહેવા વડે દુઃખ દૂર કરે. પૂર્વે જે અનેક સાધુઓએ ઘોર પરિષહ સહન કરીને આત્મકલ્યાણ કર્યું છે, તેમની કથા કહીને તથા દેહથી ભિન્ન આત્માનો અનુભવ કરાવીને વેદના રહિત કરે. ''હે મુનિ! આ વખતે દુઃખમાં ધીરજ ધારણ કરો. સંસારમાં કોને કોને દુઃખ આવી નથી પડ્યાં અને કોણે ન ભોગવ્યાં? વીતરાગનું શરણ ગ્રહણ કરશો તો દુઃખનો નાશ કરી કલ્યાણ પામશો'' ઇત્યાદિ ઘણા પ્રકારે કહીને માર્ગથી ચળવા ન દે તેથી આધારવાન ગુરુનું જ શરણ કરવા યોગ્ય છે.

જે વ્યવહાર પ્રાયશ્ચિત્તસૂત્રના જ્ઞાતા હોય. એટલે પ્રાયશ્ચિત્તસૂત્ર આચાર્ય થવા યોગ્ય હોય તેને જ ભણાવે છે. બીજાને ભણવા યોગ્ય નથી. જે જિન આગમના જ્ઞાતા અને મહા ધૈર્યવાન પ્રબળ બુદ્ધિના ધારક હોય તે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ક્રિયા, પરિણામ, ઉત્સાહ, સંહનન, પર્યાય (દીક્ષાનો

કાળ) અને શાસ્ત્રજ્ઞાન, પુરુષાર્થ આદિ સારી રીતે જાણી, રાગ-દ્વેષ રહિત થઈને પ્રાયશ્ચિત્ત આપે છે. જેનામાં એવી પ્રવીણતા હોય કે આને આવું પ્રાયશ્ચિત્ત આપવાથી એનાં પરિણામ ઉજ્જ્વળ થશે અને દોષનો અભાવ થશે, વ્રતોમાં દૃઢતા થશે એમ જાણતો હોય. જેને આહારની યોગ્યતા-અયોગ્યતાનું જ્ઞાન હોય, આ ક્ષેત્રમાં આવું પ્રાયશ્ચિત્ત પાળી શકાય કે આ ક્ષેત્રમાં આ ન પાળી શકાય? આ ક્ષેત્રમાં વાત, પિત્ત, કફ, શીત કે ઉષ્ણતાની અધિકતા છે, હીનતા છે કે સમપણું છે? આ ક્ષેત્રમાં મિથ્યાદૃષ્ટિઓ વધારે છે કે ઓછા છે? ધર્માત્માઓ વધારે છે કે ઓછા છે? પ્રાયશ્ચિત્ત પળશે કે નહીં? સંઘયણની હીનતા છે કે અધિકતા છે? બળ વધારે છે કે ઓછું છે? આ ઘણા કાળનો દીક્ષિત છે કે નવીન દીક્ષા લીધેલો છે? સહનશીલ છે કે કાયર છે? બાળ, યુવાન કે વૃદ્ધ અવસ્થા છે? આગમનો જાણકાર છે કે મંદજ્ઞાની છે? પુરુષાર્થી છે કે આળસુ છે? ઇત્યાદિ માહિતી મેળવીને એવું પ્રાયશ્ચિત્ત આપે કે ફરી દોષરૂપ આચરણ ન કરે, પહેલાં કરેલો દોષ દૂર થાય તે પ્રમાણે સૂત્રને અનુકૂળ પ્રાયશ્ચિત્ત દે.

જે ગુરુની પાસે પ્રાયશ્ચિત્તસૂત્ર શબ્દ, અર્થ સહિત ભણ્યો ન હોય અને બીજાને પ્રાયશ્ચિત્ત આપે છે તે સંસારરૂપ કાદવમાં ડૂબે છે, અપયશ પ્રાપ્ત કરે છે તથા ઉન્માર્ગનો ઉપદેશ કરી, સમ્યક્માર્ગનો નાશ કરી મિથ્યાદૃષ્ટિ થાય છે.

જે આટલા ગુણના ધારક હોય તેને પ્રાયશ્ચિત્તસૂત્ર ભણાવીને ગુરુ પોતાનું આચાર્યપદ તેને આપે છે. જે મહા

કુળમાં ઊપજેલો હોય, વ્યવહાર પરમાર્થને જાણતો હોય, જેણે કોઈ વખતે પોતાના મૂળ ગુણોમાં અતિચાર લાગવા દીધો ન હોય, ચારે અનુયોગરૂપ સમુદ્રના પારગામી હોય, ધૈર્યવાન હોય, પરિષહ જીતવામાં સમર્થ હોય, દેવોના કરેલા ઉપસર્ગથી પણ ચલાયમાન ન થાય એવા હોય, વક્તાપણાની શક્તિવાળા હોય, વાદી પ્રતિવાદીઓને જીતવામાં સમર્થ હોય, વિષયોથી અત્યંત વિરક્ત હોય, ઘણા વખત સુધી ગુરુકુળ સેવ્યું હોય, સર્વ સંઘને માન્ય હોય, પહેલેથી સમસ્ત સંઘ જેની આચાર્ય-પદની યોગ્યતા જાણતા હોય, તે જ ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્ત-સૂત્રનો જ્ઞાતા થઈને આચાર્યપણું પામવા યોગ્ય છે. તે પ્રાયશ્ચિત્ત દઈ શકે છે. જેવી રીતે ઊંટવૈદ્ય દેશ, કાળ, પ્રકૃતિ આદિ જાણતો નથી તે રોગીને મારે છે, તેવી રીતે ઉપર જણાવ્યા તેવા ગુણો વિનાનો વ્યવહાર સૂત્ર રહિત આચાર્ય મૂઢ ગણાય છે.

સંઘમાં કોઈ રોગી હોય, વૃદ્ધ હોય, અશક્ત હોય, બાળ હોય કે કોઈએ સંન્યાસ (સંથારો=મરણ વખતની વિધિ) ગ્રહણ કર્યો હોય તેની સેવા-ચાકરી માટે નીમેલા જે મુનિ હોય તે તો વૈયાવૃત્ય (સેવા) કરે જ. પરંતુ આચાર્ય પોતે પણ સંઘના મુનીશ્વરોમાંથી કોઈ અશક્ત થઈ જાય તેને ઉઠાડવાનું, બેસાડવાનું, સુવાડવાનું, મળમૂત્ર કફ વગેરે તથા લોહી પાચ વગેરે શરીરથી દૂર કરવાનું, ધોવાનું, પ્રાસુક ભૂમિમાં લઈ જઈને સ્થાપવાનું (પરઠવવાનું), ધર્મોપદેશ દેવાનું, ધર્મ ગ્રહણ કરાવવાનું, ઇત્યાદિ કામ-સેવા આદરપૂર્વક ભક્તિ સહિત કરે. તે દેખીને સમસ્ત સંઘના મુનિ વૈયાવૃત્ત્યમાં તત્પર થઈને

વિચારે કે અહો! ધન્ય છે આ ગુરુ ભગવાન પરમેષ્ઠી કરુણાનિધાનને! આ ધર્માત્મામાં કેટલો વાત્સલ્યભાવ છે! અમે મહા નિંદ્ય છીએ કે આળસુ થઈ રહ્યા છીએ, અમે હાજર હોવા છતાં એ સેવા કરે છે. એવા અમારા પ્રમાદીપણાને ધિક્કાર હો! આ બંધનું કારણ છે. આમ વિચારીને સમસ્ત સંઘ વૈયાવૃત્ત્યમાં ઉદ્યમી થઈ જાય છે.

જો આચાર્ય પોતે પ્રમાદી હોય તો સકલ સંઘ વાત્સલ્ય રહિત થઈ જાય. તેથી આચાર્યનો કર્તૃત્વગુણ મુખ્ય છે. સમસ્ત સંઘની વૈયાવૃત્ત્ય (સેવા) કરવા જે સમર્થ હોય તે આચાર્ય થાય છે. કોઈ હીણાચારી હોય તેને શુદ્ધ આચરણ ગ્રહણ કરાવે, કોઈ મંદજ્ઞાની હોય તેને સમજાવીને ચારિત્રમાં લગાડે, કોઈને પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરે, કોઈને ધર્મોપદેશ દઈને દૃઢતા કરાવે. ધન્ય છે એ આચાર્યને કે જે શરણે આવ્યો તેને મોક્ષમાર્ગમાં લગાડી તેનો ઉદ્ધાર કરે છે! તેથી આચાર્યનો પ્રકર્તા નામનો ગુણ મુખ્ય છે.

પાંચમો ગુણ અપાયોપાય વિદર્શી નામનો છે. કોઈ સાધુ ભૂખ, તરસ, રોગની વેદનાથી પીડાતાં ક્લેશિત પરિણામરૂપ થઈ જાય તથા તીવ્ર રાગદ્વેષરૂપ પરિણામવાળો થઈ જાય અને લજ્જાથી કે ભયથી યથાતથ્ય આલોચના કરે નહીં (આચાર્યને બધા દોષ થયા હોય તે પ્રકારે ન કહે), રત્નત્રયમાં ઉત્સાહરહિત થઈ જાય, ધર્મમાં શિથિલ થઈ જાય, તો તેને અપાય એટલે રત્નત્રયના નાશરૂપ દોષ અને ઉપાય એટલે રત્નત્રયની રક્ષારૂપ ગુણ એ પ્રકારે જણાવે કે રત્નત્રયનો નાશ થવાથી કંપાયમાન

થઈ, રત્નત્રયના નાશથી પોતાનો નાશ અને નરકાદિ કુગતિમાં પતન સાક્ષાત્ માને, અને રત્નત્રયની રક્ષાથી જ સંસારમાંથી ઉદ્ધાર થવો જાણે. અનંત સુખની પ્રાપ્તિ ઉપદેશ વડે સાક્ષાત્ દેખાડી દે. એવું ઉપદેશનું બળ જેમાં હોય તે અપાયોપાય વિદર્શી નામના ગુણના ધારક આચાર્ય હોય છે. અહીં ઉપદેશ કહી દેખાડવાથી વિસ્તાર વધી જાય તેથી લખ્યો નથી.

હવે અવપીડક નામનો છઠ્ઠો ગુણ કહે છે. કોઈ મુનિ રત્નત્રય ધાર્યા છતાં લજ્જાથી, ભયથી, અભિમાન-ગૌરવ આદિથી પોતાની આલોચના યથાવત્ શુદ્ધ ન કરે તો આચાર્ય તેને સ્નેહભરી, કાનને પ્રિય અને હૃદયમાં પ્રવેશ કરે તેવી શિખામણ દે કે "હે મુનિ! બહુ દુર્લભ એવા રત્નત્રયના લાભનો માયાચાર વડે નાશ ન કરો, માતા પિતા જેવા ગુરુની આગળ પોતાનો દોષ કહી દેખાડતાં શરમ ના રાખો. વાત્સલ્ય ગુણવાળા ગુરુ પણ પોતાના શિષ્યના દોષ પ્રગટ કરીને શિષ્યનો અને ધર્મનો અપવાદ ન કરાવે તેથી શલ્ય દૂર કરી આલોચના કરો. જેવી રીતે રત્નત્રયની શુદ્ધતા અને તપશ્ચરણનો નિર્વાહ થશે તે પ્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને તમને પ્રાયશ્ચિત્ત અપાશે, તેથી ભય તજી આલોચના નિર્દોષ કરો." આવાં સ્નેહરૂપ વચનો વડે પણ જો માયાશલ્ય ન તજે તો તેજના ધારક આચાર્ય શિષ્યનું શલ્ય બળાત્કારે કાઢે છે. જ્યારે આચાર્ય શિષ્યને પૂછે છે કે હે મુનિ! આ દોષ આ જ પ્રકારે છે? સાચું કહો. ત્યારે તેના તેજતપના પ્રભાવથી જેવી રીતે સિંહને દેખતાં જ શિયાળ ખાધેલા માંસને તત્કાળ બહાર ઓકી કાઢે છે, તથા જેવી રીતે મહા પ્રચંડ

તેજસ્વી રાજા અપરાધીને પૂછે ત્યારે તત્કાળ સત્ય કહી દે છે, તેવી રીતે શિષ્ય પણ માયાશલ્ય છોડી દે છે. તેમ છતાં જો શિષ્ય માયાચાર ન છોડે તો ગુરુ તિરસ્કારનાં વચન પણ કહે કે "હે મુનિ! અમારા સંઘમાંથી નીકળી જાઓ. અમારું તમારે શું પ્રયોજન છે? જેને પોતાના શરીર આદિનો મેલ ધોવો હશે તે નિર્મળ જળથી ભરેલા સરોવર પાસે જશે; જેને પોતાનો મહા રોગ મટાડવો હશે તે પ્રવીણ વૈદ્યની પાસે જશે; તેવી રીતે જેને રત્નત્રયરૂપ પરમ ધર્મના અતિચાર દૂર કરી ઉજ્જ્વળતા કરવી હશે તે ગુરુનો આશ્રય કરશે. તમારે રત્નત્રયની શુદ્ધિ કરવાની ગરજ નથી તો આ મુનિપણું, વ્રત ધરવાં, નગ્ન રહેવું, ભૂખ આદિ પરિષહ સહન કરવા એ બધી વિટંબણા વડે શું સાધવું છે? સંવર નિર્જરા તો કષાયને જીતવાથી થાય છે. માયાકષાયનો જ ત્યાગ ન કર્યો તો વ્રત, સંયમ, મૌન ધારણ સર્વ વૃથા છે. માયાચારીનું નગ્નપણું પણ વૃથા છે. પરિષહ સહન કરવાપણું પણ વૃથા છે. તિર્યંચ પણ પરિગ્રહ રહિત અને નગ્ન રહે છે. તેથી તમે દુર્ભવ્ય છો. અમારા વંદન યોગ્ય નથી. તમારાં પરિણામ એવાં છે કે અમારો દોષ પ્રગટ થાય તો અમે નિંદાને પાત્ર થઈ જઈએ, અમારી મોટાઈ ઘટી જાય; એવું માનવું એ તો બંધનું કારણ છે. સાધુ તો સ્તુતિ કે નિંદામાં સમાન પરિણામી હોય છે." આવાં કઠોર વચન કહીને પણ માયાચાર આદિનો અભાવ કરાવે એવા આચાર્ય હોય છે.

અવપીડક આચાર્ય ઉપસર્ગ-પરિષહ આવ્યે કાયર થઈ જાય નહીં એવા બળવાન હોય, પ્રતાપવાન હોય. જેનું વચન

કોઈ ઉલ્લંઘન કરી શકે નહીં એવા પ્રભાવવાળા હોય. જેને દેખતાં જ દોષવાળા સાધુ કંપવા લાગે, જેને મોટા મોટા વિદ્યા ધારણ કરનારા નમ્રભાવે નમસ્કાર કરે એવા તેજસ્વી હોય. જેમની ઉજ્જ્વળ કીર્તિ પ્રખ્યાત હોય, જેમની કીર્તિ સાંભળતાં જ જેમના ગુણોમાં દૃઢ શ્રદ્ધા થઈ જાય, વગર દેખ્યે જેનાં વચન જગતમાં દૂર દેશોમાં પણ લોકો પ્રમાણ કરે એવા હોય. સિંહના જેવા નિર્ભય હોય. એવા અવપીડક ગુણના ધારક આચાર્ય—ગુરુ હોય છે. તે જેમ શિષ્યનું હિત થાય તેમ માતાની પેઠે ઉપકાર કરે છે. જેમ બાળકનું હિત ચિંતવતી માતા રડતા બાળકને પણ દાબીને મોઢું ફાડીને બળાત્કારે ઘી, દૂધ, દવા આદિ પાય છે તેમ શિષ્યનું હિત ચિંતવતા આચાર્ય પણ માયાશલ્ય સહિત ક્ષપક (સમાધિમરણના ઇચ્છક)ના બળાત્કારે દોષ દૂર કરે છે. અને કડવી દવાની પેઠે પરિણામ હિતકારી આવે છે. જે મોઢે મીઠું બોલે અને શિષ્યોના દોષો છોડાવે નહીં તે હિતકારી સારા ગુરુ નથી. જે પોતાના આચરણથી સારો માર્ગ બતાવીને તેમજ શિક્ષા કરીને પણ દોષો મુકાવે તે ગુરુ પૂજવા યોગ્ય છે. તેથી અવપીડક ગુણના ધારક જ આચાર્ય હોય છે.

અપરિસ્રાવી ગુણ વિષે કહે છે. શિષ્ય ગુરુને જે દોષ આલોચનામાં કહે છે, તે દોષ ગુરુ બીજા કોઈની આગળ પ્રગટ કરે નહીં. જેવી રીતે લોઢું તપાવી તેને પાણી પાયું તે પાણી બહાર પ્રગટ થતું નથી, તેવી રીતે શિષ્યે કહેલો દોષ આચાર્ય પણ કોઈને જણાવતા નથી. શિષ્ય તો ગુરુ ઉપર વિશ્વાસ આણીને કહે અને જો ગુરુ શિષ્યના દોષ પ્રગટ કરે, અન્યને

જણાવે તો એ ગુરુ નથી પણ અધમ છે, વિશ્વાસઘાતી છે. કોઈ શિષ્ય પોતાના દોષની પ્રગટતા જાણી દુ:ખી થઈને આપઘાત કરે છે; ક્રોધમાં આવી જઈ રત્નત્રયનો ત્યાગ કરે છે. ગુરુની દુષ્ટતા જાણી બીજા સંઘમાં જાય. જેવી રીતે મારી અવજ્ઞા (અપમાન) કરી તેવી રીતે તમારી પણ અવજ્ઞા કરશે એમ બધા સંઘમાં જાહેર કરે છે. એટલે સમસ્ત સંઘ આચાર્યની પ્રતીતિ રહિત થઈ જાય, આચાર્ય સર્વને તજવા લાયક લાગે, ઇત્યાદિ બહુ દોષો લાગે છે. તેથી અપરિશ્રાવી ગુણધારક આચાર્યપદ યોગ્ય છે.

જેવી રીતે નાવિક (ખારવા) નાવને સર્વ ઉપદ્રવોને ટાળી પાર ઉતારીને લઈ જાય છે તેવી રીતે જે આચાર્ય પણ શિષ્યને અનેક વિઘ્નોમાંથી બચાવીને સંસારસમુદ્રમાંથી પેલે પાર લઈ જાય તે નિર્યાપક છે.

આ રીતે ૧. આચારવાન, ૨. આધારવાન, ૩. વ્યવહારવાન, ૪. પ્રકર્ત્તા, ૫. અપાયોપાય વિદર્શી, ૬. અવપીડક, ૭. અપરિશ્રાવી, ૮. નિર્યાપક. આ આચાર્યના આઠ ગુણો ધારણ કરનારાના ગુણોમાં અનુરાગ તે આચાર્યભક્તિ છે. આવા આચાર્યના ગુણોનું સ્મરણ કરીને આચાર્યનું સ્તવન, વંદન કરતો જે પુરુષ અર્ઘ ઉતારે છે તે પાપરૂપ સંસારપ્રવાહનો નાશ કરી અક્ષય સુખ પામે છે એમ વીતરાગ ગુરુ કહે છે.

## ૧૨. બહુશ્રુતભક્તિ ભાવના :–

અંગ, પૂર્વ આદિના જ્ઞાતા, ચાર અનુયોગના પારગામી, પોતે નિરંતર પરમાગમને ભણે, અને અન્ય શિષ્યોને ભણાવે તે બહુશ્રુતી છે. જેમને શ્રુતજ્ઞાનરૂપ દિવ્ય નેત્ર છે, પોતાનું અને

પરનું હિત કરવામાં પ્રવર્તે છે, જિન સિદ્ધાંત અને અન્ય એકાંત મતવાળાનાં સિદ્ધાંતોને વિસ્તારથી જાણનારા તથા સ્યાદ્‌વાદરૂપ પરમ વિદ્યાના ધારક છે તેની જે ભક્તિ તે બહુશ્રુતભક્તિ છે. બહુશ્રુતજ્ઞાનીનો મહિમા કહેવાને કોણ સમર્થ છે? જે નિરંતર શ્રુતજ્ઞાનનું દાન કરે છે એવા ઉપાધ્યાય ભગવંતની ભક્તિ વિનય સહિત કરે છે તે શાસ્ત્રરૂપ સમુદ્રના પારગામી થાય છે. જે જિનેંદ્ર ભગવાને પ્રરૂપેલાં અંગ, પૂર્વ, પ્રકીર્ણક આદિ સમસ્ત જિનાગમનો નિરંતર અભ્યાસ કરે છે, કરાવે છે તે બહુશ્રુતજ્ઞાની છે.

૧. પ્રથમ આચારાંગના અઢાર હજાર પદો વિષે મુનિ-ધર્મનું વર્ણન છે. ૨. સૂત્રકૃતાંગનાં છત્રીસ હજાર પદોમાં જિનેંદ્રના કહેલા શ્રુતનું આરાધન કરવાના વિનયની ક્રિયાઓનું વર્ણન છે. ૩. સ્થાનાંગનાં બેંતાળીસ હજાર પદોમાં છ દ્રવ્યોનાં એક આદિ અનેક સ્થાનોનું વર્ણન છે. ૪. સમવાયાંગનાં એક લાખ ચોસઠ હજાર પદોમાં જીવાદિ પદાર્થોના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને આશ્રયે સમાનતાનું વર્ણન છે. ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) અંગનાં બે લાખ અઠ્ઠાવીસ હજાર પદોમાં જીવના અસ્તિત્વ નાસ્તિત્વ આદિ વિષે ગણધરોએ કરેલાં સાઠ હજાર પ્રશ્નોનું વર્ણન છે. ૬. જ્ઞાતૃધર્મકથાંગનાં પાંચ લાખ છપ્પન હજાર પદોમાં ગણધરોએ પૂછેલા પ્રશ્નોને અનુસરીને જીવાદિકના સ્વભાવનું (કથાઓ દ્વારા) વર્ણન છે. ૭. ઉપાસકા-ધ્યયન અંગના અગિયાર લાખ સિત્તેર હજાર પદોમાં શ્રાવકનાં વ્રત, શીલ, આચાર, ક્રિયાનું તથા તેના મંત્રોનું વર્ણન છે. ૮. અંતકૃતદશાંગનાં ત્રેવીસ લાખ અઠ્ઠાવીસ હજાર પદોમાં એક

એક તીર્થંકરના તીર્થમાં દશ દશ મુનીશ્વરો ઉપસર્ગસહિત નિર્વાણ પામ્યા છે તેમનું કથન છે. **૯.** અનુત્તરોપપાદક-દશાંગના બાણું લાખ ચૂંવાળીસ હજાર પદોમાં એક એક તીર્થંકરના તીર્થમાં દશ દશ મુનીશ્વરો મહા ભયંકર ઘોર ઉપસર્ગ સહિત દેવોની પૂજા પામીને વિજયાદિ અનુત્તર વિમાનોમાં ઊપજે છે તેમનું વર્ણન કર્યું છે. **૧૦.** પ્રશ્ન-વ્યાકરણ અંગના ત્રાણું લાખ સોળ હજાર પદોમાં નષ્ટ, મુષ્ટિ, લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવન, મરણ આદિ પ્રશ્નોનું વર્ણન છે. **૧૧.** વિપાકસૂત્રાંગનાં એક કરોડ ચોરાસી લાખ પદોમાં કર્મોનો ઉદય, ઉદીરણા, સત્તાનું વર્ણન છે અને **૧૨.** દૃષ્ટિવાદ નામના બારમા અંગના પાંચ ભેદ છે– પરિકર્મ, સૂત્ર, પ્રથમાનુયોગ, પૂર્વ અને ચૂલિકા.

**(૧)** પરિકર્મના પણ પાંચ ભેદ છે. ૧. ચંદ્રપ્રજ્ઞપ્તિનાં છ લાખ, પાંચ હજાર પદોમાં ચંદ્રમાનું આયુષ્ય, ગતિ અને કલાની હાનિવૃદ્ધિ અને દેવીનો વૈભવ, પરિવાર આદિનું વર્ણન છે. ૨. સૂર્યપ્રજ્ઞપ્તિનાં પાંચ લાખ ત્રણ હજાર પદોમાં સૂર્યનું આયુષ્ય, ગતિ, વૈભવ વગેરેનું વર્ણન છે. ૩. જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિનાં ત્રણ લાખ પચીસ હજાર પદોમાં જંબુદ્વીપ સંબંધી ક્ષેત્ર, કુલાચલ, દ્રહ, નદી ઇત્યાદિનું નિરૂપણ છે. ૪. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિનાં બાવન લાખ છત્રીસ હજાર પદોમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રોનું, મધ્યલોકનાં જિનભવનોનું અને ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક દેવોના નિવાસોનું વર્ણન છે. ૫. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિનાં ચોરાસી લાખ છપ્પન હજાર પદોમાં જીવ પુદ્‌ગલ આદિ દ્રવ્યોનું નિરૂપણ છે. આ પ્રકારે પાંચ ભેદે પરિકર્મ નામે બારમા અંગનો પ્રથમ ભેદ છે.

(૨) દૃષ્ટિવાદ અંગનો બીજો ભેદ સૂત્ર છે, તેના અઠ્ઠ્યાસી લાખ પદોમાં જીવ અસ્તિરૂપ જ છે, નાસ્તિરૂપ જ છે, કર્તા જ છે, ભોક્તા જ છે ઇત્યાદિ એકાંતવાદીઓએ કલ્પેલા જીવના સ્વરૂપનું વર્ણન છે.

(૩) પ્રથમાનુયોગનાં પાંચ હજાર પદોમાં ત્રેસઠ મહા પુરુષોનાં ચરિત્રોનું વર્ણન છે.

(૪) દૃષ્ટિવાદ અંગના ચોથા ભેદમાં ચૌદ પૂર્વ છે.

૧. ઉત્પાદ પૂર્વનાં એક કરોડ પદોમાં જીવાદિ દ્રવ્યોના ઉત્પાદ આદિ સ્વભાવનું નિરૂપણ છે. ૨. અગ્રાયણી પૂર્વનાં છન્નું લાખ પદોમાં દ્વાદશાંગના સારભૂત સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્યો, સાત સો સુનય-દુર્નયાદિનું સ્વરૂપ વર્ણવ્યું છે. ૩. વીર્યાનુવાદનાં સિત્તેર લાખ પદોમાં આત્મવીર્ય, પરવીર્ય, કામવીર્ય, કાલવીર્ય, ભાવવીર્ય, તપોવીર્ય આદિ સમસ્ત દ્રવ્ય ગુણ પર્યાયોના વીર્યનું નિરૂપણ કર્યું છે. ૪. અસ્તિ-નાસ્તિ-પ્રવાદ પૂર્વનાં સાઠ લાખ પદોમાં જીવાદિ દ્રવ્યોનું સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિત્વ અને પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિત્વ ઇત્યાદિ સપ્તભંગ આદિ તથા નિત્ય-અનિત્ય, એક-અનેક આદિનું વિરોધ રહિત વર્ણન છે. ૫. જ્ઞાનપ્રવાદ પૂર્વનાં નવાણું લાખ નવાણું હજાર નવ સો નવાણું પદોમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ પાંચ જ્ઞાન અને કુમતિ, કુશ્રુત અને વિભંગ એ ત્રણ અજ્ઞાન એ આઠેનું સ્વરૂપ, સંખ્યા, વિષય, ફલને આશ્રયે પ્રમાણપણાનું, અપ્રમાણપણાનું વર્ણન છે. ૬. સત્યપ્રવાદ પૂર્વનાં એક કરોડ અને છ પદોમાં વચન ગુપ્તિ, વચનના સંસ્કારનાં કારણ, બાર

ભાષા, વક્તાઓના ભેદ, અનેક પ્રકારે અસત્ય તથા દશ પ્રકારે સત્યનું વર્ણન છે. ૭. આત્મપ્રવાદ પૂર્વનાં છવ્વીસ કરોડ પદોમાં આત્મા જીવ છે, કર્તા છે, ભોક્તા છે, પ્રાણી છે, વક્તા છે, પુદ્‌ગલ છે, વેદ છે, વિષ્ણુ છે, સ્વયંભૂ છે, શરીર છે, માનવ છે, સક્ત છે, જંતુ છે, માની છે, માયી છે, યોગી છે, સંકુટ છે, અસંકુટ છે અને ક્ષેત્રજ્ઞ છે ઇત્યાદિ સ્વરૂપનું વર્ણન છે. ૮. કર્મપ્રવાદ પૂર્વનાં એક કરોડ અને એંશી લાખ પદોમાં કર્મોનો બંધ, ઉદય, ઉદીરણા, સત્ત્વ, ઉત્કર્ષણ, ઉપશમન, સંક્રમણની વિધિ, નિકાચિત આદિ અવસ્થા અને ઇર્યાપથ, તપસ્યા, અધઃકર્મ આદિનું વર્ણન છે. ૯. પ્રત્યાખ્યાન પૂર્વનાં ચોરાશી લાખ પદોમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવોને આશ્રયે પુરુષોનું સંહનન અને બળ આદિને અનુસરીને પ્રામાણિક (અમુક મુદતનો) કાળ કે અપ્રામાણિક (મુદત રહિત) કાળ માટેનો ત્યાગ અને પાપ સહિત વસ્તુથી ભિન્ન થવું, ઉપવાસની વિધિ, ઉપવાસની ભાવના અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનું વર્ણન છે. ૧૦. વિદ્યાનુવાદ પૂર્વનાં એક કરોડ દશ લાખ પદોમાં અંગુષ્ટપ્રસેનાદિ સાત સો અલ્પ વિદ્યાઓ અને રોહિણી આદિ પાંચ સો મહા વિદ્યાઓના સ્વરૂપનું, સામર્થ્યનું, તેનાં સાધન, મંત્ર, તંત્ર અને પૂજા વિધાન, સિદ્ધ થયે થતા ફળનું અને અંતરિક્ષ, ભૌમ, અંગ, સ્વર, સ્વપ્ન, લક્ષણ, વ્યંજન, અને છિન્ન એ આઠ પ્રકારના નિમિત્તજ્ઞાનનું વર્ણન છે. ૧૧. કલ્યાણાનુવાદ પૂર્વનાં છવ્વીસ કરોડ પદોમાં તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવના ગર્ભકલ્યાણક આદિ મહા ઉત્સવોનું તથા તે પદવીઓનું કારણ સોળ કારણભાવના અથવા

તપવિશેષ આચરણ આદિનું તેમજ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રોની ગતિ તથા ગ્રહણ, શુકન આદિના ફળનું વર્ણન છે. ૧૨. પ્રાણવાદ પૂર્વનાં તેર કરોડ પદોમાં શરીરની ચિકિત્સા (દાક્તરી તપાસ), અષ્ટાંગ આયુર્વેદ એટલે વૈદ્યવિદ્યા, ભૂત આદિ વ્યાધિ દૂર કરનારા મંત્રાદિ કે વિષ દૂર કરનાર જાંગુલિ વિદ્યાનું, ઈડા, પિંગલા આદિ શ્વાસોશ્વાસનું, ગતિને અનુસાર દશ પ્રાણોનું અને ઉપકારક કે અનુપકારક દ્રવ્યોનું વર્ણન છે. ૧૩. ક્રિયા-વિશાલ પૂર્વનાં નવ કરોડ પદોમાં સંગીત શાસ્ત્ર, છંદ, અલંકાર, બોતેર કળાઓ, સ્ત્રીના ચોસઠ ગુણો, શિલ્પ વિજ્ઞાન, ચોરાશી ગર્ભાધાન આદિ ક્રિયા, એક સો આઠ સમ્યક્‌દર્શન આદિ ક્રિયાઓ અને પચ્ચીસ દેવવંદન આદિ નિત્ય-નૈમિત્તિક ક્રિયાઓનું વર્ણન છે. ૧૪. ત્રૈલોક્યબિંદુસાર પૂર્વનાં સાડાબાર કરોડ પદોમાં ત્રૈલોક્યનું સ્વરૂપ, છવ્વીસ પરિકર્મ, આઠ વ્યવહાર, ચાર બીજ ઇત્યાદિ ગણિત, મોક્ષનું સ્વરૂપ, મોક્ષગતિના કારણરૂપ ક્રિયા અને મોક્ષસુખનું વર્ણન છે. આ પ્રમાણે પંચાણું કરોડ પચાસ લાખ અને પાંચ પદોમાં ચૌદ પૂર્વનું વર્ણન કરેલું છે.

**(૫)** દૃષ્ટિવાદ અંગનો પાંચમો ભેદ ચૂલિકા, તેના પાંચ પ્રકાર છે. એકેક ચૂલિકાનાં બે કરોડ નવ લાખ નેવાશી હજાર બસો પદ છે. ૧. જલગત ચૂલિકામાં જલ સ્તંભન, જલ ઉપર ચાલવું, અગ્નિનું સ્તંભન-ભક્ષણ, અગ્નિ ઉપર બેસવું, અગ્નિમાં પ્રવેશ કરવો આદિ માટે મંત્ર, તંત્ર, તપશ્ચરણનું વર્ણન છે. ૨. સ્થલગત ચૂલિકામાં મેરુ, કુલાચલ આદિમાં, ભૂમિમાં પ્રવેશ કરવા માટે અને શીઘ્ર ગમનના કારણરૂપ મંત્ર, તંત્ર, તપશ્ચરણનું વર્ણન છે. ૩. માયાગત ચૂલિકામાં માયારૂપ

ઇંદ્રજાલ આદિ વિક્રિયાના મંત્ર, તંત્ર, તપશ્ચરણ આદિનું વર્ણન છે. ૪. આકાશગત ચૂલિકામાં આકાશમાં ચાલવા માટેના મંત્ર, તંત્ર, તપશ્ચરણ આદિનું વર્ણન છે. ૫. રૂપગત ચૂલિકામાં સિંહ, હાથી, ઘોડા, મનુષ્ય, વૃક્ષ, હરણ, સસલાં, બળદ, વાઘ આદિનાં રૂપ ધારણ કરવા માટે મંત્ર, તંત્ર, તપશ્ચરણનું વર્ણન છે; ચિતરામણ, માટી, પથ્થર, લાકડા વગેરેના ઘાટ કરવા, કોતર કામ, તથા ધાતુવાદ, રસવાદ, ખાન્યવાદ આદિની રચના માટે વર્ણન છે. પાંચ ચૂલિકાનાં દશ કરોડ ઓગણપચાસ લાખ છેંતાળીસ હજાર પદો છે.

સમસ્ત દ્વાદશાંગમાં એક્કમ એકટ્ઠી પ્રમાણ અક્ષરો છે. એટલે ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૫ એટલા અપુનરુક્ત અક્ષરો છે. એટલે વાક્યના અર્થની પ્રતીતિ થવા માટે કહેલા અક્ષરો વારંવાર કહેવાયા હોય તેને ગણતરીમાં ન લેતાં જેટલાં અક્ષરો થાય તે અપુનરુક્ત અક્ષરો કહેવાય છે. તેમાં ચોસઠ સંયોગો સુધીના અક્ષરો હોય છે. અને આગમમાં કહેલા મધ્યપદનું પ્રમાણ સોળસો ચોત્રીસ કરોડ, ત્યાશી લાખ, સાત હજાર આઠસો અઠ્ઠ્યાસી ૧૬૩૪૮૩૦૭૮૮૮ અપુનરુક્ત અક્ષરો છે; તેના વડે દ્વાદશાંગીના અક્ષરો ઉપર જણાવ્યા તેને ભાગતાં એકસો બાર કરોડ, ત્યાશી લાખ, અઠ્ઠાવન હજાર, પાંચ પદો આવે; તેટલામાં સમસ્ત દ્વાદશાંગ આવી જાય છે. બાકી શેષરૂપે વધેલા આઠ કરોડ, એક લાખ, આઠ હજાર એકસો પંચોતેર ૮૦૧૦૮૧૭૫ અક્ષરોનું પૂર્ણ પદ થાય નહીં તેથી તેને અંગબાહ્ય શ્રુતજ્ઞાન કહ્યું છે. તે અક્ષરોનાં સામાયિક આદિ ચૌદ પ્રકીર્ણક સૂત્રો છે.

૧. સામાયિક નામના પ્રકીર્ણકમાં મિથ્યાત્વ, કષાય આદિ ક્લેશના અભાવરૂપ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના ભેદથી છ પ્રકારે સામાયિકનું વર્ણન છે. ૨. ચોત્રીસ અતિશય, આઠ પ્રાતિહાર્ય, પરમ ઔદારિક દિવ્ય દેહ, સમવસરણ સભા, ધર્મોપદેશ આદિ તીર્થંકરોનું માહાત્મ્ય પ્રગટ કરે તેવી સ્તુતિ તે સ્તવન નામનું પ્રકીર્ણક છે. ૩. એક તીર્થંકરના આલંબન ચૈત્યાલય કે પ્રતિમાના સ્તવનરૂપ વંદના પ્રકીર્ણક છે. ૪. પૂર્વે પ્રમાદથી થયેલા દોષો દૂર કરવા માટે દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક, ઐર્યાપથિક અને ઉત્તમાર્થ એવાં સાત પ્રકારનાં પ્રતિક્રમણનું જેમાં વર્ણન કરેલું છે તે પ્રતિક્રમણ પ્રકીર્ણક છે. ૫. સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઉપચારસ્વરૂપ પાંચ પ્રકારના વિનયના વર્ણનવાળું વિનય પ્રકીર્ણક છે. ૬. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આદિ નવ (પદરૂપ) દેવતાઓની વંદના માટે ત્રણ પ્રદક્ષિણા, ચાર શિરોનતિ, ત્રણ શુદ્ધતા, બાર આવર્ત ઇત્યાદિ નિત્ય નૈમિત્તિક ક્રિયાનું જેમાં વર્ણન છે એવું કૃતિકર્મ પ્રકીર્ણક છે. ૭. જેમાં સાધુના આચાર, આહારની શુદ્ધતા વગેરેનું વર્ણન છે તે દશવૈકાલિક પ્રકીર્ણક છે. ૮. ચાર પ્રકારના ઉપસર્ગ તથા બાવીશ પરિષહો સહન કરવાની વિધિ અને તેના ફળના વર્ણનરૂપ ઉત્તરાધ્યયન પ્રકીર્ણક છે. ૯. સાધુના યોગ્ય આચરણની વિધિ, અયોગ્ય આચરણ સેવાયાં હોય તેના પ્રાયશ્ચિત્તના વર્ણનરૂપ કલ્પ-વ્યવહાર પ્રકીર્ણક છે. ૧૦. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયે આ સાધુને યોગ્ય છે, આ અયોગ્ય છે એવા વિભાગના

વર્ણનરૂપ કલ્પાકલ્પ નામનું પ્રકીર્ણક છે. ૧૧. ઉત્કૃષ્ટ સંહનન આદિ સહિત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના પ્રભાવે ઉત્કૃષ્ટ ચર્યાથી વર્તતા એવા જિનકલ્પી સાધુઓને યોગ્ય ત્રિકાળ યોગ આદિ આચરણનું અને સ્થવિરકલ્પીઓના દીક્ષા, શિક્ષા, ગણપોષણ, આત્મસંસ્કાર, સલ્લેખના અને ઉત્કૃષ્ટ સ્થાનગત ઉત્કૃષ્ટ આરાધનાના વર્ણનરૂપ મહાકલ્પ નામનું પ્રકીર્ણક છે. ૧૨. જેમાં ભવન, વ્યંતર, જ્યોતિષ્ક તથા કલ્પવાસી દેવતાઓનાં વિમાનોમાં ઉત્પન્ન થવાનાં કારણરૂપ દાન, પૂજા, તપશ્ચરણ, અકામ નિર્જરા, સમ્યક્ત્વ, સંયમ આદિની વિધિ, ત્યાં ઊપજવાનાં સ્થાન અને વૈભવના વર્ણનરૂપ પુંડરીક નામે પ્રકીર્ણક છે. ૧૩. મહર્દ્ધિક દેવોમાં ઇન્દ્ર, પ્રતીંદ્ર આદિની ઉત્પત્તિનાં કારણ તપવિશેષ આદિ આચરણનું વર્ણન કરનાર મહાપુંડરીક પ્રકીર્ણક છે. ૧૪. જેમાં પ્રમાદથી થયેલા દોષોના ત્યાગરૂપ નિષિદ્ધિકા નામનું પ્રાયશ્ચિત્તશાસ્ત્ર પ્રકીર્ણક છે.

દ્વાદશાંગરૂપ સૂત્રજ્ઞાન તપના પ્રભાવથી ઊપજે છે, તે પોતે ભણે છે અને અન્ય શિષ્યોને તેમની બુદ્ધિ પ્રમાણે ભણાવે છે તે બહુશ્રુતની ભક્તિ છે. ગુણોમાં અનુરાગ કરવો તે ભક્તિ કહેવાય છે. જે શાસ્ત્રો ઉપર અનુરાગ રાખી ભણે, શાસ્ત્રના અર્થ અન્યને કહે, જે ધન ખર્ચીને શાસ્ત્રો લખાવે, પોતાના હાથે શાસ્ત્ર લખે, વધારે ઓછા અક્ષરો કાના માત્રા આદિ દોષો હોય તે સુધારે, સંશોધન કરે, ભણનારાઓને શાસ્ત્ર લખાવી આપે, વ્યાખ્યાન કરે, શીખવનાર, વંચાવનારની આજીવિકાની વ્યવસ્થા કરી શાસ્ત્રોના જ્ઞાન-અભ્યાસનું પ્રવર્તન કરાવે, સ્વાધ્યાય કરવા માટે નિરાકુળ સ્થાન આપે તે બધી

જ્ઞાનાવરણ કર્મનો નાશ કરનારી બહુશ્રુત ભક્તિ છે. કીમતી વસ્ત્રોનાં પૂઠાં ચઢાવી બંધન અને દોરીવડે શાસ્ત્રોને બાંધે જેથી જોનારનું, સાંભળનારનું અને ભણનારનું મન પ્રસન્ન થાય એ બધી બહુશ્રુત ભક્તિ છે. સોનાનાં બનાવેલાં, પંચ પ્રકાર રત્નોથી જડેલાં સેંકડો પુષ્પો વડે શાસ્ત્રની ઉત્તમ પૂજા કરે તે શ્રુતભક્તિ સંશય આદિ રહિત સમ્યક્જ્ઞાન પ્રગટાવી અનુક્રમે કેવળજ્ઞાન ઉપજાવે છે. જે પુરુષ પોતાના મનને ઇંદ્રિયોના વિષયોમાંથી વાળી વારંવાર શ્રુતદેવતાના ગુણનું સ્મરણ કરીને સારી વિધિથી બનાવેલા પવિત્ર અર્ઘ વડે શ્રુતદેવતાને પૂજે છે, તે સમસ્ત શ્રુતના પારગામી થઈને કેવળજ્ઞાન ઉપજાવી મોક્ષ પામે છે.

## ૧૩. પ્રવચનભક્તિ ભાવના :–

પ્રવચન એટલે જિનેન્દ્ર સર્વજ્ઞ વીતરાગે પ્રરૂપેલાં આગમ છે. તેમાં છ દ્રવ્યોનું, પંચાસ્તિકાયનું, સાત તત્ત્વોનું અને નવ પદાર્થોનું વર્ણન છે; કર્મની પ્રકૃતિઓનો નાશ કરવાનું વર્ણન છે. જેમાં બહુ પ્રદેશો હોય તેનું નામ અસ્તિકાય કહેવાય છે. જેમાં ગુણપર્યાય નિરંતર હોય તેનું નામ દ્રવ્ય છે. વસ્તુપણે જેનો નિશ્ચય થાય છે તેનું નામ પદાર્થ છે. સ્વભાવરૂપે હોવાથી તત્ત્વ એવું નામ પડ્યું છે.

જેવી રીતે અંધકારવાળા મહેલમાં હાથમાં દીવો લઈને બધા પદાર્થો આપણે જોઈએ છીએ તેવી રીતે ત્રિભુવનરૂપ મંદિરમાં પ્રવચનરૂપી દીવાવડે સૂક્ષ્મ, સ્થૂલ, મૂર્તિક, અમૂર્તિક પદાર્થો દેખીએ છીએ. પ્રવચનરૂપી નેત્ર વડે મુનીશ્વર ચેતન આદિ ગુણોવાળાં સર્વ દ્રવ્યોનું અવલોકન કરે છે.

જિનેન્દ્રનાં પરમ આગમને યોગ્ય કાળે બહુ વિનયથી ભણવાં તે પ્રવચનભક્તિ છે. છ દ્રવ્યો, સાત તત્ત્વો, નવ પદાર્થોના ભેદ, સર્વ ગુણ-પર્યાયોનું પ્રવચનમાં વર્ણન છે. ભૂતકાળ અનંત વહી ગયો, ભવિષ્યકાળ અનંતો આવશે અને ચાલુ વર્તમાનકાળ તે સર્વનું સ્વરૂપ તેમાં વર્ણવેલું છે. તેમાં અધોલોકની સાત પૃથ્વીઓ, નારકીઓને વસવાનાં, ઊપજવાનાં સ્થાનકો, તેમનાં આયુષ્ય, કાયા, વેદના, ગતિ આદિનું વર્ણન છે; ભવનવાસી દેવોનાં સાત કરોડ બોતેર લાખ ભવનોનું તથા તેમનાં આયુષ્ય, કાયા, વૈભવ, વિક્રિયા, ભોગ આદિ અધોલોક સંબંધી વર્ણન કરેલું છે. તેમાં મધ્ય લોક સંબંધી અસંખ્યાત દ્વીપ અને સમુદ્રોનું, તેમાં આવેલા મેરુ, કુલાચલ, નદી, દ્રહ આદિનું, કર્મભૂમિનાં વિદેહ આદિ ક્ષેત્રોનું, ભોગભૂમિનું, અંતરદ્વીપો સંબંધીનાં મનુષ્યોનું, કર્મભૂમિનાં તથા ભોગભૂમિનાં મનુષ્યોનાં કર્તવ્ય, આયુષ્ય, કાયા, સુખ, દુઃખ આદિનું, તિર્યંચોનું અને વ્યંતરોના નિવાસ, વૈભવ, પરિવાર, આયુષ્ય, કાયા, સામર્થ્ય અને વિક્રિયાનું વર્ણન છે. મધ્યલોકમાં જ્યોતિષ્ક દેવો છે તેમનાં વિમાન, વૈભવ, પરિવાર, આયુષ્ય, કાયા આદિનું અને સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રોના માર્ગ, ગતિ, સંયોગ આદિનું વર્ણન છે. ઊર્ધ્વલોકનાં ત્રેસઠ પટલો સહિત સ્વર્ગનું, અહમિંદ્રના પટલોનું, ઇંદ્રાદિ દેવોના વૈભવ, પરિવાર, આયુષ્ય, કાયા, શક્તિ, ગતિ, સુખ આદિનું તેમાં વર્ણન છે. આ પ્રકારે સર્વજ્ઞે પ્રત્યક્ષ દેખેલા ત્રણે લોકનાં સમસ્ત દ્રવ્યોના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનું વર્ણન પ્રવચનમાં કરેલું છે. કર્મોની પ્રકૃતિઓના બંધ, ઉદય, સત્તા, સંક્રમણ આદિનું સર્વ વર્ણન આગમમાં છે.

સંસારમાંથી ઉદ્ધાર કરનાર, રત્નત્રયનું સ્વરૂપ પ્રાપ્ત થવાનો ઉપાય પરમાગમમાં છે. ગૃહસ્થ ધર્મની જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ચર્યાનું, શ્રાવકોની વ્રત-સંયમાદિ વ્યવહાર-પરમાર્થરૂપ પ્રવૃત્તિનું, ગૃહત્યાગી મુનિઓના મહાવ્રત આદિ અઠ્ઠાવીસ મૂળ ગુણો અને ચોરાસી લાખ ઉત્તર ગુણો, સ્વાધ્યાય, ધ્યાન, આહાર, વિહાર, સામાયિક આદિ ચારિત્ર ચર્યાનું, ધર્મધ્યાન, શુક્લધ્યાન આદિનું, સલ્લેખના મરણનું, સર્વ આચારનું, ચૌદ ગુણસ્થાનોના સ્વરૂપનું, ચૌદ જીવસમાસનું, ચૌદ માર્ગણાઓનું, જીવોની એક કરોડ સાડી નવ્વાણું લાખ કુલ કોડી અને ચોરાસી લાખ જાતિનાં યોનિસ્થાનનું, ચાર અનુયોગ, ચાર શિક્ષાવ્રત, ત્રણ ગુણવ્રતનું, ચાર ગતિના ભેદનું, સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રનું સ્વરૂપ ભગવાને પ્રરૂપેલાં આગમથી જ જાણીએ છીએ. બાર ભાવનાઓ, બાર તપ, બાર અંગ, ચૌદ પૂર્વ અને ચૌદ પ્રકીર્ણકોનું, ઉત્સર્પિણી, અવસર્પિણી કાળના ફેરફારનું, તેમાં છ છ ભેદરૂપ (છ આરાના) કાળમાં પદાર્થની પરિણતિના ભેદોનું સ્વરૂપ આગમથી જ જાણીએ છીએ. કુલકર, તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ઇત્યાદિની ઉત્પત્તિ, પ્રવૃત્તિ, ધર્મતીર્થનું પ્રવર્તન, ચક્રવર્તીનું સામ્રાજ્ય, વાસુદેવ વગેરેના વૈભવ, પરિવાર, ઐશ્વર્ય, જીવાદિ દ્રવ્યોનો પ્રભાવ આગમથી જ જાણીએ છીએ. તેથી આગમના ભક્તિપૂર્વક સેવન વિના મનુષ્ય જન્મ પણ પશુ સમાન છે.

ભગવાન સર્વજ્ઞ વીતરાગે અનંતાનંત ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળના પર્યાયો સહિત ક્રમરહિત એકી વખતે એક

સમયમાં સમસ્ત લોક-અલોકને હથેળીની રેખાઓ પેઠે પ્રત્યક્ષ જાણી દેખીને તેનું સ્વરૂપ પ્રરૂપ્યું છે. તેની દ્વાદશાંગી રૂપે રચના સાત ઋદ્ધિ અને ચાર જ્ઞાનના ધારણ કરનાર ગણધરદેવે પ્રગટ કરી છે.

દેવાધિદેવ, પરમપૂજ્ય, ધર્મતીર્થ પ્રવર્તાવનાર, અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખરૂપ અંતરંગ લક્ષ્મી અને સમવસરણ આદિ બહિરંગ લક્ષ્મીથી શોભતા, ઇંદ્રાદિ અસંખ્ય દેવોના સમૂહ વડે વંદાતા, ચોત્રીસ અતિશયો, આઠ પ્રાતિહાર્યો વગેરે અનુપમ ઋદ્ધિવાળા, ક્ષુધાતૃષાદિ અઢાર દોષ રહિત, સર્વ જીવોના પરમ ઉપકારી, લોકાલોકના અનંત ગુણ પર્યાયોના ક્રમરહિત યુગપત્ જ્ઞાનના ધારક, અનંત શક્તિના ધારક, સંસારમાં ડૂબતા પ્રાણીઓને હસ્તાવલંબન દેનારા, સર્વ જીવો પ્રત્યે દયાળુ, પરમાત્મા, પરમેશ્વર, પરબ્રહ્મ, પરમેષ્ઠી, સ્વયંભૂ, શિવ, અજર, અમર, અર્હંત આદિ નામોથી પ્રખ્યાત, અશરણ પ્રાણીઓના પરમ શરણ, છેલ્લા પરમ ઔદારિક દેહમાં બિરાજતા, ગણધર આદિ મુનીશ્વરોને વંદનાયોગ્ય અને કંઠ, તાળવું, હોઠ, જીભ આદિના હલનચલન રહિત, પોતાની ઇચ્છા વિના અનેક પ્રાણીઓના પુણ્યપ્રભાવથી ઊપજેલી, આર્ય અનાર્ય સર્વ દેશનાં પ્રાણીઓ સમજે તેવી, સર્વ પાપનો નાશ કરનારી દિવ્ય વાણી વડે ભવ્ય પ્રાણીઓના મોહરૂપ અંધકારનો નાશ કરતા, ચમર, છત્રત્રય આદિ પ્રાતિહાર્યો સહિત રત્ન-સિંહાસન ઉપર ચાર આંગળ અદ્ધર વિરાજમાન ભગવાન, સર્વના પૂજ્ય, પરમ ભટ્ટારક શ્રી વર્ધમાન દેવાધિદેવે મોક્ષમાર્ગનો પ્રકાશ કરવા સમસ્ત પદાર્થોનું સ્વરૂપ

અતિશયવાળી દિવ્ય ધ્વનિ વડે પ્રગટ કર્યું. તે વખતે પાસે રહેલા નિર્ગ્રંથ મુનિવરોના પૂજ્ય, સપ્ત ઋદ્ધિ-સમૃદ્ધિ અને ચાર જ્ઞાનના ધારક શ્રી ગૌતમ નામના ગણધરદેવને કોષ્ટ બુદ્ધિ આદિ ઋદ્ધિ હોવાથી ભગવાને કહેલા અર્થનું વિસ્મરણ થતું નહીં. તેથી ભગવાને કહેલા અર્થને ધારણ કરીને દ્વાદશાંગરૂપ રચના તેમણે રચી.

જ્યારે ચોથા કાળનાં ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહ્યા ત્યારે શ્રી વર્ધમાન સ્વામી નિર્વાણ પધાર્યા. ત્યાર પછીના બાસઠ વર્ષોમાં ગૌતમસ્વામી, સુધર્માચાર્ય અને જંબુસ્વામી એ ત્રણ કેવલી થયા, અને તેમણે કેવળજ્ઞાન વડે પ્રરૂપણા કરી. તે પછીના એકસો વર્ષ સુધીના કાળમાં અનુક્રમે વિષ્ણુ, નંદિમિત્ર, અપરાજિત, ગોવર્ધન અને ભદ્રબાહુ એ પાંચ મુનિ દ્વાદશાંગના ધારક શ્રુતકેવળી થયા. તેમના કાળમાં પણ કેવળી ભગવાનની પેઠે પદાર્થોનું જ્ઞાન અને પ્રરૂપણા રહી. પછીનાં એકસો ત્યાશી વર્ષો પર્યંત અનુક્રમે વિશાખાચાર્ય, પ્રોષ્ઠિલાચાર્ય, ક્ષત્રિય, જયસેન, નાગસેન, સિદ્ધાર્થ, ધૃતિષેણ, વિજય, બુદ્ધિમાન, ગંગદેવ અને ધર્મસેન એ અગિયાર પરમ નિર્ગ્રંથ મુનીશ્વરો દશ પૂર્વના ધારક થયા. પછી નક્ષત્ર, જયપાલ, પાંડુનામ, ધ્રુવસેન અને કંસાચાર્ય એ પાંચ મહામુનિ એકાદશાંગ વિદ્યાના પારગામી અનુક્રમે બસો વીશ વર્ષોમાં થયા. પછીના એકસો અઢાર વર્ષોમાં અનુક્રમે સુભદ્ર, યશોભદ્ર, મહાયશ અને લોહાચાર્ય આદિ પાંચ મહામુનિ પ્રથમ અંગના પારગામી થયા, અને તેમણે યથાર્થ પ્રરૂપણા કરી. આ પ્રમાણે ભગવાન વીર જિનેન્દ્રના નિર્વાણ પછી છસો ત્યાશી

વર્ષ પર્યંત અંગનું જ્ઞાન રહ્યું. પછી આ કાળના નિમિત્તે બુદ્ધિ, વીર્ય આદિની મંદતા થતાં શ્રી કુન્દકુન્દ, ઉમાસ્વામી આદિ અનેક મુનિ નિર્ગ્રંથ વીતરાગી અંગની વસ્તુઓના જ્ઞાની થતા રહ્યા. આ પ્રકારે પાપથી ભયભીત, જ્ઞાન વિજ્ઞાન સંપન્ન, પરમ સંયમ ગુણથી શોભતા ગુરુઓની પરિપાટીથી શ્રુતના અખંડ અર્થના ધારક વીતરાગી પુરુષોની પરંપરા ચાલી આવી છે. તેમાં શ્રી કુંદકુંદસ્વામીએ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, રયણસાર, અષ્ટપાહુડ આદિ અનેક ગ્રંથ રચ્યા તે અત્યારે પ્રત્યક્ષ વાંચવામાં, ભણવામાં આવે છે. આ ગ્રંથોનું વિનયપૂર્વક આરાધન તે પ્રવચનભક્તિ છે.

દશ અધ્યાયરૂપ તત્ત્વાર્થસૂત્ર શ્રી ઉમાસ્વામીએ રચ્યું. તે તત્ત્વાર્થસૂત્ર ઉપર સર્વાર્થસિદ્ધિ નામે ટીકા પૂજ્યપાદ સ્વામીએ રચી છે. તત્ત્વાર્થસૂત્ર ઉપર જ રાજવાર્તિક નામની ટીકા સોળ હજાર શ્લોકમાં શ્રી અકલંકદેવે રચી. શ્લોકવાર્તિક ટીકા વીસ હજાર શ્લોકમાં વિદ્યાનંદી સ્વામીએ રચી. ગંધહસ્તિ નામે મહાભાષ્યરૂપે ચોરાશી હજાર શ્લોકમાં સમન્તભદ્ર સ્વામીએ મોટી ટીકા રચી, જે હમણાં મળતી જ નથી. પરંતુ તે ગંધહસ્તિ ભાષ્યનું મંગલાચરણ એકસો પંદર શ્લોકોમાં દેવાગમ સ્તોત્રરૂપે કરેલું છે તેના ઉપર આઠ સો શ્લોકમાં અકલંક દેવે અષ્ટશતી નામે ટીકા લખી અને એ દેવાગમ અષ્ટશતી ઉપર આપ્તમીમાંસા નામે અષ્ટસહસ્ત્રી, એટલે આઠ હજાર શ્લોકોમાં ટીકા વિદ્યાનંદ સ્વામીએ રચી. તે અષ્ટસહસ્ત્રી ઉપર સોળ હજાર ટિપ્પણ છે. વિદ્યાનંદી સ્વામીકૃત આપ્ત-પરીક્ષારૂપ ત્રણ હજાર શ્લોકોમાં આપ્તપરીક્ષા ગ્રંથ છે.

પરીક્ષામુખ ગ્રંથ માણેકનંદીએ રચ્યો અને તેની મોટી ટીકા પ્રભાચંદ્ર આચાર્યે પ્રમેયકમલમાર્તંડ નામે બાર હજાર શ્લોકોમાં રચી અને નાની ટીકા પ્રમેયચંદ્રિકા નામની અનંતવીર્ય આચાર્યે રચી. અકલંકદેવકૃત લઘુત્રયી ઉપર પ્રભાચંદ્ર આચાર્યે ન્યાયકુમુદચંદ્રોદય સોળ હજાર શ્લોકમાં રચ્યો છે. બીજા ન્યાયના કેટલાય ગ્રંથો પ્રમાણપરીક્ષા, પ્રમાણનિર્ણય, પ્રમાણમીમાંસા તથા બાલાવબોધ ન્યાયદીપિકા ઇત્યાદિ જિન ધર્મના સ્તંભરૂપ છે. તે દ્રવ્યોનો પ્રમાણવડે નિર્ણય કરતા, અનેકાંત મત ભરપૂર દ્રવ્યાનુયોગના ગ્રંથો જયવંત વર્તે છે.

કરણાનુયોગના ગોમટ્ટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર, ત્રિલોકસાર આદિ અનેક ગ્રંથો છે. ચરણાનુયોગના મૂલાચાર, આચારસાર, રત્નકરંડ શ્રાવકાચાર, ભગવતી આરાધના, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, આત્માનુશાસન, પદ્મનંદિ પચ્ચીસી ઇત્યાદિ અનેક ગ્રંથો છે. જૈનેન્દ્ર વ્યાકરણ અનેકાંતથી ભરપૂર છે. પ્રથમાનુયોગના ગ્રંથો, જિનસેનાચાર્યકૃત આદિપુરાણ તથા ગુણભદ્રાચાર્યકૃત ઉત્તરપુરાણ, ઇત્યાદિ જિનેન્દ્રના પરમાગમને અનુસાર ઉપદેશ ગ્રંથ તથા પુરાણ, ચરિત્ર, આચારના અનેક ગ્રંથો છે તેનું અત્યંત ભક્તિથી વાંચન, શ્રવણ, વ્યાખ્યાન કરવું, વંદન કરવું, લખવા, લખાવવા, સંશોધન કરાવવા તે સર્વ પ્રવચનભક્તિ છે.

સત્‌શાસ્ત્રના અભ્યાસમાં જે દિવસ જાય તે દિવસ ધન્ય છે; પરમાગમના અભ્યાસ વિના જે કાળ જાય છે તે વ્યર્થ વહ્યો જાય છે. સ્વાધ્યાય વિના શુભ ધ્યાન થતું નથી, સ્વાધ્યાય વિના પાપથી છુટાતું નથી, કષાયની મંદતા થતી

નથી. સત્શાસ્ત્રના સેવન વિના સંસાર-દેહ-ભોગો ઉપરથી વૈરાગ્ય ઊપજતો નથી. સર્વ વ્યવહારની ઉજ્જ્વળતા, પરમાર્થના વિચાર આગમના સેવનથી જ થાય છે. શ્રુતના સેવનથી જગતમાં માન્યતા, ઉચ્ચતા, ઉજ્જ્વળ યશ અને આદરસત્કાર પમાય છે.

સમ્યક્જ્ઞાન જ પરમ બાંધવ છે, ઉત્કૃષ્ટ ધન છે, પરમ મિત્ર છે. સમ્યક્જ્ઞાન જ સ્વાધીન અવિનાશી ધન છે. સ્વદેશમાં, પરદેશમાં, સુખમાં, દુઃખમાં, આપદામાં, સંપત્તિમાં પરમ શરણરૂપ સમ્યક્જ્ઞાન જ છે. તેથી શાસ્ત્રોના પરમાર્થનું સેવન કરવું, પોતાના આત્માને નિત્ય જ્ઞાનદાન દેવું તથા પોતાના સંતાનોને તથા શિષ્યોને જ્ઞાનનું જ દાન દો; કરોડો રૂપિયાનું દાન પણ જ્ઞાનદાન સમાન નથી. ધન તો મદ ઉપજાવે છે, વિષયોમાં પ્રીતિ કરાવે છે, દુર્ધ્યાન કરાવે છે, અને સંસારરૂપી અંધ કૂવામાં ડુબાડે છે; તેથી જ્ઞાનદાન સમાન દાન નથી.

એક શ્લોક, અર્ધો શ્લોક, એક પદ માત્રનો પણ જે નિત્ય અભ્યાસ કરે તે શાસ્ત્રાર્થનો પારગામી થઈ જાય. વિદ્યા છે તે પરમ દેવતા છે. જે માતા પિતા જ્ઞાન-અભ્યાસ કરાવે છે તેણે કરોડ રૂપિયાનું ધન દીધું. સમ્યક્જ્ઞાનના દાતા ગુરુના ઉપકાર સમાન ત્રણે લોકમાં કોઈનો ઉપકાર નથી. જ્ઞાન દેનાર ગુરુના ઉપકારને ઓળવે (લોપે) તેના જેવો કૃતઘ્રી, પાપી કોઈ નથી. જ્ઞાનના અભ્યાસ વિના વ્યવહાર પરમાર્થ બન્નેમાં જીવ મૂઢ રહે છે તેથી પ્રવચનભક્તિ જ પરમ કલ્યાણ છે. પ્રવચનના સેવન વિના મનુષ્ય પશુ સમાન છે. પ્રવચનભક્તિ હજારો દોષોનો

નાશ કરનારી છે. તેનો ભક્તિપૂર્વક અર્ઘ ઉતારો, તેથી સમ્યક્‌દર્શનની ઉજ્જ્વલતા થાય છે.

## ૧૪. આવશ્યક અપરિહાણિ ભાવના :–

અવશ્ય કરવા યોગ્ય હોય તેને આવશ્યક કહેવાય છે. એ આવશ્યકની હાનિ નહીં કરવાની ભાવના તે આવશ્યક અપરિહાણિ ભાવના છે. ઇંદ્રિયોને વશ વર્તવું નહીં તે અવશ્ય કહેવાય છે; એટલે ઇંદ્રિયોને જીતનાર મુનિ અવશ્ય છે; તેમની ક્રિયા તે આવશ્યક કહેવાય છે. તે આવશ્યકની હાનિ ન કરવી તે આવશ્યક અપરિહાણિ છે. તે આવશ્યક છ પ્રકારે છે : ૧. સામાયિક, ૨. તીર્થંકરોનું સ્તવન, ૩. વંદના, ૪. પ્રતિક્રમણ, ૫. પ્રત્યાખ્યાન અને ૬. કાયોત્સર્ગ.

દેહથી ભિન્ન જ્ઞાનરૂપ જ દેહવાળા પરમાત્મસ્વરૂપ કર્મરહિત ચૈતન્યમાત્ર શુદ્ધ આત્માનું એકાગ્રપણે ધ્યાન કરતા મુનિ સર્વોત્તમ મોક્ષ મેળવે છે. વિકલ્પ રહિત શુદ્ધ આત્માના ગુણોમાં જે પોતાનું મન રાખી શકે નહીં તે તપસ્વી મુનિ છ આવશ્યક ક્રિયાને પુષ્ટ કરે, અંગીકાર કરે, અને આવતાં અશુભ કર્મના આસ્રવને રોકે, ટાળે.

### છ આવશ્યક—

**૧.** સુંદર-અસુંદર વસ્તુમાં, તથા શુભ-અશુભ કર્મના ઉદયમાં રાગ-દ્વેષ ન કરવો; આહાર, વસતિકા આદિના લાભમાં કે અલાભમાં સમભાવ કરવો; સ્તુતિમાં કે નિંદામાં, આદરમાં કે અનાદરમાં, પથ્થરમાં કે રત્નમાં, જીવનમાં કે મરણમાં, વેરીમાં કે મિત્રમાં, સુખમાં કે દુઃખમાં, સ્મશાનમાં કે

મહેલમાં, રાગ-દ્વેષ રહિત પરિણામ રહેવાં તે સમભાવ છે. સમભાવ ધારણ કરનાર બાહ્ય પુદ્‌ગલોને અચેતન અને પોતાનાથી ભિન્ન જાણે છે, તેને આત્મસ્વભાવમાં હાનિ-વૃદ્ધિ કરનાર માનતા નથી; તેથી રાગદ્વેષ કરતા નથી. પોતાને શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટારૂપ અનુભવતાં રાગદ્વેષ આદિ વિકાર રહિત રહેવાથી તેમને સમભાવ હોય છે. તે જ સામાયિક છે.

**૨.** ભગવાન જિનેંદ્રનું અનેક નામો વડે સ્તવન કરવું તે સ્તવન આવશ્યક છે. કર્મરૂપી વેરીને જીતો છો તેથી તમે જિન છો. કેવલજ્ઞાનરૂપ નેત્ર વડે ત્રિકાળવર્તી પદાર્થોને જાણો છો તેથી ત્રિલોચન છો; મોહરૂપ અંધાસુરને માર્યો તેથી અંધકાંતક છો; આપે ઘાતિયાં કર્મરૂપી અર્ધ વેરીનો નાશ કર્યો તેથી ઈશ્વરપણું પામ્યા એટલે અર્ધનારીશ્વર છો; શિવપદ એટલે નિર્વાણ પદમાં વસો છો માટે આપ શિવ છો; પાપરૂપ શત્રુનો સંહાર કરો છો તેથી આપ હર છો; લોકમાં શં એટલે સુખના કરનાર આપ છો તેથી શં-કર છો; સં એટલે પરમ આનંદરૂપ સુખ તેમાં ઊપજે તેથી સંભવ છો; વૃષ એટલે ધર્મ તેથી દીપો છો એટલે વૃષભ છો; જગતનાં સર્વ પ્રાણીઓમાં ગુણો વડે વડા છો તેથી જગજ્જ્યેષ્ઠ છો; ક એટલે સુખ તે વડે સર્વ જીવોનું પાલણ કરનાર છો તેથી કપાલી છો; કેવળજ્ઞાન વડે લોક-અલોકમાં વ્યાપી રહ્યા છો તેથી આપ વિષ્ણુ છો; અને જન્મ-જરા-મરણરૂપ ત્રિપુરને મારવાથી આપ ત્રિપુરાંતક છો; આ પ્રમાણે એક હજાર આઠ નામો વડે આપનું સ્તવન ઇંદ્રે કર્યું છે અને ગુણોની અપેક્ષાએ તો આપનાં અનંત નામ છે. આવા

ભાવોમાં ગુણ ચિંતવન વડે તીર્થંકરોનું સ્તવન કરવું તે સ્તવન આવશ્યક છે.

૩. ચોવીસ તીર્થંકરોમાંથી એક તીર્થંકર અથવા અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓમાંથી એકને મુખ્ય કરીને સ્તુતિ કરવી તે વંદના આવશ્યક છે.

૪. આખા દિવસમાં પ્રમાદને વશ થઈને કે કષાયને વશ થઈને અથવા વિષયોમાં રાગી-દ્વેષી થઈને કોઈ એકેંદ્રિયાદિ જીવોની ઘાત કરી તથા અનર્થ વર્તન કર્યું, દોષવાળું ભોજન કર્યું, કોઈ જીવના પ્રાણ દુભવ્યા, કડવાં કઠોર મિથ્યા વચન કહ્યાં, કોઈની નિંદા કરી, પોતાની પ્રશંસા કરી, સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજ્યકથા કરી, અદત્ત ધન ગ્રહણ કર્યું; પરધનની લાલસા કરી, પરસ્ત્રી પ્રત્યે રાગ કર્યો, ધન પરિગ્રહ આદિમાં લાલસા રાખી—તે સર્વ પાપ-ખોટાં કાર્યો કર્યાં, બંધનાં કારણ સેવ્યાં. હવે એવાં પાપરૂપ પરિણામોથી ભગવાન પરમગુરુ અમારી રક્ષા કરો! એ બધાં પરિણામ હવે મિથ્યા થાઓ. પંચ પરમેષ્ઠીની કૃપાથી અમારાં પાપરૂપ પરિણામ ન હો. એવા ભાવોની શુદ્ધતા માટે કાયોત્સર્ગ કરીને નવ જાપ નવકાર મંત્રનો કરવો. આ પ્રકારે આખા દિવસની પ્રવૃત્તિને સંધ્યાકાળે ચિંતવીને પાપ પરિણામોને નિંદવા તે દૈવસિક પ્રતિક્રમણ છે. રાત્રિ સંબંધી પાપ દૂર કરવા સવારે પ્રતિક્રમણ કરવું તે રાત્રિક પ્રતિક્રમણ છે. માર્ગે ચાલતાં દોષ લાગ્યો હોય તેની શુદ્ધિ માટે જે પ્રતિક્રમણ તે ઐર્યાપથિક પ્રતિક્રમણ છે. એક પખવાડિયાના દોષ દૂર કરવા માટે પાક્ષિક પ્રતિક્રમણ છે. ચાર મહિનાના દોષ દૂર કરવા માટે પ્રતિક્રમણ

કરવું તે ચાતુર્માસિક પ્રતિક્રમણ છે. એક વર્ષના દોષો દૂર કરવા માટે સાંવત્સરિક પ્રતિક્રમણ છે. ભવોભવના કાળમાં થયેલા દોષો દૂર કરવા માટે છેલ્લા સંથારાની શરૂઆતમાં પ્રતિક્રમણ થાય છે તે ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે. આ પ્રકારે સાત પ્રતિક્રમણ છે. તેમાંથી ગૃહસ્થે સાંજ-સવાર બે વખત તો નફો-તોટો અવશ્ય જોવો જોઈએ. સો પચાસ રૂપિયાનો વેપાર કરનાર પણ નફાનુકસાનનો મેળ રાખે છે તો આ મનુષ્ય જન્મની એક એક ઘડી કરોડો રૂપિયા ખર્ચતાં પણ ગયા પછી પાછી મળતી નથી એવી દુર્લભ છે તે વિષે અવશ્ય વિચાર કરવા યોગ્ય છે કે આજે પરમેષ્ઠી પરમગુરુના પૂજનમાં, સ્તવનમાં મારો કેટલો કાળ ગયો? સ્વાધ્યાયમાં, સદ્‌ગુરુનો બોધ સાંભળવામાં, તત્ત્વાર્થની ચર્ચામાં, ધર્માત્માની સેવામાં કેટલો કાળ ગયો? ઘરના આરંભમાં, કષાયમાં, વિકથામાં, વાદવિવાદમાં, ભોજન આદિમાં, અન્ય ઇંદ્રિયોના વિષયોમાં, પ્રમાદમાં, નિદ્રામાં, શરીરની સંભાળમાં, હિંસાદિ પાંચ પાપોમાં કેટલો કાળ ગયો છે? એવો વિચાર કરી પાપમાં વધારે પ્રવૃત્તિ થઈ હોય તો પોતાનો તિરસ્કાર કરી પાપબંધનાં કારણો ઘટાડીને ધર્મકાર્યમાં આત્માને જોડવા યોગ્ય છે. પંચમ-કાળમાં પ્રતિક્રમણને જ પરમાગમમાં ધર્મ કહ્યો છે. આત્માના હિત-અહિતના વિચારમાં નિરંતર ઉદ્યમી રહેવા યોગ્ય છે. પ્રતિક્રમણ આત્માની ભારે સાવધાની (જાગૃતિ) રખાવનાર છે અને પૂર્વનાં કરેલાં પાપની એથી નિર્જરા થાય છે.

**૫.** ભવિષ્યકાળમાં આવવાના આસ્રવને રોકવા માટે

પાપોનો ત્યાગ કરવો એટલે કે ભવિષ્યમાં આ પ્રકારનું પાપ કદાપિ મન, વચન, કાયાથી નહીં કરું તે પ્રત્યાખ્યાન નામનું આવશ્યક સુગતિનું કારણ છે.

૬. બન્ને પગની વચ્ચે ચાર આંગળ અંતર રાખી બરાબર ઊભા રહેવું, બન્ને હાથ લબડતા રાખી, દેહ ઉપરની મમતા છોડી, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખી, દેહથી ભિન્ન શુદ્ધ આત્માની ભાવના કરવી તે કાયોત્સર્ગ કહેવાય છે. પદ્માસને બેસીને કે ઉપર જણાવ્યા પ્રમાણે ઊભા રહીને પણ તે થાય છે. શુદ્ધ ધ્યાનના અવલંબનથી બન્ને પ્રકાર સફળ થાય છે.

આ છ આવશ્યક પરમધર્મરૂપ છે. તેની પૂજા કરી, પુષ્પાંજલિ મૂકી અર્ઘ ઉતારવા યોગ્ય છે.

આ છ આવશ્યક પરમાગમમાં છ છ પ્રકારે કહ્યાં છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ ભેદે દરેક આવશ્યક જાણવા યોગ્ય છે.

**સામાયિકના છ પ્રકાર :—**

૧. શુભ, અશુભ નામ સાંભળી રાગ-દ્વેષ ન કરવો તે નામ સામાયિક છે. ૨. કોઈ સ્થાપના પ્રમાણ આદિ કારણે સુંદર હોય, કોઈ પ્રમાણ આદિમાં વધ-ઘટ હોવાથી અસુંદર હોય તોપણ કોઈ સ્થાપના પ્રત્યે રાગ-દ્વેષ ન કરવો તે સ્થાપના સામાયિક છે. ૩. સોનું, રૂપું, રત્ન, મોતી ઇત્યાદિ અને માટી, કાષ્ઠ, પાષાણ, કાંટા, છાર, ભસ્મ, ધૂળ ઇત્યાદિ દ્રવ્યો દેખી રાગ-દ્વેષ રહિત સમભાવ રાખવો તે દ્રવ્ય સામાયિક છે. ૪.

મહેલ, બાગ આદિ સારાં અને સ્મશાન આદિ નરસાં ક્ષેત્રોમાં રાગદ્વેષ ન કરવો તે ક્ષેત્ર સામાયિક છે. **૫.** હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ એ ઋતુઓ, રાત-દિવસ, કૃષ્ણપક્ષ-શુક્લપક્ષ ઇત્યાદિ કાળ પ્રત્યે રાગદ્વેષનો ત્યાગ તે કાળ સામાયિક છે. **૬.** કોઈ જીવને દુઃખ ન હો એવા મૈત્રીભાવ વડે અશુભ પરિણામોનો અભાવ કરવો તે ભાવ સામાયિક છે.

**સ્તવનના છ પ્રકાર :—**

**૧.** ચોવીસ તીર્થંકરોનું અર્થ સહિત એક હજાર આઠ નામો વડે સ્તવન કરવું તે નામ સ્તવન છે. **૨.** કૃત્રિમ કે અકૃત્રિમ અપરિમાણ તીર્થંકર અરિહંતોના પ્રતિબિંબોનું સ્તવન તે સ્થાપના સ્તવન છે. **૩.** સમવસરણના કાળ, દેહ, પ્રભા, પ્રાતિહાર્ય આદિનું સ્તવન કરવું તે દ્રવ્ય સ્તવન છે. **૪.** કૈલાસ, સંમેદશિખર, ઉર્જ્જયંત (ગિરનાર), પાવાપુરી, ચંપાપુરી આદિ નિર્વાણ ક્ષેત્રોનું તથા સમવસરણમાં બાર પરિષદોના ક્ષેત્રનું સ્તવન તે ક્ષેત્ર સ્તવન છે. **૫.** ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને નિર્વાણ કલ્યાણકોના કાળનું સ્તવન તે કાળ સ્તવન છે. **૬.** કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટય ભાવોનું સ્તવન તે ભાવ સ્તવન છે.

**વંદનાના છ પ્રકાર :—**

**૧.** તીર્થંકર, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એમાંથી એકના નામનો ઉચ્ચાર કરવો તે નામ વંદના છે. **૨.** અરિહંત, સિદ્ધ, આચાર્ય આદિમાંના એકના પ્રતિબિંબ આદિની વંદના કરવી તે સ્થાપના વંદના છે. **૩.** તેમના શરીરની

વંદના તે દ્રવ્ય વંદના છે. ૪. અરિહંત, સિદ્ધ, આચાર્ય આદિ વડે રોકાયેલું ક્ષેત્ર તેની વંદના કરવી તે ક્ષેત્ર વંદના છે. ૫. એ પંચ પરમગુરુમાંના કોઈ એકના કાળની વંદના કરવી તે કાળ વંદના છે. ૬. એક તીર્થંકર, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુના આત્મગુણોની વંદના કરવી તે ભાવ વંદના છે.

**પ્રતિક્રમણના છ પ્રકાર :—**

૧. અયોગ્ય નામ બોલવામાં કૃત, કારિત, અનુમોદનારૂપ મન, વચન, કાયાથી થયેલા દોષ દૂર કરવા પ્રતિક્રમણ કરવું તે નામ પ્રતિક્રમણ છે. ૨. કોઈ શુભ-અશુભ સ્થાપનાના નિમિત્તે, મન, વચન, કાયાથી થયેલા દોષથી નિવર્તવાને પ્રતિક્રમણ કરવું તે સ્થાપના પ્રતિક્રમણ છે. ૩. દ્રવ્ય એટલે આહાર, પુસ્તક, દવા આદિના નિમિત્તે મન વચન કાયાથી થયેલા દોષો દૂર કરવા માટે દ્રવ્ય પ્રતિક્રમણ છે. ૪. ક્ષેત્રમાં જવા રહેવા આદિને નિમિત્તે થયેલા શુભ અશુભ પરિણામથી થયેલા દોષ દૂર કરવા માટે ક્ષેત્રપ્રતિક્રમણ છે. ૫. દિવસ, રાત, પક્ષ, ઋતુ, શિયાળો, ઉનાળો, ચોમાસું એ નિમિત્તોથી ઊપજેલા અતિચારો દૂર કરવા પ્રતિક્રમણ કરવું તે કાળ પ્રતિક્રમણ છે. ૬. રાગ, દ્વેષ આદિ ભાવોથી ઊપજેલા દોષો દૂર કરવા માટે ભાવ પ્રતિક્રમણ છે.

**પ્રત્યાખ્યાનના છ પ્રકાર :—**

૧. અયોગ્ય પાપનું કારણ એવું નામ બોલવાનો ત્યાગ કરવો તે નામ પ્રત્યાખ્યાન છે. ૨. અયોગ્ય મિથ્યાત્વ આદિ પ્રવર્તાવનારી સ્થાપના કરવાનો ત્યાગ તે સ્થાપના પ્રત્યાખ્યાન છે. ૩. પાપબંધનું કારણ સદોષ દ્રવ્યોનો કે તપ, સંયમના

હેતુથી નિર્દોષ દ્રવ્યોનો પણ મન, વચન, કાયાથી ત્યાગ કરવો તે દ્રવ્ય પ્રત્યાખ્યાન છે. **૪.** અસંયમના કારણરૂપ ક્ષેત્રનો ત્યાગ તે ક્ષેત્ર પ્રત્યાખ્યાન છે. **૫.** અસંયમના કારણભૂત કાળનો ત્યાગ તે કાળ પ્રત્યાખ્યાન છે. **૬.** મિથ્યાત્વ, અસંયમ, કષાય આદિનો ત્યાગ તે ભાવ પ્રત્યાખ્યાન છે.

**કાયોત્સર્ગના છ પ્રકાર :—**

**૧.** પાપનાં કારણ એવાં કઠોર, કડવાં નામ આદિથી લાગેલા દોષ દૂર કરવા કાયોત્સર્ગ કરવો તે નામ કાયોત્સર્ગ છે. **૨.** પાપરૂપ સ્થાપનાથી લાગેલા અતિચાર દૂર કરવા કાયોત્સર્ગ કરવો તે સ્થાપના કાયોત્સર્ગ છે. **૩-૪-૫.** દોષવાળાં દ્રવ્યો સેવવાથી તથા સદોષ ક્ષેત્ર-કાલના સેવનથી સંઘાતે ઊપજેલા દોષ દૂર કરવા કાયોત્સર્ગ કરવો તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ કાયોત્સર્ગ છે. **૬.** મિથ્યાત્વ, અસંયમ આદિ ભાવો વડે થયેલા દોષ દૂર કરવા કાયોત્સર્ગ કરવો તે ભાવ કાયોત્સર્ગ જાણવો.

ગૃહસ્થનાં બીજાં છ આવશ્યક છે. **૧.** ભગવાન જિનેંદ્રનું નિત્ય પૂજન કરવું. **૨.** નિર્ગ્રંથ ગુરુની સેવા, સ્તવન, ચિંતવન નિત્ય કરવાં. **૩.** જિનેંદ્રે કહેલાં શાસ્ત્રોનો નિત્ય સ્વાધ્યાય કરવો. **૪.** ઇંદ્રિયોને વિષયોમાં દોડતી રોકવી. **૫.** છ કાય જીવની દયા પાળવી તે સંયમ છે. **૬.** શક્તિ પ્રમાણે નિત્ય તપ કરવું અને શક્તિ પ્રમાણે નિત્ય દાન દેવું. આ છ પ્રકારનાં આવશ્યક ગૃહસ્થે નિત્ય-નિયમ તરીકે અંગીકાર કરવા યોગ્ય છે. આ પ્રકારે સર્વ પાપનો નાશ કરનારી, ભાવને ઉજ્જ્વળ કરનારી આવશ્યક અપરિહાણિ ભાવના નિરંતર ભાવો.

## ૧૫. સન્માર્ગપ્રભાવના ભાવના :–

સન્માર્ગ એટલે મોક્ષનો સત્યાર્થ માર્ગ. તેનો પ્રભાવ પ્રગટ કરવો તે માર્ગપ્રભાવના છે. એ સન્માર્ગ રત્નત્રય છે. રત્નત્રય આત્માનો સ્વભાવ છે. તેને મિથ્યાત્વ, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ એમણે અનાદિ કાળથી મલિન, વિપરીત કરી રાખ્યો છે. પરમાગમનું શરણ પ્રાપ્ત કરી મારે મિથ્યાત્વ આદિ દોષોને દૂર કરીને રત્નત્રય સ્વભાવને ઉજ્જ્વળ કરવો ઘટે છે. આ મનુષ્ય જન્મ, ઇંદ્રિયપૂર્ણતા, જ્ઞાનશક્તિ, પરમાગમનું શરણ, સાધર્મીઓનો સમાગમ, રોગાદિ રહિતપણું અને અતિ ક્લેશ રહિત આજીવિકા ઇત્યાદિ પુણ્યરૂપ સામગ્રી પામીને પણ જો મિથ્યાત્વ, કષાય, વિષય આદિથી મારા આત્માને મુક્ત નહીં કરું તો અનંતાનંત દુઃખથી ભરેલા આ સંસારસમુદ્રમાંથી અનંતકાળે પણ મારો છૂટકો થશે નહીં. જે સામગ્રી અત્યારે મળી છે તે અનંતકાળે પણ મળવી અતિ દુર્લભ છે. અંતરંગ અને બહિરંગ સર્વ સામગ્રી પામ્યા છતાં પણ જો આત્માના પ્રભાવને પ્રગટ નહીં કરું તો અચાનક કાળ આવીને સર્વ સંયોગો હરી લેશે; તેથી હમણાં જ રાગ, દ્વેષ, મોહ દૂર કરીને મારું શુદ્ધ વીતરાગ સ્વરૂપ અનુભવાય તેવા ધ્યાન, સ્વાધ્યાયમાં મારે તત્પર થવું જોઈએ. બાહ્ય પ્રવૃત્તિ મારે ઉજ્જ્વળ કરીને અંતર્ગત ધર્મનો પ્રભાવ પ્રગટ કરીને માર્ગપ્રભાવના એવી કરવી જોઈએ કે તે દેખીને અન્ય અનેક જીવોના હૃદયમાં ધર્મનો મહિમા પ્રવેશ કરી જાય. જિનેંદ્રનો ઉત્સવ એવો કરવો કે તે દેખીને હજારો લોકોના

ભાવ વધે. જિનેંદ્રના જન્મકલ્યાણક વખતે જેમ ઇંદ્રાદિ દેવોએ અભિષેક કરીને પોતાનો જન્મ સફળ માન્યો, તેવી રીતે જય જયકાર શબ્દ વડે હજારો સ્તવનોના ઉચ્ચાર સહિત લોકો પોતાને કૃતાર્થ માને અને તન મન પ્રફુલ્લિત થઈ જાય તે પ્રકારે અભિષેક કરીને પ્રભાવના કરવી.

જિનેંદ્રની ભારે ભક્તિ, મહા વિનય અને નિશ્ચળ ધ્યાન સહિત એવી પૂજા કરો કે તે પૂજન કરતાં દેખીને અને શુદ્ધ ભક્તિના પાઠ ભણતાં કે સાંભળતાં હર્ષના અંકુર પ્રગટે, આનંદ હૃદયમાં માય નહીં, બહાર છલકાઈને ઊછળવા લાગે કે જે દેખીને મિથ્યાદૃષ્ટિઓનાં પણ એવાં પરિણામ થઈ જાય કે અહો! જૈનીઓની ભક્તિ આશ્ચર્ય પમાડે તેવી છે. નિર્દોષ, ઉત્તમ, ઉજ્જ્વળ પ્રમાણસર સામગ્રી, ઉજ્જ્વળ સોના રૂપાનાં કે કાંસા પીતળનાં મનોહર પૂજાનાં વાસણ, ભક્તિરસથી ભરેલા અર્થ સહિત કર્ણપ્રિય શુદ્ધ અક્ષરોનો ઉચ્ચાર, એકાગ્રતારૂપ વિનય સહિત શબ્દોને અનુકૂળ ઉજ્જ્વળ દ્રવ્ય ચઢાવવાં, અને પરમ શાંત મુદ્રારૂપ વીતરાગની પ્રાતિહાર્યોથી સુશોભિત પ્રતિમાનું પૂજન, સ્તવન, નમસ્કાર કરવા એ ધન્ય પુરુષથી થાય છે. ધન્ય એની ભક્તિ, ધન્ય એનો જન્મ, ધન્ય એનાં મન, વચન, કાયા અને ધન્ય એનું ધન કે કોઈ પણ વાંછા વિના આવા સન્માર્ગમાં વાપરે છે—એવો પ્રભાવ ફેલાય; અને દેખવાથી કે સાંભળવાથી નિકટ-ભવ્ય જીવોને આનંદનાં અશ્રુ ઝરવા લાગે. ભક્તિ જ સંસારસમુદ્રમાં ડૂબતા જીવોનો હાથ પકડી તારનાર છે. ભવોભવમાં જિનેંદ્રની ભક્તિ જ

અમારું શરણ હોજો, એવા ભાવ સહિત જિનેંદ્રનું નિત્ય પૂજન કરવું. અષ્ટાહ્નિક પર્વમાં, સોળકારણ, દશલક્ષણ, રત્નત્રય પર્વમાં સર્વ પાપના આરંભ છોડી જિનપૂજન કરવું; આનંદ સહિત નૃત્ય કરવું; કર્ણને પ્રિય વાજિંત્રો વગાડવાં. સ્વર, તાલ, મૂર્છના આદિ સહિત જિનેંદ્રના ગુણ ગાવાથી સન્માર્ગની પ્રભાવના થાય છે. જેના હૃદયમાં સત્યાર્થ ધર્મ વસે છે તેને પ્રભાવના ગુણ પ્રગટ થાય છે.

જિનેંદ્રના પ્રરૂપેલા અનુયોગોના સિદ્ધાંતોનાં એવાં વ્યાખ્યાન કરવાં કે તે સાંભળીને એકાંતનો આગ્રહ નાશ પામે; અનેકાંત હૃદયમાં જામે; પાપોથી કંપી ઊઠે; વ્યસન છૂટે; દયારૂપ ધર્મમાં વર્તવા લાગે; અભક્ષ્ય-ભક્ષણને ત્યાગે; હજારો મનુષ્યો કુદેવ, કુગુરુ, કુધર્મનું આરાધન તજે; વીતરાગ દેવ, દયારૂપ ધર્મ અને આરંભ-પરિગ્રહ રહિત ગુરુની આરાધનામાં દૃઢ શ્રદ્ધા કરે; ઘણાં માણસો રાત્રિભોજન, અયોગ્ય ભોજન, અન્યાયી વિષયભોગ તથા પરધન પ્રત્યે રાગ કરવો છોડી દે; વ્રત, શીલ, સંયમ, સંતોષ આદિ ભાવોમાં લીનતા પામે; દેહાદિ પરદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ કરે; પર્યાયબુદ્ધિ છૂટે; જીવ અજીવ આદિ દ્રવ્યોનો પ્રમાણ, નય, નિક્ષેપો વડે નિર્ણય કરે; સંશય રહિત દ્રવ્ય, ગુણ, પર્યાયોનું સત્યાર્થ સ્વરૂપ પ્રગટ સમજે; મિથ્યા-અંધકાર દૂર કરે. એવાં આગમનાં વ્યાખ્યાનથી સન્માર્ગની પ્રભાવના થાય છે.

કાયર જીવોથી ન થઈ શકે તેવી ઘોર તપશ્ચર્યા કરવાથી પણ સન્માર્ગની પ્રભાવના થાય છે. વિષયભોગો ઉપરનો રાગ તજીને નિર્વાંછક થવાથી આત્માનો પ્રભાવ પણ પ્રગટ થાય છે.

ધર્મનો માર્ગ પણ તપથી દીપે છે. દુર્ગતિનો માર્ગ દૂર કરનાર તપ છે. તપ વિના તો કામાદિ વિષય જ્ઞાન અને ચારિત્રનો નાશ કરે છે. તપના પ્રભાવથી કામનો ક્ષય થાય છે; જીભની ચપળતા, લાલસા નાશ પામે છે. તેથી રત્નત્રયની પ્રભાવના તપથી દૃઢ થાય છે.

જિનેંદ્રના પ્રતિબિંબોની પ્રતિષ્ઠા કરવી, જિનેંદ્રનું મંદિર કરાવવું. પ્રતિષ્ઠા કરાવવાથી જ્યાં સુધી જિનબિંબ રહે, ત્યાં સુધી દર્શન, સ્તવન, પૂજન આદિથી અનેક ભવ્ય જીવો પુણ્ય ઉપાર્જન કરશે. જિનમંદિર કરાવે છે તે ગૃહસ્થનું ધનવાનપણું પણ સફળ થાય છે. પૂજન, રાત્રિ-જાગરણ, શાસ્ત્રોનું વ્યાખ્યાન-શ્રવણ-પઠન, જિનેંદ્રનું સ્તવન, સામાયિક, પ્રતિક્રમણ, અનશનાદિ તપ, નૃત્ય, ગાન, ભજન, ઉત્સવ, જિનમંદિર હોય તો જ બને છે. જિનમંદિર વિના ધર્મને માટે સમસ્ત સમાગમ બની શકતો નથી. સ્વપરના પરમ ઉપકારનું મૂળ પ્રતિષ્ઠા કરવી અને જિનમંદિર કરાવવું એ છે.

ઉત્કૃષ્ટ ધર્મનો માર્ગ તો સર્વ પરિગ્રહનો ત્યાગ કરી વીતરાગતા અંગીકાર કરવી એ છે. પરંતુ જેને પ્રત્યાખ્યાન કે અપ્રત્યાખ્યાન નામનો કષાય ઉપશમ્યો નથી તેનાથી ગૃહ-સંપદા છોડી શકાય નહીં. ધન-સંપદા બહુ હોય તો પ્રથમ જેનું અન્યાયથી ધન લીધું હોય, તેની પાસે જઈને પોતાના દોષની ક્ષમા માગીને તેનું ધન પાછું આપી દેવું. તેથી વિશેષ ધન હોય તો નવું ધન કમાવવાનું બંધ કરવું. તીવ્ર રાગ વધારનારા ઇંદ્રિયોના વિષયોની લાલસા છોડી ત્યાગ ભાવથી સંવરરૂપ

થવું. જે ધન હોય તેમાંથી પોતાના મિત્ર, હિતના કરનાર, પુત્રી, બહેન, ફોઈ, બંધુવર્ગમાં જે નિર્ધન, રોગી, દુઃખી હોય તેને કે અનાથ વિધવા હોય તેને યથાયોગ્ય આપીને સંતોષિત કરવાં. પોતાના આશ્રિત સેવકાદિ કે પાસે રહેનારને સંતોષ ઉપજાવી, પુત્રનો અને સ્ત્રીનો વિભાગ જુદો કરી, પછી જિનબિંબ બનાવવામાં કે પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવામાં, જિનેન્દ્ર ધર્મના આધારરૂપ સિદ્ધાંતો લખાવવામાં, કૃપણતા તજીને ઉદાર મનથી પરોપકાર બુદ્ધિથી બાકીનું ધન વાપરવું. તેના જેવી કોઈ પ્રભાવના નથી. પણ જો કોઈ મંદિર પ્રતિષ્ઠા તો કરાવે પણ અનીતિ વડે પરધન લીધેલું રાખી મેલે કે અન્યાયથી ધન ગ્રહણ કરવાનું ચાલુ રાખે તો તેની કરેલી સમસ્ત પ્રભાવના નાશ પામશે. પ્રતિષ્ઠા કરાવનાર કે મંદિર બંધાવનાર ખોટા વ્યાપાર કરે, હિંસાદિ મહાપાપોમાં, નિંદ્ય-અયોગ્ય વચનોમાં કે તીવ્ર લોભમાં પ્રવર્તે, કુશીલ સેવે અને અતિ કૃપણતા સહિત સંક્લેશ પરિણામ કરીને ધન ખરચે તો સમસ્ત પ્રભાવના નાશ પામે છે. તેથી પ્રતિષ્ઠા કરાવનાર કે મંદિર કરાવનારની બાહ્ય પ્રવૃત્તિ પણ શુદ્ધ હોય તો પ્રભાવના થાય છે. શિખર, કળશ, ઘંટ ચઢાવીને કે નાની ઘંટડીઓ બાંધીને પ્રભાવના કરે. મંદિરોમાં ચંદરવા, ઘંટ, સિંહાસન આદિ ઉત્તમ ઉપકરણો અર્પણ કરે, તથા સ્વાધ્યાયમાં પ્રવૃત્તિ કરે. ઇત્યાદિ પ્રકારે પ્રભાવના દુઃખ દૂર કરનારી બને છે.

પ્રભાવના શુદ્ધ આચરણથી થાય છે. જિનવચનની શ્રદ્ધાવાળા હોય તે ધર્મની પ્રભાવના જ કરે. જૈનોની ટેક

દેખીને મિથ્યાદૃષ્ટિના હૃદયમાં પણ ભારે મહત્ત્વ લાગે કે પ્રાણ જતાં પણ જૈનધર્મી અભક્ષ્ય ભક્ષણ કરતા નથી, તીવ્ર રોગ-વેદના આવતાં પણ રાત્રે ઔષધ કે પાણી પીતા નથી, ધન, આબરૂનો નાશ થઈ જાય તો પણ અસત્ય વચન આદિ બોલતા નથી, મહા સંકટમાં આવી પડ્યા છતાં પરધન લઈ લેવાની બુદ્ધિ કરતા નથી, પોતાનો પ્રાણ જાય પણ અન્ય જીવની ઘાત કરતા નથી. શીલની દૃઢતા, પરિગ્રહની મર્યાદા અને પરમ સંતોષ ધારણ કરવાથી આત્મ-પ્રભાવના અને માર્ગ-પ્રભાવના પણ થાય છે. સર્વ ધન જતું હોય, અને પ્રાણ પણ જતા હોય તોપણ ધર્મની નિંદા, હાસ્ય કદાપિ કરાવે નહીં તેને સન્માર્ગ-પ્રભાવના અંગ હોય છે. આ પ્રભાવનાનો મહિમા કરોડ જીભો વડે પણ કોઈ વર્ણવવા સમર્થ નથી. તેથી હે ભવ્યજનો! ત્રણે લોકમાં પૂજ્ય જે પ્રભાવના અંગ તે ધારણ કરો, તેની જ ભક્તિ કરો, તેની પૂજા કરો, મહા અર્ઘ ઉતારણ કરો. જે પ્રભાવનાને દૃઢતાથી ધારણ કરે છે તે ઇંદ્રાદિ દેવોને પૂજવા યોગ્ય તીર્થંકર થાય છે.

## ૧૬. પ્રવચનવત્સલતા ભાવના :–

પ્રવચન એટલે દેવ, ગુરુ અને ધર્મ, તેમાં વાત્સલ્ય એટલે પ્રીતિ-ભાવ, તેનું નામ પ્રવચનવાત્સલ્ય છે. જે ચારિત્ર ગુણવાળા છે, શીલના ધારક છે, પરમ સમતા ભાવે બાવીસ પરિષહો સહન કરનાર છે, દેહમાં નિર્મમતાવાળા છે, સર્વ વિષયવાંછા રહિત આત્મહિતમાં ઉદ્યમી છે અને પરને ઉપકાર કરવામાં સાવધાન છે એવા સાધુ જનોના ગુણોમાં પ્રીતિરૂપ પરિણામ કરવાં. વ્રતોના ધારક અને પાપથી ડરતા,

ન્યાયમાર્ગી, ધર્મમાં અનુરાગ રાખનાર, મંદ કષાયી, સંતોષી એવા શ્રાવક તથા શ્રાવિકાના ગુણોમાં, તેમની સંગતિમાં અનુરાગ રાખવો. સમસ્ત ઘર આદિ પરિગ્રહ છોડી, કુટુંબનું મમત્વ તજી, દેહમાં નિર્મમતા ધારી, પાંચ ઇંદ્રિયોના વિષયો તજી, જમીનપર સૂએ, ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ આદિ પરિષહો સહન કરવારૂપ સંયમ સહિત, ધ્યાન, સ્વાધ્યાય, સામાયિક આદિ આવશ્યકો સહિત દીક્ષા ગ્રહણ કરે; સંયમ સહિત કાળ વ્યતીત કરે, તેમના ગુણોમાં અનુરાગ રાખવો. મુનીશ્વરોની પેઠે વનમાં નિવાસ કરતા, બાવીસ પરિષહો સહન કરતા, ઉત્તમ ક્ષમાદિ ધર્મ ધારતા, દેહમાં નિર્મમતા રાખતા, પોતાને નિમિત્તે કરેલાં ઔષધ, અન્ન, પાન આદિ નહીં વાપરતાં, એક વસ્ત્ર એટલે કોપીન વિના સર્વ પરિગ્રહના ત્યાગી, એવા ઉત્તમ શ્રાવકોના ગુણોમાં અનુરાગ કરવો. દેવ, ગુરુ, ધર્મનું સત્યાર્થ સ્વરૂપ જાણી દૃઢ શ્રદ્ધા સહિત ધર્મમાં રુચિવાળા અવિરત સમ્યક્દૃષ્ટિ ઉપર વાત્સલ્ય ભાવ કરો. આ સંસારમાં પોતાની સ્ત્રી, પુત્ર, કુટુંબ આદિમાં, દેહમાં, ઇંદ્રિયોના વિષયોમાં, વિષયોના સાધકોમાં અનાદિ કાળથી અનુરાગી થઈને તેમને માટે કપાઈ જાય છે, મરી જાય છે, બીજાને મારે છે એ કોઈ મોહનું અદ્ભુત માહાત્મ્ય છે.

ધન્ય છે તે પુરુષને કે જે સમ્યક્જ્ઞાનથી મોહનો નાશ કરીને આત્માના ગુણોમાં વાત્સલ્યતા કરે છે. સંસારી જીવો તો ધનની લાલસા વડે અતિ આકુળ થઈને ધર્મ પ્રત્યે વાત્સલ્ય ભાવ તજે છે. ધન વધે છે ત્યારે અતિ તૃષ્ણા વધે છે. સર્વ ધર્મના માર્ગ ભૂલી જઈને ધર્માત્માઓ પ્રત્યે રાખવા યોગ્ય

વાત્સલ્યભાવ તે ચૂકે છે. રાતદિવસ ધનસંપદા વધારવા પ્રત્યે એવો અનુરાગ વધે છે, કે લાખો રૂપિયા એકઠા થાય તો કરોડોની તૃષ્ણા કરીને આરંભ પરિગ્રહ વધારતાં, પાપમાં પ્રવીણતા વધારતાં, ધર્મ પ્રત્યે કરવા યોગ્ય વાત્સલ્યભાવ અવશ્ય તજી દે છે. જ્યાં દાનાદિ કે પરોપકાર માટે ધન ખરચવાની વાત ચાલતી હોય ત્યાંથી દૂર રહે છે કે ચાલી જાય છે. બહુ આરંભ, પરિગ્રહ તથા અતિ તૃષ્ણાવડે પાસે આવતા નરકવાસને દેખતા નથી. તેમાં વળી પંચમ કાળના ધનાઢ્યો તો પૂર્વે મિથ્યા ધર્મ, કુપાત્રે દાન અને કુદાનોમાં ગૂંચવાઈને એવાં કર્મ બાંધીને આવ્યા છે કે નરક, તિર્યંચ આદિ ગતિની પરંપરા અસંખ્ય કે અનંતકાળ સુધી છૂટે નહીં. તેમનાં તન, મન, વચન અને ધન ધર્મકાર્યમાં વપરાતા નથી. રાતદિવસ તૃષ્ણા અને આરંભ વડે ક્લેશિત ભાવમાં રહે છે. તેમને ધર્માત્મા પ્રત્યે અને ધર્મ ધારણ કરવા પ્રત્યે કદી વાત્સલ્ય કે પ્રેમ ભાવ આવતો નથી. ધનરહિત ધર્માત્માને પણ હલકો માને છે.

હે આત્મહિતના ઇચ્છક! ધનસંપદાને મહામદ ઉપજાવનાર જાણી, દેહને અસ્થિર, દુઃખદાયી જાણી, કુટુંબને મહા બંધન જાણી, તે સર્વે પ્રત્યેથી પ્રીતિ ઉઠાવી લઈ પોતાના આત્મા પ્રત્યે વાત્સલ્યભાવ રાખો. ધર્માત્મામાં, વ્રત પાળનારમાં, સ્વાધ્યાયમાં, જિનપૂજામાં વાત્સલ્યભાવ કરો. જે સમ્યક્‌ચારિત્રરૂપ અલંકાર વડે સુશોભિત સાધુ જનોની સ્તુતિ કરે, પ્રશંસા કરે, માહાત્મ્ય વધારે તેને વાત્સલ્ય નામનો ગુણ હોય છે. તે સદ્‌ગતિ પ્રાપ્ત કરાવે છે અને કુગતિનો નાશ કરે છે. વાત્સલ્ય ગુણના

પ્રભાવથી જ સમસ્ત દ્વાદશાંગ વિદ્યા સિદ્ધ થાય છે. સિદ્ધાંત સૂત્ર પ્રત્યે અને સિદ્ધાંતનો ઉપદેશ કરનાર ઉપાધ્યાય પ્રત્યે સાચી ભક્તિના પ્રભાવે શ્રુતજ્ઞાનાવરણ કર્મનો રસ સુકાઈ જાય છે ત્યારે સકલ વિદ્યા સિદ્ધ થાય છે. વાત્સલ્ય ગુણના ધારકને દેવ નમસ્કાર કરે છે. વાત્સલ્ય વડે જ અઢાર પ્રકારની બુદ્ધિ-ઋદ્ધિ અને આકાશગામિની ક્રિયા-ઋદ્ધિ, બે પ્રકારની ચારણ-ઋદ્ધિ, આઠ પ્રકારની વિક્રિયા-ઋદ્ધિ, ત્રણ પ્રકારની બળ-ઋદ્ધિ, સાત પ્રકારની તપ-ઋદ્ધિ, છ પ્રકારની રસ-ઋદ્ધિ, છ પ્રકારની ઔષધ-ઋદ્ધિ, બે પ્રકારની ક્ષેત્ર-ઋદ્ધિ ઇત્યાદિ અનેક ઋદ્ધિ શક્તિઓ પ્રગટ થાય છે. અહીં વાત્સલ્ય વડે જ મંદ બુદ્ધિવાળા પણ વિશેષ મતિજ્ઞાન અને વિશાળ શ્રુતજ્ઞાન-વાળા થાય છે. પાપનો પ્રવેશ થતો નથી. તપ પણ શોભે છે. તપમાં ઉત્સાહ વિના તપ નિરર્થક છે.

આ જિનેન્દ્રનો માર્ગ વાત્સલ્ય વડે જ શોભા પામે છે. વાત્સલ્ય વડે જ શુભ ધ્યાનની વૃદ્ધિ થાય છે, સમ્યક્દર્શન નિર્દોષ બને છે, દીધેલું દાન કૃતાર્થ થાય છે. પાત્ર (દાન લેનાર ધર્માત્મા) પ્રત્યે પ્રીતિ વિના તથા દાન દેવામાં પ્રેમ વિના દાન નિંદાનું કારણ થાય છે. જિનવાણીમાં વાત્સલ્ય જેને હશે તેને જ પ્રશંસાપાત્ર સત્ય અર્થ પ્રગટ પ્રકાશશે. જેનામાં જિનવાણી પ્રત્યે વાત્સલ્ય નથી, વિનય નથી તેને યથાર્થ ભાવ નહીં ભાસે, પણ વિપરીત ભાવ તે ગ્રહણ કરશે. આ મનુષ્યભવની મનોહરતા વાત્સલ્ય જ છે. વાત્સલ્ય રહિત હોય તે ઘણા આકર્ષક વસ્ત્ર-અલંકાર ધારણ કરે તોપણ પગલે

પગલે નિંદા પામે છે. યશ પામવો, ધન કમાવવું, ધર્મ પામવો વગેરે આ ભવનાં કાર્ય પણ વાત્સલ્ય વડે જ બને છે. પરલોક એટલે દેવલોકમાં મહર્દ્ધિક દેવપણું પણ વાત્સલ્યથી જ પમાય છે. વાત્સલ્ય વિના આ લોકનાં સમસ્ત કાર્યો નાશ પામે છે અને પરલોકમાં દેવાદિ ગતિ મળતી નથી.

અર્હંત દેવ, નિર્ગ્રંથ ગુરુ, સ્યાદ્‌વાદરૂપ પરમાગમ તથા દયારૂપ ધર્મ પ્રત્યે વાત્સલ્ય ભાવ છે તે સંસારપરિભ્રમણનો નાશ કરી, નિર્વાણ પ્રાપ્ત કરાવે છે. જિનમંદિરની સંભાળ, જિનસિદ્ધાંતનું સેવન, સાધર્મી સજ્જનોની સેવા, ધર્મમાં અનુરાગ, દાન દેવામાં પ્રીતિ એ સમસ્ત ગુણો વાત્સલ્યથી જ પ્રાપ્ત થાય છે. જે છકાયના જીવો પ્રત્યે વાત્સલ્યભાવ પાળે છે, તે જ ત્રણ લોકમાં અતિશયરૂપ તીર્થંકર પ્રકૃતિ ઉપાર્જન કરે છે. જે કલ્યાણના ઇચ્છક છે તે ભગવાન જિનેન્દ્રના ઉપદેશેલા વાત્સલ્ય ગુણનો મહિમા જાણી વાત્સલ્ય નામના સોળમા અંગનું સ્તવન કરે છે, પૂજન કરે છે, મહા અર્ઘઉતારણ કરે છે. તે દર્શનવિશુદ્ધિ પામી, તપ-આચરણ વડે અહમિન્દ્ર આદિ દેવલોકને પ્રાપ્ત કરીને પછી જગતના ઉદ્ધારક તીર્થંકર થઈ મોક્ષ પામે છે. સોળ કારણ ભાવનારૂપ ધર્મનો મહિમા અચિંત્ય છે કારણ કે તેથી ત્રણે લોકમાં આશ્ચર્યકારી અનુપમ વૈભવના ધારક તીર્થંકરનું પદ પ્રાપ્ત થાય છે.

## સોળ કારણભાવનાવર્ણન સંપૂર્ણ

# દશ લક્ષણરૂપ ધર્મ

દશ લક્ષણરૂપ ધર્મ ક્ષમાદિ દશ અંતર્ગત ભાવને આધીન છે. ૧. ઉત્તમ ક્ષમા, ૨. ઉત્તમ માર્દવ, ૩. ઉત્તમ આર્જવ, ૪. ઉત્તમ સત્ય, ૫. ઉત્તમ શૌચ, ૬. ઉત્તમ સંયમ, ૭. ઉત્તમ તપ, ૮. ઉત્તમ ત્યાગ, ૯. ઉત્તમ આકિંચન્ય, ૧૦. ઉત્તમ બ્રહ્મચર્ય, આ દશ ધર્મનાં લક્ષણ છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ. લોકમાં જે જે પદાર્થો છે તે પોતાના સ્વભાવને કદી છોડતા નથી. સ્વભાવનો નાશ થાય તો વસ્તુનો અભાવ થાય. એટલે કોઈ પદાર્થનો સર્વથા નાશ થતો નથી. આત્મા નામના પદાર્થનો ક્ષમાદિ સ્વભાવ છે. ક્રોધાદિ ક્ષમાદિના વિકાર છે, કર્મથી થયેલી ઉપાધિ છે, આવરણ છે. ક્રોધ નામના વિકારનો અભાવ થાય ત્યારે ક્ષમા નામનો આત્માનો સ્વભાવ પોતે જ રહે છે; એવી રીતે માનના અભાવથી માર્દવ (વિનય) ગુણરૂપે, અને માયાના અભાવથી આર્જવ (સરળતા) ગુણરૂપે, લોભના અભાવથી શૌચ (નિર્લોભતા) ગુણરૂપે આત્માનો સ્વભાવ પોતે જ રહે છે, આત્મા જ પોતે રહે છે. કર્મનો અભાવ થવાથી સહજ આત્મા પોતે પ્રગટ થાય છે. તેથી ઉત્તમ ક્ષમા આદિ આત્માનો સ્વભાવ છે. મોહનીય કર્મના ભેદરૂપ ક્રોધાદિ કષાય વડે અનાદિ કાળથી આત્મા ઢંકાઈ રહ્યો છે, તો કષાયના અભાવથી ક્ષમાદિ આત્માના સ્વાભાવિક ગુણો ઊઘડે છે.

## ૧. ઉત્તમ ક્ષમા :–

" ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે."

–શ્રીમદ્ રાજચંદ્ર

ક્રોધ વેરીને જીતવો તે જ ઉત્તમ ક્ષમા છે. ક્રોધશત્રુ કેવો છે? આ જીવને વસવાના સ્થાનરૂપ સંયમભાવ, સંતોષભાવ, નિરાકુળતાભાવ, તે સર્વેને બાળનાર અગ્નિ સમાન છે; સમ્યક્દર્શન આદિ રત્નોના ભંડારને તે લૂંટી લે છે; યશનો નાશ કરે છે, અપયશરૂપ કલંકને ફેલાવે છે, ધર્મ-અધર્મના વિચારનો વિનાશ કરે છે.

ક્રોધીને પોતાનાં મન, વચન, કાયા પોતાને વશ રહેતાં નથી. ઘણા કાળની પ્રીતિ ક્ષણ માત્રમાં તોડી તીવ્ર વેર બાંધે છે. ક્રોધરૂપ રાક્ષસ જેને વળગ્યો હોય તે અસત્ય વચન, ભીલ ચંડાળ આદિ બોલે તેવાં લોકનિંદ્ય વચન બોલે છે. ક્રોધને વશ જીવ પિતાને, માતાને, પુત્રને, સ્ત્રીને, બાળકને, સ્વામીને, સેવકને, મિત્રને મારી નાખે છે; સર્વ ધર્મનો લોપ કરે છે. તીવ્ર ક્રોધી જીવ વિષથી, કે શસ્ત્રથી પોતે આપઘાત પણ કરે છે; ઊંચાં મકાન કે પર્વત ઉપરથી પડતું મૂકીને કે કૂવામાં પડીને આપઘાત કરે છે. કોઈ રીતે ક્રોધીનો વિશ્વાસ રાખવા યોગ્ય નથી. ક્રોધી જીવ યમરાજ જેવો છે. ક્રોધી જીવ બીજા જીવોની ઘાતાદિ કરવા ઇચ્છે છે પણ તેથી તે પ્રથમ તો પોતાનાં જ્ઞાન, દર્શન, ક્ષમા આદિ ગુણોની ઘાત કરે છે, પછી સામા જીવનાં

કર્મ પ્રમાણે બીજાની ઘાત તો થાય કે ન પણ થાય. ક્રોધના પ્રતાપે મહા તપસ્વી, નગ્ન, વનવાસી મુનિઓ પણ ધર્મથી ભ્રષ્ટ થઈ નરકે ગયા છે. ક્રોધ બન્ને લોકનો નાશ કરે છે, મહા પાપ બંધાવી નરકે પહોંચાડે છે, બુદ્ધિ ભ્રષ્ટ કરે છે, નિર્દયી બનાવે છે, બીજાએ આપણા ઉપર કરેલા ઉપકાર ભુલાવી કૃતઘ્ની કરે છે, તેથી ક્રોધ સમાન પાપ નથી. ક્રોધાદિ કષાય સમાન આત્માની ઘાત કરનાર કોઈ નથી. જગતમાં જે પુણ્યવાન, મહા ભાગ્યશાળી હોય છે, અને જેનું આ ભવ તથા પરભવમાં ભલું થવાનું હોય છે તેને જ ક્ષમા નામનો ગુણ પ્રગટે છે.

ક્ષમા એટલે પૃથ્વી, તેના જેવો સહન કરવાનો સ્વભાવ તે ક્ષમા છે. સમ્યક્ પ્રકારે સ્વ અને પરનું હિત-અહિત સમજી જે નિર્બળના અપરાધોને પોતે સમર્થ છતાં પણ રાગ દ્વેષ રહિત થઈને સહન કરે, વિકારી ન બને, તપી જાય નહીં તો તેણે ઉત્તમ ક્ષમા કરી કહેવાય છે. ઉત્તમ એટલે સમ્યક્જ્ઞાન સહિત. ઉત્તમ ક્ષમા ત્રણ લોકનો સાર છે. ઉત્તમ ક્ષમા સંસારસમુદ્રમાંથી તારનાર છે. ઉત્તમ ક્ષમા રત્નત્રયને ધારણ કરનારી છે. ઉત્તમ ક્ષમા દુર્ગતિનાં દુઃખોને દૂર કરનારી છે. ઉત્તમ ક્ષમા ધારણ કરનારને નરક કે તિર્યંચ ગતિમાં જવું ન પડે. ઉત્તમ ક્ષમાની સાથે અનેક ગુણોનો સમૂહ પ્રગટ થાય છે. મુનીશ્વરોને તો ઉત્તમ ક્ષમા અત્યંત પ્રિય છે. ઉત્તમ ક્ષમાને જ્ઞાની જન ચિંતામણિ રત્ન સમાન ગણે છે. ઉત્તમ ક્ષમા મનને ઉજ્જ્વળ કરે છે. ક્ષમા વિના મનની ઉજ્જ્વળતા અને

સ્થિરતા કદાપિ થતી નથી. સર્વ મનોરથો પૂરનારી એક ક્ષમા જ છે.

## ક્રોધને જીતવાની ભાવના :—

કોઈ દુર્વચન આદિથી દુઃખી કરે, ગાળો દે, ચોર, અન્યાયી, પાપી, દુરાચારી, દુષ્ટ, નીચ, ચંડાળ, કૃતઘ્ની એવાં અનેક કુવચન કહે, ત્યારે જ્ઞાની એવો વિચાર કરે કે મેં આનો અપરાધ કર્યો છે કે નહીં? જો અપરાધ કર્યો હોય તથા રાગ, દ્વેષ, મોહને લઈને તેને કોઈ વાતે દુઃખી કર્યો હોય, તો હું અપરાધી છું. મને ગાળ દે છે, ધિક્કારે છે, નીચ, ચોર, કપટી, અધર્મી કહે છે તે વાજબી છે; એથી વધારે દંડ દે તોપણ વાજબી છે. મેં અપરાધ કર્યો છે તેથી મારે ગાળ સાંભળીને ક્રોધ કરવા યોગ્ય નથી, અપરાધીને નરકમાં શિક્ષા ભોગવવી પડે છે, તો મારા નિમિત્તે એને દુઃખ થયું એટલે ક્રોધમાં આવીને તે કડવાં વચન કહે છે; આવો વિચાર કરીને જ્ઞાની ક્ષમા કરે છે, ક્રોધ કરતા નથી.

દુર્વચન કહેનાર મંદ કષાયવાળો હોય તો તેની પાસે જઈને ક્ષમા આપવા વિનંતિ કરવી અને કહેવું કે "હે કૃપાળુ! પ્રમાદ કે કષાયને વશ થઈને મેં અજ્ઞાનીએ આપને દૂભવ્યા છે તે અપરાધની હું માફી માગું છું; હવેથી એવી ભૂલ નહીં કરું. મોટા પુરુષો એક વખત ભૂલની માફી આપે છે."

જો સામો માણસ ન્યાય રહિત, તીવ્ર કષાયવાળો હોય તો તેની પાસે તરત માફી માગવા જવું નહીં; ક્રોધ શમવા યોગ્ય કાળ ગયા પછી તેની માફી માગવી.

જો પોતે અપરાધ કર્યો ન હોય પણ ઈર્ષા કે માત્ર દુષ્ટતાને લઈને કોઈ કુવચન કહે, ખોટું કલંક લગાડે કે જૂઠા દોષ આરોપે તો જ્ઞાની કંઈ પણ ખોટું લગાડતા નથી, પણ એવો વિચાર કરે છે કે મેં એનું ધન લઈ લીધું હોય, જમીન-જાગીર ખૂંચવી લીધી હોય કે આજીવિકા તોડી હોય, ચાડી ખાધી હોય તથા તેનાં કલંક ઉઘાડાં પાડી મેં અપરાધ કર્યો હોય તો મારે પસ્તાવો કરવો ઘટે છે. પણ મેં અપરાધ કર્યો નથી તો મારે શી ફિકર છે? નામ, કુળને ઉદ્દેશીને તે જે દુર્વચનો કહે છે, તે નામ, કુળ, જાતિ મારા સ્વરૂપથી ભિન્ન છે; હું તો જ્ઞાયક છું, જેને તે કહે છે તે હું નથી. હું જે સ્વરૂપે છું ત્યાં તો વચન પહોંચી શકતાં નથી. તેથી મારે ક્ષમા ગ્રહણ કરવી એ જ ઉત્તમ છે. જે દુર્વચન કહે છે તે મુખ, જીભ, દાંત, ઓઠ વડે શબ્દરૂપે પરિણમેલાં પુદ્‌ગલ પરમાણુ છે; તેનું શ્રવણ કરી જો મને વિકાર થાય તો એ મારી મહા અજ્ઞાનદશા ગણાય. એ ઈર્ષાવાળો, દુષ્ટ પુરુષ ગાળ દે છે તેનો વિચાર કરીએ તો ગાળ શી વસ્તુ છે? ગાળ કંઈ વસ્તુ નથી, ક્યાંય વળગતી નથી, દેખાતી નથી. જ્ઞાની હોય તે અવસ્તુને લેવાદેવાનો સંકલ્પ શાનો કરે?

તે ચોર, અન્યાયી, કપટી, અધર્મી ઇત્યાદિ વચનો કહે છે ત્યાં એમ વિચારવું કે હે આત્મા! તું અનેક વાર અનેક જન્મોમાં ચોર, વ્યભિચારી, અભક્ષ્ય-ભક્ષણ કરનારો, ભીલ, ચંડાળ, ચમાર, ગોલો, વાંદરો, કૂતરો, ભૂંડ, ગધેડો ઇત્યાદિ તથા અધર્મી, પાપી, કૃતઘ્ની થતો આવ્યો છે. હજી સંસારપરિભ્રમણ કરીશ તો વખતે અનેક વાર થઈશ પણ ખરો. અત્યારે તો એ માત્ર કૂતરો, ગધેડો કે ચોર, ચંડાળ

એવા શબ્દો જ કહે છે તે સાંભળીને ક્રોધ કરવો કે દુઃખી થવું એ મોટી ભૂલ છે.

એ દુષ્ટ માણસ દુર્વચન કહે છે એમાં એનો વાંક નથી. મારાં પૂર્વજન્મનાં પાપનો ઉદય છે; તે એની મારફતે એવા શબ્દો બોલાવે છે પણ મારાં કર્મની નિર્જરા થાય છે એ મોટો લાભ મને થાય છે. તેમાં તેનો ઉપકાર માનવા યોગ્ય છે. જે દુર્વચન કહેનાર છે તે જૂઠા દોષ આરોપવાથી પોતાનાં પુણ્યનો સમૂહ તો ગુમાવે છે, પણ મારાં પાપ ધુએ છે. આવા ઉપકારી પ્રત્યે હું જો ક્રોધ કરું તો મારા સમાન કોઈ અધમ નથી.

જ્ઞાની એવો વિચાર કરે છે કે તેણે દુર્વચન જ કહ્યાં છે પણ મને માર્યો નથી એટલું ભલું કર્યું, કારણ કે ક્રોધી તો પોતાનાં પુત્ર, પુત્રી, સ્ત્રી આદિને મારે છે. કોઈ દુષ્ટ મારી બેસે તો જાણવું કે મને માત્ર માર માર્યો પણ પ્રાણરહિત નથી કર્યો એટલો લાભ છે; કારણ કે દુષ્ટ તો પોતાના પ્રાણની દરકાર કર્યા વિના સામાનો વધ કરી બેસે છે. જો કોઈ પ્રાણરહિત કરે તો સમજવું કે એક વાર મરવાનું તો હતું; બાંધેલા કર્મરૂપી દેવું છૂટ્યું; અહીં જ કર્મરૂપ દેવું પત્યું; જ્ઞાન, દર્શન, ક્ષમાદિ ધર્મનો ક્રોધ વડે નાશ ન થયો એ મને મહાન લાભ થયો; કારણ કે પ્રાણધારણ તો ધર્મથી સફળ થાય છે. દ્રવ્યપ્રાણ તો પુદ્‌ગલમય છે. તેના નાશથી મારો નાશ થતો નથી.

જ્ઞાની વિચારે છે કે કલ્યાણનાં કાર્યોમાં અનેક વિઘ્નો આવે છે; તો ભલે આ વિઘ્ન આવ્યું. હવે હું સમભાવ રાખું તો ઠીક, ઉપદ્રવ થાય ત્યારે ક્ષમા છોડીને હું વિકાર પામું તો અન્ય

મંદ જ્ઞાની તથા કાયર, ત્યાગી તપસ્વીઓ દેખાદેખી ધર્મમાં શિથિલ થઈ જાય તેથી મારો જન્મ માત્ર અન્યના ક્લેશને અર્થે જ થયો ગણાય. વીતરાગ ધર્મ ધારણ કરીને પણ ક્રોધી, વિકારી, દુર્વચન કહેનારો થાઉં તો મને દેખીને બીજા પણ ક્રોધમાં પ્રવર્તવા લાગે; તેથી ધર્મની મર્યાદાનો ભંગ કરી પાપની પરંપરા ચલાવનારાઓમાં મુખ્ય હું થયો ગણાઉં. માટે પ્રાણ જતાં પણ, ધન કે કીર્તિનો નાશ થાય તોપણ મારે ક્ષમા ગુણ તજવા યોગ્ય નથી. પૂર્વે મેં અશુભ કર્મ બાંધ્યું હતું તે પાપનું ફળ હું ભોગવું છું; સામો માણસ તો નિમિત્ત માત્ર છે. એના નિમિત્તે પાપનો ઉદય થયો ન હોત તો બીજા કોઈના નિમિત્તે થાત. ઉદયમાં આવેલું કર્મ ફળ આપ્યા વિના ટળતું નથી. આ અજ્ઞાની લોક મારા પ્રત્યે ક્રોધમાં આવી દુર્વચન આદિ વડે ઉપદ્રવ કરે છે તે વખતે હું પણ દુર્વચન આદિ વડે તેમને પ્રત્યુત્તર દઉં તો હું તત્ત્વજ્ઞાની શાનો ? અજ્ઞાની જેવો જ થયો, તો તત્ત્વજ્ઞાન શા કામમાં આવ્યું ? યથાયોગ્ય ઉદયમાં આવેલું પાપકર્મ ભોગવતાં કયો વિવેકી આત્મા ક્રોધાદિકને વશ થાય ? હે આત્મા, પૂર્વે બાંધેલું અશાતા કર્મ હમણાં ઉદયમાં આવ્યું છે, તેનો કોઈ ઉપાય નથી. તે રોકી શકાય એવું નથી એમ જાણી સમભાવથી સહન કરો. જો ભોગવતાં સંક્લેશ ભાવ કરશો તો આ દુઃખ તો ભોગવવું જ પડશે અને નવો મહાન અશાતાનો (દુઃખનો) બંધ બાંધશો. તેથી બનનાર છે તે ફરનાર નથી એમ જાણી નિઃશંક થઈ સમભાવથી સહન કરો.

આ દુષ્ટ લોક ઘણા છે, પોતાની શક્તિ વડે મારામાં ક્રોધરૂપ અગ્નિ પ્રગટાવી, સમભાવરૂપ મારી સંપત્તિનો નાશ

કરવા ઇચ્છે છે. આવા પ્રસંગમાં હું હવે અસાવધ રહી ક્ષમા છોડી દઉં તો અવશ્ય સમભાવનો નાશ કરીને ધર્મ અને યશને ખોઈ બેસીશ. તેથી દુષ્ટના સંગમાં સાવધાન રહેવું યોગ્ય છે. જ્ઞાની પુરુષને, અસહ્ય ક્લેશ ઊપજે એવા પૂર્વ કર્મના ઉદયે પણ તે કર્મ છૂટે છે એમ જાણી, હર્ષ થાય છે. તીક્ષ્ણ વચનબાણથી વીંધાતા જો હું ક્ષમા છોડી દઉં તો ક્રોધી અને હું સરખા થયા. અનેક પ્રકારનાં દુર્વચન, માર અને પીડાના પ્રયોગથી જો વેરી ઉપસર્ગ ન કરે તો પૂર્વે સંચય કરેલાં અશુભ કર્મો કેવી રીતે છૂટે ? તેથી વેરી તો ઉપકારી છે. વિવેકજ્ઞાન પ્રાપ્ત કરી જિનઆગમના ઉપકારથી સમભાવનો અભ્યાસ કર્યો છે તેની પરીક્ષા લેવા જ આ કર્મ ઉદયમાં આવ્યું છે. સમભાવની મર્યાદા ઓળંગી જો હું હવે શત્રુ પ્રત્યે ક્રોધ કરું તો જ્ઞાનનેત્ર પ્રાપ્ત થયા છતાં સમભાવ ન રાખવાથી ક્રોધરૂપ અગ્નિમાં બળી મરીશ. વીતરાગમાર્ગમાં પ્રવર્તનાર, સંસારની સ્થિતિ ઘટાડવા મથનાર હું જો કોઈનું ભૂંડું ઇચ્છું, તો સંસાર-માર્ગમાં પ્રવર્તનાર મિથ્યાદૃષ્ટિ જેવો હું પણ થયો.

દુષ્ટ જનોને ન્યાયધર્મરૂપ માર્ગ સમજાવ્યા છતાં તથા ક્ષમા ધારણ કરવાને સમજાવ્યા છતાં તે ઉપદેશ ગ્રહણ ન કરે તો પણ જ્ઞાની પુરુષો ક્રોધ કરે નહીં. ઝેર ઉતારનાર વૈદ કોઈનું ઝેર ઉતારવા અનેક ઔષધ આદિ ઉપચાર કરી વિષ દૂર કરવા ઇચ્છે છે, છતાં તેનું ઝેર ન ઊતરે તો વૈદ પોતે ઝેર ખાતો નથી કારણ કે દરદીનું ઝેર ન ઊતરે તો વૈદે ઝેર ખાઈને મરી જવું યોગ્ય નથી; તેવી રીતે જ્ઞાની જન પહેલાં દુષ્ટ જનની

પ્રકૃતિ પરખી લે છે, કે આ દુષ્ટતા છોડે એવો છે, છોડે નહીં એવો છે, કે દુષ્ટતા વધારે એવો છે. જો ઉપદેશનું વિપરીત પરિણામ આવે તેવું હોય તો તેને ઉપદેશ ન દે. પણ સમજવા લાયક તેની યોગ્યતા દેખે, તો તેને ન્યાયી અને હિત-મિત વચન કહે. હિત કહેવા છતાં કોઈ દુષ્ટતા ન તજે તો પોતે ક્રોધી ન થાય.

જ્ઞાની વિચારે કે જો દુર્વચન આદિ ઉપદ્રવ વડે આ ક્રોધી માણસે મને પજવ્યો ન હોત તો હું ઉપશમ ભાવ ધારણ કરી ધર્મનું શરણ ક્યાંથી ગ્રહણ કરત? તેથી મને પીડા દેનારે પણ પાપથી ભયભીત કરી મને ધર્મમાં જોડ્યો, મારો પ્રમાદ છોડાવી મોટો ઉપકાર કર્યો. જગતમાં કેટલાક પરોપકારી પુરુષો તો એવા હોય છે કે પરને સુખી કરવા પોતાનાં ધન કે શરીરનો પણ ત્યાગ કરે છે તો આટલાં દુર્વચન સહન કરવામાં મારું શું જાય છે? મને દુર્વચન કહેવાથી કોઈ સુખી થતો હોય તો ભલે; મને તેથી કંઈ હાનિ થવાની નથી.

જો પીડા ઉપજાવનાર પ્રત્યે ક્ષમા રાખું તો મારા આત્માનું કલ્યાણ થાય અને શત્રુના પુણ્યનો નાશ થાય; પણ જો ક્રોધ કરું તો મારું આત્મહિત નાશ પામે અને હું દુર્ગતિ પામું; તેથી પ્રાણ જતાં પણ દુષ્ટો પ્રત્યે ક્ષમા કરવી એ જ કલ્યાણકારી છે એમ સત્પુરુષો કહે છે; તેથી આત્મકલ્યાણ કરવા હું ક્ષમા જ ગ્રહણ કરું. આટલા કાળ સુધી વીતરાગ ધર્મ ધારણ કર્યો તો હવે ક્રોધાદિકના નિમિત્તોમાં સમભાવ રહે છે કે નહીં એની પરીક્ષા તો કરું. મારા પુણ્યના ઉદયથી આ દુર્વચન કહેનાર

મારફતે પરીક્ષાભૂમિ પ્રગટ થઈ છે તો મારે ક્ષમા ધારણ કરવા યોગ્ય છે. કોઈ નિર્દય માણસ મારવા તૈયાર થાય તોપણ જો મનમાં મલિન ભાવ ન થાય, સમભાવ રહે તો તે કલ્યાણનું કારણ છે, પ્રશંસવા યોગ્ય ક્ષમા છે. ઘણો કાળ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય, સારો સ્વભાવ રાખ્યો હોય પરંતુ પ્રસંગ પડ્યે સમભાવ ન રહે તો તે શાસ્ત્રાભ્યાસ કે સ્વભાવ શા કામનાં? પ્રશંસવા યોગ્ય ધીરજ તો એનું નામ કે જે દુષ્ટ જનોનાં કુવચન સાંભળતાં પણ છૂટી જાય નહીં, દૃઢ રહે. કસોટીનો વખત ન આવે ત્યાં સુધી તો સર્વ મનુષ્યો સત્ય, સંતોષ, ક્ષમા ધારણ કરે છે. પરંતુ જેમ ચંદન વૃક્ષને કુહાડો કાપે છે તો પણ કુહાડાના મુખને તે સુગંધી બનાવે છે, તેમ જે અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરે છે તેનું જીવ્યું ધન્ય છે. આવી પડેલા ઉપસર્ગ કે કોઈના કરેલા ઉપસર્ગના અવસરમાં જેના ચિત્તમાં મલિન ભાવ ઊપજતો નથી તે અવિનાશી સંપત્તિ પામે છે.

પોતાના ભાવ વડે પૂર્વે બાંધેલાં પાપકર્મો ઉદયમાં આવે ત્યારે કર્મનું ફળ જેમના નિમિત્તે મળે છે તે બાહ્ય નિમિત્તો પ્રત્યે અજ્ઞાની જન ક્રોધ કરે છે, પરંતુ પોતાના દોષ જોતા નથી. પરંતુ જ્ઞાની એમ વિચારે છે કે જે કર્મોનો નાશ થવાથી સંસારદુઃખનો નાશ થાય છે, તે કર્મો પોતે જ ફળ આપીને છૂટે છે; તો મારે રાજી થવું જોઈએ. આ સંસારરૂપ વન અનેક દુઃખથી ભરેલું છે, તેમાં વસનારે અનેક દુઃખ સહન કરવાં ઘટે છે. સંસારમાં તો દુઃખ જ છે. જ્ઞાન અને વિવેક રહિત

સત્શાસ્ત્રોના દ્વેષી, મહાનિર્દયી, પરભવ સુધારવાની ભાવના વિનાના, ક્રોધરૂપ અગ્નિથી બળતા, દુષ્ટતા ભરેલા, વિષયોની લોલુપતાથી અંધ થયેલા, હઠાગ્રહી, મહા અભિમાની, કૃતઘ્ની એવા અનેક દુષ્ટ મનુષ્યો આ સંસારમાં ન હોત તો ઉજ્જ્વળ બુદ્ધિવાળા સત્પુરુષો વ્રત, તપશ્ચરણ કરી મોક્ષને માટે પુરુષાર્થ શા માટે કરત? આવા ક્રોધી, દુર્વચન બોલનાર, હઠાગ્રહી, અન્યાયમાર્ગી મનુષ્યો વિશેષ દેખીને જ સત્પુરુષો વીતરાગી થયા છે. મહા પુણ્યના પ્રભાવથી હું પરમાત્મસ્વરૂપનો જ્ઞાતા થયો, પરમકૃપાળુ સર્વજ્ઞ ભગવાનના ઉપદેશેલા પદાર્થોનો નિર્ણય થયો, અને સંસારપરિભ્રમણ આદિથી ભયભીત થઈ વીતરાગ માર્ગમાં પ્રવર્ત્યો; તેમ છતાં જો અત્યારે હું ક્રોધને વશ થઈને વર્તીશ તો મારું જ્ઞાન, ચારિત્ર સઘળું નિષ્ફળ થશે અને ધર્મનો અપયશ ફેલાવનાર થઈને દુર્ગતિને પાત્ર થઈશ.

પદ્મનંદી મુનિએ કહ્યું છે કે મૂર્ખ માણસોએ ઉપજાવેલી બાધા-પીડા, ક્રોધનાં વચન, હાંસી, અપમાન આદિ વડે ઉત્તમ પુરુષોના મનમાં વિકાર થતો નથી, ખોટું લાગતું નથી. ઉત્તમ ક્ષમા તો તે કહેવાય અને તે ક્ષમા મોક્ષમાર્ગમાં પ્રવર્તનારને પરમ સહાય કરનાર છે.

વિવેકી જનો એમ વિચારે છે કે રાગ-દ્વેષ આદિ મળ રહિત નિર્મળ મન રહેતું હોય તો પછી અન્ય લોકો અમને ખોટા કહે કે સારા કહે; તેની સાથે અમારે શું પ્રયોજન છે? વીતરાગ ધર્મને ધારણ કરનારે તો પોતાના આત્માની શુદ્ધિ સાધવા યોગ્ય છે. જો અમારાં પરિણામ દોષવાળાં હોય, અને

અમારા કોઈ મિત્રો અમને સારા કહે, તો તેથી અમે ભલા થઈ જવાના નથી; અને અમારા ભાવ નિર્દોષ હોવા છતાં કોઈ દ્વેષબુદ્ધિથી અમને ખોટા કહે તો તેથી અમે ખોટા થઈ જવાના નથી. જેવાં અમારાં આચરણ—વર્તન હશે તેવું ફળ પ્રાપ્ત થશે. જેમ કોઈ કાચને રત્ન કહે અને રત્નને કાચ કહે, તો પણ કિંમત તો રત્નની જ ઊપજશે; કાચના કટકાની કિંમત રત્નના જેટલી કોણ આપે ?

પરમાં દોષ ન હોય તો પણ પરના દોષ કહ્યા વિના દુષ્ટ જનને ચેન પડતું નથી. તેથી મારામાં ન હોય તેવા દોષો કલ્પીને દુષ્ટ જન ઘેર ઘેર લોકોને ભલે કહ્યા કરે અને એમ કરીને ભલે સુખી થાય. જે ધનના ઇચ્છક હોય તે ભલે મારું સર્વસ્વ લઈ જઈને સુખી થાય. સ્થાનના ઇચ્છક, સ્થાન લઈને સુખી થાઓ. જે શત્રુ મારા પ્રાણ લેવાને ઇચ્છતા હોય તે મારા પ્રાણ હરણ કરીને સુખી થાઓ. હું મધ્યસ્થ છું, રાગ-દ્વેષ રહિત છું. સમસ્ત જગતનાં પ્રાણીઓ મારા નિમિત્તે સુખી થાઓ; મારા નિમિત્તે કોઈ પણ પ્રાણીને કોઈ પણ પ્રકારનું દુઃખ ન થાઓ. હું આ પોકારીને કહું છું; કારણ કે મારું જીવન તો આયુષ્ય કર્મને આધીન છે, અને ધન તથા સ્થાનનું રહેવું કે જવું, પાપ-પુણ્યને આધીન છે. કોઈ જીવ સાથે મારે વેર-વિરોધ નથી; સર્વ પ્રત્યે એક ક્ષમા છે.

હે આત્મા! મિથ્યાદૃષ્ટિ, દુષ્ટ, મૂઢ, અવિવેકી મનુષ્યે કરેલા દુર્વચન આદિ ઉપદ્રવથી ગભરાઈ જઈ તેને દુઃખ માની ખોટું લગાડે તો ત્રણ લોકના શિરોમણિ સમાન ભગવાન

વીતરાગને તેં જાણ્યા શાના? વીતરાગ ધર્મની ઉપાસના કરી ખરી? તે લોકોને મૂર્ખ જાણ્યા ખરા? મોહી, મિથ્યાદૃષ્ટિ, મૂઢજનોનું જ્ઞાન તો વિપરીત જ હોય છે; અને તે કર્મોને વશ હોય છે તેથી ક્ષમા કરવા યોગ્ય છે.

ક્ષમા આ લોકમાં પરમ શરણરૂપ છે; માતા સમાન રક્ષા કરનારી છે; વધારે શું કહીએ? જિનધર્મનું મૂળ ક્ષમા છે. સર્વ ગુણનો આધાર ક્ષમા છે. તે જ કર્મો કાપવાનું હથિયાર છે; હજારો ઉપદ્રવોને દૂર કરનારી છે; તેથી ધન જતાં કે પ્રાણ જતાં પણ ક્ષમા છોડવા યોગ્ય નથી. કોઈ દુષ્ટ આપણી ઘાત કરતો હોય તેવે વખતે પણ કડવાં વચન ન કહો. મારનાર પ્રત્યે પણ મનમાંથી વેર દૂર કરીને કહો કે તમે તો મારા ઉપકારી છો, પરંતુ મરણ આવી પહોંચ્યું છે એટલે આપ શું કરો? પાપકર્મનો ઉદય આવી પહોંચ્યો છે છતાં આટલું અહોભાગ્ય કે આપ સરખા મોટા પુરુષને હાથે મારું મરણ થાય છે. મારા જેવા અપરાધીને આપ દંડ ન દો તો ન્યાય માર્ગનો લોપ થાય. હું અપરાધનું ફળ આગળ નરક-તિર્યંચ ગતિમાં ભોગવત; તેને બદલે આપે મને અહીં જ દેવામાંથી મુક્ત કર્યો. હું મન, વચન, કાયાથી આપના પ્રત્યે વેર વિરોધ રાખતો નથી; ક્ષમા ગ્રહણ કરું છું. અને આપ પણ મને અપરાધની શિક્ષા આપી ક્ષમા ગ્રહણ કરો. રોગ આદિ કષ્ટ વેઠીને બહુ દુઃખ સહિત હું મરત, તેને બદલે ધર્મના શરણ સહિત, ઋણ રહિત થઈને આપ સજ્જનની કૃપા સહિત મરણ કરીશ. આ પ્રકારે મારનાર પ્રત્યે પણ વેર તજી સમભાવ રાખવો તે ઉત્તમ ક્ષમા છે.

## ૨. ઉત્તમ માર્દવ :–

"જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત."

—શ્રીમદ્ રાજચંદ્ર

માન કષાયથી આત્મામાં કઠોરતા આવે છે; તે કઠોરતા દૂર થતાં નમ્રતા પ્રગટે છે, તે માર્દવ નામે આત્માનો ગુણ છે. આત્મા અને માન કષાય ભિન્ન છે એમ જાણી, આત્માનો અનુભવ કરી માન કે ગર્વ તજવો તે ઉત્તમ માર્દવ ગુણ છે. માન સંસાર વધારનાર છે, અને માર્દવ સંસાર-પરિભ્રમણ ટાળનાર છે. માર્દવ દયાધર્મનું મૂળ છે અને અભિમાન પાપનું મૂળ છે. અભિમાનીમાં દયાધર્મ વસતો નથી. કઠોર હૃદય-વાળો નિર્દય હોય છે. માર્દવ ગુણ સર્વને હિતકારક છે. જેનામાં વિનય ગુણ છે તેનું જ વ્રત પાળવું, સંયમ ધરવો, જ્ઞાનનો અભ્યાસ કરવો એ સર્વ સફળ છે; અભિમાનીનાં એ બધાં નિષ્ફળ છે. માર્દવ ગુણ કષાયનો નાશ કરનાર છે, અને પાંચ ઇંદ્રિયો તથા મનને દંડ દેનાર છે. વિનય ગુણના પ્રતાપે ચિત્તરૂપી ભૂમિમાં કરુણારૂપ વેલ ઊગીને ફેલાય છે. માર્દવ ગુણથી જ વીતરાગ ભગવાન પ્રત્યે તથા તેમનાં વચનામૃત પ્રત્યે ભક્તિ ઊગે છે. અભિમાનીને વીતરાગ ભગવાનના ગુણો ઉપર અનુરાગ થતો નથી. માર્દવ ગુણથી કુમતિ ફેલાતી નથી, પણ નાશ પામે છે. અભિમાનીને બહુ કુબુદ્ધિ ઊપજે છે. માર્દવ ગુણથી પરમ વિનય પ્રવર્તે છે. વિનય વેરીને વશ કરે છે. માન ઘટે તો પરિણામની ઉજ્જ્વળતા થાય છે. કોમળ પરિણામથી આ લોક, પરલોક બન્ને સુધરે છે. આ લોકમાં

નમ્રતાવાળો સુયશ પામે છે અને પરલોકમાં તેને દેવલોકની પ્રાપ્તિ થાય છે. કોમળ પરિણામથી જ અભ્યંતર અને બાહ્ય તપ શોભે છે. અભિમાનીનું તપ પણ નિંદવા યોગ્ય છે. કોમળ પરિણામથી ત્રણ જગતના લોકોનાં મન પ્રસન્ન થાય છે. માર્દવ વડે જ જીવ વીતરાગનો સત્ય ધર્મ પામ્યો એમ જણાય છે. માર્દવ વડે સ્વ-પરના સ્વરૂપનો અનુભવ થાય છે. કઠોર પરિણામવાળાને સ્વ-પરનો વિવેક હોતો નથી. માર્દવથી જ સમસ્ત દોષોનો નાશ થાય છે. માર્દવ પરિણામ સંસાર સમુદ્રમાંથી જીવને તારે છે. તેથી માર્દવ પરિણામને સમ્યક્દર્શનનું અંગ જાણી તે નિર્મળ માર્દવ ધર્મની સ્તુતિ કરો.

સંસારી જીવોને અનાદિ કાળથી મિથ્યાદર્શનનો ઉદય ચાલ્યો આવ્યો છે તેથી પર્યાય-બુદ્ધિને લઈને જાતિ, કુળ, વિદ્યા, બલ, ઐશ્વર્ય, રૂપ, તપ અને ધનને પોતાનું સ્વરૂપ માની ગર્વિષ્ઠ થઈ રહ્યો છે. તેને એમ સમજાયું નથી કે આ જાતિ, કુળ આદિ બધાં કર્મના ઉદય પ્રમાણે પ્રગટેલા પુદ્ગલના નાશવંત વિકારો છે અને હું અવિનાશી જ્ઞાનસ્વરૂપ અરૂપી છું. અનાદિકાળમાં અનેક જાતિ, કુળ, બળ, ઐશ્વર્ય આદિ પામી પામીને મૂકતો આવ્યો છું. એમાં હવે મારાં કોને માનું? ધન, યૌવન, ઇંદ્રિયજનિત જ્ઞાન આદિ સર્વ વિનાશી છે, ક્ષણભંગુર છે તેનો ગર્વ કરવો તે સંસાર-પરિભ્રમણનું કારણ છે.

આ સંસારમાં સ્વર્ગલોકના મહાઋદ્ધિવાળા દેવો મરીને એક સમયમાં એકેન્દ્રિયમાં આવીને ઊપજે છે કે કાગડા,

કૂતરા, ચંડાળ આદિના ભવ પામે છે. નવ નિધાન, ચૌદ રત્નના ધારક ચક્રવર્તી મરીને એક સમયમાં સાતમી નરકને વિષે નારકી થાય છે. બળભદ્ર-નારાયણનાં ઐશ્વર્ય પણ નાશ પામ્યાં તો સામાન્ય માણસની વાત જ શી કરવી? જેની હજારો દેવો સેવા કરે તેવાનું પુણ્ય ક્ષય થયું ત્યારે પાણી પાનાર પણ એકે માણસ ન રહ્યું તો બીજા પુણ્યહીન જીવો કેમ મદોન્મત્ત બની રહ્યા છે?

ઉત્તમ જ્ઞાન વડે જગતમાં પ્રધાન ગણાતા, ઉત્તમ તપશ્ચર્યા કરવામાં ઉદ્યમી અને મહા દાનવીર પુરુષો પણ પોતાના આત્માને અતિ નીચો માને છે, તેમને માર્દવ ધર્મ પ્રગટે છે. વિનયભાવ, નિર્માનીપણું એ સર્વ ધર્મનું મૂળ છે, સર્વ સમ્યક્જ્ઞાનાદિ ગુણોનો આધાર છે. જો સમ્યક્દર્શનાદિ ગુણો પ્રાપ્ત કરવા હોય, પોતાનો ઉજ્જ્વળ યશ વિસ્તારવો હોય અને વેરનો નાશ કરવો હોય તો ગર્વ તજી, નમ્રતા ગ્રહણ કરો. ગર્વ ગળ્યા વિના વિનયાદિ ગુણ, વચનની મધુરતા, પૂજ્ય પુરુષોનો આદર-સત્કાર, દાન, સન્માન આદિ એકે ગુણ પ્રાપ્ત નહીં થાય.

અભિમાનીના વગર વાંકે સર્વ વેરી બને છે, તેની સર્વ નિંદા કરે છે, સર્વ લોક તેની પડતી થાય એમ ઇચ્છે છે. શેઠ અભિમાની નોકરને કાઢી મૂકે છે. ગુરુજનો અભિમાનીને વિદ્યા આપવા તત્પર થતા નથી. અભિમાનીથી નોકરો પણ વિમુખ રહે છે. મિત્ર, ભાઈ, વડીલ, પડોશી વગેરે તેની પડતી ઇચ્છે છે. પિતા, ગુરુ, ઉપાધ્યાય તો પુત્ર કે શિષ્યને વિનયી દેખીને આનંદ પામે છે. અવિનયી, અભિમાની પુત્ર કે શિષ્ય

મોટા પુરુષના મનમાં સંતાપ પેદા કરે છે. પુત્ર, શિષ્ય તથા સેવકનો તો એ જ ધર્મ છે કે નવું કાર્ય કરતા પહેલાં પિતા, ગુરુ કે શેઠને જણાવવું, આજ્ઞા માગવી પણ આજ્ઞાનો અવસર ન મળે તો અવસર દેખે કે તરત જ જણાવે, તે જ વિનય છે, તે જ ભક્તિ છે.

જેને માથે ગુરુ બિરાજે છે તે ભાગ્યશાળી છે. વિનયવંત માનરહિત પુરુષ સર્વ કાર્ય ગુરુને જણાવી દે છે. આ કળિકાળમાં મદ રહિત કોમળ પરિણામ સહિત સર્વત્ર પ્રવર્તે છે તેને ધન્ય છે. ઉત્તમ પુરુષો બાળક, વૃદ્ધ, નિર્ધન, રોગી, મૂર્ખ, નીચ પ્રત્યે પણ યથાયોગ્ય પ્રિય વચન, આદર-સત્કાર, સ્થાન, દાન આપવાનું કદી ચૂકતા નથી. ઉત્તમ જનો ઉદ્ધતતા જણાય તેવાં વસ્ત્ર, આભરણ પહેરે નહીં. ઉદ્ધતપણે બીજાનું અપમાન થાય તેમ લેણ, દેણ, વિવાહ આદિ વ્યવહાર કાર્ય કરે નહીં. ઉદ્ધતાઈથી અભિમાનભરી ચાલ, નજર, વચન, ઊઠવું, બેસવું દૂરથી છોડી દે તેને લોકમાન્ય માર્દવ ગુણ પ્રગટે છે.

ધન, રૂપ, જ્ઞાન, વિદ્યા-કલા-ચતુરાઈ, ઐશ્વર્ય, બળ, જાતિ, કુળ, લોકમાન્યતા આદિ ગુણો મળ્યા તે સફળ ક્યારે ગણાય કે જો તે ઉદ્ધતતારહિત, અભિમાનરહિત, નમ્રતા સહિત, વિનય સહિત પ્રવર્તે, પોતાના મનમાં પોતાને સર્વથી લઘુ માને તો. એ ધનાદિ સર્વ પ્રાપ્ત થવાં કર્મને આધીન છે, પુણ્યથી પ્રાપ્ત થાય છે એમ જાણે તે તેનો ગર્વ કેમ કરે? ન કરે. હે ભવ્યજનો! સમ્યક્દર્શનનું અંગ આ માર્દવ ધર્મ જાણી તેની સ્તુતિ, ભાવના, ધ્યાન કરો.

## ૩. ઉત્તમ આર્જવ :–

"સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે."

—શ્રીમદ્ રાજચંદ્ર

ધર્મનું શ્રેષ્ઠ લક્ષણ આર્જવ છે. આર્જવ એટલે સરળતા. મન, વચન, કાયાના કુટિલપણાનો અભાવ તે આર્જવ છે. આર્જવ ધર્મ પાપનો નાશ કરનાર, અને સુખ ઉત્પન્ન કરનાર છે. તેથી કુટિલ સ્વભાવ છોડી કર્મનો ક્ષય કરનાર આર્જવ ધર્મ ધારણ કરો. કુટિલતા અશુભ કર્મનો બંધ કરાવનાર અને જગતમાં અતિ નિંદવા લાયક છે. તેથી આત્માનું કલ્યાણ ઇચ્છનારે આર્જવ ધર્મનું અવલંબન લેવું ઘટે છે. જેવું મનમાં ચિંતવ્યું હોય, તેવું જ બીજાને વચનથી કહેવું, અને તે પ્રમાણે કાયાએ કરીને વર્તવું, તે સુખની ખાણરૂપ આર્જવ ધર્મ છે. માયાચારરૂપ શલ્ય મનમાંથી દૂર કરી, ઉજ્જ્વળ, પવિત્ર આર્જવ ધર્મનો વિચાર કરો. કેમકે માયાચારીનાં વ્રત, તપ, સંયમ સર્વ નિરર્થક છે. આર્જવ ધર્મ મોક્ષમાર્ગમાં મિત્રરૂપ છે. કુટિલ વચન ન બોલે તેને આર્જવ ધર્મ પ્રાપ્ત થાય છે. આર્જવ ધર્મ છે તે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું અભેદ સ્વરૂપ છે; અતીંદ્રિય સુખનો ખજાનો છે; અતીંદ્રિય અવિનાશી સુખ પ્રાપ્ત કરાવવા સમર્થ છે; સંસારસમુદ્ર તરવાનું જહાજ છે.

માયાચાર પ્રગટ થાય ત્યારે પ્રીતિનો ભંગ થાય છે. મીઠાથી દૂધ ફાટી જાય છે તેમ માયાકપટ કરનાર પોતાનું કપટ છુપાવવા બહુ પ્રયત્ન કરે છે તોપણ આખરે ઉઘાડું પડ્યા વિના રહેતું નથી. બીજાની ચાડી ખાય કે છાની નિંદા

કરે તે આપોઆપ પ્રગટ થઈ જાય છે. તેથી માયાકપટ કરવું તે પોતાની આબરૂ બગાડવા બરાબર છે; ધર્મ બગાડવારૂપ છે. કપટીના સર્વ મિત્રો આપોઆપ શત્રુ થઈ જાય છે. કોઈ વ્રત પાળનાર, તપ કરનાર ત્યાગી હોય તેનું કપટ એક વાર જગતમાં જાહેર થાય તો તેને સર્વ લોક અધર્મી માની તેનો વિશ્વાસ કોઈ કરતું નથી. કપટીની મા પણ તેનો વિશ્વાસ રાખતી નથી. કપટી માણસ મિત્રદ્રોહી, સ્વામીદ્રોહી, કૃતઘ્ની છે. વીતરાગ ધર્મ તો છળ-કપટ રહિત છે. વાંકા મ્યાનમાં જેમ સીધી તરવાર પેસી શકે નહીં, તેમ વક્રપરિણામીના હૃદયમાં વીતરાગનો આર્જવ એટલે સરળ ધર્મ પ્રવેશ કરી શકતો નથી. કપટીના બન્ને લોક બગડે છે. તેથી જો યશની ઇચ્છા હોય, આબરૂની ઇચ્છા હોય, ધર્મની ઇચ્છા હોય તો માયા કપટનો ત્યાગ કરી આર્જવ ધર્મ ધારણ કરો. નિષ્કપટીની પ્રશંસા તેના વેરી પણ કરે છે. કપટ રહિત, સરળ ચિત્તથી અપરાધ થયો હોય તો પણ દંડ દેવા યોગ્ય નથી. આર્જવ ધર્મનો ધારક તો પરમાત્મસ્વરૂપના અનુભવ માટે સંકલ્પ કરે છે; કષાય જીતવાનો, સંતોષી થવાનો સંકલ્પ કરે છે; જગતના પ્રપંચોનો ત્યાગ કરે છે, આત્માને એક ચૈતન્ય માત્ર જાણે છે. જે ધન, સંપત્તિ, કુટુંબ આદિને પોતાનાં માને છે તે જ છળ, કપટ, ઠગાઈ કરે છે. પરદ્રવ્યથી પોતાને ભિન્ન એકલો જાણે તે ધન કે જીવનને અર્થે કદી કપટ કરે નહીં. તેથી આત્માને સંસાર-પરિભ્રમણથી મુક્ત કરવા ઇચ્છતા હો તો માયાચારનો ત્યાગ કરી આર્જવ ધર્મ ધારણ કરો.

## ૪. ઉત્તમ સત્ય :–

"ધર્મ, નીતિ, રાજ અને વ્યવહાર એ સત્ય વડે પ્રવર્તન કરી રહ્યાં છે."

—શ્રીમદ્ રાજચંદ્ર

સત્ય વચન છે તે જ ધર્મ છે; સત્ય વચન દયાધર્મનું મૂળ કારણ છે, અનેક દોષો દૂર કરનાર છે, આ ભવમાં તથા પરભવમાં સુખી કરનાર છે; સર્વને વિશ્વાસ ઊપજવાનું કારણ છે. સર્વ ધર્મોમાં સત્ય વચન મુખ્ય મનાયું છે; સંસાર સમુદ્ર ઓળંગવાનું તે જહાજ છે; સર્વ સદાચરણોમાં સત્ય ઉત્તમ છે; સત્ય જ સમસ્ત સુખનું કારણ છે. મનુષ્યજન્મની શોભા સત્ય છે. સત્ય વડે સર્વ પુણ્ય કાર્યો દીપે છે; અસત્યવાદીનું મહા પુણ્ય કાર્ય પણ પ્રશંસાપાત્ર બનતું નથી. સર્વ ગુણોના સમૂહનો મહિમા સત્યને લઈને છે. સત્યના પ્રતાપે દેવ જેવા સેવા કરે છે. સત્યને આધારે અણુવ્રત કે મહાવ્રત રહેલાં છે. સત્ય વિના વ્રત, સંયમ નિષ્ફળ છે. સત્યના પ્રભાવથી સર્વ સંકટોનો નાશ થાય છે. તેથી જે વચન પોતાને અને પરને હિતકારક હોય તેવાં બોલવાં. કોઈને દુઃખ ઊપજે તેવાં વચન ન બોલવાં. પરને પીડાકારી વચન સાચું હોય તોપણ ન કહેવું. અભિમાન રહિત બોલો, પરમાત્માની પ્રતીતિ કરાવનાર વચનો બોલો; પરંતુ પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક કંઈ નથી એવા ભાવાર્થનાં નાસ્તિક વચનો ન બોલો.

પરમાગમ ઉપદેશે છે કે આ જીવ અનંતાનંત કાળ તો નિગોદમાં જ રહ્યો. ત્યાં વચનરૂપ કર્મ-વર્ગણા જ ગ્રહણ કરી

નથી. કારણ કે પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, અને વનસ્પતિકાયમાં અનંત કાળ કે અસંખ્યાત કાળ રહ્યો ત્યાં તો જિહ્વા ઇંદ્રિય જ પામ્યો નહીં, બોલવાની શક્તિ પણ પામ્યો નહીં. બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિય એ ચાર વિકલચતુષ્ક અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ (પશુ, પક્ષી)માં જિહ્વા ઇંદ્રિય તો પામ્યો, પણ અક્ષરસ્વરૂપ શબ્દો બોલવાની શક્તિ પ્રાપ્ત થઈ નહીં. એક મનુષ્યપણામાં વચન બોલવાની શક્તિ પ્રગટ થાય છે. આવી દુર્લભ વચનશક્તિ અસત્ય બોલીને બગાડી દેવી એ મહા અનર્થ છે. મનુષ્યભવનો મહિમા તો વચન વડે જ છે. નાક, કાન, જીભ, આંખ તો પશુને પણ હોય છે; ખાવું-પીવું, કામ-ભોગ આદિ પુણ્ય-પાપ પ્રમાણે ઢોરને પણ પ્રાપ્ત થાય છે; આભરણ, વસ્ત્ર આદિ કૂતરાં, વાંદરા, ગધેડા, ઘોડા, ઊંટ, બળદ ઇત્યાદિને પણ પ્રાપ્ત થાય છે. પરંતુ વચન બોલવાની શક્તિ, સાંભળીને સમજવાની શક્તિ તથા ઉત્તર દેવાની શક્તિ તેમજ ભણવા, ભણાવવામાં ઉપયોગી વચન-શક્તિ તે મનુષ્ય જન્મમાં જ મળે છે. માટે મનુષ્ય જન્મ પામીને જેણે વચન બગાડ્યું તેણે આખો ભવ બગાડ્યો. મનુષ્ય જન્મમાં લેવું-દેવું, કહેવું-સાંભળવું, પ્રતીતિ-પરીક્ષા, ધર્મ-કર્મ, પ્રીતિ-વેર વગેરે પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ કાર્યો વચનને આધીન છે. જેણે વચન બગાડ્યું તેણે તો બધો મનુષ્ય જન્મનો વ્યવહાર બગાડી દૂષિત કર્યો. માટે પ્રાણ જતાં પણ પોતાનું વચન દૂષિત ન કરો.

પરમાગમમાં ચાર પ્રકારનાં અસત્ય વચન કહ્યાં છે તેનો ત્યાગ કરવો :

(૧) વસ્તુ હોય તેને નથી એમ કહેવું તે પ્રથમ અસત્ય છે. જેમકે કર્મભૂમિનાં મનુષ્ય, તિર્યંચનું અકાળ મરણ નથી થતું. આ વચન અસત્ય છે; કેમકે દેવ, નારકી તથા ભોગભૂમિનાં મનુષ્ય- તિર્યંચ તો આયુષ્ય સ્થિતિ પૂરી થયે જ મરે છે. તે પહેલાં આયુષ્ય તૂટતું નથી; બાંધેલી સ્થિતિ ભોગવીને જ મરે છે. પણ કર્મભૂમિનાં મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય તો વિષ ખાવાથી, મારથી, છેદવાથી, બાંધવાથી, તીવ્ર રોગની વેદનાથી, લોહીનો નાશ થવાથી, દુષ્ટ મનુષ્ય, દુષ્ટ તિર્યંચ કે ભયંકર દેવે કરેલા ઉપસર્ગથી થયેલા ભયથી, વીજળી પડવાથી, પોતાના દેશના કે પરદેશના લશ્કર વગેરેના ભયથી, શસ્ત્રના ઘાથી, પર્વત ઉપરથી પડતું મૂકવાથી, અગ્નિ, પવન, પાણી, કલહ કે તકરારથી થતા ક્લેશથી, ધુમાડાથી, શ્વાસોચ્છ્વાસ રૂંધાઈ જવાથી અથવા આહાર-પાણી આદિ બંધ થવાથી આયુષ્યનો નાશ થાય છે. આયુષ્યની લાંબી સ્થિતિ પણ વિષ ખાવાથી, લોહીના નાશથી, ભયથી, શસ્ત્રના ઘાથી, સંક્લેશ કે ત્રાસથી, શ્વાસ રૂંધાવાથી, અન્ન જળના અભાવથી તત્કાળ નાશ પામે છે. કેટલાક લોક કહે છે કે આયુષ્ય પૂરું થયા વિના મરણ થતું નથી તો તેમને પૂછવું કે બાહ્ય નિમિત્તથી આયુષ્ય તૂટતું ન હોય તો વિષ ખાતાં કોણ ડરે? વિષ ખાનારને ઊલટી કેમ કરાવે છે? શસ્ત્રથી ઘા કરનારનો ડર શાને લાગે છે? સાપ, સિંહ, હાથી તથા દુષ્ટ મનુષ્ય કે પશુ આદિથી દૂર કેમ જતા રહે છે? નદી, સમુદ્ર, કૂવા, વાવડીમાં તથા અગ્નિની જ્વાળામાં પડતાં કેમ ડરે છે? રોગનો ઉપાય કેમ કરે છે? વધારે શું કહેવું?

આયુષ્યની ઘાત થવાનાં બાહ્ય કારણો મળી જાય તો આયુષ્યની ઘાત થઈ જાય એ નિશ્ચય છે. આયુષ્યકર્મની પેઠે બીજાં કર્મ પણ બાહ્ય કારણ મળતાં જ ઉદયમાં આવે છે. સર્વ જીવોને પુણ્ય અને પાપ કર્મો સત્તામાં હોય છે. બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ આદિ પરિપૂર્ણ સામગ્રી મળતાં કર્મ પોતાનું ફળ અવશ્ય આપે છે. બાહ્ય નિમિત્ત ના મળે તો ઉદયમાં ન આવે તથા રસ દીધા વિના નિર્જરે છે, છૂટે છે.

(૨) જે ન હોય તે છે એમ પ્રગટ કરવું તે બીજું અસત્ય છે, જેમકે દેવોનું અકાળ મૃત્યુ થાય છે એમ કહેવું; દેવોને માંસાહારી કહેવા તથા મનુષ્યસ્ત્રી દેવ સાથે કામ-ભોગ ભોગવે છે કે દેવાંગના સાથે મનુષ્ય કામ-ભોગ ભોગવે છે એમ કહેવું એ બીજું અસત્ય છે.

(૩) વસ્તુનું સ્વરૂપ હોય તેથી વિપરીત સ્વરૂપ કહેવું તે ત્રીજું અસત્ય છે.

(૪) ગર્હિત-નિંદાનાં વચન કહેવાં તે ચોથું અસત્ય છે. ગર્હિત વચનના ત્રણ ભેદ છે : ૧. ગર્હિત, ૨. સાવદ્ય અને ૩. અપ્રિય.

૧. પૈશુન્ય, હાસ્ય, કર્કશ, અસમંજસ, પ્રલપિત ઇત્યાદિ સૂત્ર વિરુદ્ધ વચન ગર્હિત વચન ગણાય છે.

પરનામાં હોય કે ન હોય તેવા દોષો તેની પૂઠ પાછળ કહેવા, તથા કોઈના ધનનો, આજીવિકાનો કે પ્રાણનો નાશ થાય, તથા જગતમાં કોઈની નિંદા, અપવાદ ફેલાય એવાં વચન કહેવાં તે પૈશુન્ય નામે ગર્હિત વચન છે.

મશ્કરી કરવા વિકારી વચન બોલવાં તથા સાંભળનારને પાપમાં પ્રેરનાર અને પ્રેમ ઊપજે તેવાં વચન તે હાસ્ય નામે ગર્હિત અસત્ય વચન છે.

કોઈને એમ કહેવું કે તું મંદ છે, મૂર્ખ છે, અજ્ઞાની છે, ઇત્યાદિ કર્કશ વચન છે.

દેશ, કાળને યોગ્ય નહીં તેવાં પોતાને અને પરને મહા સંતાપ ઉપજાવનાર વચન અસમંજસ વચન છે.

પ્રયોજન વગર ઉદ્ધતપણે બકવાદ કરવો તે પ્રલપિત વચન છે.

૨. જે વચનથી પ્રાણીઓની ઘાત થાય, દેશમાં ઉપદ્રવ થાય, દેશ લૂંટાઈ જાય, કલહ, કંકાસ, લડાઈ મંડાય, ખેદ પામીને મરી જાય કે મારી જાય, વૈર બંધાય, છકાય જીવની ઘાતનો પ્રારંભ થાય, મહા હિંસામાં પ્રવૃત્તિ થાય તે સાવદ્ય વચન કહેવાય છે. કોઈને ચોર, વ્યભિચારી વગેરે સાવદ્ય વચન કહેવાં એ દુર્ગતિનું કારણ છે, તેથી તજવા યોગ્ય છે.

૩. સત્યવાદી નીચે જણાવેલા દશ ભેદવાળી, અપ્રિય વચન નામની અસત્ય ભાષા પણ તજે છે.

અપ્રિય વચનના દશ ભેદ : કર્કશ, કટુક, પરુષ, નિષ્ઠુર, પરકોપણી, મધ્યકૃષ, અભિમાની, અનયંકર, છેદંકર અને ભૂતવધકર.

તું મૂર્ખ છે, આખલો છે, ઢોર છે, હે મૂર્ખ! તું શું સમજે, ઇત્યાદિ કર્કશ ભાષા છે.

તું કજાત છે, હલકી વર્ણનો છે, અધર્મી છે, મહા પાપી છે, અસ્પૃશ્ય છે, અપશુકનિયાળ છે ઇત્યાદિ ઉદ્વેગકારી વચનોને કટુક ભાષા કહે છે.

તું આચારભ્રષ્ટ છે, ભ્રષ્ટાચારી છે, મહા દુષ્ટ છે ઇત્યાદિ મર્મછેદક પરુષ ભાષા છે.

તને મારી નાખીશું, તારું નાક કાપીશું, તને ડામ દઈશું, તારું માથું કાપીશું, તને ખાઈ જઈશું ઇત્યાદિ નિષ્ઠુર ભાષા છે.

હે નિર્લજ્જ! વર્ણશંકર! તારી જાતિ, કુળ, આચારનું ઠેકાણું નથી, જોયું તારું તપ, તું કુશીલ છે, લંપટ છે, હસવા યોગ્ય છે, મહા નિંદ્ય છે, અભક્ષ્ય ભક્ષણ કરનાર છે, તારું નામ લેતાં લાજી મરાય છે, ઇત્યાદિ પરકોપણી ભાષા છે.

જે વચન સાંભળતાં જ સાંધા ગગડી જાય તે મધ્યકૃષ ભાષા છે.

પોતાને મોઢે પોતાના ગુણ ગાવા, પરના દોષ પ્રગટ કરવા, પોતાનાં કુળ, જાતિ, બળ, રૂપ, વિજ્ઞાન આદિ મદ દર્શાવવા વચન બોલવાં તે અભિમાની ભાષા છે.

શીલખંડન કરાવનારી અને વેર બંધાવનારી અનયંકર ભાષા છે.

વીર્ય, શીલગુણ આદિને નિર્મૂળ કરનારી, જૂઠા દોષ પ્રગટ કરનારી, જૂઠાં આળ ચઢાવનારી છેદંકર ભાષા છે.

જે વચન સાંભળી અસહ્ય ઘા લાગી જાય અથવા પ્રાણ છૂટી જાય તે ભૂતવધકર ભાષા છે.

આ દશ પ્રકારનાં નિંદ્ય વચન ત્યાગવા યોગ્ય છે.

સ્ત્રીઓના હાવભાવ, વિલાસ-વિભ્રમ, રૂપ, ક્રીડા, વ્યભિચાર જણાવનારી, કામને જગાડનારી અને બ્રહ્મચર્યનો નાશ કરનારી કથા તે સ્ત્રીકથા છે. ભોજન-પાનમાં રાગ કરાવે તેવી કથા તે ભોજનકથા છે. રૌદ્ર કર્મનું વર્ણન કરે તેવી કથા તે રાજકથા છે. તથા ચોરોની કથા, મિથ્યાદૃષ્ટિ કુલિંગીની કથા, ધંધાની-કમાવાની કથા, વેરી, દુષ્ટનો તિરસ્કાર કરવાની કથા, હિંસાને પોષનાર શાસ્ત્રની કથા એ સર્વ કથાઓ કહેવા યોગ્ય નથી, સાંભળવા યોગ્ય નથી. પાપ બંધાવનારી અપ્રિય ભાષા તજવા યોગ્ય છે.

હે જ્ઞાની! એ ચાર પ્રકારની નિંદ્ય ભાષા ક્રોધને વશ થઈને, લોભને વશ થઈને, મદને વશ થઈને, ભયથી, દ્વેષથી કદી ન કહો. પોતાને અને પરને હિતકારી વચન બોલો. આ જીવને હિતરૂપ, અર્થવાળાં, મધુર વચન જેટલું સુખ ઉપજાવે છે, નિરાકુળ કરે છે, દુઃખ દૂર કરે છે તેટલું સુખ ઉપજાવનાર, શાંતિ આપનાર, દુઃખ દૂર કરનાર ચંદ્રકાંતમણિ, જળ, ચંદન, મોતી વગેરે કોઈ પદાર્થ નથી. પોતાના બોલવાથી ધર્મનું રક્ષણ થતું હોય, પ્રાણીઓ ઉપર ઉપકાર થતો હોય, ત્યાં વગર પૂછ્યે પણ બોલવું. જ્યાં સ્વપરનું હિત થતું ન હોય ત્યાં મૌન ધારણ કરવું યોગ્ય છે.

સત્ય વચનથી સર્વ વિદ્યાઓ સિદ્ધ થાય છે, વિદ્યા દેનાર અને લેનાર સત્યવાદી હોય તો વિદ્યા સિદ્ધ થાય છે. કર્મોની નિર્જરા થાય છે. સત્યના પ્રભાવથી અગ્નિ, જળ, વિષ, સિંહ, સાપ, દુષ્ટ દેવ-મનુષ્ય આદિની બાધા ઊપજતી નથી. સત્યના

પ્રભાવથી દેવ વશ થાય છે, પ્રીતિ, પ્રતીતિ દૃઢ થાય છે. સત્યવાદી માતા સમાન વિશ્વાસ કરવા લાયક છે, ગુરુની પેઠે પૂજવા યોગ્ય છે, મિત્ર સમાન પ્રિય લાગે છે, ઉજ્જ્વળ યશ પ્રાપ્ત કરે છે. તપ સંયમ આદિ સર્વ ગુણો સત્યવચનથી શોભે છે.

વિષ ભળવાથી મિષ્ટ ભોજનનો નાશ થાય છે, તેમ અસત્ય વચનથી અપ્રતીતિ, અપકીર્તિ, અપવાદ, પોતાને અને પરને દુઃખ, અરતિ, કલહ, વેર, શોક, વધ, બંધન, મરણ, જિહ્વાછેદન, સર્વસ્વહરણ, કેદની સજા, દુર્ધ્યાન, અકાળ મૃત્યુ, વ્રત-તપ-શીલ-સંયમનો નાશ, નરક આદિ દુર્ગતિ, ભગવાનની આજ્ઞાનો ભંગ, પરમાગમથી વિમુખતા, ઘોર પાપ ઇત્યાદિ હજારો દોષો પ્રગટ થાય છે.

હે જ્ઞાનીજન! જગતમાં પ્રિય, હિતકર, મધુર વચન બહુ ભર્યાં છે; સુંદર શબ્દોની ખોટ નથી; તો નિંદ્ય વચન શા માટે બોલવાં? નીચ પુરુષને બોલવા લાયક 'રે, તું' ઇત્યાદિ તોછડાં ટુંકારા ભર્યાં વચન પ્રાણ જતાં પણ ન બોલો. અધમપણું કે ઉત્તમપણું વચન પરથી જ પરખાઈ આવે છે. નીચ જાતિનાં લોક બોલે તેવાં નિંદ્ય વચન છોડીને પ્રિય, હિતકર, મધુર, સામાને અનુકૂળ, ધર્મમય વચન બોલો.

જે અન્યને દુઃખદાયી વચન કહે છે, ખોટાં આળ ચઢાવે છે તેના પાપે અહીં જ તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે, જીભ જૂઠી પડી જાય છે, આંધળા થાય છે, પાંગળા થાય છે, દુર્ધ્યાનથી મરીને નરક તિર્યંચ આદિ દુર્ગતિનો યોગ થાય છે;

**અને સત્યના પ્રભાવથી અહીં જ ઉજ્જ્વળ યશ, વચનસિદ્ધિ, દ્વાદશાંગ આદિ શ્રુતજ્ઞાન પામીને પરભવમાં ઇંદ્રાદિક મહર્દ્ધિક દેવ થઈને, તીર્થંકર આદિ ઉત્તમ પદ પામીને નિર્વાણ પામે છે. તેથી ઉત્તમ સત્યધર્મ ધારણ કરો.***

---

*"વસ્તુનું યથાર્થ સ્વરૂપ જેવું જાણવું, અનુભવવું તેવું જ કહેવું તે સત્ય બે પ્રકારે છે. 'પરમાર્થસત્ય અને વ્યવહારસત્ય'

પરમાર્થસત્ય એટલે આત્મા સિવાય બીજો કોઈ પદાર્થ આત્માનો થઈ શકતો નથી, એમ નિશ્ચય જાણી, ભાષા બોલવામાં વ્યવહારથી દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ આદિ વસ્તુઓના પ્રસંગમાં બોલતાં પહેલાં એક આત્મા સિવાય બીજું કાંઈ મારું નથી, એ ઉપયોગ રહેવો જોઈએ. અન્ય આત્માના સંબંધી બોલતાં આત્મામાં જાતિ, લિંગ અને તેવા ઔપચારિક ભેદવાળો તે આત્મા ન છતાં માત્ર વ્યવહારનયથી કાર્યને માટે બોલાવવામાં આવે છે; એવા ઉપયોગ-પૂર્વક બોલાય તો તે પારમાર્થિક સત્ય ભાષા છે એમ સમજવાનું છે.

૧. દૃષ્ટાંત :— એક માણસ પોતાના આરોપિત દેહની, ઘરની, સ્ત્રીની, પુત્રની કે અન્ય પદાર્થની વાત કરતો હોય તે વખતે સ્પષ્ટપણે તે તે પદાર્થથી વક્તા હું ભિન્ન હું, અને તે મારાં નથી, એમ સ્પષ્ટપણે બોલનારને ભાન હોય તો તે સત્ય કહેવાય.

૨. દૃષ્ટાંત :— જેમ કોઈ ગ્રંથકાર શ્રેણિક રાજા અને ચેલણા રાણીનું વર્ણન કરતો હોય; તો તેઓ બન્ને આત્મા હતા અને માત્ર શ્રેણિકના ભવ આશ્રયી તેમનો સંબંધ, અગર સ્ત્રી, પુત્ર, ધન, રાજ્ય વગેરેનો સંબંધ હતો; તે વાત લક્ષમાં રાખ્યા પછી બોલવાની પ્રવૃત્તિ કરે એ જ પરમાર્થસત્ય.

વ્યવહારસત્ય આવ્યા વિના પરમાર્થસત્ય વચન બોલવાનું બને તેમ ન હોવાથી વ્યવહારસત્ય નીચે પ્રમાણે જાણવાનું છે :—

## ૫. ઉત્તમ શૌચ :–

"ઉત્તમ શૌચ સદા જગ જાના,
લોભ પાપકા બાપ બખાના."

શૌચ એટલે પવિત્રતા, ઉજ્જ્વળતા. બહિરાત્મા, દેહની ઉજ્જ્વળતા માટે સ્નાનાદિ કરવું તેને શૌચ કહે છે. પરંતુ હાડકાં, માંસ, ચરબી, લોહી, મજ્જા, વીર્ય અને ચામડી એ સાત ધાતુમય શરીર મળ-મૂત્રથી ભરેલું છે તે પાણીથી ધોયા છતાં પવિત્ર થતું નથી. મળનો બનાવેલો ઘડો મળથી ભર્યો હોય તેને ઉપરથી પાણી વડે ધોયા છતાં શુદ્ધ થતો નથી, તેમ શરીર પણ શુદ્ધ પાણીથી ધોવાથી પવિત્ર થતું નથી; પવિત્ર માનવું વૃથા

---

જેવા પ્રકારે વસ્તુનું સ્વરૂપ જોવાથી, અનુભવવાથી, શ્રવણથી અથવા વાંચવાથી આપણને અનુભવવામાં આવ્યું હોય તેવા જ પ્રકારે યથાતથ્યપણે વસ્તુનું સ્વરૂપ કહેવું અને તે પ્રસંગે વચન બોલવું તેનું નામ વ્યવહારસત્ય.

દૃષ્ટાંત :- જેમકે અમુક માણસનો લાલ અશ્વ જંગલમાં દિવસે બાર વાગ્યે દીઠો હોય, અને કોઈના પૂછવાથી તે જ પ્રમાણે યથાતથ્ય વચન બોલવું તે વ્યવહારસત્ય. આમાં પણ કોઈ પ્રાણીના પ્રાણનો નાશ થતો હોય, અગર ઉન્મત્તતાથી વચન બોલાયું હોય, યદ્યપિ ખરું હોય તોપણ અસત્ય તુલ્ય જ છે એમ જાણી પ્રવર્તવું. સત્યથી વિપરીત તેને અસત્ય કહેવાય છે......

આત્મા ધારે તો સત્ય બોલવું કંઈ કઠણ નથી. વ્યવહારસત્ય ભાષા ઘણી વાર બોલવામાં આવે છે, પણ પરમાર્થસત્ય બોલવામાં આવ્યું નથી; માટે આ જીવનું ભવભ્રમણ મટતું નથી. સમ્યક્ત્વ થયા બાદ અભ્યાસથી પરમાર્થસત્ય બોલવાનું થઈ શકે છે; અને પછી વિશેષ અભ્યાસે સહજ ઉપયોગ રહ્યા કરે છે." –શ્રીમદ્ રાજચંદ્ર

છે. શૌચ ધર્મ તો આત્માને ઉજ્જ્વળ કરવાથી પ્રગટે છે. લોભથી, હિંસાથી આત્મા અત્યંત મલિન થઈ રહ્યો છે તેથી લોભનો અભાવ થયે આત્મા પવિત્ર થાય છે. જે પોતાના આત્માને દેહથી ભિન્ન, જ્ઞાનઉપયોગ-દર્શનઉપયોગમય, અખંડ, અવિનાશી, જન્મ-જરા-મરણ રહિત, ત્રણે લોકના સર્વ પદાર્થોનો પ્રકાશક સદા કાળ અનુભવ કરે છે, ચિંતવે છે તેને શૌચ ધર્મ હોય છે. વળી મનને માયાચાર, લોભ આદિના ત્યાગથી ઉજ્જ્વળ કરવું તે શૌચ ધર્મ છે. જેનું મન કામ-લોભ આદિથી મલિન હોય તેને શૌચ ધર્મ હોતો નથી. ધનની લંપટતાના ત્યાગથી શૌચ ધર્મ પ્રગટે છે. પરિગ્રહની મમતા છોડી, ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ કરી, તપશ્ચર્યામાં પ્રવર્તવું તે શૌચ ધર્મ છે. બ્રહ્મચર્ય ધારણ કરવું તે શૌચ ધર્મ છે. આઠ પ્રકારના મદથી રહિત વિનયવાળા થવું તે પણ શૌચ ધર્મ છે. અભિમાની, મદ સહિત હોય તે મહા મલિન છે, તેને શૌચ ધર્મ ક્યાંથી પ્રગટે? વીતરાગ સર્વજ્ઞના પરમ આગમનો અનુભવ કરીને અંતરમાં રહેલા મિથ્યાત્વ, કષાય આદિ મળને ધોવા તે શૌચ ધર્મ છે. ઉત્તમ ગુણોની અનુમોદનાથી શૌચ ધર્મ પ્રગટે છે. ભાવપૂર્વક ઉત્તમ પુરુષોના ગુણોનું ચિંતવન કરવાથી આત્મા ઉજ્જ્વળ થાય છે. કષાયમળના અભાવથી ઉત્તમ શૌચ ધર્મ પ્રગટે છે. આત્માને પાપનો લેપ લાગવા ન દેવો તે શૌચ ધર્મ છે. જે સમભાવ, સંતોષ ભાવરૂપ પાણીથી તીવ્ર લોભરૂપ મળના ઢગલાને ધુએ છે અને ભોજનમાં અતિ લંપટતા રહિત છે તેને નિર્મળ શૌચ ધર્મ હોય છે.

ભોજનનો લંપટી ધર્મ રહિત હોય છે; ન ખાવા જેવી વસ્તુ પણ ખાય છે, હલકા આચારવાળો હોય છે. ભોજનના લંપટીની લજ્જા નાશ પામે છે, કારણ કે સંસારમાં જિહ્વા ઇંદ્રિય અને કામને વશ થઈને જીવ, પોતાને ભૂલી, નરક-તિર્યંચ ગતિમાં લઈ જાય તેવાં મહા નિંદ્ય પરિણામ-પ્રવૃત્તિ કરે છે. સંસારમાં પરધનની વાંછા, પરસ્ત્રીની વાંછા અને ભોજનની લંપટતા જ પરિણામને મલિન કરનાર છે; તેવી વાંછાનો ત્યાગ કરીને સંસારપરિભ્રમણથી આત્માને બચાવો. આત્માની મલિનતા તો જીવહિંસાથી તથા પરધન અને પરસ્ત્રીની વાંછાથી છે. પરધનના ઇચ્છક અને જીવઘાતના કરનારા કોટિ તીર્થોમાં સ્નાન કરે, સર્વ તીર્થસ્થળોની યાત્રા કરે, કરોડો રૂપિયાનું દાન કરે, કરોડો વર્ષ સુધી તપ કરે, સર્વ શાસ્ત્રો ભણે, ભણાવે; તોપણ તેમની શુદ્ધિ કદાપિ થતી નથી. અભક્ષ્ય ભક્ષણ કરનારનાં અને અન્યાયથી પ્રાપ્ત થયેલા વિષયભોગ અને ધનને ભોગવનારનાં પરિણામ એવાં મલિન હોય છે કે કરોડો વાર ધર્મનો ઉપદેશ અને સર્વ સિદ્ધાંતોની વ્યાખ્યા ઘણાં વર્ષો સુધી સાંભળે તો પણ કદી હ્રદયમાં તેનો પ્રવેશ થતો નથી. પચાસ વર્ષો સુધી શાસ્ત્ર-શ્રવણ કર્યું હોય તો પણ ધર્મના સ્વરૂપનું ભાન નથી એવા ઘણા આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ; એ બધું અન્યાયથી પ્રાપ્ત કરેલા ધનનું અને અભક્ષ્ય ભક્ષણનું ફળ છે. તેથી જે પોતાના આત્માની પવિત્રતા ઇચ્છતા હોય તેણે અન્યાયથી ધન મેળવવું નહીં, અભક્ષ્ય ભક્ષણ કરવું નહીં, અને પરસ્ત્રીની અભિલાષા કરવી નહીં.

પરમાત્માના ધ્યાનથી શૌચધર્મ પ્રગટે છે; અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગથી શૌચ ધર્મ થાય છે. હિંસા આદિ પાંચ પાપમાં પ્રવર્તનાર સદાય મલિન છે; પરના ઉપકારને ઓળવનાર કૃતઘ્ની સદા મલિન છે; ગુરુદ્રોહી, ધર્મદ્રોહી, સ્વામીદ્રોહી, મિત્રદ્રોહી અને ઉપકાર ઓળવનારનાં પાપની પરંપરા અસંખ્યાત ભવોમાં કરોડો તીર્થોમાં સ્નાન કરવાથી અને દાન કરવાથી દૂર થતી નથી. વિશ્વાસઘાતી સદાય મલિન હોય છે. તેથી ભગવાનનાં પરમાગમની આજ્ઞા પ્રમાણે શુદ્ધ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ધારણ કરી આત્માને પવિત્ર કરો. ક્રોધાદિ કષાયોને રોકીને ઉત્તમ ક્ષમા આદિ ગુણ ધારણ કરીને આત્માને ઉજ્જ્વળ કરો. સમસ્ત વ્યવહાર કપટ રહિત થઈને ઉજ્જ્વળ કરો. પારકા વૈભવ, ઐશ્વર્ય, ઉજ્જ્વળ યશ, ઉત્તમ વિદ્યા આદિ પ્રભાવ દેખીને અદેખાઈરૂપ મલિનતા છોડીને શૌચ ધર્મ અંગીકાર કરો. પરના પુણ્યનો ઉદય દેખીને ખેદ ન કરો. આ મનુષ્યદેહ તથા ઇંદ્રિયો, જ્ઞાન, બળ, આયુષ્ય, ધન, સંપત્તિ આદિ અનિત્ય ક્ષણભંગુર જાણી, એકાગ્ર ચિત્તથી પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ ધારણ કરી, અશુભ ભાવોનો અભાવ કરી આત્માને પવિત્ર કરો. શૌચ જ મોક્ષનો માર્ગ છે; મોક્ષ આપનાર છે.

## ૬. ઉત્તમ સંયમ :–

**“અનુક્રમે સંયમ સ્પર્શતોજી, પામ્યો ક્ષાયક ભાવ રે;**
**સંયમ શ્રેણી ફૂલડેજી, પૂજું પદ નિષ્પાવ રે.”**

—મુનિ શ્રી યશોવિજયજી

“(આત્માની અભેદ ચિંતનારૂપ) સંયમના એક પછી એક ક્રમને અનુભવીને ક્ષાયકભાવ (જડપરિણતિનો ત્યાગ)ને પામેલો એવો જે સિદ્ધાર્થનો પુત્ર, તેના નિર્મળ ચરણકમળને સંયમશ્રેણિરૂપ ફૂલથી પૂજું છું.” —શ્રીમદ્ રાજચંદ્ર

પાંચ વ્રતો ધારણ કરવાં, પાંચ સમિતિ પાળવી, ચાર કષાયોને રોકવા, ત્રણ દંડ (મનદંડ, વચનદંડ, કાયદંડ)નો ત્યાગ કરવો અને પાંચ ઇંદ્રિયોનો જય કરવો; તેને વીતરાગ ભગવાને સંયમ કહ્યો છે.

૧. હિંસાનો ત્યાગ કરવો, દયારૂપ રહેવું; ૨. હિત, મિત, પથ્ય, પ્રિય, સત્ય વચન બોલવું; ૩. પરધનની વાંછાનો અભાવ કરવો; ૪. કુશીલને ત્યાગવું અને ૫. પરિગ્રહનો ત્યાગ કરવો એ પાંચ વ્રતો છે. પાંચ પાપોનો (હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ) અલ્પાંશે ત્યાગ કરવો તે અણુવ્રત કહેવાય છે; સર્વાંશે ત્યાગ કરવો તે મહાવ્રત કહેવાય છે; તે પાંચ વ્રતો દૃઢતાથી ધારણ કરવાં તે સંયમ છે.

૧. ચાલતાં દયાળુ અંતઃકરણથી સાચવીને પ્રવર્તવું તે ઈર્યા સમિતિ, ૨. શુદ્ધ વચન બોલવાં તે ભાષા સમિતિ, ૩. નિર્દોષ શુદ્ધ ભોજન કરવું તે એષણા સમિતિ, ૪. આંખ વડે જોઈને સાફ કરીને ઉપકરણ આદિ ચીજો લેવી મૂકવી તે આદાન-નિક્ષેપણ સમિતિ, અને ૫. મળ, મૂત્ર, કફ વગેરે બીજા જીવોને ગ્લાનિ (ચીતરી), દુઃખ, હરકત ન થાય તેવા સ્થાનમાં નાખવાં તે પ્રતિષ્ઠાપન સમિતિ; એ પાંચ સમિતિ પાળવી તે સંયમ છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોને રોકવા

તે સંયમ છે. મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિને દંડ કહેવાય છે; તેનો ત્યાગ કરવો તથા વિષયોમાં દોડતી પાંચ ઇંદ્રિયોને વશ કરવી તે સંયમ છે.

એ સંયમ બહુ દુર્લભ છે. પૂર્વે બાંધેલાં અશુભ કર્મો અતિ મંદ થયાં હોય ત્યારે મનુષ્ય જન્મ, ઉત્તમ દેશ, ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, ઇંદ્રિયોની પૂર્ણતા, નીરોગીપણું, કષાયોની મંદતા પ્રાપ્ત થાય અને ઉત્તમ પુરુષની સંગતિ, વીતરાગનાં બોધેલાં સત્શાસ્ત્રોનું સેવન, સાચા ગુરુનો સંયોગ, સમ્યક્દર્શન આદિ અનેક દુર્લભ સામગ્રી મળે ત્યારે સંસાર, દેહ અને ભોગો પ્રત્યે વૈરાગ્ય ધારણ કરનાર મનુષ્યને અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી દેશ સંયમ પ્રાપ્ત થાય છે. જેને અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન બન્ને કષાયોનો ક્ષયોપશમ થયો હોય તેને સકળ સંયમ પ્રાપ્ત થાય છે. તેથી સંયમ પામવો મહા દુર્લભ છે.

નરક, તિર્યંચ અને દેવગતિમાં તો સંયમ હોય નહીં, કોઈ તિર્યંચને દેશ વ્રત પોતાના પર્યાય પ્રમાણે કદાચિત્ હોય છે. મનુષ્યભવમાં પણ નીચ કુળ આદિવાળાને, અધમ દેશવાળાને, અપૂર્ણ ઇંદ્રિયવાળાને, અજ્ઞાની, રોગી, દરિદ્રી, અન્યાયમાર્ગી, વિષયલંપટ, તીવ્રકષાયી, નિંદ્ય કર્મ કરનારા મિથ્યાદૃષ્ટિઓને કદી સંયમ પ્રાપ્ત થતો નથી. તેથી સંયમ પામવો બહુ દુર્લભ છે.

આવો દુર્લભ સંયમ પણ પામીને કોઈ મૂઢ બુદ્ધિવાળો વિષયોનો લોલુપી થઈને સંયમ તજી દે છે તે અનંતકાળ સુધી જન્મમરણ કરતો કરતો પરિભ્રમણ કરે છે. સંયમ પામીને છોડી દે, સંયમ બગાડે તેને અનંતકાળ નિગોદમાં અને ત્રસ

થાવરમાં પરિભ્રમણ કરવું પડે છે. તેની સારી ગતિ પ્રાપ્ત થતી નથી. સંયમ પામીને બગાડવા જેવો બીજો અનર્થ નથી. વિષયોનો લોભી થઈને જે સંયમ બગાડે છે તે એક કોડીની કિંમતમાં ચિંતામણિ રત્ન વેચે છે; ઈંધરાં કરવા માટે કલ્પવૃક્ષને કાપે છે. વિષયોનું સુખ કંઈ સુખ નથી, સુખાભાસ છે, ક્ષણભંગુર છે, નરકનાં ઘોર દુઃખોનું કારણ છે. કિંપાક ફળ જેમ જીભ અડતાં માત્ર મીઠું લાગે છે પણ પછીથી ઘોર દુઃખ, મહા દાહ, સંતાપ ઉપજાવી, મરણ પમાડે છે તેમ ભોગ થોડો કાળ તો અજ્ઞાની જીવોને ભ્રમથી સુખરૂપ ભાસે છે, પછી અનંતકાળ અનંત ભવોમાં ઘોર દુઃખ દે છે. માટે સંયમની પરમ રક્ષા કરો.

પાંચ ઇંદ્રિયોને વિષયોમાં ભમતી અટકાવવી તે સંયમ છે. કષાય ઘટાડવાથી સંયમ થાય છે. ભારે તપ ધારણ કરવાથી સંયમ થાય છે. રસનો ત્યાગ કરવાથી સંયમ નીપજે છે. મનની પ્રવૃત્તિ સંકોચવાથી સંયમ થાય છે. મહાન કાયક્લેશ સહન કરવાથી સંયમ થાય છે. ઉપવાસ આદિક અનશન તપથી સંયમ થાય છે. પરિગ્રહની લાલસાના ત્યાગથી સંયમ થાય છે. ત્રસ-થાવર જીવોની રક્ષા કરે તે પણ સંયમ છે. મનના વિકલ્પો રોકવાથી તથા પ્રમાદથી થતી વચનની પ્રવૃત્તિ રોકવાથી સંયમ થાય છે. દયારૂપ પરિણામથી સંયમ થાય છે. પરમાર્થનો વિચાર કરવાથી તથા પરમાત્માના ધ્યાનથી સંયમ નીપજે છે. સંયમ વડે જ સમ્યક્દર્શન પોષાય છે. સંયમ જ મોક્ષનો માર્ગ છે. સંયમ વિના મનુષ્ય ભવ નિષ્ફળ છે, નિરર્થક છે. સંયમ વિના જીવ દુર્ગતિ પામે છે.

સંયમ વિના દેહ ધારણ કરવો, બુદ્ધિ પામવી, જ્ઞાનનું આરાધન કરવું, બધું નકામું છે. સંયમ વિના દીક્ષા ગ્રહણ કરવી, વ્રત પાળવાં, મૂંડ મૂંડાવવું, નગ્ન રહેવું, ભેખ લેવો સર્વ વૃથા છે.

સંયમ બે પ્રકારનો છે—ઇંદ્રિયસંયમ અને પ્રાણસંયમ.

જેની ઇંદ્રિયો વિષયોથી વિરામ પામી નથી અને જેણે છકાયના જીવોની વિરાધના ટાળી નથી, તેના બાહ્ય પરિષહ સહેવા વૃથા છે, તપ કરવાં વૃથા છે, દીક્ષા લેવી વૃથા છે. સંસારમાં દુઃખી જીવોને સંયમ વિના કોઈ બીજું શરણ નથી.

જ્ઞાની પુરુષો તો એવી ભાવના ભાવે છે કે સંયમ વિના મનુષ્ય ભવની એક ઘડી પણ ન જાઓ, સંયમ વિના જીવન નિષ્ફળ છે, સંયમ આ ભવમાં તેમજ પરભવમાં શરણ છે; દુર્ગતિરૂપ સરોવર સુકાવી દેનાર સૂર્ય છે; સંયમ વડે જ સંસારરૂપી મહા શત્રુનો નાશ થાય છે. સંયમ વિના સંસાર-પરિભ્રમણનો નાશ થતો નથી, એવો નિયમ છે. જે અંતરંગમાં કષાયો વડે આત્માને મલિન થવા ન દે અને બાહ્ય યત્નાપૂર્વક પ્રમાદ રહિત પ્રવર્તે તેને સંયમ હોય છે.

## ૭. ઉત્તમ તપ :—

“જપ, તપ, ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનુપ.
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ.”

—શ્રીમદ્ રાજચંદ્ર

"તપાદિ આત્માને અર્થે કરવાનાં છે; લોકોને દેખાડવા અર્થે કરવાનાં નથી. કષાય ઘટે તેને 'તપ' કહ્યો છે. લૌકિક દૃષ્ટિ ભૂલી જવી."
—શ્રીમદ્ રાજચંદ્ર

ઇચ્છાનો નિરોધ કરવો તે તપ છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ એ ચાર આરાધનાઓમાં સમ્યક્તપ પ્રધાન છે. જેવી રીતે સુવર્ણને સોળ તાવણીથી તપાવીને શુદ્ધ કરે છે તો સર્વ મળ દૂર થવાથી સોળ વાનીનું ઉત્તમ સોનું બને છે; તેમ આત્મા પણ બાર પ્રકારના તપના પ્રતાપે કર્મમળરહિત શુદ્ધ થાય છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ દેહને પંચાગ્નિ વડે તપાવે છે તથા અનેક પ્રકારના કાયક્લેશને તપ કહે છે પરંતુ તે તપ નથી. કાયાને બાળવાથી કે મારવાથી શું થાય? મિથ્યાદૃષ્ટિ જ્ઞાનપૂર્વક આત્માને કર્મબંધનથી છોડાવવાની કળા જાણતો નથી. કર્મમળના કલંકથી રહિત થવા ઇચ્છતો આત્મા તો ભેદવિજ્ઞાનથી પોતાના આત્માના નિજ સ્વભાવને અને રાગ, દ્વેષ, મોહાદિ દ્રવ્ય-ભાવ-કર્મરૂપ મેલને ભિન્ન દેખે છે. જેથી રાગ-દ્વેષ-મોહરૂપ મળ જુદો થઈ જાય અને શુદ્ધ જ્ઞાનદર્શનમય આત્મા ભિન્ન થઈ જાય તે તપ કહેવાય.

મનુષ્યભવ પામીને સ્વ અને પરનું સ્વરૂપ જેણે જાણ્યું છે તેણે તો પાંચ ઇંદ્રિયો અને મનને વશ કરીને વિષયો પ્રત્યે વૈરાગ્ય ધારણ કરી, સમસ્ત પરિગ્રહ ત્યાગી, બંધ કરાવનાર રાગદ્વેષમય પ્રવૃત્તિ તજીને પાપનાં આલંબન છોડવા તથા મમતાનો નાશ કરવા માટે વનમાં જઈ તપ કરવું. આવું તપ

મહાભાગ્યશાળી પુરુષોથી થાય છે. તે ધન્યવાદને પાત્ર છે.

સંસારી જીવોને મમતારૂપી મોટી ફાંસી છે. એ મમતારૂપ જાળમાં ફસાઈને ઘોર કર્મ કરવાથી મહા પાપ બાંધે છે; રોગ આદિ તીવ્ર વેદના અને સ્ત્રી-પુત્રાદિ સર્વ કુટુંબના તથા પરિગ્રહના વિયોગાદિથી થતા તીવ્ર આર્તધ્યાન સહિત મરણ પામીને દુર્ગતિનાં ઘોર દુઃખો ભોગવે છે.

તપરૂપી વનમાં વાસ પામવો દુર્લભ છે. કોઈ મહા ભાગ્યશાળી પુરુષ જ પાપથી ત્રાસ પામીને તપરૂપ ધર્મનું શરણ ગ્રહણ કરે છે. સર્વ સ્ત્રી, પુત્ર આદિ પરિગ્રહની મમતા તજી કોઈક વિરલા પુરુષ પરમ ધર્મના ધારક, વીતરાગ, નિર્ગ્રંથ, સદ્‌ગુરુ ભગવાનના ચરણનું શરણ પામે છે. સદ્‌ગુરુનો યોગ પામીને જેને મહા પુણ્યના ઉદયે અશુભ કર્મ અતિ મંદ થતાં સમ્યક્‌દર્શનરૂપી સૂર્ય પ્રગટ્યો છે તથા સંસાર, દેહ અને વિષય-ભોગો પ્રત્યે વૈરાગ્ય જાગ્યો છે તે તપ-સંયમ ગ્રહણ કરે છે.

આવું દુર્લભ ભારે તપ ધારણ કરવા છતાં કોઈ પાપી વિષયોની લાલસાએ તપનો ભંગ કરે તેને અનંતાનંત કાળ સુધી ફરી તપની પ્રાપ્તિ થતી નથી. તેથી મનુષ્ય ભવ પામીને, આત્માદિનું સ્વરૂપ જાણી, પાંચ ઇંદ્રિયો અને મનને વશ કરીને વૈરાગ્યરૂપ થઈ, સર્વસંગ ત્યાગી, વનમાં એકલા આત્મધ્યાનમાં લીન થઈ રહેવું તે તપ છે. પરિગ્રહની મમતા તજી, તૃષ્ણાનો ત્યાગ કરવો તથા મહા બળવાન કામવિકાર

ઉપર વિજય મેળવવો તે ભારે તપ છે. આકરાં મુનિનાં વ્રતો ધારણ કરીને ટાઢ, તડકો, પવન, વરસાદ તથા ડાંસ, મચ્છર, માખો, મધમાખો, સાપ, વીંછી ઇત્યાદિથી થતી ઘોર વેદના ઉઘાડે ડિલે સહન કરવી તે તપ છે. નિર્જન પર્વતોની નિર્જન ગુફાઓમાં, ભયંકર પર્વતની ખીણોમાં તથા સિંહ, વાઘ, રીંછ, વરુ, ચિત્તા અને હાથીવાળા ઘોર વનમાં વાસ કરવો તે તપ છે. દુષ્ટ વેરી, મ્લેચ્છ, ચોર, શિકારી મનુષ્ય, તિર્યંચ અથવા દુષ્ટ વ્યંતર આદિ દેવોના કરેલા ઘોર ઉપસર્ગોથી કંપાયમાન ન થવું; ધીરવીરપણાથી, કાયરતા રહિત, વેર વિરોધ રાખ્યા વિના, સમભાવથી પરમાત્માના ધ્યાનમાં લીન થઈને ખમી ખૂંદવું તે તપ છે. સર્વ જીવોને પ્રવર્તાવનાર, વશ કરનાર રાગ-દ્વેષને જીતવા, ક્ષય કરવા તે તપ છે. વગર માગ્યે, ભિક્ષા વખતે શ્રાવકે નવધા ભક્તિ સહિત દાનમાં આપેલો ખારો, મોળો, કડવો, ખાટો, લૂખો, ચીકણો, સરસ, નીરસ, નિર્દોષ પ્રાસુક આહાર એક વાર દિવસમાં લોલુપતા તજી, સંક્લેશ રહિત થઈ ભક્ષણ કરવો તે તપ છે. પાંચ સમિતિ પાળવી અને મન, વચન, કાયાની ગુપ્તિ કરવી, રાગદ્વેષ રહિત આત્માનો અનુભવ કરવો તે તપ છે. સ્વપરના સ્વરૂપનો નિર્ણય કરવો, ચાર અનુયોગના અભ્યાસ વડે ધર્મ સહિત કાળ વ્યતીત કરવો તે તપ છે. અભિમાન તજી વિનયવાન થવું, કપટ તજી સરળભાવી થવું, ક્રોધ તજી ક્ષમાવાન થવું અને લોભ તજી સંતોષી થવું તે તપ છે. જેથી કર્મસમૂહને હણી આત્મા સ્વતંત્ર, મુક્ત થાય તે તપ છે. સત્શાસ્ત્રના અર્થ પ્રકાશવા, વ્યાખ્યાન

કરવું, પોતે નિરંતર અભ્યાસ કરે અને બીજાને અભ્યાસ કરાવે તે તપ છે.

તપસ્વીની ઇંદ્ર પણ સ્તુતિ કરે છે, ભક્તિ પ્રગટ કરે છે. તપથી કેવળજ્ઞાન પ્રગટે છે. તપનો મહિમા અચિંત્ય છે. તપ કરવાનાં પરિણામ થવાં બહુ દુર્લભ છે. નરક, તિર્યંચ કે દેવ ગતિમાં તપની યોગ્યતા જ નથી, એક મનુષ્ય ગતિમાં હોય છે. મનુષ્ય ગતિમાં પણ ઉત્તમ કુળ, જાતિ, બળ, બુદ્ધિ અને સંપૂર્ણ ઇંદ્રિયો જેને હોય તથા રાગાદિની મંદતા જેને હોય તથા વિષયોની લાલસા જેની નાશ પામી છે તે મનુષ્ય તપ ધર્મ આરાધી શકે છે.

તપ બાર પ્રકારે છે. જેની જેવી શક્તિ હોય તે પ્રમાણે આદરો. બાળક, વૃદ્ધ, ધનાઢ્ય, નિર્ધન, બળવાન, નિર્બળ, શરણવાળો, અશરણ, ગમે તે હો; કોઈથી ભગવાને કહેલું તપ ન બને એમ નથી. જેમ વાત પિત્ત કફ આદિનો પ્રકોપ ન થાય, રોગ વધે નહીં, શરીર રત્નત્રયના આરાધનમાં જોડાયેલું રહે, તેમ પોતાનું સંઘયણ, બળ, વીર્ય તપાસીને શક્તિ પ્રમાણે તપ કરો. દેશ કાળ આહારની યોગ્યતા વિચારીને તપ કરો. જેમ તપમાં ઉત્સાહ વધતો રહે, પરિણામમાં ઉજ્જ્વળતા વધતી જાય, તેમ તપ કરો. ઇચ્છાના નિરોધથી વિષયો પ્રત્યેનો રાગ ઘટાડવો તે તપ છે. તપ જ જીવને કલ્યાણકારી છે.

કામનો, નિદ્રાનો અને પ્રમાદનો નાશ કરનાર તપ જ છે. તેથી અહંકાર તજીને બાર પ્રકારના તપમાંથી જેટલું સામર્થ્ય હોય તે પ્રકારનું તપ કરો.

## ૮. ઉત્તમ ત્યાગ :–

"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન."

આત્મસિદ્ધિ-શ્રીમદ્ રાજચંદ્ર

"આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન 'ત્યાગ' કહે છે.

તે તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તો પણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે." —શ્રીમદ્ રાજચંદ્ર

ધન સંપદાદિ પરિગ્રહની પ્રાપ્તિ કર્મના ઉદયને આધીન અને વિનાશી, અભિમાન ઉપજાવનાર, તૃષ્ણા વધારનાર, રાગ-દ્વેષની તીવ્રતા કરનાર, આરંભની વૃદ્ધિ કરનાર પાંચ પાપનું મૂળ છે એમ જાણી જે ઉત્તમ પુરુષો પ્રથમથી જ તેને અંગીકાર કરતા નથી તેમને ધન્ય છે! જેમણે તેનો અંગીકાર કરી, પછી હલાહલ વિષ સમાન જાણી સડેલા તરણાની પેઠે તેનો ત્યાગ કર્યો તેમનો મહિમા અચિંત્ય છે. કોઈ જીવોનો તીવ્ર રાગ ભાવ મંદ થયો નથી; તેથી સંપૂર્ણપણે પરિગ્રહનો ત્યાગ કરવા સમર્થ નથી, પણ પ્રશસ્ત રાગરૂપ ધર્મમાં રુચિવંત છે અને પાપથી ભય પામ્યા છે તે મહા પુરુષો ઉત્તમ પાત્રોના ઉપકાર અર્થે દાનમાં ધન ખર્ચે છે, તેમજ ધર્મનું સેવન કરનારા નિર્ધન જનોને અન્ન વસ્ત્રાદિ આપી ઉપકાર કરે

છે. ધર્મનાં સ્થાનક જિનમંદિર આદિમાં, જિન સિદ્ધાંત લખાવવામાં, પ્રસિદ્ધ કરાવવામાં, સંગ્રહ કરાવવામાં તથા ઉપકરણમાં, પૂજા-પ્રભાવનામાં ધનનો સદુપયોગ કરે છે. દુઃખી, દરિદ્રી, રોગીઓના ઉપકાર અર્થે તન, મન, ધનનો કરુણાબુદ્ધિથી ઉપયોગ કરે છે; તેઓ તેમનું ધન અને જીવન બન્ને સફળ કરે છે.

દાન ધર્મનું અંગ છે. તેથી પોતાની શક્તિ પ્રમાણે ભક્તિપૂર્વક સમ્યક્ગુણધારી પવિત્ર પાત્ર જનોને દાન દેવું તે પરલોક માટે ઉત્તમ સુખ-સામગ્રીનું ભાથું છે; નિર્વિઘ્ન દેવલોક કે ભોગભૂમિનાં સુખ પ્રાપ્ત કરાવનાર છે. દાનનો મહિમા તો અજ્ઞાની બાળ ગોવાળ સર્વ કહે છે કે પૂર્વે દાન દીધું છે તો અનેક પ્રકારની સુખ સામગ્રી મળી છે અને જે કરશે તે પામશે. સુખ સંપત્તિના ઇચ્છક હો તો દાન દેવામાં પ્રેમ રાખો. જે દાન દેવામાં તત્પર નથી અને માત્ર ધન એકઠું કરવામાં મરણ પર્યંત પ્રયત્ન કરે છે, તે તીવ્ર આર્તધ્યાનરૂપ પરિણામ સહિત મરીને સર્પ આદિ દુષ્ટ તિર્યંચ ગતિ પામી નરક-નિગોદમાં જાય છે.

ધન ક્યાં સાથે આવવાનું છે? ધન પામ્યા હો તો દાન વડે તેને સફળ કરો. દાન દઈ શકતો નથી તે કંજૂસનું ધન ઘોર દુઃખની પરંપરા વધારનાર બને છે. આ લોકમાં કૃપણ અત્યંત નિંદાય છે; કૃપણનું નામ પણ કોઈ લેતું નથી; કૃપણ, કંજૂસ મનુષ્યનું નામ લોકમાં અમાંગળિક મનાય છે.

દાતારના દોષો ઢંકાઈ જાય છે, દૂર થઈ જાય છે. દાન વડે જગતમાં નિર્મળ કીર્તિ ફેલાય છે. દાન વડે વેરી પણ પગે

પડે છે, વેર છોડી દે છે અને મિત્ર બની હિત કરે છે. દાનનો પ્રભાવ જગતમાં જબરો છે. સાચી ભક્તિ સહિત અલ્પ દાન દેનાર પણ ભોગભૂમિમાં ત્રણ પલ્યોપમના લાંબા આયુષ્યવાળો મનુષ્ય થઈ ત્યાંના કલ્પવૃક્ષ આદિનાં મનોવાંછિત સુખ ભોગવી દેવલોકમાં જાય છે. જગતમાં આપનારનો હાથ ઊંચો રહે છે.

વિનય સહિત સ્નેહ ભર્યા વચનથી દાન દેવું. દાન કરનારે એવું અભિમાન ન રાખવું કે હું આના ઉપર ઉપકાર કરું છું. દાન કરનાર તો પાત્ર (દાન દેવા યોગ્ય મહાત્મા)ને પોતાના ઉપર ઉપકાર કરનાર માને છે. લોભરૂપી અંધકૂપમાં પડેલા ઉપર પાત્ર વિના કોણ ઉપકાર કરે? પાત્ર વિના લોભિયાનો લોભ છૂટતો નથી. પાત્ર વિના સંસારમાંથી ઉદ્ધાર કરનાર દાન ક્યાંથી દેવાય? તેથી વિચારવાન ધર્મેચ્છકને તો પાત્રનો યોગ મળે કે દાન દેવાય ત્યારે અત્યંત આનંદ થાય છે. શ્રીમંતપણું અને સમજણ પામ્યા હો તો દાનમાં જ ઉદ્યમ કરો.

**૧. અભયદાન :—**

છકાય (૧. પૃથ્વીરૂપે દેહ ધર્યો છે તે, ૨. પાણીરૂપ દેહવાળા, ૩. અગ્નિરૂપ દેહવાળા, ૪. વાયુરૂપ દેહવાળા અને ૫. વનસ્પતિરૂપ દેહવાળા એ પાંચ સ્થાવર એટલે અચર અને ૬. ત્રસ એટલે સચર એમ સચરાચર) જીવોને અભયદાન દો, એટલે અભક્ષ્યના ત્યાગથી, હિંસા થાય તેવી પ્રવૃત્તિરૂપ આરંભ ઘટાડવાથી, દેખીને, શોધીને યત્નાચારથી વસ્તુઓ લેવા-મૂકવામાં પ્રવર્તવું; નિર્દયી થઈને ન પ્રવર્તવું. કોઈ પ્રાણીને મન,

વચન, કાયાથી દુઃખ ન દેવું; દુઃખિયા ઉપર દયા રાખવી એ ગૃહસ્થો માટે અભયદાન છે. તેથી સંસારમાં જન્મ, મરણ, રોગ, શોક, ગરીબાઈ, વિયોગ આદિ દુઃખ ભોગવવાં પડતાં નથી.

### ૨. જ્ઞાનદાન :—

સંસાર વધારનારાં, હિંસાને પોષનારાં તથા અસત્ય ધર્મનું સમર્થન કરનારાં શાસ્ત્રો, તથા યુદ્ધશાસ્ત્ર, શૃંગારશાસ્ત્ર, માયાકપટનું વર્ણન કરનારાં શાસ્ત્ર, વૈદ્યકશાસ્ત્ર, રસ-રસાયણ, મંત્ર, તંત્ર, મારણ-વશીકરણ આદિ શાસ્ત્રો મહા પાપની પ્રરૂપણા કરનારાં છે. તેનાથી દૂર રહી ભગવાન વીતરાગ સર્વજ્ઞનાં કહેલાં દયાધર્મની પ્રરૂપણા કરનારાં સ્યાદ્‌વાદરૂપ અનેકાંત માર્ગનો પ્રકાશ કરનારાં, નય-પ્રમાણવડે તત્ત્વાર્થની પ્રરૂપણા કરનારાં શાસ્ત્રોનો પોતે અભ્યાસ કરો, કરાવો, અને આત્મકલ્યાણને અર્થે તેવાં શાસ્ત્રોનું દાન કરો. પોતાનાં સંતાનોને જ્ઞાનદાન દો. અન્ય ધર્મબુદ્ધિવાળા, રુચિવાળા, શુભેચ્છાસંપન્ન હોય તેમને શાસ્ત્રનું દાન કરો. જ્ઞાન પ્રત્યે પ્રેમ જેમને જાગ્યો છે તે સજ્જનો જ્ઞાનદાન માટે પાઠશાળાઓ સ્થાપે છે. કારણ કે ધર્મનો સ્તંભ જ્ઞાન છે. જ્યાં જ્ઞાનદાન હશે ત્યાં ધર્મ રહેશે; તેથી જ્ઞાનદાનમાં પ્રવૃત્તિ કરો. જ્ઞાનદાનના પ્રભાવથી નિર્મળ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

### ૩. ઔષધદાન :—

રોગનો નાશ કરનાર પ્રાસુક ઔષધનું દાન કરો. ઔષધદાન અતિ ઉપકારી છે. રોગીને સહજ તૈયાર ઔષધ મળે તો તેને ઘણો આનંદ થાય છે. જે નિર્ધન હોય, જેની સેવા

કરનાર કોઈ ન હોય તેવાને તૈયાર દવા મળે તો નિધાન મળ્યું એમ માને છે. ઔષધ લઈને નીરોગી થાય તે વ્રત, તપ, સંયમ પાળી શકે છે, જ્ઞાનનો અભ્યાસ કરી શકે છે. ઔષધદાન દેનારને વાત્સલ્ય ગુણ, સ્થિતિકરણ ગુણ, નિર્વિચિકિત્સા ગુણ ઇત્યાદિ અનેક ગુણ પ્રગટે છે. ઔષધદાનના પ્રભાવથી જીવ રોગરહિત દેવનો વૈક્રિયિક દેહ પામે છે.

**૪. આહારદાન :—**

આહારદાન સર્વ દાનોમાં મુખ્ય છે. પ્રાણીઓની જીવનશક્તિ, બળ, બુદ્ધિ, એ બધા ગુણો આહાર વિના નાશ પામે છે. આહાર દીધો તેણે પ્રાણીને જીવન, બુદ્ધિ, શક્તિ સર્વ આપ્યું. આહારદાનથી જ મુનિનો, શ્રાવકનો બધો ધર્મ પ્રવર્તે છે. આહારદાન વિના મોક્ષમાર્ગનો લોપ થઈ જાય. પથ્ય આહાર સર્વ રોગોનો નાશ કરનાર છે. આહાર-દાન દેનાર મિથ્યાદૃષ્ટિ પણ ભોગભૂમિમાં દશ પ્રકારનાં કલ્પવૃક્ષના ચિરકાળ ભોગ ભોગવે છે; ત્રણ દિવસે આંબળા જેટલો આહાર કરે છે તોપણ ભૂખ તરસ લાગતી નથી. સર્વ દુઃખ ક્લેશ રહિત અસંખ્યાત વર્ષ સુધી સુખ ભોગવી મરણ પછી દેવલોકમાં ઊપજે છે.

ધન પામ્યા હો તો ચાર પ્રકારનાં દાન દેવામાં પ્રવર્તો. નિર્ધન હો તોપણ પોતાના ભોજનમાંથી બને તેટલું દાન કરો. જો અર્ધું ભોજન મળતું હોય તો તેમાંથી એક બે કોળિયા દુઃખી, ભૂખ્યાં, દીન-દરિદ્રીને દાન કરો.

મીઠાં વચન બોલવાં તે પણ મોટું દાન છે; આદરસત્કાર, વિનય કરવો, જગા આપવી, કુશળતા પૂછવી એ મહા દાન

છે. દુષ્ટ વિકલ્પોનો ત્યાગ કરો, પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરો, ચાર કષાયોનો ત્યાગ કરો. પરના સાચા, ખોટા દોષ કદી ન કહો. અન્યાયનું ધન લેવાનો (લાંચ આદિનો) દૂરથી ત્યાગ કરો.

હે જ્ઞાનીજનો! જો આત્મકલ્યાણની ઇચ્છા હોય તો દુઃખિયાને તો દાન દો, તેમજ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન આદિ ગુણોના ધારક ગુણીજનોનો મહાવિનય, આદરસત્કાર કરો. સર્વ જીવો ઉપર કરુણા કરો. મિથ્યાદર્શનનો ત્યાગ કરો. રાગ-દ્વેષ-મોહ ધરનારા કુદેવ, આરંભ પરિગ્રહવાળા ભેખધારી કુગુરુ તથા હિંસાને પોષનારાં, રાગદ્વેષ વધારનારાં મિથ્યાદૃષ્ટિનાં શાસ્ત્ર, તે સર્વને વંદન, સ્તવન, પ્રશંસા કરવાનો ત્યાગ કરો. ક્રોધ, માન, માયા અને લોભને વશ કરવા માટે ભારે ઉદ્યમ કરો. ક્લેશનું કારણ એવાં કડવાં વચન, ગાળ, અપમાનકારી વચન, અભિમાની વચન કદી કોઈને કહો નહીં. કોઈ પણ પ્રાણીને દુઃખ દેનાર તથા પોતાના યશનો નાશ કરનાર, ધર્મનો નાશ કરનાર મન, વચન, કાયાની પ્રવૃત્તિનો ત્યાગ કરો.

## ૯. ઉત્તમ આકિંચન્ય :–

"સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્ય માંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે."

—શ્રીમદ્ રાજચંદ્ર

"જીવ મારાપણું માને છે તે જ દુઃખ છે, કેમકે મારાપણું માન્યું કે ચિંતા થઈ કે કેમ થશે? કેમ કરીએ? ચિંતામાં જે સ્વરૂપ થઈ જાય છે, તે રૂપ થઈ જાય છે, તે જ અજ્ઞાન છે. વિચારથી કરી, જ્ઞાને કરી જોઈએ, તો કોઈ મારું નથી એમ જણાય.... નિર્ધન કોણ? ધન માગે, ઇચ્છે તે નિર્ધન; જે ન માગે તે ધનવાન છે. જેને વિશેષ લક્ષ્મીની તૃષ્ણા તેની દુઃખધા, બળતરા છે, તેને જરા પણ સુખ નથી. લોક જાણે છે કે શ્રીમંત સુખી છે, પણ વસ્તુતઃ તેને રોમે રોમે બળતરા છે."

—શ્રીમદ્ રાજચંદ્ર

પોતાના જ્ઞાન-દર્શનમય સ્વરૂપ વિના અન્ય કંઈ પણ મારું નથી. હું કોઈ અન્ય દ્રવ્યનો નથી અને મારું કોઈ અન્ય દ્રવ્ય નથી; આવા અનુભવને આકિંચન્ય કહે છે.

હે આત્મા! પોતાનું સ્વરૂપ દેહથી ભિન્ન, જ્ઞાન સ્વરૂપ અનુપમ અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહિત, (નિરંજન), પોતાના સ્વાધીન, જ્ઞાનાનંદ સુખથી પરિપૂર્ણ, પરમ અતીંદ્રિય, ભયરહિત છે એવો અનુભવ કર. આ દેહ તે હું નથી, દેહ તો રસ, રુધિર, હાડકાં, માંસ, ચામડીનો જડ, અચેતન છે; હું આ દેહથી અત્યંત ભિન્ન છું. આ બ્રાહ્મણ, ક્ષત્રિયાદિ જાતિ-કુળ દેહનાં છે, મારાં નથી. સ્ત્રી, પુરુષ, નપુંસક લિંગ દેહને છે; મારું નથી. ગોરાપણું, શ્યામપણું, રાજાપણું, રંકપણું, સ્વામીપણું, સેવકપણું, પંડિતપણું, મૂર્ખપણું ઇત્યાદિ સર્વ રચના કર્મના ફળરૂપ દેહની છે, હું તો તે સર્વને જાણનાર છું. આ દેહના સંબંધો છે તે મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો

અન્ય દ્રવ્યથી વિલક્ષણ છે. ઠંડો, ગરમ, નરમ, કઠણ, લૂખો, ચીકણો, હલકો, ભારે એ આઠ પ્રકારનો સ્પર્શ તે મારું રૂપ નથી; પુદ્‌ગલનું સ્વરૂપ છે. ખાટો, મીઠો, કડવો, તૂરો, તીખો એ પાંચ પ્રકારનો રસ, સુગંધ, દુર્ગંધ એ બે પ્રકારનો ગંધ અને કાળો, પીળો, લીલો, ધોળો, લાલ એ પાંચ રંગ મારું સ્વરૂપ નથી; પુદ્‌ગલનું છે. મારું સ્વરૂપ તો સુખથી પરિપૂર્ણ, પરમાનંદરૂપ છે. પરંતુ કર્મને આધીન થઈ હું દુઃખી થઈ રહ્યો છું. મારું સ્વરૂપ ઇંદ્રિયોથી રહિત, અતીંદ્રિય છે. ઇંદ્રિયો તો પુદ્‌ગલમય કર્મથી થયેલી છે.

હું સમસ્ત ભય રહિત, અવિનાશી, અખંડ, આદિઅંત રહિત શુદ્ધ જ્ઞાનસ્વભાવી છું. પરંતુ અનાદિ કાળથી જેમ ખાણમાં સુવર્ણ અને પાષાણ મળી રહ્યાં છે, તેમ ક્ષીરનીરની પેઠે કર્મની સાથે અનાદિ કાળથી હું મળી રહ્યો છું. તેમાં વળી મિથ્યાત્વ નામના કર્મના ઉદયથી સ્વ-સ્વરૂપનું ભાન ભૂલી, દેહાદિ પર દ્રવ્યોને પોતાનું સ્વરૂપ જાણી, અનંતકાળ મેં પરિભ્રમણ કર્યું. હવે કંઈક આવરણ આદિ દૂર થવાથી, પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુએ ઉપદેશેલી વાણીરૂપ પરમ આગમના પ્રસાદથી પરનું અને પોતાનું સ્વરૂપ સમજાયું. જેમ અલંકારોમાં જડેલાં પંચરંગી રત્નોમાંથી ગુરુકૃપાથી અને નિરંતર અભ્યાસથી ઝવેરી સ્ફટિક રત્ન નીચે મૂકેલા પદાર્થના ભાસરૂપ રંગને અને માણેકના રંગને તેમજ બન્નેના તોલ, મૂલ્ય વગેરેને ભિન્ન ભિન્ન જાણે છે, તેમ પરમ આગમના નિરંતર અભ્યાસથી તથા પ્રત્યક્ષ સદ્‌ગુરુની વચનાતિશયરૂપ વાણીથી જણાતા-ભાસતા

રાગ, દ્વેષ, મોહાદિ મેલને હું સ્વભાવથી ભિન્ન જાણું છું અને મારા જ્ઞાયક સ્વભાવને તેથી ભિન્ન જાણું છું. તેથી રાગ, દ્વેષ, મોહાદિ ભાવકર્મમાં અને કર્મોના ઉદયે ઊપજેલાં વિનાશી શરીર, પરિવાર, ધનસંપદાદિ પરિગ્રહમાં મને કોઈ ભવમાં મમતાબુદ્ધિ ન ઊપજે તેવી રીતે ઉત્તમ આકિંચન્ય ભાવના હવે ભાવું છું. આકિંચન્ય ભાવના અનાદિકાળમાં કદી ઊપજી નથી; સર્વ દેહ-પર્યાયોને પોતાના માન્યા; તથા રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, કામ આદિ ભાવકર્મના વિકારોને પોતાનારૂપે અનુભવવારૂપ વિપરીત ભાવથી ઘોર કર્મ બાંધ્યાં. હવે હું આકિંચન્ય ભાવના નિર્વિઘ્નપણે ભાવવા માટે વિઘ્નનાશક પંચ પરમગુરુનું શરણ ગ્રહણ કરી આકિંચન્ય ભાવ નિરંતર ચાહું છું; ત્રણ લોકમાંની કોઈ અન્ય વસ્તુ ઇચ્છતો નથી. આ આકિંચન્યપણું જ સંસાર-સમુદ્રમાંથી તારનાર જહાજ જેવું છે. પરિગ્રહને મહા બંધનરૂપ જાણી છોડવો તે આકિંચન્ય ધર્મ છે.

આકિંચન્ય ધર્મ જેને પ્રગટ થયો છે, તેને પરિગ્રહ પ્રત્યે આસક્તિ રહેતી નથી, આત્મધ્યાનમાં લીનતા થાય છે. દેહાદિક બાહ્ય વેશમાં આત્મભાવ મનાતો નથી તથા પોતાનું સ્વરૂપ જે રત્નત્રય, તેમાં પ્રવૃત્તિ થાય છે, ઇંદ્રિયોના વિષયોમાં દોડતું મન અટકી જાય છે; કાયા ઉપરની માયા ઊતરી જાય છે. સંસારનાં દેવાદિકનાં સુખ, ઇંદ્ર, અહમિંદ્ર, ચક્રવર્તીનાં સુખ પણ દુઃખરૂપ દેખાય છે, તો પછી તેની વાંછા કેમ કરે? રત્ન, સુવર્ણ, રાજ્ય, ઐશ્વર્ય, સ્ત્રી, પુત્રાદિ પરિગ્રહને તે સડેલા તરણા સમાન મમત્વ રહિત તજે છે.

આકિંચન્ય તો પરમ વીતરાગપણું છે. જેને સંસારનો અંત આવી ગયો હોય તેને એ હોય છે. જેને આકિંચન્ય ધર્મ પ્રાપ્ત થયો છે તેને પરમાર્થ એટલે શુદ્ધ આત્માનો વિચાર કરવાની શક્તિ પ્રગટ થાય છે, પંચ પરમેષ્ઠીની ભક્તિ પ્રગટે છે અને માઠા વિકલ્પોનો નાશ થાય છે. ઇષ્ટ-અનિષ્ટ ભોજનમાં થતા રાગ-દ્વેષ નાશ પામે છે; માત્ર પેટરૂપી ખાડો ભરવો તે સિવાય અન્ય સરસ નીરસ ભોજન વિષેના વિચાર છૂટી જાય છે. સર્વ ધર્મોમાં પ્રધાન ધર્મ આકિંચન્ય છે, તે મોક્ષનો નિકટ સમાગમ કરાવનાર છે. અનાદિકાળથી જેટલા સિદ્ધ થયા છે તે બધા આકિંચન્યથી જ થયા છે; અને ભવિષ્યમાં જે કોઈ તીર્થંકરાદિ સિદ્ધ થશે તે આકિંચન્ય ધર્મથી જ થશે.

આકિંચન્ય ધર્મ પ્રધાનપણે સાધુજનોને હોય છે, તથાપિ એકદેશે ધર્મ ધારણ કરનાર ગૃહસ્થ એ ધર્મ ગ્રહણ કરવાની ઇચ્છા રાખે છે અને ગૃહસ્થ અવસ્થામાં જે મંદરાગી, અતિ વિરક્ત રહીને પ્રમાણિક પરિગ્રહ રાખે છે, ભવિષ્યની વાંછા કરતો નથી, અન્યાય માર્ગે ધન, પરિગ્રહ કદી ગ્રહણ કરતો નથી, અલ્પ પરિગ્રહમાં અતિ સંતોષી રહે છે, પરિગ્રહને દુઃખ દેનાર અને અત્યંત અસ્થિર માને છે તેને આકિંચન્ય ધર્મ પ્રાપ્ત થાય છે.

## ૧૦. ઉત્તમ બ્રહ્મચર્ય :–

“નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.

*　　*　　*

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ પુર ને અધિકાર.

* * *

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછીં રહે, તત્ત્વવચન એ ભાઈ.

* * *

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''

—શ્રીમદ્ રાજચંદ્ર

''ૐ વર્તમાન કાળમાં ક્ષયરોગ વિશેષ વૃદ્ધિ પામ્યો છે, અને પામતો જાય છે. એનું મુખ્ય કારણ બ્રહ્મચર્યની ખામી, આળસ અને વિષયાદિની આસક્તિ છે. ક્ષયરોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્ય-સેવન, શુદ્ધ સાત્ત્વિક આહાર-પાન અને નિયમિત વર્તન છે.''

—શ્રીમદ્ રાજચંદ્ર

સર્વ વિષયોમાંથી આસક્તિ તજી, બ્રહ્મ એટલે જ્ઞાયકસ્વભાવ આત્મા—તેમાં ચર્યા એટલે પ્રવૃત્તિ તે બ્રહ્મચર્ય છે. હે જ્ઞાનીજન! આ બ્રહ્મચર્ય નામનું વ્રત બહુ આકરું છે. બિચારા વિષયોમાં ફસાયેલા, આત્મજ્ઞાન રહિત મનુષ્યો તે વ્રત ધારણ કરવા સમર્થ નથી. મનુષ્યોમાં દેવ સમાન હોય તે જ એ વ્રત પાળી શકે છે. વિષયોની લાલસાવાળા અન્ય રંક જીવો તે પાળી શકવા સમર્થ નથી. બ્રહ્મચર્ય વ્રત અતિ દુષ્કર છે. જે બ્રહ્મચર્ય પાળે છે તેને સર્વ ઇંદ્રિયો અને કષાયો જીતવા સુલભ છે. હે ભવ્યો! સ્ત્રીના સુખમાં કે પુરુષના ભોગમાં રાગી જે

મનરૂપ મદોન્મત્ત હાથી છે તેને વૈરાગ્યની ભાવનામાં રોકીને, વિષયોની આશાનો અભાવ કરીને, દુર્ધર બ્રહ્મચર્ય ધારણ કરો.

કામ-વિકાર ચિત્તરૂપી ભૂમિમાં ઉત્પન્ન થાય છે, તેની પીડા સહન નહીં થવાથી જીવ નહીં કરવા યોગ્ય એવાં પાપ કરે છે. કામ મનનું મથન કરે છે, મનમાંના જ્ઞાનનો નાશ કરે છે તેથી કામનું નામ 'મનમથ' પડ્યું છે. જ્ઞાનનો નાશ થવાથી અથવા વિવેકચક્ષુનો નાશ થવાથી જ સ્ત્રીના મહા દુર્ગંધી નિંદ્ય શરીરમાં રાગી બની, તેનું સેવન કરે છે. કામથી અંધ બની મહા અનીતિ કરે છે—પોતાની કે પરની સ્ત્રીનો વિચાર પણ કરતો નથી. આ દુરાચારથી આ લોકમાં પણ હું માર્યો જઈશ, રાજા ભારે શિક્ષા કરશે, મારી આબરૂના કાંકરા થશે, મારી ધર્મકરણીમાં ધૂળ પડશે, હું ધર્મભ્રષ્ટ થઈશ, બુદ્ધિભ્રષ્ટ થઈશ અને ભૂંડા મોતે મરીને નરકે જઈશ, ત્યાં અસંખ્યાત કાળ પર્યંત ઘોર દુઃખ ભોગવવાં પડશે, વળી તિર્યંચ (પશુ આદિ)ના અનેક ભવમાં અસંખ્ય દુઃખ ભોગવવાં પડશે, કદાચ મનુષ્ય થઈશ તો આંધળો, લૂલો, કૂબડો, ગરીબ, અપંગ, બહેરો, બોબડો થઈશ; ચંડાળ, ભીલ, ચમાર આદિ નીચ કુળોમાં જન્મવું પડશે; ત્યાંથી વળી ઝાડ, પહાડ આદિ સ્થાવર જંગમ જંતુ થઈ અનંત કાળ સુધી જન્મ, મરણનાં દુઃખ ભોગવવા પડશે. આવો સત્ય વિચાર કામીને ઊપજતો નથી.

કામ-વિકારનાં અનેક સ્વભાવસૂચક નામ જગતમાં પ્રસિદ્ધ છે. કં એટલે ખોટો, દર્પ એટલે ગર્વ, તે ઉપરથી 'કંદર્પ' નામ પડ્યું છે. દુષ્ટ ગર્વ ઉપજાવે તે કંદર્પ. અતિ

કામના એટલે વાંછા ઉત્પન્ન કરી દુઃખી કરે છે તેથી તેને 'કામ' કહ્યો છે. તિર્યંચ તથા મનુષ્ય ભવમાં જેને માટે જીવો લડી મરે છે એવા કામને 'માર' પણ કહે છે. સંવરનો વેરી છે માટે 'સંવરારિ' કહેવાય છે. તપ-સંયમરૂપ બ્રહ્મ ધર્મનો નાશ કરે છે તેથી 'બ્રહ્મસૂ' કહેવાય છે, ઇત્યાદિ અનેક દુષ્ટ નામથી તે ઓળખાય છે.

આ પ્રકારે વિચારી મન, વચન ને કાયાથી પ્રીતિપૂર્વક બ્રહ્મચર્ય વ્રત પાળો. બ્રહ્મચર્યથી સંસાર-સમુદ્ર તરી જશો. બ્રહ્મચર્ય વિના વ્રત, તપ અસાર છે, વૃથા કાયક્લેશ છે. બાહ્ય સ્પર્શેન્દ્રિયના સુખથી વિરક્ત થઈને અભ્યંતર પરમાત્મસ્વરૂપ જે આત્મા તેની ઉજ્જ્વળતા પર દૃષ્ટિ રાખો. આત્મવૃત્તિ કામમાં આસક્ત ન થાય તેવો પુરુષાર્થ કરો. બ્રહ્મચર્યથી આ ભવ પરભવ બન્ને લોક સુધરે છે.

જો શીલ સાચવવું હોય, ઉજ્જ્વળ યશ ઇચ્છતા હો, ધર્મનો ખપ હોય અને પોતાની આબરૂ રાખવા ઇચ્છતા હો તો શાસ્ત્રની નીચે જણાવેલી શિખામણ મનમાં ધારણ કરો; – સ્ત્રીઓની કથા કહો નહીં, સાંભળો પણ નહીં; સ્ત્રીઓના રાગ, રંગ, કુતૂહલ, ચેષ્ટા નીરખો નહીં, એ મલિન ભાવ દેખવાથી આપણા ભાવ બગડે છે; વ્યભિચારી પુરુષોની સોબત ન રાખો; ભાંગ, જરદો વગેરે માદક, કેફી વસ્તુઓનો ત્યાગ કરો; પાન-બીડી, ફૂલના હાર, અત્તર, ફુલેલ આદિ શીલવ્રતનો ભંગ કરાવનાર કારણો સેવવાનો ત્યાગ કરો; ગીત, નૃત્ય, નાટક આદિ કામ-વિકાર જાગ્રત કરનારાં કારણો તજો; રાત્રિભોજનનો

ત્યાગ કરો; વિકાર પેદા કરે તેવાં લોક-વિરુદ્ધ વસ્ત્ર, આભરણ ન પહેરો; એકાંતમાં કોઈ પણ સ્ત્રીનો સંસર્ગ-પરિચય ન રાખો; સ્વાદની લંપટતા ત્યાગો. "ઇંદ્રિય-દમનકૂં સ્વાદ તજ," જીભની લંપટતા સાથે હજારો દોષો આવે છે, તેથી મોટાઈ, યશ, ધર્મ બધાનો નાશ થાય છે. જીભના લંપટીનો સંતોષ નાશ પામે છે, તેને સમભાવનું સ્વપ્ન પણ આવતું નથી; લોકવ્યવહારથી ભ્રષ્ટ થઈ જાય છે, બ્રહ્મચર્યનો ભંગ થઈ જાય છે. માટે આત્મ-કલ્યાણ ઇચ્છતા હો તો એક બ્રહ્મચર્યની ખાસ રક્ષા કરો. આ પ્રકારે ધર્મનાં દશલક્ષણ સર્વજ્ઞ ભગવાને કહ્યાં છે; જેનામાં આ દશ ગુણ પ્રગટ્યા હોય તે ધર્મમૂર્તિ છે.

## ઉપસંહાર :—

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ."

—શ્રીમદ્ રાજચંદ્ર

### ૧. ઉત્તમ ક્ષમા :—

ઉત્તમ ક્ષમા આદિની ઘાત કરનાર, ધર્મના વેરી ક્રોધાદિક છે તે દુર્ગુણરૂપ છે તેથી અનેક દોષ-પાપ લાગે છે; તેનો વારંવાર વિચાર કરો; અને ક્ષમાદિક ધર્મરૂપ છે, તેમાં અનેક ગુણ-લાભ છે; એમ ગુણ-દોષની વારંવાર ભાવના સદા કરો.

ક્ષમાના પ્રતાપે પોતાના પ્રાણ બચે છે (શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એ આત્માનો ભાવ પ્રાણ છે. તેની ઘાત કરનાર ક્રોધાદિ મલિન ભાવ છે, અને શ્વાસોશ્વાસ આદિ દ્રવ્ય પ્રાણ છે; તે બન્નેનો બચાવ ક્ષમાથી થાય છે), ધનની રક્ષા થાય છે,

યશની રક્ષા થાય છે, ધર્મની રક્ષા થાય છે; વ્રત, શીલ, સંયમ, સત્ય એ સર્વની રક્ષા એક ક્ષમાથી થાય છે. કલહ-કંકાસનાં ઘોર દુઃખથી બચાવનાર એક ક્ષમા છે. સર્વ ઉપદ્રવ અને વેર-વિરોધ થતાં અટકાવનાર ક્ષમા જ છે.

ક્રોધથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સમૂળગાં નાશ પામે છે; પોતાના પ્રાણનો નાશ થાય છે; ઘોર રૌદ્ર ધ્યાન થાય છે. ક્રોધી ક્ષણ વારમાં આપઘાત કરીને મરી જાય છે; કૂવામાં, તળાવમાં, વાવમાં કે નદી સમુદ્રમાં ડૂબી મરે છે; શસ્ત્ર મારીને, ઝેર ખાઈને કે ઊંચેથી પડતું મૂકીને કુમોતે મરે છે. ક્રોધી પોતાના પિતાને, પુત્રને, ભાઈને, મિત્રને, સ્વામીને, સેવકને, ગુરુને એક ક્ષણમાં મારી નાખે છે; નથી તેને દયા આવતી કે નથી કોઈનો ઉપકાર સાંભરતો. ક્રોધી ઘોર નરકનાં દુઃખને પાત્ર બને છે. ક્રોધી મહા ભયંકર છે; સર્વ ધર્મનો નાશ કરે છે. ક્રોધીનું વચન સત્ય હોતું નથી; પોતાને, ધર્મને અને સમભાવને બાળી મૂકે તેવાં કુવચનરૂપ અગ્નિ તે ઉછાળે છે. ધર્માત્મા સંયમી, શીલવંત મુનિ કે સદ્ગૃહસ્થ ઉપર ચોરી કે અન્યાયના જૂઠા આરોપ ક્રોધી મૂકે છે અને તેમને વગોવે છે. (અનંતાનુબંધી) ક્રોધના પ્રભાવથી જ્ઞાન કુજ્ઞાન થઈ જાય છે; આચરણ દુરાચરણ થઈ જાય છે; શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ જાય છે; અન્યાયમાં પ્રવૃત્તિ થઈ જાય છે; નીતિનો નાશ થાય છે; અતિ આગ્રહી બનીને વિપરીત માર્ગ ચલાવે છે; ધર્મ-અધર્મ, ઉપકાર-અપકારના વિચાર રહિત કૃતઘ્ની બને છે. માટે વીતરાગ ધર્મના ઇચ્છક હો તો કદી ક્રોધ ન કરશો.

## ૨. ઉત્તમ માર્દવ :—

કઠોરતા રહિત કોમળ પરિણામી જીવ ઉપર ગુરુની ભારે કૃપા હોય છે, માર્દવ-પરિણામીને સાધુ પુરુષો પણ સાધુ માને છે, તેથી વિનયવાળો જ જ્ઞાનને પાત્ર છે. માન રહિત કોમળ-પરિણામીને જેવા ગુણ ગ્રહણ કરાવવા હોય તથા જેવી કળા શીખવવી હોય તેવી કળા કે ગુણ તેને પ્રાપ્ત થાય છે. સર્વ ધર્મનું મૂળ, સર્વ વિદ્યાઓનું મૂળ વિનય છે. વિનયવાન સર્વને પ્રિય લાગે છે. બીજા ગુણો જેનામાં ન હોય તે પુરુષ પણ વિનય વડે માન્ય બને છે. વિનય પરમ આભૂષણ છે. કોમળ-પરિણામીના દિલમાં દયા વસે છે. માર્દવથી સ્વર્ગ લોકમાં ઇંદ્રાદિની સંપદા અને નિર્વાણની અવિનાશી સંપદા પ્રાપ્ત થાય છે.

કઠોર પરિણામીને શિક્ષા અસર કરતી નથી. સજ્જન પુરુષો અવિનયી, કઠોર પરિણામીને દૂરથી ત્યાગવાના ભાવ રાખે છે. જેવી રીતે પથ્થરમાં પાણી પ્રવેશ કરી શકતું નથી, તેવી રીતે સદ્‌ગુરુનો ઉપદેશ કઠોર પરિણામીના હૃદયમાં પ્રવેશ કરી શકતો નથી. જે પથ્થર કે કાષ્ઠ આદિ નરમ હોય તેને વાળ વાળ જેટલું જ્યાં જ્યાં ઘડવું હોય, છોલવું હોય ત્યાં ત્યાં વાળ માત્ર જ ઊખડી આવે તો તેની જેવી મુખાકૃતિ કે મૂર્તિ બનાવવી હોય તેવી જ બને છે પરંતુ જે કાષ્ઠ, પાષાણ કોમળતા રહિત હોય તે કારીગરના અભિપ્રાય પ્રમાણે ઘડાય નહીં, ઘડતાં ગમે તેવાં છોડિયાં ઊખડી પડે, તો તેના ઘાટ ઘડી શકાતા નથી; તેવી રીતે કઠોર પરિણામીને જેવી જોઈએ તેવી બોધની અસર થતી નથી. અભિમાની કોઈને પ્રિય

લાગતો નથી. વગર કારણે અભિમાનીના લોકો વેરી બને છે અને પરલોકમાં હલકા મનુષ્ય-તિર્યંચના અવતાર ધારી અસંખ્યાત કાળ સુધી તિરસ્કારને પાત્ર અનેક રીતે થાય છે. તેથી કઠોર પરિણામ તજી માર્દવ ભાવ નિરંતર ધારણ કરો.

**૩. ઉત્તમ આર્જવ :—**

સર્વ અનર્થોનું મૂળ કપટ છે; પ્રીતિ અને પ્રતીતિનો તે નાશ કરે છે. કપટીમાં અસત્ય, છળ, નિર્દયતા, વિશ્વાસઘાત આદિ ઘણા દોષો વસે છે. કપટીમાં ગુણો રહેતા નથી, માત્ર દોષોનો ભંડાર તે બને છે. માયાવી આ લોકમાં અપયશ પામે છે અને મરીને તિર્યંચ-નરક આદિ ગતિ પામે છે; ત્યાં અસંખ્યાત કાળ સુધી પરિભ્રમણ કરે છે. માયાચાર રહિત આર્જવધર્મ-સરળતા ધારે તેનામાં સર્વ ગુણો આવીને વસે છે; તે સર્વની પ્રીતિ, પ્રતીતિને પાત્ર બને છે; પરલોકમાં દેવોને પૂજ્ય ઇંદ્ર-પ્રતીંદ્ર આદિ થાય છે. માટે સરળ પરિણામ જ આત્માને હિતકારી છે.

**૪. ઉત્તમ સત્ય :—**

સત્યવાદીમાં સર્વ ગુણ વસે છે; કપટ આદિ દોષરહિત તે જગતમાં અહીં માન પામે છે અને પરલોકમાં અનેક દેવ, મનુષ્યો આદિ તેની આજ્ઞા ઉઠાવે છે. અસત્યવાદી આ લોકમાં પણ નિંદાને પાત્ર થાય છે, કોઈ તેનો વિશ્વાસ કરતું નથી; તેનાં સગાં, મિત્રો વગેરે પણ તેનું અપમાન કરી તેનો ત્યાગ કરે છે; રાજા જૂઠાની જીભ કપાવે છે, તેનું સર્વ ધન હરણ કરી લે છે. વળી પરભવમાં તિર્યંચ ગતિમાં વચન રહિત એકેંદ્રિય,

બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય આદિના ભવમાં અસંખ્યાત દેહ ધારણ કરે છે. તેથી સત્યધર્મનું ધારણ કરવું શ્રેષ્ઠ છે.

### ૫. ઉત્તમ શૌચ :—

જેનું આચરણ શુચિ-પવિત્ર હોય તે જગતમાં પૂજવા યોગ્ય છે. શૌચ એટલે પવિત્રતા, ઉજ્જ્વળતા. જેની આહાર, વિહાર આદિ સર્વ પ્રવૃત્તિ હિંસારહિત હોય; હિંસા ન થાય તે માટે યત્નાપૂર્વક વર્તે છે, તેમજ પરધન અને પરસ્ત્રીની વાંછા સ્વપ્ને પણ ન હોય, તેનું આચરણ ઉજ્જ્વળ છે. તેવાને જગત પૂજ્ય માને છે, નિર્લોભીનો સર્વ લોક વિશ્વાસ કરે છે, તે જ લોકમાં ઉત્તમ છે, ઊંચી ગતિને પાત્ર છે. લોભરહિતનો મહા યશ જગમાં ફેલાય છે, લોભી મહા મેલો અને સર્વ દોષોનું ધામ છે; નિંદ્ય કર્મ કરતાં લોભી આંચકો ખાતો નથી. લોભીને યોગ્ય-અયોગ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય, કૃત્ય-અકૃત્યનો વિચાર જ હોતો નથી. આ લોકમાં નિંદા, ધર્મથી વિમુખતા, નિર્દયતા લોભીમાં પ્રગટપણે દેખાય છે. લોભી ધર્મ, અર્થ અને કામનો નાશ કરે છે, તથા કુમરણ કરીને દુર્ગતિએ જાય છે. લોભીના હૃદયમાં સદ્‌ગુણને રહેવાનો અવકાશ મળતો નથી. આ લોક, પરલોકમાં લોભીને અત્યંત દુઃખ અને ક્લેશ સહન કરવાં પડે છે. માટે લોભ તજીને શૌચ ગુણ ધારણ કરવો શ્રેષ્ઠ છે.

### ૬. ઉત્તમ સંયમ :—

સંયમ આત્માને કલ્યાણકારી છે. સંયમી પુરુષ આ લોકમાં વંદન કરવા યોગ્ય છે, તે સર્વ પાપથી નિર્લેપ રહે છે. આ લોક, પરલોકમાં તે અચિંત્ય મહિમા પામે છે; પ્રાણઘાત

અને વિષયભોગમાં આસક્ત થઈ તે પાપમાં પ્રવર્તતો નથી; તેથી સંયમ ધર્મ જીવને હિતકારી છે.

**૭. ઉત્તમ તપ :—**

સમ્યક્ તપથી નવાં કર્મ આવતાં રોકાય છે અને પૂર્વે બાંધેલાં કર્મ છૂટી જાય છે તેથી સંવર અને નિર્જરા થવામાં મુખ્ય કારણ તપ છે. તપ આત્માને કર્મ-મલથી મુક્ત કરે છે. તપના પ્રભાવથી આ ભવમાં જ અનેક ઋદ્ધિ પ્રગટ થાય છે. તપનો અચિંત્ય મહિમા છે. તપ વિના કામ અને નિદ્રાનો નાશ કોણ કરે? તપ વિના તૃષ્ણાને કોણ છેદે? ઇંદ્રિયોના વિષય-ભોગોને નિર્મૂળ કરનાર તપ જ છે. આશારૂપ વ્યંતરી તપથી વશ થાય છે. કામને તપથી જીતી શકાય છે; તપના અભ્યાસી તપસ્વીઓ પરિસહ-ઉપસર્ગ આવ્યે રત્નત્રયરૂપ ધર્મમાં ટકી રહે છે. માટે તપ ધર્મ ધારણ કરવો યોગ્ય છે. તપ વિના સંસારથી છુટાતું નથી. મોટા ચક્રવર્તી રાજા પણ છ ખંડનું રાજ્ય છોડી તપ ધારણ કરે છે, તો ત્રણે લોકના પૂજ્ય બને છે; અને તપ છોડી રાજ્ય ગ્રહણ કરે છે તે તિરસ્કારને પાત્ર અતિ નિંદ્ય બને છે; તરણાથી પણ તુચ્છ ગણાય છે. તેથી ત્રણે લોકમાં તપ સમાન બીજું કંઈ નથી.

**૮. ઉત્તમ ત્યાગ :—**

આત્માને દબાવી રાખનાર પરિગ્રહ સમાન બીજો કોઈ બોજો નથી; કારણ કે દુઃખ, દુર્ધ્યાન, ક્લેશ, વેર, વિયોગ, શોક, ભય, અપમાન એ બધાં પરિગ્રહના ઇચ્છકને વેઠવાં પડે છે. તેથી જેટલે જેટલે અંશે પરિગ્રહ ઉપરથી મમતા ઘટે,

પરિણામ પાછાં વળે, તેમ તેમ ખેદ ક્લેશ ઘટે છે. જેમ બહુ ભારથી દુઃખી થતો મનુષ્ય, ભાર નીચે મૂકે ત્યારે સુખી થાય છે, તેમ પરિગ્રહની વાસના છૂટે તો જીવ સુખી થાય છે. સમસ્ત દુઃખ અને સમસ્ત પાપ પરિગ્રહથી ઊપજે છે. જેમ સર્વ નદીઓના જળથી પણ સમુદ્રને સંતોષ થતો નથી, તથા ઈંધણથી અગ્નિને તૃપ્તિ થતી નથી તેમ આશારૂપી ખાડો બહુ ઊંડો છે, તેનો તલ-સ્પર્શ થતો નથી (તાગ આવતો નથી), પરિગ્રહથી તે પુરાતો નથી, ઊલટો વધારે ઊંડો થતો જાય છે, નવ નિધાનથી આશારૂપી ખાડો પુરાયો નહીં, તો અન્ય સંપદાથી કેમ પુરાય? પરંતુ જેમ જેમ પરિગ્રહની ઇચ્છા ઓછી કરતા જઈએ, તેમ તેમ તે પુરાતો જાય છે. આ આશા પૂરવાનો અદ્‌ભુત ઉપાય છે. તેથી સમસ્ત દુઃખો દૂર કરવાને ત્યાગ જ સમર્થ છે. ત્યાગથી જ અંતરંગ, બહિરંગ બંધન રહિત થઈને અનંત સુખના ધારક થશો. પરિગ્રહના બંધનમાં બંધાયેલો જીવ પરિગ્રહના ત્યાગથી જ મુક્ત થાય છે. તેથી ત્યાગ ધર્મ ધારણ કરવો જ શ્રેષ્ઠ છે.

## ૯. ઉત્તમ આકિંચન્ય :—

હે આત્મા! આ દેહ, સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, રાજ્ય, ઐશ્વર્ય આદિમાં એક પરમાણુ માત્ર પણ તારું નથી. દેહાદિક તો પુદ્‌ગલ દ્રવ્ય છે, જડ છે, વિનાશી છે, અચેતન છે. એ પરદ્રવ્યોમાં અહંભાવનો સંકલ્પ, તીવ્ર દર્શનમોહ નામના કર્મ વિના, કોણ કરાવે? આ પરદ્રવ્યોમાં આત્મભાવની કલ્પના કદી ન થાઓ. અકિંચન (અસંગ) સ્વરૂપ થાઓ. આ આકિંચન્ય

ભાવનાના પ્રભાવથી જીવ આ લોકમાં જ કર્મથી નિર્લેપ, સર્વ બંધનથી રહિત થઈને શુદ્ધ આત્મામાં સ્થિતિ કરે છે. માટે સાક્ષાત્ મોક્ષનું કારણ આકિંચન્ય ધર્મ જ ધારણ કરો.

## ૧૦. ઉત્તમ બ્રહ્મચર્ય :—

કુશીલ મહા પાપ છે, સંસારપરિભ્રમણનું બીજ છે. બ્રહ્મચર્ય પાળનાર પાસેથી હિંસાદિક પાપો દૂર ભાગી જાય છે. બ્રહ્મચર્ય પાળનારમાં સર્વ સદ્ગુણો આવીને વસે છે. બ્રહ્મચર્યથી જિતેન્દ્રિયતા પ્રગટે છે, કુળ જાતિ આદિ દીપે છે; અને પરલોકમાં તે અનેક ઋદ્ધિનો ધારક દેવ થાય છે.

આ પ્રકારે દેવાધિદેવ ભગવાન તીર્થંકરના મુખારવિંદથી પ્રગટ કહેવાયેલો દશ લક્ષણરૂપ ધર્મ આત્માનો સ્વભાવ છે; પરવસ્તુ નથી. ક્રોધાદિ કર્મજન્ય ઉપાધિ દૂર થતાં પોતાની મેળે આત્માનો સ્વભાવ પ્રગટ થાય છે. ક્રોધના અભાવથી ક્ષમા ગુણ પ્રગટે છે, માનના અભાવથી માર્દવ ગુણ પ્રગટે છે, માયાના અભાવથી આર્જવ ગુણ પ્રગટે છે, લોભના અભાવથી શૌચ ધર્મ પ્રગટે છે, અસત્યના અભાવથી સત્ય ધર્મ પ્રગટે છે, કષાયના અભાવથી સંયમ ગુણ પ્રગટે છે, ઇચ્છાના અભાવથી તપ ગુણ પ્રગટે છે, પરમાં મમતાના અભાવથી ત્યાગ ધર્મ પ્રગટે છે, પરદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માના અનુભવથી આકિંચન્ય ધર્મ પ્રગટે છે, વેદના અભાવે આત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ થવાથી બ્રહ્મચર્ય ધર્મ પ્રગટે છે. આ દશ પ્રકારનો ધર્મ તે આત્માનો સ્વભાવ છે.

આ ધર્મ કોઈથી ખૂંચવ્યો ખૂંચવી શકાતો નથી; લૂંટ્યો લૂંટાતો નથી; ચોરથી ચોર્યો ચોરી શકાતો નથી; રાજાથી લૂંટ્યો લૂંટાતો નથી; સ્વદેશ પરદેશમાં ક્યાંય તેનું સ્વરૂપ છૂટતું નથી; કોઈનો બગાડ્યો, બગડતો નથી; ધનથી ખરીદાતો નથી; આકાશમાં, પાતાળમાં, દિશામાં, વિદિશામાં, પહાડ ઉપર, ઝાડ ઉપર, જળમાં, તીર્થમાં કે મંદિરમાં ક્યાંય રાખી મૂક્યો નથી. તે તો આત્માનો નિજ સ્વભાવ છે. તેની પ્રાપ્તિ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી થાય છે. તે ધર્મ એવો સુગમ છે કે બાળક, વૃદ્ધ, યુવાન, ધનવાન, નિર્ધન, બળવાન, નિર્બળ, શરણાગત, અશરણ, રોગી, નીરોગી, સર્વ તે ધર્મ ધારણ કરવા સમર્થ છે. તે ધર્મ ધારણ કરવામાં ખેદ, ક્લેશ, અપમાન, ભય, વિષાદ, કલહ, શોક, દુઃખ કંઈ પણ કદી સહન કરવું પડતું નથી; તે દુર્લભ નથી; કંઈ બોજો ઉઠાવવો પડતો નથી; દૂર દેશાંતર જવું પડે તેમ નથી; ભૂખ, તરસ, ટાઢ, તાપનાં દુઃખ ખમવાં પડતાં નથી; કોઈની સાથે વાદવિવાદ કે ઝઘડો કરવો પડે તેમ નથી. અત્યંત સુગમ, સર્વ ક્લેશ અને દુઃખથી રહિત, સ્વાધીન આત્માનું સમ્યક્પરિણમન એ જ ધર્મ છે. તેનું ફળ સર્વ સંસારપરિભ્રમણથી છૂટી, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય સહિત સિદ્ધ અવસ્થા પામવી એ છે.

**દશ લક્ષણ ધર્મનું સંક્ષિપ્ત વર્ણન સમાપ્ત**

# સમાધિમરણ

સમ્યક્દૃષ્ટિ મહાત્માને મોક્ષનો લક્ષ અને મોક્ષની રુચિ દૃઢ થઈ છે, તેથી તેના સાધનરૂપ શુદ્ધ ઉપયોગમાં રહેવાનો પુરુષાર્થ કરે છે. બહિર્મુખ પ્રવૃત્તિનાં કારણરૂપ વિષય, કષાય આદિને દૂર કરતા રહે છે. સર્વ સંગથી રહિત થઈ આત્મામાં જ તલ્લીન રહેવાનો લક્ષ છતાં તેટલી શક્તિ પ્રગટ ન થાય ત્યાં સુધી યથાશક્તિ વ્રત નિયમ આદિ શુભ ભાવ વડે અશુભ ભાવોને અટકાવે છે.

૧. અહિંસા અણુવ્રત, ૨. સત્ય અણુવ્રત, ૩. અચૌર્ય અણુવ્રત, ૪. શીલ અણુવ્રત, ૫. પરિગ્રહ પરિમાણ અણુવ્રત, ૬. દિગ્પરિમાણ વ્રત, ૭. અનર્થદંડત્યાગ વ્રત, ૮. ભોગ-ઉપભોગપરિમાણ વ્રત, ૯. દેશાવકાશિક વ્રત, ૧૦. સામાયિક વ્રત, ૧૧. પૌષધ ઉપવાસ વ્રત, અને ૧૨. પાત્રદાન કે અતિથિ સંવિભાગ વ્રત; એ બાર વ્રત પાળવારૂપ મુક્તિમંદિર ચણનાર ગૃહસ્થાવાસી સમ્યક્દૃષ્ટિ દેશવ્રતવાળા શ્રાવક કહેવાય છે.

અંતકાળમાં સલ્લેખના અથવા સમાધિમરણ વિના તે વ્રતોની સફળતા ગણાતી નથી. સલ્લેખના તે બાર વ્રતરૂપ સોનાના મંદિર ઉપર રત્નમય કળશ ચઢાવવારૂપ છે. સલ્લેખનાનું સ્વરૂપ કહેતા પહેલાં સલ્લેખના કયા અવસરે કરવી તે જાણવું જોઈએ.

## સલ્લેખનાનો અવસર :–

જ્યાં ઉપાય ચાલી શકે એમ ન હોય કે ટાળી શકાય નહીં એવા ઉપસર્ગ આવે, એવા દુષ્કાળ પડે, એવી વૃદ્ધાવસ્થા હોય કે એવાં રોગ થાય ત્યારે ધર્મની રક્ષાને માટે શરીરનો ત્યાગ કરવો. દેહમાં રહેવું અથવા દેહની રક્ષા કરવી તે તો ધર્મ ધારણ કરવા માટે છે. મનુષ્યત્વ, ઇંદ્રિયો, મન ઇત્યાદિની પ્રાપ્તિ તો ધર્મ પાળવાથી સફળ ગણાય, પણ જ્યાં ધર્મનો નાશ થતો જણાય, ધર્મ રહેશે નહીં એમ સમજાય, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનો વિનાશ થશે એવો નિશ્ચય થઈ જાય ત્યાં ધર્મની રક્ષાને માટે દેહનો ત્યાગ કરવો તે સલ્લેખના છે.

કોઈ પૂર્વ જન્મનો વેરી અસુર, પિશાચ આદિ દેવ કે દુષ્ટ દુશ્મન, ભીલ, મ્લેચ્છ આદિ ઉપસર્ગ કરે; સિંહ, વાઘ, હાથી, સાપ આદિ દુષ્ટ પ્રાણીઓ દ્વારા ઉપસર્ગ (સંકટ) આવી પડે; પ્રાણનો નાશ કરે તેવાં વાવંટોળ, વરસાદ, હિમ, ટાઢ, તાપ, ધુમાડો, અગ્નિ, પથ્થર, પાણી વગેરેથી થયેલા ઉપસર્ગ આવી પડે; કુટુંબનાં દુષ્ટ સગાવહાલાં સ્નેહથી, મિથ્યાત્વની પ્રબળતાથી કે પોતાના ભરણપોષણના લોભથી ચારિત્ર ધર્મનો નાશ કરવાને તૈયાર થાય; દુષ્ટ રાજાના મંત્રી આદિ તરફથી ઉપસર્ગ આવી પડે તો ત્યાં સલ્લેખના કરે. નિર્જન વનમાં દિશાભૂલ થઈ જાય, માર્ગ જડે નહીં; અન્ન પાણી મળે નહીં એવો દુષ્કાળ આવી જાય; સમસ્ત દેહને જર્જરિત કરનારી, નેત્ર કાન આદિ ઇંદ્રિયોનો નાશ કરનારી, પગબળ ભાંગી નાખનારી, હાથ પગ શિથિલ-અસમર્થ કરનારી વૃદ્ધાવસ્થા

આવી પહોંચે તે વખતે સલ્લેખના કરવી યોગ્ય છે. અસાધ્ય રોગ થયો હોય, પ્રબળ તાવ, અતિસાર, દમ, ખાંસી, કફનો ઘેરાવો તથા વાત-પિત્તાદિની પ્રબળતા હોય, જઠરાગ્નિની મંદતાથી ભૂખ ઘટી ગઈ હોય, લોહીનો નાશ થતો હોય, કઠોદર, સોજા ઇત્યાદિ વિકારની પ્રબળતા હોય તથા રોગની દિવસે દિવસે વૃદ્ધિ થતી હોય તો તુરત હિંમત રાખીને ઉત્સાહ સહિત સલ્લેખના કરવી યોગ્ય છે. અવશ્ય મરણનાં કારણો પ્રગટ દેખાય ત્યાં ચાર આરાધનાનું શરણ ગ્રહણ કરી સમસ્ત દેહ, ઘર, કુટુંબ આદિ ઉપરથી મમતા તજી, અનુક્રમે આહાર આદિનો ત્યાગ કરી દેહને તજવો. દેહ નાશ પામે તો પણ આત્માનો સ્વભાવ દર્શન, જ્ઞાન, ચારિત્ર તેને હાનિ ન થાય તેમ પ્રયત્ન કરવો. દેહ તો વિનાશી છે, અવશ્ય તેનો નાશ થશે. કરોડો ઉપાયે પણ દેવ, દાનવ, મંત્ર, તંત્ર, મણિ, ઔષધ આદિ કોઈ તેનું રક્ષણ કરી શકશે નહીં. દેહ તો અનંતાનંત ધારણ કરી કરીને મૂક્યા. પણ આ રત્નત્રયરૂપ ધર્મ અનંત ભવ ભમતાં પણ પ્રાપ્ત થયો નથી તેથી દુર્લભ છે. સંસારપરિભ્રમણથી બચાવનાર ધર્મ છે. તે ધર્મ ભવાંતરમાં પણ મલિન ન થાઓ એવો નિશ્ચય ધારણ કરીને દેહ ઉપરથી મમતા છોડી પંડિત મરણ માટે પુરુષાર્થ કરવો.

## સમાધિમરણનો મહિમા :—

જે તપને અંતક્રિયારૂપ સંન્યાસમરણનો—સમાધિમરણનો આધાર પ્રાપ્ત થયો છે, તે તપના ફળને સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાન વખાણે છે. જો તપ કરનારને તપના ફળરૂપ

સંન્યાસ-મરણ પ્રાપ્ત ન થયું તો તે તપ નિષ્ફળ છે. તેથી પોતાનું જેટલું સામર્થ્ય હોય તેટલું સમાધિમરણ કરવાના ઉત્તમ પુરુષાર્થમાં વાપરવું.

તપ, વ્રત, સંયમ કર્યાનું ફળ લોકમાં અનેક પ્રકારે મળે છે. તપનું ફળ દેવલોક છે. મિથ્યાદૃષ્ટિ પણ તપના પ્રભાવથી નવ ગ્રૈવેયકમાં અહમિંદ્રપણું, મહાન ઋદ્ધિ આદિ સંપદા પામે છે. તપનું ફળ ચક્રવર્તીપણું, નારાયણપણું, બળભદ્રપણું, રાજેન્દ્રપણું, વૈભવ, સંપદા, રૂપ, નીરોગીપણું, બળવાનપણું એમ અનેક પ્રકારનું છે. અખંડ આજ્ઞા, ઐશ્વર્ય, ઋદ્ધિ-વૈભવ, પરિવાર એ બધું તપનું ફળ છે. પણ અંતે સમાધિમરણ વિના સર્વ દેવાદિક સંપદા અનેક વાર ભોગવી ભોગવી સંસારમાં પરિભ્રમણ જ કર્યું છે. પરંતુ તપ કરીને અંતમાં સમાધિમરણની વિધિથી આરાધનાના શરણ સહિત, ભયરહિત જેણે મરણ કર્યું, તેના તપના ફળને સર્વદર્શી સર્વજ્ઞાની ભગવાન વખાણે છે. કરોડ પૂર્વ પર્યંત તપ કર્યું હોય પણ અંતકાળમાં જેનું મરણ બગડી ગયું તેનું તપ પ્રશંસાપાત્ર નથી. તપ કરવાથી દેવલોક કે મનુષ્યલોકની સંપદા મળે પરંતુ મરણ વખતે આરાધના-મરણનો નાશ થવાથી સંસારપરિભ્રમણ જ કરે છે. જેવી રીતે અનેક દૂર દેશાવરમાં ઘણું ભટકીને ધનની ઘણી કમાણી કરી ઘેર આવતાં પોતાના નગરની સમીપમાં ધન લૂંટાઈ ગયું તો ગરીબ થઈ જાય છે તેમ આખા ભવમાં તપ, વ્રત, સંયમ ધારણ કર્યા છતાં અંતકાળમાં જો આરાધનાનો નાશ કરી દીધો તો અનેક જન્મ મરણ કરવાને પાત્ર થાય છે.

## સંન્યાસમરણની શરૂઆત :–

સ્નેહ, વેર, સંગ અને પરિગ્રહનો ત્યાગ કરીને, શુદ્ધ મનવાળા થઈને, સ્વજન પરિવારના દોષોની ક્ષમા આપે. સર્વ સગાં વહાલાં સંબંધીઓ પ્રત્યે દોષ થયા હોય તેની પ્રિય, હિતકારી વચનો વડે ક્ષમા માગે. એમ સર્વને ખમી ખમાવે.

સમ્યક્‌દૃષ્ટિને સ્નેહ અને વેર બન્નેનો અભાવ હોય છે. સમ્યક્‌જ્ઞાની એવો વિચાર કરે છે કે આ ભવમાં કર્મને આધીન હું અહીં જન્મ્યો. આ દેહના ઉપકાર-અપકારના નિમિત્તરૂપ જે પુણ્ય પાપના ઉદયે સ્ત્રી પુત્રાદિ પદાર્થો મળ્યાં તેમાંથી દેહને ઉપકાર કરનાર ઉપર દાન સન્માન આદિ વડે સ્નેહ કર્યો. જે આ દેહને ઉપકાર કરનારાં પ્રાણી, પદાર્થો તેના નાશ કરનાર પ્રત્યે ચારિત્રમોહના ઉદયે વેર રાખી તેમનાથી વિમુખ થઈ રહ્યો. પણ આ પર્યાય(દેહ)નો નાશ થવાનો અવસર આવ્યો છે. હવે કોની સાથે સ્નેહ કરું? કોની સાથે વેર કરું? મારો એના આત્મા સાથે સંબંધ તો છે જ નહીં. આ લોક મારા આત્માને જાણતા નથી. માત્ર એમનાં અને મારાં ચામડાં દેખાય છે. ચામડાં જ સાથે મિત્ર કે શત્રુનો સંબંધ છે. આ ચામડાંની તો હવે ભસ્મ થઈને એક એક પરમાણુ ઊડી જશે, હવે કોની સાથે સ્નેહ કે વેરનો સંકલ્પ કરવો? પોતાની સાથે જે કોઈ વગર કારણે અભિમાનને લઈને વેર રાખનાર હોય તેમની પાસે નમ્રતાથી ક્ષમા માગવી ઘટે છે કે મારી ભૂલ થઈ છે. હું આપના જેવાથી અતડો રહેતો. હવે હું આપને પ્રાર્થના કરું છું કે મારો અપરાધ ક્ષમા કરો. આપ સરખા સજ્જનો વિના કોણ માફ કરે?

પોતે કોઈનાં ધન-ધરતી દબાવ્યાં હોય તો પાછાં સોંપી તેને રાજી કરે અને કહે કે આપનાં ધન, ધરતી દબાવી રાખ્યાં હતાં તે આપનાં ગ્રહણ કરો. હું પાપી છું. દુષ્ટતાથી, છળ-કપટથી, લોભથી અંધ બનીને મેં દુરાચાર કર્યો હતો. હવે હું મનમાં પશ્ચાત્તાપ કરું છું. મેં તમને ભારે દુઃખ ઉપજાવ્યું છે. જે થયું તે ન થયું કોઈ રીતે થાય એમ નથી. હવે હું શું કરું? આપ માફ કરો ઇત્યાદિ સરળ ભાવથી ક્ષમા માગી લેવી.

પોતાનાં કુટુંબી, મિત્રાદિ સ્નેહીઓ પ્રત્યે કહેવું કે તમે મારાં સ્નેહી સંબંધી છો. પરંતુ તમારે અને મારે આ દેહને લઈને સંબંધ છે. હે દેહને ઉપજાવનારી માતા! હે દેહથી ઊપજેલાં પુત્ર, પુત્રી! હે દેહને રમણ-વિલાસ દેનારી સ્ત્રી! હે દેહના કુળનાં સંબંધી જનો! તમારે અને મારે આ વિનાશી દેહનો સંબંધ છે. તે આટલા કાળ સુધી રહ્યો. દેહ આયુષ્યને આધીન હોવાથી હવે અવશ્ય નાશ પામશે. વિનાશી દેહ ઉપર સ્નેહ રાખવો વ્યર્થ છે. દેહ ઉપર સ્નેહ રાખો તોપણ એ રહેવાનો નથી. એ તો અગ્નિ આદિથી બળી ભસ્મ થઈ જશે. સર્વ પરમાણુ વીખરાઈ જશે. મારો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, અવિનાશી છે, અખંડ છે, નિજરૂપ છે. નિજ સ્વભાવનો વિનાશ નથી થતો. જેનો સંયોગ થયો છે, તેનો વિયોગ અવશ્ય થાય છે. જે અનેક પરમાણુ મળીને ઊપજે છે, તેનો અવશ્ય વિનાશ થાય છે. તો આ વિનાશી, અજ્ઞાન, જડરૂપ પુદ્‌ગલમય દેહ ઉપરથી સ્નેહ ઉઠાડી, મારા અવિનાશી જ્ઞાયક આત્મા ઉપર ઉપકાર કરવામાં ઉદ્યમ કરવો યોગ્ય છે. મારો

જ્ઞાનદર્શન સ્વભાવવાળો આત્મા, રાગ, દ્વેષ, મોહાદિથી ના હણાય, જ્ઞાનાદિની ઉજ્જ્વળતા પ્રગટ થાય અને વીતરાગ નિજ સ્વભાવની પ્રાપ્તિ થાય તેવો પ્રયત્ન કરવો યોગ્ય છે.

આવા દેહ તો અનંતાનંત વાર ધારણ કરી કરીને છોડ્યા છે. મેં દર્શન, જ્ઞાન, ચારિત્રની વિપરીતતાથી, વિપરીત શ્રદ્ધા, વિપરીત જ્ઞાન, વિપરીત આચરણથી ચારે ગતિમાં પરિભ્રમણ કર્યું છે.

ક્યાં મારું સર્વને જાણનાર સર્વજ્ઞ સ્વરૂપ અને ક્યાં એકેન્દ્રિય ભવમાં અક્ષરના અનંતમા ભાગ જેટલું રહેલું જ્ઞાન! અનંત શક્તિ અંતરાયકર્મના ઉદયથી નાશ પામીને પૃથ્વી, પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિરૂપ પાંચ સ્થાવરપણું ધારણ કરવું, બેઇંદ્રિય આદિ વિકલત્રય થવું એ બધું મિથ્યા શ્રદ્ધા-જ્ઞાન-આચરણનો પ્રભાવ છે.

અનંતાનંત કાળમાં કર્મના ભારે ક્ષયોપશમ વડે વીતરાગે કહેલા સ્યાદ્‌વાદરૂપ ઉપદેશથી મને કંઈક સ્વ અને પરના રૂપનું ભાન થયું છે. તેથી હે સજ્જનો! હવે એવો સ્નેહ કરો કે જેથી મારો આત્મા રાગ દ્વેષ મોહ રહિત થઈને, નિર્ભય થઈ આરાધનાના શરણ સહિત દેહનો ત્યાગ કરે. અનાદિકાળથી અનંતાનંત મિથ્યાત્વ સહિત બાલબાલ મરણ કર્યાં છે. જો એક વાર પણ પંડિત મરણ કર્યું હોત તો ફરી મરણને પાત્ર ન થાત. હવે દેહ ઉપરથી સ્નેહાદિ છોડીને મારો આત્મા જેવી રીતે સંસારસાગરમાં રાગાદિને વશ થઈને ડૂબે નહીં તેવો

પ્રયત્ન કરવા યોગ્ય છે. આ પ્રમાણે સ્નેહ, વેર આદિક છોડીને અને દેહ, પરિગ્રહ આદિ ઉપરથી રાગ છોડીને મન શુદ્ધ કરો.

## સમાધિ-મરણના ઇચ્છકે કરવા યોગ્ય :–

જે પાપ અપરાધ કર્યાં હોય, બીજા પાસે કરાવ્યાં હોય અને કરનારને ભલો જાણ્યો હોય તે અપરાધની એકાંતમાં, નિર્દોષ, જ્ઞાની, વીતરાગી ગુરુ પાસે કપટ રહિત આલોચના કરવી અને મરણ પર્યંત સમસ્ત મહાવ્રત ધારણ કરવાં.

વીતરાગ નિર્દોષ ગુરુનો સંયોગ મળ્યો હોય, પોતાના રાગાદિ કષાય ઘટ્યા હોય, પરિષહાદિ સહન કરવાને પોતાનું શરીર તથા મન સમર્થ હોય, ધૈર્ય આદિ ગુણનો ધારક હોય, નિર્ગ્રંથ વીતરાગ ગુરુ નિર્વાહ કરવા સમર્થ હોય, દેશ, કાલ, સહાય કરનાર આદિનો શુદ્ધ સંયોગ પ્રાપ્ત હોય, તો મહાવ્રત અંગીકાર કરવાં. બાહ્ય તથા અભ્યંતર સામગ્રી હોય નહીં તો પોતાનાં પરિણામમાં જ પંચપરમેષ્ઠીનું ધ્યાન કરી અરિહંતાદિક પાસે આલોચના કરે. પોતાની યોગ્યતા પ્રમાણે સર્વે પાંચ પાપો (હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ) નો ત્યાગ કરીને ઘરમાં રહ્યા છતાં, મહાવ્રતી જેવા બનીને, રોગ આદિ વેદના કાયરતા રહિત ભારે ધીરજથી સહન કરે. દુઃખરૂપ વેદનાને બહાર પ્રગટ કર્યા વિના સહન કરે. કર્મના ઉદયને પોતાના સ્વભાવથી ભિન્ન જાણી, સર્વ શત્રુ, મિત્ર, સંયોગ, વિયોગમાં સમભાવ રાખે. પરિગ્રહાદિ ઉપાધિનો ત્યાગ કરીને વિકલ્પ રહિત થાય. સંન્યાસ (સંથારા) નો અવસર જાણી પરિગ્રહનો

ત્યાગ કરે તે પહેલાં કોઈનું દેવું હોય તો તે પતાવી દે; કોઈનાં ધનાદિ કે જમીન-જગ્યા પોતે અનીતિથી લીધી હોય તો તેને પાછી આપી દઈ, તેને રાજી કરે, સંતોષ પમાડે; પોતાના અપરાધ ક્ષમા કરાવે, પોતાની નિંદા-ગર્હા કરે. જે ધન પરિગ્રહ હોય તેની યોગ્ય વહેંચણી કરી, નિરાકુળ થઈ જાય. સ્ત્રીનો ભાગ સ્ત્રીને આપે, પુત્રોનો વિભાગ પુત્રોને આપે, પુત્રીનો યોગ્ય વિભાગ પુત્રીને આપે; દુઃખી, દીન, અનાથ, વિધવા વગેરે પોતાને આશરે બહેન, બનેવી, ભાઈ વગેરે રહેતાં હોય તેમને ઘટે તે તેમને આપે. સમસ્ત પરિગ્રહ તજે, મમતા રહિત થઈને દેહને સારો કરવાની દરકાર તજે, સ્ત્રી, પુત્ર, ઘર આદિ સર્વ કુટુંબ, શય્યા, આસન, વસ્ત્ર આદિ ઉપરથી મમતા છોડે. એમને અને મારે હવે કેટલો સંબંધ છે એમ વિચારી, જે દેહના સંબંધે સંબંધ હતો તે દેહનો તો હવે ત્યાગ કરતો હોવાથી દેહના સંબંધી ઉપર મમતા ન કરે.

મારા આત્માનો સંબંધ તો આત્મસ્વભાવરૂપ સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર સાથે છે. તે મારો નિજ સ્વભાવ છે. દેહ તો ચામડી, હાડકાં, માંસ, લોહીમય છે, કૃતઘ્ન છે, જડ છે; એ મારો નથી, હું તેનો નથી. દેહ વિનાશી છે, મારું સ્વરૂપ અવિનાશી છે. મને અજ્ઞાનભાવથી આમાં મમતા હતી તેથી અશુભ કર્મો બંધાયાં છે; હવે આવા દેહના સંબંધનો નાશ ઇચ્છું છું. દેહના મમત્વથી જ અનંત જન્મમરણ થયાં છે. સંસારમાં જેટલા દુઃખના પ્રકારો છે તે સર્વ દેહના સંગથી જ મને પ્રાપ્ત થયા છે. રાગ, દ્વેષ, મોહ, કામ, ક્રોધાદિની

ઉત્પત્તિનું કારણ પણ એક દેહનો સંબંધ જ છે. આ પ્રકારે દેહ ઉપર વૈરાગ્ય લાવી સર્વ વ્રતોની દૃઢતા ધારણ કરવી.

પછી સંન્યાસના અવસરમાં શોક, ભય, ખેદ, સ્નેહ, અપ્રસન્નતા, અરતિ ઇત્યાદિ છોડીને કાયરતાનો અભાવ કરવો. પોતાના આત્મસ્વરૂપનો પ્રકાશ કરીને અને શ્રુતરૂપ અમૃત વડે મનને પ્રસન્ન કરવું.

અનાદિ કાળથી પર્યાય (દેહાદિ અવસ્થા, દશા)માં સંસારી જીવને આત્મબુદ્ધિ થઈ રહી છે. પર્યાય-દેહના નાશને જ પોતાનો નાશ માને છે. જ્યારે પર્યાયનો નાશ, ધન, પરિગ્રહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ આદિ સર્વ સંયોગનો વિયોગ થતો દેખાય છે ત્યારે મિથ્યાદૃષ્ટિને ઘણો શોક ઊપજે છે, સમ્યક્‌દૃષ્ટિને શોક થતો નથી; તે એવો વિચાર કરે છે કે હે આત્મા! દેહ તો અનંતાનંત ગ્રહણ થઈ થઈને છૂટ્યા. આ દેહ રોગોનું ઉત્પત્તિસ્થાન છે, સદાય ભૂખ, તરસ, ટાઢ, તાપ, ભય આદિ ઉપજાવનાર છે, મહા કૃતઘ્ની છે, અવશ્ય નાશ પામનાર છે, આત્માને સર્વ પ્રકારે દુઃખ, ક્લેશ ઉપજાવનાર છે. દુષ્ટના સમાગમની પેઠે તે તજવા યોગ્ય છે, સર્વ દુઃખોનું બીજ છે, મહા સંતાપ ઉપજાવનાર છે; નિરંતર ભય ઉપજાવનાર છે; કેદખાના સમાન પરાધીન કરનાર છે. જેટલા પ્રકારનાં દુઃખ છે તે સર્વ દુઃખ દેહના સંગથી ભોગવાય છે. આત્મસ્વરૂપને ભુલાવનાર છે. તૃષ્ણારૂપી અગ્નિથી બાળનાર છે. મહા મલિન છે. કીડાના સમૂહથી ભરેલો ઘણો ગંધાતો છે.

દુષ્ટ ભાઈની પેઠે રોજ ક્લેશ ઉત્પન્ન કરવા સમર્થ છે. મારી નાખે તેવો શત્રુ છે. આ દેહનો વિયોગ થવામાં શોક શો? જ્ઞાની શોક છોડી દે છે; મરણથી ડરતા નથી; ખેદ, સ્નેહ, કલુષતા, અરતિભાવનો ત્યાગ કરીને, ઉત્સાહ, સાહસ, ધીરજ પ્રગટ કરીને શ્રુતજ્ઞાનરૂપ અમૃતનું પાન કરીને મનને તૃપ્ત કરે છે.

આ અર્થની દૃઢતા કરવાને ઉપકારક એવો મૃત્યુ-મહોત્સવનો પાઠ ચિંતવન યોગ્ય છે.

# મૃત્યુ મહોત્સવ

હે વીતરાગ ભગવંત! મૃત્યુના માર્ગે પ્રવર્તેલા મને બોધિ એટલે રત્નત્રયની પ્રાપ્તિ અને સમાધિ એટલે સ્વરૂપની સાવધાની એ બન્ને (બોધિ-સમાધિ) રૂપ ભાથું, પરલોકના માર્ગમાં ઉપકારક વસ્તુ આપો જેથી હું મોક્ષનગરે સુખેથી જઈ પહોંચું.

અનાદિ કાળથી મેં અનંત કુમરણ કર્યાં છે તે તો વીતરાગ સર્વજ્ઞ ભગવાન જ જાણે છે. એક વાર પણ સમ્યક્‌મરણ કર્યું નથી. જો સમ્યક્‌મરણ થયું હોત તો પછી સંસારમાં ફરી જન્મમરણ કરવાં ન પડત. દેહ છૂટે ત્યારે સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્રરૂપ આત્માનો સ્વભાવ વિષય-કષાયો વડે હણાય નહીં તે સમ્યક્‌મરણ કે સમાધિમરણ કહેવાય છે. મિથ્યાદર્શનના પ્રભાવથી દેહને જ આત્મા માની પોતાના જ્ઞાન-દર્શન સ્વરૂપની ઘાત કરવાથી અનંત પરિવર્તન કર્યાં તેથી હવે ભગવાન વીતરાગ પ્રત્યે એવી પ્રાર્થના કરું છું કે

મને મરણ સમયે વેદના-મરણ તથા આત્મજ્ઞાન રહિત મરણ ન હો. સર્વજ્ઞ વીતરાગ જન્મમરણ રહિત થયા છે તેથી હું પણ સર્વજ્ઞ વીતરાગના શરણ સહિત, સંક્લેશ રહિત ધર્મધ્યાનથી મરવા ઇચ્છતો વીતરાગનું જ શરણ ગ્રહણ કરું છું.

હે આત્મા! સેંકડો કીડાની જાળથી ભરેલા, રોજ જૂના થતા દેહરૂપ પાંજરાનો નાશ થતાં તારે ભય પામવા જેવું નથી. કારણ કે તું તો જ્ઞાનરૂપી શરીરવાળો છે.

જેમાં સર્વ પદાર્થો ભાસી રહ્યા છે એવું જ્ઞાન તારું સ્વરૂપ છે. તું અમૂર્તિક, જ્ઞાનજ્યોતિસ્વરૂપ, અખંડ, અવિનાશી, જ્ઞાતા દ્રષ્ટા છે. આ શરીર તો હાડકાં, ચામડાં, માંસમય ઘણું ગંધાતું વિનાશી છે. તે તારા સ્વરૂપથી અત્યંત ભિન્ન છે. આ દેહ તો પૃથ્વી, પાણી, પવન અને અગ્નિનાં પરમાણુઓનો પિંડ છે. તે અંતે વીખરાઈ જશે. પણ તું અવિનાશી, અખંડ જ્ઞાયકરૂપ થઈને દેહના નાશનો ભય શા માટે રાખે છે?

હે જ્ઞાની! તને વીતરાગી સમ્યક્જ્ઞાની ઉપદેશ દે છે કે મૃત્યુરૂપ મહાન ઉત્સવનો પ્રસંગ આવ્યો છે, તો ભય શાનો રાખે છે? આ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિરતા રાખીને અન્ય દેહની સ્થિતિરૂપ બીજા નગરમાં જાય છે, એમાં ભય પામવાનું કારણ ક્યાં છે?

જેવી રીતે કોઈ એક જૂની ઝૂંપડીમાંથી નીકળીને અન્ય નવા મહેલમાં વસવા માટે પ્રવેશ કરે ત્યારે તે મહા ઉત્સવનો અવસર ગણાય છે; તેવી રીતે આ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર રહેતાં છતાં, આ જૂની દેહરૂપી ઝૂંપડીને છોડીને, નવીન

દેહરૂપી મહેલ પામે, તે તો મહા ઉત્સવનો અવસર જાણો. એમાં કંઈ હાનિ નથી કે ભય પામીએ. જો પોતાના જ્ઞાયક સ્વભાવમાં સ્થિર રહીને, પરને પોતાનું માન્યા વિના પરલોકમાં જશો, તો ધાતુ-ઉપધાતુ રહિત વૈક્રિય દેહવાળા દેવ થશો; મહર્દ્ધિક દેવોના પૂજ્ય મહા દેવ થશો. પણ જો અહીં ભય આદિ વડે પોતાના જ્ઞાનસ્વભાવને બગાડી, પરમાં મમતા રાખીને મરશો, તો એકેંદ્રિય આદિના ભવમાં પોતાના જ્ઞાનનો નાશ કરી જડ જેવા થઈ જશો. મલિન, ક્લેશકારી દેહને તજીને ક્લેશરહિત ઉજ્જ્વળ દેહમાં જવું એ તો મહા ઉત્સવનું કારણ છે.

પૂર્વે થઈ ગયેલા ગણધર આદિ સત્પુરુષો એમ દર્શાવે છે, કે જો મૃત્યુ મારફતે દાનાદિ સત્કર્મનું ફળ મળે છે અને સ્વર્ગનાં સુખ ભોગવાય છે તો સત્પુરુષને મરણનો ડર કેમ હોય?

પોતાના કર્ત્તવ્યનું ફળ તો મરણ થયે જ મળે છે. પોતે છકાય જીવોની રક્ષારૂપ અભયદાન દીધું છે. રાગદ્વેષ, કામક્રોધાદિનો નાશ કરી, અસત્ય, અન્યાય, કુશીલ, પરધન-હરણનો ત્યાગ કરી, સંતોષ ધારણ કરી, પોતાના આત્માને અભયદાન દીધું છે. તેનું ફળ સ્વર્ગલોક સિવાય ક્યાં ભોગવાય? સ્વર્ગલોકનાં સુખ મૃત્યુ નામના મિત્રની કૃપાથી જ મળે છે. તેથી મરણ જેવો આ જીવને ઉપકાર કરનાર કોઈ મિત્ર નથી. મરણ ન આવે તો અહીં મનુષ્ય ભવમાં વૃદ્ધ થયેલા દેહમાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવતાં કેટલો બધો કાળ રહેવું પડત? આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરીને તિર્યંચ કે નરકગતિમાં જાત! તેથી હવે મરણના ભયથી કે દેહ, કુટુંબ,

પરિગ્રહ ઉપરની મમતાથી, ચિંતામણિ કે કલ્પવૃક્ષ સમાન સમાધિમરણ બગાડીને ભયસહિત, મમતાસહિત મરણ કરીને દુર્ગતિમાં ભટકવું યોગ્ય નથી.

આ મારા કર્મરૂપી વેરીએ મારા આત્માને દેહરૂપી પાંજરામાં પૂર્યો છે. તે ગર્ભમાં આવ્યો ત્યારથી સદાય ભૂખ, તરસ, રોગ, વિયોગ ઇત્યાદિ અનેક દુઃખોમાં પીડાતો પડ્યો છે. આવાં અનેક દુઃખોવાળા દેહરૂપ પાંજરામાંથી મૃત્યુ નામના રાજા વિના કોણ છોડાવે ?

આ દેહરૂપી પાંજરામાં કર્મરૂપ શત્રુ વડે પુરાયેલો હું ઇંદ્રિયોને આધીન થઈને ઘણો ત્રાસ વેઠું છું. નિત્ય ભૂખ, તરસની વેદના ત્રાસ દે છે. નિરંતર શ્વાસોશ્વાસનો પવન ખેંચવો અને કાઢવો, અનેક પ્રકારના રોગ ભોગવવા, પેટ ભરવા માટે પરાધીનતા વેઠી નોકરી કરવી, ખેતી, વેપાર આદિ વડે મહા ક્લેશ પામવો, ટાઢ, તાપ, દુષ્ટોનો માર, કુવચન, અપમાન સહેવાં, કુટુંબની બેડીમાં બંધાવું, ધનવાન, રાજા કે સ્ત્રીપુત્રાદિકને આધીન રહેવું, આવા મહા કારાગ્રહ જેવા દેહમાંથી મરણ નામના બળવાન રાજા વિના કોણ બહાર કાઢે ? આ દેહને ક્યાં સુધી ફેરવત ? નિત્ય ઉઠાડવો, ભોજન કરાવવું, પાણી પાવું, સ્નાન કરાવવું, ઊંઘાડવો, કામ આદિ વિષયભોગનાં સાધન મેળવવાં, જુદાં જુદાં વસ્ત્ર, આભરણો વડે શણગારવો; એમ રાતદિવસ આ દેહનું દાસપણું કરતાં છતાં આત્માને અનેક પ્રકારે તે ત્રાસ આપે છે, ભયભીત રાખે છે, આત્માનું ભાન ભુલાવે છે. આવા કૃતઘ્ન દેહમાંથી નીકળવું મૃત્યુ નામના રાજાની મદદ વિના બનતું નથી. જો જ્ઞાન

પામીને, દેહ ઉપરની મમતા મૂકીને, સાવધાન થઈ, ધર્મધ્યાન સહિત, સંક્લેશ પરિણામ રહિત, વીતરાગતા પૂર્વક સમાધિ-મરણ નામના રાજાની મદદ મેળવું તો ફરી મારો આત્મા દેહ ધારણ જ ન કરે; દુઃખને પાત્ર ન થાય. સમાધિ-મરણ નામનો મહા ન્યાયી રાજા છે. મને તેનું જ શરણ હો! મારું કુમરણ ન થાઓ!

આત્મદર્શી, આત્મજ્ઞાનીઓ મૃત્યુ નામના મિત્રની કૃપાથી સર્વ દુઃખના દેનાર દેહપિંડને દૂર ફેંકી દઈને સુખસંપત્તિ પામે છે.

આ સાત ધાતુ (હાડકાં આદિ) થી બનેલો અપવિત્ર, વિનાશી દેહ છોડીને દિવ્ય, વૈક્રિયિક દેહમાં ઉત્પન્ન થઈ અનેક પ્રકારની સુખ સંપત્તિઓ મેળવવી એ બધો પ્રભાવ આત્મજ્ઞાનીના સમાધિમરણનો છે. સમાધિમરણ સમાન આ જીવને ઉપકાર કરનાર કોઈ નથી. આ દેહમાં ભિન્ન ભિન્ન દુઃખ ભોગવવાં, મહા રોગ આદિનાં દુઃખ ભોગવીને મરવું, ફરીથી તિર્યંચદેહમાં તથા નરકમાં અસંખ્યાત કે અનંત કાળ સુધી અસંખ્યાત દુઃખો ભોગવવાં, અને જન્મમરણરૂપ અનંત પરાવર્તન કરવાં, ત્યાં કોઈ શરણરૂપ નથી. આ સંસાર પરિભ્રમણમાંથી બચાવવા કોઈ સમર્થ નથી. કદાપિ અશુભ કર્મના મંદ ઉદયથી મનુષ્યગતિ, ઊંચું કુળ, ઇંદ્રિયોની પૂર્ણતા, સત્પુરુષોનો સમાગમ, ભગવાન જિનેન્દ્રના પરમાગમનો ઉપદેશ મળ્યો છે; તો હવે જો શ્રદ્ધા, જ્ઞાન, ત્યાગ, સંયમ સહિત સર્વ કુટુંબની પરિગ્રહ-મમતા છોડી, દેહથી ભિન્ન, જ્ઞાનસ્વભાવરૂપ આત્માના અનુભવ સહિત, ચાર આરાધના

(સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ) ના શરણ સહિત મરણ થઈ જાય તો એના જેવું ત્રણે લોકમાં, ત્રણે કાળમાં કશું હિતકારી આ જીવને નથી. સંસારપરિભ્રમણથી છૂટી જવું તે સમાધિમરણ નામના મિત્રની મહેરબાની છે.

જે જીવે મૃત્યુરૂપી કલ્પવૃક્ષને પામીને પણ પોતાનું કલ્યાણ સાધ્યું નહીં, તે જીવ સંસારરૂપી કાદવમાં ઊંડો કળી ગયા પછી શું કરશે?

આ મનુષ્યજન્મમાં મરણનો અવસર સાક્ષાત્ કલ્પવૃક્ષના સંયોગ જેવો છે, જે લેવાની ઇચ્છા હોય તે લો. જો જ્ઞાન સહિત પોતાનો સ્વભાવ ગ્રહણ કરી આરાધના સહિત મરણ કરો તો સ્વર્ગમાં મહર્દ્ધિકપણું, ઇંદ્રપણું કે અહમિંદ્રપણું પામીને, પછી તીર્થંકરપણું, કે ચક્રવર્તીપણું પામીને મોક્ષ પામો. મરણ સમાન ત્રણે લોકમાં કોઈ દાતાર નથી. આવા દાતારને પામીને પણ જો વિષયની ઇચ્છા કે કષાય સહિત રહેશો, તો વિષયની વાંછાનું ફળ નરક, નિગોદ છે તે મળશે. મરણરૂપી કલ્પવૃક્ષને બગાડશો તો જ્ઞાન આદિ અક્ષય નિધાન ખોઈને સંસારરૂપ કાદવમાં કળી જશો. હે ભવ્યજનો! આ ઇચ્છાના માર્યા નીચ નઠારા પુરુષોનો સંગ કરો છો, અતિ લોભી થઈને વિષયો ભોગવવા ને ધન કમાવવા માટે હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહમાં આસક્તિ રાખી નિંદવા લાયક કર્મ કરો છો, તેમ છતાં ઇચ્છેલું મળતું નથી અને દુઃખના માર્યા મરણ કરો છો. કુટુંબ આદિને છોડીને પરદેશમાં પરિભ્રમણ કરો છો. દુરાચરણ સેવીને કમોતે મરો છો. પણ જો એક વાર પણ સમતા ધારણ કરીને ત્યાગવ્રત સહિત મરણ કરો તો પછી

સંસારપરિભ્રમણનો અભાવ કરીને અવિનાશી સુખ પામશો. તેથી જ્ઞાન સહિત પંડિતમરણ કરવું ઘટે છે.

જે મૃત્યુથી જૂનાં દેહાદિ સર્વ છૂટીને નવાં પ્રાપ્ત થાય છે, તે મૃત્યુ સત્પુરુષોને શાતાના ઉદયની પેઠે હર્ષનું કારણ નથી? જ્ઞાનીને તો મૃત્યુ હર્ષનું નિમિત્ત છે.

આ મનુષ્યોનું શરીર નિત્ય સમયે સમયે ઘરડું થતું જાય છે. દેવોના દેહની પેઠે જરા અવસ્થા રહિત નથી. દિવસે દિવસે બળ ઘટે છે. કાંતિ, રૂપ બગડતાં જાય છે. ચામડી કઠોર સ્પર્શવાળી થાય છે. બધી નસો અને હાડનો બાંધો શિથિલ થાય છે. ચામડી કરચળીવાળી થઈ માંસ આદિને છોડીને ટટળે છે. આંખની ઉજાશ બગડે છે. કાને સાંભળવાની શક્તિ ઘટે છે. હાથપગ દિવસે દિવસે ઢીલા પડતા જાય છે. ચાલવાની શક્તિ ઓછી થઈ જાય છે. ચાલતાં, ઊઠતાં, બેસતાં શ્વાસ ચઢે છે, કફ વધે છે. રોગ અનેક વધે છે. આવાં વૃદ્ધાવસ્થાનાં દુ:ખ ક્યાં સુધી ભોગવ્યા કરત? ક્યાં સુધી દેહના ઢસરડા કરત? મરણ નામના દાતાર વિના આવો નિંદ્ય દેહ છોડાવીને નવા દેહમાં વાસ કોણ કરાવે? વૃદ્ધ અવસ્થામાં અશાતાનો ઉદય ઘણો હોય છે, તો મરણ નામના દાતાર વિના આવી અશાતાને દૂર કોણ કરે? સમ્યક્જ્ઞાનીને તો મૃત્યુ એ મહોત્સવ સમાન છે. તે વખતે સંયમ, વ્રત, ત્યાગ, શીલમાં સાવધાન થઈને એવું કર કે ફરીથી આવાં દુ:ખથી ભરેલો દેહ ધરવો ન પડે. સમ્યક્જ્ઞાની આને જ મહા શાતાનો ઉદય માને છે.

આ આત્મા દેહમાં રહ્યા છતાં સુખને તથા દુઃખને સદા જાણે છે, અને પરલોક પ્રત્યે પણ પોતે જ જાય છે. તો પરમાર્થથી મરણનો ભય કોને હોય?

અજ્ઞાની બહિરાત્મા તો દેહમાં રહ્યા છતાં "હું સુખી છું, હું દુઃખી છું, હું મરી જાઉં છું, હું ભૂખ્યો છું, હું તરસ્યો છું, મારો નાશ થયો," એમ માને છે. અંતરાત્મા સમ્યક્દૃષ્ટિ એમ માને છે કે, "જે ઊપજ્યું છે તે મરશે; પૃથ્વી, પાણી, અગ્નિ, પવનમય પુદ્‌ગલ પરમાણુઓનો પિંડ દેહરૂપે દેખાય છે તે દેહ નાશ પામશે. હું જ્ઞાનમય, અમૂર્ત્તિક આત્મા છું. મારો નાશ કદાપિ નહીં થાય. આ ભૂખ, તરસ, વાત, પિત્ત, કફ આદિ રોગમય વેદના પુદ્‌ગલની છે. હું તો એનો જાણનાર છું. હું એમાં નકામો અહંકાર કરું છું. આ શરીરને અને મારે એક ક્ષેત્રમાં રહેવારૂપ અવગાહના છે. તથાપિ હું જ્ઞાતાસ્વરૂપ છું, શરીર જડ છે; હું અમૂર્તિક છું, દેહ મૂર્તિક છે; હું એક અખંડ છું, દેહ અનેક પરમાણુઓનો પિંડ છે; હું અવિનાશી છું, દેહ વિનાશી છે. આ દેહમાં જે રોગ, ભૂખ, તરસ આદિ ઊપજે તેના જ્ઞાતા જ રહેવું, એ મારો જ્ઞાયક સ્વભાવ છે. પરમાં મમત્વ કરવું એ જ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. જેવી રીતે એક મકાનને છોડી બીજા મકાનમાં પ્રવેશ કરીએ તેવી રીતે મારા શુભ અશુભ ભાવોથી થયેલાં કર્મો વડે બનેલા બીજા દેહમાં મારે જવાનું છે. એમાં મારા સ્વરૂપનો નાશ નથી થતો." આમ નિશ્ચય કરીને, વિચારે તો મરણનો પણ ભય કોને લાગે?

સંસારમાં જેનું ચિત્ત આસક્ત છે, પોતાના સ્વરૂપને જે

જાણતો નથી, તેને મૃત્યુનો ભય છે. જે નિજસ્વરૂપના જ્ઞાતા છે, સંસાર પ્રત્યે વૈરાગ્યવાળા છે, તેને મરણ હર્ષનું કારણ છે.

મિથ્યાદર્શનના ઉદયથી દેહને જ આત્મા માનનાર તથા ખાવું, પીવું, કામભોગ આદિ ઇંદ્રિયોના વિષયોમાં જ સુખ માનનાર અજ્ઞાની-બહિરાત્મા છે. તેને પોતાના મરણનો ભારે ભય રહે છે. તે એમ વિચારે છે કે, ‘‘હાય! મારો નાશ થયો, પછી ખાવાપીવાનું ક્યાંય નથી. મરણ પછી શું થશે તેની ખબર નથી. કેવી રીતે મરણ આવશે? હવે આ દેખવાનું, મળવાનું, કુટુંબનો સમાગમ બધું મારું ગયું. હવે કોનું શરણ ગ્રહણ કરું? કેવી રીતે જિવાય?’’ એ રીતે મહા સંક્લેશ પરિણામ સહિત તે મરણ પામે છે.

જે આત્મજ્ઞાની છે તે મરણ વખતે એવા વિચાર કરે છે કે ‘‘હું દેહરૂપી કેદખાનામાં પરાધીન પડ્યો પડ્યો ઇંદ્રિયોના વિષયોની વાસનારૂપી અગ્નિથી અને મળેલા વિષયોથી અતૃપ્ત રહેવાને લીધે, દરરોજ ભૂખ, તરસ, ટાઢ, તાપ, રોગ આદિથી ઊપજેલી મહા વેદના વેદતો, એક ક્ષણ પણ સ્થિરતા પામ્યો નહીં; મહાન દુઃખ, પરાધીનતા, અપમાન, ઘોર વેદના, અનિષ્ટ સંયોગ, ઇષ્ટ વિયોગ ભોગવતાં મહા સંક્લેશ સહિત મેં કાળ વ્યતીત કર્યો. હવે આવા ક્લેશથી છોડાવી, પરાધીનતા રહિત, જન્મમરણ રહિત, મારું અનંત સુખસ્વરૂપ, અવિનાશી સ્થાન પ્રાપ્ત કરાવનાર મરણનો અવસર હું પામ્યો છું. આ મરણ મહા સુખ દેનાર, અત્યંત ઉપકારક છે. આ સંસારવાસ એકલા દુઃખથી ભરેલો છે, તેમાં એક સમાધિમરણ જ શરણ

છે, બીજું કોઈ ઠેકાણું એવું નથી. આના વિના ચારે ગતિમાં મહા ત્રાસ ભોગવ્યો છે. હવે સંસારવાસથી કંટાળીને હું સમાધિમરણનું શરણ ગ્રહણ કરું છું.''

જ્યારે આ શરીરરૂપી નગરીનો સ્વામી-આત્મા, પોતાનાં કરેલાં પુણ્યાદિ ફળ ભોગવવાની ઇચ્છાથી પરલોક પ્રત્યે જાય છે, ત્યારે પાંચ ભૂતના બનેલા દેહાદિ પ્રપંચો વડે તેને કોણ રોકે એમ છે?

આ જીવનું વર્તમાન આયુષ્ય પૂરું થઈ જાય અને પરલોક સંબંધી બીજા આયુષ્યનો ઉદય થાય, ત્યારે પરલોક પ્રત્યે જતાં આત્માને શરીર આદિ પંચભૂત તો શું પણ ઇન્દ્ર આદિ પણ રોકવાને સમર્થ નથી. તેથી અત્યંત ઉત્સાહ સહિત ચાર આરાધનાનું શરણ ગ્રહણ કરી મરણ પામવું શ્રેષ્ઠ છે.

મરણ અવસરે પૂર્વ કર્મના ઉદયથી રોગ આદિ વ્યાધિને લઈને જે દુઃખ ઉત્પન્ન થાય છે, તે સત્પુરુષોને દેહ વિષેનો મોહ નાશ કરવામાં મદદ કરનાર છે, મોક્ષનાં સુખ આપવામાં નિમિત્તરૂપ છે, એમ હું માનું છું.

આ જીવે, જન્મ ધર્યો ત્યારથી દેહ સાથે તન્મય થઈ તેમાં વસે છે. એમાં વસવું તે જ મહા સુખ છે એમ માને છે. દેહને પોતાનો વાસો જાણે છે. તેમાં મમતા વળગી રહી છે. તેમાં વસવા સિવાય બીજું કોઈ પોતાનું નિવાસસ્થાન ક્યાંય જણાતું નથી. આવા દેહમાં રોગ આદિથી દુઃખ ઊપજે છે, ત્યારે સત્પુરુષો દેહનો મોહ તજી દે છે. દેહ સાક્ષાત્ દુઃખદાયી, અસ્થિર, વિનાશી દેખાય છે. તેનું કૃતઘ્નપણું પ્રગટ દેખાય છે

એટલે અવિનાશી પદ પ્રાપ્ત કરવા ઉદ્યમી થાય છે. વીતરાગતા પ્રગટ થાય છે, ત્યારે એવા વિચાર ઊપજે છે કે, આ દેહની મમતા કરીને, મેં અનંતકાળ જન્મ, મરણ, નાના પ્રકારે વિયોગ, રોગ, સંતાપ આદિનાં, નરક આદિ ગતિઓમાં દુઃખ ભોગવ્યાં. હજી પણ આવા દુઃખદાયી દેહમાં જ ફરીથી મમતા કરીને, આત્માને ભૂલી જઈ, એકેન્દ્રિયાદિ અનેક કુગતિમાં ભમવાનું થાય તેવાં કર્મ ઉપાર્જન કરવા મમતા કરું છું. આ શરીરમાં તાવ, ખાંસી, દમ, શૂળ, વાત, પિત્ત, અતિસાર, મંદાગ્નિ ઇત્યાદિ જે રોગ ઊપજે છે, તે આ દેહ ઉપરની મમતા ઘટાડવામાં મહા ઉપકાર કરનાર છે, ધર્મમાં સાવધાન કરનાર છે. જો રોગ આદિ ન ઊપજત તો દેહ ઉપરથી મારી મમતા પણ મટત નહીં અને અહંકાર પણ ઓછો થાત નહીં. હું તો મોહના અંધકારમાં આંધળો બનીને દેહને અજર અમર માની રહ્યો હતો, પણ હવે આ રોગની ઉત્પત્તિથી હું જાગ્રત થયો. આ દેહને અશરણ જાણી, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એ જ એક નિશ્ચય શરણ છે એમ જાણી, આરાધનાના ધારક ભગવાન પરમેષ્ઠીને ચિત્તમાં ધારણ કરું છું. આ અવસરે મારે એક જિનેંદ્રના વચનરૂપ અમૃત જ પરમ ઔષધ હો. જિનેંદ્ર ભગવાનના વચનામૃત વિના વિષય-કષાયરૂપ રોગથી ઊપજેલી બળતરા શમાવવા કોઈ સમર્થ નથી. બાહ્ય ઔષધ આદિ તો અશાતા કર્મ મંદ થાય, ત્યારે થોડો વખત કોઈ રોગનો ઉપશમ કરે. આ દેહ તો અનેક રોગોથી ભરેલો છે, તેમાંથી કોઈ એક રોગ કદાપિ મટ્યો, તોપણ અન્ય રોગોથી

ઊપજેલી ઘોર વેદના ભોગવીને આખરે મરવું જ પડશે. તેથી જન્મ, જરા, મરણરૂપ રોગને હરનાર ભગવાનના ઉપદેશરૂપ અમૃતનું જ હું પાન કરું છું.

ઔષધ આદિ હજારો ઉપાય કર્યા છતાં, વિનાશી દેહમાંના રોગ મટવાના નથી. તેથી રોગ વિષે ચિંતવન કરી, સંક્લેશ પરિણામથી કુગતિનું કારણ દુર્ધ્યાન કરવું યોગ્ય નથી. રોગ આવે ત્યારે હર્ષ માનો. રોગના પ્રતાપે આવા ઘરડા, ગળી ગયેલા દેહમાંથી છૂટવાનું બનશે. રોગ ન આવે, પૂર્વે કરેલાં કર્મ નિર્જરે નહીં, તો દેહરૂપી મહા ગંધાતા, દુઃખદાયી કેદખાનામાંથી ઝટ છુટાય નહીં. જેમ જેમ રોગરૂપી મિત્રનું બળ દેહમાં વધે તેમ તેમ રાગબંધનથી, કર્મબંધનથી, શરીરબંધનથી છૂટવાનું વહેલું બને છે. આ રોગ તો દેહમાં છે, તે આ દેહનો નાશ કરશે. હું તો અરૂપી, ચૈતન્ય સ્વભાવવાળો, અવિનાશી, જ્ઞાતા છું. આ રોગથી થતું દુઃખ મારા જાણવામાં આવે છે. હું તો તેને જાણનારો જ છું. દેહની સાથે મારો નાશ થવાનો નથી. જેવી રીતે લોઢાની સંગતિથી અગ્નિ ઘણના ઘા સહન કરે છે તેવી રીતે શરીરના સંગથી વેદનાનું જાણવું મારાથી બને છે. અગ્નિથી ઝૂંપડી બળે છે પણ ઝૂંપડીમાંનું આકાશ બળતું નથી; તેવી રીતે શરીરમાં અવિનાશી, અમૂર્ત્તિક, ચૈતન્ય ધાતુમય આત્મા છે, તેનો રોગરૂપી અગ્નિથી નાશ થતો નથી. પોતાનાં બાંધેલાં કર્મ પોતાને ભોગવવાં જ પડશે. કાયર થઈને ભોગવીશ તો પણ કર્મ છોડશે નહીં અને ધીરજ ધરીને ભોગવીશ તો પણ કર્મ

નહીં છોડે. બન્ને લોકને બગાડનાર કાયરપણાને ધિક્કાર છે. કર્મનો નાશ કરનાર ધીરજ ધારણ કરવી એ જ શ્રેષ્ઠ છે.

હે આત્મા! રોગ આવતાં તું આટલો કાયર થાય છે, તો વિચાર કર કે નરકમાં આ જીવ કેટકેટલા ત્રાસ ભોગવી અસંખ્યાત વાર, અનંત વાર માર્યો ગયો છે, કાપ્યો ગયો છે, છેદ્યો ગયો છે, ફાડ્યો ગયો છે, ચીર્યો ગયો છે; અહીં તો તારે શું દુઃખ છે? તિર્યંચ ગતિના ઘોર દુઃખ જ્ઞાની ભગવાન પણ વાણીથી કહેવા સમર્થ નથી. તિર્યંચ ગતિમાં પૂર્વે અનંતવાર અગ્નિમાં બળી મર્યો છે. અનંતવાર પાણીમાં ડૂબી ડૂબીને મર્યો છે. અનંતવાર ઝેર ખાઈને મર્યો છે. અનંતવાર સિંહ, વાઘ, સાપ વગેરેના કરડવાથી મર્યો છે. હથિયારોથી હણાયો છે. અનંતવાર ટાઢથી વેદના ભોગવી મર્યો છે. અનંતવાર ઉષ્ણ વેદનાથી મર્યો છે. અત્યારની આ રોગની વેદના શા હિસાબમાં છે? રોગ જ ઉપકાર કરનાર છે.

રોગ થયો ન હોત તો દેહ ઉપરથી મારો સ્નેહ ઘટત નહીં, સર્વથી છૂટીને પરમાત્માનું શરણ ગ્રહણ કરત નહીં. આ અવસરે જે રોગ છે તે જ મને આરાધના-મરણ માટે પ્રેરણા કરનાર મિત્ર છે. આવો વિચાર કરનાર જ્ઞાની રોગ આવ્યે ક્લેશ કરતા નથી; પણ મોહનો નાશ કરવા માટે ઉત્સવનો અવસર આવ્યો માને છે.

આ લોકમાં મરણ છે તે લોકને સંતાપ આપનારું ગણાય છે, તોપણ સમ્યક્જ્ઞાનીને અમૃતસંગ એટલે નિર્વાણને આપનાર છે. કાચા ઘડાને અગ્નિમાં પકવે છે તો અમૃતરૂપ જળ ભરાય તેવો બને છે. કાચો ઘડો અગ્નિમાં પાક્યો નથી,

ત્યાં સુધી તેમાં પાણી ભરાતું નથી. એક વાર અગ્નિમાં રહીને પાકો થયો, એટલે ઘણા કાળ સુધી પાણીના સંસર્ગને પાત્ર થાય છે; તેમ મરણ અવસરે સમભાવ સહિત, એક વાર સંતાપ સહન થાય તો તે મોક્ષને પાત્ર થઈ જાય છે.

અજ્ઞાનીને મૃત્યુના નામ માત્રથી પરિણામમાં સંતાપ થાય છે કે, હું હવે ચાલ્યો; હવે કેમ જિવાશે? શું કરીશ? કોણ રક્ષણ કરશે? એવો સંતાપ, ગભરાટ ઊપજે છે. અજ્ઞાની તો બહિરાત્મા છે, દેહાદિક બાહ્ય વસ્તુને જ આત્મા માને છે. જ્ઞાની સમ્યક્દૃષ્ટિ છે, તે એમ માને છે કે, આયુષ્યકર્મ આદિના નિમિત્તે દેહ ધારણ કરેલો છે, અને ટકેલો છે, તેની સ્થિતિ પૂરી થઈ રહેશે એટલે દેહ અવશ્ય છૂટશે. પરંતુ હું આત્મા અવિનાશી જ્ઞાનસ્વરૂપ છું. જીર્ણ દેહ છોડી નવા દેહમાં પ્રવેશ કરતાં મારો કંઈ નાશ થવાનો નથી.

ઘણા કષ્ટે વ્રત પાળીને સત્પુરુષ જે ફળ પ્રાપ્ત કરે છે, તે ફળ મૃત્યુને અવસરે થોડા વખત સુધી શુભ ધ્યાનરૂપ સમાધિમરણ વડે સુખે સાધી શકાય એમ છે.

જે સ્વર્ગમાંનું ઇંદ્ર આદિ પદ કે પરંપરાએ મોક્ષપદ, પાંચ મહાવ્રતાદિ કે ઘોર તપ આદિ વડે સિદ્ધ થાય છે, તે પદ, મૃત્યુના અવસરે જો દેહ કુટુંબ આદિની મમતા છોડી, ભયરહિત થઈ, વીતરાગતા સહિત ચાર આરાધનાનું શરણ ગ્રહણ કરી, કાયરતા તજી, પોતાના જ્ઞાયક સ્વભાવનું અવલંબન લઈને મરણ કરે તો સહજ સિદ્ધ થાય છે. સ્વર્ગમાં મહર્દ્ધિક દેવ થઈને, ત્યાંથી ચવીને ઉત્તમ કુળમાં ઊપજીને,

ઉત્તમ સંહનન આદિ સામગ્રી પામીને, દીક્ષા ધારણ કરીને, પોતાના રત્નત્રયની પૂર્ણતા પ્રાપ્ત કરી મોક્ષે પધારે છે.

જેને મરણ અવસરે આર્ત (દુઃખવાળાં) પરિણામ ન હોય, શાંતિવાળું એટલે રાગ રહિત, દ્વેષ રહિત, સમભાવરૂપ ચિત્ત હોય તે પુરુષ તિર્યંચ (પશુ આદિ) ન થાય, નારકી ન થાય. જે ધર્મધ્યાન સહિત અનશનવ્રત ધારણ કરીને મરે, તે તો દેવલોકમાં ઇંદ્ર કે મહર્ધ્ધિક દેવ થાય; બીજી ગતિ ન થાય, એવો નિયમ છે.

ઉત્તમ મરણનો આ અવસર પામીને આરાધના સહિતના મરણ માટે પુરુષાર્થ કરો. મરણ આવતાં ભયભીત થઈને પરિગ્રહમાં મમત્વ રાખીને, આર્ત પરિણામથી મરીને કુગતિમાં ન જાઓ. આવો અવસર અનંત ભવોમાં પણ નહીં મળે. મરણ તો છોડવાનું નથી, તેથી સાવધાન થઈને ધર્મધ્યાન સહિત ધીરજ ધારણ કરીને દેહનો ત્યાગ કરો.

તપનું કષ્ટ વેઠવાનું, વ્રત પાળવાનું અને શાસ્ત્ર ભણવાનું ફળ તો સમાધિ એટલે આત્માની સાવધાની સહિત મરણ કરવું એ છે.

હે આત્મા! તેં આટલા કાળ સુધી ઇંદ્રિયના વિષયોની વાંછા છોડીને અનશન આદિ તપ કર્યાં છે, તે આહાર આદિના ત્યાગ સહિત, સંયમ સહિત, દેહની મમતા રહિત સમાધિમરણને માટે કર્યાં છે. જે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહનો ત્યાગ આદિ વ્રત ધારણ કર્યાં છે, તે પણ સમસ્ત દેહાદિ પરિગ્રહની મમતાનો ત્યાગ કરીને, મન-વચન-

કાયાથી સર્વ આરંભાદિ તજીને, સમસ્ત શત્રુ-મિત્રો પ્રત્યે વેર કે રાગને છોડીને, ઉપસર્ગમાં ધીરતા ધારણ કરીને, પોતાના એક જ્ઞાયક સ્વભાવનું અવલંબન કરીને સમાધિ-મરણ કરવાને માટે કર્યાં છે. જે સમસ્ત શ્રુતજ્ઞાનનો અભ્યાસ કર્યો છે, જ્ઞાનની આરાધનામાં કાળ વ્યતીત કર્યો છે, તે પણ સંક્લેશ રહિત થઈને, ધર્મધ્યાન વડે, દેહાદિથી ભિન્ન પોતાને જાણીને, ભયરહિત સમાધિમરણને માટે જ. મરણના અવસરે પણ મમતા, ભય, રાગ, દ્વેષ, કાયરતા, દીનતા નહીં છોડો તો, આટલા કાળ સુધી તપ કર્યું, વ્રત પાળ્યાં, શ્રુતજ્ઞાનનો અભ્યાસ કર્યો તે બધું નિરર્થક થશે. તેથી આ મરણને અવસરે કદાપિ પણ સાવધાની કે સમાધિ ભૂલશો નહીં.

જે વસ્તુનો અતિ પરિચય કે બહુ સેવન થાય તેમાં અવજ્ઞા કે અનાદર થાય છે, રુચિ ઘટી જાય છે અને નવીન વસ્તુના સંગમમાં પ્રીતિ થાય છે, એ વાત પ્રસિદ્ધ છે. હે જીવ! તેં આ શરીરનું ઘણા કાળથી સેવન કર્યું છે, આનો નાશ થતી વખતે અને નવીન દેહનો લાભ થતાં ભય કેમ રાખે છે? ભય રાખવો યોગ્ય નથી.

આ શરીર ઘણો કાળ ભોગવતાં વૃદ્ધ થઈ ગયું છે, સારરહિત થઈ ગયું છે, નવીન સુંદર દેહ ધારણ કરવાનો વખત આવતાં કેમ ભય પામો છો? આ જીર્ણ દેહ તો નાશ પામશે જ. એમાં મમતા રાખીને, મરણ બગાડી દુર્ગતિના કારણરૂપ કર્મ ન બાંધો.

જે ભય રહિત થઈને, સમાધિ-મરણ માટે ઉત્સાહ રાખીને ચાર આરાધનાઓને આરાધીને મરણ કરે છે તેની સ્વર્ગલોક

સિવાય બીજી ગતિ થતી નથી. સ્વર્ગમાં મહર્દ્ધિક દેવ જ થાય છે એમાં સંશય નથી. સ્વર્ગમાં આયુષ્યના અંત પર્યંત મહા સુખ ભોગવીને, આ મનુષ્યલોક વિષે, પુણ્યરૂપ નિર્મલ કુળમાં અનેક લોકો સ્મરણ કરતા હોય ત્યાં જન્મે છે. પોતાના સેવકજન તથા કુટુંબ પરિવાર મિત્રાદિ જનોને અનેક પ્રકારે ઇચ્છેલાં ધન, ભોગાદિરૂપ ફળ આપીને, પુણ્યથી પ્રાપ્ત થયેલાં ભોગોને નિરંતર ભોગવીને, આયુષ્ય જેટલો થોડો વખત પૃથ્વીમંડળ ઉપર સંયમ આદિ સહિત વીતરાગરૂપે રહીને, જેવી રીતે નાટકમાં નાચનાર પુરુષ લોકોને આનંદ ઉપજાવીને જતો રહે છે, તેમ તે સત્પુરુષ સર્વ લોકોને આનંદ ઉપજાવીને પોતે જ દેહનો ત્યાગ કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. સલ્લેખનાના ઇચ્છકે આ પ્રમાણે મૃત્યુ-મહોત્સવનો પાઠ ઉપકારી જાણી ચિંતવન કરવા યોગ્ય છે.*

## સલ્લેખનાના પ્રકાર :—

સલ્લેખના બે પ્રકારની છે. એક કાયસલ્લેખના; બીજી કષાયસલ્લેખના. અહીં સલ્લેખનાનો અર્થ સમ્યક્પ્રકારે કૃશ કરવું એવો છે.

---

* શ્રી સદાસુખદાસજીએ સં. ૧૯૧૮માં આ ભાષા લખેલી તે ઉપકારક જાણી આ રત્નકરંડ શ્રાવકાચારની ભાષામાં સલ્લેખનાના કથનમાં એઓશ્રીએ જોડી દીધી છે. એ વચનિકાના અંતમાં પોતે જ જણાવે છે :

દોહા—મૃત્યુ મહોત્સવ-વચનિકા, લખી સદાસુખ કામ;
શુભ આરાધનથી મરી, પામું નિજ સુખ ધામ. ૧
ઓગણીસો અઢારની સુદ, પાંચમ માસ અસાઢ;
પૂરણ લખી વાંચો સદા, મન ધરી સમ્યક્ ગાઢ. ૨

## કાયસલ્લેખના :–

કાયાને કૃશ કરવી તે કાયસલ્લેખના છે. આ કાયાને જેમ જેમ પુષ્ટ કરો, સુખશીલિયા રાખો તેમ તેમ ઇંદ્રિયના વિષયોની તીવ્ર લાલસા ઉપજાવે છે, આત્માની નિર્મળતાનો નાશ કરે છે; કામ-લોભાદિકને વધારે છે; નિદ્રા, પ્રમાદ, આળસ આદિને વધારે છે, પરિષહ સહન કરવામાં અસમર્થ થાય છે, ત્યાગ સંયમ માટે તૈયાર થતી નથી. આત્માને દુર્ગતિમાં વાત-પિત્ત-કફ આદિ અનેક રોગો ઉત્પન્ન કરી મહા દુર્ધ્યાન કરાવી સંસારપરિભ્રમણ કરાવે છે. તેથી અનશન આદિ તપશ્ચર્યા કરીને આ શરીરને કૃશ કરવું, જેથી રોગાદિ વેદના ઊપજતી નથી, પરિણામ મંદ, પુરુષાર્થહીન, જડ જેવાં થતાં નથી.

કાયસલ્લેખના કરે તે અનુક્રમથી કરે. પોતાના આયુષ્યનો અવસર જણાય તે પ્રમાણે દેહ ઉપરથી, ઇંદ્રિયો ઉપરથી મમત્વ ઉઠાવી દઈને, આહારના સ્વાદો પ્રત્યે અરુચિ, વૈરાગ્ય આણીને, વિચાર કરે કે, હે આત્મા! સંસારપરિભ્રમણ કરતાં તેં એટલો આહાર કર્યો છે કે, એક એક ભવના એક એક કણને એકઠા કરીએ તો સુમેરુ પર્વત જેવડા અનંત ઢગલા થાય. અનંત જન્મોમાં એટલું પાણી પીધું છે કે, એક એક જન્મનું એક એક ટીપું લઈએ તો અનંત સમુદ્ર ભરાઈ જાય. આટલાં આહાર-પાણીથી પણ તૃપ્તિ થઈ નહીં, તો રોગ, વૃદ્ધાવસ્થા આદિકથી પ્રત્યક્ષ મરણ નજીક આવ્યું લાગે છે, એ અવસરમાં હવે, થોડો આહાર લેવાય એટલાથી શી રીતે તૃપ્તિ થવાની છે? આ ભવમાં પણ જ્યારથી જન્મ લીધો ત્યારથી રોજ આહાર ગ્રહણ કર્યો છે. આહારના લોભી થઈને જ ઘોર

આરંભ કર્યા; હિંસા, અસત્ય, પરધન લાલસા, અબ્રહ્મ અને પરિગ્રહનો પરિચય કરી દુર્ધ્યાન આદિ વડે કુકર્મ ઉપાર્જન કર્યાં; દીન વૃત્તિ કરીને પરાધીન થયો; ભક્ષ્ય કે અભક્ષ્યનો, રાત્રિ કે દિવસનો, યોગ્ય કે અયોગ્યનો વિચાર ના કર્યો; ક્રોધ, અભિમાન, માયાચાર, લોભ, ભિક્ષા આદર્યાં; પોતાની મોટાઈ, અભિમાન ખોયાં; અનેક રોગનાં ઘોર દુઃખ ભોગવ્યાં; નીચ જાત, નીચ કુળવાળાની નોકરી કરી; સ્ત્રીને વશ થઈ રહ્યો અને પુત્રને આધીન થઈ રહ્યો. આહારના લંપટી હોય તે નિર્લજ્જ થાય છે, આચારવિચાર રહિત હોય છે, જલદી મરે છે, કુવચન સાંભળી રહે છે. આહારને માટે જ તિર્યંચ ગતિમાં પરસ્પર મારે છે, ભક્ષણ કરે છે. વધારે શું કહેવું? હવે થોડો કાળ આ ભવમાં મારે બાકી રહ્યો છે, તેથી રસની લંપટતા અને ઇંદ્રિયની લાલસા છોડીને આહાર ત્યાગ કરવાનો ઉદ્યમ નહીં કરું તો વ્રત, સંયમ, ધર્મ, યશ, પરલોક એ બધાંને બગાડીને, કુમરણ કરીને, સંસારમાં પરિભ્રમણ કરવું પડશે. આવો નિશ્ચય કરીને જ અતૃપ્તિકારક આહારનો ત્યાગ કરવા માટે કોઈ વખતે ઉપવાસ, કદી બે ઉપવાસરૂપ બેલો, કોઈ વખતે તેલો એટલે ત્રણ ઉપવાસ, કદી એક વાર આહાર, કદી નીરસ આહાર, અલ્પ આહાર ઇત્યાદિ ક્રમથી પોતાની શક્તિ પ્રમાણે અને આયુષ્યની સ્થિતિ પ્રમાણે આહારને ઘટાડીને દૂધ આદિક જ પીએ. વળી ક્રમથી દૂધ આદિ સચિક્કણનો પણ ત્યાગ કરીને છાશ તથા ઉકાળેલું પાણી જ પીને રહે. પછી ક્રમે કરીને જલ આદિ સમસ્ત આહારનો ત્યાગ કરીને પોતાની શક્તિ અનુસાર ઉપવાસ કરે અને પંચ નમસ્કારમાં મનનો

લય કરીને, ધર્મધ્યાનરૂપ થઈને, ભારે પુરુષાર્થથી દેહનો ત્યાગ કરે તે કાયસલ્લેખના જાણવી.

આહારાદિનો ત્યાગ કરીને મરણ કરવું એ તો આત્મઘાત છે; આત્મઘાત કરવો એ તો અયોગ્ય ગણાય. એવા વિકલ્પના સમાધાનમાં :–

ઘણા વખત સુધી સુખે મુનિપણું કે શ્રાવકપણું અગર મહાવ્રત કે અણુવ્રત પળાશે એમ જણાતું હોય; સ્વાધ્યાય, ધ્યાન, દાન, શીલ, તપ, વ્રત, ઉપવાસાદિક પળાતાં હોય; જિનપૂજા, સ્વાધ્યાય, ધર્મોપદેશ, ધર્મશ્રવણ, ચાર આરાધનાનું સેવન સારી રીતે નિર્વિઘ્ને થતાં હોય; દુષ્કાળ આદિનો ભય પણ ન આવ્યો હોય; અસાધ્ય રોગ શરીરમાં ઊપજ્યો ન હોય; સ્મૃતિ અને જ્ઞાનનો નાશ કરનારી વૃદ્ધાવસ્થા પણ પ્રાપ્ત ન થઈ હોય; દશ લક્ષણ (ક્ષમા, માર્દવ આદિ) અને રત્નત્રય ધર્મ દેહે કરીને પળતો હોય તેણે આહારનો ત્યાગ કરીને સંન્યાસ (સંથારો-મરણ) કરવો યોગ્ય નથી. ધર્મ સધાતો હોય છતાં આહારનો ત્યાગ કરીને મરણ કરે છે, તે ધર્મથી વિમુખ થાય છે. ત્યાગ, વ્રત, શીલ, સંયમ આદિ વડે મોક્ષનું સાધન જે મનુષ્ય ભવ તેથી કંટાળી, દીર્ઘ આયુષ્ય હોવા છતાં, ધર્મનું સેવન બનતું હોવા છતાં, આહાર આદિનો ત્યાગ કરે તે આત્મઘાતી થાય છે. ધર્મસાધક શરીરની ઘણા યત્નથી રક્ષા કરવી એવી ભગવાનની આજ્ઞા છે. ધર્મના સેવનમાં સહાયકારી એવા દેહને આહારનો ત્યાગ કરીને છોડી દે, તો દેવ, નારકી કે તિર્યંચનો દેહ જે સંયમરહિત હોય છે ત્યાં વ્રત, તપ, સંયમ શું સધાશે? રત્નત્રયનો સાધક તો મનુષ્યદેહ જ છે. ધર્મના

સાધનભૂત મનુષ્ય દેહને આહાર આદિના ત્યાગ વડે છોડી દે છે, તેનું કયું કાર્ય સિદ્ધ થાય? આ દેહને ત્યાગવાથી શું પ્રયોજન સધાવાનું છે? બીજો નવીન દેહ વ્રત ધર્મ રહિત ધારણ કરશે. પરંતુ અનંતાનંત દેહ ધારણ કરાવનાર બીજરૂપ કાર્મણ દેહ—કર્મમય શરીર છે, તેને મિથ્યાત્વ, અસંયમ, કષાય આદિના ત્યાગથી મારો. આહાર આદિના ત્યાગથી તો ઔદારિક હાડ-માંસમય શરીર છૂટી નવું બીજું ઊપજશે. આઠ કર્મરૂપ કાર્મણ દેહ મરશે, ક્ષય થશે ત્યારે જ જન્મ-મરણ ટળશે. તેથી કર્મમય દેહને મારવાને માટે આ મનુષ્ય શરીરને ત્યાગ, વ્રત, સંયમમાં જોડીને દૃઢતાથી આત્માનું કલ્યાણ કરો. પણ જ્યારે ધર્મ રહે એમ જણાતું ન હોય, ત્યારે મમત્વ તજીને અવશ્ય જે નાશ પામનાર છે, તેને તજતાં મમતા ધરવી નહીં.

## કષાયસલ્લેખના :–

જેવી રીતે કાયાને તપશ્ચરણ વડે કૃશ કરવી, તેવી જ રીતે રાગ, દ્વેષ, મોહ આદિ કષાયોને પણ સાથે સાથે કૃશ કરવા તે કષાયસલ્લેખના છે. કષાયોની સલ્લેખના વગર કાયાની સલ્લેખના વૃથા છે. કાયાનું કૃશપણું તો પરવશપણે રોગી, ગરીબ, મિથ્યાદૃષ્ટિને પણ હોય છે.

દેહને સાથે રાગ દ્વેષ મોહાદિકને કૃશ કરી, આ લોક પરલોક સંબંધી સમસ્ત વાંછાનો અભાવ કરી, દેહ, જીવન, મરણ, કુટુંબ, પરિગ્રહ આદિ સર્વ પરદ્રવ્ય ઉપરથી મમતા છોડી પરમ વીતરાગતા સહિત, સંયમ સહિત મરણ કરવું તે કષાયસલ્લેખના છે. વિષય-કષાયને જીતનારની જ સમાધિમરણ

માટે યોગ્યતા ગણાય છે. વિષય-કષાયને વશ હોય તેને સમાધિમરણ થાય નહીં.

સંસારી જીવોને વિષય કષાયરૂપ મોટા પ્રબળ શત્રુ છે. મોટા મહારથીથી પણ તે જિત્યા જતા નથી. પ્રબળ બળ ધારણ કરનારા ચક્રવર્તી, નારાયણ બળભદ્ર આદિને પણ ભ્રષ્ટ કરીને તેમણે પોતાને વશ કર્યા છે એવા અતિ પ્રબળ છે. સંસારમાં જેટલાં દુઃખ છે, તેટલાં બધાં વિષયના લંપટી, અભિમાની તથા લોભીને હોય છે. કેટલાક જીવો જિનદીક્ષા ધારણ કરીને પણ વિષયોના સંતાપથી ભ્રષ્ટ થાય છે, અભિમાન, લોભ છોડી શકતા નથી. અનાદિ કાળથી વિષયોની લાલસાથી લબદાયેલા અને કષાયોથી બળતા સંસારી જીવો આત્માને ભૂલીને સ્વરૂપથી ભ્રષ્ટ થઈ રહ્યા છે. વિષયકષાયો પ્રત્યે વૈરાગ્ય થવાને માટે શ્રી ભગવતી આરાધનાજીમાં વિષયકષાયનું સ્વરૂપ વિસ્તારથી પરમ નિર્ગ્રંથી શ્રી શિવ નામના આચાર્યે પ્રગટ દર્શાવ્યું છે. વીતરાગતાની ઇચ્છાવાળા પુરુષે આવા પરમ ઉપકારક ગ્રંથનો નિરંતર અભ્યાસ કરવો. સમાધિમરણના અવસરમાં જીવનું કલ્યાણ કરનાર ઉપદેશરૂપ અમૃતને સહસ્રધારારૂપે વર્ષાવતા ભગવતી આરાધના નામના માર્ગનું શરણ અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે.

## સલ્લેખના અવસરે સહાય ઉપદેશાદિ :–

*સાધુ મુનીશ્વરને તો રત્નત્રય ધર્મની રક્ષા કરવામાં સહાય કરનાર આચાર્ય આદિનો સંઘ તથા વૈયાવૃત્ત્ય (સેવા)

---

* હવેનું લખાણ પંડિત શ્રી સદાસુખદાસજીએ ‘શ્રી ભગવતી આરાધના’ના અર્થને આધારે લખેલું છે.

કરનારા ધર્મનો ઉપદેશ દેનારા, નિર્યામકો (સમાધિમરણ કરાવનારા) ની મદદ હોય છે. તેથી કર્મને જીતીને આરાધનાની પ્રાપ્તિ થાય છે.

ગૃહસ્થોએ પણ ધર્મબુદ્ધિવાળા, શ્રદ્ધાવાળા, જ્ઞાનવાળા એવા સાધર્મીઓનો સમાગમ અવશ્ય મેળવવો જોઈએ. પરંતુ આ પંચમકાળ ઘણો વિષમ છે; તેમાં વિષયાનુરાગી તથા કષાયવાળા જીવોનો સમાગમ સુલભ છે. રાગ, દ્વેષ, શોક, ભય ઉપજાવનારા, આર્તધ્યાન વધારનારા, અસંયમમાં પ્રવર્તાવનારા જીવોનો જ સમાગમ થઈ રહ્યો છે. સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ આદિક સર્વે પોતાના રાગ, દ્વેષ, વિષય, કષાયોમાં લગાડીને આત્મા ભુલાવનારા છે; સર્વ પોતપોતાના વિષય-કષાય પોષવાને ઇચ્છે છે.

ધર્માનુરાગી, ધર્માત્મા, પરોપકારી, વાત્સલ્ય ગુણના ધારક, કરુણા રસથી ભીંજાયેલા સત્પુરુષોનો સમાગમ મહા ઉજ્જ્વલ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે, તથાપિ પોતાના પુરુષાર્થથી ઉત્તમ પુરુષોના ઉપદેશનો જોગ મેળવવો. સ્નેહ, મોહના પાશમાં પાડનાર ધર્મ રહિત સ્ત્રી પુરુષોનો સંગ દૂરથી તજવો; છતાં અણધાર્યો પરવશપણે કુસંગનો પ્રસંગ આવી પડે તો તેની સાથે વાર્તાલાપનો ત્યાગ કરી મૌન ધારણ કરી રહેવું. પોતાના કર્મને આધીન દેશ, કાળ પ્રમાણે જે સ્થાન મળ્યું હોય ત્યાં સૂવા-બેસવાનું રાખવું. જિનસૂત્રોનું પરમ શરણ ગ્રહણ કરવું; જિનસિદ્ધાંતનો ઉપદેશ ધર્માત્મા પાસે શ્રવણ કરવો. ત્યાગ, સંયમ, શુભ ધ્યાન અને ભાવના વિસ્મરણ કરવી નહીં.

સાધર્મી, ધર્માત્મા પણ સ્વપરના ધર્મને પોષવા ઇચ્છતા, ધર્મની પ્રભાવનાની વાંછા રાખતા ધર્મોપદેશ આદિરૂપ વૈયાવૃત્ત્યમાં આળસ ન કરે. ત્યાગ, વ્રત, સંયમ, શુભ ધ્યાન અને શુભ ભાવનામાં જ આરાધક સાધર્મીને લીન કરે.

કોઈ આરાધક સમજુ હોવા છતાં પણ કર્મના તીવ્ર ઉદય વખતે તીવ્ર રોગાદિક, ભૂખ, તરસ આદિક પરિષહ સહન કરવાને અસમર્થ હોવાથી વ્રતોની પ્રતિજ્ઞાથી ચળી જાય, અયોગ્ય વચન પણ કહેવા લાગે, રોવારૂપ વિલાપરૂપ આર્ત્ત પરિણામ કરે તો સાધર્મી તેનો તિરસ્કાર ન કરે, કડવાં વચન ન કહે, કઠોર વચન ન બોલે. વેદના વડે દુઃખી થયેલો છે અને તિરસ્કાર કે અવજ્ઞાનાં વચન સાંભળે તો માનસિક દુઃખથી દુર્ધ્યાન કરી ધર્મથી ચળી જાય, વિપરીત આચરણ કરે કે આપઘાત કરે, તેથી આરાધકનો તિરસ્કાર કરવો યોગ્ય નથી.

ઉપદેશ આપનાર ઘણી ધીરજ રાખીને આરાધકને સ્નેહ ભર્યાં, મીઠાં, હૃદયમાં પ્રવેશ કરી જાય, સાંભળતાં જ સર્વ દુઃખ ભુલાઈ જાય તેવાં કરુણારસ ને ઉપકારબુદ્ધિથી ભરેલાં વચનો કહે :–

હે ધર્મના ઇચ્છક! અત્યારે સાવધાન થાઓ. કાયરતા તજીને શૂરવીરપણું ધારણ કરો. કાયર થવાથી, દીન થવાથી અશાતા કર્મ છોડશે નહીં. કોઈ દુઃખ લેવાને સમર્થ નથી. અશાતા કર્મને દૂર કરી, શાતા કર્મ આપવા ઇંદ્ર, ધરણેન્દ્ર, જિનેંદ્ર કે અહમિંદ્ર કોઈ સમર્થ નથી. આ લોક પરલોક બન્નેને બગાડનાર કાયરતા ધર્મથી વિમુખ રાખે છે. માટે હવે ધીરજ

ધરી, ક્લેશ રહિત થઈ વેદના ભોગવશો તો પૂર્વ કર્મની નિર્જરા થશે અને નવાં કર્મ બંધાશે નહીં.

તમે જિનધર્મ ધારણ કરનાર, ધર્માત્મા કહેવાઓ છો. ત્યાગી અને શ્રદ્ધાવાળાઓમાં શ્રેષ્ઠ ગણાઓ છો. બધા તમને જ્ઞાનવાળા સમજે છે. ધર્મ આરાધનારાઓમાં તમે પ્રખ્યાત છો. વ્રત, સંયમની યથાશક્તિ પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે. તો હવે ત્યાગ, સંયમમાં શિથિલપણું દેખાડશો તો તમારો યશ અને પરલોક તો બગડશે જ, અને અન્ય ધર્માત્માઓની અને ધર્મની ભારે નિંદા થશે, તેમ ઘણા ભોળા જીવો ધર્મના માર્ગમાં શિથિલ થઈ જશે.

જેવી રીતે કુળવંત, માનવંત સુભટ લોકોની વચમાં ભુજા ખખડાવી ખડો થયો, પણ શત્રુ સન્મુખ આવતાં જ ભય પામી ભાગી જાય, તો પછી ત્યાં નાના નોકરો કેવી રીતે ટકી રહે? પછી તે બે દિવસ જીવે તોપણ તેના જીવવાને ધિક્કારવા યોગ્ય છે. તેવી રીતે તમે ત્યાગ, વ્રત, સંયમની પ્રતિજ્ઞા ગ્રહણ કરીને હવે શિથિલ થશો તો નિંદાને પાત્ર થશો. અશુભ કર્મ પણ નહીં છોડે અને ભવિષ્યમાં ઘણાં દુઃખ દે તેવાં કર્મનો દૃઢ બંધ એવો કરશો કે જે અસંખ્યાત કાળપર્યંત તીવ્ર રસ દેશે.

તમે પહેલાં એમ માનતા કે હું જિનેંદ્રનો ભક્ત, જૈન છું, ભગવાનની આજ્ઞાનો પાળનાર છું, જિનેંદ્રનાં કહેલાં વ્રત, શીલ, સંયમ ધારણ કરું છું; જે શ્રદ્ધા, જ્ઞાન, આચરણ અનંત ભવોમાં દુર્લભ છે તે વીતરાગ ગુરુની કૃપાથી હું પામ્યો છું. એવો નિર્ણય કર્યા છતાં હવે કંઈક રોગથી ઊપજેલી વેદના કે કર્મના ઉદયે પરિષહ આવવાથી કાયર થઈને ભય પામો છો તે ઘણું શરમાવા જેવું છે.

જે વેદનાનો આટલો બધો ડર રાખો છો, તે વેદનાથી બહુ તો મરણ થશે. મરણ તો એક વાર અવશ્ય થવાનું જ છે. જે દેહ ધારણ કર્યો છે તે દેહ તો અવશ્ય પડશે જ. અત્યારે જો વીતરાગ ગુરુઓનાં ઉપદેશેલાં વ્રત, સંયમ સહિત, કાયરતા રહિત, ઉત્સાહથી ચાર આરાધનાના શરણ સહિત મરણ થાય તો તેના જેવો ત્રણે લોકમાં બીજો લાભ નથી. ત્રણ લોકની રાજ્ય સંપદા તો વિનાશી છે, પરાધીન છે. આરાધનાની સંપદા અનંત સુખ દેનારી અવિનાશી છે.

ભય રહિત, ધીરજ સહિત મરણને મુનીશ્વર, આચાર્ય, ઉપાધ્યાય પણ ઇચ્છે છે; સર્વ વ્રતવાળા સંયમી સમ્યક્દૃષ્ટિ ઇચ્છે છે. તમે પણ નિરંતર જેની વાંછા કરતા હતા તે મનોવાંછિત સમાધિમરણ નજીક આવી પહોંચ્યું છે. એના જેવો બીજો કોઈ આનંદ નથી. આ વેદના વધે છે તે જ તમને મહા ઉપકારક છે. વેદનાથી દેહ ઉપરનો રાગ નાશ પામે છે. પૂર્વે અશાતા આદિ કર્મ બાંધ્યાં હતાં તેની અલ્પ કાળમાં નિર્જરા થશે. દુઃખ અને રોગોથી ભરેલા દેહરૂપ કેદખાનામાંથી જરૂર નીકળવાનું બનશે. વિષય-ભોગો ઉપર વૈરાગ્ય આવશે. પરદ્રવ્યો ઉપરની મમતા ઘટશે. મરણનો ભય નહીં રહે. મિત્ર, પુત્ર, સ્ત્રી, બાંધવ આદિ ઉપરની મમતા નાશ પામશે; ઇત્યાદિ અનેકાનેક ઉપકાર વેદના જ કરે છે, એમ જાણો. કાયર થવાથી તો વેદના વધશે, સંક્લેશ વધશે. કર્મનો ઉદય ટળવાનો નથી, તેથી દૃઢતા જ ધારણ કરવાનો અવસર હવે આવ્યો છે. શૂરવીરપણું ધારણ કરવાથી જ કર્મ ઉપર વિજય મળશે. કાયર થઈ જઈને રોશો, તરફડાટ કરશો તો કર્મ

તમને મારીને તિર્યંચ આદિ કુગતિમાં લઈ જશે, ત્યાં અનેક દુ:ખો પામશો. જેમ કુળના, સાધર્મીઓના, અને ધર્મના યશની વૃદ્ધિ થાય અને તમે દુ:ખને પાત્ર ન થાઓ તેમ પ્રવર્તન કરો. જેવી રીતે શૂરવીર ક્ષત્રિયકુળમાં ઊપજ્યા હોય તે યુદ્ધમાં શસ્ત્રોવડે અત્યંત સંતાપ પામ્યા છતાં સામે મોઢે મરણ કરે છે. પણ શું શત્રુ તરફ પૂઠ ફેરવી રણથી પરાઙ્મુખ થાય છે? તેવી રીતે પરમ વીતરાગીઓનું શરણ ગ્રહણ કરનાર પુરુષ અશુભ કર્મના અતિ પ્રહારથી દેહનો ત્યાગ કરે છે, પણ દીન કે કાયર થઈ જતો નથી.

કોઈ જિનલિંગધારી ઉત્તમ પુરુષોને દુષ્ટ વેરીઓએ ચારે તરફ અગ્નિ લગાડી બાળી નાખ્યા છે. તે વચન-અગોચર ઘોર વેદના ભોગવતાં, અગ્નિથી ચારે તરફ દાઝતાં છતાં પોતાનું દેવું પતી જાય છે એમ જાણી, પંચ પરમ ગુરુના શરણ સહિત ધીરજ ધારણ કરીને બળી ગયા, પણ કાયર થઈ ગયા નથી; એવો આત્મજ્ઞાનનો પ્રભાવ છે!

આ દેહથી ભિન્ન, અવિનાશી, અખંડ, જે જ્ઞાન સ્વભાવનો અનુભવ કર્યો છે, તે અનુભવનું ફળ અકંપપણું, નિર્ભયપણું જ છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની પણ પરલોકના સુખને માટે ધીરજ ધારણ કરે છે, વેદના વખતે કાયર થતા નથી; તો સંસારનાં સમસ્ત દુ:ખોનો નાશ કરવાને ઇચ્છનાર, જિનધર્મને ધારણ કરનાર તમે કાયર થઈને આત્મકલ્યાણને બગાડીને, ઉજ્જ્વળ યશને મલિન કરીને દુર્ગતિને પાત્ર કેમ થાઓ છો? હવે સાવધાન થાઓ. ધર્મનું શરણ ગ્રહણ કરીને કર્મથી

ઊપજેલી વેદના ઉપર વિજય મેળવો. આવો અવસર અનંત ભવોમાં પણ મળ્યો નથી. કાંઠે આવેલું વહાણ પ્રમાદી રહેશો તો ડૂબી જશે. આખા ભવમાં, જે જ્ઞાનનો અભ્યાસ કર્યો, શ્રદ્ધાની ઉજ્જ્વળતા કરી, તપ, ત્યાગ, નિયમ ધારણ કર્યાં, તે બધાં આ અવસરને માટે ધારણ કર્યાં હતાં. હવે અવસર આવ્યે શિથિલ થઈ ભ્રષ્ટ થશો, તો ભ્રષ્ટ થઈને સમતા છોડ્યાં છતાં રોગ તથા વેદના તેમજ મરણ તો ટળનાર નથી. પોતાના આત્માને માત્ર દુર્ગતિરૂપ અજ્ઞાનમય કાદવના ખાડામાં ડુબાડશો.

મરકી, રોગ, દુષ્કાળનો પ્રસંગ આવી પડે કે ભયાનક વનમાં ભૂલા પડાય, ટાળી શકાય નહીં તેવો અચૂક ભય આવી પડે કે તીવ્ર રોગ, વેદના ઉત્પન્ન થાય તે વખતે ઉત્તમ કુળમાં ઊપજેલા પૂજ્ય પુરુષો મરણ સ્વીકારે, પણ નીચ પુરુષોની પેઠે નિંદવા લાયક આચરણ કદાપિ આચરે નહીં. મરકીના ડરથી મદિરા પીએ નહીં. દુષ્કાળમાં કંઈ ખાવાનું ન મળે તો પણ માંસભક્ષણ ન કરે, ડુંગળી આદિ અભક્ષ્ય ન ખાય; નીચ ચંડાળ આદિની એંઠ ન ખાય; ભય આવી પડે તોપણ મ્લેચ્છ કે ભીલ ન થઈ જાય. કુકર્મ, હિંસા આદિ ન કરે. તેવી રીતે રોગ આદિનો અત્યંત ત્રાસ ઊપજે, તોપણ શ્રાવકધર્મ ધારણ કરનાર જૈનધર્મી, કદાપિ પોતાના ભાવ વિકારવાળા થવા ન દે. ધર્મની, ત્યાગની, વ્રતની, સાધર્મીઓની પ્રભાવના, પ્રશંસા થાય એ પ્રકારની ઇચ્છા રાખી, અંતકાળમાં પોતાની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની ઉજ્જ્વળતા જ પ્રગટ કરે છે. તે પુરુષનો જન્મ સફળ થાય છે; વ્રત, તપ, ધર્મ સફળ થાય છે; જગતમાં પ્રશંસા પામે છે; મરણ થયે ઉત્તમ દેવલોકમાં ઊપજે છે;

મનુષ્ય થાય તો ઉત્તમ પદવી પામે છે; ઘોર વેદના, આફત આવતાં પણ મેરુ પર્વતની પેઠે અચળ રહે છે, અને સમુદ્ર જેવો ગંભીર રહે છે.

હે ધર્મના આરાધક! ઘણી ઘોર વેદના આવે તોપણ તમે આકુળ વ્યાકુળ ન થાઓ. આ કાયાથી ભિન્ન, પોતાના જ્ઞાયક સ્વભાવનો અનુભવ કરો. વેદનાનો ઉદય તીવ્ર હોય ત્યારે પૂર્વે થઈ ગયેલા, વેદનાને જીતનારા ઉત્તમ પુરુષોનું ધ્યાન કરો કે અહો આત્મન્! પૂર્વના સાધુ પુરુષો સિંહ, વાઘ આદિ દુષ્ટ પ્રાણીઓની દાઢોમાં ચવાયા છતાં આરાધનામાં તલ્લીન રહ્યા હતા. તને તો શી વેદના છે?

અતિ કોમળ અંગના ધારક અને તત્કાળ દીક્ષા લીધેલા એવા સુકુમાલ સ્વામીને શિયાળ પોતાનાં બે બચ્ચાં સહિત ત્રણ રાતો અને ત્રણ દિવસ સુધી પગથી ખાતી ખાતી પેટ સુધી પહોંચી અને પેટ ફાડ્યું ત્યારે મરણ થયું. આવા ઘોર ઉપસર્ગને સહન કરીને પરમ ધીરજ ધારણ કરીને તેમણે ઉત્તમ અર્થ સાધ્યો.

સુકોશલ સ્વામીને, માતાનો જીવ જે વાઘણ થયો હતો તેણે, ફાડી ખાધા, તોપણ ઉત્તમ આત્માર્થથી ડગ્યા નહીં.

સનત્કુમાર નામના મહા મુનિને ખાજ, જ્વર, ખાંસી, શોષ, તીવ્ર ભૂખની વેદના તથા ઊલટી, નેત્રશૂળ, ઉદરશૂળ આદિ અનેક રોગ ઊપજ્યા હતા, તેની ઘોર વેદના સો વર્ષ સુધી સમતાભાવે ભોગવી પણ ધીરજ તજી કાયર થયા નહીં.

રાણિકપુત્ર ગંગા નદીમાં નાવમાં ડૂબી ગયો, પરંતુ આરાધના તજી નહીં.

ભદ્રબાહુ નામના મુનિને તીવ્ર ભૂખનો રોગ ઊપજ્યો હતો, તો પણ ઊણોદરી નામના તપની પ્રતિજ્ઞા કરી આરાધનાથી ડગ્યા નહીં.

લલિતઘંટા નામે પ્રસિદ્ધ બત્રીસ મુનિઓ કૌશાંબીમાં નદીના પ્રવાહમાં તણાઈ ગયા, તોપણ આરાધના-મરણ કર્યું.

ચંપાનગરીની બહાર ગંગાને કિનારે ધર્મઘોષ નામના મુનિએ એક માસના ઉપવાસની પ્રતિજ્ઞા કરી, તીવ્ર તરસની વેદનાથી પ્રાણ તજ્યા, પણ આરાધનાથી ડગ્યા નહીં.

પૂર્વજન્મના વેરી દેવે પોતાની વિક્રિયાથી ટાઢની ઘોર વેદના ઉત્પન્ન કરી તોપણ શ્રીદત્ત નામના મુનિ ક્લેશરહિત રહ્યા અને ઉત્તમાર્થ સાધ્યો.

વૃષભસેન નામના મુનિએ તપેલી શિલા ઉપર ગરમ લૂ જેવા પવનમાં, સૂર્યના સખત તડકામાં આરાધનાને ધારણ કરી.

હેડનગરમાં અગ્નિ નામના રાજપુત્રને કોંચ નામના શત્રુએ શક્તિ નામનું આયુધ માર્યું, ત્યારે પણ તેમણે આરાધના ધારણ કરી હતી.

કાકંદી નામની નગરીમાં અભયઘોષ નામના મુનિનાં સર્વ અંગોને ચંડવેગ નામના વૈરીએ છેદ્યાં હતાં. તે વખતની ઘોર વેદનામાં પણ તેમણે ઉત્તમાર્થ સાધ્યો.

વિદ્યુચ્ચર નામના ચોરને ડાંસ મચ્છર કરડતા હતા તોપણ સંક્લેશ પરિણામ રહિત મરણ કરીને તેણે નિજ ઉત્તમાર્થને સાધ્ય કર્યો.

ચિલાતપુત્ર નામના મુનિને પૂર્વના વેરીએ શસ્ત્રો વડે ઘા

માર્યા, તે ઘામાં મોટા કીડા પડ્યા અને ચાળણી જેવાં કાણાં કાણાં બધે કરી દીધાં તોપણ સમભાવથી ભારે વેદના સહન કરીને તેમણે પરમાર્થપ્રાપ્તિ સાધી.

દંડ નામના મુનિને યમુનાવક્ર નામના પૂર્વના વેરીએ બાણો વડે વીંધી નાખ્યા તેની ઘોર વેદના હોવા છતાં સમભાવથી આરાધના-મરણ પ્રાપ્ત કર્યું.

કુંભકારકટ નામના નગરમાં અભિનંદન આદિ પાંચસો મુનિઓ ઘાણીમાં પિલાયા છતાં સમભાવથી ડગ્યા નહીં.

ચાણિક્ય નામના મુનિને ગાયોને રહેવાના ઘરમાં સુબંધ નામના શત્રુએ અગ્નિ લગાડી બાળી નાખ્યા; પરંતુ પ્રાયોપગમન સંન્યાસથી (સંથારાથી) તે ચળ્યા નહીં.

કુલાલ નામના ગામની બહાર વૃષભસેન નામના મુનિને સંઘસહિત રિષ્ટામ નામના વેરીએ અગ્નિ લગાડી બાળી મૂક્યા, છતાં તે પરમ વીતરાગતાથી આરાધનાને પ્રાપ્ત થયા.

હે આરાધના આરાધનાર! હૃદયમાં ચિંતવન કરો, આટલા બધા મુનિઓએ એકલા, સહાય વગર, ઉપાય-ઇલાજ રહિત, વૈયાવૃત્ત્ય (સેવાચાકરી) રહિત છતાં પરમ ધીરજ ધારણ કરી, કાયરતા રહિત સમભાવથી ઘોર ઉપસર્ગમાં આરાધના સાધી. અહીં તમારે શું ઉપસર્ગ છે? સમસ્ત સાધર્મીજનો વૈયાવૃત્ત્યમાં તત્પર છે, તોપણ તમે ક્લેશિત થઈ રહ્યા છો. આ મોટા પુરુષો થઈ ગયા તેમને કોઈ મદદ કરનાર નહોતું, કોઈ સેવાચાકરી કરનાર નહોતું, એકલા હતા, તેમના ઉપર દુષ્ટ વેરીઓએ ઘોર ઉપસર્ગ કર્યા, અગ્નિમાં બાળ્યા,

પર્વત ઉપરથી ફેંકી દીધા, શસ્ત્રોથી ઘા કર્યા, તથા તિર્યંચોએ ફાડી ખાધા, જળમાં ડુબાડ્યા, કુવચનથી ઘોર ઉપદ્રવ કર્યાં; તોપણ તેમણે સમતાભાવ તજ્યો નહીં. તમને ઉપસર્ગ નડ્યો નથી, અને ધર્મને ધારણ કરનાર, દયાળુ, ધીરજવાળા, પરમ હિતોપદેશમાં ઉદ્યમી, સર્વ પ્રકારની વૈયાવૃત્ત્યમાં ઉદ્યમી, સર્વ સહાય કરનાર હાજર છે, તો અત્યારે કંઈ આકુળતાનું કારણ નથી. ટાઢ, તાપ, પવન, વરસાદ વગેરેનો ઉપદ્રવ નથી. આવા વખતમાં પણ શિથિલ કેમ થયા છો? રોગથી ઉત્પન્ન થયેલી, અશક્તિથી જણાતી ભૂખ-તરસ વગેરેની વેદનામાં પરિણામ-ભાવ ન રાખો; સાધર્મીજનના મુખથી કહેવાતાં જિનેંદ્રના વચનરૂપ અમૃતનું પાન કરો. તેથી સઘળી વેદનારૂપ વિષનો અભાવ થઈ પરિણામ ઉજ્જ્વળ થશે, પરમ ધર્મ પ્રત્યે ઉત્સાહ ઊપજશે, પાપની નિર્જરા થશે, કાયરતા દૂર થશે.

વેદનાના વખતે, ચારે ગતિમાં જે દુઃખ ભોગવ્યાં છે, તેનું ચિંતવન કરો. આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવે શાં શાં દુઃખ નથી ભોગવ્યાં? અનેક વાર ભૂખનાં દુઃખથી, તરસની વેદનાથી મરણ કર્યાં છે, અનેક વાર અગ્નિમાં બળી મર્યો છે, અનેક વાર જળમાં ડૂબી મર્યો છે, ઝેર ખાઈને મર્યો છે, અનેક વાર સિંહ, સાપ, કૂતરાં આદિના કરડવાથી મર્યો છે, શિખર ઉપરથી પડીને મર્યો છે, શસ્ત્રોના ઘાથી મર્યો છે; અત્યારે શું દુઃખ છે?

જે દુઃખો નરક તિર્યંચમાં લાંબા કાળ સુધી જીવે ભોગવ્યાં છે, તે જ્ઞાની ભગવાન જ જાણે છે. અહીં અત્યારે કંઈક વેદના

બહુ અલ્પ કાળની આવી છે, માટે ધીરજ ન છોડો. જે ઘોર વેદના કર્મને આધીન થઈને ચારે ગતિમાં ભોગવી છે, તેનું વર્ણન કરોડો જીભો વડે કરતાં અસંખ્યાત કાળ સુધીમાં પણ પૂરું થાય એમ નથી.

નરકમાં જે દુઃખની સામગ્રી છે, તે જાતની કોઈ વસ્તુ અહીં નથી. તેથી તેને કઈ ઉપમા આપી દેખાડી શકાય? ભગવાન જ્ઞાની જ જાણે છે. પાંચમી નરક સુધીનાં ઉષ્ણ બિલોમાં એટલી બધી ગરમી હોય છે કે મેરુપર્વત જેવડો લોઢાનો ગોળો પડતો મૂકીએ તો નરકની જમીન પર પહોંચતા જ ઓગળીને પાણીની પેઠે વહી જાય. અહીં તમને રોગને લીધે કેટલીક ગરમી જણાય છે? પાંચમી નરકનો ત્રીજો ભાગ અને છઠ્ઠી, સાતમી નરકપૃથ્વીનાં બિલોમાં એટલી બધી ટાઢ છે કે સુમેરુ પર્વત જેવડા લોઢાના ગોળાના ત્યાંની ટાઢથી ખંડખંડ કટકે કટકા થઈ જાય છે; આવી વેદના આ જીવે ઘણા લાંબા કાળ સુધી ભોગવી છે. અહીં મનુષ્યભવમાં ટાઢિયા તાવ આદિથી ઊપજેલી ઠંડી કે શિયાળાની ટાઢ કેટલીક હોય છે? જ્વર આદિ રોગથી ઊપજેલી કે તરસથી ઊપજેલી કે ઉનાળાની ગરમીની વેદના અહીં કેટલીક હોય છે? આ ટાઢ કે તાપની વેદના તો અલ્પ કાળની છે, તે ધર્મના ધારક અને મમત્વ તજનારે સમભાવથી શું ન ભોગવવી જોઈએ? આ અવસર સમભાવથી પરિષહ સહન કરવાનો છે. ક્લેશ પામશો તોપણ કર્મનો ઉદય છોડે એમ નથી; ગમે ત્યાં ભોગવાશે. આપઘાતાદિકથી મરશો તો નરકમાં અનંતગણી, અસંખ્યાતકાળ સુધીની વેદના ભોગવવી પડશે.

પાપના ઉદયથી નારકીઓને સ્વાભાવિક જ શરીરમાં કરોડો રોગ સદાય હોય છે. નરકની ભૂમિનો સ્પર્શ જ કરોડો વીંછીઓના ડંખથી અધિક વેદના ઉપજાવનાર છે. નારકીને ભૂખની વેદના એટલી બધી છે કે, આખી પૃથ્વીનાં અન્નાદિ ભક્ષણ કર્યાથી પણ શમે નહીં. છતાં એક કણ પણ ખાવાને મળતો નથી. તરસની વેદના એવી છે કે બધા સમુદ્રનું પાણી પીધાથી પણ છીપે નહીં. પણ એક ટીપું પણ પીવાને મળતું નથી. નરક પૃથ્વીની દુર્ગંધિવાળી માટી એવી છે કે, પહેલી પૃથ્વીના પહેલા પટલમાંથી એક કણ માટી અહીં મનુષ્ય-લોકમાં આવી જાય તો અડધા અડધા કોશ સુધીનાં પંચેન્દ્રિય મનુષ્ય, તિર્યંચ એ દુર્ગંધિથી મરી જાય. બીજા પટલના કણથી એક કોશ સુધીનાં મનુષ્યાદિ મરી જાય, એમ અડધો અડધો કોશ વધતાં સાતમી નરકના ઓગણપચાસમા પટલની માટી એવી ગંધાતી છે કે, તેનો એક કણ જો અહીં આવે તો સાડી ચોવીશ કોશ સુધીનાં મનુષ્ય તિર્યંચ દુર્ગંધિથી પ્રાણ રહિત થઈ જાય. એવી જ રીતે નારકીનાં રસ, રૂપ, શબ્દ વગેરે અનુભવાયાથી દુઃખ થાય છે, તે વચન-અગોચર છે; કેવળજ્ઞાની જ જાણે છે.

બહુ આરંભ, બહુ પરિગ્રહના પ્રભાવથી, સાત વ્યસનો સેવવાથી, અભક્ષ્ય ભક્ષણ કરવાથી, હિંસાદિ પાંચ પાપોમાં તીવ્ર રાગ હોવાથી ઉપર જણાવ્યાં તેવાં ઘોર દુઃખોને પાત્ર નારકી જીવ થાય છે. નારકીઓનું માનસિક દુઃખ અપાર હોય છે. નારકીઓને શરીરનું દુઃખ, ક્ષેત્રથી ઉત્પન્ન થતું દુઃખ, પરસ્પર સામસામી ઉપજાવેલું દુઃખ, અસુરોએ ઉપજાવેલું દુઃખ

વચન વડે કહ્યું જાય તેમ નથી. તેનો વિચાર કરો. નરકમાં આયુષ્ય પૂર્ણ થયા વિના મરણ થતું નથી.

તિર્યંચો (ઢોર પશુ વગેરે) ને અને રોગી, ગરીબ મનુષ્યોને પાપના ઉદયથી જે તીવ્ર દુઃખ ભોગવવું પડે છે તે તમે પ્રત્યક્ષ દેખો જ છો. તેનું શું વર્ણન કરીએ?

વચનરહિતપણાનાં, ભૂખનાં, તરસનાં, ટાઢનાં, તાપનાં, મારનાં, ઘણો ભાર ભર્યાનાં, નાક છેદ્યાનાં, નાથે બાંધ્યાંના ઘોર દુઃખ હોય છે; ખાવાનું, પીવાનું, ચાલવાનું, બેસવાનું, ઊઠવાનું તેને પોતાને આધીન નથી; કોઈને સુખ-દુઃખનો અભિપ્રાય જણાવી ઉપાય-ઉદ્યમ કરવાનું જેનાથી બને એમ નથી; આને ઘેર રહેવું, આને ઘેર ન રહેવું તે તેના પોતાના હાથની વાત નથી. ચંડાળ, મ્લેચ્છ, નિર્દયીને આધીન પણ રહેવું પડે. બ્રાહ્મણ આદિને આધીન રહેવું પડે. કોઈ અનેક પ્રકારના માર મારે. કોઈ ખાવાને ઘાસ નીરે નહીં અથવા થોડું નીરે, અને ભાર વધારે ખેંચાવે તો પણ રાજા આદિકની પાસે જઈને ફરિયાદ કરવાનું સામર્થ્ય નથી. કોઈ દયા લાવીને ઉપરાણું લઈ શકે નહીં. નાક ગળી જાય, ખાંધ ગળી જાય, પીઠ કપાઈ જાય, હજારો કીડા પડે તો પણ પથરા વગેરેના ખૂંચે તેવા ભાર ભરે અને ભાર ઉપાડીને ચાલી શકાય નહીં તો મર્મ સ્થાનમાં સાટકાના કે લોઢાની અણીદાર આરના કે લાકડીના કે સોટીના માર મારે. કુવચનો વડે સંતાપ ઉપજાવી પરાણે ચલાવે છે. નાસિકા આદિ મર્મસ્થાનમાં એવાં દોરડાં, સાંકળ કે ચામડાંની નાડીથી બાંધે છે કે હાલી ચાલી શકાય નહીં; આવાં તિર્યંચ ગતિનાં પ્રત્યક્ષ દુઃખ દેખો છો. તમારે તો શું દુઃખ છે?

જળચર, નભચર, વનચર જીવો પરસ્પર મારી ખાય છે. સંતાયેલાં નિર્બળ પ્રાણીને ખોળી ખોળીને બળવાળાં પ્રાણી ખાઈ જાય છે. શિકારી, ભીલ, મચ્છીમાર, વાઘરી દેખતાં જ જ્યાં નાસી જાય ત્યાંથી પકડી લાવી મારે છે, ચીરે છે, કટકા કરે છે, રાંધે છે, શેકે છે, કોણ દયા કરે? પૂર્વ ભવમાં દયા પાળી નથી, ધનના લોભી થઈને અનેક જૂઠ, છળ-કપટ કર્યાં તેનું ફળ તિર્યંચ ગતિમાં ઉદય આવે છે, તેનો અત્યારે વિચાર કરો.

મનુષ્ય ભવમાં ઇષ્ટના વિયોગનું; અનિષ્ટ કે દુષ્ટના સંયોગનું; નિર્ધન થવાનું; પરાધીન કેદખાને પડવાનું; અપમાનનું, ત્રાસનું, મારનું, ઘાતનું, રોગાદિ ઘોર વેદનાનું; વૃદ્ધાવસ્થાનું; આંધળા, બહેરા, લૂલા, બોબડા, ઠૂંઠા થવાનું; ભૂખનું, તરસનું, ટાઢનું, તાપનું, ગરમીનું; નીચ કુળ, નીચ ક્ષેત્ર આદિમાં ઊપજવાનું; અંગ ઉપાંગ ગળી જવાનું, સડી જવાનું, વાંછિત આહાર નહીં મળવાનું ઘોર દુઃખ માણસો ભોગવે છે, તેનો વિચાર કરો. અહીં તમારે શું દુઃખ છે?

નરક તિર્યંચ ગતિનાં દુઃખ તો અપાર છે, પરંતુ મનુષ્ય ગતિમાંય પાપના ઉદયથી માનસિક દુઃખ પણ અજ્ઞાન ભાવથી કષાયરૂપ અભિમાનને વશ પડેલા જીવોને અપાર હોય છે. કર્મ મહા બળવાન છે. જેનું વચન પણ મસ્તકમાં તીક્ષ્ણ શૂળ જેવી વેદના ઉપજાવે એવા મહા દુષ્ટ, મહા વક્ર, અન્યાયમાર્ગીને ત્યાં કર્મે કરીને જન્મવું પડે છે. તેનો રાત દિવસ ત્રાસ ભોગવવો પડે છે, અને ભયભીત રહેવું પડે છે. જે ઉપકાર કરનાર હોય,

પ્રિય હોય, જેને લઈને જીવન સફળ માનતા હોઈએ એવાં સ્ત્રી, પુત્ર, મિત્ર, સ્વામી, સેવક આદિનો વિયોગ થાય. નાની વયમાં પુત્રી વિધવા થાય, આજીવિકા તૂટી જાય, ધન લૂંટાઈ જાય, અતિ નિર્ધન અવસ્થા આવે, પેટ ભરાય તેટલું પણ ભોજન ન મળે. સ્ત્રી દુષ્ટ હોય, પુત્ર કપૂત નીકળે, બાંધવોમાં તિરસ્કાર થાય, ગુણની કદર કરનાર સ્વામીનો વિયોગ થાય, પોતાના અપવાદ ફેલાય, કુળને કલંક લાગે, વગેરે મહા દુઃખ ભોગવવાં પડે છે. તેથી હે ધીર ! અહીં સંન્યાસના અવસરે ઊપજતી કિંચિત્ માત્ર વેદના શા હિસાબમાં છે ? કર્મના ઉદયે મનુષ્ય જન્મમાં અગ્નિમાં કોઈ બળી મરે છે; સિંહ, વાઘ, સાપ, દુષ્ટ હાથી વગેરે મારી નાખે છે; હાથ, પગ, કાન, નાક છેદે છે; શૂળીએ ચઢાવે છે; આંખો ફોડી નાખે છે; જીભ ખેંચી કાઢે છે; એમ પાપકર્મના ઉદયથી મનુષ્ય ભવમાં પણ ભારે દુઃખ જીવો ભોગવે છે.

દુષ્ટ દુશ્મનો ડાંગથી, મુદ્ગરથી, ચાબુકથી, તલવાર ભાલા આદિ શસ્ત્રોથી, લાત મુક્કી આદિ કચ્ચર મારથી, હાડકાં ઉતારી નાખે, ભાંગી નાખે, બાળી નાખે વગેરે દુઃખો પરાધીનપણે ભોગવ્યાં છે. જો સ્વાધીનપણે કર્મના ઉદયે ઊપજતા ત્રાસને સમભાવથી એક વાર ભોગવાય તો ફરી દુઃખને પાત્ર થશો નહીં. સમસ્ત રોગ અનેક વાર ભોગવ્યા છે. હવે તમારો આ રોગ તો ઝટ નિર્જરી જશે. રોગ વગર આવા જીર્ણ, દુષ્ટ શરીરથી છૂટવાનું નથી, દેહ ઉપરની મમતા ઘટતી નથી, ધર્મમાં પ્રીતિ વધતી નથી. તેથી રોગથી ઊપજતી વેદનાને પણ ઉપકાર કરનારી જાણી રાજી થાઓ.

હે ધીર! જે દુઃખ તમે સંસારમાં ભોગવ્યાં છે તેના અનંતમા ભાગ જેટલું પણ અત્યારનું તમારું આ દુઃખ નથી. હવે આ અવસરે કાયર થઈને ધર્મને કેમ મલિન કરો છો? કર્મને આધીન થઈને ચારે ગતિમાં ઘોર વેદના તમે ભોગવી છે, તો અહીં ધર્મરૂપ તપ, વ્રત, સંયમ ધારણ કરતાં વેદના ભોગવવાનો ભય શાનો રાખો છો? કર્મને વશ થઈને જે વેદના અનંત વાર ભોગવી છે તે ધર્મની રક્ષાને માટે એક વાર જો સમભાવથી સહન કરો તો ઘણી નિર્જરા થઈ જાય. હે ધીર! તમે ભય રહિત રહો, કે ભય સહિત રહો, ઉપાય કરો કે ન કરો, પ્રબળ ઉદયવાળું કર્મ તો રોકાય એમ નથી. ઇલાજ તો કર્મનો મંદ ઉદય થાય ત્યારે કામ કરે છે. પાપનો પ્રબળ ઉદય હોય ત્યારે બહુ અકસીર દવા બહુ કાળજીથી કરીએ તો પણ તે વેદનાનો નાશ કરી શકે નહીં. જે અસંયમી યોગ્ય-અયોગ્ય સર્વ ભક્ષણ કરનારા ત્યાગ-વ્રત રહિત રાત દિવસ સમસ્ત ઉપાય કરે છે, તોપણ પ્રબળ ઉદયને લીધે રોગરહિત હોતા નથી; તો તમે સંયમ-વ્રત સહિત, અયોગ્યના ત્યાગી થઈને આકુળ-વ્યાકુળ બની કેમ ઉપાય કરવા ઇચ્છો છો?

રાજાના જેટલી સામગ્રી કોની પાસે હોય? જેને ભક્ષ્ય-અભક્ષ્ય, યોગ્ય-અયોગ્યનો વિચાર નથી, હિંસાનું કારણ એવા મહા આરંભ કરવાનો જેને ભય નથી, દયા નથી; મોટા મોટા ધન્વંતરી સરખા વૈદ્ય અને અનેક ઔષધિ હોય તોપણ કર્મના ઉદયે ઊપજેલી વેદના દૂર થઈ શકતી નથી. તો ત્યાગી, વ્રતી તમે અને દયાવાળા, વ્રતવાળા સેવા-ચાકરી કરનારા તમારો

રોગ કેવી રીતે દૂર કરશે? સમસ્ત વેદનાને દૂર કરનાર જિનેન્દ્રના વચનરૂપ ઔષધ ગ્રહણ કરો. પરમ સમતાભાવરૂપ અભેદ્ય બખ્તર ધારણ કરો. પૂર્વકર્મના ઉદયરૂપ રસને સમભાવથી ભોગવો, તેથી અશુભ કર્મની નિર્જરા થઈ જશે અને નવીન કર્મનો બંધ નહીં થાય. મરણ તો એક ભવમાં એક વાર આવવાનું જ છે; પરંતુ સંયમસહિત મરણ કરવાનો અવસર તો અહીં પ્રાપ્ત થયો છે, તેથી ભારે હર્ષ સહિત મરણને ભેટો; જેથી અનેક વાર જન્મ-મરણ કરવાં મટી જાય. હવે થોડું જીવવાનું છે એમાં ધર્મ છોડી આર્ત (દુઃખના ક્લેશવાળા) પરિણામ ન કરો. અશુભ કર્મને રોકવાને ઇન્દ્રાદિ સહિત સર્વ દેવો સમર્થ નથી તો અલ્પ શક્તિધારી આ મનુષ્ય શી રીતે રોકી શકશે? જે વૃક્ષને ભાંગવાને મોટો હાથી સમર્થ નથી તેને બિચારું નિર્બળ સસલું કેવી રીતે ભાંગી નાંખે? જે નદીના પ્રબળ પ્રવાહમાં, મહા ભારે કાયાવાળો બળવાન હાથી તણાતો ચાલ્યો જાય, તેવા પ્રવાહમાં સસલું વહ્યું જાય એમાં શું આશ્ચર્ય છે? જે કર્મના ઉદયને તીર્થંકર, ચક્રવર્તી, નારાયણ, બળદેવ અને દેવો સહિત ઇન્દ્ર પણ રોકવાને સમર્થ નથી, તે કર્મને બીજો કોણ રોકવા સમર્થ છે? કર્મના ઉદયને અરોક જાણી અશાતાના ઉદયમાં ક્લેશવાળા ન થાઓ; શૂરવીરપણું ગ્રહણ કરો; સમભાવથી કર્મની નિર્જરા કરો. કર્મના ઉદય વખતે દુઃખી થશો, રોશો, વિલાપ કરશો, દીનતા દર્શાવશો, તોપણ વેદના મટશે નહીં કે ઘટશે નહીં; ઊલટી વધશે જ. ધર્મ, વ્રત, સંયમ, યશ નાશ પામશે. આર્તધ્યાન કરવાથી ઘોર દુઃખ ભોગવનાર તિર્યંચમાં જઈને ઊપજશો; આમાં સંશય નથી.

અશાતાના ઉદયમાં સુખને માટે રોવું, વિલાપ કરવો, દીનતા કરવી તે તેલને માટે રેતી પીલવા જેવું છે; ઘીને માટે પાણી વલોવવા જેવું કે ચોખા કાઢવા થોથાં ખાંડવા જેવું નિરર્થક માત્ર પરિશ્રમ આપનારું કાર્ય છે; નવાં તીવ્ર કર્મ બાંધવાનું નિમિત્ત છે.

જેવી રીતે કોઈ પુરુષે અજ્ઞાનભાવથી પૂર્વ અવસ્થામાં કોઈની પાસેથી દેવું કરીને ધન આણી વાપર્યું હોય, તે માણસ કરાર પ્રમાણે માગે ત્યારે ન્યાયમાર્ગી શાહુકાર તો ખુશીથી ઋણ ચુકાવી, માથેથી ભાર ઊતર્યો જાણી સુખી થાય છે. તેવી રીતે ધર્મને ધારણ કરનાર પુરુષ તો કર્મના ઉદયે આવેલાં રોગ, ગરીબાઈ, ઉપસર્ગ, પરિષહ ભોગવવાથી દેવું પતે છે, એમ જાણી સુખી થાય છે ને એમ વિચારે છે કે અત્યારે પૂર્વકર્મનો ઉદય આવ્યો તે ઠીક થયું, સારા વખતમાં આવ્યો, અત્યારે મારી પાસે જ્ઞાનરૂપી ધન પુષ્કળ છે, ભગવાન પંચ પરમેષ્ઠીનું શરણ છે, સાધર્મી ભાઈઓની મોટી સહાય છે; તેથી દેવાનો ભાર ઉતારી નિરાકુળ સુખ પામીશ.

પોતાના કષાય આદિ ભાવથી બાંધેલાં કર્મ એવાં બળવાન છે કે, ઋદ્ધિનો, વિદ્યાનો, બાંધવોનો, ધનસંપદાનો, શરીરનો, મિત્રોનો, દેવદાનવાદિની મદદનો, બળનો અડધી ક્ષણમાં નાશ કરે છે. કર્મરૂપી દેવું ભોગવ્યા વિના છૂટે નહીં. રોગ, શોક, જન્મ, મરણ બીજા કોઈને ઉદય ના આવ્યાં હોય અને તમારે જ ઉદય આવ્યાં હોય તો દુઃખી થવું યોગ્ય છે. ભૂખ, તરસ, રોગ, વિયોગ, જન્મ, જરા, મરણ કોને ઉદયના

અવસરે ત્રાસ આપતાં નથી? સમસ્ત સંસારી જીવોને ઉદયમાં આવે છે. મરણ સર્વને માથે છે. ચારે ગતિઓમાં કર્મનો ઉદય આવે છે. તેથી પૂર્વે બાંધેલાં કર્મ ઉદયમાં આવે ત્યારે આકુળતા તજી પરમ ધીરજ ધારણ કરો. સમભાવથી કર્મો ઉપર જય મેળવો. સર્વ દુઃખો ઉપર વિજય મેળવવાના અવસરે હવે ખેદ કેમ કરો છો? સમ્યક્દૃષ્ટિ તો સદાય સમાધિમરણની જ વાંછા કરે છે. આ તો મહા દુર્લભ અવસર પ્રાપ્ત થયો છે. સમસ્ત દુઃખોનો નાશ કરવાનો અવસર મુશ્કેલીથી મળે છે. તો ઉત્સાહના અવસરે ખેદ કરવો ઘટે નહીં. આ અવસર ચૂકશો તો ફરી અનંત કાળમાં નહીં મળે. અર્હંત, સિદ્ધ, આચાર્ય આદિ ભગવાન પરમેષ્ઠી અને સમસ્ત સાધર્મીઓની સાખે જે ત્યાગ, સંયમ ગ્રહણ કર્યો છે, તે ત્યાગ વ્રતનો ભંગ કરવાથી, પંચ પરમેષ્ઠીથી વિમુખતા થાય છે; સમસ્ત ધર્મનો લોપ થાય છે, ધર્મને દૂષણ લાગે છે, ધર્મ માર્ગની વિરાધના થાય છે, પોતાના બન્ને લોકનો નાશ થાય છે. અને મરણ તો અવશ્ય થશે જ. મરણ અને દુઃખ તો વ્રત સંયમનો ભંગ કર્યા છતાં દૂર થનાર નથી. જે કાર્ય (દસ્તાવેજ વગેરે) રાજાની અને પંચોની સાક્ષીએ કોઈ કરે અને પછી વાંકું બોલે, ફરી જાય તો તે તીવ્ર દંડને પાત્ર થાય છે; મહા અપરાધી ગણાય છે; બધા લોકમાં તે તિરસ્કાર, ધિક્કાર પામે છે. પર લોકમાં અનંતકાળ પર્યંત અનંત જન્મ, મરણ, રોગ, શોક, વિયોગને પાત્ર થાય છે. ત્યાગની પ્રતિજ્ઞા કરીને ભંગ કરવો તે મહા અપરાધ છે. જે ત્યાગ નથી કરતો તે તો અનાદિનો સંસારી છે જ; તે ત્યાગ, સંયમ, વ્રત પામ્યો જ નથી. જે ત્યાગ

કરીને પછી વ્રત, સંયમ, સંન્યાસ (સંથારો) બગાડે છે તેને ધર્મવાસના અનંતાનંત કાળમાં દુર્લભ થઈ પડે છે.

આહારની લાલસા તો બહુ નિંદવા લાયક છે. ઉત્તમ પુરુષ તો ભૂખની વેદનાને પ્રાણ હરનારી જાણી, ભૂખના ઉપાય જેટલો જ આહાર લે છે. તે પણ ભારે લજ્જારૂપ છે. આહારની કથાને દુર્ધ્યાન કરાવનારી જાણી તેનો ત્યાગ કરે છે. આ હાડ-માંસમય દેહ આહાર વિના રહે નહીં, અને દેહ વિના તપ, વ્રત, સંયમરૂપ રત્નત્રય માર્ગ પળે નહીં; તેથી રત્નત્રયના પાલન માટે રસવાળો કે નીરસ, જેવો કર્માનુસાર મળે તેવો ઉજ્જ્વળ આહાર લઈ ઉદર પૂરે છે. રસના (જીભ) ઇંદ્રિયની લંપટતા કદી સેવતા નથી. મનુષ્ય જન્મની સફળતા તો આહારની લંપટતાને જીતવાથી જ છે. તિર્યંચ ગતિમાં તો આહારની લંપટતાથી બળવાન હોય તે નિર્બળને ખાઈ જાય છે કે પરસ્પર ભક્ષણ કરે છે; માતા પુત્રનું ભક્ષણ કરે છે. મનુષ્ય ગતિમાં પણ નીચ, ઉચ્ચ જાતિના ભેદ, સર્વ આચારના ભેદ ભોજનના નિમિત્તથી જ છે. આ લોકમાં જેટલાં નિંદ્ય આચરણ છે તેટલાં, ભોજનના વિચાર રહિત પ્રાણી જ આચરે છે. જેને ભોજનમાં લંપટતા નથી તે ઉજ્જ્વલ, પવિત્ર છે, વાંછા રહિત છે, ઉત્તમ છે. નીચ-ઉચ્ચ જાતિ, કુળના ભેદ પણ ભોજનને નિમિત્તે જ છે. આહારનો લંપટી ઘોર આરંભ કરે છે, બાગ-બગીચામાં એક પોતાને જમવા માટે કરોડો ત્રસ જીવોને મારે છે, મહા પાપની અનુમોદના કરે છે, અભક્ષ્ય ભક્ષણ કરે છે. અસત્ય વચન, હિંસાદિ મહા પાપનાં વચન બોલે છે. સારા

ભોજન માટે ચોરી કરે છે. કુશીલ સેવે છે. ધન, પરિગ્રહમાં મહા મૂર્છા કરે છે. અન્ય લોકોને મારીને, જૂઠું બોલીને, ચોરી કરીને પણ સરસ ભોજનને માટે ધન એકઠું કરે છે. મિષ્ટ ભોજન માટે ક્રોધ કરે છે, માન કરે છે, છળ-કપટ કરે છે, ચોરી કરે છે, કુળના ક્રમનો નાશ કરે છે. નીચ જાતિ ભેગો ભળી જાય છે. નીચ કુળના મદિરા માંસ વાપરનારની નોકરી સ્વીકારે છે. ભોજનનો લંપટી નિર્લજ્જ થઈ જાય છે. પોતાની પદવી, મોટાઈ, જાતિ, કુળ, આચાર જોતો નથી, સ્વાદિષ્ટ ભોજન દેખી મન બગાડે છે. બહુ ધનવાળો હોય, પોતાને ઘેર સુંદર ભોજન નિત્ય મળતાં હોય, છતાં નીચ, રંક, શૂદ્ર, મ્લેચ્છને ઘેર પણ જમવા જાય છે. ગામ, નગરમાં વેચાતું, સમસ્ત લોકોનું અડકેલું, વેચેલું, એવું અધમ ભોજન ખરીદી લાવે છે. તપશ્ચરણ, જ્ઞાનાભ્યાસ, શ્રદ્ધા, આચરણ, સર્વ શીલ, સંયમને દૂરથી તજે છે. પોતાનું અપમાન થતું દેખતો નથી. અભક્ષ્યમાં, એંઠમાં, માંસાદિકમાં આસક્ત થઈ જાય છે. અયોગ્ય આચરણ કરી પોતાના કુળના રિવાજનો નાશ કરે છે, મલિન કરે છે. જીભ ઇંદ્રિયની લંપટતા શું શું અનર્થ કરાવતી નથી? શોધીને, જોઈને આહાર કરવો એ તો આહારના લંપટીથી બનતું જ નથી. આહાર કેવો છે? ક્યાંથી આવ્યો છે? એવા વિચાર પણ હોતા નથી. તીક્ષ્ણ બુદ્ધિ હોય તે પણ મંદ બની જાય છે, વિપરીત બુદ્ધિ થઈ જાય છે; સન્માર્ગ છોડી કુમાર્ગમાં કુશળ થઈ જાય છે; ધર્મથી વિમુખ થઈ જાય છે. પ્રત્યક્ષ દેખીએ છીએ કે કોઈ પુરુષ અનેક શાસ્ત્રો ભણેલો છે, વાચનાદિ વડે અનેક જીવોને શુભ માર્ગનો ઉપદેશ કરે છે,

બહુ કાળથી સિદ્ધાંત સાંભળે છે, તો પણ તેને સત્યાર્થ શ્રદ્ધા, જ્ઞાન, આચરણ હોતાં નથી, વિપરીત માર્ગથી છૂટતો નથી; એ બધું અન્યાય, અભક્ષ્ય ભોજન કર્યાનું ફળ છે.

મુનીશ્વરોને તો આહારની શુદ્ધતા પ્રધાન હોય છે. શ્રાવકને પણ સર્વ બુદ્ધિની શુદ્ધતાનું કારણ એક ભોજનની શુદ્ધતા જ જાણો. આહારના લંપટીને યોગ્ય-અયોગ્ય જોવાની, ચોખ્ખું કરવાની, આંખથી જોવાની સ્થિરતા હોતી નથી. ધૈર્ય રહિત ઉતાવળથી ભક્ષણ જ કરે છે. માન, સન્માન, સત્કાર, પોતાની ઉચ્ચ પદવી જોતો નથી. મિષ્ટ ભોજન મળે ત્યાં પરમ નિધાનનો લાભ ગણે છે. મિષ્ટ ભોજન આપનારને આધીન થઈને માતા, પિતા, સ્વામી, ગુરુ એમનો ઉપકાર લોપી અપકાર ગ્રહણ કરે છે. ભોજનના લંપટીનો વિનય પોતાનાં સ્ત્રી પુત્ર પણ સાચવતાં નથી. તેને ધર્મની શ્રદ્ધા પણ હોતી નથી. કારણ કે સમ્યક્દૃષ્ટિ આત્મિક સુખને સુખ જાણે છે, તેને તો ઇંદ્રિયોના વિષયોથી મળતાં સુખ ઉપર અત્યંત અરુચિ હોય છે. જેને સુંદર ભોજન જ સુખરૂપ જણાયું તે તો વિપરીત જ્ઞાની-મિથ્યાદૃષ્ટિ જ છે. જીભનો લંપટી મહા અભિમાની છતાં, ઊંચા કુળનો છતાં, નીચ લોકોની ખુશામત કરે છે, વખાણ કરે છે. ભોજનનો લંપટી દીન થઈને પારકાનાં મુખ તાકતો ફરે છે, યાચના કરે છે, નહીં કરવા યોગ્ય કર્મ કરે છે. એક ભોજનની ઇચ્છાથી જ તંદુલ મચ્છ સાતમી નરકે જાય છે અને અનેક જન્તુ ભક્ષણ કરીને મહામચ્છ પણ સાતમી નરકે જાય છે. સુભૌમ નામનો ચક્રવર્તી, દેવોએ આણેલા કલ્પવૃક્ષના ભોગોથી પણ તૃપ્ત ન થયો, અને કોઈ વિદેશીના આણેલા

ફળના રસની લાલસાથી કુટુંબ સહિત સમુદ્રમાં ડૂબી સાતમી નરકે ગયો, તો બીજાની શી વાત?

આવાં જિનેન્દ્રનાં વચનરૂપ અમૃતનું પાન કરવાથી પણ જો તમારી આહાર કે સ્વાદિષ્ટ ભોજનની લાલસા નાશ ન પામી, તો જાણજો કે તમારે અનંત કાળ, અસંખ્યાત કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાનું છે. ભૂખ, તરસ, રોગ, વિયોગ, જન્મ, મરણ અનંતવાર ભોગવવાનાં છે. તમે એમ ધારતા હશો કે ખાવા પીવા વડે તૃષ્ણા મટાડી સંતોષ પામીશ, તૃપ્ત થઈશ. પણ કદાપિ આહારાદિ વડે એમ તૃપ્તિ થશે નહીં. ભૂખ, તરસની વેદના તો અશાતા નામના કર્મના નાશથી મટે; આહાર કરવાથી ઘટશે નહીં પણ ઊલટી વિશેષ વધશે. જેવી રીતે અગ્નિને લાકડાં વડે તૃપ્તિ થતી નથી અથવા સમુદ્રને નદીઓનાં પાણીથી તૃપ્તિ થતી નથી, તેવી રીતે આહારથી તમને તૃપ્તિ થશે નહીં; લાલસા અધિક અધિક વધશે. લાભાંતરાયના અત્યંત ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલો, અત્યંત બળ, વીર્ય, તેજ, કાંતિ પ્રગટાવે તેવો માનસિક આહાર, અસંખ્યાત કાળ પર્યંત સ્વર્ગમાં ઇંદ્ર, અહમિંદ્ર થઈને ભોગવ્યો તોપણ ભૂખની વેદનાના અભાવરૂપ તૃપ્તિ થઈ નહીં. ચક્રવર્તી, નારાયણ, બળભદ્ર, પ્રતિનારાયણ, ભોગભૂમિનાં મનુષ્યાદિ, લાભાંતરાય અને ભોગાંતરાયના અત્યંત ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલો દિવ્ય આહાર ઘણા કાળ સુધી ભોગવીને પણ ભૂખની વેદના દૂર કરી શક્યા નથી, તો તમને થોડું અન્નાદિ ખાવાથી કેવી રીતે તૃપ્તિ થશે? તેથી ધીરજ ધારણ કરી આહારની

વાંછાને જીતવા માટે પુરુષાર્થ કરો. હવે કેટલોક આહાર ખાઈ શકશો? ભોજનનો સ્વાદ કેટલો કાળ રહે છે? ભોજન જીભ ઉપર હોય ત્યાં સુધી જ માત્ર સ્પર્શ થાય તેટલો કાળ સ્વાદ જણાય છે. ગળી ગયા પછી સ્વાદ નથી મળતો અને મોંમાં નાખ્યાં પહેલાં પણ સ્વાદ નથી આવતો, માત્ર અધિક અધિક તૃષ્ણા વધારે છે. અનાદિ કાળમાં સમસ્ત પ્રકારનાં ભોજન તમે જમ્યા છો તોપણ તૃપ્તિ થઈ નહીં, ધરાયા નહીં તો હવે અંત વખતે કંઠે પ્રાણ આવ્યા છે, તે વખતે કિંચિત્ આહારથી કેવી રીતે તૃપ્ત થશો? તેથી દૃઢતા ધારણ કરી પોતાના આત્માનું કલ્યાણ કરો. એવો કોઈ અપૂર્વ આહાર આ લોકમાં નથી કે જે તમે ન ભોગવ્યો હોય. સર્વ સમુદ્રનાં પાણી પીવાથી તૃપ્તિ નથી થઈ તો ઝાકળનાં ટીપાં ચાટવાથી શી રીતે તૃપ્તિ થશે?

ગયા કાળમાં રાત દિવસ આહાર માટે દુઃખી થઈને ભવ ગુમાવ્યો છે. ઘણા કાળ સુધી આહારના સ્વાદની વાંછા રહે તેનું દુઃખ; આહારની સામગ્રી મેળવવા નોકરી, વેપાર વગેરે કરી ધન કમાવામાં દુઃખ; દીનતા કરવાનું, પરાધીન રહેવાનું દુઃખ; ધન ખરચાઈ જતું જણાય તેમાં પણ દુઃખ; સ્ત્રી, પુત્રાદિક ભોજન તૈયાર કરાવનારને આધીન રહેવાનું દુઃખ; રાંધવાના આરંભ સમારંભનું દુઃખ; ભોજન તૈયાર ન થાય ત્યાં સુધી વાંછા કરતા બેસી રહેવાનું દુઃખ; કોઈ સામગ્રી ખૂટતી હોય તે લાવવાનું દુઃખ; પોતાની ઇચ્છા પ્રમાણે મળે નહીં તે દુઃખ; મિષ્ટાન્ન ભક્ષણ કરતાં ખટાશની લાલસાનું દુઃખ; મરી મસાલા કે ચટણીની લાલસાનું દુઃખ; મીઠાઈની

લાલસાનું દુઃખ ઇત્યાદિ વારંવાર અનેક પ્રકારની લાલસા જ્યાં ઘટે નહીં ત્યાં સુખ ક્યાંથી હોય? જીભનો સ્પર્શ માત્ર થયો કે કોળિયો ઊતરી જાય છે. ઉત્તમ, મનોહર આહાર પણ એક ક્ષણમાં જીભના મૂળને ઓળંગી જાય છે. જીભનું ટેરવું જ સ્વાદ ચાખે છે. જીભને આહાર અડે નહીં ત્યાં સુધી સ્વાદ આવતો નથી, અને જીભની પાર ઊતરી ગયા પછી સ્વાદ મળતો નથી. એક કોળિયા જેટલા આહારના સ્પર્શનો ક્ષણિક સ્વાદ મળે છે તેને માટે તો ઘોર દુર્ધ્યાન કરે છે, મહા સંકટ ભોગવે છે. ભોજન કરવા છતાં વાંછા રહિત તો થવાતું નથી તેથી આવા દુઃખકારક આહારના ત્યાગનો અવસર આવ્યો છે, તે અવસરને મહા દુર્લભ, અક્ષય નિધાનના લાભ સમાન જાણી આહારના સ્વાદમાં અત્યંત અનાસક્ત થાઓ. અહીં જો દૃઢ પરિણામ રાખી આહાર ઉપરનો રાગ તજશો તો, સ્વર્ગમાં જશો ત્યાં હજારો વર્ષો સુધી ભૂખની વેદના ઉત્પન્ન નહીં થાય. ત્યાં જેટલા સાગરોપમનું આયુષ્ય હોય છે, તેટલા હજાર વર્ષો સુધી તો ભોજનની ઇચ્છા જ ઊપજતી નથી. પછી કંઈક ઇચ્છા ઊપજે ત્યારે કંઠમાં અમૃતનાં પરમાણુ એવાં ઝરે છે કે, એક ક્ષણ માત્રમાં ઇચ્છાનો અભાવ થઈ જાય છે. અસંખ્યાત વર્ષો સુધી ભૂખનું દુઃખ દૂર કરવારૂપ આ બધો પ્રભાવ માત્ર પૂર્વ ભવમાં આહારની લાલસા છોડી ઉપવાસ, ઊણોદરી, રસ પરિત્યાગ વગેરે તપ કર્યાનો છે.

તિર્યંચ અને મનુષ્ય ગતિમાં જે ભૂખ, તરસ, રોગ આદિનાં ઘોર દુઃખ અનંતકાળથી જીવ ભોગવે છે, તે

આહારની લંપટતાનો પ્રભાવ છે. જેમણે જેમણે આહારની લંપટતા છોડી, તે ક્ષુધા આદિ વેદના રહિત, કવલ આહાર રહિત દિવ્ય દેવ થાય છે. જો આ વેદનાનું અત્યારે દુઃખ લાગતું હોય તો આહારના ત્યાગમાં જ અચળપણે પ્રવર્તો. તેથી અલ્પકાળમાં વેદના રહિત, કલ્પવાસી દેવલોકમાં જઈને ઊપજશો. ભોજન કરશો તો તેથી વેદનારહિત થશો નહીં.

સર્વ દુઃખોનું મૂળ કારણ આ જીવને એક શરીર ઉપરની મમતા છે. એ મમતાથી તેની સાચવણીને નિમિત્તે જ અનંતાનંત કાળ પર્યંત દુઃખ ભોગવ્યું છે. ભૂખ, તરસ, રોગ આદિ પરિષહોનાં દુઃખ છે, તે સર્વ એક દેહની મમતાથી છે. જે મહંત પુરુષોએ દેહની મમતા ત્યાગી છે, તેમને હાડ-માંસ-ચામડીમય મહા દુર્ગંધિવાળા રોગથી ભરેલા દેહની પ્રાપ્તિ થતી નથી. જ્યાં સુધી સંસારનો અભાવ ન થાય ત્યાં સુધી ઇંદ્રાદિક દેવોના દિવ્ય દેહ પ્રાપ્ત થાય છે. પછી શીલ, સંયમ આદિ સામગ્રી પામી મોક્ષે જાય છે. જો દેહની વેદનાથી દુઃખી હો તો તુરત જ દેહની મમતા, લાલસા છોડી દો. તેથી દેહ ધરવા નહીં પડે. આહારની લાલસાથી દુઃખી હો તો આહારનો ત્યાગ કરો. તેથી ફરી ભૂખ, તરસની વેદનાથી આહાર નહીં લેવો પડે.

અનુક્રમે દેહને એવો કૃશ કરો કે જેથી વાત, પિત્ત, કફના વિકાર મંદ થતા જાય, પરિણામની વિશુદ્ધિ વધતી જાય. આહારના ત્યાગનો ક્રમ આગળ પ્રથમ જણાવ્યો છે. પછી અંતકાળમાં જેટલી શક્તિ હોય તે પ્રમાણે પાણીનો પણ ત્યાગ કરવો. અંતકાળે જ્યાં સુધી શક્તિ રહે ત્યાં સુધી પંચ

નમસ્કાર મંત્ર તથા બાર ભાવનાનું સ્મરણ કરવું. શક્તિ ઘટી જાય તો અર્હંત નામનું કે સિદ્ધનું જ ધ્યાન માત્ર કરવું. જ્યારે શક્તિ ન રહે ત્યારે ધર્માત્મા, વાત્સલ્ય અંગના સ્થિતિકરણમાં સાવધાન એવા સાધર્મી નિરંતર ચાર આરાધના (સમ્યક્ દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ), પંચ નમસ્કાર (નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં) મધુર સ્વરથી ઘણી ધીરતાથી શ્રવણ કરાવે. બહુ માણસો એકઠાં થઈ કોલાહલ ધમાલ ન કરે, એક એક સાધર્મી અનુક્રમે ધર્મશ્રવણ, જિનેંદ્ર નામ સ્મરણ કરાવે. આરાધક (સમાધિ-મરણ કરનાર) પાસે ઘણાં માણસોને કે સંસારના મોહ મમત્વની વાત કરનારાઓને આવવા ન દે. પંચ નમસ્કાર અથવા ચાર શરણાં (અર્હંત, સિદ્ધ, સાધુ અને કેવળી ભગવાને કહેલો ધર્મ) ઇત્યાદિક વીતરાગ કથા સિવાય કોઈ તેની પાસે કંઈ બોલે નહીં. બે ચાર ધર્માત્મા સિવાય બીજાનો સમાગમ રાખવો નહીં. આરાધકે પણ સલ્લેખનાના પાંચ અતિચાર દૂરથી ત્યાગવા.

## સલ્લેખનાના પાંચ અતિચાર :-

(૧) સલ્લેખના કરીને જે જીવવાની ઇચ્છા કરે કે બે દિવસ જિવાય તો ઠીક, તે જીવિત-આશંસા અતિચાર છે.

(૨) મરવાની ઇચ્છા કરે કે હવે તો મરણ આવે તો ઠીક થાય, તે મરણ-આશંસા નામે બીજો અતિચાર છે.

(૩) ભય રાખવો કે મરણ વખતે કેવુંય દુ:ખ આવશે ? કેવી રીતે સહન થશે ? તે ભય નામનો ત્રીજો અતિચાર છે.

(૪) પોતાનાં સ્વજન, પુત્ર, પુત્રી, મિત્ર આદિને યાદ કરવાં તે મિત્ર-સ્મૃતિ નામે ચોથો અતિચાર છે.

(૫) ભવિષ્યનાં ભવમાં વિષયભોગ, દેવલોક આદિની વાંછા કરવી તે નિદાન નામનો પાંચમો અતિચાર છે.

સલ્લેખનામરણમાં સમસ્તનો ત્યાગ કરી, કેવળ પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વભાવનું અવલંબન રાખી, સર્વ દેહાદિક ઉપરની મમતા છોડી, સંન્યાસ ધાર્યો; પછી જીવવાની કે મરવાની ઇચ્છા કરવી, ભય પામવો, મિત્રોમાં અનુરાગ કરવો; ભવિષ્યનાં સુખની ઇચ્છા કરવી એ બધાં પરિણામની ઉજ્જ્વળતાનો નાશ કરી રાગ, દ્વેષ, મોહ વધારનારાં પરિણામ છે; તેથી તેમને સલ્લેખનાને મલિન કરનારા અતિચાર કહ્યા છે.

નિર્વિઘ્નપણે આરાધનાને ધારણ કરવાથી ગૃહસ્થ સ્વર્ગલોકમાં મહર્દ્ધિક દેવ થાય છે. પછી સંયમ ધારણ કરીને નિર્વાણ એટલે મોક્ષ મેળવે છે.

આ પ્રમાણે સમ્યક્દૃષ્ટિ અંત સલ્લેખના સહિત બાર વ્રતો ધારણ કરે છે. તે જિનેંદ્રના ધર્મરૂપ અમૃત પીને તૃપ્ત રહે છે; તેથી તે પીતધર્મા કહેવાય છે. ધર્મને આચરનાર ધર્માત્મા, શ્રાવક છે તે અભ્યુદય એટલે સ્વર્ગમાં મહર્દ્ધિકપણું અસંખ્યાત કાળ સુધી ભોગવીને ફરી મનુષ્ય ગતિમાં ઉત્તમ રાજ્ય આદિ વૈભવ પામીને, સંસાર પ્રત્યે, દેહ પ્રત્યે, ભોગ પ્રત્યે વૈરાગ્ય ઊપજવાથી શુદ્ધ સંયમ અંગીકાર કરી, નિઃશ્રેયસ એટલે મોક્ષનો અનુભવ કરે છે. મોક્ષ કેવો છે? સુખના સમુદ્ર સમાન છે, પણ તે સમુદ્રને કાંઠો નથી, તેનો અંત નથી, અપાર છે.

દુઃખનો સ્પર્શ માત્ર જ્યાં નથી એવા મોક્ષમાં અનંત સુખ તે ભોગવે છે. જે જન્મ, જરા, રોગ, મરણથી રહિત અને શોક, દુઃખ, ભયથી રહિત, નિત્ય, અવિનાશી, સર્વ પરના સંયોગથી રહિત કેવળ શુદ્ધ સુખ સ્વરૂપ છે તે મોક્ષ છે, તેને જ નિઃશ્રેયસ, ઇષ્ટ કહીએ છીએ. વિદ્યા એટલે કેવળજ્ઞાન, અનંત દર્શન અને અનંત વીર્ય; સ્વાસ્થ્ય એટલે પરમ વીતરાગતા; પ્રહ્લાદ એટલે અનંત સુખ; તૃપ્તિ એટલે વિષયોની નિઃસ્પૃહતા અને શુદ્ધિ એટલે દ્રવ્યકર્મ-ભાવકર્મ રહિતપણું; એ સર્વ સહિત આત્મસ્વરૂપ થઈને, જ્ઞાનાદિ ગુણોમાં વધઘટ ન થાય તેમ, કાળની મર્યાદા રહિત નિર્વાણમાં સુખરૂપ મુક્ત જીવો વસે છે.

ધર્મના પ્રભાવથી આત્મા મોક્ષમાં વસે છે. કેવળ જ્ઞાન, કેવળ દર્શન, અનંત શક્તિ, પરમ વીતરાગતારૂપ નિરાકુલતા, અનંત સુખ, વિષયોની નિર્વાંચ્છકતા, કર્મમલ રહિતતા ઇત્યાદિ ગુણરૂપ થઈને ગુણોની હીનાધિકતા રહિત, કાળની મર્યાદા રહિત, અનંતાનંત કાળ સુધી સુખરૂપ વસે છે.

અનંતાનંત કલ્પ કાળ વીતી ગયા છતાં મુક્ત જીવોમાં વિકાર એટલે સ્વરૂપનું વિપરીતપણું જણાતું નથી, નિશ્ચયથી જણાવા યોગ્ય નથી. ત્રણે લોકને ક્ષોભ પમાડે તેવો કોઈ ઉત્પાત કદી થાય તો પણ સિદ્ધને વિકાર ન થાય.

નિર્વાણની પ્રાપ્તિ જેમને થઈ છે તે મુક્ત આત્માઓ, પર દ્રવ્યના ભેગ વગરના કાંતિમાન સુવર્ણ સમાન, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ મલિનતા રહિત પ્રકાશમાન સ્વરૂપ, ત્રણ લોકના મુગટમણિની શોભા ધારણ કરે છે.

# અંત મંગલ

(વસંતતિલકા)

આજ્ઞા મહા પુરુષની જનહિતકારી,
ઉઠાવવા કરી ઉમંગ ઉમેદ ધારી;
શક્તિ તથારૂપ તથાપિ ન મારી પે'લી,
તોયે સમાપ્તિ મણિસૂત્ર સમાન સે'લી. ૧

(શિખરિણી)

કરું હું વિજ્ઞપ્તિ વિનય ધરી આ લક્ષ ધરવા,
ચહે જો જિજ્ઞાસુ પરમ હિત આત્મિક કરવા;
વિચારીને વાંચો હૃદયગત ભાવો સમજવા,
ઝીણી દૃષ્ટિ રાખી પરમ રસ ચાખો સુખી થવા. ૨
વિચારો સત્સંગે સ્વપર હિત ચાહો ત્વરિત જો,
સમાધિ સોપાને હૃદય ધરી ઊંચે ચઢી જજો;
બધાં શાંતિ પામો, કુપથ તજી સન્માર્ગ સમજો,
ભૂલી ભૂલો સર્વે સહજ નિજ ભાવે સ્થિર થજો. ૩

સંવત ૧૯૮૯ ના આશ્વિન શુક્લા દશમી (દશેરા)

તા. ૨૮-૯-૧૯૩૩

## શ્રી સમાધિ-સોપાન સંપૂર્ણ